સને ૧૮૭૫ ની સાલમાં ગોસ્વામી શ્રીવિઠ્ઠલેશજી મહારાજના આશ્રય હેઠળ સ્થાપાયેલી ૬૦ વર્ષની જુની દુકાન.

વૈષ્ણવોને સેવામાં ઉપયોગમાં આવતી ચીજો.

વિનંતી કે અમારે ત્યાં ઘણાં વર્ષથી શ્રીઠાકોરજીના મુગટ શૃંગાર વગેરે તમામ જાતનો સામાન–સાચા કસબનો તેમજ સોના ચાંદીના બનાવવામાં આવે છે. માલ ઘણોજ ટકાઉ તેમજ સુશોભીત તૈયાર થાય છે. તેમજ પવિત્ર અને ઉંચી જાતના સુગંધીદાર અત્તરો, તેલો, અનલ ચંદનનોચુવો, શરબતો, પાનમાં ખાવાની કસ્તુરી મીશ્રીત ગુપી, રેશમી ફુલમાળાઓ, પવીત્રાં, તુલસીની કંઠી, ચાંદીનાં વાસણો, બાળકોનાં રમકડાં વગેરે મંદિરને લગતાં તમામ સાહિત્યો મળશે.

સઘળા માલપર આ અમારો (રજીસ્ટર્ડ) ટ્રેડમાર્ક તપાસી લેવો. હિંદુસ્થાનના મુખ્ય શહેરોમાં વેપારીઓ પાસેથી મળી શકશે.

બહાર ગામના ઓર્ડરો ઉપર પુરતું ધ્યાન આપી માલ વી. પી. થી મોકલવામાં આવશે.

બનાવનાર તથા વેચનાર,

નારણદાસ કાશીદાસ મુગટવાળા.

મ૪૨૮, દોસીવાડાની પોળ–શ્રી નટવરલાલના મંદિર પાસે–અમદાવાદ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

જ્ઞાન અને ભક્તિ રસથી ભરપૂર

વિવિધ ધોળ તથા પદ સંગ્રહ.

ભાગ ૧ લો.

બહોળા સુધારા વધારા સાથે.

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને માટે.

રચી, છપાવી પ્રસિદ્ધ કરનાર,

લલ્લુભાઇ છગનલાલ દેસાઈ.

ચંગપોળ—ખતરી પોળ—અમદાવાદ.

શ્રી કૃષ્ણાબ્દ ૫૧૪૧. શ્રી વલ્લભાબ્દ ૪૩૭.

અમદાવાદ.

શ્રી રામકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસમાં, શા. મગનલાલ હરીવલ્લભદાસે છાપ્યું.

[illegible] આવૃત્તિ પ્રત ૫૦૦૦

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

કીંમત ૦-૮-૦.

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના.

અત્યાર સુધીમાં ધોળ-પદનાં ઘણાં પુસ્તકો બહાર પડયાં છે તેમાં વળી આ એક લઘુ પુસ્તકનો ઉમેરો કરૂં છું. જેને સર્વે વૈષ્ણવ ભાવિકજનો સન્માનથી સ્વીકારી લેશે, એવી આશા છે.

આવાં ધોળ-પદનાં પુસ્તકોનો વૈષ્ણવ સમાજમાં વધારે પ્રકાશ થવાની જરૂર છે, એમ મને મારા અવલોકન, અનુભવ અને અભ્યાસથી જણાયું છે. ને તે એ કે આવાં બીજાં પુસ્તકો જોતાં તેમાં ઘણાં રસિક ધોળ જણાતાં નહોતાં. જે હતાં તે પૈકી અમુક પ્રસંગને લગતાં ઘણાં ધોળ હોય, પણ તે એવી દશામાં ગોઠવાયેલાં કે એક આ છેડે તો બીજું બીજે છેડે, ને તેમ હોવાથી દાખલા તરીકે-અમુક પ્રસંગને લગતાં ધોળ આજે બોલવાં છે, તો તે ખોળી કાઢવામાં વૈષ્ણવોને ઘણી અગવડ પડે તેમજ કેટલાંક ધોળ પરંપરાથી વયોવૃદ્ધ મહાનુભાવી વૈષ્ણવોદ્વારા મુખપાઠથી બોલતાં આવેલાં, જે પ્રગટ થયેલાં જણાતાં નહોતાં તેવાં ધોળ મેં ભાવિક ભક્તોદ્વારા ૫-૭ વર્ષ પૂર્વે મેળવી સંગ્રહ કરી રાખેલો હતો. પણ પ્રસંગવશાત્ તે વખતે પ્રગટ કરવાનું નહિ બની શકવાથી આજે આ પુસ્તક વૈષ્ણવોની સલાહ, મદદ અને કૃપાના બળથી વૈષ્ણવોની સેવામાં મૂકવા ભાગ્યશાળી થયો છું.

આ પુસ્તકની રચના કરવામાં જો કે કોઈપણ જાતનું ખાસ નવીનપણું નથી, છતાં પણ વૈષ્ણવોને વાંચતાં સરળ પડે, થોડી મહેનતે વધુ લાભ લઈ શકે, અમુક પ્રસંગને લગતાં ઘણાં ધોળ-પદ એકી વખતે એક સાથેજ મળી આવે તેવા હેતુથી તેમાં ૧૬ પ્રકરણો

રાખ્યાં છે. જે ઉપરથી આ પુસ્તક કેટલું ઉપયોગી છે. તે સુજ્ઞ વૈષ્ણવ બંધુઓની ધ્યાનમાં આવશે. ને તેમ થશે તો મારો શ્રમ સફળ થયો માનીશ.

આ પુસ્તકના પાછળના ભાગમાં શ્રીમદ્ શ્રી આચાર્યજી માહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, સાતેલાલજી, તથા હાલ ભૂતળ ઉપર બિરાજતા વલ્લભકુળના બાળકોના જન્મ દિવસનો નોંધ આપવામાં આવ્યો છે, તેથી દરેક વૈષ્ણવોને પોતાના શ્રી ગુરૂદેવનો જન્મ દિવસ ક્યારે આવે છે તે જાણવાનું સુગમ પડશે. (જુઓ પાછળ પૃષ્ટ ૪૦૪ થી).

વળી આ પુસ્તકમાં શ્રીમદ્ શ્રીઆચાર્યજી માહાપ્રભુજીએ પૃથ્વી પરિક્રમા કરી અનેક દેશને પાવન કર્યા. માયાવાદીઓ સાથે ધર્મનું દ્વંદ્વયુદ્ધ કરી, દિગ્વિજય મેળવી, પુષ્ટિમાર્ગ સ્થાપિત કરી તે સ્થળમાં પોતાની ૮૪ બેઠકો સ્થાપિત કરી, તે પૈકી કેટલાંક નામફેર થઇ ગયાં છે, ને કેટલાંક હાલ સુધી પણ ગુપ્ત છે. આવાં પ્રાચીન તીર્થ ક્ષેત્રથી ઘણા વૈષ્ણવો અજાણ છે. તેથી તે પ્રગટ કરવાના હેતુથી તે સંબંધી સંપૂર્ણ માહીતી દર્શાવનારો કોઠો પાછળ આપ્યો છે. જુઓ પૃષ્ટ. ૪૦૭થી, એવીજ રીતે શ્રીમદ્ શ્રીગુસાંઇજી (શ્રીવિઠ્ઠલનાથજી) એ, શ્રીગોકુળનાથજીએ અને શ્રીહરિરાયજી વગેરે બાળકોએ પણ કેટલેક સ્થળે માયાવાદનું ખંડન કરી, ભક્તિ માર્ગ સ્થાપિત કરી પોતાની બેઠકો પ્રસિદ્ધ કરી છે, તેનું પણ વર્ણન પાછળ આપવામાં આવ્યું છે.

આ પુસ્તક રચવામાં જે ભગવદીયોએ મને સૂચના, સલાહ અને મદદ આપી છે, તેમજ ધોળ–પદ મેળવી, લખી લખાવી આપીને જે કીમતી મદદ કરી છે તેથી આ તકે તેમનો અંતઃકરણપૂર્વક આભારમાનું છું.

મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે, તેથી આ પુસ્તકમાં પ્રુફ સુધારવામાં દૃષ્ટિ દોષથી ભૂલ રહી હશે, તે ખાતે પ્રિય વૈષ્ણવો પાસેથી ક્ષમા માગું છું.

પ્રભુ કૃપાથીજ આ કૃતિ હાથ ધરવાની પ્રેરણા અને તેને ફળીભુત કરવાનો વખત મળી આવ્યો છે. તો તે કૃપાનું ફળ હું શ્રીકૃષ્ણ પરમાત્માના ચરણારવિંદમાંજ સપ્રેમ નિવેદન કરૂં છું.

ચંગપોળ ખતરીપોળ અમદાવાદ. વૈશાખ કૃષ્ણ એકાદશી. સંવત ૧૯૭૦	લી. આપનો દાસાનુદાસ વૈષ્ણવ **લલ્લુભાઇ છગનલાલ દેસાઇના** દીનતાપૂર્વક જયશ્રીકૃષ્ણ.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

આ પુસ્તકની પ્રથમાવૃત્તિ બહાર પાડી વૈષ્ણવોની સેવામાં મૂકી તે વખતે મારા મનમાં અનેક પ્રકારના તર્ક વિતર્ક થયા કરતા હતા. કે આ પુસ્તકને વૈષ્ણવો પસંદ કરશે કે કેમ? પણ આતો આનંદની વાત છે કે માત્ર ૪ ચાર મહિનામાંજ તેની એકહજાર જેટલી નકલો ખપી જવાથી, અને ચારે તરફથી તેની માગણી ચાલુ રહેવાથી તેની આ બીજી આવૃત્તિ તરતમાંજ છપાવવાની જરૂર પડી છે.

પ્રથમાવૃત્તિ કરતાં આ બીજી આવૃત્તિમાં સુજ્ઞ વૈષ્ણવો તરફથી મળેલી સુચના મુજબ કેટલોક સુધારો વધારો કરેલો છે જેથી તેની ઉપયોગીતામાં ઓર વધારો થયો છે. ને હજી પણ સુચના મળ્યાં જશે તેમ તેમાં ઘટતો સુધારો કરતા રહીશું.

આ પુસ્તકની પ્રથમાવૃત્તિના ગ્રાહક થઇને જે વૈષ્ણવોએ આશ્રય આપ્યો છે તેમનો આતકે અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. અને એવીજ રીતે, બીજાં પુસ્તકોના પણ ગ્રાહક થઇ આશ્રય આપશે એમ ઇચ્છું છું.

પ્રભુ કૃપાથી આકૃતિ હાથ ધરવાની ઉત્કંઠા થતાં પ્રથમાવૃત્તિ પ્રસિદ્ધ થયા બાદ તરતમાંજ બીજી આવૃત્તિ કરવાનો વખત સાંપડી આવ્યો છે તેથી તે અનાવધિ કૃપાનું ફળ હું શ્રીકૃષ્ણ પરમાત્માના ચરણ સરોજમાં સપ્રેમ નિવેદન કરૂં છું.

ચંપાપોળ, ખતરીપોળ અમદાવાદ. માર્ગશીર્ષ કૃષ્ણ એકાદશી સંવત ૧૯૭૧	લી. આપનો દાસાનુદાસ સેવક લલુભાઇ છગનલાલ દેસાઇ. દીનતા પૂર્વક જયશ્રીકૃષ્ણ.

પ્રકાશકના બે બોલ!!!

પ્રિય વૈષ્ણવ બંધુઓ ! આ પુસ્તક પ્રકટ કરવામાં મેં કાંઇ નવીન કર્યું નથી. મારી પોતાની ફરજજ છે કે મનથી, તનથી યાતો ધનથી બને તેટલી સંપ્રદાયની તેમજ વૈષ્ણવોની સેવા કરવી, તે ફરજના આધારે જે કાંઇ થયું છે, તે થયું છે. ને જે થયું છે. તે મારી પોતાની શક્તીથી નહિ પણ વૈષ્ણવ બંધુઓની કૃપાના બળથીજ થયું છે. જેમકે **" મોહી બળહે દોઉ ઠોરકો, એક બળ મોહી હરિભક્તનકો, દુજો નંદકિશોરકો "** એ કૃપા બળથી થયું છે. જેને મારા સુજ્ઞ બંધુઓ વધાવી લેશે.

બંધુઓ ! આધુનિક જમાનામાં આપણો પુષ્ટિ સંપ્રદાય દિવસે દિવસે વૃદ્ધિ થવાના બદલે ક્ષીણ થતો જાય છે. આવા સમયમાં દરેક વૈષ્ણવોની ફરજ છે કે સંપ્રદાયની વૃદ્ધિના ઉપાયો યોજવા તરફ બને તેટલું લક્ષ રાખવું. તેમ કરવામાં મુખ્ય વૈષ્ણવે સત્સંગ કરવો જોઇએ. તે સત્સંગ કોઈ સારા સુજ્ઞ વૈષ્ણવોનો જોઈએ. તે ના મળે તો પછી પુસ્તકદ્વારા સત્સંગ કરવો. ચાલુ જમાનામાં એવા સુજ્ઞ વૈષ્ણવોના અભાવે ને દુઃસંગની પ્રબળતાએ કરી એતન્માર્ગીય વિરૂદ્ધ અનેક પ્રકારના આક્ષેપો ઉઠે છે, તેથી તેમાં વૈષ્ણવો દોરાતા જાય છે. આવાં અનેક કારણોથી સંપ્રદાય ક્ષીણ થાય છે. આ સ્થાને મારૂં એમ કહેવું નથી કે સુજ્ઞ વૈષ્ણવોનો સત્સંગ મળતો નથી, કેમકે " બહુ રત્ના વસુંધરા " આ આધારે પૃથ્વી ઉપર કંઈક નર રત્નો છે. પણ **" અમ વગર એય નથી "** એટલે ખોળવા જવાતું નથી. તો આવાં કારણોથી હવે માત્ર પુસ્તકો

પ્રસિદ્ધ શિવાય બીજો સારો રસ્તો મને યોગ્ય લાગતો નથી. કારણકે સંપ્રદાયનાં અમુક પુસ્તકો બહાર પડયાં હોય તો તે પૈકી કંઈ નહિ ને કંઇપણ પુસ્તક વાંચવામાં તો આવેજ તો તેથી જ્ઞાનની અભીવૃદ્ધિ થાય છે. માટે પુસ્તકો પ્રસિદ્ધ કરવાના ઉપાયો યોજવા તરફ સુજ્ઞ વૈષ્ણવોનું ધ્યાન ખેંચુ છું.

વૈષ્ણવો ! દિવસે દિવસે સાહિત્યના પુસ્તકોનો પ્રચાર વધતો જાય છે. નૈતિક ઐતિહાસીક, સાંસારિક, ધાર્મિક, ડીટેકટીવ વગેરે નવલકથાઓના નવા નવા ભંડાર ખુલતા જાય છે. નામદાર સરકારના વાર્ષિક રિપોર્ટમાં તપાસતાં પ્રતિવર્ષ તેવાં પુસ્તકો પ્રગટ થયાની સંખ્યામાં બેહદ વધારો થતો જણાય છે. જ્યારે આપણા સંપ્રદાયનાં પુસ્તકો તરફ કોઇ લક્ષ પણ આપતું નથી. અરે ! તેના સામું પણ જોતા નથી. શું તેથી તેમને કંઈ ગેરફાયદો થતો હશે ? શું તેમને તેવા પુસ્તકો ઉપર અરૂચિ થતી હશે ? જો તેમ હોય તો જુઓ શ્રીમદ્ ભગવદ્ગીતા.

श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्टितात्. (અધ્યાય ૧૮ શ્લોક ૪૭) તો તે આધારે તમારે પણ તમારા સ્વધર્મ તરફ લક્ષ રાખવું જોઇએ. જુઓને ! **સસ્તું સાહીત્ય વર્ધક કાર્યાલય** એક તરફ સામાજીક સેવા ગંભીર ગર્જનાથી બજાવી રહ્યું છે. તો શું આપણે પણ તેમ કરવા પ્રયત્ન નહિ કરવો ? અવશ્ય ! બને તેટલો તેમાં પણ ભાગ આપવો. એમ મારી પ્રાર્થના છે. નહિ કે, મોજ વિલાસમાં મચ્યા રહેવું.

વૈષ્ણુવો ! ગૃહસ્થ વૈષ્ણુવો પ્રત્યે મારી અપીલ છે કે અમદાવાદ જેવા મોટા શહેરમાં આવું **“ પુસ્તક પ્રસારક મંડળ ”** ખાતું ઉભા-

ડવું જોઇએ. હાલમાં ઠેકઠેકાણે નૉવેલો, વાર્તાઓ, માસીકો, પેપરો, વગેરેના વાંચન માટે લાયબ્રેરીઓ ખુલ્લી મૂકાય છે, તો આપણે પણ આપણા **ધાર્મીક પુસ્તકોના વાંચનની એક લાયબ્રેરી** ખોલવાની ખાસ આવશ્યકતા છે. જો તે ખોટ કોઇ સખી ગૃહસ્થ પુરી પાડશે તો તેને આર્થિક સાથે પારમાર્થિક બન્ને લાભ ભેગા મળશે.

"સંપ્રદાયની સેવા થશે ને વૈષ્ણવોને ધાર્મીક જ્ઞાન મળશે."

ઉકત પ્રસંગ માટે કદાચ કોઇની કંઇ અંશે ઇચ્છા થતી હોય. તો અમને ખબર આપશે તો તેમની ઇચ્છાનુસાર યોગ્ય બંદોબસ્ત કરી આપીશું. માટે સખી ગૃહસ્થો આ વિચાર તરફ પોતાનું ઔદાર્ય દીલ વાપરશે. તો આ લેખકની લેખીની સફળ થશે. એ વિનંતી કરી વિરમું છું. ઇતિ **ज्ञयम् सुज्ञेषु कीं बहुना.**

લી. આપનો કૃપાકાંક્ષી

લલ્લુભાઇ છગનલાલ દેસાઇ.

વૈષ્ણવોને વિનંતિ

આ પુસ્તક આપને મળે એટલે તે સંપૂર્ણ વાંચી ગયા પછી આ પુસ્તકમાં હોય નહિ તેવાં **નાવન ધોળ–પદ** તમને મોઢે આવડતાં હોય, તમે કોઈ ઠેકાણે સાંભળ્યાં હોય અથવા બીજા કોઇને મુખ પાઠથી આવડતાં હોય ને તે તમે જાણતા હો તો, તસ્દી લેઇને ઉતારીને અમારા તરફ મોકલી આપશો. એટલે હવે પછી બીજી આવૃતિમાં તેને દાખલ કરીશું. દરેક વૈષ્ણવને અમારી નમ્ર વિનંતિ છે કે આ બાબત તેઓ સંપૂર્ણ લક્ષમાં લેઈ પોતાનાથી બનતું કરી ઓછામાં ઓછું એક ધોળ મોકલી આપી દાસને આભારી કરશો.

અનુક્રમણિકા.

ગ્વાલકે પદ.

ભોજન બુલાયવેકે પદ.

સંગમિલ ભોજનકે પદ

વ્રજભક્તકે પદ.

છાકકે પદ.

કુંજ ભોજનકે પદ.

ભોગ સરવેકે પદ.

ઉષ્ણકાલકે ભોગ સરવેકે પદ.

બીરીકે પદ.

ઉષ્ણકાલ બીરીકે પદ.

રાજભોગ સન્મુખકે પદ.

કુંજકે પદ.

ખસખાનેકે પદ.

રાજભોગ આરતિકે પદ

ઉત્થાપનકે પદ.

ભોગ સમયકે પદ.

આરતિકે પદ.

શૃંગારવડે હોયવેકે પદ.

બ્યારૂકે પદ.

પ્રકરણ ૩ જું.

શ્રી યમુનાજીનાં પદ તથા ધોળ

શ્રી યમુનાજીની આરતિ.

શ્રી યમુનાષ્ટકનું ધોળ.

પ્રકરણ ૪ થું.

શ્રીનાથજી આદિ સાતે સ્વરૂપનાં ધોળ.

શ્રી નવનીત પ્રિયાજીનાં ધોળ.

શ્રીમથુરેશજીનાં ધોળ.

શ્રી વીઠ્ઠલનાથજીનાં ધોળ.

શ્રીદ્વારકાંનાથજીનાં ધોળ.

શ્રીગોકુલનાથજીનાં ધોળ.

શ્રીગોકુળચંદ્રમાજીનાં ધોળ

શ્રીમદનમોહનજીનાં ધોળ.

શ્રીબાળકૃષ્ણજીનાં ધોળ.

શ્રીનટવરલાલનાં ધોળ.

શ્રીવ્રજચોરાશી કોશની પરિક્રમાનું ધોળ.

પ્રકરણ ૫ મું.

પ્રકરણ ૬ ઠું.

શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની વધાઇ તથા ધોળ,

પ્રકરણ ૭ મું.

પ્રકરણ ૮ મું.

પ્રકરણ ૯ મું.

પ્રકરણ ૧૦ મું.

પ્રકરણ ૧૧ મું.

પ્રકરણ ૧૨ મું.

પ્રકરણ ૧૩ મું.

પ્રકરણ ૧૪ મું.

પ્રકરણ ૧૫ મું,

अथ जन्म वैकल्य निरुपणाष्टक

પ્રકરણ ૧૬ મું.



॥ श्री कृष्णाय नमः ॥

॥ श्री द्वारिकेशो जयति ॥

વિવિધ ધોળ
તથા
પદ સંગ્રહ.
ભાગ ૧ લો.

मंगलाचरण.

॥ श्री कृष्णाय नमः ॥

श्री गोवर्द्धन[1]नाथपादयुगलं हैयंगवीनप्रियं[2] ।
नित्यं श्रीमथुराधिपं[3] सुखकरं श्रीविट्ठलेशं[4] मुदा ॥

---

૧ શ્રી નાથજી, ૨ શ્રી નવનીતપ્રિયાજી, ૩ શ્રી મથુરેશજી, ૪ શ્રી વિઠ્ઠલેશરાયજી,

श्रीमद्द्वारवतीश[5]गोकुलपती[6] श्रीगोकुलेंदुं[7] विभुं ।

श्रीमन्मन्मथमोहनं[8] नटवरं[9] श्रीबालकृष्णं[10] भजेत् ॥ १ ॥

चिंतासंतानहंतारो यत्पादांबुजरेणवः ।

स्वीयानां तान्निजाचार्यान्प्रणमामि मुहुर्मुहुः ॥ २ ॥

यदनुग्रहतो जंतुः सर्वदुःखातिगो भवेत् ।

तमहं सर्वदा वंदे श्रीमद्वल्लभनंदनम् ॥ ३ ॥

सायं कुञ्जालयस्थासनमुपविलसत्स्वर्णपात्रं सुधौतं

राजद्यज्ञोपवीतं परितनु वसनं गौरमम्भोजवक्त्रम् ।

प्राणानायम्य नासापुटनिहितकरं कर्णराजद्विमुक्तं

वन्देऽर्धोन्मीलिताक्षं मृगमदतिलकं विट्ठलेशं सुकेशम् ॥४॥

श्रीमद्गिरिधर[11]गोविंद[12]बालकृष्णाख्य[13]वल्लभान्[14] ।

रघु[15]यदु[16]कुलाधीशौ घनश्याम[17]मानमाम्यहं ॥ ५ ॥

---

५ श्री द्वारकांनाथजी, ६ श्री गोकुलनाथजी, ७ श्री गोकुलचंद्रमाजी, ८ श्री मदनमोहनलालजी, ९ श्री नटवरलालजी, १० श्री बालकृष्णलालजी, ११ श्रीगिरिधरजी, १२ श्रीगोविंदजी, १३ श्रीबालकृष्णजी, १४ श्रीगोकुलनाथजी, १५ श्रीरघुनाथजी, १६ श्रीजदुनाथजी, १७ श्री घनश्यामजी, ए रीते श्रीनाथजी आदि साते स्वरूप, श्री महाप्रभुजी श्री गुसांईजी आदि साते बाळकोने दंडवत् प्रणाम करवा.

પ્રકરણ ૧ લું.

વૈષ્ણવોનું નિત્ય, નૈમિત્તિક કર્મ.

વૈષ્ણવોએ ઉષઃકાળમાં ઉઠવું. (પાછલી પાંચ ઘડી રાત્રિ બાકી હોય તે સમયને ઉષઃકાળ કહે છે.) તે સમયે ઉઠી પ્રથમ માળા તથા અધિકાર પ્રમાણે લીધેલા ઉપવીતને સંભાળી તેનાં દર્શન કરવાં. બૃહન્નારદીય પુરાણમાં કહ્યું છે કેઃ-

ब्राह्मे मुहूर्ते चोत्थाय परब्रह्म विचिन्तयेत् ॥

બ્રાહ્મમુહૂર્તમાં એટલે ઉપર દર્શાવેલા કાળમાં ઉઠી, પરબ્રહ્મ એટલે શ્રીકૃષ્ણચંદ્રનું હૃદયમાં પરિચિંતન કરવું વળી કહ્યું છે કેઃ-

वंदे सर्वोपनिषदां सारमेकपदस्थितम् ।
करस्फुरन्मुरलिकाश्यामलं ब्रह्म कोमलम् ॥

સર્વે ઉપનિષદોના સારરૂપ અને એક ચરણારવિંદે કરીને સ્થિત એવા સુશોભિત શ્રીહસ્તમાં મોરલી ધારણ કરનાર, મેઘશ્યામ પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ, તેમનું ધ્યાન ધરી વંદન કરવું. પછી નીચે પ્રમાણે નામોનાં ઉચ્ચારણ કરવાંઃ-

૧ શ્રીગોવર્દ્ધનનાથજી, ૨ શ્રીનવનીતપ્રિયાજી, ૩ શ્રીમથુરેશજી, ૪ શ્રીવિઠ્ઠલનાથજી, ૫ શ્રીદ્વારકાનાથજી, ૬ શ્રીગોકુલનાથજી, ૭ શ્રીગોકુળચંદ્રમાજી, ૮ શ્રીમદનમોહનજી, ૯ શ્રીબલદેવજી, ૧૦ શ્રીયમુનાજી, ૧૧ શ્રીગિરિરાજજી, ૧૨ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી, ૧૩ શ્રીમદ્‌ગોસ્વામિ શ્રી વિઠ્ઠલનાથજી, (તેમના પુત્ર) ૧૪ શ્રીગિરધરજી, ૧૫ શ્રીગોવિંદરાયજી, ૧૬ શ્રીબાલકૃષ્ણજી, ૧૭ શ્રી ગોકુલનાથજી, ૧૮ શ્રીરઘુનાથજી, ૧૯ શ્રી યદુનાથજી, ૨૦ શ્રી ઘનશ્યામજી અને ૨૧ પોતાના ગુરૂદેવ. આમ એક વીશ નામોનાં ઉચ્ચારણ કરવાં, તે પછી દેહકૃત્ય કરવું.

શૌચ—શૌચનેમાટે જળનું મોટું પાત્ર ભરીને, યથાવકાશ ઘરથી અથવા ગામથી દૂર શૌચ કરવા જવું. દેવભૂમિ, નદી, તળાવ, રાજમાર્ગ વગેરે સાર્વજનિક ઉપયોગના સ્થાનમાં શૌચ કરવામાટે કદી પણ બેસવું નહિ. શૌચ કરવા બેસતાં પહેલાં વસ્ત્રથી મોં, નાક તથા માથાને વીંટવું. ઉપવીત જમણે કાને ચઢાવવું.

एका लिंगे गुदे पंच तथा वामकरे दश।
उभयोः सप्त दातव्याः पादयोस्तु त्रिभिस्त्रिभिः॥

અર્થ—મૂત્ર ઇંદ્રિયને એકવાર, ગુદાને પાંચવાર, ડાબા હાથને દશવાર, ફરી બેઉ હાથ ભેગા કરીને સાતવાર માટી સહિત જળથી ધોવા. તે પછી કોગળા કરવા. કોગળાનો વિધિઃ—

मूत्रे पुरीषे भुक्तांते रेतःप्रस्रवणे तथा।
चतुरष्ट द्विषट्‌षष्ठगंडूषैः शुद्धिमाप्नुयात्॥

અર્થ—પિશાબ કરીને ચાર, શૌચ કરીને આઠ, જમ્યા પછી બાર, વિષયના અંતમાં સોળ કોગળા કરવાથી શુદ્ધ થાય છે.

દંતધાવન—દાતણ કરવાનો વિધિઃ—

अपामार्गं वादरं वा द्वादशांगुलमव्रणम् ।
कनिष्ठांगुलिवत् स्थूलं पर्वार्धकृतकूर्चकम् ॥

અર્થ—અંઘાડો અથવા બોરડી વગેરે વૃક્ષનાં દાતણ બાર આંગળ લાંબાં, ટચલી આંગળીનાં ટેરવાં જેટલાં જાડાં લેવાં.

દાતણની સ્તુતિનો શ્લોક;—

आयुर्बलं यशो वर्चः प्रजापशुवसूनि च ।
ब्रह्म प्रज्ञां च मेधां च त्वन्नो देहि वनस्पते ॥

અર્થ—હે વનસ્પતે ! તું મને આયુષ્ય, બળ, યશ, કાન્તિ, પ્રજા, પશુ, દ્રવ્ય, જ્ઞાન તથા બુદ્ધિ આપ. આ શ્લોક ભણી દાતણ કરવું પછી બાર કોગળા કરી મુખ શુદ્ધ કરવું. વ્રતને દિવસે કાષ્ટનું દાતણ કરવું નહિ, પણ સારી રાખથી દાંત ઘસીને દાતણ કરવું.

સ્નાન—નાહાવાનો વિધિઃ-પ્રથમ આંખે જળ લગાડી, ચોટલીની ગાંઠ વાળી પ્રાણાયામ કરવો. પછી નીચે પ્રમાણે સંકલ્પ કરવોઃ—

ममोपात्तदुरितक्षयद्वारा श्रीकृष्णप्रीत्यर्थं सकलकर्म-
योग्यतासिद्ध्यर्थं प्रातःस्नानमहं करिष्ये ॥

પછી ગંગાદિક તીર્થોનું આવાહન કરવું. તેનો મંત્રઃ—

पुष्करायानि तीर्थानि गंगाद्याः सरितस्तथा ।
आगच्छंतु पवित्राणि स्नानकाले सदा मम ॥
श्रीकृष्णवल्लभे देवि यमुने पापहारिणि ।
सेवायै स्नातुमिच्छामि जलेऽस्मिन्सन्निधिं कुरु ॥

આ મંત્ર ભણી ત્રણવાર સ્નાન કરવું. ટાઢા જળથી કોગળા

કરી અંતરમાં શ્રીહરિસ્મરણપૂર્વક સ્નાન કરવું. નહાતી વખતે પગના જળનો તથા એઠાજળના છાંટાનો બચાવ રાખવો. બોલવું નહિ. નાહ્યા પછી અંગુછાથી પહેલાં મોઢું લૂછવું, પછી આખું શરીર લૂછવું. પછી ધોએલાં શુદ્ધ વસ્ત્ર પહેરવાં, તથા ઓઢવાં. પછી આસન ઉપર બેસી દેહની શુદ્ધિ માટે ભગવાનનું ચરણામૃત મુખમાં લેવું, પછી આંખે તથા કપાળે લગાડવું. પછી શુદ્ધ જળથી આચમન કરી, ચોટલીની ગાંઠ બાંધવી.

તિલક—પછી ભગવાનના પ્રસાદી કેસર, કુમકુમ ચંદન ઈત્યાદિમાં ગોપીચંદન મેળવી વૈષ્ણવોએ બાર સ્થાનોમાં બાર તિલક કરવાં.

दंडाकारं ललाटे स्यात् पद्माकारं तु वक्षसि।
वेणुपत्रनिभं बाह्वोरन्यद्दीपाकृति स्मृतम्॥

અર્થ—લલાટમાં દંડાકૃતિ એટલે ભગવાનના ચરણના આકારનું તિલક કરવું. વક્ષસ્થળ એટલે હૃદયમાં બીડેલા કમળના આકારનું તિલક કરવું, બે બાહુપર વાંસનાં પત્રના આકારનાં તિલક કરવાં અને બાકીનાં ઠેકાણાંઓમાં દીવાની જ્યોતિના આકારનાં તિલક કરવાં. તિલક કરતી વખતે નીચે પ્રમાણે ભગવાનના નામોનો ઉચ્ચાર કરવો.

૧ લલાટમાં તિલકકરતાં "केशवायनमः केशवं ध्यायामि" ૨ દુંટીપર કરતાં "नारायणायनमः नारायणं ध्यायामि" ૩ હૃદયમાં કરતાં "माधवायनम माधवं ध्यायामि" ૪ કંઠમાં કરતાં "गोविंदायनमः गोविंदं ध्यायाम" ૫ જમણી કેડે "विष्णवेनमः विष्णुं ध्यायामि" ૬ જમણે હાથે કરતાં "मधुसूदनायनमः मधुसूदनंध्यायामि" ૭ જમણા કાનની મૂળે કરતાં "त्रिविक्रमाय नमः त्रिविक्रमं ध्यायामि" ૮ ડાબી કેડે કરતાં "वामनायनमः वामनं ध्यायामि" ૯ ડાબે હાથે કરતાં "श्रीधरायनमः श्रीधरं ध्यायामि" ૧૦ ડાબા કાનના મૂળે કરતાં हृषीकेशायनमः हृषीकेश

ध्यामि" ૧૧ પીઠે કરતાં पद्मनाभायनमः पद्मनाभं ध्यामि" ૧૨ બોચી- એ કરતાં "दामोदरायनमः दामोदरं ध्यायामि" એ પ્રમાણે બારે ઠેકાણે ભગવાનનાં દ્વાદશનામ લેઇ તિલક કરવાં. બાકી રહેલા કુમકુમ ને ધોઇને તે જળ ."वासुदेवायनमः" એ મંત્ર ભણી માથે ચઢાવવું. બ્રાહ્મણોને ઓંકાર (પ્રણવમંત્ર) પૂર્વક ઉપર લખેલાં નામોભણી તિલક કરવાનો નિષેધ નથી એમ ઉપનિષદ્‌માં કહ્યું છે.

મુદ્રાઃ—પછી શીતળ ગોપીચંદનની મુદ્રા ધારણ કરવી. તેનો વિધિ. વૈષ્ણવોએ તિલક મુદ્રા ધારણ કર્યા સિવાય કાંઇ પણ સત્કર્મો કરવાં નહિ. તે વિષે બૃહન્નારદીય પુરાણમાં વચન છે કેઃ—

शंखचक्रादिरहितः पूजां यस्तु समाचरेत् ।
निष्फलं पूजनं तस्य हरिश्चापि न तुष्यति ॥

અર્થ—ગોપીચંદનની શંખ, ચક્રાદિક મુદ્રાથી રહિત થઇ જે ભગવાનનું પૂજન કરે છે, તેનું પૂજન નિષ્ફળ થાય છે. અને શ્રીહરિ પણ તેના ઉપર પ્રસન્ન થતા નથી.

મુદ્રા કયા કયા અંગમાં કયી કયી ધારણ કરવી તેનો વિધિ. જમણા હાથના મૂળમાં એટલે ખભાથી સહેજ નીચે ચાર ચક્ર, તેની નીચે ફરી એક નામમુદ્રા, તેની નીચે એક શંખ, તેની નીચે ફરી એક નામમુદ્રા, અને તેની આજુબાજુ બબે મળી ચાર પદ્મ ધારણ કરવાં. એજ રીતે જમણા સ્તન ઉપર વચમાં માગ રાખી ત્રણ ચક્ર ઉપરા ચાપરી કરવાં, વચ્ચે રાખેલા માગમાં એક એક એમ બે શંખ કરવા, તેની આજુબાજુ બબે મળી ચાર પદ્મ કરવાં. ફરી હૃદયમાં એક નામમુદ્રા કરવી, તેની હેઠળ આજુબાજુએ મળી ચાર સંપ્રદાય મુદ્રાઓ કરવી. પછી લલાટમાં તિલકની વચ્ચે નાકના મૂળમાં એક ગદા કરવી,

તેના ઉપરાઉપરી માથાના વાળ સૂધી ચાર સંપ્રદાય મુદ્રાઓ કરવી, પછી ડાબે હાથે ખભાની હેઠળ ચાર શંખ, તેની હેઠળ એક નામમુદ્રા; તેની હેઠળ એક ચક્ર, તેની હેઠળ ફરી એક નામમુદ્રા અને તેની આજુ બાજુ બએ મળી ચાર ગદાઓ કરવી. તેજ પ્રમાણે ડાબા સ્તન ઉપર ઉપરા ઉપરી વચમાં માગ રાખી ત્રણ ચક્રો કરવાં, રાખેલા માગમાં એક એક મળી બે શંખ કરવા, અને તેની આજુબાજુએ બએ મળી ચાર ગદાઓ કરવી. ફરી જમણા કાનની નીચેથી કંઠ સૂધી જરા જરા માગ રાખી ત્રણ ચક્ર કરવાં, તેજ રીતે ડાબા કાનની નીચેથી કંઠ સૂધીમાં વચ્ચે જરા જરા માગ રાખી ત્રણ ચક્ર કરવાં, અને કંઠનાં તિલકની વચ્ચે એક ચક્ર કરવું. પછી નાભી ઉપર તથા જમણી ડાબી બન્ને કેડો ઉપર તથા પુંઠ ઉપર તથા પાછળ બોચીપર તથા તાળવાપર એક એક ચક્ર કરવું.

ભગવત્સેવાના પ્રકાર.

વૈષ્ણવોને ભગવત્સેવા કરવી એ મુખ્ય ધર્મ છે. જે ગાદીના સેવક હોય તે ગાદીના શ્રીમદાચાર્યચરણ ગુરૂદેવ પાસે પ્રાતઃકાળથી શયનપર્યંતની સેવાવિધિ સમજી લઇ પછી પોતાના ઘરમાં શ્રીનીસેવા પધરાવવી. ઋતુઅનુસાર પૂર્ણ પ્રીતિપૂર્વક સેવા કરવી. રાજસેવા કરવાની સર્વ પ્રકારે પોતાને અનુકુળતા ન હોય તો, વૈષ્ણવોએ પોતાના શ્રીગુરૂદેવના સેવ્ય સ્વરૂપની છબી ઘરમાં પધરાવી તેમની સેવા કરવી. ઘરમાં મંદિર હોય તો તેમાં એક નાનું સીંહાસન મંદિરના વેત પ્રમાણે રાખી, તે ઉપર રૂઇએલ ગાદી તકીઆ મૂકી, તેપર એક મલમલની ચાદર બીછાવવી. મુખવસ્ત્ર તકીઆપર ધરી રાખવું. પીઠના તકીઆપર મલમલનું સુંવાળું વસ્ત્ર ઘડી વાળી ધરવું. પછી ગાદીપર શ્રીનાથજી આદી ચિત્રજીને પધરાવવા. ઋતુને અનુસરતાં વસ્ત્ર

ધરાવવાં. ગુંજાની માળા ઇત્યાદિ જે શૃંગાર હોય તે ધરવા. તે ઉપર મુગટ, ટીપારો, મોરપીંછ ઇત્યાદિ ધરવાં. શ્રીમસ્તક ઉપર પાગ ધરવી પછી ફુલની માળા ધરી, તુલસી ચરણારવિંદમાં સમર્પવાં. વેણુજી હોય તે ધરાવવાં. શુદ્ધ પવિત્ર જળ ઝારી ભરવાસારૂ લાવી રાખ્યું હોય, તેમાંથી ઝારી ભરી, તેપર વસ્ત્ર વીંટી પડઘાપર ધરવી. પછી શ્રીપ્રભુજીને દર્પણ દેખડાવવું. પછી મેવો તથા મીશ્રી યથાશક્તિ જે સમયે જે સિદ્ધ હોય તેનો એક કટોરીમાં ભોગ ધરવો. મંદિરનાં દ્વાર મંગળ કરી બહાર બેસી પ્રાર્થના કરવી કે હે પ્રભો ! શ્રીમહાપ્રભુજીની કાનીથી તથા શ્રીગુરૂદેવની કાનીથી ભોગ આરોગશો. પછી અષ્ટાક્ષર મંત્રની પાંચ માળા તથા પોતાના શ્રી ગુરૂદેવના નામની એક માળા અવશ્ય ફેરવવી શ્રીમદ્‌ભાગવત શ્રીમદ્‌ભગવદ્‌ગીતા તથા ષોડશ ગ્રંથ જો વાંચતાં આવડતા હોય તો તેનો યથાશક્તિ પાઠ કરવો.

ગદ્ય પંચાક્ષર મંત્ર જપ કરવા જેવી અપરસ હોય તો તેનો પણ દરરોજ જપ કરવો. જો તેવી અપરસ ઘરમાં નહિ રહેતી હોય તો નદી, તળાવ, વાવ કે જે જળાશય નજીક હોય તો તેમાં સ્નાન કરી ગદ્ય, પંચાક્ષર મંત્રનો જપ જરૂર કરવો.

વર્ણાશ્રમ ધર્માનુસાર સંધ્યા, ગાયત્રીનો જપ વગેરે જે વૈદિક નિત્ય કર્મ કરવાનાં હોય તે સેવાના અવકાશમાં કરવાં. ત્રણ તાલી વગાડી ભોગ સરાવવો, આચમન મુખવસ્ત્ર કરાવી બીડી ધરાવવી, ઝારી ફરી ભરીને ધરવી. શ્રીનાં દર્શન તથા ચરણસ્પર્શ કરી પછી સુખશય્યામાં અથવા ઝાંપીમાં પોઢાડવા. મંદિરનાં દ્વાર મંગળ કરી દંડવત્ પ્રણામ કરવા. પછી બ્રાહ્મણ હોય તો તેમણે પ્રસાદી અન્નથી બલી, વૈશ્વદેવ કરવો, મધ્યાન્હ સમયે કોઈ અતિથી આવ્યો હોય તો તેને અવશ્ય પ્રથમ મહાપ્રસાદ લેવડાવવો, આ ગૃહસ્થાશ્રમીયોનો ધર્મ છે.

અતિથિ વખતે ન મળે કે હમેશાં તેને પ્રસાદ લેવડાવવાની પોતાની શક્તિ ન હોય તો ગૌ ગ્રાસ વિશેષ કાઢવો, પછી મહાપ્રસાદ લેવો. વૈષ્ણવોએ કદિ પણ અસમર્પિત એટલે અણપ્રસાદી વસ્તુ ખાનપાનમાં વાપરવી નહિ. સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ અસમર્પિત વસ્તુ સર્વથા વર્જન કરવાની આજ્ઞા કરી છેઃ—

असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत् ॥

કદાપિ ઉપર લખેલો પ્રકાર પ્રવાસ, આશૌચ વગેરે ખરી અડણના કારણથી ન પળાય તો, સંપ્રદાયના ચાલતા સદાચાર પ્રમાણે ભગવત્પ્રસાદ તથા ભગવત્પ્રસાદી તુલસી તથા ભગવચ્ચરણામૃત ઉપયોગના પદાર્થોમાં મેળવીને તેમાંનો દોષ મટાડી, પ્રસાદી કરી ઉપયોગમાં લેવા. આણેલા સર્વ પદાર્થમાંથો, થોડો ભાગ પણ પ્રથમ પોતાના ઉપયોગમાં લીધો હોય તો તેમાંનો બાકીનો ભાગ તે અર્ધભુક્ત કહેવાય છે. તેવા અર્ધભુક્ત પદાર્થોનો વૈષ્ણવોએ શ્રીપ્રભુની સેવામાં ઉપયોગ ન કરવો. એવી " સિદ્ધાંત રહસ્ય " ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે.

સાંજે સેવા આદિ કર્મો કરવાનો વિધિ

વૈષ્ણવોએ સાંજે સ્નાન કરી, પાછળ બતાવ્યા પ્રમાણે તિલકમુદ્રા ધારણ કરી, સેવામાં તત્પર થવું. ઉત્થાપનથી શયન પર્યંતની સઘળી સેવા સ્નેહપૂર્વક કરવી. શયન થયા બાદ બહાર આવી, પોતાના વર્ણાશ્રમ પ્રમાણે સાયંસંધ્યા ગાયત્રી તથા અષ્ટાક્ષર પંચાક્ષરનો જપ, નિત્યપાઠ યથાવિધિ કરવા. પછી મહાપ્રસાદ લઈ પ્રથમ લખ્યા પ્રમાણે મુખશુદ્ધિ કરી બીડી લઇ સ્વસ્થ થવું. પછી ગામમાં ભગવત્ મંડળી કે સત્સમાગમ જ્યાં થતો હોય ત્યાં વૈષ્ણવ બ્રાહ્મણને મુખે શ્રીમદ્ભાગવત, શ્રીસુબોધિનીજી, તત્વ દીપ નિબંધ, ષોડશ ગ્રંથના સિદ્ધાંત વગેરે ગ્રંથોનું સારી રીતે શ્રવણ કરવું.

સંસ્કૃત ગ્રંથો વાંચી સંભળાવનાર ન મળે તો તેનાં ભાષાંતરો તથા સંસ્કૃત ગ્રંથોના સિદ્ધાંતથી વિરૂદ્ધ ન હોય તેવા ભાષા ગ્રંથો વાંચવા સાંભળવા તથા મનન કરવા. વેદ, ગીતા, ભાગવત, નારદપંચરાત્રથી વિરૂદ્ધ ગ્રંથોનું શ્રવણ કદી કરવું નહિ. ગામમાં તેવો સત્સમાગમ કોઇ ઠેકાણે ન થતો હોય તો ઉપર લખ્યા પ્રમાણે પોતાના ઘરમાંજ બધા કુટુંબીઓએ ભેગા મળી આગ્રહ પૂર્વક સત્સમાગમ તથા ભગવત્કીર્તન સ્મરણ કરવું. એક દિવસ પણ હરિકથા કીર્તન વિનાનો જવા દેવો નહિ. નારદ પંચરાત્રમાં કહ્યું છે કે:—

तद्दिनं दुर्दिनं मन्ये मेघाच्छन्नं न दुर्दिनम् ।
यद्दिनं कृष्ण संलापकथापीयूष वर्जितम् ॥

અર્થ—શિવજી કહે છે કે હે પાર્વતિ ! વાદળે કરીને આચ્છાદિત દિવસ તેને હું દુર્દિન માનતો નથી, પણ જે દિને શ્રીકૃષ્ણસંબંધી કથા વાર્તારૂપી અમૃતનું પાન કરવાનું ન મળે તે દિવસને હું દુર્દિન (નકામો દિવસ) ગણું છું માટે સત્સમાગમ કરવાનો નિત્ય નિયમ કદી પણ ચુકવો નહિ.

સૂવાનો વિધિ—યથાશક્તિ અષ્ટાક્ષરમંત્રનો જપ કરી પ્રથમ લખેલાં એકવીશ નામોનો ઉચ્ચારણ કરી, ચર્ણામૃત લેઇ સુવું. ગૃહસ્થાશ્રમીઓએ શ્રીભગવાનમાં સદૈવ ઉત્તમ પ્રકારનો સ્નેહ રાખે એવો સુલક્ષણવાન્ પુત્ર ઉત્પન્ન થવાની ઇચ્છા રાખવી. એકાદશી, દ્વાદશી, અમાવાસ્યા, પુનેમ, શ્રાદ્ધ વગેરે, વ્રત તથા પર્વના દિવસોમાં ગૃહસ્થાશ્રમીઓએ અવશ્ય જીતેંદ્રિય રહેવું.

વ્રત કરવાનો વિધિ.

વૈષ્ણવોએ ક્યાં અને કેટલાં વ્રત કરવાં જોઇએ તેને માટે પંચમ

પુરાણના ઉત્તર ખંડમાં કહ્યું છે તે શ્લોકઃ—

कृष्णजन्माष्टमी रामनवम्येकादशीव्रतं ।
वामनद्वादशीतद्वन्नृहरेस्तु चतुर्दशी ॥
विष्णुपंचकमित्येवं व्रतं सर्वाघनाशनं ।
नित्यं नैमित्तिकं काम्यं विष्णुपंचकमेवहि ॥

અર્થ—કૃષ્ણ જન્માષ્ટમી (૧) રામનવમી (૨) ચોવીસ એકાદશી મળીને એક વ્રત (૩) વામનદ્વાદશી (૪) નૃસિંહ ચતુર્દશી (૫) એ પાંચે વ્રતો વિષ્ણુસંબંધી છે, સર્વ પાપોને દૂર કરનારાં છે, અને નિત્ય છે માટે એ પાંચે વ્રત વૈષ્ણવોએ અવશ્ય કરવાં. તેથી બીજા અન્ય દેવતાનાં વ્રતો છે તે, તે દેવતાના જે અનન્ય ભક્તો છે, તેઓને તે કરવાનાં કહ્યાં છે. વિષ્ણુ ભક્તોએ તો પોતાના ઇષ્ટ શ્રીકૃષ્ણચંદ્રને પ્રસન્ન કરવા સારૂ ઉપર લખેલાં પાંચે વ્રતો અવશ્ય કરવાં.

રામનવમી, વામનદ્વાદશી અને નૃસીંહ ચતુર્દશીના દિવસે ઉત્સવ અંતે પારણાં કરવાનો વિધિ કેટલીક ઠેકાણે છે; પણ વ્રત કરવાનો નિયમ તો છેજ. તેમજ એકાદશી વ્રત પણ અવશ્ય કરવું એમ શ્રીઆચાર્યચરણ શ્રી મહાપ્રભુજીએ ખાસ કરીને આજ્ઞા કરેલ છે. અને તે દશમી વિધા હોય તે ન કરવી પણ ઉદયાત્ હોય તેજ કરવી. અમુક એકાદશીનાં વ્રત કરવાં ને અમુક ન કરવાં એવું કંઇ પ્રમાણ નથી શ્રીમહાપ્રભુજીએ તો બધાં વ્રત કરવા આજ્ઞા કરેલી છે. તેમાં ન્યુનાધિક કંઇ છેજ નહિ.

માળા ધારણ કરવાનો વિધિ.

તુળસીની માળા (કંઠી) ધારણ કરવી તે વિષે નિર્ણયસિંધુમાં પુરાણનું વાક્ય—

निवेद्य केशवे मालां तुलसीकाष्ठसम्भवां ।
वहते यो नरो भक्त्या तस्य नैवास्ति पातकम् ॥

અર્થ—તુળસીના કાષ્ટથી બનેલી માળા શ્રીહરિને પ્રમથ અર્પણ કરીને પછી જે, તે માળાને ભાવસહિત પહેરે છે તેના શરીરમાં પાતક રહેતું નથી. એ મંત્રથી ભગવાનને ધરાવીને પ્રસાદી કરવી પછી તે માળા ધારણ કરવી તેનો મંત્ર, નિર્ણયસિંધુમાં પુરાણનો શ્લોકઃ-

तुलसीकाष्ठसम्भुते माले कृष्णजनप्रिये ।
बिभर्मि त्वामहं कंठे कुरु मां कृष्णवल्लभम् ॥

એ મંત્ર ભણીને માળા પહેરવી-તુળસીમાળાનું માહાત્મ્ય. સ્કંદપુરાણના માર્ગશીર્ષ મહાત્મ્યમાંનો શ્લોક;—

तुलसीकाष्ठमालाभिर्भूषितः पुण्यमाचरेत् ।
पितॄणां देवतानां च कृतंकोटिगुणं कलौ ॥

અર્થ—પિતૃકાર્ય અને દેવકાર્યને વિષે તુળસીની માળા પેહેરીને કાર્ય કરે તો તેને કળીયુગમાં કોટીગણું ફળ મળેછે. તુળસીની માળા સદૈવ ધારણ ન કરે તો દોષિત થવાય છે, તે વિષે સ્કંદપુરાણમાં લખ્યું છે કેઃ-

येषां न तुलसीमाला ते नरा मूढमानसाः
अन्नं विष्ठा जलं मूत्रं पीयूषं रुधिरं भवेत् ॥
अतस्सर्वेषु कालेषु न त्याज्या कंठमालिका ।
क्षणार्धं तद्विहीनो यः विष्णुद्रोही न संशयः ॥

અર્થ—જેણે કંઠમાં તુળસીની માળા ધારણ કરી નથી તેને મૂઢબુદ્ધિવાળા જાણવા, અને તે અન્ન ખાય છે તે વિષ્ઠા બરાબર છે,

અને જળનું પાન કરે છે તે મૂત્ર બરાબર છે; અને દૂધ પીએ છે તે લોહિ બરાબર છે, એ કારણ માટે કંઠમાંથી તુળસીમાળાનો કોઇ પણ કાળે ત્યાગ ન કરવો, જો અર્ધક્ષણ માત્ર પણ ત્યાગ કરે તો શ્રીવિષ્ણુનો દ્રોહી થાય છે. તેમાં સંશય નથી.

વૈષ્ણવોએ ત્યાગ કરવાલાયક વસ્તુઓ.

જે વસ્તુ શાસ્ત્રમાં નિષેધ કરેલી હોય તેનો પ્રયત્ને કરીને ત્યાગ કરવો. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરતા એ છએ દુર્ગુણોનો ત્યાગ કરવો. પરસ્ત્રી નર્ક સમાન ગણી કદાપિ તેનો સંગ કરવો નહીં, તેમજ દુર્જન બહિર્મુખ અને નાસ્તિકનો સંગ કરવો નહિ, માતા, બેન, દીકરી વગેરે કોઈ પણ સ્ત્રીની સાથે એકાંતમાં બેસવું નહિ, તેમજ ગુહ્ય ભાષણ કરવું નહિ. પરસ્ત્રીનો સંગ આ લોક અને પરલોકમાં નાશ કરનારો છે. દશમીના વેધવાલી એકાદશી કરવી નહિ. જયંતીવ્રતો વિધા તિથિઓમાં કરવાં નહિ, તામસી આહાર કરવો નહિ, સુતકીનું અન્ન, એકાદશાહનું ભોજન, બારમાનું ભોજન, પ્રેતભોજન વગેરનો ત્યાગ કરવો. લશણ, ડુંગળી (કાંદા) ગાજર, કાળીંગડું, તડબુચુ રાતો મૂળો, ધોળું વંત્યાક તથા કેફ ચઢે એવા પદાર્થોનો ત્યાગ કરવો. જુગાર રમવો નહિ. નિષિદ્ધ આહાર કરવાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, ને બુદ્ધિનો નાશ થવાથી આત્માનો નાશ થાય છે. વળી શ્રીમહાપ્રભુજીએ નિબંધમાં પણ આજ્ઞા કરી છે તે શ્લોકઃ—

स्वधर्माचरणं शक्त्या । विधर्माच्च निवर्तनम् ॥
इंद्रियाश्वविनिग्राहः । सर्वथा न त्यजेत्त्रयम् ॥

અર્થ—પોતાની શક્તિ પ્રમાણે સ્વધર્મનું આચરણ કરવું, અને વિધર્મથી (ધર્મથી ઉલટું તે વિધર્મ) દૂર રહેવું, તથા ઇંદ્રિયરૂપી ઘોડાને નિયમમાં રાખવો. એ ત્રણનો કોઈ પણ પ્રકારે ત્યાગ કરવો નહિ.

પ્રકરણ ૨ જું.

પ્રાતઃસમયથી સાંજ સુધી બોલવાનાં પદ.

રાગ ભૈરવ. પદ ૧ લું.

પ્રાત સમય ઉઠી કરીએ શ્રી લક્ષ્મણ સુત ગાન.
પ્રગટ ભયે શ્રી વલ્લભ પ્રભુ દેત ભક્તી દાન. ૧.
શ્રી વિઠ્ઠલેશ મહાપ્રભુ રૂપકે નિધાન,
શ્રી ગિરિધર શ્રી ગિરિધર ઉદય ભયો ભાન. ૨.
શ્રી ગોવિંદ આનંદકંદ કહા બરનો ગુણ ગાન,
શ્રી બાલકૃષ્ણ બાલકેલી રૂપહી સુજાન. ૩.
શ્રી ગોકુળનાથ. પ્રગટ કીયો મારગ વખાન,
શ્રી રઘુનાથ લાલ દેખ મન્મથહી લજાન. ૪.
શ્રી જદુનાથ મહાપ્રભુ પૂરણ ભગવાન,
શ્રી ઘનશ્યામ પૂરણ કામ પોથામેં ધ્યાન. ૫.
પાંડુરંગ વિઠ્ઠલેશ કરત વેદ ગાન,
પરમાનંદ નિરખી લીલા થકે. સુર વિમાન. ૬.

રાગ ભૈરવ. પદ ૨ જું.

જે જે શ્રી વલ્લભ પ્રભુ શ્રી વીઠ્ઠલેશ સાથે.
નિજ જનપર કરત કૃપા ધરત હાથ માથે,
દોષ સબે દુર કરત, ભક્તીભાવ હીયે ધરત,
કાજ સબે સરત સદા ગાવત ગુણ ગાથે. ૧.
કાહેકો તું દેહ દમત, સાધનકર મૂરખજન;
વિધમાન આનંદ તજ ચલત કયોં અપાથે. ૨.
રસીક ચરણ શરણ સદા, રહેતહે બડભાગી જન;
અપનો કર શ્રી ગોકુળપતી, ભરત તાહી બાથે. ૩.

પદ ૩ જું.

જે જે જે શ્રી વલ્લભનંદ, સકળ કળા શ્રી વૃંદાવન ચંદ ૧.
નિગમ ઉચ્ચારત ન લહે પાર, સો ઠાકોર શ્રી અંકાજીકે દ્વાર. ૨.
શેષ સહસ્ત્ર મુખ કરત ઉચ્ચાર, વ્રજજન જીવન પ્રાણ આધાર. ૩.
લીલાહી ગિરિધાર્યો હાથ, **છીતસ્વામી** શ્રી વીઠ્ઠલનાથ. ૪.

પદ ૪ થું.

જે જે જે શ્રી વલ્લભનંદન સુરનર મુની જાકી પદ રજ વંદન. ૧.
માયાવાદ કીયે જુ નિકંદન નામ લીયે કાટત ભવ ફંદન. ૨.
પ્રગટ પુરષોત્તમ ચરચત ચંદન **કૃષ્ણદાસ** ગાવત શ્રુતી છંદન. ૩.

રાગ બીભાસ. પદ ૫ મું.

પ્રાતસમે શ્રી વલ્લભ સુતકો ઉઠતહી રસના લીજીયે નામ. ૧.
આનંદકારી પ્રભુ મહા મંગળકારી અશુભ હરન જન પૂરણ કામ. ૨.
યાહીલોક પરલોક કે બંધુ કો કહી શકે તીહારે ગુણ ગ્રામ. ૩.
નંદદાસ પ્રભુ રસીક શીરોમણી રાજ કરો શ્રી ગોકુલ સુખ ધામ. ૪.

*પદ ૬ ઠું.

શ્રીહરિ નરહરિ કૃષ્ણ કરૂણા કરી, રાખ્ય રાધાવર ચરણ શરણે;
શોક મોહે ગયા જન્મ સઘળા વૃથા, દુષ્ટ ચીંતા કરી ઉદર ભરણે. ૧.

દેહ ઇંદ્રી પ્રાણ અંતઃકરણ દારા ધન, સોંપીયાં શરણ તારે;
જીવવિદ્યા ધર્મ સર્વ શ્રીનાથજી તું, તુજ વિના અવર નહિ વસ્તુ માહારે.૨.

મારે માત તું, તાત તું, ભ્રાત તું ભૂધરા, તુજ વિના અવર કોને ન જાણું;
દાસ હું નાથ તું એમ જાણી સદા, દ્વાર બેઠો તાહારા ગુણ વખાણું. ૩.

શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ ભૂતળે પ્રગટીને પુષ્ટિ માર્ગ વિશદ કરશે;
દૈવી નિજ જીવ જે શરણ જે આવશે, વિના સાધન ઉદ્ધાર કરશે.૪.

માટે શરણ દ્યો શ્રીહરિ દિન જાણી કરી, સર્વથા દાસને ચરણ રાખો;
એક કર જોડીને **નરસઇઓ** વિનવે, નિત્ય પ્રતિ આવીને વદનદાખો. ૫.

પદ ૭ મું.

પ્રથમ પ્રભાતે શ્રી ગુરૂ વલ્લભનાં લેઉં નામજી,
શ્રી પુરૂષોત્તમ પૂર્ણ કામ શ્રી મહાલક્ષ્મી પતિજી. ૧

શ્રી લક્ષ્મણ રાજકુમાર શ્રી એલંમાજી પુત્ર ઉદારજી,
શ્રી વલ્લભ પ્રાણઆધાર, ચર્ણચિત્ત લાવીએજી. ૨

વ્યાપક સઘળે વિશ્વાધાર સુખદાયક નંદકુમારજી,
એ અક્ષર બ્રહ્મ અવતાર તે કહાંથકી સોહલાંજી. ૩

---

* આ પ્રભાતીયું જુનાગઢના નરસિંહ મહેતાનું બનાવેલું છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે પુષ્ટિમાર્ગ પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું પ્રાગટ્ય થશે.ને તે પુરૂષોત્તમનો અવતાર થશે. એ ઉપરથી એ નરસિંહ મહેતા પુષ્ટિમાર્ગના બધૈયા કહેવાય છે.

શ્રી ગોપીનાથ અભિધાન એ પૂર્ણ પુરૂષ પુરાણજી,
એ જોગી જનને, ધ્યાન ધરે ઘણાં દોહલાંજી. ૪
શ્રી રૂક્ષ્મણીજી રંમણ પદ્માવતી પ્રાણજીવનજી,
શ્રી વિઠ્ઠલ તન મન ધન કરીને જાણીએજી. ૫
એ પુષ્ટિ પદાર્થ સાર શ્રી વૃંદાવન શૃંગારજી,
એમના નખ શીખ રૂપ હરનીશ ઉરમાં આણીયેજી. ૬
તુર્ય પ્રિયા શ્રી કૃષ્ણા યમુના શ્રી મહારાણીજી નામજી,
એ સર્વે સુખનું ધામ શ્રી કાલિંદીજી કહીએજી. ૭
શ્રી નવનીતપ્રિયાલાલ શ્રી મથુરાંનાથ કૃપાળુજી,
શ્રી વિઠ્ઠલનાથ દયાળ દયા સમુદ્ર લહીએજી. ૮
શ્રી દ્વારકાંનાથજીને ગાવો શ્રી ગોકુળપતિ ગુણ છાયોજી,
એ અનાથના નાથ શ્રી ગોકુળચંદ્રમાજી. ૯
બિરાજે શ્રી મદનમોહન નટવર મનમથ મનસોધન્યજી,
શ્રી બાલકૃષ્ણજીના વદનતણી શી ઉપમાજી. ૧૦
શ્રી ગિરિધરજી ગુણવંત એહુના પાર ન પામે અંતજી,
શ્રી ભામની વહુજીના ચિત્ત વિષે ભલા ભાવિયાજી. ૧૧
જય જય શ્રી ગોવિંદ એતો પૂર્ણ પરમાનંદજી,
શ્રી રાણીવહુજીના આનંદદાયક કહાવીએજી. ૧૨
શ્રી બાળકૃષ્ણ રસરૂપ એમના સ્વરૂપતણા જશરૂપજી,
શ્રી કમળા કંથ અનુપમ ઉપમા શી કહુંજી. ૧૩
શ્રી ગોકુલેશ શુભ નામ જીત્યા માયિક રાખી સુખધામજી,
શ્રી પાર્વતી પતિ કામના પૂર્ણ એ સહીજી. ૧૪
શ્રી રઘુપતિ તેજ ભંડાર એહના ગુણયશનો નહિ પારજી.

શ્રી જાનકી જીવનસાર ભક્ત ચિંતામણિજી. ૧૫
શ્રી જદુપતિ જગજીવન એમનાં પ્રફુલ્લીત પ્રસન્ન વદનજી,
શ્રી મહારાણી વહુજી ધન્ય કે જે શિર એ મણિજી. ૧૬

શ્રી ઘનશ્યામજીને ગાવો એ પુષ્ટિ પદાર્થ પાવોજી,
શ્રી કૃષ્ણાવતીના નાથ હૃદેમાં ધરૂંજી ૧૭
શ્રી લક્ષ્મી સતભામા શોભા યમુના કમલા દેવકાજી,
એ બેટીજી સહિત નિત્ય સંભારજોજી. ૧૮

શ્રી દામોદરદાસ શ્રી મહાપ્રભુ પદપંકજ પાસજી,
એ પ્રકાશ સૂરદાસ પરમાનંદદાસ છેજી. ૧૯
અતિ આનંદ કુંભનદાસ હૃદે કૃષ્ણદાસ રસ રાસજી,
એ ચારે ભ્રાત શ્રી વલ્લભ ચર્ણ નિવાસ છેજી. ૨૦

નંદદાસ ચત્રુભુજદાસ ગોવિંદસ્વામિ છિતસ્વામિજી,
એઉના પ્રભુ શ્રી વિઠ્ઠલ અકલીત અંતરજામીજી. ૨૧
એ સંભારે સુખ થાય ધ્યાને પ્રસન્ન શ્રી વલ્લભરાયજી,
એ અષ્ટ સખા પદરજ પરસે રહે શી ખામીજી. ૨૨

ચોરાશી સંભારો વૈષ્ણવ બસેંબાવન ગાવોજી,
શ્રી વલ્લભી સૃષ્ટિ વિચારો નિત્યપ્રતિ ક્ષણ ક્ષણજી. ૨૩
શ્રી ગોવર્દ્ધન ધરણ શ્રી રાધિકા રમણજી,
એ વ્રજવનિતા સુખ કરણ સેવી સુખ માનીયેજી. ૨૪
શ્રી ગોવર્દ્ધન ગોકુળ ધન્ય શ્રી મથુરાંજી મન આણોજી,
શ્રી વૃંદાવન વખાણો સહુ વ્રજદેશનેજી. ૨૫
શ્રી ગિરિવરધારી લો ચારે જુથ વિચારીજી,
સર્વે વલ્લભી બોલે વિચારી ભક્તિ અશેષ છેજી. ૨૬

શ્રી વલ્લભનો પરિવાર એ છે સૃષ્ટિ શિરોમણિ સારજી,
તમો સ્મરો વારંવાર નિત્ય નેમશુંજી. ૨૭
હું માગું વ્રજરાજ મુજને સ્મરણ નિત્ય થાયજી,
જન દયારામ જશ ગાય ધરી ઉર પ્રેમશુંજી. ૨૮

શ્રી ઠાકોરજીને જગાવવાનાં પદ.

રાગ ભૈરવ. પદ ૮ મું

પ્રાતસમેં ઘર ઘર તેં દેખનકો આઈ હેં ગોકુલ નારી.
અપનો કૃષ્ણ જગાય જસોદા આનંદ મંગલકારી. ૧
સબ વ્રજકુલકે પ્રાણજીવન ધન યા સુતકી બલીહારી.
આસકરણ પ્રભુ મોહનનાગર ગિરિ ગોવર્દ્ધનધારી. ૨

રાગ બિભાસ. પદ ૯ મું.

જાગો કૃષ્ણ યશોદા જુ બોલે, યહ અવસર કોઇ સોવેહો;
ગાવત ગુણ ગોપાળ ગ્વાલિની, હરખત દહીં વિલોવે હો. ૧
ગોદોહન ધ્વની પુર રહ્યો વ્રજ, ગોપી દીપ સંજોવે હો;
સુરભી હુંકે વછરૂવા જાગે, અનમિષ મારગ જોવે હો. ૨
વેણુ મધુર ધ્વની મહુવરવાજે, વેંત ગહિ કરસે બીહો;
અપની ગાય સબગ્વાલ દુહતહેં, તિહારી ગાય અકેલી હો. ૩
જાગે કૃષ્ણ જગત કે જીવન, અરૂણ નયન મુખ સોહે હો;
ગોવિંદ પ્રભુ દુહત ધેનુધોરી, ગોપવધુ મન મોહેહો. ૪

અથ કલેઉકે પદ. રાગ ભૈરવ. પદ ૧૦ મું.

છગન મગન પ્યારેલાલ કીજીયે કલેવા.
છીંકે તે સગરી દધિ ઉખલ ચઢ કાઢ લેહો;
પહરલેહો ઝગુલી ફેંટ બાંધ લેહો મેવા. ૧
યમુના તટ ખેલન જાવો ખેલનકે મિસ ભુખ ન લાગે;
કોન પરી પ્યારેલાલ નિશ દિનાકી ટેવા,
સુરદાસ મદન મોહન ઘરહીં કયોં ન ખેલો લાલ,
દેહો ચકડોર બંગી હંસ મોર પરેવા. ૨

રાગ બિભાસ. પદ ૧૧ મું.

ઉઠત પ્રાત કહ્યુ માત જસોદા, મંગલ ભોગ દેત દોઉ છોરા;
માખન મિશ્રી દહ્યો મલાઇ, દુધ ભરે દોઉ કનક કટોરા. ૧
કછુક ખાત કછુ મુખ લપટાવત. દેત દુરાય મીલ કરત કલોલા;
પરમાનંદ પ્રભુ ઝબક પરત દ્રગ, ભરતતાલભુજ કરત નિહોરા. ૨

રાગ રામકલી પદ ૧૨ મું.

હોં બલબલ જાઉં કલેઉ લાલ કીજે.
ખીર ખાંડ ધૃત અતિ મીઠો હે અબકોકોર બછીજે. ૧
એની બઢેગી સુનો મન મોહન મેરો કહ્યો જો પતીજે,
ઓટયો દુધ સધ ધોરીકો સાત ઘુંટભર પીજે.
વારને જાઉં કમલ મુખ ઉપર અંચરા પ્રેમરસ ભીજે,
ઓહોર્યો જાય ખેલો શ્રી યમુના તટ **ગોવિંદ** સંગ કર લીજે. ૩.

અથ મંગલ આરતીકે પદ. રાગ ભૈરવ. પદ ૧૩ મું.

મંગલ મંગલં વ્રજભુમી મંગલં,

મંગલ મિહ શ્રીનંદ યશોદાનામસ્વકીર્તનમેતદ્રુચિરોત્સંગ સુલાલિત પાલિતરૂપં. ૧
શ્રીશ્રીકૃષ્ણ ઇતિશ્રુતિ સારંનામ સ્વાર્તજનાશયતાપાપહમિતિ મંગલ રાવ,
વ્રજસુંદરી વયસ્ય સુરભી વૃંદ મૃગીગણ નિરૂપંભાવાઃ મંગલસિંધુચયાય. ૨
મંગલમીષત્સ્મિતયુત,મિક્ષણ ભાષણ મુન્નતનાસા પુટગત મુક્તાફલચલનં
કોમલ ચલ દંગુલી દલ સંગત વેણુનિનાદ વિમોહિત વૃંદાવન ભુવિજાતાઃ ૩
મંગલમખિલ ગોપીશિતુરિતિમંથરગતિ વિભ્રમ મોહિત રાસ સ્થિતગાનં,
ત્વંજય સતતં શ્રી ગોવર્દ્ધનધર પાલય નિજદાસાનં. ૪

રાગ ભૈરવ. પદ ૧૪ મું

મંગલ આરતી ગોપાલકી માઇ.
નિત્ય પ્રતિ મંગલ હોત નિરખ મુખ ચિતવન નયન વિશાલકી. ૧
મંગલરૂપ સ્યામ સુંદરકો મંગલ ભ્રકુટી સુભાલકી,
ચતુર્ભુજ પ્રભુ સદા મંગલ નિધિ બાનિક ગિરિધરલાલકી. ૨

અથ ન્હવાયવેકે પદ. રાગ દેવગંધાર. પદ ૧૫ મું.

કર મોદક માખન મિશ્રીલે, કુંવરકે સંગ ડોલત નંદરાની,
મીશ્ર કરી પકરી ન્હવાયો ચાહત, બોલત અમૃત બાંની. ૧
કનક પટા આંગન મેં રાખ્યો, શિત ઉષ્ણ ધર્યો પાની;
કનક કટોરા મેં સોંધો ઉવટનોં, ચંદન કાંકસી આની. ૨
ચોંલાઇ મંજન હિત જનુની, ચીત ચતુરાઇ ઠાની;
મનમેં મતો કરત ઉઠભાજે, દુખીત કેશ અરૂઝાંની. ૩
ગાતસ ચિકનયોં રાજતહેં, શોભા કહત ન બાંની;
અંગ ઉબટનો કછુવન બાજત, માનોં ઘન તડિત લપટાની. ૪

આવો-મન મોહન મેરે ઢીગ, બાત કહું એક છાની;
અમોલ ખિલોના તાત તેરે લ્યાયે, બલ અજાહુ નહિ જાની. ૫
રાજકુમાર અધન્હાતતે ભાજયો, તાકી કહું કહાની;
એની ન બઢી વાકી રહી જુ તનકસી, દુલહની દેખ હંસાની. ૬
બેઠે આય ન્હાય પટપ હરે, આનંદ મન મેં આની;
વિષ્ણુદાસ ગિરિધરન સયાનો, માત કહી સોઈ માની. ૭

મંગલા સન્મુખનાં પદ. રાગ ખટ. પદ ૧૬ મું.

આજ નંદલાલ મુખચંદ નેનન નિરખ પરમમંગલ ભયો ભવન મેરે.
કોટિ કંદર્પ લાવણ્ય એકત્ર કર વારૂં તબહી જબ નેક હેરે. ૧
સકલ સુખસદન હરખિત વદન ગોપવર પ્રબલદલ મદનદલ સંઘ ઘેરે,
કહો કોઉ કૈસે હું નહિં સુધબુદ્ધ બને **ગદાધરમિશ્ર** ગિરિધરન ટેરે. ૨

અથ ખંડતાકે પદ. રાગ બિભાસ. પદ ૧૭ મું

ગોવર્દ્ધન ગિરિ સઘન કંદરા, રેન નિવાસ કિયો પ્રિય પ્યારી.
ઉઠ ચલે ભોર સુરત રંગ ભીને નંદનંદન વૃષભાન દુલારી. ૧
ઇતવિગલિત કચમાલ મરગજી અટપટે ભુષણ રગમગી સારી,
ઉતહી અધર મિસ પાઘરહી ધસ દુહું દિશ છબી બાઢી અતિ ભારી.૨
ધુમત આવત રતિરણજીતે કરિણિ સંગ ગજ ગિરિવરધારી,
ચતુર્ભુજદાસ નિરખી દંપતિ સુખ તન મન ધન કીનો બલહારી. ૩

રાગ લલિત. પદ ૧૮ મું.

કબદેખો મેરી ઓર નાગર નંદકીશોર વિનતી કરત ભયો ભોર,
હમ ચિતવત તુમ ચિતવત નાહીં મેરે કરમ કઠોર. ૧
જન્મ જન્મકી દાસિ તિહારી તાપર ઇતનો જોર,
સુરદાસ મલુ તુમ્હારે રોમપર વારોં કંચનખોર.

અથ વ્રતચર્યાકે પદ. રાગ રામકલી. પદ ૧૯ મું.

હરિયશ ગાવત ચલી વ્રજસુંદરિ નદી યમુનાકે તીર.
લોચન લોલ બાંહ જોટીકર શ્રવણુન ઝલકત બીર. ૧
વેની સિથિલ ચારૂ કાંધેપર કટિપર અંબર લાલ,
હાથન લિયેં ફુલનકી ડલિયાં ઉર મુક્તા મણિ માલ. ૨
જલ પ્રવેશ કર મજ્જન લાગી પ્રથમ હેમકે માસ,
જેસેં પ્રીતમ હોય નંદસુત વ્રત ઠાન્યો યહ આસ. ૩
તબતે ચીર હરે નંદનંદન ચઢે કદંબકી ડારિ,
પરમાનંદ પ્રભુ વરદેવેકોં ઉધમ કિયોહે મુરારિ.

પદ ૨૦ મું.

હમારો અંબર દેહો મુરારિ,
લેકર ચીર કદબ ચઢ બૈઠે હમ જલમાંઝ ઉઘારી.
તટપર વિના વસન કયાં આવેં લાજ લગતહે ભારી,
ચોલી હાર તુમહીકો દીને ચીર હમ દેહો ડારી. ૨
તુમ યહ બાત અચંભો ભાખત નાગી આવો નારી,
સૂરશ્યામ કછુ નેહ કરોજુ સીત ગયો તન મારી. ૩

અથ શૃંગારકે પદ. રાગ બિલાવલ. પદ ૨૧ મું.

આવો ગોપાલ શૃંગાર બનાઉં,
વિવિધ સુંગંધન કરોં ઉબટનોં પાછે ઉષ્ણુ જલ લે જુ ન્હવાઉં.૧
અંગ અંગોછ ગુહું તેરી બેની ફુલન રૂચરૂચ ભાલ બનાઉં,
સુરંગપાઘ જરતારીતોરા રત્નખચિત શિરપેચ બંધાઉં. ૨
વાગો લાલ સુનેરી છાપો હરી ઇજાર ચરણુન.વિરચાઉં,

પહુંકા સરસ વેંજની રંગકો હંસુલી હાર હમેલ બનાઉં. ૩

ગજમોતિનકે હાર મનોહર વનમાલા લે ઉર પહેરાઉં,
લે દર્પણ દેખો મેરે પ્યારે નિરખ નિરખ ઉર નયન સિરાઉં. ૪

મધુ મેવા પકવાન મીઠાઈ અપને કર લે તુમ્હે જીમાવું,
વિષ્ણુદાસકો યહ કૃપાફલ બાલલીલા હોં નિશદીન ગાઉં. ૫

પદ ૨૨ મું.

પીતાંબરકો ચોલના પહેરાવત મૈયા.
કનક છાપ તા પર ધરી ઝીની એક તનૈયા. ૧

લાલ ઈજાર ચુનાયકી ઓર જરકસી ચીરા,
પહુંચી રત્ન જરાયકી ઉર રાજત હીરા, ૨

ઠાડી નીરખ યશોમતિ ફુલી અંગન સમૈયા,
કાજરલે બિંદુકા દિયો વ્રજજન મુસકૈયા. ૩

નંદબાવા મુરલી દઈ કહ્યો એસે બજૈયા,
જોઈ સુનેજાકો મનહરે **પરમાનંદ** બલજૈયા. ૪

અથ શૃંગાર સન્મુખકે પદ. રાગ બીલાવલ. પદ ૨૩ મું.

નંદ ભવનકો ભુષણ માઇ.
યશોદાકો લાલ વિર હલધરકો રાધા રમન સદા સુખદાઇ. ૧

ઇંદ્રકો ઇંદ્ર દેવ દેવનકો બ્રહ્મકો બ્રહ્મ અધિક અધિકાઇ,
કાલકો કાલ ઇશ ઇશનકો, વરણુકો વરણ મહાવરદાઈ. ૨

શિવકો ધન સંતનકો સર્વસ્વ, મહિમા વેદ પુરાણન ગાઇ,
નંદદાસકી જીવન ગિરિધર, ગોકુલમંડન કુંવર કન્હાઇ. ૩

અથ કુલ્હેકે પદ. રાગ સારંગ. પદ ૨૪ મું.

મોહન મોહની શિરપાઘ.
મોહન ભાંત વિચિત્ર સંભારી, શ્રીદામા અનુરાગ. ૧
ઉજ્વલ શ્યામ સુદેશ વિરાજીત કુલ્હે ફલપરાગ,
દેખત ન અઘાત સુભગતા સીમા, **કૃષ્ણદાસ** બડભાગ. ૨

અથ ટિપારેકે પદ. રાગ સારંગ. પદ ૨૫ મું.

નવલ કદંબ છાંહ તર ઠાડે, શોભિત હેં નંદલાલ.
શીશ ટિપારો કટિલાલ કાછિની, પીતાંબર વનમાલ. ૧
નૃત્યત ગાવત વેણુ બજાવત, સુરંભી સમુહન જાલ;
પરમાનંદદાસકો ઠાકુર, લીલા લલિત ગોપાલ. ૨

અથ ગ્વાલકે પદ. રાગ બિલાવલ. પદ ૨૬ મું.

ખેલન જાહુ ગ્વાલ સબ ટેરત.
યહસુન કાન્હ ભયે અતિ આતુર, દ્વારે તન ફિરફિર જબ હેરત. ૧
વારવાર હરિ માતહિ બુઝત, કહિ ચોગાન કહાંહે;
દધિમથનીકે પાછે દેખો. લે મેં ધર્યો તહાંહે. ૨
લે ચોગાન આપને કર પ્રભુ, આયે ઘરતેં બાહર;
સુરશ્યામ બુઝત સબ ગ્વાલન, ખેલેંગે કહિ ઠાહર. ૩

અથ બલદેવજીકે પદ. રાગ બિલાવલ. પદ ૨૭ મું.

મૈયા દાઉ બહુત ખિજાયો.
મોસેં કહત મોલકો લીયો, તું યશુમતિ કબ જાયો. ૧
કહા કરોં યહ રિસકે મારેં, ખેલનકુ નહીં જાત;
પુનપુન કહત કોનહે માતા, કોનહે તેરો તાત. ૨

ગોરે નંદ યશોદા ગોરી, તુમ કિત સાંવલ ગાત;
ચુટકી દેદે ગ્વાલ હસતહેં, હસત સખા કિલકાત. ૩
તું મોહીકો મારન સીખી દાઉ એ કબહુ ન ખીજે;
મોહનકો મુખરિસ સમેત, યહ બાતન સુન રીઝે. ૪
સુનહું કાન્હ બલભદ્ર ચવાઉ, જન્મતહીકો ધુત;
સુરસ્યામ મોહિ ગોધનકી સોં, મેં જનની તું પૂત ૫

અથ ભોજન બુલાયવેકે પદ. રાગ ધનાશ્રી. પદ ૨૮ મું.

દેખોરી ગોપાલ કહાંહે ખેલત.
કે ગાયન સંગ ગયે અગાઉ, કે ખરીક વછરૂ વન મેલત. ૧
કહત યશોદા સખીઅન આગે, પરોસ ધરિહે થારી;
ભોજન આન કરો દોઉં ભૈયા, બાલક સહિત મુરારિ. ૨
એસિ પ્રિત પિતામાતાકી, પલક ઓટ નહિ કીજે;
વારંવાર **દાસ પરમાનંદ,** હરિકી બલૈયા લીજે. ૩

પદ ૨૯ મું.

નંદ બુલાવતહેં ગોપાલ.
ચલ સુત વેગ બલૈયા લેહોં ચંચલ નયન વિશાલ. ૧
પરોસ્યો થાર ધરે મગ ચિતવત, સુન ઘનસ્યામ તમાલ;
ભાત સિરાત તાત અતિ આતુર, વેગે ચલો પ્યારેલાલ. ૨
હોંવારી ન્હેને પાયન પર, દોર દિખાવો ચાલ;
છાંડ દેહો મોહન અટપટી વહ ગતિ મંદમરાલ. ૩
સોઇ રાજા જો પહેલે પહોંચે, સુર સુભવન ઉતાલ;
જો જેહેં બલભદ્ર અગાઉ, તો હસહેં સબ સંગકે ગ્વાલ. ૪

પદ ૩૦ મું.

નેક ગોપાલેં દીજે ટેર.
આજ સવારે કીયો ન કલેઉ, સુરત ભઇ અડિવેર. ૧
ઢુંઢત ફિરત યશોદા મૈયા, કહાં કહાં હો ડોલત;
યહ કહિયો ઘર જાઉ સાંવરે, બાવાનંદ તોહિ બોલત. ૨
ઇતની બાત સુનતહી આયે, પ્રીતિ જુ મનમેં જાની;
પરમાનંદ સ્વામીકી જનની, દેખ વદન મુસકાની. ૩

અથ સંગમિલ ભોજનકે પદ. રાગ ધનાશ્રી. પદ ૩૧ મું.

જેંવત નંદ કાન્હ એકઠોરે.
કછુક ખાત લપટાત દુહું કર, બાલકેલિ રસ ભોરેં ૧
વરા વદનમેં મેલ્યો જબહી, મિરચ દશન ટકટોરેં;
તીક્ષણ લગે નયનભર આયે, ખીજત બાહિર દોરેં. ૨
ફુક કપોલન દેત રોહિણી, લીયે લગાય અંકારેં;
સૂરશ્યામકો મધુરે કોરદે, કીને તાત નિહોરેં. ૩

રાગ આશાવરી. પદ ૩૨ મું.

પાંડે ભોગ લગાવન ન પાવેં.
કરકર પાક વહી અર્પતહેં, તબતબ તૂં છુહિ આવેં. ૧
મેં શ્રધાકર બ્રાહ્મણ ન્યોતો, તૂં જો ગોપાલ ખિજાવે;
બહ અપને ઠાકુરહેં જીમાવત, તૂં યોંહિ છુઇ આવે. ૨
તૂંયહ બાત ન જાનેરી મૈયા, મોહે કિત દોષ લગાવેં;
પરમાનંદ વહ નયન મૂંદકે, મોકીકોં જુ બુલાવે. ૩

અથ વ્રજભક્તકે પદ. રાગ ટોડી. પદ ૩૩ મું.

પરોસત ગોપી ઘુંઘટ મારે,

કનકલતાસી સુંદર સીમા, આઇહેં જ્યોનારે. ૧
ઝનકમનક આંગનમેં ડોલત, લાવણ્ય મોર સવારેં;
નંદરાય નંદરાની તે દુર, લાલેં ભયે નિહારેં. ૨
ઘરકી સોંઝ મિલાય થારમેં, આગેંલે જબધારેં;
પરમ મિલનિયાં મોહન જુરી, હાંસી મિષડુંકારે. ૩
રુચિરકાછિની જટિત કોંધની, જૂરો વાંહ ઉધારેં;
પરમાનંદ અવલોકન કારણ, ભીર બહુત સિંધ દ્વારે. ૪

અથ છાકકે પદ. રાગ સારંગ. પદ ૩૪ મું.

બૈઠે શ્રી ગોવરધન ગિરિ ગોદ.
મંડલી સખા મધ્ય બલ મોહન, ખેલત હસત પ્રમોદ. ૧
ભઇ અવાર ભૂખ જબ લાગી, ચિતયેં ઘરકી કોદ;
ગોવિંદ તહાં છાક લે આયે, પઠઈ માત યશોદ, ૨

રાગ સારંગ. પદ ૩૫ મું.

બિરાજત ગ્વાલ મંડળી અહો બલમોહન છાકેખાત.
સિલા ઓદન જંઘન રોટી, અંગુરિન વિચફલ ધરે ઓર ગોરસકે પાત. ૧
કાહૂકો લે દેત સ્યામ કાહુકો ડલકાવત, કોઉ ઝટકખાત હાથ તેં તબ
લાલન મુસકાત જાત;
રામદાસ પ્રભુકી લીલા લખ કહત શિવ બ્રહ્માદિક, હમ ન ભયે અહીર
વ્રજમેં યોં કહિ કહિ પછિતાત. ૨

અથ કુંજભોજનકે પદ. રાગ સારંગ. પદ ૩૬ મું.

ભોજન કરત ભાવતે જ્યૂકે નવલ નિકુંજ મહલમેં.
પરસપરસ દોઉ ખાતખવાવત, જો સુખ ઉપજત લોચન હિયમેં. ૧

કીનો કછુક મનોરથ મોહન, દેત સવાર આસ મુખ તિયકે;
હંસ ચિતયો જબ રૂપ માધુરી, રહિ ગયો કોર હાથહી પીયકે. ૨

અથ ભોગસરવેકે પદ. રાગ ધનાશ્રી. પદ ૩૭ મું.

ભોજન કર ઉઠે દોઉ ભૈયા.
હસ્ત પખાર શુદ્ધ આચમન કર, બિરી લેહુ કન્હૈયા. ૧
માત યશોદા કરત આરતિ, પુન પુન લેત બલૈયા;
પરમાનંદદાસકો ઠાકુર, વ્રજજન કેલી કરૈયા. ૨

પદ ૩૮ મું.

અચમન કીજીએ કૃપાનિધાન.
યમુનોદક કંચન ઝારી ભર, લાઇ ચંદ્રાવલી સુજાન. ૧
પનવારો ભક્તનકોં દીજે, નારદ તુંબર ગાન;
જેંવત યુગલ ઉઠે જો પરસ્પર ગાવત, જન કલ્યાન. ૨

અથ ઉષ્ણકાલ ભોગસરવેકે પદ. રાગ સારંગ. પદ ૩૯ મું.

છાકે ખાય ખાય ધાય ધાય ડુમન ચઢત કેંટા મુખ પોંછત અંગોછ તહેં કર કર;
આવરુ દંડાન ડાર ફ્રાવત જાકી આર રોવની રૂવાય છાંડ હસે સબ હરહર. ૧
સખાસબ દેત કુક એકતો વિરામે દુક બિજો રાખીજ ગારી દેત કાંપતહે થરથર;
જગજીવન ગિરિધારી તુમ પરવારી લાલ, યાહીપર રાખો દાવકુદે સબ ધરધર. ૨

અથ બીરીકે પદ. રાગ ધનાશ્રી. પદ ૪૦ મું.

કૃષ્ણકો બીરી દેત વ્રજનારી.

પાનસુપારી કાથો ગુલાબી, લોંગન કીલ સંવારી. ૧
વ્રજનારી જો કુંજલોંહાડી કંચનકીસી વારી;
લે લે બિરી કરન કમલમેં, ઠાડી કરત મનુહારી. ૨
કહેત લાડલે બીરીલીજે, મોહન નંદકુમાર;
પરમાનંદ પ્રભુ બીરી આરોગત વ્રજકે પ્રાણ આધાર. ૩

પદ ૪૧ સું.

પાન ખવાવત કરકર બીરી.
એક ટકવ્હે મોહન મુખ નિરખત, પલકન પરત અધીરી. ૧
હસત નિહારત વદન શ્યામકો, તનકી સુધ વીસરીરી;
રસિક પ્રીતમકે અંગ સંગ મિલ, છતીયાં ભઇ અતિ સીરી. ૨

અથ ઊષ્ણુકાલ બીરી કે પદ. રાગ સારંગ. પદ ૪૨ સું.

બૈઠે લાલ કાલિંદીકે તીરા.
લે રાધે ગિરિધર દે પઠયો યહ પ્રસાદી બીરા. ૧
સમાચાર સુનિયે શ્રીમુખકે, જો કહી શ્યામ શરીરા;
તેરે કારણ ચુનચુન રાખે, યે નિરમોલક હીરા. ૨
સુંદર શ્યામ કમલ દલલોચન, પહિરેહેં પટપીરા;
પરમાનંદદાસકો ઠાકુર, લોચન ભરત અધીરા. ૩

અથ રાજભોગ સન્મુખકે પદ. રાગ સારંગ. પદ ૪૩ સું.

ગિરિધર દેખેહી સુખ હોય,
નયનવંતકો યહ પરમ ફલ, યેહી વિધિ મોહે ત્રૈલોય. ૧
મહા મરકત મણિ નીલ અંબુજકો, રૂપ લિયો હે નિચોય;
કૃષ્ણદાસનિ નાથ નવરંગ, મિલેહેં વિરહ દુખ ખોય. ૨

અથ કુંજકે પદ. રાગ સારંગ. પદ ૪૪ મું.

ચલો કિન દેખન કુંજકુટી.
મદનગોપાલ જહાં મધ્ય નાયક, મન્મથ ફોજ લુટી. ૧
સુરત સમરમેં લરત સખીકી, મુક્તા માલ ટુટી;
ઉરજતેં જુ કંચુકી ચુર કુટ, ભઇ કટિ પટ ગ્રંથિ છુટી. ૨
રસિક શિરોમણી સૂરનંદ સુત, દીની અધર ઘુટી;
પરમાનંદ ગોવિંદ ગ્વાલનકી, નિકિ જોટ જુટી.

પદ ૪૫ મું.

બૈઠે હરિ રાધા સંગ કુંજભવન અપને રંગ,
કરે મુરલી અધર ધરે સારંગ મુખ ગાઈ.
મોહન અતિહી સુજાન પરમ ચતુર ગુણનિધાન,
જાન બુઝ એક તાન ચુકકે બજાઇ. ૧
પ્યારી જબ ગહ્યો બીન સકલ કલા ગુણ પ્રવીણ,
અતિ નવિન રૂપ સહિત વહી તાન સુનાઈ;
વલ્લભ ગિરિધરનલાલ રીઝ દઈ અંક માલ,
કહત ભલેં ભલેં લાલ સુંદર સુખદાઈ. ૨

અથ ખસખાનેકે પદ રાગ સારંગ. પદ ૪૬ મું.

સીતલ ઉસીર ગૃહ છિરક્યો ગુલાબ નિર,
પરિમલ પાટીર ઘન સાર વરખત હેં,
સેજ સજી પત્રનકી અત્તરસોં તર કીની,
અરગજા અનૂપ અંગ મોદદરસત હેં. ૧
વીઝના વિચાર સીરી છુટત ફુહારે નીકે,

માનો ઘનમેં ન્હેની ન્હેની બુંદી વરસત હેં;
ચતુર વિહારી પ્યારી રસસોં વિલાસ કરત,
જેષ્ઠમાત્ર હેમંત ઋતુ સરસ દરસત હેં. ૨

અથ રાજભોગ આરતીકે પદ. રાગ સારંગ. પદ ૪૭ મું.

આરતી ગોપિકા રમણ ગિરિધરનકી, નિરખ વ્રજ યુવતી આનંદ ભીની.
મણી ખચિત થાર ઘનસાર બાતી બરેં,લલિત લલિતાદિ સખી હાથ લીની.૧
વિહરત શ્રીકુંજ સુખ પુંજ પિય સંગ મિલ,વિવિધ ભોજન કિયે રૂચિ નવીની;
પ્રકટ પરમાનંદ નવલ વિઠ્ઠલનાથ,દાસ ગોપાલ લઘુ કૃપા . ૨

અથ ઉત્થાપનકે પદ. રાગ નટ. પદ ૪૮ મું.

સુબલ શ્રીદામા કહો સખનસોં અર્જુન શંખ બજૈયે.
ઘર જૈવેકે બછડે બિરીયાં, શ્રી ગિરિધરલાલ જગૈયે. ૧
ઠોર ઠોર તેં મધુરી ધ્વુનિ બાજે, મધુર મધુર સ્વર ગૈયે.
કુંજસદન જાગે નંદ નંદન, મુદિત બીરા ફૂલ લૈયે.
હરિદાસવર્યકે પૂરે મનોરથ, ગોકુલ તાપ નસૈયે;
લટકત આવત કમલ ફિરાવત, પરમાનંદ બઢૈયે.

અથ ભોગસમયકે પદ. રાગ નટ. પદ ૪૯ મું.

પ્રિતમ પ્રિતિહી ત પૈયે.
યદ્યપિ રૂપગુણ શીલ સુઘરતા,ઇન બાતન ન રિઝૈયે. ૧
સતકુલ જન્મ કરમ શુભ લક્ષણ વેદ પુરાણ પઢૈયે;
ગોવિંદ વિના સ્નેહ સુઆ લોં, રસના કહાં જુ નચૈયે. ૨

અથ આરતી કે પદ. રાગ નટ. પદ ૫૦ મું.

માધોજીકે વદનકી શોભા,

કુટિલ કુંતલ કમલ પ્રતિમાંનો મધુપ રસ સોભા. ૧
ભ્રકુટી નેન ધનુષ કંજપર દૃષ્ટિ ચંચલ મિન,
મકર કુંડલ કિરણ રવિતે નકસ વિકસત કીન. ૨
સુરભી રેણુ પરાગ રંજીત મુરલી ધ્વનિ અલિ ગુંજ,
નિરખ સુભગ સરોજ મુદિત મરાલ શિશુ સમ પુંજ. ૩
દશન દામિની વિવિધ મિલ માનોં જલદ નિકર પ્રકાશ,
નિગમ વાની નેતિ કહે કો શકે સૂરજદાસ.

અથ શૃંગારવડ હોયપેકે પદ. રાગ ગોરી. પદ ૫૧ મું.

અંગ આભૂષણ જનની ઉતારત.
દુલરી ગ્રીવ માલ મોતીનકી ઉરલે ભુજા શ્યામ નિહારત, ૧
ક્ષુદ્રાવલિ ઉતારત કટિસેં તેસેં ધરત મહીપર મન વારત,
રોહિણી ભોજન કરહુ ચલાઇ વારવાર કહિ કર કર આરત. ૨
ભુખેં ભએ શ્યામ હલધરપેં યહ પ્રેમ વિચારત,
સૂરદાસ પ્રભુ માત યશોદા પટ લે દુહન અંતર રજ ઝારત. ૩

અથ બ્યારૂકે પદ રાગ કાનેહરો. પદ ૫૨ મું.

કીજે લાલ મહિ બાર બ્યારૂ.
તાતો દાર ભાત ધૃત સાન્યો ખોવા બાસોંધી રૂચિકારી. ૧
મધુ મેવા પકવાન મિઠાઇ પરોસ ધરી હેં કંચન થારી,
જેંવત શ્યામ રામ રૂચિ ઉપજી છબીપર જગજીવન બલહારી. ૨

પદ ૫૩ મું.

બ્યારૂ કરત જે ઘનશ્યામ.
મધુ મેવા પકવાન મિઠાઈ પિસ્તા બદામ. ૧

દુધ ભાત ખાવા બાસોંધી લે આઇ વ્રજવામ,
આશકરણ પ્રભુ મોહન નાગર અંગ અંગ અભિરામ. ૨

અથ દુધકે પદ. રાગ કાન્હરો. પદ ૫૪ મું.

દુધ પિયો મન મોહન પ્યારે.
બલ બલ જાઉં ગહેરૂ જીન કીજે, કમલ નયન નયનનકે તારે. ૧
કનક કટોરા ભર પીજે સુખ દીજે સંગ લેહો બલભદ્ર ભૈયારે,
પરમાનંદ મોહિ ગોધનકી સોં ઉઠતહી પ્રાત કરંગો વૈયારે. ૨

અથ બીરીકે પદ. રાગ કલ્યાણ. પદ ૫૫ મું.

સોહત નાસિકા ગિરિધર ગજ મોતી.
બોલત બીરા ખાત હસત ડોલત અરૂણ અંબરકી દીની પોતી. ૧
કુંડલ લોલ કપોલ બિરાજત જગમગાત મુખ મંજુલ જોતી.
ગોવિંદ પ્રભુકોજુ શ્રીમુખ નિરખત રસના કહા વરણું મતિ બોતી. ૨

અથ સેન સન્મુખકે પદ. રાગ કલ્યાણ પદ ૫૬ મું.

બન ઠન કહાં ચલે એસીકો મન ભાઇ સાંવરેસે કુંવર કન્હાઇ.
મુખ સોહે જેસેં દુજકો ચંદા છિપ છિપ દેત દિખાઇ. ૧
ચલેહીં જાઉ નેક ઠાડે રહોગે ફિન એસી સીખ સીખાઇ,
નંદદાસ પ્રભુ અબ ન બનેગી નિકસ જાય ઠકુરાઇ. ૨

રાગ કેદારો. પદ ૫૭ મું.

બેસર કોનકી અતિ નિકી.
હોડપરી પ્રીતમ અરૂ પ્યારી અપની અપને જીકી.
ન્યાય પર્યો લલિતાકે આગે કોન સરસ કોન ફીકી,
નંદદાસ વિલગ જીન માનો કછુ એક સરસ લલીકી. ૨

અથ માનકે પદ. રાગ કેદારા. પદ ૫૮ મું.

છાંડ દે માનિની સ્યામ સંગ રૂઠવો.
રહત તુવ લીન જલ મીન જ્યું સુંદરી,
કરો કયોંન કૃપા નવ રંગપર તુઠવો. ૧
વેગ ચલ યામિની જાત પલ છિન ઘટત,
કુંજમે કેલી કર અમી રસ ઘુંટવો,
બલ વિષ્ણુદાસનિનાથ નંદ નંદન કુંવર,
સેજ ચઢ લલન સંગ મદન ગઢ લૂટવો. ૨

પદ ૫૯ મું.

રૂપ રસ પુંજ બરનો કહા ચાતુરી,
માન મેરો કહ્યો ચતુર ચંદ્રાવલી, નિરખ મુખ કમલ ઉડુ રાજ શંકાતરી.૧
તિલક મૃગ મદ ભાલ દ્વિરદ કીસી ચાલ, દેખ રીઝે લાલ મંદ મુસકાતરી;
સુર નગધરકેલિ અંસપર ભુજ મેલ, મુગ્ધ પદ ઠેલ દે મદન સિર લાતરી.૨

અથ પોઢવેકે પદ રાગ કેદારો. પદ ૬૦ મું.

કુસુમ સેજ પિય પ્યારી પોઢે કરત હેં રસ બતિયાં.
હસત પરસ્પર આનંદ હુલસત લટક લપટાત છતિયાં.
અતિ રસરંગ ભીને રીઝેરી રિઝવાર, એક તનમન ભએક મતિ ગતિયાં,
રસિક સુજાન નિર્ભય કીરત દોઉ, અંગ અંગ પ્રતિબિંબત દોઉનકે
વસન બતિયાં. ૨

રાગ બિહાગ. પદ ૬૧ મું.

પોઢે રંગ મહેલ ગોવિંદ.
રાધિકા અંગ શરદરજની ઉદિત પુન્યોચંદ. ૧

અનેક ચિત્ર વિચિત્ર ચિત્રત કોટિ કોટીક બંદ,
નિરખ નિરખ વિલાસ વિલસત દંપતિ રસકંદ. ૨
મલય ચંદન અંગ લેપન પરસ્પર આનંદ,
કુસુમ વીજના બ્યાર ઢોરત સજની **પરમાનંદ.** ૩

રાગ બિહાગરો. પદ ૬૨ સું.

દંપતિ પોઢેઈ પોઢે રસઅતિયાં કરન લાગે દોઉ નયના લાગગયે.
સેજ ઉજરી ચંદાહુતે નિર્મલ તાપર કમલ છયે.
કુંકત દગ વૃષભાન નંદિની ઝપત ખુલત ઝુકઝાત નયે,
માનો કમલ મધ્ય અલિસુત બૈઠે સાંઝ સમય માનો સકુચ ગયે. ૨
આલસ જાન આપ સંગ પોઢી પિય હિયે ઉર લાય લયે,
નંદદાસ પ્રભુ મિલી સ્યામ તમાલ ઢિંગ કનકલતા ઉલ્હયે. ૩

॥ अथ श्रीगोवर्द्धनवासि. ॥

સાખી–[૧]બંક, [૨]સમ, [૩]રસ, [૪]દ્રષ્ટહે, [૫]દર્શન, [૬]મનઅભિલાષ;
[૭]પૂર્ણ, [૮]લોક, [૯]મન્મથ, [૧૦]રઢણુ, [૧૧]કુંજસદન, નિજબાસ
સ્યામબરણ ગિરિવરધરણ, ગોપીજન ચિત્ત ચોર;
વ્રજરાજ કુંવર જીયામે બસો, સુંદર નંદકીશોર,

રાગ ગોડી. પદ ૬૨ સું.

શ્રીગોવર્દ્ધનવાસિ સાંવરે લાલ તુમ વિન રહ્યો ન જાય હો;
વ્રજરાજ લંડતો લાડિલે, ધ્રુવ.
[૧]બંક ચિત્તે મુસિકાયકેં લાલ સુંદર બદન દિખાય,
લોચન તલપે મીન જ્યોં લાલ પલ છિન કલ્પ વિહાયહો. શ્રીગો.૧
[૨]સમ સ્વર બંધાન સોં લાલ મોહન વેણું બજાય,
સુરત સુહાઇ બાંધિકેં નેંક મધુરે મધુરે સ્વર ગાયહો. શ્રીગો. ૨

[૩]રસિક રસીલી બોલની લાલ ગિરિ ચઢિ ગૈયાં બુલાય,
ગંગ બુલાઈ ધુંમરી નેંક ઉંચી ટેર સુનાયહો. શ્રીગો. ૩
[૪]દ્રષ્ટિપરેં જા દિવસતેં લાલ તબતેં રૂચે નહિ[૧] આન, (અન્ય)
રજની નીંદ ન આવહી મોહિ વિસર્યો ભોજન પાનહો. શ્રીગો. ૪
[૫]દર્શનકોં નયના તપેં લાલ વચન સુનનકોં કાન,
મિલિવેકોં હીયરો તપેં મેરે જીયકે જીવન પ્રાણહો. શ્રીગો. ૫
[૬]મન અભિલાષા વ્હૈ રહી લાલ લગત નયન નિમેષ,
એકટક દેખું આ તો પ્યારો નાગર નટવર ભેષહો. શ્રીગો. ૬
[૭]પૂર્ણ શશી મુખ દેખકેં લાલ ચિત્ત ચોંટયો વાહી ઠોર,
રૂપ સુધારસ પાનકેં લાલ સાદર ચંદ્ર ચકોરહો. શ્રીગો. ૭
[૮]લોક લાજ કુલ વેદકી લાલ છાંડયો સકલ વિવેક,
કમલકલી રવિ જ્યોં બઢેં લાલ ક્ષણું ક્ષણું પ્રીતિ વિશેષહો. શ્રીગો. ૮
[૯]મન્મથ કોટિક વારને લાલ દેખી ડગમગી ચાલ,
યુવતી જનમન ફંદના લાલ અંબુજ નયન વિશાલહો. શ્રીગો. ૯
[૧૦]યહ રટ લાગી લાડીલે લાલ જેસેં ચાતક મોર,
પ્રેમ નીર બર્ષાયકે લાલ નવઘન નંદકીશોરહો. શ્રીગો ૧૦
[૧૧]કુંજ ભોવન ક્રીડા કરે લાલ સુખ નિધિ મદનગોપાલ,
હમ શ્રીવૃંદાવન માલતી તુમ ભોગી ભ્રમર ભૂપાલહો. શ્રીગો. ૧૧
યુગયુગ અવિચલ રાખીયેં લાલ યહસુખ શૈલ નિવાસ;
શ્રીગોવર્દ્ધનધર રૂપપેં બલજાય ચતુર્ભુજદાસહો. શ્રીગો. ૧૨

સાખી.—યહ મેરે અભિલાષહે, પૂરો નંદકુમાર;
યહ છબીપર કોટિક વારણે, તનમન પ્રાણ આધાર. ૧
કહા કહું રસના એકહે, નહી લક્ષ કરોડ;
કૈસે કરકે વર્ણવું, દાસ સદા કરજોડ. ૨



પ્રકરણ ૩ જું.

श्री यमुनाजीनां पद तथा घोळ.

॥ श्री कृष्णाय नमः ॥

॥ श्री यमुने महाराणीकीजे

પદ ૧ લું.

પ્રિય સંગ રંગ ભરી કરી કલોલેં.
સબનકોં સુખદેત પ્રિય સંગ કરત સેન,
ચિત્ત મેં જબ પરત ચેન તબહીબોલેં. ૧
અતિહી વીખ્યાત સબ બાત ઈનકે હાથ,
નામ લેત કૃપા કર અતોલે;
દરશ કરી પરસ કરી ધ્યાન હીયમેં રહેં,
સદા વ્રજનાથ ઇન સંગ ડોલે. ૨
અતિહી સુખકરન દુઃખ સબકે હરન,
એહીલીનો પર ન દેજો ડોલે;
એસી યમુને જાની કરો તુમ ગુનગાન,
રસીક પ્રીતમ પાયે નગઅમોલે. ૩

પદ ૨ જું.

શ્યામ સુખધામ જહાં નામ ઇનકે.
નીશદીન પ્રાણપતી આયહીયમેં વસે જોઇ ગાવેં જશ ભાગ્ય તીનકે. ૧
યહી જગમેં સાર કહત વારંવાર, સબનકે આધાર ધન નિર્ધનકે,
લેત યમુને નામ દેત અભેપદ દાન, રસીક પ્રીતમ પ્રીયા બસ જોઇનકે. ૨

પદ ૩ જું.

કહેત શ્રુતિસાર નિરધાર કરકે.
ઇન વીના કોંન એસી કરેહેં, સખી હરત દુઃખદંદ સુખકંદ બરખેં. ૧
બ્રહ્મ સંબંધ જબ હોત યા જીવકોં તબહી ઇનકી ભુજ વામ ફરકેં,
દોરી કરી સોર કરી જાય પ્રિયસોં કહે, અતિહી આનંદ મનમેં જુહરખેં. ૨
નામ નીરમોલ નગ લે કોઉ ના શકે, ભક્ત રાખત હીયે હાર કરીકેં;
રસિક પ્રીતમ પ્રિયાજુકી હોતજાપર કૃપા સોઇ શ્રી યમુનાજીકો રૂપપરખેં. ૩

પદ ૪ થું.

નેન ભરી દેખ અબ ભાનુ તનયા,
કેલી પ્રિયસોં કરે ભમરત વહી પરેં, શ્રમ જલભરત આનંદ મનયા. ૧
ચલત ટેઢી હોય લેત પ્રિયકોં મોહી, ઇન વીના રહત નહિ એક છીનયા;
રસિક પ્રીતમ રાસકરત યમુના પાસ, માનોં નીરધનકો હો જુ ધનયા. ૨

પદ ૫ મું.

ચરણપંકજરેણુ શ્રી યમુને દેની,
કલીયુગ જીવ ઉદ્ધારન કારન; કાટત પાપ અવધાર પેંની. ૧
પ્રાણપતી પ્રાણસુત આય ભક્તન હીત સકલ સુખકી હોજુ સેંની;
ગોવીંદ પ્રભુ વિના રહેત નહી એક છીનુ અતીહી આતુર ચંચળ જુનેંની. ૨

પદ ૬ ઠું.

શ્રીયમુનાસી નાંહી કોઉ ઓર દાતા,
જો ઇનકી શરણ જાતહેં દોરીકેં તાહીકોં તીકી છીનુ કરી સનાથા. ૧
યેહી ગુણગાન રસખાન રસના એક સહસ્ત્ર રસના કયોં ન દેઇ વિધાતા,
ગોવીંદ બલી તન મન ધન વારનેં સબનકો જીવન ઇનહીકે જુ હાથા. ૨

પદ ૭ મું.

શ્યામ સંગ શ્યામ વ્હેરહી શ્રીજમુને.
સુરત શ્રમ બીંદુ તે સીંધુ સી વહી ચલી માનો આતુર અલીરહી ન ભવનો૧
કોટી કામવારોં રૂપ નેંનન નીહારો, લાલ ગિરિધરન સંગ કરત રવને;
હરખી ગોવીંદ પ્રભુ નીરખી ઇનિકી ઓર માનોં, નવ દુલહની આઇ ગવનેં.૨

પદ ૮ મું.

ધાયકે જાય જો શ્રી યમુના તીરે,
તાકી મહીમા અબકહાં લગી વરણીયે. જાય પરસત અંગ પ્રેમનીરે. ૧
નીશ દીન કેલી કરત મોહન પ્રીયા સંગ ભક્તનકે હેત જુમીરે,
છીતસ્વામી ગિરિધરન શ્રીવીઠ્ઠલેશ, ઇન વીના નેક નહી ધરત ધીરે. ૨

પદ ૯ મું.

ભક્તકી ઇચ્છા પુરણ શ્રીયમુને જો કરતા.
વિના માગે દેત કહાંલો કહો હેત, જેસે કાહુકો કાહુ હોત ધીર ધરતા ૧
શ્રીયમુના પુલીન રાસ વ્રજવધુ લીયે પાસ, મંદ મંદ હાસ્ય મનજુ હરતા.
કુંભનદાસ પ્રભુકો મુખ દેખત, યહી જીય લેખત શ્રીયમુને જો ભરતા. ૨

પદ ૧૦ મું.

શ્રીયમુનાજીકે નામકો તેઈ જુ લેહેં,

જીનકી લગન લગી નંદલાલસોં, સરવસ દેકે નીકટ રહેહેં. ૧.
જીનકી સુગમ જાની, વાત મનમેં જુ માની, વિના પહીચાન જુ કેસે કેહે,
કૃષ્ણદાસની કહે, શ્રીયમુને નામ નૌકા ભક્તી ભવસીંધુ તે યોંહી તરેહે.૨

આ શિવાય શ્રીયમુનાજીનાં ૪૦ પદ, અષ્ટપદી, અને બીજાં પરચુરણ પદ અમારા **"વિવિધ ધોળ-પદ સંગ્રહ ભાગ ૨ જો"** માં જોવાથી મળશે.

ધોળ ૧૨ મું.

ધન્ય શ્રી યમુનાં કૃપા કરી શ્રી ગોકુલ વ્રજ સુખ આપજો.
વ્રજની રજમાં અહરનિશ અમને સ્થીર કરીને સ્થાપજો. ૧
તમે મોટાં છો શ્રી મહારાણી, તમે જીવતણી કરૂણા જાણી,
અમને શરણે લેજો તાણી. ધન્ય શ્રી ૨
શ્રી વૃંદાવનની વાટમાં, ન્હાવું શ્રી યમુના ઘાટમાં,
વાહાલે રાસ રમાડયાં રાતમાં. ધન્ય શ્રી. ૩
ચાલો તો થઇએ વ્રજવાસી, પરીક્રમા કરીએ ચોરાશી,
માહારા જન્મ મરણ ટળી ફાંસી. ધન્ય શ્રી. ૪
પધરાવો સપ્ત સ્વરૂપ સેવા, આરોગાવો મીઠા મેવા,
વૈષ્ણવને લાભ ઘણો લેવા. ધન્ય શ્રી. ૫
શ્રીગોકુલ મથુરાંની ગલીઓમાં, માહારાજ મુજને ત્યાં મળીઆ,
માહારા જન્મ મનોરથ સફળ થયા. ધન્ય શ્રી. ૬
નંદજીનો વાહાલો વનમાળી, કાલીંદ્રીને કાંઠે ધેનુ ચારી,
વાહાલો હશી હશી અમ શું લે તાળી. ધન્ય શ્રી. ૭

ચાલો તો શ્રી યમુના નહીએ, એવા અખંડ વ્રજવાશી થઇએ,
એવી નૌતમ લીલા નીત્ય ગાઇએ. ધન્ય શ્રી. ૮
સખી સમરોને શ્રી સારંગ પાણી, વૈષ્ણવને વાહાલી એ વાણી,
એ લીલા હરીદાસે જાણી. ધન્ય શ્રી. ૯

પદ ૧૨ સું.

ચાલો સખી શ્રી ગોકુળ જઇએ, નિર્મળ શ્રી યમુનાજી નાહીએ,
કે અખંડ વ્રજવાસી થઇએ. ચાલો૦ ૧
નિત્ય પ્રતિ જસોદાજી ઘાટે, માહાપ્રભુ ઉભા રંગીલી વાટે,
કે પ્રગટયા ભક્ત રસિક માટે. ચાલો૦ ૨
શ્રી ગોકુલપતિ દાનદીએ ભારી, અંગીકૃતો વૃષ્ટિ કીધી છે ન્યારી,
સદા પ્રભુ મહા મંગળકારી. ચાલો૦ ૩
પ્રાણજીવન મંદીર રાજે, ભક્તતણાં મહા દુઃખ ભાજે,
કે આનંદ શ્રી ગોકુળમાં ગાજે. ચાલો૦ ૪
નરણાં ભરી પ્રીતમજી નીરખું, જન્મ સ્વગ સફળ કરી પરખું,
વાહાલાજીનાં મુખડાં જોઇ હરખું. ચાલો૦ ૫
શ્રી ગોકુળ રંગ તણી રેલી, લતા દ્રુમ ફુલી રહી વેલી,
નીરખતાં થઇ રહી ઘેલી. ચાલો૦ ૬
સ્ફટીકમણી શ્રી ગોવર્દ્ધન સોહીએ, શ્રી વૃંદાવન જોતાં મન મોહીએ,
ત્યાં સ્થળ જન્મ જન્મ સોહીએ. ચાલો૦ ૭
શ્રી ગોકુળ વસીએરે હેલી, માહારાણીજી સહાય કરે વેહેલી,
મેલું જઈ પ્રીતમજી પેહેલી ચાલો૦ ૮
શ્રીમાહારાણીજી મેરાં બહુ ભાવે, ભક્ત સહુ દરશને આવે,
[illegible] ચાલો૦ ૯

ધોળ ૧૩ મું.

ચાલો જળ જમુનાંરે ન્હાવા, શ્રી ગિરિધર આવશે ગાયો પાવા. ચાલો. ૧
ગોવાળની મંડળીરે લેઇને, વાહાલો મારો નાચે તાતાથેઇને. ચાલો. ૨
સુખની શું કહુંરે સુજની, વાત કંઇ વરણી ન જાયે વ્રજની. ચાલો. ૩
વ્રજ વરણવામાંરે ન આવે, એ સુખ અનુભવીઆને આવે. ચાલો. ૪
અનુભવમાંછેરે એને, એ ક્યાંથી જેને તેને. ચાલો ૫
એ સુખ પાંડવોની પાસે, એ સુખ અર્જુનને અભિલાસે. ચાલો, ૬
દાસ વલ્લભનારે સ્વામી, વહાલો માહારો છે અંતરજામી. ચાલો. ૬

ધોળ ૧૪ મું.

વહાલે કરી વંદુરે, શ્રી મહારાણીજી.
બ અધમ ઉદ્ધાર્યારે, એવા જશ જાણીને ૧
ચૌદ લોકના સ્વામિરે, વસ્યા જ્યાં વાસ કરી,
પટરાણીજી પોતેરે, રહ્યાં એવા નાથ વરી. ૨
ગંગાપદ પામીરે, કે પાવન જગને કરે;
તે તો શ્રી મહારાણીરે, ગુણે બહુ વિસ્તરીયાં. ૩
યમુનાજળ ન્હાવારે, યોગેશ્વર દેહદમે;
ક્રીડારસ પૂરણુરે, હરિ નિત્ય રાસ રમે. ૪
શિવજી અજ જેવારે, બેઠા ત્યાં ધ્યાન ધરી;
સનાદિક સરખારે, ગાયે ગુણ ગાન કરી. ૫
શ્રી યમુનાજળ મહિમારે, કળિ નવ કોઇ શકે;
શેષનાગ સરિખારે, ગાતાં ગુણ તેજ થકે. ૬
જન જાણી વિશેષેરે, કે સુર મુનિ નરનારી;
તોરે તાપ શું જાણુરે, કે એ રસ અધિકારી. ૭

અમૃતજળ એવાંરે કે પીતાં પાપ હરે;
તે તો વેદની વાણીરે, કે સુર મુનિ ઓચરે. ૮
નિર ધીર ગંભીરેરે, ચાલે મહામોદ ભર્યા;
મથુરાં મંડળમાંરે, કે વિલાસે પરવરીયાં. ૯
વૃંદાવન તારેરે, અતિ બહુ શોભા ધરે;
તટધીર સમીપેરે, ગોપીજન ક્રીડા કરે. ૧૦
શ્રી ગોકુળ રસ ભરીયુંરે, કે શોભા શીરે કહું;
એઉના ગુણ ગાવારે, કે દાસ થઇને રહું. ૧૧
મને આશ ઘણેરીરે, કે માતાજી તમારી છે;
પ્રભુદાસને ગ્હાવારે, કે બાંહ્ય પસારી છે.

ધોળ ૧૫ સું.

શ્યામળો મળ્યા મને શ્રી જમુનાજીની કુંજમાં,
લાડીલો મળ્યા મને શ્રીજમુનાજીની કુંજમાં;
કુંજમાં ગઇતી મને નાંખી દીધી ફંદમાં,
અંગોઅંગ ભીજી હું તો રસીયાજીના રંગમાં. શ્યામળો.

સાખી. કુંજ સદન સોહામણાં શોભા અપરમપાર,
વ્રજ જુવતીના જુથમાં બિરાજે શ્રી ગિરિધરલાલ.
સાન કરી કહે છે સખી ચાલો વૃંદાવનમાં. શ્યામળો. ૧

સાખી. વૃંદાવન ચાલી સખી પહેરે નવરંગ ચીર,
વાંસલડીની ધુની સુણી નવ રહી ધારણ ધીર.
શ્રીજમુનાજીના ઘાટમાં ને સાહેલીના સાથમાં,
આલીને ઓચીંતી મને ભીડી અંગોઅંગમાં શ્યામળો. ૨

સાખી. વાટ ઘાટ ઉભા રહી કાંકરી મારે કહાન,
સહુ સખીયોના દેખતાં કીધી વહાલે સાન.
બેઠીતી ઘર કામમાં ને સુણી ધુની કાનમાં,
ચાલી હુંતો તાનમાં ને રીઝી એના ધ્યાનમાં. શ્યામળો. ૩

સાખી. કામ ધામથી પરહરી નિસરી ઘરથી બહાર,
એ વહાલાને કારણે મેં તજ્યાં કુટુંબ પરીવાર
લાલની લટકમાં ને ભ્રગુટીની મટકમાં,
ચાલની ચટક મન વસ્યું છે મુગટમાં. શ્યામળો. ૪

સાખી. લટક મટક રસીયા તણો મદન મનોહર વેશ,
મોર મુગટ સોહામણા એના ઘુઘરવાળા કેશ.
દાસ કહેછે કોડ પુરો મારા મનના,
આપો વ્રજવાસ દાસ થાઉં નિજ જનના. શ્યામળો. ૫

સાખી. આશા પુરી સહુ મન તણી, કીધો રાસ વિલાસ,
દાસ કરીને સ્થાપીયાં, રાખ્યાં ચર્ણ કમળની પાસ. શ્યામળો. ૬

શ્રીયમુનાજીની આરતિ.

ધોળ ૧૧ મું.

જય જય શ્રીજમુનાં મા (૨), જોતાં ... સુધાર્યો;
ધન્ય ધન્ય તમો ધન્ય; જય જય ૧.
શામલડી સુરત મુરત માધુરી મા, પ્રેમ સહિત પટરાણી;
પરાક્રમે પુરાં મા. જય જય. ૨
ઘેવર વન ચાલ્યાં મા (૨) ગંભીરે ઘેર્યાં મા (૨)
સુંદરીએ ચટકાલાં પહેર્યાં ને લ્હેર્યાં. જય જય. ૩

ભુજ કંકણ રૂડાં મા, (૨) ગુજરીયો ચુડી મા (૨)
બાજુબંધ ને બેરખા, પહોંચી રત્ન જડિત. જય જય. ૪
ઝાંઝરને ઝમકે મા, (૨) વિંછીયાને ઠમકે મા, (૨)
નુપૂરને નાદે મા ઘુઘરીને ઘમકે. જય જય. ૫
સોળે શણગાર સજ્યા મા, (૨) નકવેસર મોતી મા, (૨)
આભરણમાં ઓપો છો, દરપણ મુખ જોતાં. જય જય. ૬
તટ અંતર રૂડાં મા, (૨). શોભિત જળ ભરિયાંમા, (૨)
મન વાંછિત મોરલીધર, સુંદર વર વરીયાં; જય જય. ૭
લાલ કમળ લપટાણા, (૨) જોવાને ગયાંતા મા, (૨)
કહે માધવ પરિક્રમા, વ્રજની ફરવાને ગયાંતાં; જય જય. ૮

ઘોળ ૧૭ મું.

દુઃસ્વભાવથી છુતાડો દુરમતિ ટાળો માજી,
શ્રીગોપીજન વલ્લભ અતિ વલ્લભ મુને કરો શ્રી યમુનાજી. ટેક,
અખંડ અનપાયની આપો મા સુદૃઢ પ્રેમ ભક્તિ,
પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ઘો મા શ્રી કૃષ્ણાશક્તિ;
માનસી સેવા મુખ્ય વ્યસન ઘો શરણાગત સાચી,
શ્રી કૃષ્ણ કૃપાએ તું ઘો દિનતા નહિ કિંચિત્ કાચી;
દૃઢ આશ્રય શ્રી વલ્લભવરનો અચલિત ગુણ ગાઉં.
સતત રહે શ્રીકૃષ્ણ નામ મુખ દુઃખી નવ થાઉં;
આપ સમાગમથી મા સકળ સિદ્ધિ દે ગંગાજી. શ્રીગોપીજન. ૧
કામ ક્રોધ મદ લોભ મોહ મત્સર કરો દુરા,
શ્રી કૃષ્ણ મીલનમાં અંતરાય જે તે કરીયે ચુરા;
અસુર દુષ્ટ કલિકાળ કર્મ પ્રતિબંધક ભય ટાળો.

કુતર્ક કુભાવ કુવાસના કુકૃતિ ઝટ ભાગો·
દુઃસંગ દોષ મને જળ પંકજ પ્રમાણુ નવ લાગે,
બલિ વિભીષણ પ્રહલાદની પેરે ભય પામી ભાગે;
કરો કૃપા એવી થૈ મુજપર બીરદ બળ રાજી. શ્રીગોપીજન. ૨
મારી ચૂર્ણ કરો મહુ ચિંતા જન્મ મરણ ભય કાપી,
માયા મોહથકી મુકાવો નિજાનંદ આપી;
સાધન ધર્મ ન કિંચિત્ છે અનુચિત કૃતિ નન મનની,
સેવાને સ્મરણ તમાં કરવા અશક્ય છઉં જનની;
જેવો તેવો દાસ ક્ષમા અપરાધ કરો મા એ,
કુપુત્ર તો કદિ હોય એ કુમાતા કદાપિ નવ થાએ;
શરણુ પડયો સંતાપ હરો મા વિનતિ કરૂં ઝાઝી. શ્રીગોપીજન. ૩
તુર્ય પ્રિયા શ્રીકૃષ્ણુ વલ્લભા યમુને જગ માતા,
નર્ક નિવારણી યમ ભયહરણી ભવ તારણી ક્ષાતા:
સ્વભાવ દુર્જય વિજય કરણી નિજદાસ દુઃખ હરણી,
સકળ પાપ સંતાપ નિવારણી અતિ અદ્દ્ભૂત કરણી;
શ્રી વલ્લભ શર્ણાગત લહિ મારી પૂર્ણ કરો તૃષ્ણા,
જુગલ રૂપ મુજ હદે વસાવો કૃપા કરી કૃષ્ણા;
દાસ દયો મારો સુત શ્રીમુખ સુકૃત કહો ગાજી. શ્રીગોપીજન. ૪

ધોળ ૧૮ મું.

જય જય મહારાણી જમુના, જય જય પટરાણી જમુના.
સુંદર સતવાદી નાર, તપ કરી પ્રભુને આરાધિયા;
પ્રીતે પરણ્યા મોરાર. જય જય. ૧
સૂરજ દેવતાની દીકરી, વેદ પૂરાણે વખાણુ;
બાઇને વ્હાલીરે બેનડી પરણી આપી છે સાર. જય જય ૨

રૂપે રૂડાં જળ શામળાં, વેગે ચાલે ગંભીર;
તીરે તોરંગ ઓપતાં વ્રજ વધ્યો વિસ્તાર. જય જય. ૩
ચરણા ચોળીને ચુંદડી, ઉરપર લટકંતો હાર;
કંકણ કુંડળ ને ટીલડી, સજ્યા માએ શોભે શણગાર. જય જય. ૪
વૃંદાવન વીંટાઇ રહ્યું, મથુરાં જળ સ્થળ આધાર;
ગોકુળ મહાવન પાસે વસ્યા, વહાલો મ્હારો નંદકુમાર. જય જય. ૫
જળ જમુનાનાં ઝીલતાં તૂટયો નવસર હાર:
મોતી સર્વે વેરાઇ ગયાં, હીરલો લાગ્યો છે હાથ. જય જય. ૬
રામઘાટ શ્યામઘાટ ઠકરાણીઘાટ, બીજા ઘાટ અપાર;
અજાણે અધર્મી નાહી ગયો, તેનો માએ કર્યોરે ઉદ્ધાર. જય જય. ૭
અઠ્ઠાવીશ કુંડ ઉજડ થયા, ભાઇનો ભાગ્યો ભણકાર;
પરાક્રમે ગેલ ચલાવીયાં, વ્રજમાં કીધો વિસ્તાર. જય જય. ૮
નાથ ગાય પેપાન જે કરે, તેને જમનો નહી ભણકાર;
કરજોડી કહે **હરિદાસ**, ન્હાજો વારંવાર. જય જય. ૯

ધોળ ૧૯ મું.

શ્રી જમુના નામ સંભારે, જે કોઇ શ્રી જમુના નામ સંભારે;
તાકો દર્શ સ્પર્શ કોઇ કરહી, વાકીકો વે તારે. જે કોઈ. ૧
ભક્તિકો મહિમા બર્ણી શકે કોઉ, યમ હા હા કહી હારે;
ચતુર્ભુજ પ્રભુ ગિરિધરન લાલકો, નિત્યપ્રતિ વદન નિહારે. જે કોઇ. ૨

ધોળ ૨૦ મું.

ધન્ય શ્રી જુમનાં શ્રી ગોકુળ નીકટ બીરાજે, નિત્ય નવંલે રંગે;
અંગ સો રંગ તણા આભૂષણ સુંદર સોહીએ, શ્રી મળીયા હતા વારે. ધ

અલૌકીક ડીંગર રાજે, ત્યાંહાં વૈષ્ણવ જન ઘેરે ગાજે;
ત્યાંહાં મંદીર શોભા સુખ છાજે. ધન્ય ૧
ત્યાંહાં નિત્ય ક્રીડા નંદલાલ કરે, વ્રજ જુવતીનાં જુથ હરે;
ત્યાંહાં રમણ રેતી તન તાપ હરે. ધન્ય. ૨
જ્યાંહાં કુસુમ દ્રુમ વનવેલી સોહીએ, જેહને દીઠડે ત્રિભુવન મન મોહીએ;
ત્યાંહાં અખંડ આનંદ નિત્યપ્રતિ હોએ. ધન્ય. ૩
ત્યાં કમળ કમળ રંગ રસ ભરિયાં, પ્રિતમપર અંતર પરવરિયાં;
આવે મધુકર અંત કારજ સરીયાં. ધન્ય. ૪
ત્યાંહાં ગોવર્દ્ધન ગિરિ સંગ ડોલે, ત્યાંહાં વ્રજવાસી મુખ યશ બોલે,
નહિ તપ તીર્થ વ્રત તે તુલ્યે. ધન્ય. ૫
ત્યાંહાં વિશ્રામ ઘાટ મધુપુરી જાતા, ત્યાંહાં બેઠક વલ્લભ સુખદાતા,
બીજા ઘાટ અનેક મુનિવર દાતા, ધન્ય. ૬
ત્યાંહાં ઉતરી શ્રીવસુદેવ આવ્યા, કોયલા ઘાટ શ્રીવલ્લભ મન ભાવ્યા,
એવા જસોદા ઘાટ લખી લાવ્યા. ધન્ય. ૭
ત્યાંહાં બ્રહ્માંડ ઘાટ મૃત્તિકા મીઠી, છઠ્ઠી દર્શન વસંત સમે દીઠી,
ત્યાંહાં ગોપ કુપ અધર રસ ઘુંટી. ધન્ય. ૮
ત્યાંહાં ગોકુળ મહાવન ગિરિધારી, જયાંહાં યમલા અર્જુન સુખકારી;
વહાલા પુતના પ્રાકટ સંહારી. ધન્ય. ૯
ત્યાંહાં ગોકુળ શ્રી મહાપ્રભુ રાજે, બ્રહ્મ છોકર નિત્ય ગુણ ગાજે;
શ્રીઠકુરાણી ઘાટ જોઈ ભવતાં ભય ભાજે. ધન્ય. ૧૦
ત્યાંહાં જગન્નાથઘાટે નાહાતાં, અષ્ટ સખા બ્રહ્મઘાટ નિત્ય ગુણ ગાતાં,
ત્યાંહાં રાવળ રજ નિત્ય પ્રિત્યે જાતાં. ધન્ય. ૧૧
ત્યાંહાં દાસ ગોવર્દ્ધન ગુણ ગાઇએ, કરો કૃપા તો વ્રજવાસી થઇએ,
મન ક્રમ વચને આનંદી થઇએ. ધન્ય શ્રીજમુનાં ૧૨

ઘોળ ૨૧ મું.

ઉત્તમ વ્રત એકાદશી, સાહેલીરે, આજ મ્હારે અપવાસ જમુનાજી
જઇએ ઝીલવા સાહેલીરે. ૧
રંગીલી ગલી રળીયામણી સાહેલીરે, વૈષ્ણવની ભીડાભીડ. જમુનાં. ૨
સરખી સૈયર ટોળે મળી સાહેલીરે, હઇડે હરખ ન માય. જમુનાંજી. ૩
વહુ બેટી હીંડે મલપતાં સાહેલીરે, સૌ કોને દર્શન થાય; જમુનાં. ૪
સાકર કેરા કરા પડયા સાહેલીરે, દુધડે વરસ્યા મેહ. જમુનાં. ૫
ગોકુળ ગામ રળીયામણું સાહેલીરે, સુંદર જમુનાનાં નીર. જમુનાં. ૬
જમુનાજીમાં ઝીલતાં સાહેલીરે. છુટા મેહેલી કેશ. જમુનાં. ૭
વ્રજવાસી સામા મળ્યા સાહેલીરે, હરખે સાહીશું કેશ. જમુનાં. ૮
પરસાદ મેહેલો મોકળા સાહેલીરે, ડારતણો નહીં પાર. જમુનાં. ૯
માધવદાસની વિનતિ સાહેલીરે; આપોને વ્રજમાં વાસ. જમુનાંજી. ૧૦

अथ श्रीयमुनाष्टकनुं घोळ.

ઘોળ ૨૨ મું.

નમામિ શ્રીયમુના મહારાણી, જે જશ ગાય ચરણે ચિત્ત આણી;
તે જીવન સુફલ કરે પ્રાણી. નમામિ શ્રીયમુના. ૧
શ્રીવલ્લભ વરની છે વાણી, યમુનાષ્ટક કર્યાં વખાણી;
સકલ સિદ્ધિના હેતુ જાણી. નમામિ શ્રીયમુના. ૨
નવ વન પુષ્પ ફુલ્યાં ફુલે, પ્રીય પદ રેણુ જોઇ ફુલે;
રમણ શોભીત પ્રભુ અનુકુલે. નમામિ શ્રીયમુના. ૩
કલિન્દ ગિરિને મસ્તક રાજે, શ્યામ ગૌર અંગ અતિ છાજે;
ઉભંગિ આવ્યાં તે પ્રિય કાજે. નમામિ શ્રીયમુના. ૪

શૈલ વિલસે પારકી સોહે, ગમન શબ્દ સહુ મન મોહે;
તમ વડે મુકુન્દની રતિ હોયે. જે શ્રી સુરજ સુતા શ્રી મહારાણી. ૫
જેણે ચૌદ ભુવન પાવન કીધા, શ્રી ગોકુલવાસ આવી લીધા;
હંસાદિક દાસી શોભીત કીધા. નમો શ્રી તુર્ય પ્રીયારાણી. ૬
ભંવર કંકણુ ભૂજા લહેરી, મુકતા રેણુ તટ નિતંબ ઘેહેરી;
શ્યામ રંગ કંચુકી પહેરી. નમાંમિ શ્રીતુર્ય પ્રિયારાણી. ૭
અગણિત ગુણુ ભુષણુ સોહીએ, શિવાદિક દેવ સ્તુતિ ગાયે;
ઘનસ્યામરૂપ પ્રિય મન ભાયે. યહ વર માગું શ્રી મહારાણી. ૮
ધ્રુવાદિકના મનોરથ પૂરે, મથુરા તટ ગ્વાલ ગોપી ઘેરે;
કૃપાસિંધુ માંહે મન લહેરે. યહ સુખ હોયે શ્રી મહારાણી. ૯
ફરી ગંગા સમાગમ તમ સાથે, તેથી તે હરિની રતિ આપે;
નિજ દાસને સકળ સિદ્ધિ સ્થાપે. માહારે હૃદયે વસો શ્રી મહા. ૧૦
તમારી તે તુલનાને કોઇ પામે, લક્ષ્મી સોત ભાવ કરી મન આણે;
કલિન્દજા તમને હરિ પ્રિયા માને. માહારે હૃદયે વસો શ્રી માહા. ૧૧
શ્રીયમુના ચરિત્ર અદ્‌ભુત ભર્યા, જે જન શ્રીયમુના પાન કર્યા,
તેને યમ યાતનાથી રહિત કર્યા, નમોસ્તુ સદા શ્રી મહારાણી. ૧૨.
પય પાન કર્યા તે ભાણેજ થયા, જે દુષ્ટ હતા તે પણ જમ ન ગયા;
તમવડે ગોપીને પ્રભુ મલ્યા. નમોસ્તુ સદા શ્રી માહારાણી. ૧૩
તમ કૃપા અલૌકીક તન હોયે. પ્રભુ ભક્તિની યોગ્યતા સોહે;
મુર રિપુ મુકુન્દને પ્રિય હોયે. નિત્ય ચરણુ સેવું શ્રીમાહારાણી. ૧૪
તમારી સેવા નિત્ય મન આણો, સુર ધુની તવ સંગમ માને;
યહ મર્મ પુષ્ટિમાર્ગી જાણે. નમો શ્રીયમુના મહારાણી. ૧૫
હે લક્ષ્મી સોત પ્રિયા હરિ, જે સેવા તમારી સદા કરી;
તેને મોક્ષાનંદ આપો ખરી. નમામિ શ્રીયમુના મહારાણી. ૧૬

પ્રભુ ગોપી સાથે રમણ કર્યાં, અમીત બીંદુ તમ સંગમ ભર્યાં;
તમારી સ્તુતિ કો કરી શક્યા. નમો શ્રીયમુના મહારાણી. ૧૭
પાઠ અષ્ટકનો જે નિત્ય કરશે, તેહેના સર્વ પાપને દુઃખ ટળશે;
તેને ભગવદ્દભક્તિ પ્રિય મળશે. નમો સૂર્યસુતા શ્રીમહારાણી. ૧૮
ભક્તિ કરો સર્વ સિદ્ધિ હોવે, પ્રભુ પ્રસન્ન થઇને જોએ;
એમ શ્રીમુખની વાણી સોહે, નમામિ શ્રી યમુના મહારાણી. ૧૯
હે મહારાણી દાસ દર્શન માગે, શ્રીવલ્લભ પદ રજ રતિ પામે;
વ્રજભુષણ પ્રભુને શિર નામે, નમામિ શ્રીયમુના મહારાણી. ૨૦

ધોળ ૨૩ મું.

હેતે હરિ ગુણ ગાઇએ, શ્રીજમુનાંજી નાહીએ;
ભાગ્ય ભલાંરે ભૂતલ વસ્યાં. ટેક.
જીરે કારણ આ કલીકાળમાં, વૈષ્ણવ જન જાણે. (૨)
પ્રગટ પ્રભુ શ્રીગુસાંઇજી, તે શું મહાસુખ માણે. ભાગ્ય. ૧
જીરે દાન સમર્પણ લેઇ કરી, જેશું પ્રીતડી જોડી. (૨)
તમ મન ધન અર્પણ કર્યાં, ગર્વ ગાંઠડી છોડી. ભાગ્ય ૨
જીરે પ્રભુ વિના બીજું મને નવ ગમે, સેવા અધીકારી. (૨)
વૈષ્ણવદાસ કહીયે તેને, મન દ્રઢ કરી રાખી. ભાગ્ય ૩
જીરે જેનું મન શ્રી વૃંદાવન વસે, લીલારસ ભાવે (૨)
સ્નેહ બાંધ્યો શ્રી કૃષ્ણશું, ધન્ય ભાગ્ય કહાવે. ભાગ્ય. ૪
જીરે જેહને કૃપા શ્રી મહારાજની, દાન સમર્પણ આપ્યાં (૨)
નામ મંત્ર સંભળાવીયાં, ભવનાં બંધન કાપ્યાં. ભાગ્ય. ૫
જીરે જેહેણે શ્રીવલ્લભ સુતને ઓળખ્યા, નયણે નિર્મળ દીઠા. (૨)
તે દૈવી જીવ કહીયે સદા, ગુણ ગાય છે મીઠા ભાગ્ય. ૬

જીરે વ્રજની પરિક્રમા જે કરે, શ્રીગોવર્દ્ધન નિરખ્યાં. (૨)
રમણ રંગીલી ભોમિકા, હૈડાં બહુ હરખ્યાં. ભાગ્ય. ૭
જીરે જે જન શ્રીજમુનાજીમાં ઝીલીયાં, મરજાદા ટાળી. (૨)
વ્રજ રજ પરસી આ દેહશું, લીધો જન્મ સુધારી. ભાગ્ય. ૮
શ્રીનાથજી નીરખ્યાં નયણાં ભરી, તે પુરવની જો પ્રીતે. (૨)
તેરે સેવાનાં ફળ જાણજો, સુખ સ્નેહની રીતે. ભાગ્ય. ૯
શ્રીવલ્લભ શ્રીવલ્લભ જે કરે, શ્રીવલ્લભ સુત વાણી. (૨)
હરિદાસ ચરણ શોભા જોઇને રાખ્યાં પોતાનાં જાણી. ભાગ્ય. ૧૦

ધોળ ૨૪ મું.

શ્રી માહારાણીજીનાં પાન કરને તું પ્રાણીરે. ટેક.
એ છે અધમ ઉદ્ધારણ જાણી. મહારાણીજીનાં૦ ૧
એમનું મહાત્મ છે પદ્મ પુરાણેરે, પૃથ્વીપર શ્રી વારાહજી વખાણેરે;
એતો વ્રજવાસી સુખ માણે. મહારાણીજીનાં૦ ૨
સુંદર મથુરાંજી નિકટ બીરાજેરે, મંદમંદ મહાધુનિ ગાજેરે;
એમનાં દરશનથી દુ:ખ ભાજે. માહારાણીજીનાં૦ ૩
વિશ્રામ ઘાટે તે આરતિ થાયરે, સામા પ્રભુજીના મુગટ બીરાજેરે;
ચોબા હાથીની ગર્જનાએ આવે. .મહારાણીજીનાં૦ ૪
ત્યાં તો વૈષ્ણવની ભીડ ભરાયરે, ત્યાંતો આરતિ ધોળ ગવાયરે;
ત્યાં તો જય જય શબ્દ ઉચ્ચારે. મહારાણીજીનાં૦ ૫
એમના સ્મરણથી સુખ થાયરે, તેહેનાં પ્રાયશ્ચિત દુર પળાયરે;
જેમ સિંહ દેખીને મૃગ નાસે. મહારાણીજીનાં૦ ૬
જે કોઇ પેપાન શ્રી યમુનાનાં કરશેરે, તેનો જમ કીંકર ભય ટળશેરે;
કહે છે દાસક રાઘેવરને વરશે. માહારાણીજીનાં૦ ૮

ધોળ ૨૫ મું.

ધન્ય ધન્ય શ્રી યમુનાજી સુખદાઇમા, સેવકજનને સદા સુહાઇમા. ૧
સુંદર શ્યામ અંગે અતિ સોહેમા, નિરખતાં નીજ જનનાં મન મોહેમા.૨
ભાલ વિશાળ કમળ દળ નયનમા, નાસિકા કિર કોકિલ કલએનમા. ૩
બિંબથી અધિક અધર અરૂણાઇમા, કોમલ ગલ સ્થલ ઝલકાઇમા. ૪
દાડિમ બીજ દંત અતિ ઓપેમા, રતિપતિની મર્યાદા લોપેમા. ૫
ભ્રકુટી ધનુષ કામનુ રાજેમા, મસ્તક કેશ મધુપ સમ છાજેમા. ૬
નખશિખ સુંદર અતિ સુકુમારમા, વૈભવ બાઢ્યો અંગ અપારમા. ૭
તરણિ તનયા તરૂણ છે બાલમા, ચંદ્ર મુખીને રૂપ રસાલમા. ૮
કૃપા કરી ક્ષિતિ ઉપર પધાર્યાંમા, અનેક પતિત જનને ઉદ્ધાર્યાંમા. ૯
કાલિંદિની કીત જગત વધારીમા, જળ અતિ શિતળને સુખકારીમા. ૧૦
અનેક દેશને પાવન કરતાંમા, ચરણશ્રી વ્રજમંડળમાં ધરતાંમા. ૧૧
તેણે કરી વૈભવ અતીશે વાધ્યોમા, ભક્તનો સકળ મનોરથ સાધ્યોમા ૧૨
બેઉ તટ હસ્ત કમળ છબિ છાજે મા, લહેર તે કંકણ રૂપ બિરાજેમા. ૧૩
વાલુકા ચમકે ઝગમગ મોતીમા, માણેક હીરાની અતિ જ્યોતિમા. ૧૪
અંગ અંગ મુક્તાનાં આભણમા, તેનો જળફુહીથી આવરણમા. ૧૫
સખિજીને સંગ કોકીલા મોરમા, સારસ હંસને કીર ચકોરમા. ૧૬
ત્રિવિધ સમીર સમીપે ચાલેમા, તે તો ત્રિવિધ તાપને ટાળેમા. ૧૭
બેરૂ ત્રટ વૃક્ષલતા રહ્યાં ફુલીમા, શાખાઓ જળ ઉપર રહી ઝુમીમા. ૧૮
અધિક સમીપ શ્રીવૃંદાવનમા, કુંજે કુંજે સૌરભ સહિત સુમનમા. ૧૯
શિતળ સુગંધ સુખદ વહે નિરમા, તીર બેસે ઠોર ઠોર આભીરમા. ૨૦
શ્રીજીના સૌભાગ્યનો નહિ પારમા, શા શા કહું વૈભવતણા પ્રકારમા. ૨૧
પ્રભુજીના ગૂઢ રમણ મધ્યે પાતીમા, પ્રિતમસંગ સદા મદમાતીમા. ૨૨
[illegible] વ્રજપતિ ખેલેમા, [illegible] સદા નિરંતર રંગ રેલેમા. ૨૩

દંપતિ શ્રમ જલસહિત વિહારમા, જલ મધ્ય ક્રિડત વિવિધ પ્રકારમા.૨૪
તેણે કરી શત ઘણી શોભા બાઢીમા,રાણીજીનો મહિમા અતુલ અગાધેમા૨૫
જે જન સદા ધરે ચિત્ત ધ્યાનમા, તેહને પુષ્ટિતણું કરે દાનમા. ૨૬
વ્રજપતિ લીલા પ્રગટ દેખાડેમા, ચરણ કમળ રસ સ્વાદ ચખાડેમા. ૨૭
અષ્ટમહાસિદ્ધિનું કરે દાનમા, ભાવે જે કરે અંબુ પાનમા. ૨૮
દર્શને સકળ આપદા ટાળેમા, ભક્તને અભય પદારથ આલેમા. ૨૯
એવું શ્રી મહારાણીજીનું રૂપમા, નખશિખ સુંદર પરમ અનુપમા. ૩૦
સદા બિરાજો શ્રી વ્રજની માંહેમા, નિત્યપ્રતિવિલસો વ્રજપતિ બાંહેમા.૩૧
પુષ્ટિ ભક્તની કરજો સારમા, કૃપા કરી ઉતારો ભવ પારમા. ૩૨
નિજ સેવકને એ છે આશમા, સદા રાખો ચરણ કમલની પાસમા.૩૩

ધોળ ૨૬ મું.

હરનિશ દરશન દીજીયે, કલિંદજા હરનિશ દરશન દીજીયે. ટેક.
બાળ, પશુ બુદ્ધીમાં અજાનશું પણ આપની,
આ વિનતિ કરતાં મન બ્હીજીયે. કલિંદજા૦ ૧
નુની પ્રકાર સ્નેહ જીવ ઉપર રાખતાં,
મારા સાધન વિના તે આપ રીઝીયે. કલિંદજા૦ ૨
ભક્તને તે ભક્તિ દાતા આપ ભવતારણિ,
મા પ્રેમનો ત પંથ પતિજીયે. કલિંદજા૦ ૩
મેઘ શ્યામરૂપે આપ ભાનુની સુતા છો,
આ કારણ એ શ્યામ સ્નેહ ભીજીયે. કલિંદજા૦ ૪
પર્મ કૃપાળ આપ અધમ ઉદ્ધારણી,
મા પુષ્ટિરસ પાઓ તો કાંઇ પીજીયે. કલિંદજા૦ ૫
નિજજન ધ્યાન માગે ચર્ણ કમળનું,
મા જેમ ધૂળ ખાંડ મધ્યે લીજીએ. કલિંદજા૦ ૬



પ્રકરણ ૪ થું.

॥ શ્રીનાથજી આદિ સાત સ્વરૂપનાં ધોળ તથા પદ. ॥

શ્રીનાથજીનાં ધોળ.

શ્રીગોવર્દ્ધનનાથજીના પ્રાગટ્યનું ધોળ.

ધોળ ૧ લું.

ગિરિ કંદરામાંથી પ્રગટ થયા પ્રભુ, આપ ગોવર્દ્ધનનાથરે;
નંદ જસોમતિ કેરા લાલા, વ્રજ સૌ કીધું સનાથ. ગોવર્દ્ધન રસિયારે.
મ્હારે મન વસિયા વ્રજનાથ, મધુરૂં હસિયારે. ટેક.
શ્રાવણ સુદ પાંચમને દહાડે, થયાં ભુજા દરશનરે;
ગિરિ કંદરામાં બિરાજે વહાલા, શું કહું પ્રસન્ન વદન. ગોવર્દ્ધન. ૧
ઘણા દિવસ ભુજાનું પુજન, ચાલ્યું તે વ્રજ માંહ્યરે;
દૂધ લેઈને સ્નાન કરાવે, મહિમા કહ્યો ન જાય. ગોવર્દ્ધન. ૨
છિદ્ર સહિત શીલા ગિરિવરની તેમાં શ્યામ સ્વરૂપરે;
એક ગાય ત્યાં નિત્ય જાય છે, દૂધ શ્રવે તદરૂપ. ગોવર્દ્ધન. ૩
એક બ્રાહ્મણની ગાય હતી તેણે, પુછી ગોવાળીયાને પેરરે;
દૂધ ઘટે છે નિત્ય કેમ માહારૂં, દોહી લેઈ જાય તું ઘેર. ગોવર્દ્ધન. ૪

ત્યારે ગોવાળીયાએ એમ કહ્યું, ખબર કાઢું નિરધારરે;
કોણ પ્રકાર થાય છે આ ગાનો, સમજાવી કહું સાર. ગોવર્દ્ધન. ૫
સાંજ સવાર ગૌ ટોળામાંથી, ગિરિવર ઉપર જાયરે;
ઉભી રહીને દૂધ શ્રવે નિત્ય, પ્રાણજીવનને પાય. ગોવર્દ્ધન. ૬
ગૌ પ્રકાર ગોવાળીયો જોઇ, બ્રાહ્મણને લાવ્યો સંગરે;
અચરજ જોઇને વિસ્મય થયું મન, કહાવ્યું સૌને ઉમંગ. ગો. ૭
સૌ વ્રજવાસી ગિરિપર આવ્યા, બોલ્યા મુખથી બોલરે;
કોઇ દેવતા કે દ્રવ્ય હોય એમ, કીધો મુખથી તોલ. ગો. ૮
ગિરિ શીલા ઉંચકીને જોયું તો, દીઠા સુંદર શ્યામરે;
પૂછ્યું દેવતા પર્વત કેરા, શું છે તમારૂં નામ. ગો. ૯
પ્રાણજીવન ત્યારે એમ બોલ્યા, દેવ દમન મુજ નામરે;
મહિમા ચાલ્યો વ્રજમાં ઝાઝો, પૂર્ણ કરે મન કામ. ગો. ૧૦
દહીં દૂધ વ્રજવાસી કેરાં, આરોગે નંદલાલરે;
ઝાડખંડમાં જઈ માહાપ્રભુજીને, આજ્ઞા કરી તત્કાલ. ગો. ૧૧
ઇંદ્ર—નાગ—ને દેવદમન તે, પ્રગટ થયા વ્રજ માંહ્યરે;
ગિરિવર ઉપર આપ પધારી, સેવા ચલાવો ત્યાંહ. ગો. ૧૨
શ્રી મહાપ્રભુજી વ્રજમાં પધાર્યા, સદુપાંડેને ઘેરરે;
વચન સુણ્યાં ગિરિવર પ્રભુનાં, વાત પૂછી કરી પેર. ગો. ૧૩
સદુપાંડે શ્રી માહાપ્રભુજીને કહે છે, પ્રાગટ્યનો પ્રકારરે;
દેવદમન નામે પ્રગટ્યા છે, મહિમા અપરંપાર. ગો. ૧૪
ગિરિવર ઉપર આપ પધાર્યા, સામા મળ્યા નિજ નાથરે;
અંગો અંગ ભેટી સુખ ઉપન્યું, જોડ્યા પછી બે હાથ. ગો. ૧૫
ગોવર્દ્ધન ઉદ્ધરણ ધારનું, નામ ધર્યું શ્રીનાથરે;
મોર પીંછનો મુગટ ધરાવ્યો, બંસી દીધી હાથ. ગો. ૧૬

પાટે બેસાડીને ભોગ ધરાવ્યા, ત્યાંથી પધાર્યા આપરે;
નિજ જન મન આનંદ વધાર્યો, દૂર કીધાં ત્રણ તાપ. ગો. ૧૭

ધોળ ૨ જું.

ધન્ય ધન્ય રાણા રાયસંઘ હો લાલ;
હાંરે ધન્ય ધન્યરે મેવાડો દેશ,
કૃપા કરીને શ્રીનાથજી પધારીયા હો લાલ. ૧
વ્રજમાંથી વહાલોજી પધારીયા હો લાલ,
હાંરે આવી વસીયારે મેવાડે દેશ કૃપા કરીને. ૨
તળાવે તે તંબુ તાણીયા હો લાલ,
હાંરે આવી ઉતર્યોરે મારા વ્રજનો સાથ. કૃપા કરીને. ૩
ડુંગર કોરીને વહાલે મંદિર કર્યા હો લાલ,
તહાં બિરાજેરે શ્રીગોવર્દ્ધનનાથ. કૃપા કરીને. ૪
શ્રીનાથજીને શ્રીદ્વારકાંનાથજીનાં જોડલાં હો લાલ,
હાંરે શ્રીનવનીતપ્રિયાજીરે શ્રીવિઠ્ઠલનાથજીની જોડ. કૃપા કરીને. ૫
શ્રીગોકુળનાથને શ્રીમથુરાંનાથનાં જોડલાં હો લાલ,
હાંરે શ્રીગોકુળચંદ્રમાજીરે શ્રીમદનમોહનજીની જોડ. કૃપા કરીને. ૬
તહાં મધરોતે ગોવર્દ્ધન ભયો હો લાલ,
તહાં તળેટીરે ગોપાળપુર ગામ. કૃપા કરીને. ૭
ઝરણો તે ગોવીંદ કુંડ ભયો હો લાલ,
હાંરે તાંહાં બનાસરે શ્રી મહારાણીજીનાં નીર. કૃપા કરીને. ૮
આસોટીયુ વૃંદાવન ભયું હો લાલ,
હાંરે તહાં કાંકરોલીરે બંસીબટનો ચોક. કૃપા કરીને. ૯
કમળ ચોકમાં ઝુલે ભમર હાથીયા હો લાલ,
હાંરે તહાં ટોડલેરે રહી ટોકે છે મોર. કૃપા કરીને. ૧૦

થાળ ભર્યો સગ મોતીએ હો લાલ,
હાંરે વધાવોરે શ્રીવલ્લભનો પરિવાર. કૃપા કરીને. ૧૧
સાકર કેરા કરા પડયા હો લાલ,
હાંરે ત્યાં દુધડેરે રૂડા વરસ્યા છે મેઘ. કૃપા કરીને. ૧૨
અજબ કુંવરીની વિનતિ હો લાલ,
તમે સુણજોરે શ્રીગિરિધરજી મહારાજ. કૃપા કરીને. ૧૩
સઘળા વૈષ્ણવની વિનતિ હો લાલ,
અમોને આપોરે શ્રીવ્રજમાં વાસ. કૃપા કરીને. ૧૪

ધોળ ૭ જું.

ગંગાબાઇએ તે ઝગડો માંડીયો, શ્રીગિરિધરજીનાં લખ્યાંરે પ્રમાણ;
વારી જાઉં શ્રીનાથને. ૧
બાદશાહે તે પરવાનો મોકલ્યો, તમે છોડો શ્રીગોકુળ ગામ. ૨
વ્રજવાસીએ મનમાં વીચારીયું, આપણે સામા બાંધો હથિયાર. ૩
નવખંડ તે ભૂમિ આપણી, ચોદીશ ચોબાજીનું રાજ. ૪
બાબાજીએ શ્રીગુસાંઇજીને એમ કહ્યું, અજબ બાઇને આપ્યાં છે વરદાન.
પાદશાહનું તે અહીં શું ઉપજે, મારી ઇચ્છાએ છોડું શ્રીગોકુળ ગામ. ૬
શિવ શેષ વિરંચિ રટણ કરે, સુરીનર સરખા પાર પામે નહીં;
અજબબાઇને થયો છું આધિન. વારીજાઉં. ૭
વ્રજથકી તે વહાલોજી પધારીયા, આવી ઉતર્યા મેવાડે દેશ. ૮
ગામના રાજાને આવીરે વધામણી, આપણા શ્રીનાથજી પધાર્યા નજીક.૯
રાણા રાયસંગે મનમાં વિચારીયું, આપણે શી શી કરીશું ભેટ. ૧૦
વહાલે તળાવે તંબુ તાણીયા, મલી ઉતર્યો શ્રીગુસાંઇજીનો સાથ. ૧૧
વહાલે ઘર કોરીને મંદિર કર્યા, પધરાવ્યા શ્રીગોવર્દ્ધનનાથ. ૧૨

વહુ બેટી તે હીંડે મલપતાં. હીંડે ઝાંઝરને ઝમકાર. ૧૩
બનાસ તે જમુનાં જળ ભર્યાં, વડલો તે બનસીબટ. ૧૪
અજબબાઇએ તે વિનતિ એમ કરી, જે કોઈ ગાય શીખેને સાંભળે;
તેનો લીલામાં થાજો વાસ.

ધોળ ૪ થું.

શ્રીજી મેરા એસા રસીઆ, મુજને બોલાવે ઘડી ઘડી. ટેક.
મોર મુગટ પીતાંબર સોહીએ, બસી બજાવે વહાલો તાન ભરી.શ્રીજી. ૧
સબ સખીઅનમેં રાસ રચ્યોહે, દરશન દેવે વહાલો ઘડી ઘડી.શ્રીજી. ૨
દોડ દોડ દરશનકું જાવે, ઝાપટ વાગે તડા તડી. શ્રીજી. ૩
ચાર ચોકકો મંદિર બનાયો, આપ બિરાજે વહાલો છપરતરી.શ્રીજી. ૪
નંદદાસ પ્રભુકી છબી નિરખત, શ્રીજીકે ચરણમાં જાય પડી. શ્રીજી.૫

ધોળ ૫ મું.

ચાલોતો શ્રીજી જઇએરે, શ્રીમુખ સુંદર જોવાને;
આવો તો તત્પર થઇયેરે. શ્રીમુખ૦ ૧
મને ઘરમાં લાગે ઘેલુંરે. શ્રીમુખ૦
હું તો કાંઈ ન સમજું પહેલુંરે. શ્રીમુખ૦ ૨
હું તો ઘરનો ધંધો ભુલીરે. શ્રીમુખ૦
હું તો અંગોઅંગે ફુલીરે. શ્રીમુખ૦ ૩
મને ભુખે ભોજન નવ ભાવેરે, શ્રીમુખ૦
સેજડીએ નીંદ્રા ન આવેરે. શ્રીમુખ૦ ૪
મારા મનમાં મનમથ વસીઆરે, શ્રીમુખ૦
મારૂ કામ સકામે ધસીયુંરે. શ્રીમુખ૦ ૫

મોરલીમાં કામણુ કીધાંરે, શ્રીમુખ૦
મારાં મન હરીને લીધાંરે. શ્રીમુખ૦ ૬
કોઇ નંદજીનો લાલ મીલાવોરે. શ્રીમુખ૦
જસોદાજીના પ્રાણુ આધારરે, શ્રીમુખ૦ ૭
એવા રસિકરાય ગિરિધારીરે, શ્રીમુખ૦
દાસનો દાસ જાય બલિહારીરે, શ્રીમુખ૦ ૮

ધોળ ૬ ઠું.

હો જીરે જીરે પ્રથમ સુરજપોળ જાણોજી, રમા વૈકુંઠ એહ વખાણો. ૧
નવ સીડીયે નવધા ભક્તિજી, શ્રીગોવર્દ્ધન ચોક પ્રેમ આશક્તિ. ૨
કમળચોક મહાસુખ કંદજી, સીંઘપોળ જોઇ આનંદ ૩
બે હંસ બે હસ્તી બિરાજેજી, ચારે વેદ મહાધૂની ગાજે. ૪
કમળચોક રાસ ક્રીડા રમણજી, શિવ આવે ગોપીશ્વરી તન. ૫
બેહેક મારે સ્વામિનીજીનાં નેનજી, ત્યાંહાં તો મુર્છા ખાઇ પડયાંમીન.૬
રત્નચોક સ્વામિનિજીનાં તનજી, સુર આવ્યા ચડી વૈમાન. ૭
જગમોહનમાં મહારાણીજીનાં મનજી, મણીકોઠા જુવતી આસન. ૮
ચોક કીર્તનીયા ગલીજી, દર્શન કરવા આવે સહુ મળી. ૯
વેણું બાજે કીર્તનિઆ ગાયજી, ત્યાંહાં તો આનંદ ઉર ના સમાય. ૧૦
માનું છડી માંડી પ્રિતેજી, આસપાસ ચિત્રામણ ભીંતે. ૧૧
નિજ મંદિર ગોપ સ્વરૂપજી, પાસે સજ્યા મંદિર અનૂપ. ૧૨
શ્રીજીની નીચે વસ્ત્ર સુખકારાજી, માનું હે ચંદ્રાવળી નારી. ૧૩
ચર્ણ ચોકી ગોલોક કહેવાયજી. ત્યાંહાં તો દૈવિ હોય તે જાય. ૧૪
પીછોવઈ ચંદ્રાવળી જાણોજી, ચંદરવો શ્રી યમુનાં મન આણો. ૧૫
ગાદી સુંદીર મન ભાવકજી, પીઠ તકીયા મહાસુખ દાયક, ૧૬

આસપાસ એ તકીયા રાજેજી, મહાસુખ એકાંતે બીરાજે. ૧૭
એછે શાસ્ત્રતણાં સુખ ધામજી, પડે ચંદ્રાવળીજીનું નામ. ૧૮
બે જોરી સ્વામિનીનાં તનજી, શ્રમ જળ શ્રી મહારાણીજીનાં મન. ૧૯
બે બીડાં શ્રી મહાપ્રભુ દક્ષણા ભલો, મુખ વસ્ત્ર મોહન શ્યામ. ૨૦
જુગલ ચર્ણું શેષજી પધાર્યાજી, ગિરિરાજ હરિદાસ કહેવાય. ૨૧
એક કળશ શ્રીગોસાંઇજીનું રૂપજી, ઉર સાત ધ્વજા અનૂપ. ૨૨
સજ્યા ભોગ મહાસુખ કંદજી, શોભા નયણે નિર્ખી મુખ ચંદ. ૨૩
એવો માર્ગ થયો નહિ થાયજી, શ્રીમહાપ્રભુની કૃપાથકી પુષ્ટિ કહેવાય. ૨૪
છડીનું ત્યાંહાં તત્કાળજી, ગુણ ગાયે **શ્રીવલ્લભદાસ.** ૨૫

રાગ ગજલ. ધોળ ૭ મું.

મેરે શ્રીનાથજી પ્યારે, જગતતેં હો જુ મત ન્યારે. ટેક.
દયા કરી દરશ મોય દીજે, કૃપા કરી આપનો કીજે;
ગલે જામા દદામીકા, કમર પટકા બદામીકા. ૧
સુરંગી પાઘ શીર સોહે, લસત બનમાલ મન મોહે;
લગી કોઇ કાનમેં દૂતી, તજીમોયે સેજમેં સુતી. ૨
મેરા દીલ લે ગયા આલી, લગી તનમેં તાલાવેલી;
મત ભૂલ દેખી તન ગોરા, જ ામેં જીવના ચોરા. ૩
કઠીન હે મોહકી જવાળા, વહે ‌ ‌ તા હે સંસારા;
સદા **વ્રજાધીશજી** ગાવે, છબીપર વારણે જાવે. ૪

વધાવાનું ધોળ. ૮ મું.

જીરે પહેલો વધાવો માહારે આવીઓ, શ્રીગોકુળ પતિજીને દ્વાર;
માતા જસોદાજીએ હરખે વધાવીઓ, એમના મુખ ઉપર જાઉં બલીહાર;
બલે શ્રીગિરિવરધર જનમીયા. ૧

જીરે વ્રજજન સર્વે આનંદીઆ, મળી વંદીઆ ચરણુ સરોજ;
ગિરિધરણુ નવલ નંદલાલના, એમ કરતી હું નીશદિન ખોજ. ભલે શ્રી. ૨
પ્રભુ રૂપ તે નયણે નિહાળતી, મળી ટાળતી ભવનાં દુઃખ;
જીરે તનમન ધન સર્વે વારતી, હવે સુર્લભ થયાં સુર્વે સુખ. ભલે શ્રી.૩
જીરે દધી દુધ ઘૃત મધુ રસ ભર્યાં, મળી નાચે ગાયે નર ને નાર;
દીએ દાન નંદ બહુ રસ ભર્યા, હરિદાસ શોભા બલિહાર.ભલે શ્રી. ૪

(૨)

જીરે બીજોને વધાવો માહારે આવીયો.
શ્રીરાવલ હુવોરે આનંદ, શ્રી ભૃખભાન કીરતીજી હરખીયાં,
નિરખી કુંવરી મુખચંદ્ર, ભલે શ્રીરાધાજી વ્રજમાં પ્રગટીયાં. ૧
જીરે વ્રજજન સર્વે ટોળે મળ્યાં, મળી ગાએ સુમંગળ ચાર;
જીરે જન્મી કુંવરી પ્રભાવતી, ગુણ રૂપ જગત વીક્ષાત. ભલે શ્રી. ૨
જીરે ગઈ જસોમતીને વધામણી, રળીયામણી સાંભળી વાત;
હવે નિશદિન નેણે નિહાળીશું, લીલા રસ સિંધુ અપાર. ૩
જીરે સઉ મળી કહે શ્રીનંદને, આપણે કીજીએ વર વેહેવિશાળ;
જીરે જીવોને કુંવર નંદ લાડીલો, એવાં શ્રીભૃખભાન કુમાર. ૪
જીરે એ જોડી અવિચળ સદા, શ્રી વૃંદાવન વિપીન વિલાસ,
જીરે કરજોડીને કરૂં વિનતિ. હરિદાસ શોભા બલી જાય. ભલે૦ ૫

(૩)

જીરે ત્રીજોને વધાવો મહારે આવીઓ.
શ્રી લક્ષ્મણ ભટજીને ઘેર, શ્રીએલંબાજીએ ઉદર ધર્યો;
કળી જીવ ઉદ્ધારણ એહ, શ્રીવલ્લભ ભૂતલ પ્રકટીયા. ૧
નિજ ધામથી પ્રભુજી પધારીયા, કરવા સેવક જનની સહાય;

દ્વિજ કુળ આ દેહ પ્રકટ કરી, એવા અકલંક પરમ ઓદ્ધાર. ૨
જીરે તિમિર હર્યો ત્રિલોકનો, ઉદયો છે તૈલંગ કુળ સૂર;
જીરે માર્ગ પુષ્ટિ દેખાડીઓ, વહાલે સોંપી સેવા રસ પૂર. ૩
જીરે શેષ સહસ્ત્ર મુખ સ્તુતિ કરે, નવ લહે એમના ગુણનો પાર;
જીરે કરજોડીને કરૂં વિનતિ, **હરિદાસ** શોભા બલિ જાય. શ્રીવલ્લભ. ૪

(૪)

જીરે ચોથોને વધાવો મહારે આવીઓ.

ભલે પ્રકટ્યા શ્રીવિઠ્ઠલેશ, જીરે ભક્ત સકળ મન હરખીયા;
ટાળ્યો અનેક જન્મનો ક્લેશ, શ્રીવિઠ્ઠલનાથજી પધારીયા. ૧
જીરે વદન કમળ અવલોકતા, જીરે જગત સકળ વિખ્યાત;
જીરે ગોદ લેઇને હુલરાવતાં, ધન્ય ધન્યશ્રી અંકાજી માત. ૨
જીરે સુરનર મુનિજન હરખીયા, વળી વરખીઆ કુસુમ અપાર;
શ્રીવલ્લભજીને આંગણે, ત્યાં તો આનંદ મંગળ ચાર. ૩
જીરે કલિમાં કારણ જાણજો. વખાણજો દ્વિજ કુળ રાય;
હરિદાસ શોભા નિરખે સદા, એ તો આનંદ મંગળ ગાય.શ્રીવિઠ્ઠલ. ૪

રાગ બિલાવલ. પદ ૯ મું.

દેખ્યોરી મેં શ્યામ સ્વરૂપ. ટેક.
વામ ભુજા ઉંચે કર ગિરિધર, દક્ષિણ કર કટિ ધરત અનૂપ. ૧
મુષ્ટિકા બાંધ અંગુષ્ઠ દિખાવત, સન્મુખ દૃષ્ટિ સુહાઈ;
ચરણ કમલ યુગલ સમે ધરકે. કુંજ દ્વાદશ મન લાઇ. ૨
અતિ રહસ્ય નિકુંજકી લીલા, હૃદય સ્મરણ કીજે;
દ્વારકેશ મન વચન અગોચર, ચરણ કમલ ચિત્ત દિજે. ૩

ધોળ ૧૭ મું.

ઓરા આવોને શ્રીનાથજી સોહામણારે,
તાહારી ચટકતી ચાલનાં લેઉં ભામણાંરે. ૧
વારણ વનમાં ગયા તે એને જોઇનેરે,
જેમ લાજથી ધની તે ધન ખોઇનેરે. ૨
[1]નખરચંદ્ર ચક્ર ચંદ્રિકા વિકાસથીરે,
ક્ષીણ ભાવ પામ્યો શશી ઉપહાસથીરે. ૩
હસ્ત ચરણ કોમલ માનેં દેખી દ્રુમ તણાંરે,
પલ્લવ નમ્ર વદન થયાં લાજીને ઘણાંરે, ૪
જેહર પાયલ ને વિછિયા પગ પાનનીરે,
શોભા કહેતાં ન બને તે નિરુપમાનનીરે. ૫
શોભા બની તનિયાની ઘણી શ્વેતનીરે,
દેખી ધ્વજા [2]લજ્જામજ્જિત મીન કેતનીરે. ૬
સુથન કાછનીની છબી છાઈ ચિત્તમાંરે,
માન મેલી ઘણી દીન થઈ નિત્તમાંરે. ૭
ક્ષુદ્ર ઘંટિકા નૂપુરની સાંભળી ધુનીરે,
મેલી સમાધિ વિકલ થયા મહામુનિરે. ૮
કટિ જોઇને લજાયા મોટા કેસરીરે,
નાભિ જોઇ [3]વાપી જડતાને અંગીકરીરે. ૯
ઉદર ત્રિવલીની [4]સુખમાની ઉપમા નવ મલેરે,
વિપુલ વક્ષઃ સ્થલ મેલીને રમા નવ ટલેરે, ૧૦

---

૧ નખરૂપીચંદ્ર, ૨ લાજમાં ડુબેલું, ૩ નાભિનું ઉંડાપણું જોઈને વાવડીઓ જડ થઈ રહી છે. ૪ શોભા,

બાજુ પોંચી કડાં સાંકળાં હાથ સાંકળાંરે,
હીરા મુદ્રિકા તે કળાનિધિની કળારે. ૧૧
[૫]કંબુ કંઠ કંઠાભરણ હાંસ ત્રવલનીરે,
શોભા કહેતાં બુદ્ધિ ઘટી કવિ પ્રબલનીરે. ૧૨
કૌસ્તુભ પદકની પંક્તિ ને રત્નની [૬]બદીરે,
મન મગ્ન થયું એ તો શોભાની નદીરે. ૧૩
[૭]રત્નનિકર રચિત ભૂષણ તેજ શું કહું રે,
[૮]મિહર [૯]શીત રસ્મિ કાંતિ તુલ્ય નવ લહુંરે. ૧૪
શ્યામલ અંગ મોતી ગુંજા કુસુમ માલિકારે,
દેખી મેઘ ઇંદ્રધનુ બક થયા ફીકારે. ૧૫
દેખી પીતાંબર [૧૦]ચંચલા ચંચલ થઈરે,
ગયાં માનિનીનાં માન ધીરજ નવ રહીરે. ૧૬
શોભા સદન [૧૧]વિશદ વદન કુમુદ દેખતાંરે,
કુમુદ પોતાની સુંદરતા નહિ લેખતાંરે. ૧૭
નાસા અધર શોભા શકિત નથી ભાખવારે,
જેમ કીર વદન બિંબ ફળ ચાખવારે. ૧૮
ચંચલ અરુણ સજલ નયન યુગલ નિરખતાંરે,
[૧૨]ખંજન કમલ મીન રહ્યાં શ્વાસ વરખતાંરે. ૧૯
જીતી કામિની કમાન કાનતે ખરીરે,
કુટિલ ભ્રુકુટીના ભંગ નેહથા કરીરે. ૨૦
મકર કુંડલની ઝલક કપોલ ફલકમાંરે,

---

૫ શંખ. ૬ એક જાતનું આભરણ. ૭ રત્નોનાં ૮ સૂર્ય, ૯ ચંદ્રમા, ૧૦ વિજળી. ૧૧ ઉજવળ ૧૨ એક જાતનું પક્ષી,

મન અટકી રહ્યું ખીટલીયાળા અલકમાંરે. ૨૧
વેસર મુક્તામણિ [૧૩]લપન ઉપર એમ લસેરે,
ચંદ્ર ચુંબવાને તારા આવી અહિં વસેરે. ૨૨
મંદ હસન [૧૪]દશન શોભા તો ઘણી બનીરે,
ચિબુક વિમલ વજ્ર કાંતિ તેહમાં [૧૫]શનીરે. ૨૩
લડ શીશફુલ અલકાવલી વાંકનીરે,
તિલક તણી શોભા ઘણી [૧૬]નગ ડાંકનીરે. ૨૪
મોર મુકુટની લટક મનમાં વસીરે,
શત ચંદ્રની શોભાને જોઇ તે હસીરે. ૨૫

ખર્વ ગર્વ થયો વેણી જોઇ નાગનોરે,
તેથી વાસ કીધો અધોભૂમિ ભાગનોરે. ૨૬
વેણુરાગથી સરાગ ચિત્તને કીધુંરે,
વેત્ર ધરી નેત્રયુગ્મને તે સુખ દીધુંરે. ૨૭
તારાં વચન સુધા કર્ણ[૧૭]ચષકમાં ભરીરે,
ચિત્ત તૃપ્ત નથી થાતું પાનને કરીરે. ૨૮

એવાં રાધાવચન સુણી હરિ આવીઆરે,
કુંજ કેલિ કરી ઘણા મન ભાવીઆરે. ૨૯
હળીમળી કુંજપુંજથી સદન ગયારે,
કરી હાસને વિલાસ એ મગન થયાંરે. ૩૦
રસરૂપ એવા સ્યામને સ્યામા એઉરે,
એઉનું ધ્યાન ધરે પ્રેમથી નિજજન સઉરે. ૩૧

---

૧૩ મુખ, ૧૪ દાંત, ૧૫ એક પ્રકારનું રત્ન, ૧૬ પાતાળ.
૧૭. રસ પીવાનું કાનરૂપી પાત્ર.

દાસ માગે લીલાનંદ મને આપજોરે,
એ જ ધ્યાન હ્રદે સ્થિર કરી સ્થાપજોરે. ૩૨

ધોળ ૧૧ મું.

સાચા સગા છો શ્રીનાથજી સોહાગી માહારે, સાચા સગા છો શ્રીનાથજી. ૧
બીજું સગું તે સહુ મુખથી કહેવાનું, દુઃખમાં નહિ આવે કોઇ સાથજી. ૨
અખિલ બ્રહ્માંડના ઇશિ છે એ મહાપ્રભુ, જગતની દોરી છે જેને હાથજી. ૩
એ પ્રભુને છોડી બીજે જયાં જયાં ભટકવું, ત્યાં ત્યાં ધુમાડાની બાથજી. ૪
ગોપાલલાલ એમના ચરણમાં જવાને, શરણ પડયો છું અનાથજી. ૫

ધોળ ૧૨ મું.

સૈયર ચિત્ત ચોટયું શ્રીનાથજીના ચરણે,
હાંરે ચાલો જઇએ શ્રીમહાપ્રભુજીના શરણે. ૧
હાંરે નખચંદ્રિકા દેખીને લાગ્યો ચટકો,
હાંરે હું તો મોહી જોઇ મુદ્રિકાનો લટકો. ૨
હાંરે ષોડશ ચિન્હ ચરણકમલમાંહે નિરખી,
હાંરે બની બાવરી હૈયામાં ઘણું હરખી. ૩
હાંરે ભૂલી ભાન હું તો ઘુઘરીના ઘમકે,
હાંરે લાગ્યો નેહ એની નૂપુરના ઠમકે ૪
હાંરે જેમાં ભક્તના સમાજ આવી વસીઆ,
હાંરે જેની સુગંધે થયા છે ભ્રમર રસીઆ. ૫
હાંરે **લાલાલહેરીની** વિનતિ ઉર ધારી,
હાંરે પ્રભુચરણમાં રાખો હું જાઉં વારી. ૬

ધોળ ૧૩ મું.

સૈયર, ચિત્ત ચોર્યું શ્રીનાથજી ધુતારે, કાળજડું કોર્યું એ નંદના દુલારે, ૧

હાંરે મને મુરલી સુણાવી વશ કીધી, હાંરે મને ફંદમાં ફસાવી બાંધી લીધી. ૨
હાંરે એણે અણીયાળી આંખ મને મારી, હાંરે તેનો હૈઆમાંઘા પડ્યોછે કારી. ૩
હાંરે વશકરણીને મીઠી એની વાણી, હાંરે હું તો સાંભળીને અણમુલે વેચાણી. ૪
હાંરે એનું મનહર મુખ મોહકારી, હાંરે એણે મંદ મંદ હસી મુને મારી. ૫
હાંરે સખી એ વિના મે નથી રહેવાતું, હાંરે દર્દ કાળજાનું કાંઇ નથી કહેવાતું. ૬
હાંરે લાલ લહેરીને તાલાવેલી લાગી, હાંરે દર્શન આપોને દાસને સોહાગી. ૭

ધોળ ૧૪ મું.

સૈયર મન મોહ્યું શ્રીનાથજીના લટકે, હાંરે એના લટકે, મટકેને પીરે પટકે. ૧
હાંરે કીધું કામણ મુરલીના કટકે, હાંરે એનાં કુટિલ નેણ બાણ હૈયે અટકે. ૨
હાંરે ચમકતી શી ચાલે ચિત્ત ચટકે, હાંરે એનું રૂપ જોતાં કાળજું છટકે. ૩
હાંરે એની છેલ છબીલી છબી ખટકે, હાંરે એને જોયા વિના જીવ ઝટકે. ૪
હાંરે છુટી લટો આવી ભાલપર લટકે, હાંરે જાણે અધરપાન કરે આવી ગટકે. ૫
હાંરે મોટા મુનિજન મોહ્યા છે જેને મટકે, હાંરે તેનો વિરહ થતાં ફાટી મરૂં ફટકે. ૬
હાંરે એના ચરણકમલમાં ચિત્ત ભટકે, હાંરે લાલા લહેરીને બોલાવી લેશો લટકે. ૭

*ધોળ ૧૫ મું.

શ્રીનાથજીને નિરખી આ ચિત્તડું ચળ્યું છે, હાંરે માહારૂં મનડું મોહનને મળ્યું છે. ૧
હાંરે વહાલે વાંકી નજરવડે જોયું, હાંરે સખી ત્યારથી આ મન મારૂં મોહ્યું. ૨
હાંરે એની અલબેલી આંખ અણીઆળી, હાંરે રસરંગ ભરેલી રતનાળી. ૩
હાંરે એની ભ્રુકુટીમાં ભુરકી ભરેલી, હાંરે તેથી વ્રજસુંદરીઓ વશ કરેલી. ૪
હાંરે એની મુરલીમાં મોહની ભરી છે, હાંરે માહારી શુદ્ધ બુદ્ધિ સાન સૌ હરી છે. ૫
હાંરે સખી નખશિખ એ કામણ ભર્યો છે, હાંરે મહારા મનથી મેં વર એ વર્યો છે. ૬
હાંરે લખી છેલ છબીલો એ ધુતારો, હાંરે લાલાલહેરીને પ્રાણથી એ પ્યારો. ૭

---

* ધોળ ૧૧ થી ૧૫ શ્રીમદ્‌ગોસ્વામી શ્રીગોપાલલાલજી (લાલાલહેરી)નાં બનાવેલાં છે.

×ધોળ ૧૬ મું.

તમે જુઓ મારી બેનો શ્રીનાથજીને ખંમા.
કુસુંબલ પાઘ કેસરીયો વાગો, પટકાપર લાગી લુંમા લુંમા ૧
લાલ લકુટી કરમાં વાંસળી બિરાજે, ગોપીઓનું મન ભ્રંમા ભ્રંમા. ૨
બાંહે બાજુબંધ બેરખા બિરાજે, મુદ્રિકા ઝટક દંમા દંમા. ૩
ગોળ કપોલ મનોહર સુંદર, શ્રીરાધિકાનું મન રંમા રંમા. ૪
નયન વિશાલ ભ્રકુટી લર લળકે, અલક ઝલક શંમા શંમા. ૫
પીચકારી લેઇ હોરી ખેલે, ફુલ છડીથી ધંમા ધંમા. ૬
વ્રજની તે ગોપીઓ ગુલાબ લેઇને ચાલ ચલે છે ઠંમાં ઠંમા. ૭
પંચ શબ્દ બાજાં બાજત ત્યાં, ઝાલર ઘંટાનો ટંમા ટંમા. ૮
સુરપુર વનિતા નિરખી વારત હે, ફુલ નાખે શ્રે નારદ બ્રહ્મા. ૯
મેવાને મીશ્રી ભોગ ધરી છે, પ્રેમથી પ્રસાદ પંના પંના. ૧૦
શ્રીવિઠ્ઠલ પ્રભુ લીલા દેખે, અગમનિગમ ગંના ગંના. ૧૧

ધોળ ૧૭ મું.

શ્રીનાથજી તે છેલ બિરાજતાજો ટેક.
સખી ચાલો તો જઇએ શ્રીજી શહેરમાંજો.
શ્રીગોવર્દ્ધનનાથજી બિરાજે લીલા લહેરમાંજો. શ્રીનાથજી. ૧
પહેલાં દર્શન તે મંગલાનાં હરખીઆંજો,
મ્હારા નાથનાં સ્વરૂપ નૈણે નિરખીઆંજો. શ્રીનાથજી. ૨
બીજા દર્શનમાં શૃંગાર વહાલે બહુ ધર્યાજો,
મહારા નાથને શ્રીલક્ષ્મીજી વર્યાંજો. શ્રીનાથજી. ૩
ત્રીજાં દર્શન તે ગ્વાલ બાલ ભોગનાંજો,

×આ ધોળ શ્રીમદ્ગોસ્વામી શ્રીકન્હૈયાલાલજીમહારાજનું બનાવેલું છે.

મુખે મુરલીને છડી લીધી છેલમાંજો. શ્રીનાથજી. ૪
ચોથાં દર્શન તે રૂડા રાજભોગનાંજો,
વિવિધ ભાતની સામગ્રી સંજોગમાંજો. શ્રીનાથજી. ૫
પાંચમાં દર્શન તે ઉત્થાપનનાં સાંભળ્યાંજો,
શંખ વાગ્યોને વૈષ્ણવ થયા ઉતાવળાજો. શ્રીનાથજી. ૬

છઠ્ઠાં દર્શન તે ભોગ સંજોગનાંજો,
વિવિધ અમૃત મેવા ધર્યા ઉમંગમાંજો. શ્રીનાથજી. ૭
સાતમાં દર્શન તે આરતિનાં મન ઠર્યાંજો,
ભીડ ભારીને વૈષ્ણુવ બહુ મળ્યાજો. શ્રીનાથજી. ૮
આઠમાં દર્શન તે શયન કર્યાં શ્રીહરિજો,
દર્શન કરીને વૈષ્ણવ આનંદ ભરીજો. શ્રીનાથજી. ૯

ચદુલાલ મદુલાલજી જોડે છે જો,
શ્રીગિરિધરલાલજી બિરાજે લીલા લહેરમાંજો. શ્રીનાથજી.૧૦
વહુજી ભાભીજીને બેટીજી મહારાજ છે જો,
એમને આઠે દર્શનનો ઘણો ભાવ છે જો. શ્રીનાથજી. ૧૧
જે કોઈ ગાય શિખેને સાંભળે જો,
તેહનો ચરણકમલમાં વાસ છે જો. શ્રીનાથજી. ૧૨
એમનાં દર્શન થકી સુખ થાય છે જો,
હરિદાસ શ્રીવલ્લભ ગુણ ગાય છે જો. શ્રીનાથજી. ૧૩

રાગ લાવણી ધોળ ૧૮ મું.

શ્રીગોવર્ધનધર તેરો ધ્યાન ધરત લટ છૂટ રહી કાલી નાગનિયાં. ટેક.
મયૂર મુકુટ મકરાકૃતિ કુંડલ, શીશફુલ કલંગી લરકનિયાં. શ્રીગોવરધન. ૧
સુંદર ભાલપર તિલક બિરાજે, ખૂબ સની અલકાવલીયાં;

નાસા મોતી અધર બિરાજે, ચિબુક બિરાજે વાહાલો ઝલકનીયાં. ૨
શ્રીકંઠનમેં હંસુલા કંઠેલા, કંઠમાળા હાર મોતીન મનીયાં;
દોઉ કરમેં બાજુબંધ પોહોંચી, કડાં હસ્ત સાંકળાં મુદરીયાં. ૩
કટિ કંકન રૂમ ઝુમ કર બાજે ક્ષુદ્ર ઘંટિકા નેપુર ત્યાં સાજે,
ઠાડે વસ્ત્ર મુંગાકી માળા, ગુંજા ચંદનહાર વિશાળા. ૪
ચંબેલીકે હાર ગુલાબકી માળા, ફુલનકે ગજરા છડી દુસાલા;
વેણુ વેત્ર ધરી દરશ મોયે દીજે, આરસી દિખાવત વ્રજકા બાલા. ૫
ગોપીવલ્લભ ભોગ ધરાવે, નંદ જશોમતિકે મનકો માન્યો;
પુરુષોત્તમ પ્રભુકી છબી નીરખત, ચરણકમલ ચિત્ત અનુરાગ. ૬

ધોળ ૧૯ મું.

મેવાડમાં, સીંહાડમાં, પ્હાડમાંરે, મારો શ્રીજી બિરાજે મેવાડમાં. (૨)ટેક.
વ્રજ છોડીને વહાલો મેવાડે પધાર્યા, દર્શન આપે છે લાડમાંરે. (૨) ૧
અજબ કુંવરીને કાજે પ્હાડમાં પધાર્યા, દર્શન આપે છે લાડમાંરે (૨) ૨
દેશદેશથી જાત્રાળુ આવે, સદાંયે બિરાજે સુખ ચેનમાંરે (૨) ૩
પુરુષોત્તમ પ્રભુકી છબી નિરખત, સદાયે બિરાજે મેવાડમાંરે. (૨) ૪

ધોળ ૨૦ મું.

તનમેં શ્રીજી, મનમે શ્રીજી, ગાઉં શ્રીજી સુંદર શ્યામ (૨) ટેક
શ્રીજી માનું, શ્રીજી જાનું, શ્રીજી તેરી મેરો કામ. તનમેં શ્રીજી. ૧
શ્રીજી માનું, શ્રીજી જાનું, શ્રીજી રાખું હીયે બીચ ઠામ;
શ્રીજી સુખ કર્તા, ભવ દુઃખ હર્તા, શ્રીજીકી ભુજા એક ઉંચી વામ. ૨
શ્રીજી પ્યારે નંદ દુલારે, શ્રીજીકો હે ગોપાલપુર ગામ;
શ્રીજી સ્વામી, અંતર્યામી, શ્રીજી બિન સબ જુઠો ધામ. ૩
ચલો શ્રીજી ચરણ વ્રજમેં પધારો, યાદ કરે ભૈયા બલરામ;

કલ્યાણરાય દર્શનકે પ્યાસે, સદાહી રટે શ્રીજીકો નામ. ૪

રાગ લાવણી ધોળ ૨૧ મું.

શ્રીગિરિવરધારી, કુંજ બિહારી, કયા મેરા દીલ છીન લીયા,
દીલ લગનેમેં ઉસી બખ્તપર, કીસ તરહ રાખું સખ્ત હીયા. ૧
છેલ છબીલે છીટક ગયે અબ, કીસ બન ઢુંઢું જાય પીયા;
સુરત લગી દર્શનકી જબસેં, કુછ જાદુ મુજપેં જુ કીયા. ૨
શ્યામ શ્યામ કર શ્યામ હુઇ અબ, ગભરાને લગતાડે હીયા;
એ ફીકર કયા હુવે નાંથ મોયે, સ્વપ્નેમેં દરશનજુ દીયા. ૩
લટક ચાલપર અટક રહ્યા દીલ, જીસતરહ આશક નશા પીયા;
ઉસી નશોં બેહોશ હુઈ અબ, નહિ રહતા હે હાથ હીયા. ૪
નેનોં બસ ગઇ સુરત સાંવરી, જીસદીન તુમ મેરા અંગ છીયા;
કહેત **નિજજન** સુનો નાથ મોય, નિર્લપેં કયા જુલમ કીયા ? ૫

ધોળ ૨૨ મું.

મને તો માહારો શ્રીજીનાથલાગે પ્યારો, એતો સદાહી મગન મતવાળો મને
ડોલ તિબારીમાં ભીડ ભરાણી તો, વૈષ્ણવ બહોત ભરાયો;
ઝાપટીયાતો ઝાપટ મારે, પાપ શરીરનાં જાયે. મને. ૧
મયુર મુકુટ પીતાંબર પીળાં તો, કાને કુંડળ વાળો;
હબચી ઉપર હીરલો સોહીએ તો, હાથે કડાં બાજુવાળો. મને. ૨
ખીર ખાંડ ઘૃત ભોગ ધરાવે, ને મેવા બહોત મંગાયો;
ચંદન ચોકીપર થાળ ધરાવે, તો ભોગ આરોગે બંસીવાળો. મને. ૩
લટપટી પાઘ કેસરીયા વાગા, તોરે તાર હજારો;
ફુગડુગી ઉપર સોહીએ કલગી, તો આપ બિરાજે મુરલી વાળો. મને. ૪
બે કર જોડી કરત હું વિનતિ, પતની અરજ મોરી માનો;

માધવદાસ પ્રભુ એટલું માગે, લક્ષ ચોરાશીથી ટાલો. મને. ૫

ધોળ ૨૩ મું.

ચાલો ચાલો કાલિંદીને કાંઠડે, ગિરિધારી ચારે ગાય;
શ્રીનાથજીને નિરખીએ. ૧
હરિના શીશ ફુલની શોભા ઘણી, એમને છોગલડે શૃંગાર. શ્રીનાથ. ૨
હરિને ભાલ તિલક સોહે કેસરી, એમના ખીટળીઆળા છે કેશ. ૩
હરિના બોલ સદા રસ મીઠડા, એમની આંખલડી અમૃત. ૪
હરિને કાને કરણ ફુલ શોભતાં, એમનાં કુંડલ રત્ન જડાવ. ૫
હરિને હડપચીએ હીરલો ઝગમગે, એમના તેજ તણો નહિ પાર. ૬
હરિને કંઠે તે માલા શોભતી, એમને ફિર ગજ મોતીના હાર. ૭
હરિને બાંહે બાજુબંધ બેરખા, એમની પહોંચી છે રત્ન જડાવ. ૮
હરિને પાળાં પીતામ્બર શોભિતાં, વ્હાલે ઓઢ્યા ઉપરણા સાર. ૯
હરિને કેડે સોહીએ કટિમેખલા, એમના ઝાંઝરનો ઝમકાર. ૧૦
હરિને ચરણે ચાખડી શોભતી, એમની ચતુરાઈની છે ચાલ. ૧૧
હરિને હાથે સોહીએ લાલ લાકડી, એ તો ધેનું ચરાવાને જાય. ૧૨
હરિને સંગે તે સરખા ગોવાળીયા,ત્યાં વાહાલો મધુરીશી મુરલી વાય. ૧૩
વહાલો શ્રીવૃંદાવનની કુંજમાં, ત્યાંહાં ખેલે શ્રીનંદકુમાર. ૧૪
એ સ્વરૂપની શોભા જોઇને, બલિહારી જાય માધવદાસ. ૧૫

આ સિવાય આવાંજ બીજાં શ્રીનાથજીઆદિ સાતે સ્વરૂપના (અપ્રકટિત) રસિક ધોળ હવે પછી પ્રકટ થનારાં "વિવિધ ધોળ તથા પદસંગ્રહ ભાગ ૨ જો" એ પુસ્તકમાં જોવાની વાચકવર્ગને ભલામણ કરૂં છું.

શ્રીનવનીતપ્રિયાજીનાં ધોળ તથા પદ.

રાગ બિલાવલ પદ ૨૪ મું.

નંદ આંગન ક્રીડત સુખરૂપ.
ગૌર વર્ણ દક્ષિણ કર માખન, ઘુટરૂન ચલત અનૂપ. ૧
વ્રજ યુવતિ પ્રતિબંધ નેક નહિ, સબ દેખત ઉર લાવે;
દ્વારકેશ પ્રભુકું લે ગોપી, તનકી તાપ નસાવે. ૨

ધોળ ૨૫ મું.

સાખી.

નંદાલય નિજ ધામનાંને, કરીએ દર્શન ચાલ;
બાલ વિનોદ સોહાવનો, શ્રીનવનીતપ્રિય લાલ.

વલણ.

મુખ છબી લાગે મને પ્યારી. શ્રીનવનીતલાલ. (૨)
મારા લાડીલા લાલની બલિહારી. શ્રીનવનીતલાલ. ૧
ઘુઘરવાળા કેશ કુસર શીશપર સોહે,
અલકાવલી તિલક મન મોહે. શ્રીનવનીતલાલ. ૨
અરુણ કમલ નેત્રમાં અંજન ફેલ્યાં,
રુદન કરી બહાર્યાં છે રેલ્યાં. શ્રીનવનીતલાલ. ૩
પ્રમાણુમાં તે જુમખી તારા જોત ઝલકે,
નાસા બેસર મોતી લરકે. શ્રીનવનીતલાલ. ૪
નવનીત આરોગો મુખ કપોલ જલેસી,
મૃદુ છબી મનડામાં પેસી. શ્રીનવનીતલાલ. ૫

દુલરી હાંસ કંઠલા કંઠે લરકે શોભા ભારી,
કટિ કિંકિણી ઘુઘરીયાળી, શ્રીનવનીતલાલ. ૬
બાજુ કડાં પોંચી ફુમકાંજ ફરકે,
નંદ જસોદાજી જોઇ હરખે. શ્રીનવનીતલાલ. ૭
ચરણકમલમાં નૂપુર ઝણકારા,
આનંદ જશોદાજી નિરખે વારંવારા. શ્રીનવનીતલાલ. ૮
શ્રીમદનમોહન શ્રીબાલકૃષ્ણલાલ;
શ્રીનવનીતપ્રિયાજી રમે ખ્યાલ. શ્રીનવનીતલાલ. ૯
રત્ન જડિત ચોકમાં ઘુટુર લીલા ખેલે,
જુજન સુસન રમે મુખે મેલી. શ્રીનવનીતલાલ. ૧૦
દુધના દંતુલી બીજ મુખમાંજ દીસે;
કીલકી કીલકીને વ્હાલો હસે. શ્રીનવનીતલાલ. ૧૧
બીજન પ્રકારે ભોગ આવે મુખ મોડી,
શ્રીહસ્તકમલ વચ્ચે વચ્ચે બોલે. શ્રીનવનીતલાલ. ૧૨
આચમન કરાવતાં ધાર પકડવાને જાય,
મુખ વસ્ત્ર કરી જે સુખ થાય. શ્રીનવનીતલાલ. ૧૩
એક સ્વરૂપ શ્રીજસોદાજીની પાસે,
એક સ્વરૂપે રમે રાસ. શ્રીનવનીતલાલ. ૧૪
જગમોહન સીધપોળ મન મોહે,
કૃષ્ણ ભંડાર પરસતાં ત્યાં સોહે. શ્રીનવનીતલાલ. ૧૫
આઠે દર્શનમાં ભોગ આવે છે સુખે,
સમર્થ શું વર્ણવી શકું મુખે? શ્રીનવનીતલાલ. ૧૬

કૃષ્ણ કમળા બાલલીલા સહુ નિરખે;
જન્મ સફલ કરી હરખે. શ્રીનવનીતલાલ. ૧૭

ધોળ ૨૬ મું.

શ્રીનવનીતપ્રિયાની ખૂબી ન્યારી, એ સખી જુવો શ્રી. ૧
શામળી સુરત એની મોહિની મૂર્તિ, મનહર મુખપર વારી. ૨
નિત્ય પ્રતિ દુધ દહીં નવનીત લેઇને, ભોગ ધરાવે વ્રજનારી. ૩
તનક સેવા કરે કોઇ રાઇકણ જેવી, તેને મેરુ સમાન લે છે ધારી. ૪
પ્રકટ બિરાજે પ્રભુ વલ્લભકુલમાં, ભાગ્ય સુજાતિનાં ભારી. ૫
ગોપાલલાલ પ્રભુની છબી નિરખી, ચરણ કમલ બલિહારી. ૬

શ્રીમથુરાનાથજીનાં ધોળ તથા પદ.

રાગ બીલાવલ. પદ ૨૭ મું.

સબ વ્રજકો રસરૂપ સ્વરૂપ
ચાર ભુજા ચારેં કર આયુધ, કમલ સ્વામિની રૂપ. ૧
ચક્ર તેજ ચંદ્રાવલી જુકો, શંખ શ્રીયમુના જાણો;
ગદા કુમારી શ્યામ વર્ણ વપુ, **દ્વારકેશ** મન આણો. ૨

ધોળ ૨૮ મું.

રસ રૂપ રંગીલારે, શ્રીમથુરેશ કહું;
ગુણ નાગર વીલારે, ચરણકમલમાં રહું. ૧
ગાઉં પ્રેમ ભરીનેરે, પ્રેમરસ સિંધુ ભર્યા;
થાઉં અંતર આતુરરે, ઇંદુ અંજવાળાં કર્યા. ૨
તેજ ત્રિભુવન કેરાંરે, વ્રજજનને પ્યારા;
કવિ વરણે શું ત્યાંહેરે, લોચનના તારા. ૩

ભુજા ચાર બિરાજેરે, વર્ણવું શી શોભા,
આયુધ તેમાં રાખેરે, જોતાં મન થાય ક્ષોભા. ૪

પદ્મ પ્રાણપતિનુંરે, મુખ્ય સ્વામિનીજી જાણો;
ગદા કહિએ કુમારિકારે, શ્યામાજી મન આણો. ૫

ચક્ર તેજ ચંદ્રાવળીનાંરે, શ્રુતિરૂપા સંગે;
શંખ જમુના મહારાણીરે, શ્યામસુંદર રંગે. ૬

ગુપ્ત ભાવથી મનમાંરે, કરે ચિંતવન હરખે;
રસકુંજની લીલારે, પ્રેમસહિત બરખે. ૭

બીજે ભાવ પ્રસિદ્ધ છેરે, પદ્મ જન તાપ હરે;
ગદા દુષ્ટ સંહારે રે, સુદર્શન રક્ષા કરે. ૮
મહિમા છે અગણિતરે, શંખે ભક્ત કાજ સરે;
ધ્યાન રાખે હ્રદયમાંરે, સહજે સંસાર તરે. ૯

કાંઇક વર્ણવું પ્રકરણરે, જેમ પ્રાકટ્ય થયું;
મથુરેશ શામળીયાને, સ્વરૂપ ન જાય કહ્યું. ૧૦

એક સમે શ્રીમહાપ્રભુજીરે, બિરાજે શ્રીજમુનાતીરે;
ત્યાંતો તૂટયો કરેડોરે, દીઠા શ્યામ શરીરે. ૧૧

દોડીને પાસે આવ્યારે, કહ્યું મારી સેવા કરો;
શ્રીમહાપ્રભુ હસી બોલ્યારે, ન્હાનું તમે રૂપ ધરો. ૧૨

સ્વરૂપ તાડ સમોવડરે, સેવા ક્યમ થાશે ?
કલિયુગના જીવથીરે, ક્યાં લગી પહોંચાશે ? ૧૩

આવી ગોદમાં બેઠારે, ચિબુક લગી આવ્યા ત્યારે;
કૌતુક ત્યાં હુઆરે, દીઠા એવા સ્વરૂપ જ્યારે. ૧૪

પદ્મનાભદાસ કેરારે, મનોરથ પૂર્ણ કર્યા;
ચમત્કાર દેખાડયારે, ત્યારે એવાં રૂપ ધર્યા. ૧૫
વ્રજ ચિહ્ન શ્રીઅંગમાંરે, ભાગ્ય હોય તે જાણે;
પુષ્ટિભક્તકૃપાથીરે, નિજજન મન આણે. ૧૬

ધોળ ૨૯ મું.

શ્રીમથુરેશ પધાર્યા શ્રીજીને ઘેર પાહુનારે.
પાહુના (૨) અતિ હરખાવનારે, આનંદ વધાવનારે. શ્રીમથુરેશ. ૧
રણછોડલાલ શ્રીકોટાવાળા, તે સંગાથે શ્રીગોપાલલાલ;
સજી સ્વારી પરમ રસાલા (૨) સ્થળ સ્થળ મંગલ ગાવનારે. ૨
દીપમાલિકા હટડી સાજી, શ્રીવિઠ્ઠલેશ, મથુરેશ બિરાજી;
લલિતલાલ શ્રીનવનીતપ્રિયાજી, સબે મન ભાવનારે. શ્રીમથુરેશ. ૩
જુગતે શ્રીગોવર્ધનલાલ, શ્રીરણછોડ, ગોપાળ, દયાળ;
ગોપેશ્વર, મધુસૂદન, ગોપાલા, શ્રીગિરિધરલાલ સોહામણારે. શ્રીમથુરેશ. ૪
મદનરૂપ શ્રીદામોદર સોહીયે, શ્રીવલ્લભલાલ અતિ મન મોહીએ;
સુંદર લાડ લડાવનારે. શ્રીમથુરેશ. ૫
અન્નકૂટકો ઓચ્છવ ભારી, શ્રીદ્વારકાનાથ સજી સ્વારી,
શ્રીબાલકૃષ્ણલાલ લાવ્યા લારી, શ્રીદ્વારકેશલાલ ખેલાવના. શ્રીમથુરેશ. ૬
સુરનર મુનિજન જોવા તરશે, તેવો ઓચ્છવ ત્યાં અતિ વરશે,
ભક્ત મળી પદપંકજ પરશે, સબજન કરે વધામણાંરે. શ્રીમથુરેશ. ૭
સંવત ૧૯૬૫ માં વાણી વિમળ વસી નિજ ઘટમાં,
ધ્વજા સમીપ બન્યું ઝટપટમાં, હરખ હૈયે અતિ છાવનારે. શ્રીમથુરેશ. ૮
નયણે નાથને નેહથી નિરખી, પ્રીત કરીને પ્રીતે પરખી;
દાસનો દાસ કાંન અતિ હરખી, હરખ હૈયે અતિ છાવનારે. શ્રી. ૯

શ્રીવિઠ્ઠલનાથજીનાં ધોળ તથા પદ.

રાગ બિલાવલ. ધોળ ૩૦ મું.

દેખ્યો અદ્દભુતરૂપ સખીરી, સૂરસુતાકે સાથ.
વિવશ ભયે દેખકર સુંદર, કટિપર રહી ગયે દોઉ હાથ. ૧
તાતેં ગૌર ચિત્ર શ્યામલ તન, ઉપમા કહેત ન આવે ગાથ;
દ્વારકેશ પ્રભુ યહ વિધ દેખે, મેંતો કર લીયો જન્મ સનાથ. ૨

ધોળ ૩૧ મું.

શ્રીવિઠ્ઠલનાથજી વરણાગીઆ, ઓ સખી જુઓ શ્રીવિઠ્ઠલનાથજી. ૧
મયુરમુકુટ જેના શિરપર સોહે, તેજથી ત્રિભુવન જાગીઆ. ૨
એહને તજીને કોઇ અવર આરાધે, એ સમાન બીજા નહિ અભાગીઆ. ૩
ચરણકમલની સેવા કરતાં, પૂરશે મનોરથ માગીઆ. ૪
ગોપાલલાલ નિત્ય શ્રીમુખ નિરખો, સુજાતિ સાથ સોહાગીઆ. ૫

ઠુંમરી. ધોળ ૩૨ મું.

શ્રીવિઠ્ઠલનાથ દ્રગ અંક નિરખ મેરે, તન મનકી શુદ્ધ ભૂલ ગઇ;
સંગ સ્વામિની બિરાજે શ્રીજમુને, દોઉ કર કટિપેં નિહાર રહી. ૧
નવ ઘન જલદ ગૌર સાંવલ તન, ભ્રકુટી ધનુષ ઉપમાજુ કંઇ;
નેન ચપલ અલકેં ઘુઘરારી, સંકેત નિકુંજ બતાય દઇ. ૨
શ્રીવિઠ્ઠલવર વિઠ્ઠલેશ સ્વરૂપ એક, દોઉ શરણાંગત ઉનકીમેં;
નિજ રસ દાન દેત અભયતા, તાપ નિવારણ યેહી સઇ. ૩
જુગલ સ્વરૂપ ધ્યાન ઉર અંતર, ઓર ન સૂઝે બાત નઇ;
પદ અંબુજ **નિજ** નિશવાસર, દોઉ સ્વરૂપમેં વિવશ ભઇ. ૪

श्रीद्वारिकानाथजीनां घोळ तथा पद.

રાગ બિલાવલ. પદ ૩૩ મું.

આજ હરિ વિહરત કુંજ નિકેત.
દુર્મુર આય યુગલ દેગ બીચે, પ્યારી જીય ઉપજ્યો હેત. ૧
હસ્તકમલ તારી દે મોહન, દોઉ ભુજ રસ ઉર લેત;
દ્વારકેશ પ્રભુ શ્યામવર્ણ વપુ, અદ્દભૂત ભલો બન્યો સંકેત. ૨

ઘોળ ૩૪ મું.

કાંકરોલી રાય સાગર તીર કે વસે માહારો વાલમોરે લોલ;
દર્શન દે છે દીનદયાળ કે, શ્રીદ્વારકાંનાથજીરે લોલ. ૧
સાથે વ્રજવાસીની ભીડ કે, મંદિર સોહામણાંરે લોલ;
સેવા કરે શ્રીગોકુલનાથ કે, સંસારીને તારવારે લોલ.
વાહાલો માહારો પ્રાત સવારે ના'યકે, પ્રભુની કરે આરતિરે લોલ;
આઠે દર્શન દે છે નાથ કે, સેવકને કારણેરે લોલ. ૩
સન્મુખ રહે છે શ્રીગોકુલનાથ કે, શ્રીદ્વારકાધીશનેરે લોલ;
બહુ સંપતની અતિ પ્રીત કે, સારસ થાકીએરે લોલ. ૪
ક્ષણુ ક્ષણુ ધરિયા નવલા રંગ કે, બાનક બેહુનેરે લોલ;
ધન્ય ધન્ય ભરતખંડ કે, ભાગ્ય ભૂમિતણુંરે લોલ. ૫
માયાવાદી કીધા ત્યાગ કે, ભાર ઉતારીઓરે લોલ;
સુરનર બોલે જયજયકાર કે, દુંદુંભિ ગડગડેરે લોલ. ૬
ધન્ય ધન્ય નરનારીનો દેહ કે, જેણે એઉને ઓળખ્યારે લોલ;
દાસ મનોહર નાચે ગાય કે, નિર્ભય થઈરે લોલ. ૭

ધોળ ૩૫ મું.

શ્રીકાંકરોલી ગામનારે વાસી, તેં તો વાહાલા મુજને કીધી દાસી. ૧
પૂર્વ જન્મનીરે પ્રીતે, એ રસ માણું છું રંગ રીતે;
નિર્ભય થઇનેરે નાચું, જ્યારે શ્રીવ્રજભુષણજીને જાચું. ૨
એ વિના સરવેરે કાચું, નિગમ કહે છે એ છે સાચું.
દયા કરી છે રે દયાળે, કૃપા કરીને પ્રભુ જીવપર ભાળે. ૩
મહાસુખ પામ્યાંરે જોતાં, હવે માહારાં ભટકણ ભાગ્યાં ગોથાં;
તર્યાનું ઠેકાણુંરે એ છે, **દાસ મનોહર** નિરખી કહે છે. ૪

રાગ લાવણી. ધોળ ૩૬ મું.

શ્રીદ્વારકાંનાથ વિનતિ સુન લીજે, દીનજાત મેં શરણ પડી;
તન મન આતુર ભઇ બ્ડાત્રરી, સુનીએ વિનતિ એહી ઘડી. ૧
પરમ દયાળ અતુલ સુખસાગર, દીન જનનકે કૃપાનિધિ;
ગજપે ધાયે ગરુડ છોડકે, મેં શરણાંગત યેહિ વિધિ. ૨
ભકતનકે હિત સુખકે કારન, શંખ ચક્ર ગદા પદ્મ ધરી;
ગ્રહી બાંહ્ય મેરી દૃઢ કરીકેં, નહિ છૂટે અબ લગ્ન પરી. ૩
રોમ રોમ ભરપૂર દોષસોં, મદ ઉન્મદ લોભી કામી;
નહિ પ્રભુ મેં તિહારે લાયક, સબ ઘટકે અંતરજામી. ૪
રાજશિરોમણિ કુંવર લાડિલે, દેત દંડ અપને જાની;
ચાત્રક આશ લગી ઘન ઉપર, સમય પાય બરષે પાની. ૫
શ્રીગિરિગોવર્ધન કર પર ધાર્યો, ભકતનકી રક્ષા કારન;
વ્રજવનિતાકું વિપ્રયોગ, કરાવન કીનો ગોચારન. ૬
ચરનરેન હિયે બસે નિરંતર, તાતેં મેં નિશ્ચય કીની;
શ્રીવલ્લભ કરુણામય સાગર, નિજજનકું યહ નિધ દીની, ૭

ધોળ ૩૭ મું.

ધન્ય કાંકરોલી ગામરે, વાહાલો વસ વ્રજના ધણીરે, ૧
ધન્ય કાંકરોલી ગામરે, શ્રીદ્વારકાંનાથની શોભા ઘણીરે;
ધન્ય કાંકરોલી ગામરે, પુરુષોત્તમ સેવા કરેરે. ૨
ધન્ય કાંકરોલી ગામરે, રળીયામણો રાયસાગરરે;
ધન્ય કાંકરોલી ગામરે, દુનિયાં દરશન જાય છે રે, ૩
ધન્ય કાંકરોલી ગામરે, માનિની મંગળ ગાય છે રે;
ધન્ય કાંકરોલી ગામરે, આનંદ ઓચ્છવ થાય છે રે. ૪
ધન્ય કાંકરોલી ગામરે, જે જીવ શરણે જાય છે રે;
ધન્ય કાંકરોલી ગામરે, **માધવદાસ** ગુણ ગાય છે રે. ૫

ધોળ ૩૮ મું.

બહેની ચાલો જોઇએ દ્વારકાંના ઇશનેરે.
ચરણકમલ ઉપર ધરીએ જઇ શીશનેરે. ૧
નખરત્ન કિરણ ભૂષણ થાશે એહનેરે,
સેવા કરી સફલ કરીએ આ દેહનેરે. ૨
વિરહતાપ તપ્ત ભક્ત હૃદય સદ્મનેરે,
શીતળ કરવા ધર્યું હસ્તમાંહે પદ્મનેરે. ૩
ગદા સદા ધરી દુષ્ટને વિદારવારે,
પદાક્રાંત ભક્ત ત્રિવિધ દુઃખ હારવારે. ૪
હૃદય તિમિર નિકર ટાળવાને પ્રેમથીરે,
હસ્ત સુદર્શન ધર્યું છે ચક્ર નેમથીરે. ૫
દૈવી જીવ વૃંદ પંક અંક ગંજવારે,
ધર્યો અંબુ તત્વ કંબુ હસ્ત કંજમારે. ૬

દેવા ચાર તે પુમર્થ પુષ્ટિમાર્ગનારે,
ધર્યા હસ્ત ચાર મેઘ અભય વૃષ્ટિનારે. ૭
હસ્ત ચરણ નેત્ર શોભા લેવા જળ વિષેરે,
પદ્મ પુંજ કંઠ મગ્ન તપે જનિ મિષેરે. ૮
જાનુ જંઘ યુગલ શોભા કહેતાં કેમ બનેરે,
ચિત્ત વિવશ થઇ શોભા સુધામાં સનેરે. ૯
ચતુર્વદન જનન સદન નાભિ હૃદ તણીરે,
શોભા કહું એવી બુદ્ધિ માહારી શું ઘણીરે. ૧૦
શૃંગાર રસ તરંગિણી તરંગ નીતનીરે,
સુંદર ઉદર ત્રિવલી છે એવી મારી મતિરે. ૧૧
હૃદય કમલતો ગંભીર દેખીને રમારે,
કાંત વદન જોવા વાસ કીધો જેહમાંરે. ૧૨
એવું ઇંદ્ર નીલ વિમલ વક્ષઃ સ્થળ લસેરે,
કંઠે કૌસ્તુભ મણિ કરૂણાંકુર જેવો વસેરે. ૧૩
શ્યામ ચુચુક વિશદ વજ્ર તો એવો કહુંરે,
ઇંદીવર ઉપર બેઠો છે કવિ ધુતિ બહુરે. ૧૪
વિદ્રુમ અધર કાંતિ દંતપંક્તિ તો પ્વરેરે,
દાડિમ બીજ ઉપમા પૂરણ ત્યારે તે કરેરે. ૧૫
સુંદર નાસા પાસે મુક્તામણી એમ લખેરે,
કીર હંસ અસૂયાથી મુક્તાને ભખેરે. ૧૬
કુટિલ નિશિત અસિત ભ્રુકુટીના ભંગનીરે,
ઉપમા બની મુખ્ય રસ વિપુલ તરંગનીરે. ૧૭
વિવિધ રત્ન જડિત કીટ મુગટની છટારે,

જાણે ચંદ્ર ઉપર કોટિ મિહિરની ઘટારે. ૧૮
નિજ ભક્ત ચિત્ત ચંચળા લપટી રહીરે,
વિમલ પીતાંબરની શોભા તો એવી થઇરે. ૧૯
નાના રત્નના આકલ્પ શ્યામલ અંગમાંરે,
જાણે તારા લસે સ્વચ્છ અંબર સંગમાંરે. ૨૦
એવા સુંદર બાલકૃષ્ણજીના લાડીલારે,
દેખી ક્ષીણ થઇ કલાપતિની કલારે. ૨૧
સાથે રાધા સદા યમુનાજીના રૂપથીરે,
થયા બેય એવા જાણે રસ ભૂપતિરે. ૨૨
જીવન પ્રાણ વ્રજ સુંદરીના એ હરિરે,
એની ચાલ જોઇ લજાયા મોટા કરીરે. ૨૩
એની સેવા કરે સદા ભક્તિભાવથીરે,
શ્રીપુરુષોત્તમજી નિત્ય નવા ચાહાવથીરે, ૨૪
ધન્ય કાંકરોલી ગામ તીર છે જેહેનુંરે,
રાયસાગર ઘણું મિષ્ટ નીર છે તેહેનુંરે. ૨૫
દાસ કહે મને નિજ જાણીને તારજોરે,
માહારા કોટિ કોટિ દોષ તમે વારજોરે. ૨૬

ધોળ ૩૯ મું.

શ્રીદ્વારકાનાથજી દયાનિધિ, સોહાગી માહારે શ્રીદ્વારકાંનાથજી. ૧
શ્રીમહાપ્રભુએ સોંપેલી દૈવી સૃષ્ટિને, અંતરંગ પોતે માની લીધી. ૨
વેદ સરખા જેહના ભેદ ન જાણે, તો આપણે શું જાંણીએ સેવાવિધિ. ૩
કાંકરોલી ગામ રૂડાં રાયસાગર છે, દયાનિધિએ ત્યાં દયા કીધી. ૪
લાલાલહેરી પર કરુણા કરીને, ચરણકમલની સેવા દીધી. ૫

શ્રીગોકુલનાથજીનાં ધોળ તથા પદ.

રાગ બિલાવલ. પદ ૪૦ મું.

વ્રજ પતિ તુમ બિન કોન કરે.
ઉત મઘવાકો માન ભંગ કર, ઇત વ્રજગોપીન ગોપ ભરે. ૧
વેણુ બજાવત કર પર ગિરિધર, વામ ભુજા લે શંખ ધરે;
દ્વારકેશ પ્રભુ ગૌર વર્ણ વપુ, નિગમ પ્રશંસિત વિપત્ત હરે. ૨

ધોળ ૪૧ મું.

શ્રીગોકુલનાથ સોહામણા, સોહાગી માહારે શ્રીગોકુલનાથ.
જે જન એમની ભક્તિ કરે છે, તાપ મટાવે છે તે તણા. ૧
શિવબ્રહ્માદિક પાર ન પામે, શેષ સહસ્ત્ર ધરે ફણા. ૨
દેવતાને દુર્લભ તે થયા છે સુલભ, ભાગ્ય ખુલ્યાં છે આપણાં. ૩
નખશિખ સુંદર રૂપ એમનું નિરખો, શોભા વિષે કાંઇ નથી મણા. ૪
ગોપાલલાલ શ્રીગોવર્દ્ધનધારી, વારંવાર લેઉં એહનાં ભામણાં. ૫

શ્રીગોકુલચંદ્રમાજીનાં ધોળ તથા પદ.

રાગ બિલાવલ. પદ ૪૨ મું.

અંગ છબિ નિરખત લજત અનંગે. ટેક.
ચરણ કટિ ગ્રીવકું નમિત કર નંદ સુત, દેત રસ દાન લલિત ત્રિભંગે. ૧
પુષ્ટિ પંથ સ્થાપ મર્યાદ ઉલંઘ કર, ચિન્હ પ્રકટિત વિવિધ અંગ અંગે;
પ્રેમ આસક્તિ સ્નેહ મૂર્છા વિવશ, વિવિધ પરિ વેષ જીય વેણુ સંગે. ૨
શ્યામ સુકુમાર તન ચિતવન લલિત,
અવનિપર લટક જબ ચલત તબ માન ભંગે;
પરમ મોહન **દ્વારકેશ** પ્રભુ મધુર અતિ, ગોકુલાધીશ ઉજ્જ્વલિત તરંગે. ૩

ધોળ ૪૩ મું.

ગોકુલચંદ્રમાજીને ગાઇએ, સાહેલી આવો ગોકુલ,
કામવન વસી વાહાલો કામના પૂરે છે, દર્શન કરીને સુખ પાઇએ. ૧
લૌકિક લાજ સહુ વેગળી મૂકીને, શરણ રહીને સુખી થઇએ. ૨
અનંત બ્રહ્માંડના પતિને વરીને, અખંડ સોહાગી કહાઇએ.
લાલાઝાહેરો એ પ્રાણજીવનની, સેવા કરીને હરખાઇએ. ૪

ધોળ ૪૪ મું.

શ્રીગોકુલચંદ્ર લાગો છો વહાલા, મોહીરે જોઇ નેન તણા ચાળા.
વાહાલારે તાહારી નેનકટારી વાંકી, તે તો મારે કાળજડે દાખી. ૧
ચરણરજે કેરી હું અભિલાખી, દીજેરે મને લલિત ત્રિભંગી ઝાંખી. ૨
ચરણ કટિ ગ્રીવા નમિત કીધાં, કારણ રસ દાન ભક્તને દીધાં. ૩
આપ વિના કરુણા તે કોણ કરે, કાલરિ પાત્ર માંહેરે રસ ભરે.
ચરણદર્શન મરજાદા લોપી, તેથીરે મન સ્થિર થયાં ગોપી. ૫
પીતાંબર ફરકે છે સારૂં, ચોર્યુંરે ચિત્ત પ્રાણપતિ માહારૂં. ૬
ચરણ લગી પરસી છે વનમાલા, કામણગારા દીસો છો નંદલાલા. ૭
ચરણ નખ ચંદ્ર પ્રકાશ જોઈ. તેજેરે તેને મદન રહ્યો મોહી. ૮
નૂપુર ધની તાન સહિત વાગે, નાદ સુણી કામદેવ જાગે. ૯
સુશન કટિ કાછની છે ભારી, મુગુટની લટક પર જાઉં વારી. ૧૦
વર્ણવ્યું સ્વરૂપ સૂક્ષ્મ રીતે, કરો કૃપા ગાઉં પૂરણ પ્રીતે. ૧૧
સદા રસ રાસ મધ્યે રમતા, એતો પ્રભુ **નિજજનને** ગમતા. ૧૨

શ્રીમદનમોહનજીનાં ધોળ તથા પદ.

રાગ બિલાવલ. પદ ૪૫ મું.

વેણું બજાવત સુંદર વદન,

સુનતહીં તેં દૌર આઇ પુછતહેં, કયોં છાંડે સદન ? ૧
ધર્મછાંડ નિજ ધર્મ કિયો હમ, તુમ કયોં ગૌર ભયે નંદનંદન;
દ્વારકેશ પ્રભુ હમ સબ જાનત ન્યાય કહત હો મન્મથકંદન. ૨

ધોળ ૪૬ મું.

મદનમોહન પ્રભુ મન વસ્યા, સાહેલી માહારે. મદન.
જમુના કીનારે જળ ભરવાને ગઇતી, મુજને દેખીને આવ્યા ધસ્યા. ૧
આગળ આવીને માહરો અંચલ પકડ્યો, મુખ મલકાવી મધુરૂં હસ્યા. ૨
નણંદ હત્યારી માહારે સંગ હતી તેથી,આંખમેં બતાવી તોય ના ખસ્યા.૩
લાલાલહેરીએ શિવ બ્રહ્માને દુર્લભ, વ્રજગોપીના પ્રેમમાં ફસ્યા. ૪

શ્રીબાલકૃષ્ણજીનાં ધોળ.

ધોળ ૪૭ મું.

બાલુડા બાલકૃષ્ણ જોઇને, આ મન મોહ્યું બાલુડા.
આજ ગઈ હતી નંદભુવનમાં, શુદ્ધ બુદ્ધ સાન આવી ખોઇને. ૧
રાત દિવસ મને રટણ લાગ્યું એનું, કહેવાનું નથી દુઃખ કોઇને. ૨
ખાન પાન ગાન તાન કશું નથી ગમતું, ઘરમાં ફરૂંછું ઘેલી હોઇને.૩
લાલાલહેરીને ઘણી થઇ છે આતુરતા, દર્શન વિના રહું રોઇને. ૪

ધોળ ૪૮ મું.

એ જસોદાજી આવડો લાડકવાયો લાલ ન કીજીએ-એરાગમાં.

મણિમય ભૂમિ મહાવનમાં શ્રીજસોદાજી ઘર સોહે. ટેક.
શ્રીબાલકૃષ્ણજી ખેલે છે, માખણ મીશ્રી મુખ મેહેલે છે;
એવી બાળલીલા રસ રેલે છે. **મણિમય.** ૧

હળવે હળવે ઘુટુરૂન ચાલે, પ્રતિબિંબ જોઇને તે ઝાલે;
એવાં અદ્દભુત સુખ જનનિને આલે. મણિમય. ૨

નૂપુર કટિ કિંકિણિ વાજે છે, શબ્દ સુણીને રતિપતિ લાજે છે:
એવી ઉપમા નંદ ઘેર છાજે છે. મણિમય. ૩
ઝગુલી ટોપી અંગે આપી, મુખ શોભા જોઈ રહ્યાં ગોપી;
તેણે કુળ મરજાદા સહુ લોપી. મણિમય. ૪

વહાલો રત્નજટિત ઝુલે પલના, ઝુલાવે સૌ વ્રજની લલના;
મુખ જોયા વિના ન પડે કલના, મણિમય. ૫
વાહાલે શકટ પૂતનાને મારી, સ્તન પાન કરીને તે તારી;
એ છબી પર **નિજજન** બલિહારી. મણિમય. ૬

શ્રીનટવરલાલનાં ધોળ.

ધોળ ૪૯ મું.

શ્રીનટવરલાલ રસાલ બાલ સ્વરૂપ ધરી,
કીધા નિજ જનને ઘણા ન્યાલ બાલ ચરિત્ર કરી. ૧
કરે નૃત્ય ભૃત્ય સુખદાન સત્ય સ્વરૂપ હરિ,
હરે માનિની કેરાં માન પ્રેમ કટાક્ષ કરી. ૨
કટિ મણિમય કિંકિણી ઝાલ નૂપુર શબ્દ ઘણું,
આપે શ્રુતિ સુખ પરમ વિશાળ એક મુખ કેમ ભણું ? ૩
માટ વામ કર કંજ લીધું મિષ્ટ મૃદુ,
લીધું દક્ષિણ કર નવનીત શોભા કેમ વદું. ૪
પદ પદ્મ કોમળતા ભાર જીતી પદ્મ પ્રભુ,
કીધું તે શિર પર આધાર તો એ છે પોતે વિભુ. ૫

અરુણ અધર ને પાસ દંત એ એમ લસે,
જાણે નવપલ્લવને પાસ કુંદ કલિ જુગલ વસે. ૬
શુભ નાસાને પાસ મુક્તાફલ વિલસે,
જાણે શુક ચંચુને પાસ મલ્લિકા કોષ લસે. ૭
નયન નલિનની કોર કાજલ શોભા લખી,
જાણે ઉમગ્યો રસ શૃંગાર રાધા વદન દેખી. ૮
ભ્રુકુટી કામકમાન પાસે બિંદુ અંજનનું,
જાણે છાપ્યો મિલિંદ નિદાન ભય દ્રગ ખંજનનું. ૯
મુખ ઇંદીવર પાસ શામલ કુટિલ ચલે,
અલક નિકર રસ આસ આવ્યા મધુપ મલે. ૧૦
કરણ ફુલ જુગ કર્ણ હીરાયે રચિત જાણે;
મુખશશી તનું સૌખ્ય તપન શિશુ એ શું માણે. ૧૧
ભુજ જુગ જુગ બંધ રત્ન કર કટક ધર્યા.
ચપલ હસ્ત સુખ કંદ ખેલે પ્રેમ ભર્યા. ૧૨
કંઠે મુક્તામાલનું ઝાલ પદક વચ્ચે બહુ વિલસે.
શશધર તારા સાથ મેઘ્રપાર શું હુલસે. ૧૩
બાળ ભાવથી નગ્ન બોલે છે મુગ્ધ મુખે,
છાયા દેખી હસે સુખ મગ્ન ભક્ત જન પૂર્યા સુખે. ૧૪
ખેલે ખેલ રસાળ બાળનાં જાલ લેઈ,
જઇ મણિમય આંગન માંહ્ય અગણિતાનંદમયી. ૧૫
કરે રાજનગરનું રાજ સ્યામ પ્રભુ સાથે લઇ,
સાર્યાં સેવક જનનાં કાજ ચરણારવિંદ માથે દઇ. ૧૬
એણીપેરે લીલા અનંત અનતન જાય કહી,

સર્વ સુખ દાતા ભગવંત સંત ચિત્ત ચાર સહી. ૧૭
આપે સુખ સંયોગ અપાર અચળ નિજ ભક્ત મણિ,
દુઃખ ટાળ્યાં અપરમપાર સુખ સંપત્ત આપી ઘણી. ૧૮
આપે પુત્ર પૌત્ર પરિવાર સેવા અનુભવને,
ટાળે દુર્બુદ્ધિનો તાર બનાવે છે જે ભવને. ૧૯
નિજ જનના જીવન પ્રાણ માગું કરજોડી,
આપો ચરણકમલનું ધ્યાન ભવ બાધા તોડી. ૨૦

ધોળ ૫૦ મું.

નિશ દિન શ્રીનટવર શ્રીનટવર નામ ઉચ્ચારીએરે,
ધરીએ શ્યામસુંદરના ચરણકમલનું ધ્યાન. નિશદિન. ટેક.

સાખી—નટવરજી તમે નંદના, ઘણું વધાર્યું વહાલ;
તમારા દર્શન વિના, મારો જીવ ઘણો અકળાય કે,
વહાલા છો ઘણારે. ૧

સાખી—નટવરજી તમે નાનડા, મહિ માંખણના ચોર,
માંખણ કાજે નૃત્ય કર્યું, તમે એવા નંદકુમારકે,નટવરનાનડારે. ૨

સાખી—નટવર વહાલા છો ઘણા, તમો વિના ન સોહાય;
દર્શન દુર્લભ દેવને, તમે દયા કરીને રાજનગર પધારીઆરે. ૩

સાખી—શ્રીરઘુનાથજી મહારાજે પધરાવીઆ, સેવ્યા છોટાલાલ;
શ્રીવ્રજરાયજીએ સુખ આપીઆં, તેનો કહેતાં ન આવે પારકે
કહી કંઇ નવ શકુરે. ૪

સાખી—ડોશીવાડાની પોળમાં, આપ વિરાજો ત્યાં;
વૈષ્ણવ સૌ દર્શનકું,ત્યાંતો આવે નરને નાર કેઅતિહર્ષે ભર્યારે.૫

સાખી—નટવર નટવર જે કહે, જે કોઇ નરને નાર;
મન વાંચ્છિત ફળ પામશે, એમ કહે છે **દાસનો દાસ**
અતિ ઉમંગશું રે. ૬

ધોળ ૫૧ મું.

શ્રીનટવરલાલને વારણેરે,
સુંદર શ્રીછોટાલાલ બલિહારે લાલ. શ્રીનટવર ૧
રાજનગર રળીઆમણુંરે,
તેહની સુંદર શોભા સારીરે લાલ. શ્રીનટવર ૨
છપ્પન ભોગ સોહામણોરે,
કીધો બુદ્ધિ બહુ વિચારરે લાલ. શ્રીનટવર. ૩
સૈકા સંવત અઢારમાંરે,
ચતુર ચોરાણુવો શુભકારીરે લાલ. શ્રીનટવર. ૪
વેગે વૈશાખ માસમાંરે,
સુદની સાતમને સોમવારરે લાલ શ્રીનટવર. ૫
દેશો દેશથી આવીયાંરે,
સહુકો આવ્યાં નરને નારીરે લાલ. શ્રીનટવર. ૬
ઉત્તરથી હરિ આવીયારે,
શ્રીગોકુલનાથજીની ગાદી ભારીરે લાલ. શ્રીનટવર. ૭
શ્રીલક્ષ્મણુલાલને જોઇનેરે,
સહુકોને પ્રીતિ ઘણી છે પ્યારીરે લાલ. શ્રીનટવર. ૮
દક્ષિણથી દુઃખ કાપવારે,
આવ્યા શ્રીકલ્યાણરાય હિતકારીરે લાલ, શ્રીનટવર. ૯
પૂર્વથી પ્રભુ પધારીઆરે

શ્રીત્રિકમજી માધવરાય ગિરિધારીરે લા. શ્રીનટવર. ૧૦
પશ્ચિમેથી પ્રભુ પધારીઆરે,
આવ્યા શ્રીમગનલાલજી મહારાજરે લા, શ્રીનટવર. ૧૧
શ્રીમદુલાલ મથુરાંનાથજીરે,
બીજા બાળક જાઉં બલિહારીરે વાલ. શ્રીનટવર. ૧૨.
સહેજે સાતને તારીઆરે,
તેહને મહેર કહી મહારાજે લાલ. શ્રીનટવર. ૧૩
સેહેજે **દાસ જમનાને** દયા કરીરે,
હેતે લીધો છે ઉદ્ધારીરે લાલ. શ્રીનટવર. ૧૪

શ્રીઅષ્ટાક્ષરનું ધોળ.

ધોળ ૫૨ મું.

આ કલિમાં કારણુ એક અષ્ટાક્ષર ભારી.
શ્રીવલ્લભ શ્રીમુખથી પ્રકટયા સ્રષ્ટી તારી, અષ્ટાક્ષર ભારી. ટેક
શ્રીવલ્લભવંશની કૃપા થકી, કરૂં અષ્ટાક્ષર વર્ણનરે;
શ્રીમુખથી પ્રકટયા એ શ્રીવલ્લભ, એ વેલને કરૂં પ્રણામ. ૧
આ દૈવી જીવપર દયા વિચારી, રસ વર્ષાવી ભારીરે;
શ્રીવિઠ્ઠલ પ્રભુજીએ કૃપા કરીને, ગ્રંથ પ્રકટયા જાઉં વારી. ૨
અષ્ટાદશ કર્યા શ્લોક, પ્રકટયા શ્રીવલ્લભરાજકુમારરે;
મહાગૂઢ રસ પ્રકટ કર્યા, જાઉં વંશ સહિત બલિહારી. ૩
પ્રથમ શ્લોકમાં પ્રકટ બતાવ્યું, શ્રીકૃષ્ણચંદ્રનું રૂપરે;
કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ નેનિ કરીને, સદા જપો રસરૂપ. ૪
આનંદને વળી પરમાનંદનું, સુખ અષ્ટાક્ષર માંહારે;
નિશ્ચિંતને વળી નિધડક થઇને, ભજો મન વ્રજરાય. ૫

શ્રીમહાપ્રભુજીએ સાત ભક્તિનાં, દાન કર્યાં આ મંત્રરે;
મહાઅઘોર કલિ જીવ ઉદ્ધારવા, સાતે ભક્તિનો એ જંત્ર. ૬
સાત ભક્તિનાં નામ વખાણું, શ્રવણ વળી કીર્તનરે;
સ્મરણને વળી શ્રવણ ભક્તિ, પાંચમી છે અર્ચન. ૭
પાદસેવા વંદન દાસત્વ, એ સર્વે મળીને સાતરે;
મહાપરાક્રમી સાતે જણને એક એક મલી વિખ્યાત. ૮
શુક, પરીક્ષિત, પ્રહલાદ, શેષજી, લક્ષ્મીને પૃથુરાજરે;
હનૂમાન્ આદે સાતે જણને, એકએક ભક્તિ એ કીધાં કાજ. ૯
એવા મ્હોટાને બહુ પરાકાષ્ઠાથી, પ્રાપ્ત થયું રત્નરે;
આ દૈવી જીવ પર દયા વિચારી, અષ્ટાક્ષર ધન્ય ધન્ય. ૧૦
આ સાતેમાંથી એકે સાધન, આ કલિના જીવ શું કરશેરે ?
અષ્ટાક્ષર મહામંત્ર જપ્યાથી, ભવસાગર તે તરશે. ૧૧
જે દિવસથી ગુરુકૃપાથી, અષ્ટાશર મળ્યું દાનરે;
તે દિવસથી જીવત પર્યંત, રૂડું રાખ્યું ધ્યાન. ૧૨
શ્વાસોચ્છ્વાસને ફરતાં ફરતાં, અષ્ટાક્ષર મુખ ગાયરે;
નિદ્રા જાગરણ રસ્તે આવતાં, અહોનિશ ચાલ્યાં જાય. ૧૩
આનંદને વળી પરમાનંદનું, સુખ મળે સુખ થાયરે;
મહાઅલૌકિક લીલાનો અનુભવ, કરી લીલામાં જાય. ૧૪
પ્રથમ શ્લોકમાં શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ, કૃપા બહુ ગૂઢ કીધીરે;
નિજ સૃષ્ટિને દાન આપીને, સર્વ કામના સિદ્ધિ. ૧૫
બીજા શ્લોક સદા સર્વદા, શ્રીકૃષ્ણ સ્મરણ કરવુંરે;
જમના દૂતનું કાંઇ ન ચાલે, લેશમાત્ર નહિ ડરવું. ૧૬
અગાધ ભક્તિ અષ્ટાક્ષરની, મહાપાતક સહુ નાસેરે;

ગૌ બ્રાહ્મણ સ્ત્રી બાળકની હત્યા, તે સહુ ત્રાસે નાસે. ૧૭
ત્રીજા શ્લોકમાં માહાત્મ્ય જાણી, અષ્ટાક્ષર નિત્ય જપવોરે;
જમના દૂત પડે નહિ દષ્ટે, એવો અષ્ટાક્ષર ઓળખવો. ૧૮
કાળ કર્મ તેહેને નહિ બાંધે. ઉલટા અનુકૂળ થાયરે;
માયા મોહ ના આપે તેને, જે અષ્ટાક્ષર નિત્ય ગાય. ૧૯
જ્ઞાન અજ્ઞાનને શ્રીકૃષ્ણભજનથી અગણિત પાપ સહુ જાયરે;
અજામિલની વાત વિચારો, મહાપાપી પાવન થાય. ૨૦
ચોથામાં "શ્રી" સહિત અષ્ટાક્ષર વર્ણવ્યું, શ્રીવિઠ્ઠલેશરે;
નિજ સૃષ્ટિ ઉપર હેત વિચારી, ગુરુરૂપે ઇશના ઇશ. ૨૧
નિષ્પક્ષ વડે નિરાધાર કરીને, પ્રકટ કર્યા મહારાજરે;
પાંચમા શ્રીમુખવચનથી, શ્રીવલ્લભે કીધાં કાજ, ૨૨
શ્રીગિરિરાજધરણે ચિંતા મટાડવા, મહદ્મંત્ર પ્રકટાવ્યોરે;
જેમ રૂનો ઢગલો ચીનગી બાળે, તેમ જીવના દોષ મટાડવા. ૨૩
દ્વાપરમાં પ્રભુ પ્રકટ થઇ, પૃથ્વીનો ભાર ઉતાર્યોરે;
તેમ કલિમાં આ અષ્ટાક્ષરથી, વહાલે સકળ સૃષ્ટિને તાર્યો. ૨૪
શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલેશે કૃપા કરીને, પુષ્ટ રસ પ્રકટાવ્યોરે;
માળા તિલક છાપ અષ્ટાક્ષર, પંચાક્ષર ઘણા ભાવ્યા. ૨૫
છઠ્ઠા શ્લોકમાં અષ્ટાક્ષરના, અક્ષર વર્ણવ્યા ત્રણરે,
શ્રીકૃષ્ણ નામને સુભાગ્ય સાથે, દઢ કરી મન તું પરણ. ૨૬
'શ્રી'થી અખંડ સૌભાગ્યની પ્રાપ્તિ, મળે અલૌકિક ધનરે;
'કૃ' શબ્દ પાપ તાપને ટાળે, 'ષ્ણ' શબ્દ ફળ અન્ય સાધન. ૨૭
સાતમા શ્લોકમાં શરણ ત્રણ એ, અક્ષર વર્ણવ્યા આપરે;
પ્રથમ શબ્દથી લક્ષચોરાશી, ટળી મિટાવ્યા તાપ. ૨૮

'ર'કાર શબ્દથી મહાઅલૌકિક, લીલાનું થાય જ્ઞાનરે;
'ણ'કારથી અન્ય આશ્રય છુટે, દઢ ભક્તિમાં રહે ધ્યાન. ૨૯
આઠમા શ્લોકમાં એ 'મમ' એ, કૃપા ગૂઢ બહુ કીધીરે;
પ્રથમ 'મ'એ દઢ પ્રીત બતાવી, બીજે સૌજન સિદ્ધિ. ૩૦
નવમા શ્લોકમા માહાત્મ્ય જાણી, અષ્ટાક્ષર નિત્ય ગાયરે;
શ્રીજી શ્રીવલ્લભના ચરણ, સ્પર્શિત સેવે દઢ થાય. ૩૧
દશમા શ્લોકમાં મહામંત્રથી, રોગ પાપ સહુ જાયરે;
ઋદ્ધિ-સિદ્ધિ સહુ ઘરમાં આવે, પરમાનંદ સુખ થાય. ૩૨
એકાદશમો આનંદનો, વળી પરમાનંદ પૂર્ણરે;
સ્નેહ કરી અષ્ટાક્ષર જપે, તેને રોગજ્વરનું ચૂર્ણ. ૩૩
દ્વાદશમાં વળી પ્રેત ભૂત, પિશાચ સર્વેને શોધેરે;
ચારે શત્રુનો ડર નહી તેને, અષ્ટાક્ષર રાખો હીંગે ૩૪
ત્રયોદશમાં કુક્રિયા, ક્રોધ અષ્ટાક્ષરથી ત્રાસેરે;
આનંદમૂર્તિ શ્રીકૃષ્ણચંદ્ર, નિજ ભક્તને રાખો પાસે. ૩૫
ચતુર્દશમાં સર્વે પ્રકારનું, દુઃખ મટે સુખ થાયરે,
અહોરાત્રિ શ્રીકૃષ્ણભજનથી, ઉભયલોક સુખ ગાય. ૩૬
પંચદશમાં શ્રીવલ્લભ પ્રભુને, શરણ થઇ સુખ ગાયરે;
સર્વમંત્રનો રાજશિરોમણિ, ભજે સ્વર્ગ મટે વ્રજ થાય. ૩૭
ષટ દશમાં અષ્ટાક્ષરના ગુપ્ત તે જપ થાયજો;
માહાત્મ્ય જાણી શ્રદ્ધાપૂર્વક ભજે પાપ ક્લેશ સહુ જાય. ૩૮
સત્તરમાં સહુ સૃષ્ટિના [illegible]ર, [illegible]ત કરી પ્રભુ પ્રકટયારે;
વેદ શાસ્ત્ર પુરાણ આધનો, સાર સહુ મન ભાવે. ૩૯
અષ્ટાદશમો શ્લોક શ્રીવિઠ્ઠલ પ્રભુજીએ પૂર્ણ કીધોરે;

અષ્ટાક્ષરમાં નિધિ જાણી, સકળ મનોરથ સીધો. ૪૦
એવે વહાલે નિજ સૃષ્ટિપર, દયા વિચારી ભારીરે;
ગુરુકૃપાથી વર્ણન કીધો જાયદાસનો દાસબલિહારી. અષ્ટાક્ષર૦ ૪૧

શ્રીસર્વોત્તમજીનું ઘોળ.

ઘોળ ૫૪ મું.

ભલે પ્રકટયા શ્રીવલ્લભદેવ, શ્રીપુરુષોત્તમ ભૂતલ ફરીજી,
નહિ પ્રાકૃત ધર્મનો લેશ, અપ્રાકૃત નિજરૂપ ધરીજી. ૧
કરે નિગમ નિરૂપણ એમ, તે સાકારની સ્તુતિ કરીજી,
મહાકલિકાલાદિક દોષ, પંડિતની દષ્ટિ તિમિર ભરીજી. ૨
મહિમા નવ જાણે જેહ, તે કહીએ ખરાસુર અરિજી;
વહાલે દયા કરી મુખરૂપ, નિજલીલા પ્રકટ કરીજી. ૩
જેની વાણી અતિદુર્બોધ, થાય સુબોધ જેણે કરીજી,
તેનાં અષ્ટોત્તર શતનામ, તે કહીએ મહાઅઘ હરિજી. ૪
જેના ઋષિવર અગ્નિકુમાર, જગતી છંદ નામે ધરીજી,
શ્રીકૃષ્ણ કમલ મુખ દેવ, બીજ દષ્ટિ કરુણા ભરીજી. ૫
જેની ભક્તિમાં અંતરાય, તે નાશને પ્રયોજન સહીજી,
આપે અધરામૃતની સિદ્ધિ, મધ્યે નિશ્ચય કરીજી. ૬

ઢાળ.

વહાલો*¹આનંદ ²પરમાનંદ કહેવાય,
³શ્રીકૃષ્ણ કમલ મુખ ⁴કૃપાનિધિ થાય. ૭

* જે શબ્દ ઉપર ૧ થી ૧૦૮ સુધી આંકડા મુકવામાં આવ્યા છે તે શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજીનાં નામ સમજવાં.

વહાલો [5]દૈવી ઉદ્ધારણ પ્રયત્ન ઉપાય,
જેના [6]સ્મરણમાત્રથી આર્તિ જાય. ૮
[7]શ્રીભાગવત ગૂઢાર્થ પ્રકટાય,
[8]સાકાર બ્રહ્મનો વાદ સ્થપાય. ૯
[9]વેદપારગ ચૌદ ભુવન કહેવાય,
[10]માયાવાદ નિરાકૃત સહુ મિલિ ગાય. ૧૦
[11]સર્વવાદિ નિરાસ કીધા તે લખાય,
[12]ભક્તિમાર્ગ સરસ કમલ વિકસાય. ૧૧
[13]શ્રીશૂદ્રાદિકને ઉદ્ધારવા સમર્થ,
જેના સાધનબલથી ન થાય અર્થ. ૧૨
[14]અંગીકારમાત્રથી સર્વસ્વ કીયે,
કીધા શ્રીગોપીજન પતિને પ્રિયે. ૧૩
[15]અંગીકાર કરે મર્યાદાનું સાર,
[16]મહાકરુણાવંત [17]સમર્થ અપાર. ૧૪
વહાલો [18]અદેયદાન દેવાને ચતુર,
[19]મહાઉદાર ચરિત્ર કરે બહુ પૂર. ૧૫
લીલા દેખાડી [20]પ્રાકૃતની જેહ,
તે મિષે મોહ્યા સુર રિપુ તેહ. ૧૬
[21]વૈશ્વાનર [22]શ્રીવલ્લભ છે નામ,
[23]વહાલો સુંદર રૂપ [24]સ્વજન હિત કામ. ૧૭
[25]કૃષ્ણભક્તિ કરે જન શિક્ષાકાજ,
આપે [26]અખિલ ઇષ્ટ શ્રીવલ્લભરાજ. ૧૮
[27]સર્વલક્ષણથી સંપન્ન વિવેક,

[૨૮]શ્રીકૃષ્ણ જ્ઞાન દાતા [૨૯]ગુરુ એક. ૧૯
પોતાંના [૩૦]આનંદ થકી બહુ પુષ્ટ,
એના [૩૧]કમલ પત્રસે નેત્ર સંતુષ્ટ. ૨૦
[૩૨]કૃપાદષ્ટિની વૃષ્ટિ હરખ્યાં મન,
તે દાસદાસી [૩૩]પતિ પ્રિય છે અનન્ય. ૨૧
[૩૪]રોષદષ્ટિ કરે ભક્તિ શત્રુ પ્રજાલ,
[૩૫]ભક્ત સેવંતા સુખ સેવા રસાલ ૨૨
જીરે [૩૬]ભક્તિ વિના નહિ સેવાસાધ્ય,
તે કારણથી કહીએ [૩૭]દુરારાધ્ય. ૨૩
જેના [૩૮]ચરણસરોજ દુર્લભ દરશાય,
તેના [૩૯] પ્રતાપ ત્રૈલોક કહેવાય. ૨૪
[૪૦]વચનામૃત કરી પૂર્યા સેવકના અર્થ,
[૪૧] શ્રીભાગવત અમૃત મથન સમર્થ. ૨૫
તેનો [૪૨]સાર કહીએ વ્રજસુંદરીનો ભાવ,
તે પરિપૂર્ણ છે દેહ ભરાવ. ૨૬
[૪૩]સાન્નિધ્યમાત્ર કરે કૃષ્ણપ્રેમ,
ભક્તિ [૪૪]મુક્તિ દેવાનું એહુને નેમ. ૨૭
એક [૪૫]રાસલીલામાં તેનું તાન,
પ્રભુ [૪૬]કૃપા કરીને કરે કથાનું દાન. ૨૮
વહાલો [૪૭]વિરહના અનુભવને હેતે કાજ,
સર્વ ત્યાગ જણાવ્યો શ્રીવલ્લભરાજ. ૨૯
ઉપદેશ કર્યો [૪૮]ભક્તિમાર્ગ આચાર,
લોક માંહે કર્યો [૪૯]કર્મ માર્ગ પ્રચાર. ૩૦

વેદ શાસ્ત્ર કહ્યા [૫૦]યજ્ઞાદિક દાન;
તેનું ફલ મર્યાદા ભક્તિ નિદાન. ૩૧
[૫૧]પ્રભુ પૂર્ણાનંદ છે [૫૨]પૂરણ કામ,
સરસ્વતીના [૫૩]પતિ દેવ ઇશ [૫૪]અભિરામ. ૩૨
વહાલે [૫૫]સહસ્ત્ર કહ્યાં પુરુષોત્તમ નામ,
[૫૬]નિજજનને આશ્રયનું છે ધામ. ૩૩
[૫૭]ભક્તિમાર્ગની રીતે કરવા ઉપદેશ,
બહુ ગ્રંથ કરીને ટાળ્યો સંશયનો લેશ. ૩૪
જેને પામવાને છોડ્યા [૫૮]પ્રાણથી પ્રિયે,
એવા ભક્ત [૫૯]સમાજ બિરાજે શ્રીએ. ૩૫
આપ [૬૦]સાધન કરે નિજ દાસને કાજ,
એવા સમર્થ [૬૧]શ્રીવલ્લભમહારાજ. ૩૬
કરવા [૬૨]ભક્તિ પ્રચારક ભૂતલ માંહી,
[૬૩]વશ કીધા પિતા થઇને ગ્રહી બાંહી. ૩૭
સર્વે [૬૪]સામર્થ્ય ધર્યું પોતાને વંશ,
ગર્વ દૂર કરી [૬૫]ટાળ્યો સંશયનો અંશ. ૩૮
[૬૬]પ્રભુ પતિવ્રતાના પતિ સાક્ષાત,
કરે દાક [૬૭]લોક પરલોક દાન વિખ્યાત ૩૯
જેના અંતઃકરણ છે [૬૮]ગૂઢ અપાર,
[૬૯]અંગીકૃતને જણાવ્યો મનનો વિચાર. ૪૦
[૭૦]ઉપાસનાદિક માર્ગ જે અન્ય,
તેનો મોહ ટાળીને કીધા સેવક અનન્ય ૪૧
કર્યો નિશ્ચય જે [૭૧]ભક્તિ સર્વથી વિશેષ,

કીધો [૭૨]શરણમાર્ગનો જુવો ઉપદેશ. ૪૨
[૭૩]શ્રીકૃષ્ણના મનની જાણે વાત,
[૭૪]લીલાકુંજ બિહારી પરિપૂર્ણ ગાત. ૪૩
[૭૫]કથારસ મગ્ન સદા છે ચિત્ત,
[૭૬]વિસર્યું સૌ તે થકી બીજું વિત્ત. ૪૪
પ્રિય છે ઘણું [૭૭]વ્રજને [૭૮]વ્રજને વાસ,
કરે પુષ્ટિલીલા એકાંત [૮૦]વિલાસ. ૪૫
કરે [૮૧]ભક્તેચ્છા પરિપૂર્ણ દાન,
નહિ નિજ [૮૨]લીલાનું કોઈને ગાન. ૪૬
અતિ [૮૩]મોહિત જેનું શીલ ઘણું,
નહિ લોક [૮૪]વિશે આસક્તિ અણુ. ૪૭
નિજ [૮૫]ભક્ત વિષે આસક્તિ છે એક,
પ્રભુ [૮૬]પાન કીધા પતિત અનેક. ૪૮
જે કરે [૮૭]પોતાના ગુણનું ગાન,
એના હૃદય કમલ રહેવાનું સ્થાન. ૪૯
નિજ [૮૮]યશરૂપ અમૃત લહરી,
તેથી બીજી સર્વ રસ વાસના હરિ. ૫૦
પ્રભુ [૮૯]પોતે સર્વ થકી છે પર,
ન કરે તુલ્યતા કોઈ અવર. ૫૧
[૯૦]લીલારસ અમૃત તરંગ બહુ,
ભીંજવ્યા છે ભક્તશરીર સહુ. ૫૨
રુચિ આવે [૯૧]ગિરિગોવર્દ્ધન વાસ,
તે [૯૨]લીલામાં છે અતિશય ઉલ્લાસ. ૫૩

કરે ૯૩યજ્ઞ ભોગને ૯૪યજ્ઞ કર્મ,
આપે અર્થ કામ ને મોક્ષ ૯૫ધર્મ. ૫૪
પ્રભુ ૯૬સત્ય વચન છો +૯૭ત્રિગુણાતીત,
નીતિ ૯૮ચતુરાઈ છે અતિ અગણિત. ૫૫
કરવા ૯૯પોતાની કીર્તિ પ્રકાશ,
કરવા ૧૦૦વ્યાસસૂત્રનું નૂતન ભાષ્ય. ૫૬
અતિતુચ્છ *તૂલ જે ૧૦૧માયાવાદ,
કરી ભસ્માગ્નિ સ્થાપ્યો છે +૧૦૨બ્રહ્મવાદ. ૫૭
×૧૦૩અપ્રાકૃત ભૂષણની અતિકાંતિ.
હસતાં ૧૦૪મુખ શોભે છે બહુ ભાંતિ. ૫૮
૧૦૫પ્રભુ તિન લોકના ભૂષણ સાર,
પ્રકટયા ૧૦૬ધરણીનું ભાગ્ય અપાર. ૫૯
પ્રભુ ૧૦૭સુંદરતા છે અતિ અનૂપ,
કેમ વર્ણન કરી શકું એ સ્વરૂપ. ૬૦
સૌ માગે છે પોતાના જન,
૧૦૮ચરણારવિંદની રજ જે ધન ૬૧
એ કહ્યાં એકસોને આઠે નામ,
શ્રીવલ્લભ આનંદનું છે ધામ. ૬૨

વલણ.

જે કોઇ શ્રદ્ધા કરી નિત્ય ગાયેરે, તેનું મન પહેલું સ્થિર થાયેરે. ૬૩
અધરામૃતની સિદ્ધિ પામેરે, તેમાં સંશયનો નહીં નામેરે. ૬૪
એ પામ્યા વિના મોક્ષ છે હીનરે, તેના પલમાં મુક્તિ છે લીનરે. ૬૫

+ ત્રણ ગુણથી રહિત * ૨ (કપાસ) × શુદ્ધાદ્વૈત × અલૌકિક.

તેથી સર્વોત્તમ જપ કરવોરે, શ્રીકૃષ્ણરસે મન ભરવોરે. ૬૬
શ્રીવિઠ્ઠલઉચ્ચરિત એ નામરે, જે ગાયે પૂરે તેનાં કામરે. ૬૭
તેનો જન્મ સફલ કરી લેખેરે, જેનાં **વ્રજભૂષણ** સુખ દેખેરે. ૬૮

રાગ કાફી પદ ૫૪ મું.

શ્રીસર્વોત્તમ જપ નિત્ય કરના હો. (૨)
સકલ શાસ્ત્રકો સાર એહી હે, ત્રિવિધ તાપ સબ અઘ હરના હો. શ્રી ૧
પુષ્ટિ પદાર્થ યાહીતે પૈયત, યાહીતે ભવસાગર તરના હો;
રંગીલે **ત્રિકમ** પ્રિય જાઉં બલિહારી, કાલદંડસે ના ડરના હો. શ્રી ૨

પદ ૫૫ મું.

કરીયે શ્રીસર્વોત્તમ રસપાન (૨)
પ્રશંસા કરી શકે કોન કવિ એસો, શ્રીમુખ કરત વખાંણ કરીયે શ્રી. ૧
અતિશય કરુણા કરી આ કલિમેં, દીયો દૈવી જીવનકો દાન;
એક એક અક્ષર હેં અધરામૃત, ગુપ્ત રહસ્ય ગુણગાન કરીયે શ્રી. ૨
અર્ધ નિમેષ વિલંબ ન કરીયે, રેન દિવસ આઠો જામ;
રસિક પ્રીતમ જાકે રંગ રંગ્યો, સો હે ભક્ત નિધાન. કરીયે શ્રી. ૩

સિદ્ધાંતરહસ્યનું ધોળ.

ધોળ ૫૬ મું.

પુષ્ટિમાર્ગ સિદ્ધાંતની, સાંભળ કહું એક વાત;
શ્રાવણ સુદ એકાદશી, વચન કહ્યાં જે રાત. ૧
શ્રીમદ્ વલ્લભને મન, ઇચ્છા ઉપની એહ;
આજ્ઞા બ્રહ્મસંબંધની, પ્રભુજીએ કીધી તેહ. ૨
પોતાના જન જાણીને, ચિંતા ધરી મન માંહ;

આતુરતા દીઠી ઘણી, શ્રીજી પધાર્યા ત્યાંહ. ૩
શ્રીપૂર્ણ પુરુષોત્તમ તમે છો, જીવ છે દોષસહિત;
તે ઉદ્ધારણ કારણે, પ્રભુજી ધરજો ચિત્ત. ૪
ત્યારે શ્રીજી એમ બોલીયા, સાંભળો વલ્લભરાય;
નામ સમર્પણ જે કરે, તેનાં પ્રાયશ્ચિત જાય. ૫
જીવજાત હોય જે કોઇ આવે તમારે શરણ;
તે ઉપર કરુણા કરી, રાખીશ મારે ચરણ; ૬
પવિત્રું કરી સુત્રનું, પહેરાવ્યું શ્રીજગદીશ,
કેસરી રંગે રંગીયું, તાર ત્રણસેં ત્રણ વીશ. ૭
મીશ્રી ભોગ ધરાવીને, વસ્ત્ર પેહેરાવ્યાં તેણીવાર;
કોર છેડા કર્યા કેસરી, ધોતી ઉપરણા સાર. ૮
સેવક જન સુખ કારણે શ્રીજીએ કીધો શ્રમ,
નામ સમર્પણ આપીને, રાખ્યો વૈષ્ણવ ધર્મ. ૯
શ્રીગિરિધારીજી મંદિરે પધાર્યા, એ સુખ કહ્યાં નવ જાય;
હરિદાસ શોભા જોઇને, આનંદ મંગલ ગાય. ૧૦

શ્રીનવરત્નનું ધોળ.

ધોળ ૫૭ મું.

શ્રીમદ્‌વલ્લભ શ્રીમહાપ્રભુને નમુંજી, શ્રીવિઠ્ઠલેશ પ્રભુ લાગું પાય;
શ્રીબાલકૃષ્ણજીને પ્રણમુંજી, શ્રીવ્રજભૂષણજી પરમકૃપાળ. શ્રીમદ્. ૧
શ્રીવલ્લભદેવે મહાકરુણા કરીજી, જેથી જીવનનું કારજ થાય.
સર્વે વૈષ્ણવના કૃતિ એક છેજી, સત્રળી ચિંતા નિવૃત્ત થાય શ્રીમદ્. ૨
દઢ આશરો શ્રીમહાપ્રભુજીનો રાખીએજી, ચિંતા ન કરીએ લગાર;
સર્વે આત્મા શ્રીજીને સમર્પીએજી, એ છે ભક્ત તણા આધાર. શ્રીમદ્. ૩

પુષ્ટિમાર્ગમાં શ્રીજી રહે સદાજી, જીવ કીધા છે અંગીકાર;
લૌકિકની ગતિ ન આપે કદાજી, પ્રભુ નથી જોતા અધિકાર. શ્રીમદ્ ૪
નામનિવેદન કીધા થકીજી, પ્રભુ રાખે પોતાની પાસ;
વશ ન થાય એ પ્રભુ કો થકીજી, વશ થઈ રહ્યા વલ્લભી પાસ. શ્રીમદ્ ૫
નિવેદનમંત્રનું સ્મરણ નિત્ય કરવુંજી, સર્વદા ભગવદી સાથ;
અવૈષ્ણવની સંગે ન ફરવુંજી, કૃપા થાય તાદશીય હાથ શ્રીમદ્ ૬
ફલની ચિંતા નવ રાખીએજી, પ્રભુ સર્વેશ્વર કહેવાય;
સર્વના આત્મા શ્રીજી સાક્ષી છેજી, દૂર ભક્તથી કેમ રહેવાય? શ્રીમદ્. ૭
પ્રભુને ગમે તે ખરૂં એમ જાણવુંજી, હરિનું બીરદ છે દીનદયાલ;
સ્ત્રીપુત્રાદિક પુષ્ટિમાં આણવાજી; યોગ્યતા ન વિચારે દયાળ. શ્રીમદ્. ૮
નિવેદન કરવું સર્વે સંગાથશુંજી, અન્યવિનિયોગની ચિંતા ન આણ;
અજ્ઞાની હોય કિંવા જ્ઞાનશુંજી, સમજું હું અધિક એવું ન જાણ. શ્રીમદ્ ૯
જેણે આત્મનિવેદન કીધું છેજી, તેના ઉદ્ધારમાં સંદેહ ન આણ;
પ્રાણ સંગાથે શ્રીમહાપ્રભુજીને દીધું છેજી, તેથી સંશય મનમા ન આણ.૧૦
સમર્પણમંત્ર મહાસમર્થ છેજી, ના જાણશો ઓછી વાત;
એ કોઈ અંશ કલા નથી પૂર્ણ છેજી, શ્રીજી પુરુષોત્તમ સાક્ષાત. શ્રીમદ્.૧૧
પ્રભુ પોતે સર્વથી પર છેજી, વળી મહાસમર્થ છે એ નાથ;
ભક્તના દુઃખ હર્તા સુખકારી છેજી, ચિંતા નવ કીજીએ માથે નાથ. ૧૨
લૌકિક વૈદિક જે કર્મ છેજી, તે હરિ સિદ્ધ થવા દે નહિ;
તો એ સેવા સમર્પણ ધર્મ છેજી, તેથી મન દૂર કીજે નહિ. શ્રીમદ્ ૧૩
પુષ્ટિમાર્ગમાં શ્રીજી રહે સદાજી, વળી જીવનું કીધું શું હોય;
પ્રભુ કરે તે સુખ માની રહીએજી, સાક્ષી થઈ રહે સુખ હોય. શ્રીમદ્ ૧૪
દીનતાભાવ મનમાં રાખીએજી, બીજા સાધનનું નથી કામ;

સર્વદા સેવા કરી શ્રીજી સાધવાજી, ગુરુની આજ્ઞા થકી એ કામ. શ્રીમદ્.૧૫
ગુરુની આજ્ઞા ઉલ્લંઘન નવ કીજીએ શ્રીજીની ઇચ્છા એ થાય તે થાય;
આપણું મન ગુરુને દીજીએજી, પ્રભુથી અધિક રાખીએ ભાવ શ્રીમદ્.૧૬
સેવા કરો નિત્ય ચિત્ત પ્રીતશુંજી, તો સુખી થાશો આ જુગમાંહે;
પરીક્ષા અર્થે શ્રીજી કદા નવ સુણેજી, ન ઉદ્વેગ ધરો મન માંહે. શ્રીમદ્. ૧૭
તોયે ધીરજ રાખી સેવા કરવીજી, પ્રભુ સુખકર્તા છે સત્ય;
એમની લીલા જોઈ ચિંતા દૂર કરવીજી, વૈષ્ણવને એરે જુગત્ય. શ્રીમદ્.૧૮
એકાદશ ઇંદ્રિય પ્રભુને સન્મુખજી, સેવામાં દિવસ ને રાત;
એક ઇંદ્રિય વિમુખ નવ કીજીએજી, સર્વાત્માં ભકિત કરો અહો રાત.૧૯
"**શ્રીકૃષ્ણ:શરણં મમ**" સદા જપોજી. ન વિસારશો પળ એક માત્ર;
એ જુગતેથી ચિંતા દૂર કરોજી, થાશો શ્રીજીના કૃપાપાત્ર. શ્રીમદ્ ૨૦
શ્રીમહાપ્રભુજી કહે અમારી એ મતિજી, વળી એ જ છે નિર્ધાર;
સર્વે વૈષ્ણવ રાખજો ચિત્ત ધરીજી, શ્રીવલ્લભજી પ્રાણઆધાર.શ્રીમદ્. ૨૧
એ અમૂલ્ય રત્ન જે કોઈ ચિત્ત ધરેજી, તેને પુષ્ટિભકિત દઢ ફલ હોય;
જે આ ધોળ ગાયે ચિત્ત ધરેજી, તેને પરમ આનંદ સુખ હોય.શ્રીમદ્. ૨૨

પુષ્ટિમાર્ગનાં પાંચ તત્ત્વનું ધોળ.

ધોળ ૫૮ મું.

પુષ્ટિમાર્ગના પાંચ તત્ત્વ જે નિત્ય ગાયજી,
તેના જન્મો જન્મનાં પાપ સર્વે જાયજી. ૧
શ્રીજી શ્રીનવનીતપ્રિયા સુખકારીજી,
સમરો શ્રી મથુરાનાથ કુંજબિહારીજી. ૨
શ્રીવિઠ્ઠલેશરાય શ્રીદ્વારકેશરાય ગિરિધારીજી,
શ્રીગોકુલચંદ્રમાજી શ્રીમદનમોહનપર વારીજી. ૩

બીજું તત્ત્વ શ્રીવલ્લભકુલને ભજીએજી,
કુડા લોક લાજની કાન સર્વે તજીએજી. ૪
ત્રીજું તત્વ શ્રીગોવર્દ્ધનધર નિત્ય ગાયેજી,
શ્રીનટવરલાલનું ગમતું સર્વે થાયજી. ૫
ચોથું તત્ત્વ શ્રીયમુનાજીને જાણોજી,
કરો સ્નાન જલ ને પાન એ સુખ માણોજી. ૬
પાંચમું તત્ત્વ શ્રીવ્રજભૂમિને ગાઇએજી.
નિત્ય ઉઠી વૈષ્ણવ જન પદરજ પાઇએજી. ૭
પાંચે તત્ત્વનું ધ્યાન નિરંતર કીજેજી,
તો મનવાંછિતનાં ફલ સર્વે લીજેજી. ૮
પાંચે તત્ત્વ શ્રીબ્રહ્માદિકને દુર્લભજી.
શ્રીવલ્લભપ્રભુ પ્રકટ પ્રમાણ કર્યાં સર્વે સુલભજી. ૯
એ શોભા જોઇ **હરિદાસ** જાય બલિહારીજી,
એ લીલા ગાજો નિત્ય નર ને નારીજી. ૧૦

પુષ્ટિમાર્ગનાં દશ મર્મનું ધોળ.

ધોળ ૫૯ મું.

પુષ્ટિમાર્ગ તણા મર્મ દશ જાણીને, નિત્ય આચરણ કરી હૃદે વિચારે;
તો તેને વશ થાયરે શ્રીહરિ, પ્રેમની વેલડી ત્યહાં વિસ્તારે. ૧
પ્રથમ એક મર્મ શ્રીમહાપ્રભુ જાણીને, દૃઢ વિશ્વાસ કરી વચન પાળે;
અવર સાધન સબ લૌકિક કામના, એમની કૃપા વિના ફલ ન ભાળે ૨
બીજો મર્મ તે કેવલ શ્રીગુરુ વાયક, વિશ્વાસ આચરણે કરવું;
જે જે વાણી શ્રીવલ્લભ ઓચરે, તે તે વિચારીને મન ધરવું. ૩
ત્રીજો મર્મ તે શ્રીકૃષ્ણના નામનો, માહાત્મ્ય દૃઢ થઇ સકલ સારે;

અનેક પ્રકારના ધર્મ કોઈ ઉચ્ચરે, તે કોટિમાં અંશ તેને ન ભારે. ૪
ચોથા મર્મ તે વિશ્વાસ આણી કરી, પ્રભુજી કરશે તે અતિ રૂડું.
શ્રીરાધિકા રમણ શ્રીવ્રજવિહારી, હરિભજન કરવું અન્ય જાણી કુડું ૫
પાંચમો મર્મ શ્રીકૃષ્ણ શરણાગતિ, લૌકિક વૈદિક પરિત્યાગ ભાવે;
નિરપેક્ષ ભાવના સર્વ વિષે રાખે, ત્યારે શ્રીકૃષ્ણને દયારે આવે. ૬
છઠ્ઠો મર્મ તે કેવલ નામનો, સર્વ પ્રકાર ગુણ ગાન કરીએ;
જ્ઞાનદ્વારા કરી સકલ લીલા ખરી, શ્રીવ્રજનાથને હૃદે ધરીએ. ૭
સાતમો મર્મ તે અંતરિક્ષ સેવા, વ્યસનાત્મક વ્રજમાંહી ફરીએ;
ભાવાત્મક ત્યાં વપુ પોતાતણું, તે સખી ભાવશું જાણી વરીએ. ૮
આઠમો મર્મ તે ક્રીડારસ ભાવના, અંતરમાં અનુભવ કરવો;
જેમ જેમ સખી સંગે ક્રીડેરે સાંવરો, તેમ તેમ રસ હૃદે ભરવો. ૯
નવમો મર્મ તે દ્વૈત દલ ભાવના, તાપક્લેશ મનમાંરે લાવે;
એ ફલ દશા વ્રજસુંદરી ભોગવે, તેમ તેમ એકને અનુભવ કરાવે. ૧૦
દશમો મર્મ તે દીનતાભાવનો, સર્વ ભાવ કરી હૃદે દુઃખ આણે;
અનેક પ્રકાર નાનાવિધ છે ઘણા, તે શ્રીકૃષ્ણકૃપાવિના કોઇ ન માને. ૧૧
એ દશ મર્મ જે કોઇ ગાય ને અનુભવે, તેને શ્રીકૃષ્ણ આધીન થાયે;
શ્રીવલ્લભ મહાપ્રભુ નિપટ કરુણા કરી, આપના **દાસની** બાંહ્ય સાહે. ૧૨

भक्त कविवर्य दयारामकृत भक्तिपोषण.

ધોળ ૬૦ મું.

શ્રીગુરુ વલ્લભ દેવને, હું પ્રથમ કરૂં પ્રણામ;
શ્રીવિઠ્ઠલ શ્રીકૃષ્ણ શ્રીયમુને, મહાપૂર્ણ કામ;
પૂર્ણકામ દામોદરદાસ, અષ્ટ સખા પૂરો જર વાસ;
શુભમતિ દ્યો અતિ પરમ પવિત્ર, ભક્તિસુપોષણ ગાઉં ચરિત્ર.

સેવો શ્રીકૃષ્ણ કૃપાલ. ૧
ચારે વેદ ષટ શાસ્ત્રનો, વારે વારે કર્યોરે વિચાર;
ઉપનિષદ્‌ના અર્થનો, શોધતાં નિકળ્યો એ સાર.
નિકળ્યો સાર શ્રીકૃષ્ણની ભક્તિ, સત્સંગમાં કરવી આસક્તિ;
શ્રીપૂર્ણ પુરુષોત્તમને યુગલ ચરણે, સર્વ સમર્પીને રહેવું શરણે-સેવો. ૨
નહિ કોઇ જેહની સમોવડી, કોઇ ઈશ નાહ જેહને શીશ,
સર્વ વસ્તુ જે થકી થઇ, જે કોઇ કહાવે સર્વના અધીશ;
સર્વાધીશ વંદે સહુ જેહને, નિગમ નેતિ નેતિ કહે છે તેહેને;
શેષ મહેશ વિધિ શ્રીઅગમ્ય, તેને કહીએ પૂર્ણ પુરુષોત્તમ—સેવો. ૩
શ્રીપુરુષોત્તમને પરહરી, જેનું અન્ય અમર મન મોહે;
(તે) કામદુધા મળી મૂકીને, મહિષીપુત્રનું પય દોહે,
દોહે ગાય મુકી મૂઢ પાડો, તરસ્યો ગંગાતીરે ખોદે ખાંડો;
તેમ પૂર્ણ ત્યજી અવર આરાધે, મેહેનત માથે પડે કાંઇ ન લાધે-૪
રાખી ભરોંસો અન્યનો, ન કરે આશ્રય અવિનાશ;
ઇચ્છે અખિલ દુઃખ વામવા, વળી શ્રેય થવા મન આશ;
આશરે કરે તરવા દધિ પૂર, શ્વાનનું હાથ ગ્રહી લંગુર;
તે જેવો પામશે સાગર પાર, તરશે તેવો હરિવિમુખ સંસાર—૫
કોડી ઉપાસન મલીનનું, જનનું તામ્ર મુદ્રા સમ જાણો;:
રૂપૈયો સુરસેવના, વ્યુહ કંચન મોહોર પ્રમાણો;
કંચન મોહોર વ્યૂહ હરિ હીરો, એમ અંશ અંશી સમજી રહો;
સર્વ એ દ્રવ્ય હીરાથી થાય, (પણ) હીરો કર્યો કોઇએ નવ કહેવાય—૬
જગત્ વૃક્ષ ત્હેનું મૂળ હરિ, મૂળ પોષે વૃક્ષ પોષાય;
પ્રતિશાખા જલ સિંચીએ, તેથી તરુ તૃપ્તિ ના થાય;

તૃપ્તિ ના થાય ટચા શ્રમ પહોંચે, સમજણ આવે ત્યારે પછી શોચે;
મુખદ્વારા સહુ ઇંદ્રિય સંતોષ, ભોજન અંગ લેપ્યું કોઇને ન પોષે-૭
જુઓ સ્વભાવ શ્રીકૃષ્ણનો, જનના અવગુણને ગુણ જાણે;
અવળું પડે અન્યદેવને, સામું દે દુઃખ શત્રુ પ્રમાણે;
પ્રમાણ નહિ ફલ દેતો જાય, હરિનું આપ્યું કદિ નાશ ન થાય;
અમર અલ્પ વર અધિક પ્રયત્ન, પ્રભુ કોડી સાટે દે રત્ન—સેવો. ૮
વેળુ પીલતાં જો તેલ નીકળે, જળ મધ્યે નવનીત હોય,
મૃગજળથી જો તૃષા ટળે, તોય ભક્તિ વિના ભદ્ર ન હોય;
ભદ્ર ન હોય હરિ વિના કદાપિ, અભય ન હરિ વિના કો શકે આપી;
હું નથી કહેતો પોકારે છે વેદ, સ્મરો શ્રીકૃષ્ણ ટળે સહુ ખેદ. સેવો. ૯
મંત્ર આધીન સહુ દેવતા, યોગે વિરાટ પણ વશ થાય;
જ્ઞાની અક્ષરને જઇ મળે, પુરુષોત્તમ પ્રેમે પમાય;
પ્રેમભક્તિવશ પૂર્ણાનંદ, એ ન પડે અન્ય સાધન ફંદ;
શ્રીમુખે ભાખ્યું શ્રીગીતા માંહે, ના માનો તો જો જો ત્યાંહે. સેવો. ૧૦
શ્રવણ કીર્તન શ્રીકૃષ્ણનું, સ્મરણ સેવન અર્ચન;
વંદન દાસત્વ સખ્યતા, વળી આત્મનિવેદન:
આત્મનિવેદન નવધા કહિએ, પ્રેમલક્ષણા દશમી લહીએ;
એ ભક્તિ સહુ સાધન તાજ, (મુકુટ) જે પામે વશ થાય વ્રજરાજ-૧૧
શ્રવણ પરીક્ષિત શુક કરી, કીર્તન સ્મરણ પ્રહ્લાદ,
શ્રી સેવન પૂજન પૃથુ, વંદન અક્રૂર આહ્લાદ;
આહ્લાદ માન્યો કપીશ કિંકરતા, સખ્યતા ભક્તિ સુભદ્રાભર્ત્તા;
આત્મનિવેદન બલિએ કીધી, ગોપીજને પ્રેમલક્ષણા લીધી. સેવો. ૧૨
નામ કેશવનું કાનમાં, પડતાં સહુ થાયે પવિત્ર;

શરદ્ઋતુના સંગથી જેમ નિર્મલ નીર વિચિત્ર;
વિચિત્ર જલ તેમ જાતિ જાણો, સર્વ શુચિ સઘ નામે પ્રમાણો;
શુદ્ધ સુવર્ણ જેવું અગ્નિએ થાય, માંજે ઓપે તેનો મેલ ન જાય. સેવો. ૧૩

નામ કીર્તન શ્રીકૃષ્ણનું, કલિમાં સહુ સાધન ત્યાજ્ય,
ભવસાગર તરવા તણી, સહુને એ સુખપથ પાજ્ય;
પાજ્ય પ્રકટ શ્રમ નહિં ઘણું સહેલું, દામ વિના ફલ થાય સહુ પહેલું;
સર્વે અવસ્થામાં સહુ ઠાર, અધમ ઉત્તમ સહુને અધિકાર. સેવો. ૧૪

સત્યુગે જે ફલ ધ્યાનથી, થાતું ત્રેતામાં યજ્ઞથી જેહ;
દ્વાપરે પૂજને પામતા સહુ, કલિ હરિકીર્તને તેહ;
તેથી અધિક પણ ફલ ગુણ ગાતાં, તો શું થયું તપ તીરથ(માં) ન્હાતાં;
મણિ મળ્યો તે શોધે શીદ કોડી, વિના વિચારે મરે મૂઢ દોડી.સેવો૧૫

કલિરૂપી આશૌચમાં, કોઇ કર્મનો નહિં અધિકાર;
અડે ના સૂતક નામને, નિર્ભય નિત્ય કરીએ ઉચ્ચાર;
ઉચ્ચારમાત્રે અભયપદ આપે, સકલ પાપસંતાપને કાપે;
વેદ શાસ્ત્ર સહુ પુરાણ પુકારે, તો હરિ હરિ તું શેં ના ઉચ્ચારે? ૧૬

નામે અજામિલ ઉદ્ધાર્યો, નામે શિવે તાર્યા બહુ પાપી;
અવળે નામે વાલ્મીકિ તાર્યો, અર્ધે ગુણિકા ગત્ય આપી;
આપી ગત્ય ઇત્યાદિક બહુને, જેણે કર્યો આશ્રય તે સહુને;
બે અક્ષરમાં બાંધ્યો સાર, જેણે લહ્યો તે પામ્યો પાર—સેવો. ૧૭

સ્નેહસહિત શ્રીકૃષ્ણનું, કથા કીર્તન જ્યહાં નિત્ય થાય;
કોટિ તીર્થ આવી ત્યાં વસે, જેનું ભાગ્ય હોય તે ન્હાય;
ન્હાયે તેમાં તે પવિત્ર પ્રમાણો, તે વિના સર્વને સૂતકી જાણો;
જીવતા શબ સરખા સહુ તેહ, ભૂતલે ભાર કર્યો ધરી દેહ—સેવો.૧૮

નટવર છબી નંદલાલની, એહેવું ચિંતન કરે ચિત્ત માંહ્ય;
મયૂર મુકુટ શિર તિલક કુંડલ, નખવેસર ચિબુક સોહાય;
સોહે કૌસ્તુભ મુક્તા વનમાલ, કંકણ કર ગ્રહી મુરલી રસાલ;
પીતાંબર કટિમેખલા સોહે, નૂપુર, નખશિખ છબિ મન મોહે—સેવો. ૧૯
સોળ ચિન્હ પદ પંકજે, દક્ષણે નવ વામે સાત;
સ્વસ્તિક અષ્ટકોણ જંબુફળ યવ, પત્રીધ્વજ ઉર્ધ્વરેખ વિખ્યાત;
વિખ્યાત અંકુશ અંબુજ મચ્છ વ્યોમ, કલશ ઇંદ્રધેનુ ને અર્ધસોમ;
ત્રિકોણ ગોપદ ષટદશ ધ્યાન, નિત્ય કરે નિર્ભય પદ દાન—સેવો. ૨૦
જેમ નટની દૃષ્ટિ દોરમાં, પણિહારીની બેડા માંહે,
ચિત્ત પરસ્પર જારનું, વળગ્યું રેહે ત્યાંનું ત્યાંહે;
ત્યાંહાં તેમ મન પ્રભુમાં નિત્ય દેવું, સંસારમાં સાક્ષિવત્ રહેવું;
જગત્ જાણે જે એ છે જંજાળી, રાખે હૃદ શ્રીકમશું તાળી—સેવો. ૨૧
કંસ શિશુપાલ પૂતનાદિ કે, વૈરભાવે સમર્યા શ્યામ;
એ વિના નાનાભાવથી, સ્મર્યે સર્યા સર્વેનાં કામ;
કામ થયાં તુચ્છ ભાવે જ્યારે, શું કહેવું સ્નેહે સ્મરે પછી ત્યારે?
ચિત્ત અચળ જેનું કૃષ્ણમાં લાગ્યું, (તો)ભવ સંકટ મહુ તેનું ભાગ્યું.૨૨
અન્ય સાધને શ્રેય આપણું, પણ શ્રીહરિને શું સુખ ?
સેવામાં આનંદ ઉભયને, માટે ભજનાનંદ તે જ મુખ્ય;
મુખ્ય સેવન તે સુખી પ્રભુ કરવા, લોક વેદના ભય નવ ધરવા:
પૂજા તે ચાલે શ્રુતિ પ્રમાણ, સેવા તે જેહમાં સ્નેહ બંધાણ સેવો.૨૩
એકવાર આખા જન્મમાં શ્રીકૃષ્ણ નામ સ્મરાય;
તો દર્શન યમદૂતનું કદી સ્વપ્ને પણ નવ થાય;
થાય જો ભાવસહિત નિત્ય ધ્યાન, તો પછી શું કહું ભાગ્યનું માન?

ઉર હરિ નહિ તો તપે શું થાય, જો છે તો કરે કષ્ટ બલાય—૨૪
આપ્યું ઉરસ્થળ મૂકીને, રમા ચરણુસેવા નવ ચૂકે;
હૃદે રહિત કદા હરિ કરે, પણ પદ આશ્રિત નહીં મૂકે;
મૂકે ના અંઘ્રિ છે ભક્તિ નિવાસ, માટે અવલંબે સહુ દાસ;
એ ભક્તિ છે અતિશય દુર્લભ, પ્રાપ્ત થયે સર્વે પદ સુલભ—સેવો. ૨૫

હરિ વ્યાપક લહી સર્વમાં, નવ આણવો કોઇનો દોષ;
મન કર્મ વચને જેમ બને, તેમ કરવો સર્વને સંતોષ;
સંતોષે પ્રાણી પ્રભુ પ્રસન્ન, તેથી સુખી પોખે હરિજન;
સઘળે દયા એ પૂજા પ્રભુ કેરી, દેહીને દુભવે તે કૃષ્ણનો વેરી—૨૬
*એક પણ પ્રણામ શ્રીકૃષ્ણને. જન્મ ધરી જેણે કીધો;
અશ્વમેધ દશ અવભૃથના, ફલ ઉપર પગ તેણે દીધો;
દીધો પગ શા માટે કે'વાય, યજ્ઞ કરે તોયે જન્મ તો થાય;
કૃષ્ણ પ્રણામીને નહિં દેહ, મુક્તિ અધિકતા એહેમાં એહ—સેવો. ૨૭

નમન કર્યું નંદલાલને, સ્નેહે મન કર્મ વચને જેણે;
ધર્મ સાધન પૂર્ણ સહુ કર્યા, નિશ્ચય જાણજો તેણે;
તેણે કર્યું હરિપદ અનુકૂલ: દુઃખ પાપનું ટાળ્યું મૂલ;
દીનભાવે કર્યું વંદન હરિને,તે જનનિગર્ભ ન આવે ફરિને. સેવો. ૨૮

---

* એ વિષે ભીષ્મસ્તવરાજમાં મહાત્મા ભીષ્મપિતામહે બાણશય્યા ઉપર શયન કરતાં શ્રીકૃષ્ણ ભગવાનની સ્તુતિ કરેલી છે, તેમાં તેમણે શ્રીકૃષ્ણ ભગવાનને ફક્ત એક જ વાર પ્રણામ કરવાનું માહાત્મ કેટલું છે તે નીચેના શ્લોકથી જણાવ્યું છે.

एकोऽपि कृष्णस्य कृतप्रणामो दशाश्वमेधावभृथेन तुल्यः ॥
दशाश्वमेधात् पुनरेति जन्म कृष्णप्रणामो न पुनर्भवाय ॥

દાસપણામાં સૌભાગ્ય છે, પતિ પુરુષોત્તમ જેને માથે;
ધણી છતે વિધવાપણું, બ્રહ્મજ્ઞાની માન્યું મન સાથે;
મન સાથે માને જે હું ભૂપ, ભક્ત પૂજે જાણી રાણીનું રૂપ;
પણ પતિ સુખ સ્વપ્ને નહીં એને, એળે એ અથડાય છે શેને—૨૯

દાસપણે (જે) આનંદ છે, તે નથી મળે જગદીશ;
જ્ઞાનીનું સુખ એવું જાણજો, પાઘ આશે છેદાવે શીશ;
શીશ છેદ્યા પછી મુકુટ ક્યાં ધારે,સહુ મૂર્ખ કોઈ મનમાં ન વિચારે;
જલને શો જલપાનનો સ્વાદ, જન જુદો રહી પામે આલ્હાદ—૩૦

જીવ બ્રહ્મ થાયે નહિ, થાયે તો બ્રહ્માનંદ કહોને;
ભોક્તાપણું જો માનશો, તો જીવ ટળ્યો કહો શાને;
શાને કહો ન્યારો નથી બ્રહ્મનામી, ક્યમ બોલ્યો જનક સાયુજ્યતા પામી;
બોલે તે બીજો કહેવાય, ઇશ્વર જીવ કદી નવ થાય— સેવો. ૩૧

અહો ભાગ્ય અહો ભાગ્ય ધન્ય, વ્રજ જન પરમ પવિત્ર;
પૂર્ણ બ્રહ્મ સનાતન, પરમાનંદ થયા જેના મિત્ર;
મિત્ર થઇ સર્વે સુખ દીધું, સર્વ ભાવે કારજ બહુ કીધું;
શેષ મહેશ વિધિ શ્રી અલભ્ય, તે ફલ શ્રીગોપીજન લભ્ય—સેવો.૩૨

દેહ પ્રાણ ઇંદ્રિય અંતઃકરણ, ધર્મ દારા ગૃહ ધંન;
પુત્ર આપ્ત આત્મા સહુ, સર્વ સમર્પી જગજીવંન;
જગજીવંન સર્વાત્માભાવે, સેવા કરે સદા સહજ સ્વભાવે;
તે જ ગમે પ્રભુ જયમ સુખી થાય, આત્મનિવેદન એ કહેવાય—૩૩

સર્વ વસ્તુ છે શ્રીકૃષ્ણની, જેની છે તેને શેં ન સમર્પે:
આત્મા સહિત અર્પણ કરી, હરિદાસ થાની શીદ ડરપે;
ડરપે છે કાલથી કેહે તે ઉચ્ચારે, (તેં) પરનું માન્યું પોતાનું તે માટે;

જેથી બંધાયો તે વસ્તુ દે મુકી, તારી માં જાણીશ એ રાડ ચુકી ૩૪

રૂપ ગુણ દ્રવ્ય ત્રણ એ, કારણ પ્રીતિ થવાનાં કહાવે;
એ ત્રણ વિકાર રહિત સહજ, સ્નેહ તે શ્રીકૃષ્ણને ભાવે;
ભાવે એ પ્રેમે વહાલો વશ થાય, તેને મુકી ક્ષણ દૂર ન થાય;
તે જને સુખ માન્યું મન એહ, જયમ ત્યમ થાય સુખી પ્રભુ તેહ.૩૫

પ્રેમ આસક્તિ વ્યસન એ, ત્રણ રૂપ સ્નેહનાં લહીએ;
તે ઉપર ચોથી તન્મયતા, તે થકી કાંઇ ના કહીએ;
કહીએ પ્રેમનું લક્ષણ એહ, જ્યારે મળે ત્યારે તેનો તે સ્નેહ;
વિયોગ થાય ત્યારે તપે તંન, ત્યાંહાંનું ત્યાંકાં વળગ્યું રહે મન–૩૬

એક વાર આખા દિવસમાં પણ, મળ્યા વિના નવ રહેવાય,
જો ના મળે તો વિકલ થાય, આસક્તિ એ તો કહેવાય;
કહેવાય વ્યસન આવું જ્યારે થાય, સ્હામા સ્હામી હૃદયો વિંધાય
તન્મયતા તે મૃત્યુસમાન, એ જ્યારે આવે આપે હરિદાન–સેવો. ૩૭

પ્રેમ લક્ષણા વળી દ્રગ રુચિ, સ્મૃતિ અભિલાષા ઉદ્વેગ ચાર;
વ્યાધિ પ્રલાપને ઉન્માદ ત્રણે, આસક્તિના પ્રકાર;
પ્રકાર વ્યસન તણા બે કહિએ, જડતા ને વળી મૂર્છના લહિએ;
તન્મયતાનું લક્ષણ એક, મૃત્યુ સાદશ્ય પણ મરણ ન છેક. ૩૮

જાતિ જુઓ તો આહીરની, તેમાં અબળા અધમ અવતાર;
એ વેદાદિ નહોતી ભણી, ન્હોતો ઉત્તમ કર્મ અધિકાર;
અધિકારવણ એક પ્રેમપ્રતાપ, કર્યા આધીન શ્રીકૃષ્ણજી આપ;
ગોપીની પદરજ વંદે ઇશ, પ્રેમલક્ષણા તે સહુને શીશ. સેવો. ૩૯

સેવા સંગત હરિભક્તની, કરે પ્રેમ ભક્તિ ઉત્પન્ન;
તે કરે કૃતાર્થ એકલી, નવ જોઇએ કોઇ સાધન;

જોઇએ ન વય વિદ્યા વિત્ત વર્ણ, રૂપ પરાક્રમ પવિત્રાચરણ;
કહેશો જોયા નથી કહો કીયે ઠામ, તો સુણો પ્રકટ બતાવું નામ. ૪૦
ધ્રુવજીને ક્યાં વય હતું, ક્યાં હતું સુદામાને ધન, ?
કુબજાને હતું રૂપ ક્યાં, ઉગ્રસેન શું પુરુષાતંન; ?
પુરુષાતંન ન્હોતું ઉગ્રરાય, ગજને ક્યાં હતી વિદ્યાય;
પારધિમાં ક્યાંથી શુભ આચરણ, કેવળ ભક્તિ પામ્યા ગિરિધરણ. ૪૧

દ્વાદશગુણ સંયુક્ત છે, દ્વિજ પંડિત સંરખો કોય;
(પણ) પદ્મનાભ પદ વિમુખ છે, તેથી શ્વપચ ભલેરો સોય;
શ્વપચ ભલો જેહેને કૃષ્ણ આસક્તિ, મનકર્મ વચને કરે. હરિભક્તિ;
કુલસહિત શ્રેય પામ્યો તેહ, વિપ્ર શકે ન કરી શુચિ દેહ. સેવો-૪૨

શ્રીકૃષ્ણની ભક્તિ અંક છે, બીજાં સાધન સર્વે શૂન્ય;
અંક વિના સર્વે અફલ છે, સહગુન્ય શૂન્ય દશગુન્ય;
દશ ગણા બિંદુ આદ્ય અંક એક, અંક વિના શું શૂન્ય અનેક;
ભક્તિ કરી તેણે સર્વ કાંઈ કીધું, ભક્તિવિના બીજું કાંઇ ના સીધું.૪૩

નૃગભૂપે ગૌદાન કર્યાં કેટલાં, કાંઇ ગણુતાં ના આવે પાર;
એક દિવસ અણુ દોષ પડયો, કૃકલાસ થયો અવતાર;
અવતાર અધમ થઈ જગ હાંસી, ગૌદાન પુણ્ય ગયું ક્યાં નાશી ?
દાન કર્યાં તોય પામ્યો દુઃખ, શા માટે જે હતો ભક્તિવિમુખ-૪૪

પ્રાચીનબર્હિષ ભૂપને, જુઓ કીધા યજ્ઞ અપાર;
ઉર્વી મખાંકિત સહુ કરી, તોયે કાંઈ ન દીઠો સાર;
સાર ભાળ્યો એ જે જે પશુ પાડયા, તે રણ્ણા હણવા નારદજી દેખાડયા;
ભય દેખી લીધું સુર ઋષિ શરણ, ભક્તિ કરીને પામ્યો હરિ ચરણ.૪૫
ભક્તિ તારે ચંડાલને, જેમાં કોય ન શુભ આચરણ;

શું પછી કહેવું તેહનું ઉદ્ધારે અધમ અન્ય વર્ણ;
વર્ણ સર્વે ઉદ્ધારે જગત, નીચ ઉંચ જે નિજ આસક્ત;
એક અંગભક્તિ ભદ્રદાય, અચરજ શું ! પૂર્ણ શ્રેય થાય-સેવો ૪૬
ભક્તિ નૌકા તારે સર્વને, જે કોઇ શરણે આવે શુચિ પાપી;
અન્ય સાધન દારૂ તુંબિકા, ગ્રાહ્ય સભય તરે કો કદાપિ;
તરે કદા બચે કામાદિ ગ્રહાથી, સમર્થ નહિ અણું તારવા સાથી;
વિબુધ વિચારી જુઓ નિજ મન, ભક્તિ ભલી કે સાધન અન્ય. ૪૭
ભક્તિ મણિ જ્ઞાન દીપ છે, ટાળે ઉભય ખરો અંધકાર;
મણિ અભય દ્યુતિ અચલ છે, દીપકને તો ભય છે અપાર;
અપાર ભય વાયુથી વામે, તેલ પાત્ર બાતી વણુ લય પામે;
જ્ઞાન સભય તો અન્ય કોણ માત્ર? નિર્ભય ભક્તિ સકલ સુખપાત્ર. ૪૮
ભક્ત તે ભક્તિસ્વરૂપ છે તેને માયા ન પીડે લેશ;
સ્ત્રીથકી સ્ત્રી મોહાય નહિ, મોહ પામે પુરુષ વેશ;
પુરુષ જ્ઞાન વૈરાગ્યને યોગ તેને પીડે અજારૂપી રોગ;
તે કારણ ભ્રષ્ટ થાય છે તેહ, ભક્તને અચળ હરિશું સ્નેહ, સેવો.૪૯
નિરખે નેત્ર નંદલાલને, શ્રુતિ કથા રટે મુખ નામ;
નાસિકા સુંઘે પ્રેમશું, પ્રસાદી તુલસી પુષ્પ દામ;
દામ ગ્રહણ કરે કર હરિ સેવા, દોડે ચરણ પ્રભુ દર્શન લેવા;
મન ધ્યાન નટવર છબી શ્યામ, સર્વાંગે કરે દંડ પ્રણામ સેવો. ૫૦
ભક્તિ વિના કેવલ કૃતિ કરે, (તેને) ફલ પરલોક ન થાય;
મણિધર પવન ભક્ષી રહે, જુઓ મત્સ્ય તીર્થે જલ ન્હાય;
મીન તીર્થ ભીલ મૃગ વનવાસી, અંધ ગ્રહે દંડ કાસદ જાય કાશી;
સર્પ દંડવત્ નટ સિદ્ધ વેશ, દર્શ તપોધમ ભાવ ના લેશ-સેવો. ૫૧

શ્રીકૃષ્ણ શ્રીગુરુ ભગવદીય, એ ત્રણે એક સ્વરૂપ;
ત્રયધારા જ્યમ સુરસરી, તેમાં ભેદ નહિ તદ્રૂપ;
ભેદ નહિ ત્રણ નામજ માત્ર, જોતાં વિચારી એક જ ગાત્ર;
સ્નેહ વિવેકે સેવો સરે અર્થ, અવસર અમૂલ્ય ખુઓ શીદ વ્યથ.૫૨
સત્સંગ સર્વનો છે, તેનો મૂઢ ન જાણે મર્મ;
અદીપ દીપ મળે થયો, દીપ સમતા મળી વણ શ્રમ;
શ્રમવિના શ્રીનાથ મિલાવે, કલ્પનું કામ તે પલકે સરાવે;
નીચ નીર મળતાં ગંગા સંગ, એમ સમોવડી દે સત્સંગ—સેવો. ૫૩
લવ હરિ સંગના, સુખની સમતા નહીં કોય;
સ્વર્ગ તથા અપવર્ગનું, સુખ પણ સમોવડ નવ હોય;
નવ હોય સમતા મોક્ષાનંદ, તો ક્યાંહાં જન ઇચ્છિત સુખ મંદ;
અણ અનુભવીને આશ્ચર્ય થાય, પણ આણ્ સંદેહ છે નહિં રાય.૫૪
શ્રીગંગાજી હરે પાપને, શશી તાપ હરે ગયે શરણ;
દારિદ્ર ટાળે સુરતરુ, મળી ત્રણે કરે ત્રણ્ય હરણ;
હરણ કરે ત્રણ તે તત્કાળ, મળતામાં હરિજન દયાળ;
જ્ઞાને તાપ હરે દર્શને દોષ, દૈન્ય ટાળે ઉપજાવી સંતોષ--સેવો. ૫૫
યોગ યજ્ઞ જપ તપ વ્રતો, બહુ કીધે કષ્ટ કર્મ;
જ્ઞાન ધ્યાન અતિદાનથી, તીર્થ આચરતા ધર્મ;
ધર્માધ્યયન વેદશાસ્ત્ર પુરાણ, કોટિ સાધનથી ન પરમ કલ્યાણ;
શ્રેય ન થાય ઉપાય અનેક, વિના મહત્ પદરજ અભિષેક— ૫૬
હરિજન તે હરિરૂપ છે, તેને મૂર્ખ નિજ સમ જાણે;
જેમ શશી સાગરમાં હતો; માન્યો મીને મીન પ્રમાણે;
મીન પ્રમાણે થયો નહિ સોમ, મકર રહ્યું જલ તે વસ્યો વ્યોમ;

તેમ વૈષ્ણવ વૈકુંઠે જાશે, અધમ તે અહિંના અહિં અથડાશે. ૫૭
ચાર વર્ણમાં શ્રેષ્ઠ સર્વથી, બ્રાહ્મણ વર્ણ વિખ્યાત;
તે સહુના પણ કહાવે શિરોમણિ. મ્હોટા મુનિવર સાત;
તે સાતે કરે ધ્રુવની પરિક્રમા, ધ્રુવ સુત ક્ષત્રી ને તે સુતબ્રહ્મા;
વિબુધ વિચાર કરો તમો એહ, ભક્ત મોટા કે બ્રાહ્મણ દેહ ? ૫૮

બ્રહ્માદિક વ્રજભક્તની, પદરજ વંદે ગુણ ધામ;
દુર્વાસા ઋષિએ દીન થૈ, કર્યો અંબરીષને પ્રણામ,
કર્યો પ્રણામ જ્યારે અથડાયા, વળી શબરી પદજલ ઋષિ ન્હાયા;
હરિજનથી મ્હોટું નહીં કોય, દુભવે તે દુખ પામે પત ખોય. ૫૯

સંત સેવ્યે નારદ થયા, જુઓ દાસીસુત હરિમંન,
તે સુરઋષિના સંગથી, શમી વ્યાસના ઉરની અગન;
અગન મટી સમજાવ્યા મર્મ, શ્રીભાગવત રચ્યું છાંડીને કર્મ;
કલેશ ટળે કરે પ્રભુજન પ્રીત, દુભવેથી શાનું સુકરીત. સેવો. ૬૦

યોગી તરે કદા એકલો, હરિજન તારે સહુ સંગી;
સિદ્ધ ઉદાસી રહે સદા; હોય સંત સુંદર રસરંગી;
રંગે રસિક સેવે ગુણ ગાય, પોતે પીએ સુધા સામાને પાય;
ભક્ત જોડી સૌનું સારે કામ, ધ્યાની સાથે કોઇનો નહિં દામ. ૬૧

સર્વ પ્રાણી ઉપર દયા, આણવો નહિ કોઇનો દોષ;
વશ કરવી ઇંદ્રિય સહુ, યદચ્છા લાભ સંતોષ;
સંતોષ ધરિ વદવી સત્યવાણી, દઢ આશ્રય પ્રભુ દીનતા આણી;
દુષ્ટસંગથી રહેવું દૂર, વસવું સદા હરિજન હજુર. સેવો. ૬૨
દુષ્ટસંગ તેને જાણીએ, જે ભૂલાવે ભગવંત,
સ્નેહ કરાવે શ્રીકૃષ્ણ શું તેને કહિએ સાચા સંત;

સંત સાચા તેની સંગત કરીએ, અસમર્પિત અન્યાશ્રયથી ડરિએ;
હું હરિનો હરિ મ્હારા નાથ, એ નિશ્ચય કરવું મન સાથ. સેવો. ૬૩

અન્યાશ્રય અસમર્પિત, એ બે મ્હોટા દુસ્તર રોગ;
સર્વ વસ્તુ શ્રીનાથને અરપી, ઉચ્છિષ્ટ કરવો ભોગ;
(ઉચ્છિષ્ટ) ભોગ કરવો હરિભકતની સંગે, એક જ શ્રીકૃષ્ણ સેવવા રંગે;
દૃઢ આશ્રય ગુરુદેવનો ધરવો, ગોવત્સપદવત્ ભવોદધિ તરવો. સેવો.૬૪

ગુણની ઉપર ગુણ કરે, એ તો રીત જગતમાં પ્રકાશ;
(પણ) અવગુણ સામો ગુણ કરે, તે મ્હોટા હરિદાસ;
દાસ દોષ સહુના સંતાડે, ગુણ હોય અલ્પ તે અધિક દેખાડે,
સાગર લાંછન વિષ શિવે પીધું, શશીયશ પ્રકટ લલાટે દીધું. સેવો.૬૫

વિશ્વંભર વશ તેહને, જેનું ચિત્ત સદા પ્રભુ પાસ;
હિત ઇચ્છે સહુ જગતનું, નવ ધરે કોઇની આશ;
આશ ધરે એક શ્રીગોપાલ, વ્યતીત કરે હરિસેવામાં કાલ;
એવા ગુરુનો લઇએ ઉપદેશ, ધરિએ સાચો વૈષ્ણવનો વેશ. સેવો. ૬૬

ધ્યાન મૂળ રૂપ શ્રીગુરુ, પૂજનનું મૂળ ગુરુ પાય;
મંત્ર મૂળ ગુરુ વાક્ય છે, મૂળ મોક્ષનું ગુરુ કૃપાય,
ગુરુ કૃપા વાંછિત ફલ થાય, હરિ રૂઠે તો ગુરુ કરે સ્હાય,
ગુરુ કોપે ક્યાંઈ નહિ ઠેકાણું, અધિક આચાર્યથી કો નવ જાણું. ૬૭

ક્રોધી ગુરુ તો નૃસિંહજી, કામી હોય તો શ્રીકૃષ્ણ કહિએ;
લોભ દાખે તો વામનજી, પણ હરિ સાચા એ લહિએ,
લહિએ એ પાખે દાખેજો દુષ્કૃત, તો પણ માનિએ તે થકી ગત્ય;
જેણે સોંપી આપ્યા જગદીશ, તેનો ઋણી સદા તે શિષ્ય. સેવો.૬૮
ભોજન વસનની ચિંતા કરી, વૈષ્ણવે ના થાવું ઉદાસ,

વિશ્વંભર પૂરે વિશ્વને, તે કેમ ભૂલે નિજ દાસ;
દાસ આશ પૂરે સહુ વણ માગે, વણ કહ્યે સહાય કરે અનુરાગે; ?
હરિ ભજતાં કાંઇ નવ રહે ખામી, નથી અજાણ્યા અંતર્યામી. ૬૯

અજબ ગુલમ્હેરી જલ વિષે, પક્ષિણી રટે મુખ હરિનામ,
ખાન પાન માટે નવ કરે, છુટે મુખથી સુંદર શ્યામ;
શ્યામે વિચારી કર્યું તેહને સુખ, ચરણે ચરવા કર્યાં મોરનાં મુખ;
પુચ્છે વદન કર્યું ઉંટની ગ્રીવા, શ્રીહરિ યુક્તિ કરી જલ પીવા. ૭૦

અજગરને અનાયાસે હરિ આપે, આહાર આંનનમાં લાવી;
સક્કરખોરને સાકર સાગર, ખેટમાં દે છે મિલાવી:
મેળવે ચાતકને જલ સ્વાતી, ગિરિ શૃંગ વૃક્ષ પોખે કોઇ ભાતી,
ખ્રીસ્તને પય કર્યું પોષવા બાલ, તે તુંને નહિ ભૂલે ભજ ગોપાલ.૭૧

ભક્ત મનોરથ સર્વે પૂરે પ્રભુ, કઠિણ સરળ ગુરુ નાહાના;
પૂર્યા જેહનાં તેહનાં નામ કહું, તું પૂછે કયાંનાં કયાંનાં;
કહાન ગયા કુબ જાપતિ થાવા, પાર્થપત્ની થયા જલ પાવા,
પૂરી પુત્ર થૈ અદીતિની આશ, પાંડવ કાર્ય કર્યું થઇ દાસ. સેવો. ૭૨

છડીદાર ઉગ્રસેનના થયા, દ્વારપાળ બલિ ભૂપ;
નરસૈયાના બાપનું શ્રાદ્ધ સાર્યું, સેના માટે નાપિક રૂપ;
રૂપ મહાર દામજી સારૂં, નાનું છાપરૂં છાયું ચારૂ;
વારી વહ્યું ત્રિલોચન ઘેર, મીરાંબાઇનું પીધું ઝેર–સેવો. ૭૩

ઇચ્છે રૂડું જગતનું, કેમ કરે કુડું નિજ દાસ;
જે કરશે તે ભલું તારૂં તું ધર દૃઢ વિશ્વાસ;
વિશ્વાસ રાખ કલ્પના મૂક, સેવા સ્મરણમાં નવ ચૂક;
નહિ મળે ફરી અવસર આવો, હરિ ભજી લ્યો મનુષદેહ લ્હાવો. ૭૪

દુઃખ થાયે હરિ સેવતાં, તે સુધાસમ પ્રમાણો;
વિષય ભોગવતાં સુખ છે, તે વિષ સરખું સહુ જાણો;
જાણો જેમ ખસ ખણતાં મીઠી, ક્ષણ પછી આગ ઉઠે અંગીઠી;
ઓસડ પીતાં કટુ તર્ત લાગે, રોગ ગયા પછી આનંદ જાગે- ૭૫

શ્રીગિરિવરધર સેવતાં ભય રાખવો ભૂપતિસમાન;
બાળક સમ વાત્સલ્યતા, ધરવો સ્નેહ તે જાર સમાન;
જાર સમાન પ્રિય પ્રભુ લાગે, તે દુખ જન્મ જન્મનાં ભાગે;
પ્રેમ પીયૂષ પીધું તે જાણે, નથી સ્વાદ કોઇ એહ પ્રમાણે- સેવો;

છે પ્રતિકૂળ પ્રભુ સેવતા, તેને તજીએ ના વળગીએ વ્યર્થ;
જનની જનક પતિ પુત્ર ભ્રાત, ગુરુ છોડયા જદપિ સમર્થ;
સમર્થ તાત તજ્યો પ્રહ્લાદે, ભરતે માત મૂકી હરિ સ્વાદે;
પતિ ઋષિપત્ની વિભીષણ ભ્રાત, ગુરુના ગણ્યા બલિએ સાક્ષાત-૭૭

દેવ પિતૃ ને મનુષ્ય ઋણ, ત્યાં લગી માણસને કહેવાય;
જ્યાં લગી સર્વાત્મભાવે, શ્રીકૃષ્ણને શરણે ન જાય;
શરણે ગયે સર્વે ઋણ છૂટે, ચિત્રગુપ્તનું લેખું ત્રૂટે;
કાળ કર્મનો ભય નહિ ત્હેને, શીશ ધણી સમર્થ હરિ જ્હેને-સેવો ૭૮

કર્તું અકર્તું અન્યથાકર્તું, સમર્થ શ્રીહરિ રાય;
ના થવાનો કરે પદાર્થ કરે, થાનારો મટિ જાય;
મટિ ગયું જો વસિષ્ટે વિચાર્યું, તે સમે વન જે સમે રાજ ધાર્યું;
બ્રહ્માના સુત એ ત્રિકાલના જ્ઞાની, ઇચ્છાયે વચન તેનું પણ હાનિ. ૭૯

સહસ્ર ભુજાપતિ રાખશે, તેને હણશે શું એ ભુજવાળો;
તે જ પુરુષ જ્યારે મારશે, ત્યારે કોઇ નથી રખવાળો;
રખવાળો રિપુ છે નહિં કોઇ, સઘળી વસ્તુ શ્રીકૃષ્ણથી હોઇ;

કર્તા હર્તા એક શ્રી વ્રજરાય, એના કર્યા વિના કાંઇ ન થાય—સેવો ૮૦
કર્યું થાય શ્રીકૃષ્ણનું, કોથી ન ઘટે લવલેશ;
તે જ પ્રમાણે સુખ દુઃખ, લાભાલાભનો સંશય રેશ;
રેશ રહે નહિં તે સમે શુદ્ધિ, જેવું હોનાર તેવી થાય બુદ્ધિ;
થનાર તેતો સહજે પણ થાય, કર્ત્તા નથી શીદ તું પસ્તાય—સેવો ૮૧

હરિજંત્રી તું જંત્ર છે, જેમ વાજે વજાડે તેમ;
કાષ્ટ પુતળી નૃત્ય કરે, સૂત્રધાર નચાવે જેમ;
તેમ વિધિ નિષેધ સહુ હરિ હાથે, તું મૂર્ખ તાણી લે શીદ માથે;
વિચાર જો જીવનું કર્યું હોય, તો દુઃખ જગતમાં થાય ન કોય. સે. ૮૨

જેની રચના જોઇને, ઘણો મોહ ઉપજે છે મન;
તે કર્તામાં કમી શી હશે ? તું જોને વિચારી જંન;
જન થશે પણ મનોરથ તારો, ઘાટે શું મોહ્યો તું જો જડનારો;
તેને મળે પૂર્ણાનંદ થાશે, ભવ વૈભવ તૃષ્ણા ટળી જાશે—સેવો. ૮૩

કરવા પ્રસન્ન ચાહે કૃષ્ણને તો, અભિમાન અલગું નાખ;
શીઘ્ર દયા કેશવ તણી, ઇચ્છે તો દીનતા રાખ;
રાખ દીનતા એક જ કરીને, કરવા કૃપા મન થાશે હરિને;
બોતેર કોટિએ ના સર્યું કામ, દીનતા એક બંધાયા દામ. સેવો. ૮૪

શીલાબુદ્ધિ શાલિગ્રામમાં, હરિસ્વરૂપ તે ધાતુ પ્રમાણે;
મનુષ્ય લહે ગુરુદેવને, જાતિ ભાવ વૈષ્ણવમાં આણે;
આણે મહાપ્રસાદ પ્રતિ અન્ન, હરિચરણોદક ન પ્રીછે જન;
વર્ણાશ્રમ તજે ન લે હરિનામ, ઇત્યાદિકનો નરકમાં ઠામ. સેવો. ૮૫
નિગમ ચાર ષટ શાસ્ત્ર, અષ્ટાદશ પુરાણ ચૌદ વિદ્યાય;
વ્યાકરણ નવ બત્રીશે લક્ષણ, જાણે ચોસઠે કળાય;

કળા રાગ છત્રીશે ગાય, વિશદ કીર્તિ ચક્રવર્તિ રાય;
પણ નથી ભક્તિ જો નંદકુમાર, તો સહુ ધૂળ મળ્યું ધિક્કાર. સેવો ૮૬
શ્રમ કરી સહુ વિદ્યા ભણિઓ, મહા પંડિત કહાવ્યો જગત;
પણ તેનો સાર સમજ્યો નહિ; ન થયો ભગવંતનો ભક્ત;
ભક્તિ વિના શ્રમ એ ફલ સાર, જેમ રાસભ વહે ચંદનભાર;
જેમ અહિ મણિધુતિ મેળવે આહાર, તેમ તે ઉદર ભરે ધિક્કાર. ૮૭
સ્પર્શમણિના પુર વિષે, રચ્યું ચિંતામણિમય ધામ;
કલ્પવૃક્ષની વાડ ગાય ઘેર, કામદુઘા જેનું નામ;
કામદુઘા અક્ષયપાત્ર અતુલ, નવનિધિ અષ્ટ મહાસિદ્ધિ અનુકૂલ;
પણ નથી વલ્લભ શ્રીવ્રજનાથ, તો તો એટલું મળે ઘસવા હાથ. સેવો ૮૮
કૃષ્ણ કીર્તન નહિ કર્ણમાં, તે શ્રવણ રાફડા કહિએ;
નિરખ્યા નહિ જેણે નેત્રે હરિ, કેકી પિચ્છ ચાંદલા તે લહિએ;
લહિએ દાદુર જીવ્હા હરિ નવ બોલે, કરપદ સેવારહિત શબ તોલે;
વૃક્ષ જીવન શ્વાસ ધમણ સમાન, ગ્રામસૂકર સમ છે ખાનપાન. સેવા ૮૯
જગ દર્પણ જોનાર તું, સામું દીસે જેવું તુજ પાસે;
દુષ્ટને દુષ્ટ સાધુને સાધુ, ભવ આદર્શમાં ભાસે;
ભાસે તે સહુ નિજમાં છે જાણો, દોષરહિત દુનિયા પરમાણો;
એવે વિવેકે જો રહેવાય, રાગ દ્વેષ નહિ કો થકી થાય-સેવો. ૯૦
જીવ સર્વ હરિ અંશ છે, તેહના વિચિત્ર ભાતિ સ્વભાવ;
સર્વથી હળિમળિ ચાલીએ, એ તો છે સંજોગ નદી નાવ;
નાવ તરંગ નદી એમ જાણો, કોથી ના બગાડીશ બે દિવસનો પરોણો;
સહુને સદા એક સ્થલ નથી રહેવું, કટુક વચન માટે કોઇને ન કહેવું. ૯૧
કાંઈ પ્રભુ પાસે ન માગીએ, માગે પસ્તાવો થાય;

ઉદાસી આવે નાથને, વ્યાપાર સરીખું જણાય;
જણાય એવું માટે રખે જાચો, સેવો શ્રીકૃષ્ણ ધરી સ્નેહ સાચો,
વણ માગે સહુ આપે એ સ્વામી, નથી અજાણ્યા અંતર્યામી. સેવો ૯૨

દાસી સુતના સહુ પિતા, રાણી સુતનો તો એક રાય;
ભક્તિ અંશ શ્રીકૃષ્ણ જ સેવે, ને માયિક સર્વને ધાય;
ધાયે તોયે કર સાહે ન કોય, કામ પડે ત્યારે અંતે રોય;
આવાગમનમાં સદા અથડાય, કો કાળે હરિ વિના ગત્ય ન થાય. ૯૩

ન્હાનો પદાર્થ મોટો દેખાડે, ને પાકાને દાખે કાચો;
ઉગ્ર હોય તેને અણુ બતાવે, ને જુઠો મનાવે સાચો;
સાચો ભાસે એ જ માયાનું રૂપ, એણે કીધા વશ રંકને ભૂપ;
એને જીત્યાનો છે એક ઉપાય, સાચું શરણ લ્યો શ્રીવ્રજરાય. સેવો.૯૪

માયા છે ઘંટી ખિલડો હરિ, ત્હેમાં જીવ ચરાચર અન્ન;
જે પડયું તે પીસાય છે, તું જોની પ્રકટ લોચન;
લોચન જો એક બચે છે તેહ, ખીલ સમીપે રહે છે જેહ;
જે અણુ ત્યાંથી ખસ્યો કણ આઘો, તે તત્કાળ દળાવા લાગ્યો. ૯૫

પરવારી સહુ કામથી, કોઇ મૃત્યુ ન પામ્યો જંત;
આ કીધું આ કરવું છે, એમ કરતાં આવશે અંત;
અંત આવ્યો હરિ ક્યારે ગાશે ? ચેત ચેત નહિ તો પસ્તાશે;
મરણ નહિ આવે કાનમાં કહીને, જશે ઓચિંતું અંધારું થઇને. ૯૬

ઉત્તર વચન તે માનવું, પૂર્વનું નહિ પ્રમાણ;
છેલ્લું રચ્યું શ્રીભાગવત, સહુ પહેલાં અન્ય પુરાણ;
પુરાણ પૃથક્ પૃથક્ કર્યાં વ્યાસે, તોયે રહેતું ઉર ભરિયું ઉદાસે;
મર્મ બતાવ્યો નારદ મિત્ર, સુખ થાશે રચો ભક્તિચરિત્ર. ૯૭

પુષ્ટિપંથ પ્રભુ શ્રીવલ્લભકુલ, જઇએ ત્હેને શરણ;
નામ નિવેદન મર્યાદા ધરી, સેવીએ શ્રીગિરિધરણ;
શ્રીગિરિધર ગુરુ વૈષ્ણવ પ્યાર, ધરી ગતિ કરે માર્ગ અનુસાર;
મનુષ્યજન્મનો એ છે સાર, જે માને તે પામે પાર. સેવો. ૯૮
મહામંદમતિ જીવ કલિના, સર્વ શાસ્ત્ર ક્યાં ખોળે ?
માટે સકલ સિદ્ધાંત સાર, તે શોધી કીધો છે ટોળે;
ટોળે કરાવ્યો પ્રભુ મતિ દીધી નિજ જન જાણીને કરુણા કીધી;
ભક્તિપોષણ ધર્યું ગ્રંથનું નામ, કહે સુણે સરે સર્વનું કામ. સેવો શ્રી ૯૯
એકસોને એક ચંદ્રાવળા, એ ગ્રંથ તણા છે સાર;
પ્રતિ પદ શુભ સિદ્ધાંત ભર્યું છે, વાંચીને કરજો વિચાર;
વિચારતાં વલ્લભ હરિ થાશે. સર્વ ક્લેશ સમુળાં જાશે;
આચરણ કરતાં આનંદની હેલી, ભક્તિ શ્રીકૃષ્ણની કરજો વ્હેલી ૧૦૦
મહાનદી શ્રીનર્મદા તટે ચંડીપુર મહાધામ;
જ્ઞાતિ નાગર સાઠોદરો દ્વિજ, ભટ્ટ **દયાશંકર** નામ;
નામ વલ્લભી વૈષ્ણવદાસ, ગુરુ પ્રતાપે ગ્રંથ કર્યો પ્રકાશ;
શીખે સાંભળે જે જન ગાય, તેને મનવાંછિત ફળ થાય. ૧૦૧

* अथ श्रीव्रजचोराशी कोशनीं परिक्रमानुं धोळ.

ઢાળ ૬૧ મુ.

પ્રથમ શ્રીવલ્લભ પ્રભુજીને જાણું રે, શ્રીગુરુદેવના ચરણ ચિત્ત આણું રે;

* આ ધોળ વૈષ્ણવોએ હમેશાં ઘરમાં ગાવાનો નિયમ રાખવો કે જેથી ભવિષ્યમાં ત્યાં જવાનું થાય તો દરેક યાત્રાનાં દર્શનનો લાભ મળે, કોઇ સ્થળ બાકી રહી ન જાય, તેમજ તેથી લીલાનું સ્ફુરણ હૃદયમાં થાય, તેથી અલૌકિક આનંદ મળે, કદાચ વનયાત્રા કરવાનો વિચાર થાય તો

વ્રજભૂમિનાં ચરિત્ર વખાણું, ચાલો વનયાત્રાનાં સુખ લઇએરે. ૧
શ્રીગુસાંઇજીએ કીધો વિચારરે, વનયાત્રા કરવી નિરધારરે;
વ્રજભૂમિની લીલા અપાર. ચાલો૦ ૨
શ્રીવિઠ્ઠલપ્રભુ પરમ દયાળરે, સેન આરતી કરી તત્કાળરે;
સાથે લીધા શ્રીવલ્લભલાલ. ચાલો૦ ૩
[1]સંવત સોળસેંની સાલરે, ભાદરવા વદિ દ્વાદશી સારરે;
વાહાલો ઉતર્યા શ્રી જમુનાજી પાર. ચાલો૦ ૪
પધાર્યા શ્રીવિઠ્ઠલનાથરે, ચાલ્યો રસિક વૈષ્ણવનો સાથરે;
સૌને મસ્તક ધરીયા છે હાથ. ૫
ત્યાંથી આવ્યા શ્રીમથુરાંજી માંહ્યરે, હાથ જોડ કરી છે ત્યાંહેરે;
વિશ્રાંત ઘાટ શ્રીયમુનાજી ન્હાયે, ચાલો૦ ૬
શ્રીવલ્લભ પ્રભુજીની બેઠક છે ત્યાંહેરે, દર્શન કરીને ત્યાં ભોગ ધરાયરે;
પછી પરિક્રમા કરવાને જાયે. ચાલોસ ૭
ત્યાંથી સતધરા માંહે જઇએરે, બીજાં અનેક ધામ સર્વે કહીએરે;
કૂપ સપ્ત સાગર કૃષ્ણ કૂપ લહીએ. ચાલો૦ ૮
ત્યાંથી મધુવન જઇને રહીએરે, ત્યાં મહાપ્રભુજીની બેઠક કહીએરે;

શ્રીગોસ્વામિબાલકો સાથેજ જવું કે જેથી યાત્રામાં દર્શનાદિક સુખ, શ્રી કૃષ્ણચંદ્રે કરેલી લીલાનો અનુભવ અને શ્રીગોપીજનની પ્રેમલક્ષણા ભક્તિ વગેરે પ્રકારનો જે લ્હાવો તે શ્રીગોસ્વામી બાલકો સાથે પરિક્રમા કરવાથીજ મળશે. એવો મારો પોતાનો અનુભવ છે ને તેથીજ આ સ્થળે મેં સુજ્ઞ વૈષ્ણવોને વિનંતિ કરી છે.

૧ સૌથી પહેલાં પહેલવહેલીજ શ્રીગુંસાઇજી (શ્રીવિઠ્ઠલનાથજી) એ સંવત ૧૬૦૦ (વ્રજ) ભાદરવા વદી ૧૨ના દિવસથી પરિક્રમા કરવાનું શરૂ કર્યું હતું જે અદ્યાપિ પર્યંત પણ એ જ પ્રમાણે ચાલે છે.

ભોગ ધરીને તાલવન જઇએ. ચાલો૦ ૯
કમોદવનનાં તે દર્શન કરીનેરે, ગ્વાલમંડળી કરીને છાક ધરીએરે;
શ્રીમહાપ્રભુની બેઠકે અનુસરીએ. ચાલો૦ ૧૦
સાંતનવનમાં સાંતનકુંડ નાવ્યારે, ત્યાં પ્રભુ સાત વરસના આવ્યારે;
ત્યાં તો સતુવાના ભોગ ધરાવ્યા. ચાલો૦ ૧૧
બહુલાવનમાં પધાર્યા પ્રભુ આપરે, ત્યાં થયો ગાય સિંહનો મેળાપરે;
કૃષ્ણકુંડ નાહીને ટાળ્યા તાપ. ચાલો૦ ૧૨
ત્યાં મહાપ્રભુની બેઠકનું છે ધામરે, ત્યાં બહુલા ગાયનો છે ઠામરે;
દર્શન કરતાં પૂર્ણ કરે કામ. ચાલો૦ ૧૩
ત્યાંથી જીખિન ગામમાં જઇએરે, શ્રીબલદેવજીનાં દર્શન કરીએરે;
રેણુકુંડ બલભદ્રકુંડ ન્હઇએ. ચાલો૦ ૧૪
શ્રીકુંડ નાહીને પાવન થઇએરે, રાધાકૃષ્ણ કુંડે જઈ નહીએરે;
શ્રીવલ્લભ વિઠ્ઠલની બેઠક ચિત્ત લઇએ. ચાલો૦ ૧૫
રાજ કદમ મુકુટ દર્શન કરીયાંરે, ચવર કૃષ્ણવટ જોઇ મન હરીયાંરે;
ત્યાં કૃષ્ણકૂપે જળ ભરીયાં. ચાલો૦ ૧૬
ત્યાં પાંચ પાંડવનાં છે ઝાડરે, છઠ્ઠા વૃક્ષ નારાયણ અવતારરે;
ત્યાં વેણુનાદ કર્યો છે સાર. ચાલો૦ ૧૭
શ્રીમહાપ્રભુજીની બેઠકે ચિત્ત ધરીયેરે, ત્યાં ભોગ ધરીને અનુસરીયે;
ત્યાંથી શ્રીજીનાં દર્શન કરાયે. ચાલો૦ ૧૮
નારદકુંડ કુસુમોખર વંનરે, ત્યાં છે રત્ન સિંહાસન ધન્યરે;
ત્યાં ઉદ્ધવજી થયા છે પ્રસન્ન. ચાલો૦ ૧૯
ત્યાંથી માનસી ગંગા જઇ નહીયેરે, મોટા સુકૃતીએ ત્યાં કહીયેરે;
શ્રીમહાપ્રભુજીની બેઠકે જઇયે. ચાલો૦ ૨૦

ત્યાંહાં બ્રહ્મકુંડનાં સ્નાનરે, દાન ઘાટી લીધાં પ્રભુ દાનરે;
વ્રજયુવતિનાં રાખ્યાં છે માન. ચાલો૦ ૨૧
ત્યાંથી ચારકુંડ તે કહીયેરે, રણમોચન પાપમોચન નહીયેરે;
ધર્મરોચન ગોરોચન જઇયે. ચાલો૦ ૨૨
લીધી જમુનાવતાની વાટરે, ત્યાં શ્રીજમુનાજીનો ઘાટરે;
અડીંગમાં દાન લઇને ફોડયાં માટ. ચાલો૦ ૨૩
ત્યાંથી ગામ પરાસોલી જઇયેરે, વડ ચંદ્રકૂપ ત્યાં કહિયેરે;
ત્યાંહાં ચંદ્રસરોવર નહિયે. ચાલો૦ ૨૪
ત્યાં બ્રહ્મરજની કરીને કીધો રાસરે, વ્રજભક્તની પૂરી છે આશરે;
ખટ માસની કીધી છે રાત. ચાલો૦ ૨૫
ત્યાં બેઠક શ્રીવલ્લભ વિઠ્ઠલવરનીરે, ત્યાં સામગ્રી ભોગ ધરનીરે;
ત્યાં સેવા કરો કુલગરની. ચાલો૦ ૨૬
સંકર્ષણ ગંધર્વ કુંડ નહિયેરે, શ્રીબલદેવજીનાં દર્શન જઇએરે;
આન્યોરમાં મહાપ્રભુની બેઠક કહિયે. ચાલો૦ ૨૭
ત્યાંથી ચાલી ગોવિંદકુંડ નહિયેરે, ત્યાં મહાપ્રભુની બેઠકે દર્શન કરિયેરે;
ત્યાં તો જન્મતણાં દુઃખ ખોઇએ. ચાલો૦ ૨૮
શ્રીજીના હસ્તાક્ષરનાં છે ચિન્હરે, ત્યાં મુકુટ ટોપીનાં દર્શનરે;
ત્યાં ચતુરનાગાનાં છે વન. ચાલો૦ ૨૯
અપ્સરા કુંડ થઇ સ્યામ ઢાક જઇએરે, ત્યાં શ્રીજી ચરાવે છે ગાયરે;
ત્યાં સુગંધી શિલા કહેવાયે. ચાલો૦ ૩૦
સિંહાસન બટિયા બહુ મન ભાવેરે, ત્યાં પાઘના પેચ ધરાવેરે;
પ્રભુ નવ કાંકરી રમ્યા તે સુહાવે. ચાલો૦ ૩૧
સુરભિ ગાય તણા ખુર નિરખોરે, ઐરાવત હાથીનાં પગપગેરે;

શ્રીજીના ચરણચિન્હ જોઇ હર્ખો. ચાલો૦ ૩૨
સિંદૂરી શિલાયે સિંદૂર થાયેરે, શ્રીપ્રિયાજીની માંગ ભરાયેરે;
ત્યાં ગાજની વાજની શિલા કહેવાયે. ચાલો૦ ૩૩
પુંછરી થઇને સુરભિ કુંડ નહિયેરે, ત્યાં રામદાસજીની ગુફા કહીયેરે;
ગોવિંદસ્વામીની કદમખંડી જઇયે. ચાલો૦ ૩૪
શ્રીગોવર્દ્ધનપૂજા કરવાનું છે ઠામરે, શ્રીમહાપ્રભુજીની બેઠક સુખધામરે;
ત્યાં ગોપાલપુર છે ગામ. ચાલો૦ ૩૫
ત્યાં છે સાત મંદિર તે કહિયેરે, શ્રીગુસાંઇજીની બેઠકે જઇયેરે;
એ તો નયને નિરખી સુખ પઇયે. ચાલો૦ ૩૬
શ્રીગિરિરાજજીની પૂજા કરવીરે, ત્યાં સામગ્રી ભોગ ધરવીરે;
સુન્દર શિલા જોઇને અનુસરવી. ચાલો૦ ૩૭
દંડવતી શિલાએ દંડવત કરીયેરે, ત્યાં રુદ્રકુંડ જોઇએરે;
ઢાક ચોગાનમાં ચિત્ત દઇએ. ચાલો૦ ૩૮
ત્યાંથી જાન અજાન વૃક્ષ જઇયેરે, ત્યાં વ્રજભક્તે પુછ્યું તે કહીયેરે;
ત્યાંથી પ્રભુજી પધાર્યા તે સુખ લઇયે. ચાલો૦ ૩૯
ગુલાલ કુંડમાં ગુલાલ બહુ વરસેરે. તે જોઇ મનડું હરખેરે;
શ્રીમહાપ્રભુની બેઠકે સુખ દરસે. ચાલો૦ ૪૦
બિલછૂ કુંડ કહીએ શુભ નામરે, કદમ ખંડા ગાંઠયોલી છે ગામરે;
એ ગોવર્દ્ધનનાં સર્વ છે ધામ. ચાલો૦ ૪૧
પરમંદરા કષ્ણકુંડ ધામરે, ત્યાં શ્રીદામા સખીનું છે ગામરે;
ત્યાં પ્રભુ છાક આરોગ્યા પૂગી હાંમ. ચાલો૦ ૪૨
બદ્રિકુંડ આદી બદ્રિધામરે, નારાયણલીલાનું છે ઠામરે;
અલક ગંગા નદીનું છે નામ. ચાલો૦ ૪૩

નવનીતનો પર્વત રસખાણુરે, ઈંદ્રાલીમાં ચોરા ગાય ઈંદ્ર જાણોરે;
ઈંદ્રકુંડ કૂપ ત્યાં વખાણો. ચાલો૦ ૪૪
કામવનની પરિક્રમા કહીએરે, ત્યાં વિમલ કુંડમાં નહીએરે;
લુક લુક આંખ મિચામની જઇએ. ચાલો૦ ૪૫
ચરણ પહાડી ચરણ પ્રભુ ધરિઆરે, વ્રજભક્તને ચકિત કરીયારે;
છાક આરોગ્યા હરખ મન ધરીયા. ચાલો૦ ૪૬
નંદઅટમાં પ્રભુજી એઠારે, સુરભિ કુંડમાં નહાવા પેઠારે;
ત્યાં મહાપ્રભુની એઠકે જઇ ભેટયા. ચાલો૦ ૪૭
ત્યાંથી ખિસલની શિલા પર આવ્યારે, વ્યોમાસુરની ગુફા ત્યાં જાવારે;
દૈત્ય મારીને ગાય ગોપ લાવ્યા. ચાલો૦ ૪૮
ભોજન થાલીએ ભોજન કીધાંરે, સખા મંડલીમાં બહુસુખ દીધાંરે;
માનસિકુંડમાં આચમન લીધાં. ચાલો૦ ૪૯
હવે ગામ કહિએ કનવારોરે, ત્યાં પ્રભુ અરોગ્યા કુંડવારોરે;
વ્રજભક્તનાં કારજ સાર્યાં. ચાલો૦ ૫૦
કદમખંડી સુનહરાની સારીરે, ત્યાં રાસ રમ્યા ગિરિધારીરે;
ત્યાં શ્રીમહાપ્રભુજીની એઠક સુખકારી. ચાલો૦ ૫૧
ચિત્ર વિચિત્ર શિલા શુભ ધામરે, ત્યાં બલદેવજીનો ઉંચો ગામરે;
ત્યાં રાસ રમ્યા બલરામ. ચાલો૦ ૫૨
ત્યાંહાં દેહકુંડનાં સ્નાનરે, ત્યાંહાં સુવર્ણ કેરાં દાનરે;
દ્વિજ જનનાં કર્યાં સન્માન. ચાલો૦ ૫૩
હવે ત્યાંથી જઇએ બરસાનેરે, કરો ભાનોખરનાં સ્નાનરે;
ત્યાં રાજ કરે ભખુભાન. ચાલો૦ ૫૪
ત્યાં શ્રીરાધાજી રૂપનિધાનરે, તેહની અષ્ટ સખી છે સુજાણરે;

તે તો બહુવિધનાં કરે ગાન. ચાલો૦ ૫૫
ત્યાંથી નોવારી ચોવારી જઈએરે, ત્યાં રત્નકુંડ દોહની કુંડ કહીએરે;
વળી મોહની કુંડ ત્યાં લહીએ. ચાલો૦ ૫૬
માનગઢમાં તે માન મનાવ્યાંરે, દાનગઢમાંતે દાન ચુકાવ્યાંરે;
દધિને માટે નૃત્ય કરાવ્યાં. ચાલો૦ ૫૭
ગેહેવરવન સાંકડી ખોર આવ્યારે, ત્યાંથી પ્રભુજી વનમાં સિધાવ્યારે,
શ્રીમહાપ્રભુજીની બેઠકે મન ભાવ્યા. ચાલો૦ ૫૮
વિલાસગઢમાં વિલાસ રાસ કરિયારે, મોરકુટીમાં મોરરૂપ ધરિઆરે;
નૃત્ય કરી શ્રીરાધાનાં મન હરીયાં. ચાલો૦ ૫૯
ત્યાંથી પીરીપોખર ચાલોરે, જઈને સંકેતવનને નિહાળોરે;
શ્રીમહાપ્રભુની બેઠકમાં ચાલો. ચાલો૦ ૬૦
ત્યાંથી સંકેતવનમાં પધાર્યારે, પ્રેમસરોવરે પ્રેમવધાર્યારે;
વ્રજભક્તનાં કારજ સાર્યાં. ચાલો૦ ૬૧
ત્યાં શ્રીગુસાંઈજીની બેઠક છાજેરે, શ્રીમહાપ્રભુની બેઠક ત્યાં બિરાજેરે;
કૃષ્ણકુંડ કદમખંડીમાં ગાજે. ચાલો૦ ૬૨
ત્યાં શ્રીચંદ્રાવલીજીની કુંજરે, ત્યાં ચન્દ્રાવલી છે કુંડરે;
શ્રીગુસાંઈજીની બેઠક રસપુંજ. ચાલો૦ ૬૩
લલિતા વિશાખાના કુંડ જોઈએરે, તેહની કુંજ જોઈને મન મોહેરે;
પૂરનમાસી જોઈ સુખ હોય. ચાલો૦ ૬૪
શ્રીજસોદાજીને મંદિર જાઉંરે, ત્યાં પ્રભુજીને જોઈ આવુંરે;
ત્યાં પ્રભુજીએ જોયા છે હાઉ. ચાલો૦ ૬૫
ચાલ્યા મધુસૂદનકુંડની વાટેરે, ત્યાં બહિ વલોવ્યાનાં છે માટરે;
ત્યાંછે ચરણ પહાડીનો ઘાટ. ચાલો૦ ૬૬

ત્યાંથી માનસરોવર આવ્યારે, ત્યાં ગાય વાછડાંને જલ પીવરાવ્યારે;
ત્યાં મહાપ્રભુની બેઠકમાં સિધાવ્યા. ચાલો૦ ૬૭

છોકર કદમ્બવૃક્ષ સ્થલ લીલારે, ત્યાં ગાય વાછડાં બાંધવાના ખીલારે;
જઇને મોતી કુંડમાં ઝીલ્યા. ચાલો૦ ૬૮

ગાયોને મોતીની માળા પહેરાવીરે, તે તો પ્રભુજીને મન ભાવીરે;
ત્યાંથી ટેર કદમ પર આવી. ચાલો૦ ૬૯

વિલાસવટની લીલા સુખકારીરે, વેણી ગુંથી શ્રીકુંજવિહારીરે;
ત્યાં કુંડલ વનની છબિ છે ભારી. ચાલો૦ ૭૦

ત્યાં શ્રીનંદ જશોદાજી નિરખોરે, બલરામ કૃષ્ણ જોઇ હરખોરે:
નંદગામની લીલા પરખો. ચાલો૦ ૭૧

આગળ આવ્યા કરહલાગામરે, તેતો ઉપવન કહીએ નામરે;
ત્યાં કૃષ્ણકુંડ છે ધામ. ચાલો૦ ૭૨

ત્યાં કરી રાસલીલા નિર્ધારરે, ત્યાં છે કદમખંડી બહુ ભારીરે;
શ્રીમહાપ્રભુની બેઠક પરવારિ ચાલો૦ ૭૩

ત્યાંથી આંજન ગામમાં રહીએરે, આંજનોંખરમાં જઇ નહીએરે;
આંજન કુંડ વિહાર સુખ લઇએ. ચાલો૦ ૭૪

તેની પાસે પીસાયો ગામરે, ત્યાં જલ આરોગ્યા પૂર્ણકામરે;
ગોપીજને કર્યો વિશ્રામ. ચાલો૦ ૭૫

આગળ કહીએ ખિદરવન ગામરે, ત્યાં ગાયો ખદેડી સુંદર શ્યામરે;
ત્યાં માર્યો બકાસુર ઠામ. ચાલો૦ ૭૬

ત્યાંથી પસોલી કુંજમાં જઇએ, કોકિલાવન કૃષ્ણકુંડ કહીએ;
ત્યાં મહાપ્રભુની બેઠકમાં રહીયે. ચાલો૦ ૭૭

ત્યાંથી આવી બેટવન જઇએરે, તેને પાસે જાવકવન કહીએરે;

આગળ જાત્રક ભટ જોઇ લહીએ. ચાલો૦ ૭૮
કોકિલાકુંડનાં જળ ઝુલ્યાંરે, ત્યાં કમલ કુમુદિની ફુલ્યાંરે;
ત્યાં અનેક ભ્રમર રસ ભૂલ્યા. ચાલો૦ ૭૯
ત્યાં છોટી બઠેન છે સારીરે, આગળ જઈ જુવો ચરણ પહાડીરે;
તેને ગોવર્દ્ધન કરી પ્રભુ ધારી. ચાલો૦ ૮૦
ચરણકુંડ ચરણગંગા જોયાંરે, ત્યાં પ્રભુ પોતે દહી વલોવ્યાંરે;
ત્યાં માખણ કાઢીને આરોગ્યા. ચાલો૦ ૮૧
દધિગામને દધિકુંડ કહીએરે, જઇને શીતળકુંડમાં નહીએરે;
શ્રીમહાપ્રભુની બેઠકે દર્શન પઇએ. ચાલો૦ ૮૨
ત્યાંથી કોટવનમાંહે આવ્યારે, સુરજકુંડ જોઇને મન ભાવ્યારે;
ત્યાં જશોદાજીને રાસ દેખાડયા. ચાલો૦ ૮૩
શેષશાયીમાં ક્ષીરસાગર ભરીયારે, ત્યાં શેષજીની સીજ્યા કરીયારે;
લક્ષ્મીનારાયણનાં રૂપ ધરીયાં. ચાલો૦ ૮૪
પ્રભુજી બલભદ્ર સાથે આવ્યારે, શ્રીજમુનાજી પુલિન સિધાર્યારે;
બત્રીશ વાર જમુનાજીમાં નાહ્યા. ચાલો૦ ૮૫
ત્યાંથી લાલબાગમાં પધાર્યારે, ત્યાં વ્રજભક્તે શૃંગાર કરાવ્યારે;
લાલ વસ્ત્ર ભૂષણ પહેરાવ્યાં. ચાલો૦ ૮૬
ત્યાંથી ચીરઘાટ માંહે આવ્યારે, ત્યાં વ્રજભક્તે શેહેરા ધરાવ્યારે;
ખેલન વનમાં ખેલ કરાવ્યા. ચાલો૦ ૮૭
ખેલ કરીને આરતિ કરાવીરે, ત્યાંથી રામ ઘાટપર આવ્યારે;
શ્રીબલદેવજીએ રાસ રચાવ્યો. ચાલો૦ ૮૮
રાસ મૂકી હળમૂશળ લાવ્યારે, શ્રીજમુનાજી વાંકાં ચલાવ્યાંરે;
ત્યાં ઉલટાં નીર વહાવ્યાં. ચાલો૦ ૮૯

ભાણુવન નિવારણુવન આવ્યારે, ગુંજાવનથી અક્ષયવટ આવ્યારે;
ત્યાં ગોપીકુંડમાં નાહ્યા ચાલો૦ ૯૦
તપોવનમાં વિરહ બહુ ધરિયારે, આંસુ નેત્રમાં નીર જ ભરીયારે;
તત્કાળ નિવારણુ કરીયાં. ચાલો૦ ૯૧
ગોપીઘાટ સ્નાન જ કરીયાંરે, ચીર ઘાટે ચીર પ્રભુ હરીયાંરે;
ત્યાં મહાપ્રભુની બેઠકે પરવરીયાં. ચાલો૦ ૯૨
નંદઘાટથી વચ્છવન લીલારે, ત્યાં રાસરમણુ પ્રભુ ખેલ્યારે;
શ્રીમહાપ્રભુની બેઠકે રંગ રેલ્યા. ચાલો૦ ૯૩
ત્યાંથી શ્રીવૃંદાવનમાં જઇએરે, તહાં કાલીમર્દન કહીએરે;
કદમવૃક્ષ કાલી ઘાટ લહીએ. ચાલો૦ ૯૪
સેવા કુંજ સિંગાર બટ આવ્યારે, શ્યામવેદ મુરલીમાં પ્રભુ માયારે;
વાંસ વૃક્ષ રચ્યા સુખ પાયા. ચાલો૦ ૯૫
ત્યાંથી કેશી ઘાટ પર જઇએરે, ત્યાં મહાપ્રભુજી બિરાજ્યા તે કહીએરે;
ત્યાં શ્રીભાગવતનાં સુખ લઇએ. ચાલો૦ ૯૬
આગલ ધીર સમીર ઘાટ જઇએરે, ત્યાંથી બંસીબટમાં આવ્યારે;
જોઇ રાસલીલા મન ભાવ્યા. ચાલો૦ ૯૭
ત્યાં શ્રીમહાપ્રભુની બેઠક સુખદાઇરે, શ્રીવિઠ્ઠલવરની બેઠક મનભાઇરે;
ત્યાં નિત્ય વિહાર સુહાઇ. ચાલો૦ ૯૮
ત્યાંથી મધુવન જઇને નિરખોરે, ત્યાં રાધાબાગ જોઇ હરખોરે;
વેણુકૂપે વેણુનાદ પરખો. ચાલો૦ ૯૯
બેલવનમાં અનેક દ્રુમ વેલીરે, માઠવનમાં માટ દધિ રેલીરે;
ત્યાં સિંગાર કરાવ્યા સાહેલી. ચાલો૦ ૧૦૦
ભાંડિરવનને ભાંડિરબટ જઇએરે, પ્રલંબદૈત્યનો વધ ત્યાં કહિએ રે


બાંડિર કૂપના જલે ત્યાં ન્હાઇયે. ચાલો૦ ૧૦૧
ત્યાંથી બાજેલા ગામને જાણોરે, ત્યાં શ્રીપ્રભુજીની બગીચી વખાણોરે;
ત્યાં વ્રજભક્તનાં સુખ ચિત્ત આણો. ચાલો૦ ૧૦૨
ભદ્રવનમાં બહુ સુખ દીધાંરે, ગૌ ઘાટે પ્રભુ જળ પીધાંરે;
દાવાનલનાં પાન ત્યાં કીધાં. ચાલો૦ ૧૦૩
માનસરોવર માન મનાવ્યારે, ત્યાં કુંજ લતા દ્રુમછાયારે;
ત્યાં મહાપ્રભુજીની બેઠકે આવ્યા, ચાલો૦ ૧૦૪
ત્યાંથી પિપરોલી ગામ આવ્યારે, શ્રીગુસાંઇજીએ રાસ કરાવ્યારે;
માનિકશિલાએ ભોગ ધરાવ્યા. ચાલો૦ ૧૦૫
ત્યાંથી લોહવન કૃષ્ણકુંડ આવ્યા, ત્યાં લોહાનાં દાન કરાવ્યાંરે;
કૃષ્ણકૂપના જલે ન્હવરાવ્યા. ચાલો૦ ૧૦૬
ત્યાંથી ગોપાલપુરમાં જઇએરે, ત્યાં રાવલ ઉપવન કહીએરે;
શ્રીલાડીલીજીનાં દર્શન કરીએ. ચાલો. ૧૦૭
નંદી વંદી દેવી છે સારીરે, શ્રીનંદરાયજીની ગોખર વારીરે;
કરે ગાયોની રખવારી. ચાલો૦ ૧૦૮
ત્યાંથી શ્રીબલદેવજી જઇએરે, બલભદ્રકુંડમાં નહીએરે;
ત્યાં મનવાંછિત ફલ પઇએ. ચાલો૦ ૧૦૯
ત્યાંથી હયોરા ગામ સુખદાઇરે, ત્યાં શ્રીનંદરાયજીની અથાઇરે;
ત્યાં વ્રજવાર્તાની ચર્ચા ચલાઇ. ચાલો૦ ૧૧૦
ચિંતાહરણઘાટ સુખકારીરે, ત્યાં વ્રજભક્તની ચિંતા નિવારીરે;
શ્રીજમુનાનીર વહે બહુ બારી. ચાલો૦ ૧૧૧
બ્રહ્માંડઘાટે પ્રભુ માટી ખાતારે, શ્રીબલદેવજીએ કહી સર્વ વાતારે;
તે જાણ્યું શ્રીજસોદાજી માતા. ચાલો૦ ૧૧૨

મહાવન શ્રીનંદરાયજીનું ગામરે, ત્યાં છઠ્ઠી પલનાનાં છે ઠામરે;
નંદકૂપ પૂજવાનો છે ધામ. ચાલો૦ ૧૧૩
ત્યાં યમલાઅર્જુનને તાર્યારે, ત્યાં નલકુંવરને ઉદ્ધાર્યારે;
ત્યાં અનેક દૈત્ય પ્રભુએ માર્યા. ચાલો૦ ૧૧૪
હવે રમણરેતીમાં જઇએરે, ત્યાં રમણલીલા સુખ લઇએરે;
ત્યાં ગોપકૂપજલ નહીએ. ચાલો૦ ૧૧૫
વલ્લભઘાટ ઉતરેશ્વર ઘાટરે, જોયો વાજના ટીલાનો ઠાટરે;
વલી કહીએ જસોદાઘાટ. ચાલો૦ ૧૧૬
આલી નિરખો શ્રીગોકુલ ગામરે, એ છે નિજ લીલાનું ધામરે;
કરે સર્વેનાં પૂરણકામ. ચાલો૦ ૧૧૭
વાંસ દરવાજે કરણકૂપ આવ્યારે, ત્યાં પ્રભુજીએ કાન વિંધાવ્યારે;
ચિંતામણિ માધો મન ભાવ્યા. ચાલો૦ ૧૧૮
ત્યાં શ્રીગુસાંઇજીની બેઠક કહીએરે, સાત મંદિરનાં સુખ લઇએરે;
શ્રીમહાપ્રભુજીની બેઠકે જઇએ. ચાલો૦ ૧૧૯
શ્રીનવનીતપ્રિયાજી પાલને ઝુલેરે, નંદ મહોત્સવ જોઇ મન ફુલેરે;
સુર નર મુનિ જન કૌતુક ભુલે. ચાલો૦ ૧૨૦
ત્યાં બ્રહ્મ છોકર સુખ છાજેરે, શ્રીમહાપ્રભુજીની બેઠક બિરાજેરે;
ત્યાં શ્રીમહારાણીજી ગાજે. ચાલો૦ ૧૨૧
ગોવિંદઘાટ ઠકુરાણીઘાટ જઇએરે, ત્યાં શ્રીજમુનાજીમાં નહીએરે;
ગોઘાટ અષ્ટખંભા કહીએ. ચાલો૦ ૧૨૨
હાથ જોડ જમુનાજીમાં કરીએરે, બહુ આનંદ ઉરમાં ભરીએરે;
હવે હારજ સરવે સરીમાં. ચાલો૦ ૧૨૩
જે હોય નિત્ય ચિત મનથી ગામરે, વનયાત્રાનું ફલ તેને થાયરે;

શ્રીમહાપ્રભુજીને સોહાયે. ચાલો૦ ૧૨૪
સદા શ્રીગોકુલ માંહે રહીએરે, શ્રીમહાપ્રભુજીના ગુણ ગઇયેરે;
શ્રીવિઠ્ઠલનાં ચરણ ચિત્ત લઇએ. ચાલો૦ ૧૨૫
શ્રીવલ્લભ વિઠ્ઠલ પૂરી આશરે, રાખ્યા ચરણકમળની પાસરે;
દાસ માગે શ્રીગોકુલવાસ. ચાલો૦ ૧૨૬

ઇતિ શ્રીવ્રજચોરાશી કોશની વનયાત્રાનું ધોળ સંપૂર્ણ.

આ સિવાય શ્રીનાથજી આદિ સાતે સ્વરૂપનાં ધોળ, **રાસપંચા-**ધ્યાયી, ભ્રમરગીત, **વેણુ**ગીત, ગોપીગીત, યુગલગીત, **વનયાત્રાનું** ધોળ વગેરે હવે પછી અમારા તરફથી " **વિવિધ ધોળ તથા પદ-સંગ્રહ ભાગ બીજો** " બહાર પડશે તેમાં જોવું.



પ્રકરણ ૫ મું.

॥ શ્રીજન્માષ્ટમીની વધાઇ પદ તથા ધોળ વગેરે ॥

શ્રીજન્માષ્ટમીની વધાઈ.

રાગ દેવંધાર. પદ ૧ લું.

વ્રજ ભયો મહરિકેં પૂત જબ યહ વાત સુની,
સુનિ આનંદે સબ લોક ગોકુલ ગણિત [1]ગુની;
વ્રજ પૂરવ પૂરે પુન્ય રૂકુલ સુથિર [2]થુંની.
ગ્રહ લગ્ન નક્ષત્ર બલિ સોધિ કીની વેદધ્વનિ. ૧
સુનિ ધાંઇ સબ વ્રજનારી સહજ સિંગાર કિયે,
તન પહરેં નૌતન ચીર કાજર નૈન દિયે;
કસિ કંચુકી તિલક લલાટ શોભિત હાર હિયે,
કરકંકણ કંચન થાર મંગલ સાજ લિયે. ૨
વે અપને અપને મેલ નિકસી ભાંતિ ભલી,
માનો [3]લાલ મુનિનકી પાંતિ પિંજરન ચૂર ચલી;
વે ગાવે મંગલ ગીત મિલિ દશ પાંચ અલી,
માનો ભોર ભયો રવિ દેખિ ફુલી કમલકલી. ૩
ઉર [4]અંચલ ઉડતન જાન્યો સારી સુરંગ સુહી,

૧ જોષી. ૨ થંભ. ૩ લાલચંખીની પંક્તિ. ૪ કપડાંઓનાં છેડા.

મુખ [1]માંડયો [2]રોરી રંગ [3]સેંદુર [4]માંગ છુહી;
શ્રમ શ્રવનન [5]તરૂલ [6]તરોના વેની સિથલ ગુહીં,
શિર વરખત કુસુમ [7]સુદેશ માનો મેઘ [8]પુહી. ૪
પીય પહેલેં પોહોંચી જાય અતિ આનંદ ભરી,
લઇ ભીતર ભવન બુલાય સબ [9]શિશુ પાય પરી;
એક વદન ઉઘારિ નિહારત દેત અશીષ ખરી,
ચિરંજીયો જસોદાનંદ પૂરણ કામ કરી. ૫
ધન્ય ધન્ય દિવસ ધન્ય રાત્ર ધન્ય યહ પ્રહર ઘરી,
ધન્ય ધન્ય મહરીજૂકી કુખિ ભાગિ સુહાગ ભરી;
જીન જાયો એસો પૂત સબ સુખ ફલન ફરી.
થિર થાપ્યો સબ પરિવાર મનકી શલ હરી. ૬
સુનિ ગ્વાલન ગાય [10]બહોરિ બાલક બોલિ લિયે,
ગુહિ ગુંજા ઘસિ [11]વન ધાતુ અંગ અંગ ચિત્ર[12]ઠયે;
શિર દધિ માખણુ કે માટ ગાવત ગીત નયે,
સંગ ઝાંઝ મૃદંગ બજાવત સબ નંદ ભવન ગયે. ૭
એક નાચત કરત કુલાહલ છિરકત હરદ દહી,
માનો બરખત ભાદોં માસ નદી ઘૃત દૂધ વહી;
જાકો જહીં જહીં ચિત્ત જાય કૌતિક તહીં તહીં,
રસ આનંદ મગન ગ્વાલ કાહૂ બદત નહીં. ૮
એક ધાઇ નંદજૂપે જાય [1]પુનિપુનિ પાય પરેં,
એક આપ આપુહી માંઝ હસિ હસિ [2]અંક ભરે;

૧ લગાયો. ૨ કંકુ. ૩ હીંગળુ. ૪ શ્રીમંત. ૫ ચંચલ. ૬ કાનકો આભૂષણ. ૭ સુંદર. ૮ બિંદુ. ૯ બાલક. ૧૦ પછી. ૧૧ ગેરૂ. ૧૨ બનાયે.
૧ ફિરિફિરિ ૨ બાથ તે લગાયકે મળતાં.

એક અંબર સબહી ઉતારિ દેત નિઃશંક ખરે,
એક દધિ [૩]રોચન ઓર [૪]દૂબ સબનકે શીશ ધરે. ૯

તબ નંદ ન્હાય ભયે ઠાડે અરૂ [૫]કુશ હાથ ધરે,
ઘસિ ચંદન ચારુ મંગાય વિપ્રન તિલક કરે;
નાંદી મુખ પિતર પૂજાય અંતર સોચ હરે,
[૬]વર ગુરુજન દ્વિજન પહરાય સબનકે પાય પરે. ૧૦

ગન ગૈયા ગિની ન જાય તરુણ સુવચ્છ બઢી,
નિત્ય ચરે જમુનાજીકે [૭]કાછ દૂને દૂધ ચઢી;
ખુર રૂપે તાંબે પીઠ સોને સીંગ મઢી,
તે દીની દ્વિજન અનેક હરખિ અશીષ પઢી. ૧૧

તબ અપને મિત્ર સુબંધુ હસિ હસિ બોલિ લિયે,
મથિ [૮]મૃગમદ [૯]મલય કપૂર માથે તિલક કિયે;
ઉર મણિ માલા પહરાય [૧૦]વસન વિચિત્ર દિયે,
માનોં બરખત માસ અષાઢ દાદુર મોર જીયે. ૧૨

વર બંદી માગધ સૂત આંગન ભવન ભરે,
તે બોલે લે લે નામ હિત કોઉ ના વિસરે;
જીન જો જાચ્યો સો દીનો રસ નંદરાય ઢરે,
અતિદાન માન [૧૧]પરધાન પૂરણ કામ કરે. ૧૩

તબ રોહિની અંબર મંગાય સારી સુરંગ ઘની,
તે દીની વધુન બુલાય જેસી જાય બની;
વે અતિ આનંદિત બહોરિ નિજગૃહ ગોપ ધની,

૩ ગોરોચન. ૪ દુર્વા (ધ્રો) ૫ ડાભ. ૬ બડે. ૭ કિનારો. ૮ કસ્તુરી.
૯ ચંદન. ૧૦ વસ્ત્ર. ૧૧ શ્રેષ્ઠ.

મિલિ નિકસી દેત અશીષ રુચિ અપુની અપુની. ૧૪
તબ ઘર ઘર ભેરી મૃદંગ પટહ નિશાન બજે,
વર બાંધી વંદન માલ અરૂ ધ્વજ કલશ સજે;
તબ તાદિનતે વે લોગ સુખ સંપત્તિ ન તજે,
સુનિ સૂર સબનકી યહ ગતિ જે હરિચરણુ ભજે. ૧૫

પદ ૨ જું.

નેન ભર દેખો નંદકુમાર.
જસુમતિ કૂખ ચંદ્રમા પ્રગટયો, યા વ્રજકો ઉજિયાર. ૧
વન જીન જાઉ આજ કોઉ, ગોસુત ઓર ગાય ગુવાર;
અપને અપને બેષ સબે મિલિ, લાવો વિવિધ સિંગાર. ૨
હરદ દૂબ અક્ષત દધિ કુમકુમ, મંડિત કરો દુવાર,
પૂરો ચોક વિવિધ મુક્તાફલ, ગાવો મંગલચાર. ૩
ચહું વેદધુનિ કરત મહામુનિ, હોત નક્ષત્રવિચાર;
ઉદયો પુન્યકો પુંજ સાંમરો, સકલ સિદ્ધિ દાતાર. ૪
ગોકુલચંદ્ર નિરખિ આનંદિત, સુંદરતાકો સાર;
દાસ ચતુર્ભુજ પ્રભુ સબ સુખનિધિ, ગિરિધર પ્રાન આધાર. ૫

પદ ૩ જું.

નંદરાયકે નવ નિધિ આઇ.
માથે મુકુટ શ્રવન મનિ કુંડલ, પીત વસન અરૂ ચાર ભુજાઇ. ૧
બાજત બીન મૃદંગ શંખ ધુનિ, ઘસિ અરગજા અંગ ચઢાઇ;
દધિ પીવત ઓર ચંદન છિરકત, રપટિ પરતકે લેત ઉઠાઇ. ૨
અક્ષત દૂબ લિયે ચડ ઠાડે, દ્વારન બંદનમાલ બંધાઇ;
સૂરદાસ સબ મિલે પરસ્પર, દાન દેત નંદ અઘાઇ. ૩

રાગ બિલાવલ પદ ૪ થું.

મહામહોચ્છવ શ્રીગોકુલ ગામ.
પ્રેમમુદિત જુવતિ જશ ગાવત, શ્યામસુંદરકો લેલે નામ. ૧
જહાં તહાં લીલા અવગાહત, ખરિક ખોર દાધ મંથન ઠામ;
કરત કુલાહલ નિશ અરુ વાસર, આનંદમે વીતત સબ જામ. ૨
નંદગોપસુત સબ સુખદાયક, મોહન મૂરતિ પૂરન કામ;
ચતુર્ભુજ પ્રભુ ગિરિધર આનંદનિધિ, સખી સ્વરૂપ શોભાઅભિરામ. ૩

પદ ૫ મું.

આજ નંદજૂકે દ્વારેં ભીર.
આવત મંગલ ગીત સબે મિલિ, પ્રકટેહેં સુંદર બલવીર; ૧
એક આવત એક જાત વિદાવ્હૈ, એક ઠાડે મંદિરકે તીર;
એકનકોં ગૌદાન દેતહેં, એકનકો પહિરાવત ચીર. ૨
એકનકોં ફુલ માલ દેતહેં, એકનકોં ઘસિ ચંદન નીર;
સૂરદાસને નવ નિધિ પાઇ, ધન્ય જસોદા પુન્ય શરીર. ૩

રાગ આસાવરી પદ ૬ ઠું.

જુરિ ચલીહેં વધાવન નંદ મહર ઘર સુંદર વ્રજકી બાલા,
કંચન થાર હાર ચંચલ છબિ, કહિ ન પરત તિહિ કાલા. ૧
ડહ ડહે મુખ કુમકુમ રંગ રંજીત, રાજત રસકે એના;
કુંજન પર ખેલત માનોં ખંજન અંજનયુત બને નેના. ૨
દમૂકત કંઠ પદિક મનિ કુંડલ, નવલ પ્રેમ રંગ બોરી;
આતુર ગતિ માનોં ચંદ ઉદે ભયો, ધાવત ત્રિખિત ચકોરી. ૩
ખસિ ખસિ પરત સુમન શીશનતે, ઉપમા કહા બખાનો;
ચરન ચલન પર રિઝિ ચિકુરવર, વરખત ફુલન માનોં. ૪

ગાવત ગીત પુનીત કરત જગ, જસુમતિ મંદિર આઇ;
વદન વિલોકિ બલૈયાં લે લે, દેત અશીષ સુહાઇ. ૫
મંગલ કલશ નિકટ દીપાવલિ, ઠાંય ઠાંય દેખિ મન ભૂલ્યો;
માનો આગમ નંદ સુવનકે, સુમન ફુલ વ્રજ ફુલ્યો. ૬
તાપાછેં ગન ગોપ ઓપસોં, આગે અતિસેં સોહેં;
પરમાનંદ કંદ રસ ભીને, નિકર પુરંદર કોહેં. ૭
આનંદ ઘન જ્યોં ગાજત, રાજત વાજત દુંદુભિ ભેરી;
રાગ રાગની ગાવત હરખત, બરખત સુખકી ઢેરી. ૮
પરમ ધામ જગ ધામ શ્યામ, અભિરામ શ્રીગોકુલ આયે;
મિટિ ગયે દૂંદ **નંદદાસનકે**, ભયે મનોરથ ભાયે. ૯

પદ ૭ મું.

તુમરે ભાગિ સુનો મેરી ગોપી, ભયો એસો લાલ હમારે.
અબ ચિરજીવો ભાગિ સબનકે, ખેલો મેરેં તુમારેં. ૧
હોં સુખ દેખોં તુમ સુખ દેખો, પ્યાવો દૂધ મલ્હાવો;
મેરે લાલકી તુમ સબ ભાભી, ઉવટિ ન્હવાય બેઠાવો. ૨
તુમ લેહુ ગોદ લગાવો છાતી, મુખ ચુંબો ઓર ખિલાવો,
શ્રીવિઠ્ઠલ ગિરિધરન લાલકોં, ગંગા કરત શિખાવો. ૩

પદ ૮ મું.

દેવક ઉદધિ દેવકી સીપ, વસુદેવ સ્વાંતિ જલ બરખ્યોહો,
ઉપજ્યો સુવન વિમલ મુક્તાફલ, સુનિ સુનિ સબ જગ હરખ્યોહો.૧
નિરમોલિક નગ હાથ જસોદા, નંદજુકો ચિત્ત આકરખ્યોહો;
વિધિ નારદ શિવ શેષ ઝવેરી, તિનપેં જાત ન પરખ્યોહો. ૨
સુરનર મુનિ જાકો ધ્યાન ધરતહેં, સો વ્રજજુવતિન નિરખ્યો હો;

સોઇ સ્યામા ઉરહાર બિરાજત, કઉચાન શ્રીગિરિધર સરખોડો. ૩

રાગ ધનાશ્રી પદ ૯ મું.

મિલિ મંગલ ગાવો માઈ.
આજ લાલકો જન્મદિવસહે, બાજત રંગ વધાઈ. ૧
આંગન લીપો ચોક પુરાવો, વિપ્ર પઢન લાગે વેદ;
કરો શિંગાર સ્યામસુંદરકો, ચોવા ચંદન મેદ. ૨
આનંદ ભરી નંદજૂકી રાની, ફુલી અંગન સમાઇ;
પરમાનંદદાસ તિહિં ઓસર, બોડોત ન્યોછાવરિ પાઇ. ૩

પદ ૧૦ મું.

રાનીજૂ આપુન મંગલ ગાવે.
આજ લાલકો જન્મદિવસ હે, મોતીન ચોક પુરાવે. ૧
ગામ ગામતે જાતિ આપની, ગોપિન ન્યોતિ બુલાવે;
અન્વાચાર્ય મુનિ ગર્ગ પરાશર, તિનપેં વેદ પઢાવે. ૨
હરદી તેલ સુગંધ સુવાસિત, લાલે ઉવટિ ન્હવાવે;
હરિ તન ઉપર વારિ ન્યોછાવરિ, જન પરમાનંદ પાવે. ૩

પદ ૧૧ મું.

રાની તેરો ચીરંજીયો ગોપાલ.
બેગિ બડો બઢિ હોય વિરધ લટ, મહરિ મનોહર બાલ. ૧
ઉપજિ પર્યો યહ કૂખિ ભાગ્ય બલ, સમુદ્ર સીપ જેસેં લાલ;
સબ ગોકુલકે પ્રાનજીવન ધન વેરિનકે ઉર સાલ. ૨
સૂર કિતોં જીય સુખ પાવતહે, દેખત સ્યામ તમાલ;
રજ આરજ લાગો મેરી અખિયન, રોગ દોષ જંજાલ. ૩

પદ ૧૨ મું.

જસોદા રાની જાયો હે સુત નીકો.
આનંદ ભયો સકલ ગોકુલમે, ગોપવધૂ લાઇ ટીકો. ૧
અક્ષત દૂબ રોચન વંદન, નંદે તિલક દહીકો;
અંચલ વારિ વારિ મુખ નિરખત, કમલનેન પ્યારો જીકો. ૨
અપને અપને ભવનતે નિકસી, પહેરે ચીર કસુંભીકો;
યાદવેંદ્ર વ્રજકુલપ્રતિપાલન, કંસ કાલ ભયભીકો. ૩

રાગ સારંગ. પદ ૧૩ મું.

આજ નંદરાયકેં આનંદ ભયો.
નાચત ગોપી કરત કુલાહલ, મંગલ ચારું ઠયો. ૧
રાતી પીયરી ચોલી પહરે, નૌતન ઝૂમક સારી;
ચોવા ચંદન અંગ લગાયે, સેંદુર માંગ સંવારી. ૨
માખન દૂધ દહીં ભરિ ભાજન, સકલ ગ્વાલ લે આયે;
બાજત બેન પખાવજ મહુવરિ, ગાવત ગીત સુહાયે. ૩
હરદ દૂબ અક્ષત દધિ કુમકુમ, આંગન બાઢી કીચ;
હસત પરસ્પર પ્રેમ મુદિત મન, લાગ લાગ ભુજ બીચ. ૪
ચહુ વેદ ધુનિ કરત મહામુનિ, પંચ શબ્દ ઢમઢોલ;
પરમાનંદ બઢયો ગોકુલમેં, આનંદ હૃદય કલ્લોલ. ૫

પદ ૧૪ મું.

આજ મહામંગલ મહારાને.
પંચ શબ્દ ધ્વનિ ભીર બધાઇ, ઘર ઘર બે. રખવાને. ૧
ગોપી ગોપ પરસ્પર છિરકત, દધિકે માટ ઢહરાનેં. ૨
નામકરન જબ કિનો ગર્ગ મુનિ, નંદ દેત બહુ દાનેં

પાવન જશ ગાવત કટહરિયા, જાહિ પરમેશ્વર માનં. ૩

પદ ૧૫ મું.

તુમ જો મનાવત સોઇ દિન આયો.
અપનોં બોલ કરો કિન જસુમતિ, લાલ ક્ષુદુરન ધાયો. ૧
અબ ચલિહેં પાયન ઠાઠે, વ્હે મહરિ બજાય બધાયો;
ઘર ઘર આનંદ હોત સબનકે, દિન દિન બઢત સવાયો. ૨
ઇતનોં વચન સુનત નંદરાની, મોતિન ચોક પુરાયો;
વાજત તૂર તરુની મિલિ ગાવત, લાલ પટા બેઠાયો. ૩
પરમાનંદ રાની ધન ખરચત. જ્યોં વિધિ વેદ બતાયો;
જાદિનકોં તરસત મેરી સજનો, ગહિ અંગુરિયન લાયો. ૪

પદ ૧૬ મું.

આજ બધાઇકો દીન નીકો,
નંદઘરની જસુમતિ જાયોહે, લાલ ભાવનો જીકો. ૧
પંચ શબ્દ બાજે બાજત, ઘર ઘર તેં આયો ટીકો;
મંગલ કલશ લિયે વ્રજસુંદરિ, ગ્વાલ બનાવત છીકો. ૨
દેત આશીષ સકલ ગોપીજન, ચિરજીવો કોટિ વરીસો;
પરમાનંદદાસકો ઠાકુર. ગોપ ભેખ જગદીશો. ૩

પદ ૧૭ મું.

ઘર ઘર ગ્વાલ દેતહેં હેરી.
બાજત તાલ મૃદંગ બાંસુરી, ઢોલ દમામા ભેરી. ૧
ક્ષુદત ઝપટત ખાત મિઠાઇ, કહિ ન થકત કોઉ ફેરી;
[illegible] ગ્વાલ બાલ નહિ [illegible], બ્રજવનિતા સબ ઘેરી. ૨

ધ્વજા પતાકા તોરન મલા, સબે સિંગારી શેરી;
જય જય કૃષ્ણ કહત **પરમાનંદ** પ્રગટયો કંસકો વેરી. ૩

પદ ૧૮ મું.

આંગન નંદકે દધિ કાદો,
છીરકત ગોપી ગ્વાલ પરસ્પર, પ્રગટે જગમેં જાદો. ૧
દૂધ લિયો દધિ લિયો, લિયો ઘૃત માખન માટ સંયુત;
ઘર ઘર તેં સબ ગાવત આવત, ભયો મહરકેં પૂત. ૨
બાજત તૂર કરત કોલાહલ, વારિ વારિ દેં દાન;
જીયો જસોદા પૂત તિહારો, યહ ઘર સદા કલ્યાન. ૩
છિરકે લોગ રંગીલે દીસેં, હરદી પીત સુવાસ;
મેહા આનંદપુંજ સુમંગલ, યહ વ્રજ સદા હુલ્લાસ. ૪

પદ ૧૯ મું.

સબનસોં કહતિ જસોદા માય, જન્મદિન લાલકો રીરિ આવ્યો. ધ્રુવ
જબ વીતે સબ માસ, બહોરિ પુનિ આયો ભાદોં;
દિન આઠેં બુધવાર હોત, ગોકુલ દધિ કાદોં;
બોલિ લઇ વ્રજસુંદરી, ઝિલિમિલિ મંગલ ગાય;
બાંધતિ બંદન વાર મનોહર, મોતિન ચોક પુરાય. ૧
કેશર ચંદન ઘોરી કાન્હ, બલિ પ્રથમ ન્હવાયે;
નાનાવસન અનૂપ કનીક ભૂષન પહરાયે;
રોરીકા ટીકા દિયો, અંજન નેન લગાય;
દેત ન્યોછાવરિ રોહિની, ફૂલી અંગન માંય. ૨
બાજત બધાઇ દ્વાર નગારે, ભેરી ઢોલા;
[illegible] હોઇ [illegible] મનો [illegible];

ભઇ દુંદુભિકી ગર્જના, સુરવિમાન ચઢી આયે;
શિવ વિરંચિ સ્તુતિ કરે, સુર સુમનન બરખાય. ૩
ગામ ગામ તે વિપ્રભાટ, ગંધર્વ જુ આયે;
જાકો જેસો ચાહે દાન, તિન તેસો પાયે;
ભલી ભાંતિ પૂજા કરી, નીકે નંદ જીમાય;
દે આશીષ ઘરકોં ચલે, સોંધે સોં લપટાય, ૪
એસી લીલા દેખિ, ફિરત ફુલે વ્રજવાસી;
ફુલી ધેનુ અરૂ વચ્છ, ફુલી દ્રુમ કુંજ પલાસી;
ગોવરધન ફુલ્યો સદા, ફુલી શ્રીયમુના વહાઇ.
રામદાસ મન ફુલ ભઈ, શ્રીગિરિધરકો જશ ગાઇ. ૫

રાગ કાફી પદ ૨૦ મું.

શ્રીવ્રજરાજકે ધામ વધાઈ બાજહી,
ધ્વનિ સુની ઉઠી અકુલાય મેઘન જ્યોં ગાજહી. ૧
જહાં તહાં તે ચલી ધાય અટકી નંદ પોરપેં
વે ગાવે મંગલ ગીત, ઉચે સ્વર ઘોરપેં. ૨
નૌતન સાજ સિંગાર, કીયે અંગ અંગમે,
વસન લહરીયા ભાંત, કીયે બહુ રંગમે. ૩
ધુમ મચી સીંધ દ્વાર, હેરી દે ગાવડી;
પ્રેમ ઉમંગી વ્રજનાર, ગીને નહીં કાવડી. ૪
કોઉ નાચે કોઉ ગાય, કોઉ કર તારીદે;
કોઉ શિરતેં દધિમાટ, ફોર કરકાદ દે. ૫
નંદ નચાવત ગ્વાલન, નાચત બડે ભુપહી;
[illegible] [illegible] રસ આવેશ, જાને [illegible] રૂપહી. ૬

જાચક મુની અનેક. જુરે નંદ ધામતેં;
મન વાંછિત અતિ દેત, હીરાપનિ દાનમે. ૭
દેત આશિષ જીયો, વ્રજરાજકો લાડીલો;
જ્યોં ચંદ્ર સૂરજકો તેજ, તપે સુખ બાઢીલો. ૮
શ્રીવલ્લભકે ચરણકમલ સુખ પાત્રકી;
તોઓ રસના રસિક, સદા ગુન ગાત્રહી. ૯

રાગ મારૂ. પદ ૨૧ મું.

આજ કહું તો યા ગોકુલમેં, અદ્‌ભુત બરખા આઈ હો;
મણિગણ હેમ હીર ધારાકી, વ્રજપતિ અતિ ઝર લાઈ હો. ૧
વાની વેદ પઢત દ્વિજ દાદુર, હિયે હરખિ હરિયારે;
દધિ ઘૃત નીર ક્ષીર નાના રંગ, વહિ ચલે ખાર પનારે. ૨
પટહ નિશાન ભેરિ સહનાઈ, મહાગરજકી ઘોરે;
માગધ સૂત વદત ચાત્રક પિક બોલત બંદીમોરેં. ૩
ભૂખન વસન અમોલ નંદજૂ નર નારિન પહરાયે;
સાખા ફૂલ દલ ફુલમાનોં ઉપવન ઝાલર લાયે. ૪
આનંદ ભરી નાચત નરનારી, પહરેં રંગ રંગ સારી;
વરન વરન વાદરન લપેટી, વિદ્યુત ન્યારી ન્યારી. ૫
દરિદ્ર દાવાનલ બુઝે સજનકે, જાચક સરોવર પૂરે;
બાઢી સુભગ સુજસકી સરિતા, દુરિત તીર તરુ ચૂરે, ૬
ઉલ્હયો લલિત તમાલ બાલ, એક ભઇ સજન મનફુલ;
બાયાહિત અકુલાઈ ગદાધર, તકયો ચરનકો મુલ.

રાગ ગોરી પદ ૨૨ મું.

આજ વધાવો શ્રીવ્રજરાજકે, રાનીજુ જાયોહે મોહન પૂત. ધ્રુ.

માસ ભાદોં દોસ આઠેં રોહિની બુધવાર;
જસોદાકી કૂખિ પ્રગટ શ્રીકૃષ્ણ લીયો અવતાર. ૧

બહોત નારિ સુહાગ સુંદરી, સબે ઘોષકુમારી;
સજન પ્રીતમ નામ લેલે, દેત પરસ્પર ગારી. ૨

પુત્ર માનો ભયે ઘર ઘર, નિર્તત ઠામેં ઠામ;
નંદ દ્વારેં ભેટ લે લે, ઉમગ્યો ગોકુલ ગામ. ૩

સથિયે સ્યામા ધરત દ્વારેં સાત સીંક બનાય;
નવ કિશોરી મુદિત વ્હે વ્હે, ગહત જસોમતિ પાય. ૪

ચોક ચંદન લીપિકેં, આરતિ ધરીહે સંજોય;
કહત ઘોષકુમાર એસો, આનંદ જો નિત્ય હોય. ૫

એક માનિની મંગલ ગાવે, લીલા ગાવેં ગ્વાલ;
એક માખન દૂધ દધિ લે, છિરકત ફિરતહે બાલ. ૬

એક હેરી દે દે નાચે એક ઝટકે ધાઇ;
એક કાહુ બદત નાંહિં, એક ખિલાવત ગાઈ. ૭
એક નારી વૃદ્ધ બાલિક, એક જોબન જોર;
એક કાહુ બદત નાહિ, એક હસત મુખ મોરી. ૮

કૃષ્ણ જન્મ પ્રેમસાગર, હોત, ઘોષવિલાસ;
દેખિ વ્રજકી સંપદા, જન સૂરે આધોદાસ. ૯

રાગ જેજેવંતી પદ ૨૩ મું.

માઈ આજતો ગોકુલ ગામ, કેસો રહ્યો ફુલિકેં;
મહ ફુલે દીસે જેસે, સંપત્તિ સમૂલકેં. ૧
ફુલી ફુલી ઘટા આઇ ઘર ઘર ઝૂમિકેં,

ફુલી ફુલી બરખા હોત, ઝર લાયો ઝૂમિકેં. ૨
ફુલ્યો ફુલ્યો પુત્ર દેખિ, લિયો ઉર લૂમિકે;
ફુલિ હે જસોદા માય, ઢોટા મુખ ચૂમિકેં. ૩
દેવતા અગ્નિ ફુલે, ઘૃત ખાંડ હોમિકે;
ફુલ્યો દિસે દધિકાદોં ઉપર સોં ભૂમિકેં. ૪
માલિન બાંધે બંદન માલા, ઘર ઘર ડોલિકં.
પાટંબર પહરાય અધિકે અમોલકેં. ૫
ફુલેકેં ભંડાર સબ દ્વારે, દીયે ખોલીકેં.;
નંદરાય દેત ફુલે, **નંદદાસ** બોલિકેં. ૬

રાગ કાન્હરો. પદ ૨૪ મું.

એસો પૂત દેવકી જાયો.
ચારોં ભુજા ચારિ આયુધ ધરે, કંસ નિકંદન આયો. ૧
ભરી ભાદોં આધિ રાતિ અષ્ટમી, દેવકી કંથ જગાયો.
દેખ્યો મુખ વસુદેવકુંવરકો, ફુલ્યો અંગ ન સમાયો. ૨
અબ લે જાહુ વેગિ યાહિ ગોકુલ, બોહોત ભાંતિ સમુઝાયો;
હૃદય લગાય ચૂમિ હરિકો મુખ, પલના મેં પોઢાયો. ૩
તબ વસુદેવ લિયો કર પલના, અપને શિષ ચઢાયો;
તારે ખુલે પહરૂવા સોએ, જાગ્યો કોઉ ન જગાયો. ૪
આગે સિંધ શેષ તા પાછે, નીર નાસિકા આયો;
હૂંક દેત બલિ મારગ દીનો, તવ તરવન જલ આયો. ૫
નંદ જસોદા સુનોં વિનતિ, સુત જિન જાનિ પરાયો;
જસુમતિ કહ જાકે ઘર અપને, કન્યા લે ઘર આયો. ૬
પ્રાત ભયો ભગિનીકે મંદિર, પ્રોહિત કંસ પઠાયો;

કન્યા ભઈ કૂખિ દેવકીકે, સખિયન શબ્દ સુનાયો. ૭
કન્યાનામ સુન્યોં જબ રાજા, પાપી મનન પત્યાયો;
ક્રોધ ઉપાય કંસ મન કાંપ્યો, રાજા બોહોત રિસાયો. ૮
કન્યા મંગાઇ લઇ રાજાને ધોબી પટકન આયો;
ભુજા ઉખારિ લે ગઇ ઉરતે, રાજા મન વિલખાયો. ૯
વેદહુ કહ્યો સ્મૃતિહુ ભાખ્યો, સો ડર મનમેં આયો;
સૂરદાસ પ્રભુ ગોકુલ પ્રગટે, ભયો ભક્તન મન ભાયો. ૧૦

પદ ૨૫ મું

આઠેં બાદોંકી અંધિયારી.
ગરજત ગગન દામિની કોંધતિ ગોકુલ ચલે મુરારિ. ૧
શેષ સહસ્ત્ર ફન બુંદ નિવારત, સેત છત્ર શિર તાન્યો;
વસુદેવ અંક મધ્ય જગજીવન, કહા કરેગો પાન્યો. ૨
જમુના થાહ ભઇ તિહિં ઓસર, આવત જાત ન જાન્યો;
પરમાનંદદાસકો ઠાકુર, દેવ મુનિન મન માન્યો. ૩

પદ ૨૬ મું.

બાદોંકી અતિ રૈનિ અંધીઆરી.
દ્વાર કપાટ વાટ ભટ રોકે, દિશ દિશ કંથ કંસ ભય ભારી. ૧
ગરજત ગગન મહાડર લાગત, બીચ વહે જમુના કારી;
તાતે યહ સોચ જિય આવત ક્યોં દૂરિહિં શશિવદન ઉજારી. ૨
દેખો ધો એસો સુત વિસ્તુરત, કહો કેસેં જીવે મહતારી. ૩
સુનિ સુનિ દીન વચન દેવકી કે, દીનબંધુ ભક્તન ભયહારી;
કટિ ગયે નિગડ ઉઘરિ ગયે ગોપૂર, સૂર સુભયવા જ્ઞપ્તિ નિવારી. ૪

પદ ૨૭ મું.

યહ ધન ધર્મહીતે પાયો.
નીકે રાખિ જસોદા મૈયા, નારાયન વ્રજ આયો. ૧
જા ધનકો મુનિ જપ તપ ખોજત, વેદહુ પાર ન પાયો;
સો ધન ધર્યો ક્ષીરસાગરમે, બ્રહ્મા જાય જગાયો. ૨
જા ધનતે ગોકુલ સુખ લહિયત, સગરે કાજ સંવારિ;
સોધન વાર વાર ઉર અંતર, પરમાનંદ વિચારે. ૩

પદ ૨૮ મું

હરિ જન્મતહી આનંદ ભયો.
નવ નિધિ પ્રગટ ભઇ નંદદ્વારે, સબ દુઃખ દૂરિ ગયો. ૧
વસુદેવ દેવકી મતો ઉપાયો, પલનામાં જ લયો;
કમલા કંથ દિયો હુંકારો, જમુના પાર દયો. ૨
નંદ જસોદાને મન આનંદ, ગર્ગ બુલાય લયો;
પરમાનંદદાસનો ઠાકુર, ગોકુલ પ્રકટ ભયો. ૩

પદ ૨૯ મું.

જસુમતિ તિહારો ઘર સુબસ બસો.
સુનિરિ જસોદા યા ઢોટા કો, ન્હાનડી જિન વાર ખસો. ૧
કોઉ કરત વેદ ધ્રુનિ મંગલ, કોઉ અતિ આનંદ લસો;
નિરખિ નિરખિ મુખ કમલનેનકો, આનંદ પ્રેમ હિયે હુલસો ૨
દેત અશીષ સકલ ગોપીજન, કોઉ ગાઓ કોઉ વિહસો;
પરમાનંદ નંદ ઘર આનંદ, પુત્રજન્મ ભયો જગત જસો. ૩

રાગ નાયકી. પદ ૩૦ મું.

જન્મ લિયો શુભ લગ્ન વિચાર.
કૃષ્ણ પક્ષ ભાદો નિશ આઠે, નક્ષત્ર રોહિની ઓર બુધવાર. ૧

શંખ ચક્ર ગદા પદ્મ બિરાજત, કુંડલ મનિ ઉજીયાર;
મુદિત ભયે વસુદેવદેવકી, પરમાનંદદાસ બલિહાર. ૨

રાગ બિહાગ. પદ ૩૧ મું.

રાવલકે કહે ગોપ આજ વ્રજ ધુનિ ઓપ,
કાન દે દે સુનોં બાજે ગોકુલ મંદિલરા:
જસોદા કે પુત્ર ભયો વૃષભાન જૂસોંકલો,
ગોપી ગ્વાલ લે લે ધાયે દૂધ દધિ ગગરા. ૧
આગે ગોપવૃંદ વર પાછે ત્રિય મન હર,
ચલિ ન શકત કોઉ પાવત ન ડગરા;
ચતુર્ભુજ પ્રભુ ગિરધારી કો જનમ સુનિ,
ફુલે ફુલે ફિરત નારદ જેસેં ભંવરા ૨

પદ ૩૨ મું.

શ્રવણુ સુનિ સજની બાજે મંદિલરા, આજ નિશ લાગત પરમ સુહાઇ.
અતિ આવેશ હોત તન મનમેં, શ્રીગોકુલ બજત બધાઇ. ૧
દે દે કાન સુનત અરૂ ફુલત, રાવલ કે નરનારી;
નંદરાની ઢોટા જાયો હે, હોત કુલાહલ ભારી. ૨
અતિ ઉંચે ચઢિ ટેર સુનાવત, પસરિ ઉઠે જે ગ્વાલ;
ગૈયાહો બગદાવોરે લૈયા, ભયો નંદકે લાલ. ૩
આનંદ ભરિ અકુલાય ચલી, સબ સહજ સુંદરી ગોપી;
પ્રાદુર્ભાવ જસોદાસુતકો, તામેં તન મન ઓપી. ૪
ચંચલ સાજ સિંગાર ચંદમુખી, ચંચલ કુંડલ હારા,
હાથન કંચન થાર બિરાજત, પગ નૂપુર ઝનકારા. ૫
બરખત કચ કુસુમન શોભિત અલી, દરશ ચોપ જીય ભાઈ;

ગાવત ગીત પુનીત કરત જગ, જસુમતિ મંદિર આઈ. ૬
ધનિ દિન ધનિ યહ રાતિ આજકી, ધનિ ધનિ યહ સબ ગોરી;
શ્યામસુંદર ચંદે નિરખત માનો, અખિયાં ત્રિખિત ચકોરી. ૭
સોભા જુત આઇ કીરતી, અપને ગ્રહ માનિ વધાઇ;
જાચક જન ધન ધન જ્યોં બરખત, બાન ગોપ તહાં આયે. ૮
આય જુરે સબ ગોપ ઓપસોં, ભયો જો મનકો બાયો;
પંચામૃત શીશનને ઢારત નાચત નંદ નચાયો. ૯
નાચત ગ્વાલ બાલ રસભીને, હરદ દહીં ભરિ રાજે;
ઇત નિશાન ઉતભેરી દુંદુભિ, હરખી પરસ્પર બાજે. ૧૦
ખગ મૃગ દ્રુમ દિશ દિશ ભવન મેં, દેખિયત હેં સરસાને,
પ્રાનન કે આયે ઇંદ્રિય જ્યોં, યોં વ્રજ જન હુલસાને. ૧૧
ધ્વજા બંદન માલાલંકૃત, નંદભવનમેં સોહે;
વ્યોમ વિમાનન ભીર ભઇ લખી, અમરનકોં મન મોહે. ૧૨
મહારાજ વ્રજરાજ નંદપેં, જો માગ્યોં સો પાયો;
જાકેં એસો પૂત ભયો તાકો, ન્યાય જગત જશ છાયો. ૧૩
જીનકો સુખ સુમિરત બ્રહ્માદિક, યોં હુલસે વ્રજ ગેહી,
કહિ **ભગવાન** હિત રામરાય પ્રભુ, પ્રગટે પ્રાનસનેહી. ૧૪

નારછેદન કે પદ. રાગ દેવગંધાર. પદ ૩૩ મું.

જસોદા નારન છેદન દેહું.
મનિમય જટિત હાર ગ્રીવાકો, વહ આજહોં લેહું. ૧
ઓરનકે હેં સકલ ગોપ મેરે, એક ભુવન તુમ્હારો;
મિટિ જો ગયો સંતાપ જનમકો, દેખ્યો નંદદુલારો. ૨
બોહોત દિનકી આશા લગી, ઝગરન ઝગારો કાનાં;
મનમેં વિહસતહે નંદરાની, હાર હિયેકો દીનો, ૩

જાકો નાર આદિ બ્રહ્માદિક, સકલ વિશ્વઆધાર;
સૂરદાસ પ્રભુ ગોકુલ પ્રગટે, મેટન મેં ભુભાર. ૪

પદ ૩૪ મું.

ઝગરિન તેહોં બહોત ખિજાઇ.
કંચન હાર દિયે નહિ માનત, તુડી અનોખી દાઇ. ૧
વેગિ તૂં નાર છેદિ બાલકકો, જાત વિચાર ભરાઇ;
સત સૈંયમ તીરથ વ્રત કીને, તબ યહ સંતતિ પાઇ. ૨
દીજે વિદા જાઉં ઘર અપને, કાલી સાંઝરી આઇ;
સૂરદાસ પ્રભુ ગોકુલ પ્રગટે, ભક્તનકે સુખદાઇ. ૩

અથ છઠ્ઠીકે પદ. રાગ સારંગ. પદ ૩૫ મું.

મંગલ ઘોસ છઠ્ઠીકો આયો.
આનંદે વ્રજરાજ જસોદા, મનહું અધન ધન પાયો. ૧
કુંવર ન્હવાંઈ જસોદા રાની, કુલદેવીકે પાય પરાયો;
બહુ પ્રકાર વિંજન ધરિ આગેં સબ વિધિ ભલો મનાયો. ૨
સબ વ્રજનારી વધાવન આઈ સુતકો તિલક કરાયો;
જય જયકાર હોત ગોકુલમેં પરમાનંદ જશ ગાયો. ૩

પદ ૩૬ મું.

આજ છઠ્ઠી જસુમતિકે સુતકી, ચલો વધાવન માઇ.
ભૂખન વસન સાજ મંગલ લે, સકલ સિંગાર બનાઈ. ૧
ભલી ભાત વિધિ કરી, વેસ બડસુત પાયો નંદરાઈ;
પુન્ય પુંજ ફુલે વ્રજવાસી, ઘર ઘર હોત બધાઈ. ૨
પૂરન કામ ભયે નિજ જનકે, જીવેંગે જશ ગાઈ;
પરમાનંદ વાત ભઈ મનકી, મુદ મરજાદ નસાઇ. ૩

अथ पालनेके पद. राग रामकली. पद ३७ मुं.

प्रेङ्ख पर्यंकशयनं.

चिरविरहतापहरमतिरुचिरमीक्षणं, प्रकटय प्रेमायनम्. १

तनुतरद्विजपंक्तिमतिलळितानि हसितानि तव वीक्ष्य गायकीनाम्,

इयदवधि परमेतदाशया समभवज्जीवितं तावकीनाम्. २

तोकता वपुषि तव राजते दृशि तु मदमानिनीमानहरणम्,

अग्रिमे वयसि किमु माविकामेऽपि निजगोपिकाभावकरणम्. ३

व्रजयुवतिहृदयकनकाचलानारोढुमुत्सुकं तव चरणयुगलम्,

तेनमुहुरुन्नमनकाभ्यासमिव नाथ सपदि कुरुते मृदुलमृदुलम्. ४

अधिगोरोचनातिलकमलकोद्ग्रथितविविधमणिमुक्ताफलविरचितम्,

भूषणं राजते मुग्धतामृतभरस्यंदि वदनेन्दुरसितम्. ५

भ्रूतटे मातृरचितांजनबिंदुरतिशयितशोभया दृग्दोषमपनयनम्;

वचनरचनोदारहासहजस्मितामृतचयैरात्रिभरमपनयन्. ६

पालय सदास्मानस्मदीयश्रीविठ्ठल निजदास्यमुपनयन्. ७

પદ ૩૮ મું.

પઠ નિત્ય નેમ જસોદાજી મેરે તિહારો લાલ લડાવનકોં;

પ્રાત સમય પાલને ઝુલાઉં, શકટ ભંજન જશ ગાવનકોં. ૧

નાચત કૃષ્ણ નચાવત ગોપી, કરકઠ તાલ બજાવનકોં;

આશાકરન પ્રભુ મોહન નાગર, નિરખી વદન સચુ પાવનકો. ૨

પદ ૩૯ મું.

ચક્ષુ:[1]શ્રવાપ્રિયકો પલના લલના તિહીમાં જ ઝુલાવતહેં;
યુવતિમુખપંકજ બંક ચિત્તે મિલિકેં ક્ષિતિકો [2]સુત ગાવતહેં. ૧
વ્રજ રાજ ત્રીયા કરડોર ગ્રહી હરવે હરવે હુલરાવતહેં,
દાસ ગોપાલ સખે વ્રજભામિનિ મીલી એસેહી લાડ લડાવતહેં. ૨

રાગ બિલાવલ પદ ૪૦ મું.

હોંજુ ગઇહી નંદભવનમેં, દેખ્યો અદ્‌ભુત પલના ૧
ગજમોતિનકે ઝુમિકા બાંધે, બેઠે સુંદર લલના.
પિત ઝગુલીયા અતિહી બનીહૈં ભુષનકી છબિ નિરખી બ્રિજલલના;
કેશોદાસ નંદ સુવન જબ તેં દેખે, મોહિ તબતેં કલ ના. ૨

પદ ૪૧ મું

સામરો સુત પલના ઝુલે, નિરખિ નિરખિ જસુમતિ જીય ફુલે. ૧
નેન વિશાલ ભ્રુકુટી મસિ રાજે, નિરખી વદન ઉડુપતિ જીય લાજે. ૨
કઠુલા કંઠ રુચિર પોંહોંચી કર, સુભગ કપોલ નાસિકા બિંબાધર;
ભાલ તિલક લર લટકન સોહે, મંદ હસન સબકોં મન મોહે. ૩
માખન મિશ્રી મેલી ચટાવે, વારંવાર પ્રમુદિત ઉર લાવે;
ગિરધરકુંવર જનની હુલરાવે, ચત્રુભુજદાસ વિમલ જશ ગાવે. ૪

પદ ૪૨ મું.

હાલરો હુલરાવે માતા, બલિ બલિ જાઉં ઘોખ સુખ દાતા. ૧
અતિશેં હિત કર ચરન સરોજે, જે બ્રહ્માદિક મનસા ખોજે. ૨
જસુમતિ અપનો પુન્ય વિચારે, વાર વાર મુખ કમલ નિહારે. ૩
અખિલભુવનપતિ ગરુડાગામી, નંદસુવન પરમાનંદ સ્વામી. ૪

---

૧ ચક્ષુઃશ્રવા સર્પ તેને પ્રિય ચંદન તેનું પલનું. ૨ ક્ષિતિ પૃથ્વી તેને સુત પુત્ર મંગલ.

રાગ અસાવરી. પદ ૪૩ મું.

તુમ બ્રજરાનીકે લાલા, અડો દધિ મથતિ સુહાઇ કે લાલા, ધ્રુ૦
દિવ્ય કનિક કો પાલનોં લાલ, રતનજટિત નગ હીરા;
ગજમોતિનકે ઝુમિકા લાલ, ઉપર દક્ષન ચીર. ૧
ઘુઢુરૂવન ચલન સુહાવને, લાલ પગ નૂપુરકો નાદ;
કટિકિંકિની રૂન ઝુન કરે, લાલ સુનત જનની આહ્લાદ. ૨
આધે આધે વચન સુહાવને, લાલ સુનત જનની મન મોદ;
મુખ ચુંબત સ્તનપાન દે, લાલ લે બેઠાવતિ ગોદ. ૩
કુલેહ સુરંગ સિર તાફતાકી લાલ, ઝગુલી પીત સુદેશ;
કંઠ વઘનખા કર પોંચીયા, લાલ શોભિત સુંદર વેશ. ૪
તિલક ખુલ્યો ગોરોચના, લાલ ઘુંઘરવારે કેશ;
નાની નાની દતિયાં દ્વે દુધકી, લાલ દેખિયત હસત સુદેશ. ૫
કાજર લોચન આંજિ કે, લાલ ભોંહ મટુક દે ઇઠ;
અપનોં લાલ કાહુ દેખન ન દેહોં, જીન કોઉ લાવો દીઠ. ૬
પ્રથમ હની તુમ પૂતના, લાલ શકટ ભંજન ત્રન મારિ;
યમલાઅર્જુન તારિકેં, લાલ અબ કિન છાડો આરિ. ૭
મેરે લાલકી મૈયા બ્રજરાનિ, બાપ ગોપકુલરાજ;
ધનિ ધનિ તુમારે બલભદ્ર ભૈયા, કરત સકલ સુખ કાજ. ૮
મેરે લાલકી ગૈયા અતિ બાઢી, ચરન વૃંદાવન જાઇ;
પાંન્યો પીવેં નદી જમુનાકો, કંચન ખર વે ખાઇ. ૯
મેરે લાલ હો પ્યારે લાલ (તુમ) કંસ મારિ ગઢ લેહુ;
મથુરા ફેરો વ્રજરાય દુહાઇ, ગોપ સબન સુખ દેહુ. ૧૦
લિયે ઉઠાય બ્રજરાજ ગોદ કરિ, દેઉગાર હદેં લાય;

બહોંયોં લીયે જનનિ ગોદ કરિ, અસ્તન ચલેં હેં ચુચાય. ૧૧
કહત જસોદા સુનો મેરે ગોવિંદ, લેહું કનિયોં ચઢાય;
જો ઝુલો તો પલને ઝુલાઉં, નાતર આંગન બેઠિ ખિલાય. ૧૨

પદ ૪૪ મું.

વારિ મેરે લટકન પગ ધરો છતિયાં.
કમલનેન બલિ જાઉં વદનકી, શોભિત નેન્હી દ્વે દૂધકી દતિયાં. ૧
યહ તેરી યહ મેરી, યહ બાબાનંદ જુકી, યહ બલભદ્ર ભૈયાકી;
યહ તાકી જો ઝુલાવે તેરો પલના;
ઈહાં તે ચલી ખરખાત પિવત જલ, પરહરો રુદન હસો મેરે લલના. ૨
રૂનક ઝુનક પગ બાજત પેજનિયાં, અલબલ કલબલ બોલો મૃદુ બનિયાં;
પરમાનંદ પ્રભુ ત્રિભુવન ઠાકુર, જાય ઝુલાવે બાબા નંદજુકી રનિયાં ૩

પદ ૪૫ મું.

માઇરી કમલનેન શ્યામસુંદર ઝુલતહેં પલના,
બાલલીલા ગાવત સબ ગોકુલકી લલના. ૧
લાલકે અરૂન તરૂન ચરનકમલ, નખ મનિ શશિ જોતિ;
કુંચિત કચ ભ્રમરાકૃત, લર લટકત ગજ મોતિ. ૨
લાલ અંગુઠા ગહિ, કમલ પાન મેલત મુખ માંહિં;
અપનો પ્રતિબિંબ દેખિ, પુનિ પુનિ મુસિકાઈ. ૩
રાનિ જસુમતિકે પૂરન પુન્ય પુંજ વાર વાર લાંસે,
પરમાનંદ સ્વામી ગોપાલ, સુત સનેહ પાલે. ૪

રાગ દેવગંધાર પદ ૪૬ મું.

અદ્‌ભુત દેખ્યો નંદભવનમેં, લરિકા એક ભલા;
કહા કહું અંગ અંગ પ્રતિ શોભા, કોટિક કામ કામકલા. ૧

ગાવતિ હસતિ હસાવતિ ગ્વાલિની ઝુલવત પકરી ડલા;
પરમાનંદદાસકો ઠાકુર, મોહન નંદલલા.

અથ ઢાઢીકે પદ. રાગ ધનાશ્રી. પદ ૪૭ મું.

હોં વ્રજ માગનોંજૂ વ્રજ તજિ અનત ન જાઉં. ધ્રુ૦
બડે બડે ભૂપતિ ભૂતલ મહિયાં, દાતા સુર સુજાનજુ;
કર ન પસારોં શીશ ન નાઉં, યા વ્રજકે અભિમાન. ૧
સુરપતિ, નરપતિ, નાગલોકપતિ, મેરે રંકસમાનજુ;
ભાંતિ ભાંતિ મેરી આશા પૂજીયત, યે વ્રજજન જીજમાન. ૨
મેં વ્રત કરી કરી દેવ મનાયે, અપની ઘરની સંયુતજુ;
દિયો વિધાતા સબ સુખદાતા, ગોકુલપતિકે પુત. ૩
હોં અપનો મન ભાયો લેહોં, કિત ઓરાવત વાતજુ;
ઓરનકોં ધન ધન જ્યાં બરખત, મો દેખત હસિ જાત. ૪
અષ્ટ સિદ્ધિ નવનિધિ મેરે મંદિર, તુમ પ્રતાપ વ્રજઈશજુ;
કહત **કલ્યાન** મુકુંદ તાત કર કમલ ધરો મમ શીસ. ૫

પદ ૪૮ મું.

નંદ જૂ મેરે મન આનંદ ભયો, સુનિ ગોવર્દ્ધન તેં આયો;
તુમારે પુત્ર ભયો હોં સુનિકેં, અતિ આતુર ઉઠી ધાયો. ૧
બંદીજન ઓર ભિક્ષુક સુનિ સુનિ દેશ દેશતેં આયે;
એક પહલેંહીં આશા લાગી, બહોત દિનનકે છાયે. ૨
તુમ દીને કંચન મનિ મુક્તા, નાના વસન અનૂપ;
મોહિ મિલે મારગમેં માનો, જાત કહું કે ભૂપ. ૩
દીજે મોહિ કૃપા કરિ સોઇ, જો હોં આયો માંગન;

જસુમતિ સુત અપને પાયન ચલિ, ખેલન આવે આંગન. ૩
કોટિ દેહું તો પર્યો રહુંગો, વિનુ દેખે નહીં જાઉં;
નંદરાય સુનિ વિનતિ મેરી, તબહિ બીદા ભલેં પાઉં. ૫

તુમ તો પરમ ઉદાર નંદજૂ, જો માંગ્યો સો દીનોં;
એસો ઓર કોન ત્રિભુવનમેં, તુમ સરસા કો કીનોં. ૬

મદનમોહન મૈયા કહિ કહિ બોલે, યહ સુનિ કે ઘર જાઉં;
હોંતોં તુમ્હારે ઘરકો ઢાઢી, સૂરદાસ મેરો નાઉં ૭

રાગ કાફી પદ ૪૯ મું.

હું વ્રજરાજકી ઢાઢિન વ્રજમેં આઈ હોં.
સુનિ જાયો જસુમતિ પૂત, સુધામતે ધાઇ હો. ૧

ઢાઢિન રૂપ અનૂપ સબે મન ભાઇ હો,
માનો ઉર્વશી ઈંદ્ર અખાડે તે આપ પઠાઇ હો., ૨
લઇ ભીતર ભવન બુલાઇ જહાં નંદરાની હે,
શીશ નવાઇ અશીષ દે વંશ વખાની હે. ૩

તાલ પખાવજ આવજ, બાજત બાંસુરી;
નિર્તત થેઇ થેઇ સો ગાવત ગાંસુરી. ૪

નંદકે આંગન માનોં નિર્તત મોહની;
રીઝિ રહી નંદરાની સબે વિધિ સોહની. ૫

દીની નઇ નવકેસરિ બેંદી જરાયકી;
દીની કંચન જેહરિ પંકજ પાયકી. ૬

ઢાઢિન દેત અશીષ જીયો તેરો લાડિલો,
સુન ગાય ચતુર્ભુજદાસ સર્વ સુખ ચાડિલો. ૭

રાગ મારૂ. પદ ૫૦ મું.

કૃષ્ણજન્મ સુનિ અપને પતિસોં, હસિ ઢાઢિન યોં બોલીજૂ:
જાઉ જાઉ તુમ નંદનૃપતિકેં, દાન કોઠરી ખોલીજુ. ૧
તુમકોં મિલેગો વાગો બીડા, ઔર દક્ષના ભરિ ઝોરી;
હમકોં લૈયો નખશિખ, ગહનોં જેહરિ સહિત એક જોરી. ૨
લૈયો કંથ જુગતિસોં લૈયોં, હમ ચઢિવેકોં ડોલી;
છોટીસી ભેંસિ સુવન સીંગનકી, ટહલ કરનકોં ગોલી. ૩
સાજ સહિત એક ઘુડિલા લૈયો ગૈયા દૂધ અતોલી;
સુંદર સો એક હસ્તી લૈયો, હસ્તિન સંગ અમોલી. ૪
સિજ્યા સહિત એક ઢુલિયા લૈયો, ઔર પાનનકી ઢોંલી;
બીરી કરી કરી મોહિ ખવાવે, લૈયો સંગ તંબોલી. ૫
જન્મ જન્મ કાહી નહીં જાચોં, ફિરિ નહીં માંડોં ઝોલી;
નંદદાસ નંદરાયકો ઢાઢિ, ભયો અજાચિક ઢોલી. ૬

શ્રીજન્માષ્ટમીનાં ધોળ. ધોળ ૫૧ મું.

આનંદસાગર ઉલટયોરે લોલ, શ્રીવસુદેવ દેવકીને દ્વાર જો;
આઠમ ભાદરવા વદી રે લોલ, રોહિણી નક્ષત્ર બુધવાર જો,
પ્રકટયા શ્રીકૃષ્ણ મન ભાવતારે લોલ. ટેક. ૧
પીળાં પીતાંબર પહેરીયાંરે લોલ, ઓઢયા ઉપરણા સાર જો;
મસ્તકે મુકુટ બિરાજતારે લોલ, કુંડલ ઝલકે છે કાન જો. પ્ર. ૨
ભાલ તિલક મૃગમદતણાંરે લોલ, ખીટલીયાળા કેશ જો;
ચારે ભુજાએ આયુધ ધર્યાંરે લોલ, શંખ ચક્ર ગદા પદ્મ જો. પ્ર. ૩
નાકે નકવેસર શોભિતાંરે લોલ, ચુની છે લાલ ગુલાલ જો;
અધર ઉપર મોતી ઢળકતાંરે લોલ, હડપચીએ હીરલાની કાંતિ જો. પ્ર. ૪

બાંહે બાજુ બંધ બેરખારે લોલ, પોહોંચી છે રત્ન જડાવજો;
હાથે હાથફુલ સોહે મુદ્રિકારે લોલ, ઉર ગજ મોતીના હાર જો. પ્ર. ૫
કહેડે સોહે કટિમેખલારે લોલ, ચરણે ઝાંઝરનો ઝમકારજો;
એવા પ્રભુજીને નિરખતાંરે લોલ, દુઃખ ગયાં સર્વે દૂરજો. પ્ર. ૬

વસુદેવ દેવકીજી હરખીયાંરે લોલ, નિરખ્યાં શ્રીમુખસ્વરૂપજો;
એવા પ્રભુને ક્યાં રાખશુંરે લોલ, કોપ્યો છે કંસરાય ભૂપજો. પ્ર. ૭
ત્યારે બાલક એમ બોલીયારે લોલ, સાંભળો અમારી વાતજો;
નંદ તણા દરબારમાં રે લોલ, મેલી આવો મુજને તાત જો. પ્ર. ૮
કન્યા લઇને વહેલા આવજોરે લોલ, સરશે તમારાં કાજ જો;
તે તમે કંસને દેખાડજોરે લોલ, મોડશે એનાં માન જો. પ્ર. ૯

એમ કહીને માયા ફેરવીરે લોલ, ધર્યું છે બાલસ્વરૂપ જો;
વિસ્મય થયાં વસુદેવ દેવકીરે લોલ, સ્વપ્નું થયું કે સત્ય જો. પ્ર. ૧૦
ભાગી શુંગળ ખોલ્યાં બારણાંરે લોલ, સુતા છે સહુ દરવાન જો;
મસ્તક ધરી હરિને નિસર્યારે લોલ, લીધી શ્રીગોકુલની વાટ જો પ્ર. ૧૧
ઝરમર વરસે છે મેહુલા રે લોલ, ચહુંદિશ ચમકે છે વીજ જો;
આગળ સિંહ ધડુકતા રે લોલ, શેષનાગે કીધી છે છાંવ જો. પ્ર. ૧૨
શ્રીજમુનાજી વહે છે ભરપુરમાં રે લાલ, ઉઠે છે લહેર તરંગ જો;
ચરણકમલ હરિના સ્પર્શશુંરે લોલ, નીચાં થયાં છે નીર જો. પ્ર. ૧૩

દીધો માર્ગ ચાલ્યા ઉતરી રે લોલ, પહોંચ્યા શ્રીનંદદરબાર જો;
સુતા દીઠા સહુ સાથનેરે લોલ, મનમાં કીધો છે વિચાર જો. પ્ર. ૧૪
શ્રીજસોદાજીની ગોદમાં રે લાલ, પોઢાડ્યા શ્રીગિરિધરલાલ જો;
કન્યા લેઈ પાછા વળ્યા રે લોલ, જોજો પ્રભુજીના ખ્યાલ જો. પ્ર. ૧૫
જાગ્યાં જસોદાજી તે સમે રે લોલ, નિરખ્યા શ્રીસુંદરશ્યામ જો;

નંદ અતિઘણું હરખીયા રે લોલ, આપ્યાં છે રત્ન કેરાં દાન જો. પ્ર. ૧૬
ઘેર ઘેર તોરણ બાંધિયાં રે લોલ, માનિની મંગલ ગાય જો;
સહુ વ્રજ ઉનગ્યો પ્રેમસું રે લોલ, આનંદ ઉત્સવ થાય જો. પ્ર. ૧૭
હલદર દહી ઘૃત દૂધની રે લોલ, મચી છે તહાં કાંઇ કીચ જો;
તાળી પાડે ને ફરે ફુંદડા રે લોલ, નાચે છે સહુ નર નાર જો. પ્ર. ૧૮
બ્રહ્મા મહાદેવ મુનિ દેવતા રે લોલ, બોલે છે જય જયકાર જો;
દેવનાં તે દુંદભિ વાગીયાં રે લોલ, વરખે છે કુસુમ અપાર જો. પ્ર. ૧૯
એ સુખ શોભા શી કહું રે લોલ, કહેતાં ન આવે પાર જો;
શ્રીવલ્લભચરણપ્રતાપથી રે લોલ, હરિદાસ જાય બલિહાર જો. પ્ર. ૨૦

ધોળ પર મું.

વ્રજની શોભા હું શી કહું, નંદ ઘેર આનંદ ઉપન્યા;
પ્રકટયા શ્રીગિરિધરલાલ (૨) ટેક. વ્રજની. ૧
નોબત વાગેરે નવરંગી, સોહે રાજદ્વાર;
ટોડલે તોરણ બાંધીયાં, ઝુમખ ઝલકે છે ગોખ. વ્રજની. ૨
દીપક જ્યોતિ જળહળે, પુરી મેલ્યાં છે ગોખ;
ઉત્સાહે ભર્યાં આંગણું, ઉપમા હરિને હાથ. વ્રજની. ૩
બાવનચંદન ઘોરિ ઘોરિ, પૂર્યા મોતીના ચોક;
નાનું સરખું ગોકળીયું, આવાં રૂડાં નંદજીનાં રાજ. વ્રજની. ૪
કહેતી નગરીમાં નિસર્યા, સાથે હલધર વીર;
વહેતી નગરીમાં નિસરી, સૌને સરખો શૃંગાર. વ્રજની. ૫
ગિરિધર ગાયો ચરાવતા, સુંદર જમુનાંને તીર;
આશ્રયદાસની વિનતિ આપો વ્રજમાં રે વાસ. વ્રજની. ૬

ધોળ ૫૩ મું.

આજ આનંદ નંદજીને દ્વારરે, વ્રજમાં થઇ છે લીલા લહેરરે. ૧
ગોપી અતિરે દિલટ ભરી આવેરે, થાળ મોતીનો ભરી લાવેરે, ૨
વહાલાને વિવેકે વધાવેરે, વાહલા ત્રિભુવનનાથ કહેવાયરે. ૩
વહાલો હસ્તનાં ધાવણ ધાવેરે, વહાલો ગોપીઓને લાડ લડાવેરે. ૪
એવાં હેત ગોપીપર કીધાંરે, દધિ માખણ ચોરીને પીધાંરે. ૫
વહાલા મથુરામાં શું મીઠું રે, એવું કુબ્જામાં શું દીઠું રે. ૬
વહાલો કુબ્જાની સંગે મોહ્યારે, વહાલો ગોપીઓની સાથે સોહ્યારે. ૭
ગોકુળ આવોને વ્રજના વહાલારે, તમે નંદ જસોદાના લાલરે. ૮
ગોકુળ આવોને વ્રજના વાસીરે, તમે પ્રાણ સોપ્યા છે માસીરે. ૯
ગોકુળ આવોને ગિરવરધારીરે, તમારી વાટ જુવે છે વ્રજનારીરે. ૧૦
વહાલા જમુનાંજીને ઘાટેરે, તમે વસ્ત્ર હર્યા શા માટેરે. ૧૧
વહાલે ગિરિ ગોવર્દ્ધન ધાર્યોરે, એવો મદ ઇંદ્રનો ઉતાર્યોરે. ૧૨
વહાલા વૃંદાવનની વાટેરે, તમે મહી લુટયાં શા માટેરે. ૧૩
વહાલે જમુનાજીને તીરેરે, વહાલે મોરલી વગાડી ધીરે ધીરેરે. ૧૪
ધન્ય ધન્ય જમુનાજીનો આરોરે, મ્હારો સફલ કર્યો જનમારોરે. ૧૫
વૃંદાવન રમીયા રાસરે, પૂરી સર્વ ગોપીની આશરે. ૧૬
બલિહારી જાય **માધવદાસરે**, માગે ચરણકમળની આશરે. ૧૭

ધોળ ૫૪ મું.

શ્રીગોકુળમાં એક નંદનું ધામ, ત્યાં પ્રકટયા શ્રીસુંદરશ્યામ;
કરવા સેવકજનનાં કામકે, ધન્ય જસોદા માવડીરે. ૧
અંધારી આઠમ અજવાળી તે રાત્રે પ્રકટયા વનમાળી,
મંગળ ગાય સહુ વ્રજની નારીકે. ધન્ય૦ ૨
તરીયા તોરણ બાંધ્યાં છે દ્વારે, સાથીઆ શુભ તણો નહિ પાર;

દર્શી છાંટ સહુ નરને તારકે. ધન્ય૦ ૩
દુંદભિ દેવનાં વાજીંત્ર વાગે, પશુપક્ષી સહુ પાવલે લાગે;
શ્રીકૃષ્ણની ભક્તિ સદા મુખ માગે કે. ધન્ય૦ ૪
સહીયર સહુ મળી વારણે જાય, ઘેરઘેર વાત વધામણી થાય;
શ્રીજસોદાને હઇએ હર્ખ ન માય કે. ધન્ય૦ ૫
સહીઅર સહુ ત્યાં ગાતી આવે, વસ્ત્રઆભૂષણ હરખે પેહેરાવે;
મગ્ન થઈ મંદિરમાં માહાલે કે. ધન્ય૦ ૬
જાચક જન મળી જશ જ ગાય, નંદ બધાઈમાં ન્યાલ જ થાય;
એહવા આપણે મુખે ના કેહેવાય કે. ધન્ય૦ ૭
વ્રજજન ન્યાલ થયાં તે કીજે, એમના ભાગ્યનો પાર ના લીજે;
પુષ્ટિમાં ઘાલ્યાં નંદજીને છૈયે કે. ધન્ય૦ ૮
વેદ કહે એતો પૂરણબ્રહ્મ, કોઇ ના જાણે એનો મર્મ;
શાં સુકૃત કર્યાં નંદજીએ ધર્મતો. ધન્ય૦ ૯
દીન પુંદળ દિન હર્ખમાં જાય, શ્રીગોકુલમાં ખેલ બહુ થાય;
શ્રીવલ્લભ વેદ પુરાણે ગાય કે ધન્ય જશોદા માવડીરે. ધન્ય૦ ૧૦

ઘોળ ૫૫ મું.

શ્રીકૃષ્ણકમલમુખ નિરખવા, ચાલો શ્રીનંદજીને ઘેરરે;
જસોદાએ શ્રીકૃષ્ણ જન્મીઆ, હરખીઆ નંદજી મેહેરરે. ૧
ચૌદ ભુવન કેરાં ભૂષણાં, નંદસુત શ્રીગોકુળ આવ્યારે;
ફુલી ફરે વ્રજસુંદરી, ગોપી ગોવાળાને મન ભાવ્યારે. ૨
ગોપિકા સર્વ ટોળે મળી, હરિને વધાવાને જાયરે;
અંતર ઘટ ઉતાવળા, હરિને જોવાની અપેક્ષાયરે. ૩
પુન્ય પવિત્ર પ્રભુજી તણાં, ગાય છે નૌતમ ગીતરે;

ગીત ગાયેને સ્વર સોહાયે થયાં છે એકાગ્ર ચિત્તરે. ૪
ભેટ લાવ્યાં બહુ ભામિની, ચાંદલો લાલાને કીજેરે;
હરખતાં નિરખતાં પ્રીતશું, મોહનને ઉછંગે લીજેરે. ૫
ભીડ ભઈ ઘર આંગણે, નંદ જસોદાને મન ભાવ્યારે;
વ્રજભૂમિનાં સુખ શાં કહું, નાથને મોતીડે વધાવ્યારે. ૬
માધવદાસના પ્રભુજી, પરિવાર સ્થિર કરી સ્થાપોરે.
દાસ ઉપર દયા કરીને વાસ વ્રજમાંહે આપોરે. ૭

ધોળ ૫૭ મું.

ધન્ય આઠેં અંધારી રાત્રિકે, ભાદરવા વદીરે લોલ.
ધન્ય મથુરાં ધન્ય ગોકુલ ગામકે, ધન્ય જમુનાં નદીરે લોલ. ૧
ત્યાં પ્રકટયા શ્રીસુંદરશ્યામકે, કમલદલલોચનારે લોલ;
પુરવા વ્રજજન કેરી હામકે, ભક્તદુઃખ મોચનારે લોલ. ૨
પ્રકટયા મથુરામાં જદુરાયકે, શ્રીવસુદેવ ગ્રહેરે લોલ;
નિરખે દેવકીજી મુખચંદકે, મન આનંદ લહેરે લોલ. ૩
વિનતિ કરી કહે ધન્ય આજ કે, એવા પ્રભુ નિરખીઆરે લોલ;
આંગણે ઉભા શ્રીવસુદેવ કે, અતિ ઘણું હરખીયારે લોલ. ૪
રત્ન તણાં કરવા બહુ જત્ન કે, કહો કયમ કીજીએરે લોલ;
એહેવું સ્વરૂપ દૂર કરી નાથકે, બીજું વપુ લીજીએરે લોલ. ૫
પ્રભુજીએ કીધું બાલસ્વરૂપ કે, કહે છે તાતનેરે લોલ;
મુજને ગોકુળમાં જઈ સોંપોકે, જસોદા માતનેરે લોલ. ૬
જાગી ભોંગળ ખોલી કમાડ કે, કારા ગૃહ તણાંરે લોલ;
જેહેના કૃષ્ણ સરીખા પુત્ર કે, તેહને શી મણારે લોલ. ૭
[illegible] દ્વારપાળ સર્વ સાથ કે, કર્યું [illegible] રે લોલ;

આજ્ઞા માગી શ્રીગોકુળ કે, માયા આવતીરે લોલ. ૮
મસ્તક લીધા શ્રીજદુરાયકે, ચાલ્યા શ્રીગોકુળ ભણીરે લોલ;
વરસે મેઘ ધરી રહ્યા છત્ર કે, શેષ સહસ્ર ફણીરે લોલ. ૯
પધાર્યા નંદતણે દરબાર કે, સૂતાં સહુ દીઠડાંરે લોલ;
પોઢાડયા જસોદાજીની શેજ કે, ગિરિધર મીઠડારે લોલ. ૧૦
કન્યા લીધી શ્રીવસુદેવ કે આવ્યા મથુરાં ફરીરે લોલ;
જસોદા જાગ્યાં દીઠા પુત્ર કે, કહે હર્ખે ભરીરે લોલ. ૧૧
તેડો સગાં કુટુંબી આજ કે, સહુ વ્રજ સાથનેરે લોલ;
તેડો બેહેન તમારી ચાર કે, નવળદે માતનેરે લોલ. ૧૨
આપો મણિ માણુક ભંડાર કે, આભરણ જેહનેરે લોલ;
આપો દ્વિજ જનને બહુ દાન કે, ગા વચ્છ તેહનેરે લોલ. ૧૩
આંગણે નંદ તણે અતિ ભીડ કે, આવ્યાં વ્રજજન તહીંરે લોલ;
બાંધી કાછ ખેલે નર નાર કે, હરદ ઘૃત દુધ દહીંરે લોલ. ૧૪
એવા ઓચ્છવ નિત્ય અખંડ કે, શ્રીવલ્લભ બારણેરે લોલ;
હઇડે હર્ષ તણો નહિ પાર કે, વૈષ્ણવ જાય વારણેરે લોલ. ૧૫
શોભા જોઈ કહે **હરિદાસ** કે, દર્શન નિત્ય આપજોરે લોલ;
તમારી લીલા નિત્ય અપાર કે, હૃદયમાં સ્થાપજોરે લોલ. ૧૬

ધોળ ૫૭ મું.

ધન ધન દહાડોરે આજનો, ધન શ્રીગોકુળ ગામ,
ધન ધન નંદ જસોમતિ, પ્રકટયા સુંદરશ્યામ. ધન ધન૰ ૧
શ્રાવણ માસ સોહામણો, નોમી તિથિમાંરે નામ;
વ્રજમાં ચાલી વધામણી. ખરચ્યા દશગણા દામ. ધન ધન૰ ૨
વ્રજમાં પ્રેમરસ ઉલટયો, ટાળવા દુનિયાના દોષ

ઋષિને તેડેરે રાયજી, જુગતે જોવાને જોષ. ધન ધન૦ ૩
આનંદ ઓચ્છવ અતિ ઘણો, ગોપીઓ ગાયે છે ગીત;
માણેક મોતીને હીરાતણાં, આપ્યાં હેમનાં દાન. ધન ધન૦ ૪
ફુલ્યાં ફુલ્યાંરે સહુ ફરે ફુલ્યાં શ્રીગોપીરે જન;
ફુલ્યાં શ્રીજમુનાં જોઇને, ફુલ્યાં શ્રીવૃંદારે વન. ધન ધન૦ ૫
સુરનર સ્વપ્ને દેખે નહિં શિવજી સરખારે સંત;
બ્રહ્મા નિગમ જાણે નહિં, કોઇએ ન પામેરે અંત. ધન ધન૦ ૬
મોહોટાં ભાગ્ય આહીરનાં, શોભા કહી નવ જાય;
પ્રેમે પ્રકટયા શ્રીનાથજી, ગુણ ગાય માધવદાસ. ધન ધન૦ ૭

ધોળ ૫૮ મું.

ચાલો સખી નિરખીએ નંદકુમાર, લટકતા આવે હરિ દીનદયાલ.
જો જો હરિ છેલ છબીલા હરિની ચાલ,
કાયેને ચતુરે ઘડી હરિની ચાખડીરે લોલ. ૧

એસણીએ કંઇ ધરેરે મુનિવર ધ્યાન, લોકમાં કાંઇ લખ્યાંરે નાગરવેલ પાન;
ચરણ સુકોમલ કંકુ વર્ણવાન. કારીગરે કોરીને ફરતી મેહેલી પાંખડીરેલોલ.૨

પાનીયે કંઈ હંસ પોપટને મોર, મસ્તક ભ્રમરીને ઉપર ઓર;
તેની આગળ શોરે અમારો તોલ,
ઝીણી ઝીણી ઘુઘરી શબ્દ કરે ઘણોરે લોલ. ૩
સાંકળીયું કાંઇ ગાંઠીરે સોનાકેરે તાર, હીરા માણેક ગુંથ્યા હરિના હાર;
ફુલપેં ઓછેરા કીધા વહાલે ભાર,
પીળાંને પચરંગી બિરાજે હરિનાં ફુમતારે લોલ. ૪
નાગરમાં કાંઇ સૂર્ય રત્નને ચંદ્ર, હાથે છે હીરલોને પહોંચીયે નંગ;
તે તો દેખી મારૂં મન થાય ઉછરંગ,

આંગળીયોમાં વીંટીને અંગુઠીમાં આરશીરે લોલ. ૫
કાષ્ઠના કડકાની કીધી વહાલે સાર એટલેને શીદ લીએ હમારી સંભાળ;
પોહોળીઆના પુણ્ય તણો નહિ પાર;
પેહેરીને પધાર્યા ગોવાળીયાની ઘેરમાંરે લોલ, ૬
એક એકની સાનમાં સમજી જાય, જેહેને જેવા ભાવ હોય તેવા ગુણ ગાય;
પ્રથમ નિરખું ને પછી લાગું પાય,
શ્રીવલ્લભ કુલને નાથે તે સહુને લીધા લેહેરમાંરે લોલ. ૭

ઘોળ ૫૯ મું.

આજ સખી વ્રજમાં તે આનંદ હુવોજી;
આપણા શ્રીનાથજીને જઇ જુવોજી. ૧
જેને કાજે તુલસંતા બહુ દહાડીજી; તે દ્વાર મેલ્યાં છે ઉઘાડીજી. ૨
વ્રજત્રિયા વેગે કરો શૃંગારજી; પહેરોને નૌતમ મોતીના હારજી. ૩
આવે છે વ્રજસુંદરીનો વહાલોજી; તેને લે નયણાં ભરી નિહાળોજી. ૪
માનિની હળીમળી મંગલ ગાયજી; **માધવદાસ** બલિહારી જાયજી, ૫

પદ ૬૦ મું.

શ્રીગોકુળીયું મૂકીને કંઇ જઇએ નહિ,
વસો વસીએ ચરણકમલની છાંયજો;
શ્રીજમુનાજીનાં સુંદર તટ રળીઆમણાં,
ત્યાં મહારા વહાલાજીનાં પરમ રમણ સુખધામ જો શ્રીગો. ૧
જસોદા ઘાટે આનંદસાગર ઉલટ્યો,
સુખસાગરમાં ઝાલે ભક્તસમાજ જો;
શ્રીઠકરાણી ઘાટે બેઠક સુંદર શોભતી,
સદા બિરાજે શ્રીવલ્લભ પરમ ઉદાર જો. શ્રીગો. ૨

શ્રીગોકુળીયાંની વૃક્ષ લતા સહુ નમી રહી,
ચરણ સ્પર્શવા શ્રીગોકુલપતિ મહારાજ જો;
ગિરિ ગોવર્દ્ધન રત્ન ખચિત સોહે ઘણું,
આઘ વૃંદાવન નિત્ય રમણના ઠોર જો. શ્રીગો. ૩
આનંદ મંગલ મહારસસિંધુ ઉલટયો,
કુંજ કુંજ પ્રતિ ખેલે શ્રીનંદકુમારજો.
જે નયણે શ્રીગોકુળીયું નિરખ્યું સહી,
તે નેણાનાં ભાગ્ય તણો નહિ પાર જો. શ્રીગો. ૪
શ્રીવલ્લભ ઘાટે પ્રીતમજી બેસે ઘણું,
કુંજગલીમાં ભીડતણો નહી પાર જો;
રંગીલી ગલી શ્રીગોકુળપતિ મંદિર જતાં,
પ્રીતમજી ત્યાં વળી લે છે દાન જો. શ્રીગો. ૫
જગમોહનમાં બેઠક સુંદર શોભતી,
મનોરથ પૂરે શ્રીગોકુલનો નાથ જો;
રમણ રેતીમાં રાસમંડલ રચના કરી,
નિરખી હરખી જીવ કૃતાર્થ થાય જો. શ્રીગો. ૬
ભેટ પહેરામણી ભાવસહિત ત્યાંહાં સહુ કરે,
તેને વહાલો આપે વ્રજમાં વાસ જો;
પહેરાં જળ અતિ દીસે સુંદર શોભિતાં,
એવી રીતે કહે છે શ્રીવલ્લભનો દાસ જો. શ્રીગો. ૭
બેર બેર શ્રીજમુનાજીને વિનતિ કરૂં,
નિત્ય પ્રીતિ રાખો ચરણકમલની છાંયજો;
નિજ ભક્તનકી નિજ દાસી હું તમતણી,
કિંકરી કહે મને આપો શ્રીવ્રજમાં વાસજો. શ્રીગો. ૮

ઘોળ ૬૧ મું.

શ્રીગોકુલ સાસરીએ જાવું, મોહનવરનું આવ્યું છે આણું;
લખ્યું શ્રીહસ્ત તણું ભાવ્યું. શ્રીગોકુળ. ૧
જાવું છે લટકે ને મટકે, મોહનવર જોઇ જોઇ મન અટકે;
પાયે નૂપુરીયાં ઠમકે. શ્રીગોકુળ. ૨
આભરણુ પહેર્યા છે અંગે, સખીજન શોભે છે સંગે;
મોહન વર જોઇ જોઇ મન રંગે. શ્રીગોકુળ. ૩
વાટડલી તો જુવે છે વહાલો, સખી વેગે વહેલેરાં ચાલો;
નૈણાં ભરી પ્રીતમવર નિહાળો. શ્રીગોકુળ. ૪
સાસરીયું મને વહાલેરૂં લાગે, ત્યાંહાં મારી કામવાસના ભાગેઃ
મોહનવર જોઈ જોઇ રઢ લાગે. શ્રીગોકુળ. ૫
સખી મારે આ અવસર રૂડો, અવિચલ અખંડ પહેર્યો ચુડો;
માહારે શ્રીગોકુળપતિ વર રૂડો. શ્રીગોકુળ. ૬
અદ્‌ભુત લહેર તરંગ ભારી, શ્રીયમુનાજલ ભરવી છે ઝારી;
મોહનપર વારંવાર વારી. શ્રીગોકુળ. ૭
શ્રીવલ્લભનામ સદા રટવું, નિત્ય સુજાતિમાં રહેવું;
સેવા શ્રીચરણકમલ સેવું. શ્રીગોકુળ. ૮

ઘોળ ૬૨ મું.

શ્રીગોકુળ ગામ સોહામણું, રૂડાં જમુનાનાં નીર;
શ્રીગિરિધર ગાયો ચરાવતા, જોયા હળધર વીર. શ્રીગો. ૧
મયૂર મુકુટ મુસ્તક ધર્યા, બાંધી કસુંબલ પાઘ;
શિશ ફુલે શોભા ઘણી, વેણી વાસુકી નાગ. શ્રીગો. ૨

હર લટકન શીરપેચ છે, કુંડલ ઝળકે છે કાન;
વાંકાં ને નયણાં સોહામણાં, ભ્રકુટી કામનાં બાણ. શ્રીગો. ૩
અલક તિલક અલકાવલી, ઘુઘરવાળા છે કેસ;
નંદ જસોદાના લાડીલા, વહાલો નટવર ભેખ. શ્રીગો. ૪
નકવેસર મુક્તામણિ માંહિ નંગ જડયાં લાલ;
હડપચીએ હીરલો ઝગમગે, અધરબિંબ રસાલ. શ્રીગો. ૫
બાંહે બાજુબંધ બેરખા, ફુમક લટકે છે સાર;
કડાં પોહોંચીને હાથ સાંકળાં, ઉરગજ મોતીના હાર. શ્રીગો. ૬
કટિમેખલા કટિ કાછની, સોહે લાલ ઇજાર:
ચરણે વાગે ઘુઘરા, વાગે ઝાંઝરનો ઝમકાર. શ્રીગો. ૭
કર લકુટી મુરલી ધરી, ઉભા જમુનાને તીર;
સંગે તે સરખા ગોવાળીયા, રાખી રોકી વ્રજનાર. શ્રીગો. ૮
ટોળે મળી સૌ સુંદરી, મહી વેચવાને જાય;
મારગડો રોકી રહ્યા, રૂડા જાદવરાય. શ્રીગો. ૯
મટુકી ફોડીને મહી ઢોળીયાં, તોડયો નવસર હાર;
રૂડી મારી નવરંગ ચુંદડી, કરીયે કયાં જઈ પોકાર. શ્રીગો. ૧૦
છેડલો છોડો છેલ કહાનજી. ઘેર થાય છે અવાર;
ઘેર સાસુજી ખીજશે, ગાળ દેશે ભરથાર. શ્રીગો. ૧૧
સર્વ સખી વિનંતિ કરે, લાગે હરિને પાય;
તમે જીત્યાને હમે હારીયાં, દાસ દેખી ગુણ ગાય. શ્રીગો. ૧૨

ઘોળ ૬૩ મું.

ધન્ય આજની ઘડી રળીયામણી,
હારે મારો વહાલોજી પધાર્યાની વધામણી હોજીરે, ૧

હાંરે હું તો કદલીના સ્થંભ રોપાવતી,
હાંરે મારા વહાલાજીના મંડપ રચાવતી હોજીરે. ૨
હાંરે પૂરે પૂરે સોહાગણ સાથીયો,
હાંરે જેમ મલપતો આવે હરિ હાથીયો હોજીરે. ૩
હું તો મોતીડાના ચોક પુરાવતી,
હાંરે મારા વહાલાજીની આરતિ ઉતારતી હોજીરે. ૪
હાંરે હું તો ફુલડાના કોટ ચણાવતી,
હાંરે મારા વહાલાજીની સેજ બિછાવતી હોજીરે. ૫
હાંરે હું તો જાઉં શ્રીવલ્લભકુલને વારણે;
હાંરે **મહેતા નરસઇઆનો** સ્વામી ઉભો બારણે હોજીરે. ૬

ધોળ ૬૫ મું.

અતિરે આનંદ ભર્યા આવો મારે અંગે, શ્યામસુંદરવર બેઠા છો સંગે. ૧
મુખડાં જોયાં વિના પાણી નવ પીઉંરે, રસિક સુંદરવર જોઇ જોઇ જીવુંરે.૨
રસિક સુંદર વર શી રઢ લાગી, જન્મોજન્મ મારી ભાવઠ ભાંગી. ૩
સગપણ તો શામળીઆનું સાચું, બાકી સર્વે દીસે છે કાચું. ૪
મુજને ન વારો અમારીરે માડી, દર્શન કરવા જઇશું દહાડી. ૫
કહેશે તેને કહેવારે દઇશું, આપણે સર્વે સાંભળી રહીશું. ૬
નંદના કુંવર તમે ન કરો વડાઇરે, મોટા થયા મારૂં માંખણ ખાઇરે. ૭
નંદના કુંવર તમે બહુ રંગ રસીયા, અમારે કારણ વહાલો વ્રજમાં વસીયાં.૮
અતિરે આનંદ ભર્યા નંદઘેર જઇશું, દર્શન કરીને સુખીયાં થઇશું. ૯
ઘણારે દિવસના વાયદારે વળીયા, વલ્લભ પ્રભુ શ્રીગોવર્દ્ધન મળીયા.૧૦

ધોળ ૬૫ મું.

બાઇ ઘેલી મને કીધી શ્રીનંદજીના નંદે,
નાંખી મને સ્નેહ તણા રસ ફંદે. બાઈ ઘેલી. ટેક. ૧
સાહેલી હું તો શ્રીજમુનાજી ગઇ હતી પાણી,
ત્યાં તો દીઠા નંદકુંવરને લોભાણી;
એ તો મારા અંતરની વાત ગયા જાણી. બાઇ ઘેલી. ૨
વહાલે મારે વાંકી નજર વડે જોયું,
સાહેલી મારૂં ત્યારથી અધિક મને મોહ્યું;
કાળજું મારૂં કુટિલ કટાક્ષે પરોયું. બાઇ ઘેલી. ૩
વાલાજીની વશીકરણ ભરેલી મીઠી વાણી;
સુણી હું તો મૂલ વિનાની વેચાણી;
જાણે પ્રીત પીડા ન જાયે વખાણી. બાઇ ઘેલી. ૪
વાલાજીની અલબેલી આંખ અણીઆળી,
રૂપ રસ રંગની ભરેલી રતનાળી;
ભુરકીની ભરેલી ભૃકુટી વાંકી ભાળી. બાઇ ઘેલી. ૫
મોહનજીનું મુખડું મદન મોહકારી,
અંગો અંગ માધુરી મનોહર ભારી;
મંદ મંદ મધુરૂં હસીને મને મારી. બાઇ ઘેલી. ૬
નટવર નખશિખ કામણ ભર્યા છે,
આવડા રૂપાળા કોણે ઘડયા છે;
મેં તો મારા મન થકી તમને વર્યા છે. બાઇ ઘેલી ૭
મોહનજીની મુરલીમાં મોહની ભરી છે,
તેણે મને ઘણી વિરહવ્યાકુલ કરી છે;
સાહેલી મારી શુદ્ધિ બુદ્ધિ લોણે હરી છે. બાઇ ઘેલી. ૮

કાળજાનું દરદ નથી કોઇને કહેવાતું,
લાગી લાય રોમ રોમ નથીરે સહેવાતું;
કર કશો ઉપાય સખી નથીરે રહેવાતું. બાઇ ઘેલી. ૯
તાલાવેલી લાગી હવે તરફડી મરાશે,
ક્યમે કરી મેળવ મોહન સુખ થાશે;
લાજ ના લગાડ સખી જીવ મારો જાશે. બાઇ ઘેલી. ૧૦
વિરહ અગ્નિમાં બળે છે સમજી સાહેલી,
ખાન પાન ભાન કહ્યુ લાજ સૌ મેલી;
રખે એની થાયે અવસ્થા ઘેલી. બાઇ ઘેલી. ૧૧
એવામાં **દયાના** પ્રીતમજી પધાર્યા,
અંક ભરી કુંજસદનમાં સીધાર્યા;
વિરહાગ્નિના તાપ સર્વે નિવાર્યા. બાઇ ઘેલી. ૧૨

ઘોળ ૬૬ મું.

નંદનંદન રસીલા વર લાડીલારે, વ્રજવનિતાના પ્રાણ આધાર,
મૂકો માર્ગ જાવા ઘો કહું છુ ક્યારનીરે. ટેક.
અમને વાર ઘણેરી થાય છે વિઠ્ઠલારે, દંખે લોકડીયાં ને જાયે મારી લાજ.
મૂકો મારગ. ૧

સાખી—પાલવ શું પકડી રહ્યા, માથે મહીનાં માટ;
સાસુડી સંતાપશે, ઘેર જોઇ રહ્યાં હશે વાટ.
ઘેરે નણુદલ છે બહુ બોલકાંરે, મારે પેરે પેરે મોહન કેરાં બાણ. મૂકો. ૨

સાખી—એક બીજાને પુછતાં, કરતાં કોન ઉપાય;
કામણગારે કાનુડે, અધવચ લુટયાં આજ.
આવાં તાણુલીયાં નથી કાંઇ સાંભળ્યાંરે, આવી નવલી રીતો ન હોય. ૩

સાખી—રકઝક ત્યાં બહુ થઈ પડી, ગોપીને ગોવાળ;
મટુકી ફોડ્યા કા'નુડે, ગોપી થયાં નિહાલ.
દધિ દૂધ પ્રભુ સરવે આરોગીયારે, ગોપી ગયાં છે જસોદાજીને દ્વાર. ૪
સાખી—ગોપી નંદભવન ગયાં, જ્યાં બેઠાં જસોદામાય;
વીતેલી સરવે કહી, વન તણી કથાય.
એવો લાડકવાયો છે તમારો કા'નુડોરે, અમ સરખાં સાંખીને ઘેર જાય. ૫
સાખી—જસોદાએ કહ્યું સાનમાં, સમજાવી વ્રજબાલ;
હૃદય ભરાયું પ્રેમશું, ગોપી થયાં નીહાલ.
માધવદાસના દાસની વિનતિરે, અમને દેજો શ્રીવ્રજમાં વાસ. મૂકો.૬

પદ ૬૭ મું.

કૃષ્ણજી કામધેનુ દુઝે અમારે, નિત્ય અમૃત રસ પીજેરે, ટેક.
નિત્ય અમૃત રસ પીજે મારા વા'લા નિત્ય. કૃષ્ણજી. ૧
ખાણુ ખરચને ચારો ન માગે, એનો દોહનારો દુખીયો ન થાયરે;
આરણું ના દહે અમારા કુલમાં, વાછરૂ મરી ન જાયરે. કૃષ્ણજી. ૨
જગના જીવન તમે જુગતે જુજવો, દહિં દૂધ ઘૃત ઘણું આપેરે;
વલ્લભના સ્વામી પ્રભુ રસિકશિરોમણિ, ભવનાં બંધન કાપેરે. કૃ. ૩

પદ ૬૮ મું.

તેરે બાંકે મુકુટ પર લતાહી ઝુક રહી,
છબી ન્યારી ગિરિવર ધારી ટેક.
મયૂર મુકુટ પીતાંબર સોહે, કુંડલકી છબી હે ન્યારી. તેરે બાંકે. ૧
શ્રીયમુનાકે નીરે તીરે ધેન ચરાવે, બંસી બજાવે ગાવે રંગ તારી. તેરે. ૨
શ્રીવૃંદાવનમેં રાસ રચ્યો હે, સોળ સહસ્ત્ર બીચ ગિરિધારી. તેરે. ૩
શ્રીપુરુષોત્તમ પ્રભુકી છબી નિરખત,હાંરેતેરી સામરી સુરત પરજાઉંવારી૪

પદ ૬૯ મું.

મત રોકોરે હો કહાના, મેરે દધિ બેચન જાના જાના જાના;
મત રોકોરે કહાના, હો મત છેડોરે કહાના. ટેક.
ગોરીરે ગાગર મેરી, ઉજલો દધિ મેરો;
મેરે દધિ બેચન જાના જાના જાના, મત રોકોરે. ૧
અમે મહીઆરી રાજા કંસકી કહેવાયે;
તમે દાન માગો શેના શેના શેના. મત રોકોરે. ૨
જઇ પોકારૂં રાજા કંસકે આગે,
તમે દાન માગો શેના સેના શેના. મત રોકોરે. ૩
પુરુષોત્તમ પ્રભુકી છબી નિરખત,
ચરણકમલ લપટાના લપટાના. મત રોકોરે. ૪

પદ ૭૦ મું.

રજ ભર્યારે મારા લાલ લાડીલા, ધેનુ ચારીને ઘેર આવ્યારે. ટેક.
માત જસોદા આરતિ ઉતારે, રાઇ લૂણ કરી વારેરે. રજ. ૧
મામો મારી મોક્ષ પમાડયો, પૂતનાના પ્રાણ જ સોષ્યારે. રજ. ૨
પુરુષોત્તમ પ્રભુકી છબી નિરખત, તન મન ધનનો વારૂંરે રજ. ૩

પદ ૭૧ મું.

આજ ગઇતી કાલિંદીની તીરરે, ભરવા પાણીરે;
તીરે ઉભા છે હળધર વીરરે, સારંગપાણિરે. ૧
શોભે ફુલડાંરો તોરો શીશરે, કસુંમલ ફેંટોરે;
ઉભો ડોલરીયો દિલદાર, રંગીલો ઓઢે રેંટોરે. ૨
કર્યાં તિલક કેસરનાં ભાલરે, ફુલડાંની માળારે;
વહાલો ચાલે છે ગજગતિ ચાલરે, દીસે છે રૂપાળારે. ૩

શોભે સર્વે ગોવાળની સાથે, ઉભા અલબેલોરે;
જે'ણે જોયો દયાનો નાથરે, રૂપ રસ રેલોરે. ૪

પદ ૭૨ મું.

હાંરે આજ ગઇતી જુમનાંજીરે. તીરરે, જોયા ગિરધારીરે;
જળ ભરવા ગયાંતાં રાધે પ્યારી, તેની સંગે વ્રજનારીરે. ૧
મ્હારા વહાલાજીનો નટવર ભેખકે, મુરલી વગાડીરે;
ઘેલાં કીધાં છે ગોપીઓનાં મનરે, સાંભળો મ્હારી માડીરે. ૨
એ'ના માથે રંગીલો ફેંટોકે, ફેંટા વચ્ચે તોરોરે;
ઉપર કલગીમેં શીશ ફુલ રાજે, કે નંદજીનો છો'રોરે. ૩
હાંરે હુંતો લેઇને ગઇતી માથેકે, પાણીડાનો બેઢોરે;
માર મારે છે નેના કેરાં બાણરે, લાગે છે સનેડોરે. ૪
મૂકો મૂકો તમે નટવરલાલકે, કાહાન મહારો કેડોરે;
ભરવા દોને જમુનાજીનાં નીરરે, છોડોરે. ૫
તાહારાં ડહાપણ હું સરવે જાણુંરે, નંદજીના લાલારે;
તાહારા મુખડાની મીઠી મીઠી વાતોકે, છેલ છોગાળારે. ૬
શ્રીવિઠ્ઠલપ્રભુ પ્રાણ આધારરે, મોહી વ્રજબાલારે;
મ્હારાં સર્વસ્વ તન મન ધન રે, પ્રાણ થકી વહાલારે. ૭

પદ ૭૩ મું.

ચાલો સખી નિરખીએ ગિરિધરલાલ, પારણીયામાં ઝુલે શ્રીમદનગોપાળ;
છુટા એના કેશ તે પરમ રસાળ, શામળીઆના અંગે ઝગુલી રળીયા-
મણીરે લોલ. ૧
પારણીયાં તે સાજે શ્રીનંદજીને દ્વાર, રત્ન જડીત બની ઝુમક ચાર;
મોતીની ઝાળા ટંકાઇ તેણી વાર, શુક પીક મોર રમકડાં તૈયાર;

બેઠી બેઠી લાલને ઝુલાવે, જસોદા માવડીરે લોલ. ૨
માનિનિ હળીમળી મંગલ ગાય, નિરખી કમલ મુખ મન હરખાય;
સુખ આનંદ ઉર ન સમાય, વસ્ત્રાભૂષણને મસ્તકપર દામણીરે લોલ. ૩
નંદજી ત્યાં આવ્યા સંગ લેઇ ગ્વાલ. હરદીને દુધ દધિ છિરકે રસાળ.
ગાય ને નાચે છે દેઇ દેઇ તાળ, નંદકે આનંદ ભયો જે કન્હૈયાલાલ;
શ્રીવિઠ્ઠલપ્રભુ નિરખી આપે છે વધામણીરે લોલ. ૪

પદ ૭૪ મું.

વાર વાર મુખડાં જોતી નંદલાલજીનાં વાર વાર. ટેક.
ગળે ગુંજાના હાર મણિમાલ, ચોકી જડાવ છે પોતી. ૧
મસ્તકપર અલકાવલી રાજે, નાકે છે નિર્મલ મોતી. ૨
શ્રીવિઠ્ઠલ પ્રભુ નંગનંગા, પાઘ ઉપરણા ને ધોતી. ૩

ધોળ ૭૫ મું.

જ્યાંહાને રે જોઉ ત્યાં સખી આરે, મા'રા વ્રજના વહાલા. ટેક.
વેદ પુરાણમાં લખીયા રે. મા'રા વ્રજના. ૧
પહેરો પીતાંબર પીળાં રે, મા'રા વ્રજના. ૨
વ્રજવનિતા મન મોહેરે, મા'રા વ્રજના. ૩
પાઘડીના પેચ નિહાળોરે, મા'રા વ્રજના. ૪
દર્પણ લઇ મુખડાં નિહાળો રે, મા'રા વ્રજના. ૫
જળ જમુનાની તીરે રે, મા'રા વ્રજના. ૬
મહી લુંટયાં હલધર વીરેરે. મા'રા વ્રજના. ૭
વૃંદા તે વનની વાટેરે. મા'રા વ્રજના. ૮
દાણુ માગો છો શેને માટેરે. મા'રા વ્રજના. ૯
તમો તે ક્યાંથી પધાર્યારે. મા'રા વ્રજના. ૧૦

મારા મારગ વચ્ચે વસીઆરે. મા'રા વ્રજના. ૧૧
તમે તો સોળ સહસ્ત્ર નારી વચ્ચે ધસીઆરે. મા'રા વ્રજના. ૧૨
તોયે કહેવાયા બ્રહ્મચારીરે. મા'રા વ્રજના. ૧૩
ગોકુલીયે ગૌ ધેનુ ચારીરે. મા'રા વ્રજના. ૧૪
તમે તો કયાંના દાણીરે. મા'રા વ્રજના. ૧૫
મા'રી નવરંગ ચુંદડી તાણીરે. મા'રા વ્રજના. ૧૬
માધવદાસ જાય બલિહારીરે. મા'રા વ્રજના. ૧૭
લીલા અતિ કુંજબિહારીરે. મા'રા વ્રજના. ૧૮

ધોળ ૭૬ મું.

અમે આવ્યાં તમારે આશરે અલબેલાજી;
હવે શું કરીયે જઇ સાસરે અલબેલાજી. ૧
ફેરા તણું ફલ એ મળ્યું અલબેલાજી,
મન ગમતું મુજને મળ્યું અલબેલાજી. ૨
હીરલો લાધ્યો હાથમાં અલબેલાજી,
તમે શોભો સૈયરના સાથમાં અલબેલાજી. ૩
તમારૂં શ્યામળું અંગ અડશોમાં અલબેલાજી;
ગુણવંતીને લાંછન લગાડશોમાં અલબેલાજી. ૪
જો જાણશે મારી માવડી અલબેલાજી;
કાન્હા સાથે પ્રીત શી આવડી અલબેલાજી. ૫
અમે કાજળ આંખમાં આંજશું અલબેલાજી;
તમે નૈણાંની ચોટો નાંખોમાં અલબેલાજી. ૬
હું તો દાન નહિ આપું દોકડો અલબેલાજી;
અમે જવાબ આપીશું રોકડો અલબેલાજી. ૭

હું બીવરાવી બીહતી નથી અલબેલાજી,
હું ઓશીયાળી કોઇની નથી અલબેલાજી. ૮
હું ઓશીયાળી પ્રભુ તમ તણી અલબેલાજી;
વલ્લભના સ્વામી છો ધણી અલબેલાજી. ૯

રાગ લાવણી. ધોળ ૭૭ મું.

વ્રજમંડલમેં શ્રીદાઉજી બિરાજે, કરે વ્રજકી રખવારીરે (૨) ટેક૦
કરે રખવારી, મહિમા ભારી, સંગ રેવતી પ્યારીજી; દેખો સંગ;
લટપટી પાગ કેસરીયા વાગા, ચંદન તિલક ખોર લગીજી; દેખોચંદન.૧
મયૂર મુકટ પીતાંબર સોહીએ, હીરા પટકા રતન જડયો; દેખો હીરા,
કાનન કુંડલ ગલેમેં માળા, હીરા ચિબુક રત્નજડીજી; દેખો હીરા. ૨
પાયન ઝાંઝર, હાથન કડુલા, ફુંદની હીરા રત્ન જડીજી; દેખો ફુંદની
વૈષ્ણવ આવે દર્શન પાવે, ભીર ભઇ અતિભારીજી; દેખો ભીર. ૩
હાંડા કરાવે છત્ર ધરાવે, બોલે જે જેકારીજી; દેખો બોલે. ૪
માંખનમીશ્રી ભોગ લગાવે, ભાંગ પીવે અતિ ભારીજી; દેખો ભાંગ. ૫
પુરુષોત્તમ પ્રભુકી છબી નિરખત, ચરણકમલ અનુરાગીજી દેખો. ૬

ધોળ ૭૮ મું.

સખી સોહામણું નંદનું આંગણું રે, પ્રકટયા પૂર્ણ બ્રહ્મ. ૧
ખેલે બાલચરિત્ર બાલમાંરે, તેનો કોઇ ન જાણે મર્મ. ૨
નચાવે નંદરાણી આનંદમાંરે, કાંઇ તાનમાં તાળી લે. ૩
નાચે નાથ વ્રજનારનોરે, કાંઇ થંનક થંનક થેઈ થેઇ. ૪
વાગે વાજાં વિધવિધનારે, કાંઇ ધમકે ઘુઘર માલ. ૫
પહેરી લે'રમાં આછાં આંગલાંરે; કાંઇ નાચતી દોડી તેમ. ૬
ગડેપડે ખાય ગોટીકલાંરે, આનંદમાં ભા થાય. ૭

તેનો ભેદ ન જાણે વેદમાંરે, વા'લો માગી માંખણ ખાય. ૮
લીલા લાડકડાની જોઇનેરે, કાંઇ મોહીને રહ્યું મન. ૯
વલ્લભના સ્વામી રસીયારે, કાંઇ વસીયા મા'રે મન. ૧૦

ધોળ ૭૮ મું.

સખી સોહામણું નંદનું આંગણુંરે, કાંઇ મળ્યો ગોપીનો સાથ.
ઉભી લે છે આલિંગન રે, કાંઇ નિત્ય નેમ છે મંન;
વારો વારો માતાજી કા'નનેરે, આતો બહુ કરે ભંજવાડ.
મેલે માંકડલાંની મંડલીરે, કાંઈ ગિરધારી ગોપાલ;
મોટા હોય તો તેને વારીએરે, આતો થઇને છુટે બાળ.
જતન કરીને જાળવજોરે, એને રાખજો ઘેરને ઘેર;
હવે રાખશે નહિ કોઇ સુંદરીરે, એની કરશું રૂડી પેર.
અટકચાળો શાનોએવડોરે, એને દેખીને શું થાય;
વલ્લભના સ્વામી રસિયારે, કાંઇ વસીયા ગોકુલ ગામ.

આ સિવાય બીજાં બારમાસિક સઘળા ઉત્સવોનાં પદ, કીર્તન જોવાં હોય તેમણે અમારૂં "વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભાગ ૨ જો" એ પુસ્તક જોવું.

પ્રકરણ ૬ ઠું.

શ્રીઆચાર્યજીમહાપ્રભુજીની વધાઈ તથા ધોળ.

રાગ દેવગંધાર પદ ૧ લું.

આજ જગતિ પર જય જયકાર.
પ્રકટ ભયે શ્રીવલ્લભ પુરુષોતમ, વદનઅગ્નિ અવતાર. ૧
ધન્ય દિન માધવ માસ એકાદશી, કૃષ્ણપક્ષ રવિવાર;
શ્રીમુખ વાક્ય કલેવર સુંદર ધર્યો જગમોહન માર, ૨
શ્રીભાગવત આત્મ અંગ જીનકે, પ્રકટ કરણ વિસ્તાર;
દુંદુભિ દેવ બજાવત ગાવત, સુરવધુ મંગલ ચાર. ૩
પુષ્ટિપ્રકાશ કરેંગે ભૂપર, જનહિત જગ અવતાર;
આનંદ ઉમગ્યો લોક તિહુંપર, જન ગિરિધર બલહાર. ૪

પદ ૨ જું.

પ્રકટે કૃષ્ણાનન દ્વિજરૂપ,
માધવ માસ કૃષ્ણ એકાદશી, આયે અગ્નિસ્વરૂપ. ૧
દૈવી જીવ ઉદ્ધારણ કારણ, આનંદમય રસરૂપ;
વલ્લભ પ્રભુ ગિરિધર પ્રભુ દોઉ, તેઇ એઇ એક સ્વરૂપ. ૨

પદ ૩ જું.

સુનોરી આજ નવલ બધાયો હે.
શ્રીલક્ષ્મણગૃહ પ્રકટ ભયે હેં, શ્રીવલ્લભ મન ભાયો હેં. ૧
બાજત આવજ ઢોલક મહુવર, ઘન જ્યોં ઢોલ બજાયોં હેં;
કોકિલ કંઠ નવલ વનિતા, મિલ મંગલ ગાયો હે. ૨
હરદિ તેલ સુગંધ સુવાસિત, લાલન ઉબટ ન્હવાયો હે;
નખ શિખલોં આભૂષણભૂષિત પીતાંબર પહરાયો હે. ૩
અસન વસન કંચન મણિ માણિક, ઘર ઘર યાચક પાયો હે;
શ્રીવિઠ્ઠલ ગિરિધર કૃપાનિધિ, પલનામાં જ ઝુલાયો હે. ૪

રાગ બિલાવરી પદ ૪ થું.

શ્રીલક્ષ્મણગૃહ આઇ નવનિધિ. ટેક.
પ્રકટે જાન પૂરન પુરુષોતમ, દ્વાર બુહારત ફિરત અષ્ટ સિદ્ધિ. ૧
બજત નિશાન ભેર સહેનાઇ, દેખિયત તહાંઇ સકલ રિદ્ધિ;
સગુણદાસ પ્રભુ જન્મ શ્રવણ સુન, દેખન કારણ આયે હર વિધિ. ૨

પદ ૫ મું.

આયે દેવ વિમાનન ચઢ ચઢ. ટેક.
મહામહોત્સવ દરશ કરનકોં, એક એકતેં આગેં બઢ બઢ. ૧
બિન ગિરધર ઇન સમ કોઉ નાહીં, કહો કોઉ વાતેં કછુ ગઢ ગઢ;
સગુણદાસ પ્રભુ જન્મ શ્રવણ સુન, દેત આશીષ મુનિ મંત્રન પઢ પઢ. ૨

રાગ આસાવરી પદ ૬ ઠું.

માધવમાસ એકાદશી શુભ દિન, શ્રીલક્ષ્મણ કુલ આયે હો,
નંદનંદન જાસોં કહિયત સો, દ્વિજવરરૂપ કહાયે હો. ૧
બાલકલીલા વ્રજમેં કીની, સોઇ આય ફિર કીને હો;

યશોમતિ જો સુખ પાવત, સોઇ ફલિમાકોં દીને હો. ૨
બકી વિદારણ તબહી કીનો, અબે અવિદ્યા ગમાયે હો;
શકટ વિભંજન વ્રજમેં કીને, અબ સંસાર નસાયેહો. ૩
તૃણાવર્તકોં મારે તબહી, અબ જન ભ્રમ મિટાયેહો;
નામકરણ તબ દ્વિજવર દીનોં, અબે અભયપદ પાયો હો. ૪
ચોરી કરી મન હર્યોજુ તબહી, અબ અનન્ય જન કીને હો;
તબ કુબેરસુતકોં ગતિ દીની, અબ વિષયિનકોં ગતિ દીને હો, ૫
તબ ધેનુક ગર્દભહી માર્યો, અબ માયાવાદ નિવાર્યો હે;
તબ કાલિયવિષધર વશ કીનો; અબ દુર્બુદ્ધિ પ્રહાર્યો હો. ૬
સખાસંગ વ્રજ ફેરે વનમેં, અબ ભવદુઃખ જો ટાર્યો હો;
પૃથ્વી પરિક્રમા અબ કરિ પ્રભુ, સબ અનર્થકો માર્યો હો. ૭
તબ દાવાનલ દુઃખ હરે અબ, ભવકે તાપ નસાયે હો;
તબ પ્રલંબ હત કિયો દુષ્ટમતિ, અબ સબ કપટ મિટાયે હો. ૮
વેણુનાદકર તબ વશ કીને, અબ ભાગવત વિચારે હો;
તબ વ્રજભક્તનકોં ફલ દીનોં, અબ અન્યાશ્રયતેં ટારે હો. ૯
દ્વિજપત્નીકો લિયો તબહી અન્ન, અબ નિજજકો સુખ દીયોહો.
ગોવર્દ્ધન તબહી કર ધાર્યો અબ, જગત ઉદ્ધારણ કીયો હો. ૧૦
રાસ રસિક સુખ ગોપીનકોં તબેં, બહુ વિધકર સુખ દીનોહો;
ભજનાનંદ બતાયકેં અબ શ્રુતિ સ્મૃતિ દ્દઢ કીનો હો. ૧૧
યહ વિધ ક્રીડા કરી મહાપ્રભુ, સબજન શુભપદ પાયો હો;
શ્રીવલ્લભપદરજ મહિમાને, જન ગોવિંદ યશ ગાયો હો. ૧૨

રાગ જેતશ્રી પદ ૭ મું.

પ્રકટયા એમા શ્રીવલ્લભદેવ.
શ્રીલક્ષ્મણભટ ગૃહ હે વધાઇયાં, મંગલ સુહેલરા. ૧

ગાવે એમા ગીત રસાલ, સબે સુહાગિનિ આયયાં. ૨
બ્રાહ્મણ એમા વેદ પઢાય, દેત અશીષ સુહાઇયાં ૩
મોતિન એમા ચોક પુરાય, વંદનવાર બંધાઇયાં. ૪
ઘર ઘર એમા મંગલચાર, ધ્વજા કલશ ફેહેરાઇયાં. ૫
દેવન એમા દુંદુભિ બજાય, પોહોપ અંજુલી બરખાઇયાં. ૬
દીને એમા બહુ વિધ દાન. નરનારી પેહેરાઇયાં. ૭
ધન્ય ધન્ય એમા એલંમાગારૂ, આશા સબે પુજાઇયાં. ૮
સબદિન એમા સુખ સંપત્તિરાજ, હરિજીવન મન ભાઇયાં. ૯

રાગ સારંગ પદ ૮ મું.

કાંકરવારે તૈલંગતિલક દ્વિજ, વંદો શ્રીમદ્દલક્ષ્મણનંદ.
શ્રીવ્રજરાજશિરોમણિ સુંદર, ભૂતલ પ્રકટે વલ્લભચંદ, ૧
અબગાહત શ્રીવિષ્ણુસ્વામિપંથ, નવધાભક્તિ રત્ન રસકંદ;
દર્શનહી પ્રસન્ન હોત મન, પ્રકટે પૂરણ પરમાનંદ. ૨
કીર્તિ વિશદ કહોલોં વરણો, ગાવત લીલા શ્રુતિ સુર છંદ;
સગુણદાસ પ્રભુ ષટ્ગુણસંપન્ન, કલિજન ઉદ્ધરણ આનંદ કંદ. ૩

પદ ૯ મું.

શ્રીલક્ષ્મણ ગૃહ મહામંગલ ભયો, પ્રકટે શ્રીવલ્લભ પૂરણકામ;
માધવમાસ કૃષ્ણપક્ષ શુભ લગ્ન ઉદિત એકાદશી દૂસરો યામ. ૧
મંગલ કલશ ચોક મોતિનકે, વિવિધ વિચિત્ર ચિત્ર બને ધામ;
મંગલ ગાવત મુદિત માનિની, નખશિખ રૂપ કામસી વામ. ૨
મિટયો તિમિર દુઃખદ્વંદ જગતકો, ભોર ભયો માનોં મિટ ગયો ગામ;
આલેકચંદ પ્રભુ સદા બિરાજો, આય વસો શ્રીગોકુલ ગામ. ૩

પદ ૧૦ મું.

ભક્તિસુધા બરખતહી પ્રકટે, શ્રીવલ્લભ દ્વિજરાજ;
માઘેમાસ કૃષ્ણ એકાદશી, પિય પુનીત દિન આજ. ૧
કરૂણાવંત અતુલ સુખસાગર, સંગ લિયે સકલ સમાજ;
બંધુ કુમુદ અનુચર ચકોરકે, ભયે મનોરથ કાજ. ૨
આનંદરૂપ જગતકે ભૂષણ, લસત સબન શિરતાજ;
વિષ્ણુદાસ ગુણ ગણિત થકિત ભરે, પંડિત પાવત લાજ. ૩

પદ ૧૧ મું.

કેશરકી ધોતિ પહેરેં કેસરિ ઉપરના ઓઢે,
તિલક મુદ્રા ધરેં બૈઠે શ્રીલક્ષ્મણભટ ધામ.
જન્મ ઘોસ જાન જાન અદ્‌ભુત રુચિ માનમાન,
નખશિખકી શોભા ઉપર વારોં કોટિ કામ. ૧
સુંદરતા ઇનિકાઇ તેજ પ્રતાપ અતુલતાઇ,
આસપાસ યુવતિજન કરતહેં ગુનગાન,
પદ્મનાભ પ્રભુ વિલોક ગિરિવરધર વાગધીશ,
યહ અવસર જે હુતે તે મહાભાગ્યવાન. ૨

પદ ૧૨મું.

શુભ વૈશાખ કૃષ્ણ એકાદશી, શ્રીવલ્લભ પ્રભુ પ્રકટ ભયે;
દૈવી જીવનકે ભાગ્ય વિસ્તરે, નિરખત તનકે તાપ ગયે. ૧
પુષ્ટિભક્તિ રસ નિજ દાસનકોં, અતિ ઉદાર મન દાન દયે;
માણિકચંદ લગે વસો નિરંતર, શ્રીવલ્લભ આનંદમયે. ૨

રાગ નટ. પદ ૧૩ મું.

જો પેં શ્રીવલ્લભ ધરતે ન રૂપ,
અર્થ શ્રીભાગવતકો કહિ શકતો, પતિત પરતે સબ કૂપ. ૧

અધ ગજવન વપુ વસન ન પાવત, નામ સૂનત મૃગ ભુપ;
વિષ્ણુદાસ ચરણન છાયા તક, અકુલાના ભવ ધૂપ. ૨

રાગ ગોરી. પદ ૧૪ મું.

નાતર લીલા હોતી જુની.
જો પેં શ્રીવલ્લભ પ્રગટ ન હોતેં, વસુધા રહેતી સુની. ૧
દિનપ્રતિ નઇ નઇ છબિ લાગત, જ્યોં કંચન નગ ચૂની;
સગુણદાસ યહ ઘરકો સેવક, યશ ગાવત જાકો મુનિ. ૨

રાગ કાન્હરો પદ ૧૫ મું.

આજ પ્રકટ ભયે શ્રીવલ્લભરાજ.
સુત મુખ નિરખત ન્યાત મનહિ મન, ફુલે શ્રીલક્ષ્મણભટ્ટ દ્વિજરાજ. ૧
મંગલ કનક કલશ ધર નારી, લાઈ સબ મંગલકો સાજ;
દેત દાન કંચન મણિક, પૂરે સબકે મનકે કાજ. ૨
નાચત ગાવત કરત કુલાહલ, ગિનત નહિ મન રાજા રાય;
શ્રીવ્રજપતિ પિય સદા બિરાજે, **દાસરસિક** જહાં બલ બલ જાય. ૩

પદ ૧૬ મું.

શ્રીલક્ષ્મણગૃહ પ્રકટ ભયેહેં, શ્રીવલ્લભ પરમાનંદરૂપ.
બ્રહ્મવાદ ઉદ્ધારણકારણ, ગોપીપદ પતિ રતિ પતિ ભૂપ. ૧
મહાભાગ્ય પૂરણ દૈવી જન, જીનકે હિત અવતાર લિયો;
પ્રકટ અમલ દેખત નિજજનકો, માયામતકો તિમિર ગયો. ૨
અપને દીન જાન કરુણામય, વચનામૃત પોખે સંતન સબ;
નંદરાયકી ફેરિ દિખાઇ, ગિરિધરકી લીલાકી જે તબ. ૩

રાગ બિહાગ પદ ૧૭ મું.

પ્રકટ વ્હે મારગ રીતિ દિખાઇ.
પરમાનંદ સ્વરૂપ કૃપાનિધિ, શ્રીવલ્લભ સુખદાઈ. ૧
કર શૃંગાર ગિરિધરન લાલકો, જબ કર વેણુ ગહાઇ;
લે દર્પણ સન્મુખ ઠાડે વ્હે, નિરખ નિરખ મુસકાઇ. ૨
વિવિધ ભાંત સામગ્રી હરિકોં, કર મનુહાર લિવાઇ;
જલ અચવાય સુગંધસહિત, મુખ બીરી પાન ખવાઇ. ૩
કર આરતી અનોસર પટ દે, બેઠે નિજ ગૃહ આઈ;
ભોજન કર વિશ્રામ છિનક લે, નિજ મંડલીજુ બુલાઈ. ૪
કરત કૃપા નિજ દૈવીજીવનપર, શ્રીમુખ બચન સુનાઈ;
વેણુગીત પુન યુગલ ગીતકી, રસ બરખા બરખાઈ. ૫
સેવા રીત પ્રીતિ નિજજનકી, જનહિત જગ પ્રકટાઇ;
દાસ શરણ હરિ વાગધીશકી, ચરણ રેણુ નિધિ પાઈ. ૬

પદ ૧. મું.

પ્રકટે શ્રીવલ્લભ સુખરાશી.
પ્રાચી દિશા જ્યો ચંદ્ર પ્રકટ હોઇ, ત્યોં શ્રીઅંગ પ્રકાશી. ૧
દેખ સ્વરૂપ રતિપતિ લાજતહેં, મોહિ સબ સુરવનિતા;
ભક્ત ચકોર મગ્ન રસ પીવત, તન શુદ્ધિ નાંકે ન જનિતા. ૨
બ્રહ્મવાદ દૃઢ ભૂપર કરકે, દુષ્ટન મતિ વિદાર;
ગજગતિચાલ નિરખ વલ્લભકી, ભામ કીયો બલહાર. ૩

ધોળ ૧ મું.

શ્રીલક્ષ્મણ સુતને હું નમું, ને કરૂં તે પ્રણામ;
વાણી તે મુજને આપજો, જેમ ગાઉં જશ વિસ્તાર. ૧

મનમાં તે આનંદ અતિ ઘણો, મુખડે કહ્યો નવ જાય;
કૃપા હોય જો તમ તણી, તો દાસ કાંઇક ગાય. ૨
શ્રીલક્ષ્મણભટ્ટજી તાત એમના, શ્રીઇલંમાજી માત;
પ્રકટ લીલા તમ તણી, સાંભળો કહું એક વાત· ૩
શ્રીલક્ષ્મણભટ્ટજીના સ્વપ્નામાં, શ્રીજી પધાર્યા ઘર;
વિશ્વાધાર તમ ઘેર પ્રકટશે, તેની કરજો પેર. ૩
કાશીએ જાઓ વેગે કરી, શ્રીઇલંમાજી લેજો સાથ;
પૂર્ણ પુરુષોત્તમ પ્રકટશે, માર્ગમાં એ નાથ. ૫
સાત વર્ષ અહીંયાં રહો, તોયે ન પ્રકટ થાય;
ગર્ભવંતા દુઃખ પામશે, શ્રીઇલંમાજી માય, ૬
વચન લઇ માથે ચડાવ્યું, પ્રભુ તમે કહો છો સત્ય;
તમારૂં કહેવું સત્ય છે, અમારે ચાલવું નિરધાર. ૭
ત્યાંથી વહાલોજી પધારીયા, માળા તે આપી એ;
એક કંઠી કંઠ ધરી, બીજી જપ કરવાની જેહ. ૮
ભક્તિ સુંદરીને ભાંવરૂપી, મણિકા એકસોને આઠ;
એ માળા નિત્ય ફેરવવી, ગ્રંથનો કરવો પાઠ. ૯
ઉપરણો શ્રીઅંગનો, શ્રીજીએ આપ્યો સાર;
તે વસ્ત્ર લેઈ ઓઢાડજો, બાલકને વળી ત્યાંય. ૧૦
નેત્ર ઉઘાડીને જોયું, દીઠાં વસ્ત્ર અમૂલ્ય;
સ્વપ્નું અમારૂં સત્ય છે, હવે ચાલવું નિરધાર. ૧૧
ત્યાંથી પ્રભુજી પધારીયા, ચંપારણ્ય રહ્યું ગાઉ ચાર;
રાતે રસોઇ ત્યાં કરી, મનમાં કરી વિચાર.
શ્રીકૃષ્ણજી ને શ્રીપ્રિયાજી બેઉ, સુંદરી સૌ સાથ;

બેઉને દર્શન આપીયાં, મલ્યાં સ્વપ્નામાં એ નાથ. ૧૩
તંબોળ લઇ શ્રીપ્રિયાજીએ આપ્યું, જન્મ ધુંટી બાળ;
રસના વળશે તે તણી, બીજી વાણી તણો નહિ પાર. ૧૪
પ્રાકટ્ય શ્રીવલ્લભ દેવનું, આનંદ કહ્યો નવ જાય;
દેવલોકે દુદુંભિ વાગીયાં, પુષ્પની વૃષ્ટિ થાય. ૧૫
પ્રકટ થઇ પરાક્રમ કીધાં, વળી આનંદ છે અપાર;
નામનિવેદન આપીને, કર્યો પુષ્ટિ અંગીકાર. ૧૬
સેવા વિવિધ કરી શીખવી, ભક્તની પૂરી આશ;
જુગ જુગ જીવો માહરા વહાલમા, બલિહારી તે **માધવદાસ.** ૧૭

ધોળ ૨૦ મું.

શ્રીલક્ષ્મણ ઘેર આજરે વધામણાં;
પ્રકટ્યા શ્રીવલ્લભરાયરે, સૈયર સૌ દીજીયે વધામણાં. ૧
પ્રથમ શ્રીનંદ ઘેર પ્રકટીયા વધામણાં, દ્વિતીયે દ્વિજવર અવતાર રે.૨
પંદરસેં પાત્રીસ સંવતે વધામણાં, મધ્યાહ્ન સમેં સુખરાશિ રે. ૩
વૈશાખ વદી એકાદશી વધામણાં, શુભ નક્ષત્ર શુભ વાર રે, ૪
ચંપારણ્ય સોહામણું વધામણાં, અગ્નિનો કુંડ ધન્ય રે. ૫
બાળસ્વરૂપે મધ્ય કુંડમાં વધામણાં, ચરણ અંગુષ્ઠ મુખ માંય રે. ૬
દેવનાં તે દુંદુભિ વાગીયાં વધામણાં, પુષ્પની વૃષ્ટિ થાય રે. ૭
માતે લીધા તાતના ઉછંગમાં વધામણાં, વર્ત્યો છે જય જયકાર રે.૮
શ્રીલક્ષ્મણ તાત આનંદીયા વધામણાં, હરખ્યાં શ્રીઇલંમાજી માતરે. ૯
ધાઇને તે નંદ ઘેર આવીયાં વધામણાં, નાળ વધેરવાને કાજ રે. ૧૦
ધાઇને તે પુત્ર લીધા ગોદમાં વધામણાં. મુખચુંબન છૂટી દૂધ ધાર રે.૧૧
શ્રીજીનો કેસરી ઉપરણો વધામણાં, કંઠીને ચર્ચિત ઓગાળ રે, ૧૨

રત્નજડિત કેરે પાલણે વધામણું, ઝુલાવે શ્રીઇલંમાજી માત રે. ૧૩
નંદ જશોદાજી આવીયાં વધામણું, ગોપી ગ્વાલ સકલ સમાજ રે.૧૪
એક નાચેને ફરે કુદડી વધામણું, ગોરસની મચીયેલ કીચ રે. ૧૫
એક ગાયેને સર્વે ઝીલતાં વધામણું, મંગલ વધાઈ રસાલ રે. ૧૬
કદલીના સ્થંભ રોપાવીયા વધામણું, તોરણ બાંધ્યાં છે દ્વાર રે, ૧૭
મોતીના ચોક પુરાવીયા વધામણું, કુંકુમ કેસર સાર રે. ૧૮
નામકરણ ગર્ગમુનિએ કર્યો વધામણું,શ્રીવલ્લભ આચાર્ય સુખરાશિરે.૧૯
નામસમર્પણ આપીયાં વધામણું, કરગ્રહી સોંપ્યા છે નિજ નાથરે. ૨૦
ગૂઢ સ્વરૂપે નિજ સ્વામિની વધામણું, નરદેહ ધરી છે અમ કાજરે ૨૧
અંગીકૃત જન સર્વે જાણશે વધામણું, વિમુખને એ રસ દૂર રે. ૨૨
અમૃત કલ્પવૃક્ષ દ્રુમ ફળ્યો વધામણું, શાખા પત્ર ફલ રસરૂપરે. ૨૩
આપ સેવેને સેવા શિખવે વધામણું, શૃંગાર ભોગ પ્રકાર રે. ૨૪
આપ ચરણ રજ કિંકરી વધામણું, જન્મો જન્મની દાસરે. ૨૫
ગાય શિખે સુણે સાંભળે વધામણું, હવે શ્રીવ્રજમાં વાસ રે. ૨૬

ધોળ ૨૧ મું.

શ્રીલક્ષ્મણભટ્ટજીનું ધામરે, દીસે અતિ સુખકારી;
કાકરખંભાગામરે, તે ઉપર જાઉં વારી ૧
છે તૈલંગા બ્રાહ્મણરે, મહાયુગ પવિત્ર જાણો;
એમના કુલ મધ્યેરે, શ્રીવલ્લભ પ્રકટ્યા જાણો. ૨
શ્રીવલ્લભ ગુણ ગાઉરે, આનંદ પ્રેમ ભરી;
શ્રીહરિના મુખથીરે, રે પ્રકટ્યા દેહ ધરી. ૩
તૈલંગકુલમંડનરે, શ્રીલક્ષ્મણ તાત સહી;
શેષનાગ સરીખારે, જેહને મુખ સહસ્ર ફણી. ૪

તે તો પાર ન પામેરે, લીલારસસિંધુ તણી;
અગ્નિકુંડ પ્રકટયારે, તે લીલા ન જાય કહી. ૫
અગ્નિ મધ્યે રમતારે, માતાજીએ દીઠા જ્યારે;
એ છે સુત માહારારે, ધાઇને આવ્યાં ત્યારે. ૬
અગ્નિએ માર્ગ દીધોરે, માતાજીને આવ્યાં જાણી;
બેઉ કર સાહીરે, કુંવરને લીધા તેડી. ૭
અમરાપતિ જુએરે, રત્ન વિમાન ચડી,
દેવદુંદુભિ વાજેરે ચહુંદીશ લાગી ઝડી. ૮
સુરવનિતા સહુકોરે, જોવાને આવ્યાં મળી;
અંજલિ ભરી ભરીનેરે, કે પુષ્પની વૃષ્ટિ કરી. ૯
સેવકસુખ સારૂરે, કે કરુણાસિંધુ ભરી;
ફરી વ્રજ પ્રકટયારે, કે દ્વિજ વર રૂપ ધરી. ૧૦
એ શોભા જોઇનેરે, કહે **હરિદાસ** ફરી;
વ્રજમાં વાસ આપજોરે, કે વિનતિ ચિત્ત ધરી. ૧૧

ધોળ ૨૨ મું.

જીરે વૈશાખ વદી એકાદશી રે, જીરે શ્રીવલ્લભજી પધરાવ્યાની વેરરે;
શ્રીલક્ષ્મણભટ્ટ ઘેર સોહલોજી ૧
જીરે શ્રીએલંમાજીએ મનમાં વિચારીયું રે,
જીરે સુતને પધરાવીએ ઘેરરે; શ્રીલક્ષ્મણભટ્ટ. ૨
જીરે અગ્નિકુંડે માર્ગ જ આપીઓરે,
જીરે બેઉ રતને વહે છે પયની ધારરે. શ્રીલક્ષ્મણભટ્ટ ૩
જીરે નિજજન સરવે ઉદ્ધારવારે,
જીરે ભક્તિનો કીધો ઉપદેશ રે; શ્રીલક્ષ્મણભટ્ટ ૪

જીરે બ્રહ્મસંબંધ કરાવીઆં રે,
જીરે સેવા દરાવી છે પ્રીતરે; શ્રીલક્ષ્મણભટ્ટ. ૫
જીરે પુષ્ટિમાર્ગની વિવિધ ગતિરે,
જીરે કોને તે નવ કહેવાય રે, શ્રીલક્ષ્મણભટ્ટ. ૬
જીરે એવા તે કુલમાં શ્રીકૃષ્ણ પ્રકટિયારે,
જીરે અદ્ભુત શ્રીવલ્લભરાયરે; શ્રીલક્ષ્મણભટ્ટ. ૭
જીરે નિઃસાધન જનહિત એ પ્રભુરે,
જીરે પ્રકટ દેખાડી છે રીતરે; શ્રીલક્ષ્મણભટ્ટ. ૮
જીરે એહુના કારણે હરિએ દેહ ધરીરે,
જીરે તેમાં તે સંશય નહિ લગારરે; શ્રીલક્ષ્મણભટ્ટ. ૯
જીરે અધમ તે જીવ ઉદ્ધારવારે,
જીરે શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલેશ રે; શ્રીલક્ષ્મણભટ્ટ. ૧૦
જીરે એઉના ચરણકમલ સેવીએરે,
જીરે છાંડીએ સકલ કલેશરે; શ્રીલક્ષ્મણભટ્ટ. ૧૧
જીરે હરિદાસ શોભા પ્રભુની નિરખતાંરે,
જીરે ચરણકમલ ધરી ધ્યાનરે; શ્રીલક્ષ્મણભટ્ટ. ૧૨

ધોળ ૨૩ મું.

શ્રીમદ્વલ્લભ આજ પ્રકટ હુવારે, કૃષ્ણાનન દ્વિજવરઅવતાર. ૧
તાત શ્રીલક્ષ્મણભટ્ટ અતિઆનંદ ભર્યારે, ધન્ય ધન્ય ગાત મહિમાગાર. ૨
માધવ માસ કૃષ્ણ એકાદશીરે, શુભ દિન શુભ નક્ષત્ર શુભ વાર. ૩
દૈવી જીવ અનેક ઉદ્ધારવારે, પૂર્ણ બ્રહ્મ પ્રકટ્યા નિર્ધાર. ૪
ચરણકમલલીલા રસ રંગ ભર્યારે, સદા મન પ્રસન્નવદન સ્વરૂપ. ૫
શ્રીભાગવતમતિમણિવરભૂષિતારે. રાજત સકલ શૃંગાર [illegible] ૬

ચરણકમલની શોભા શી કહુંરે, ઝગમગ દશ નખ ચંદ્રપ્રકાશ. ૭
ચરણકમલ કોમલ અતિશોભિતારે, વૈષ્ણવ જનશિર સદાનિવાસ. ૮
લલિત જુગ જુગ જગ સોહામણુંરે, પૂરણ વેદ સકલ શુભ સાર. ૯
નાભિ ગંભીર વલિત રોમાવલીરે, કહું શોભાનો નહિ પાર. ૧૦
વિશદ ઉરઃસ્થળ પર મુક્તાવલીરે, યજ્ઞોપવીતની કાન્તિ અપાર. ૧૧
તીનરેખા ગ્રીવા સુંદર બનીરે, કંઠિયે તુલસી માળ સુખાલ. ૧૨
જુગ ભુજ દંડ અજાન અવિલંબિતારે, આપે ભક્ત અભયપદ દાન. ૧૩
સુંદર હસ્તકમલ લટકે કરીરે, કરે ભક્તને નાના ઉપદેશ. ૧૪
ચિબુક નાસા અધર અતિમોહનીરે, અદ્દભૂત ગોળ કપોલ સુભાલ.૧૫
નેત્રકમલ ભ્રુકુટી રળીયામણીરે, કૃપાદષ્ટિ અવલોક વિચાર. ૧૬
વિશાળ ભાલ બીચ તિલક સોહામણુંરે, કેશ અંબોડો કર્યો સુંદાર.૧૭
કેસરીયા ધોતીને ઉપર ઉપરણે, જય જય શ્રીલક્ષ્મણસુત મહારાજ. ૧૮
છોકર લેટેકે બેઠક માધુરીરે, બિરાજે શ્રીગોવિંદ ઘાટ સમાન. ૧૯
વૈષ્ણવનાં મન અતિ આનંદ ભર્યા રે, કરે વિવિધ મંગલ જશગાન.૨૦
બાજે તાલ મૃદંગ ગતિભેદશુંરે, વીણા તાનમાન બંધાન. ૨૧
ગોકુલ ઘરઘર અતિઆનંદ બને રે, ભૂતલ વર્ત્યો જય જયકાર. ૨૨
જયજયજય કરી બોલે સૌ મળીરે, ઉચ્ચરે શ્રીલક્ષ્મણસુતગાન. ૨૩
એ લીલા નિત્યપ્રતિ મનમાં વસોરે, જન્મોજન્મ આપો વ્રજવાસ.૨૪
શ્રીવલ્લભ ગુણ ગાઉં પ્રેમશું રે, વ્રજાધીશ મન સદા હુલ્લાસ. ૨૫

ધોળ ૨૪ મું.

જીરે તમો શ્રીવિઠ્ઠલનાથજીના તાત, પ્રીતે શું પ્રભુજી;
તમો જીવોરે સોહામણા નાથ પ્રભુ તમને નમું જી. ૧
પધાર્યા શ્રીલક્ષ્મણ ઘેર વપુલીલા ધરીજી;

કલિજીવની કરવા પેર કરુણા નિજ કરીજી. ૨
વિચારીજી અદ્દભુત વાત જગત ઉદ્ધારવાજી;
ભવસિંધુમાં થાતાંજી પાત જીવ નિસ્તારવાજી. ૩
સોહામણા માધવમાસ વદ વૈશાખમાંજી;
કરંતાજી શુકપિક વાત આંબા શાખમાંજી. ૪
જીરે વદ પક્ષ વ્રત દિન સાર તિથિ એકાદશીજી;
આ દેવ પુરોહિત વાર લીલા મન વસીજી. ૫
આ ગગને દુંદુભિનાદ થાતાં સુરપતિજી;
ગાવંતાજી મધુરે સુરગાન તે સુંદરીજી. ૬
અનુપમ રૂપ અગાધ શોભા સિંધુનીજી;
આ કારણ દૈવી કહાય બ્રહ્મસંબધનાંજી. ૭
શ્રીવલ્લભ ધરીયાં નામ શ્રીવલ્લભ સર્વનેજી;
આ વારૂજી કોટિક રામ હરતા ગર્વનેજી. ૮
સ્વરૂપને સેવા દાન લીલામાં વર્યાજી; ૯
ઉપાસિક ભક્ત અનેક પદરજ જેહનાજી;
આ તે પ્રભુ પામીએ કેમ પ્રીતને સ્નેહમાંજી. ૧૦
મારા વહાલા શું માધવદાસ માગે વળી વળીજી;
મુને આપો શ્રીવ્રજમાં વાસ એ સુખ કયાંઇ નહિજી. ૧૧

ધોળ ૨૫ મું.

શ્રીલક્ષ્મણભટ્ટજીને ઘેર એ કુલ દીવોરે,
બલે પ્રકટયા શ્રીવલ્લભરાય એ ઘણું જીવોરે. ૧
એમના સુત છે બેઉ અતિશય રૂડારે,

નહિ નામે એમને શીષ તે જન કુડારે. ૨
શ્રીઅંકાંજી કૂખે અવતર્યા સુખકારીરે,
ગોપીનાથ શ્રીવિઠ્ઠલનાથ એ પરવારીરે. ૩
બલદેવ શ્રીગોપીનાથજીને જાણોરે.
શ્રીકૃષ્ણ શ્રીવિઠ્ઠલનાથ એ વ્રજરાણોરે ૪
શ્રીપુરુષોત્તમજીને પ્રેમ ધરીને ગાયરે,
તેના જન્મો જન્મનાં પ્રાયશ્ચિત્ત સર્વે જાય રે. ૫
શ્રીવિઠ્ઠલનાથજીના સાત કુંવર સુખદાતારે,
કલિયુગમાં પુષ્ટિપ્રકાશ કરે વિખ્યાતારે. ૬
શ્રીગિરિધરજી ગુણવંત સહુને ગમતારે,
જઇ જુવો શ્રીજી નવનીતપ્રિયાશું રમતારે. ૭
શ્રીમથુરાનાથ મનોરથ પૂરે મનનારે,
સમરો નટવરલાલ જાય દુઃખ તનાંરે. ૮
શ્રીગોવિંદરાય રસમગ્ન રસ ભરી નિરખોરે,
એમને મંદિરે શ્રીવિઠ્ઠલેશરાય જોઇ જોઇ હરખોરે. ૯
શ્રીબાલકૃષ્ણજી કૃપા કરીને સુખ આપોરે,
દ્વારિકાંનાથજીનાં રૂપ હૃદયમાં સ્થાપોરે,
શ્રીવલ્લભ ગોકુલનાથસેવો ગિરિધારીરે.
જેણે રાખ્યો માલાપ્રસંગ તે પરવારીરે. ૧૧
શ્રીરઘુપતિજી છે રૂડા જોઇને મન મોહરે,
એમને મદિર શ્રીગોકુલચંદ્રમાજી સોહેરે. ૧૨
શ્રીજદુપતિજી છે જુગતે જોવા જેવારે,
એમને મંદિર શ્રીબાલકૃષ્ણજી કરી સુંદર સેવારે. ૧૩

શ્રીઘનશ્યામ પૂર્ણકામ એ ઘણું રસીયારે,
શ્રીમદનમોહનજી મહારાજ મહારારે મન વસિયારે. ૧૪
એ શોભા જોઇ હરિદાસ જાય બલિહારીરે,
એ લીલા ગાજને નિત્ય નરને નારીરે. શ્રીલક્ષ્મણ. ૧૫

ધોળ ૨૬ મું.

આજ મહારે આનંદ ઉર ન સમાયજી, પ્રકટ્યા શ્રીવલ્લભરાજ સુકુમારજી. ૧
ભૂતળભાગ્યતણો નહિ પારજી, દૈવીતે જીવનો કરવા ઉદ્ધારજી. ૨
મંદિર માંડે તે ચોક પુરાયજી, તોરણ બારણીએ બંધાયજી. ૩
હુંએ કરૂં વિધવિધના શૃંગારજી, હરખે તેડાવું તે સૈયર સાથજી. ૪
નાચું ગાવું તાળી તે પાડું હાથજી, કોને મેહું કહ્યું તે નવ કહેવાયજી. ૫
છબિપર જન રસિક બલિ જાયજી, આજ મારે આનંદ ઉર ન સમાયજી. ૬

ધોળ ૧૭ મું.

શ્રીલક્ષ્મણસુતનેરે હેલી, એમને નિરખું સર્વે પહેલી. ૧
એમના ગુણનેરે ગાશે; તેહેના ભવનો ફેરો જાશે. ૨
સુત ગોપીનાથ શ્રીવિઠ્ઠલ જાયા, જાણીએ કલ્પવૃક્ષની છાયાં. ૩
પ્રકટ્યા દૈવીજીવ અધિકારી, મુખ છબી ઉપર જાઉં બલિહારિ. ૪
મારૂં ચિત્તડું એશું બાંધ્યું, એમની ચરણકમલ રજ માગું, ૫
ચરણે રાખો શ્રીવલ્લભનાથ, મહારે મસ્તક ધરજો હાથ. ૬
શ્રીમહાલક્ષ્મીજી મહાવર આપો, મારા ભવનાં બંધન કાપો. ૭
પૂરવા સેવક જનના કોડ, એમને સાતકુંવરની જોડ. ૮
સાતે કુંવરે છે એવા, માતને સમસ્વરૂપની સેવા. ૯
શ્રીગોવર્દ્ધનનાથજીરે બિરાજે, સેવા ગુપ્ત સ્વરૂપની રાજે. ૧૦
એ શોભા જોઇ હરિદાસ ગુણ ગાએ, એ છબી લોચન માંહી સમાએ.

ધોળ ૨૮ મું.

શ્રીલક્ષ્મણભટ્ટજીનાં ભાવે લીજે ભામણાં,
તૈલંગતિલક ને વિપ્રશિરોમણિ ભૂપજો;
એહુના સુત શ્રીવલ્લભનાં લેઉં વારણાં,
દ્વિજવર રૂપે પ્રકટયા અનલ અનૂપજો ૧

ધર્મધુરંધર એ સુત શ્રીવલ્લભદેવના,
પ્રકટ કરવા વેદતણો વિસ્તારજોને;
ગુણસમુદ્ર ભરિયા શ્રીગોપીનાથજી,
હળ મુશળધર હળધરનો અવતારજો.

શ્રીગોવર્દ્ધનધરધીર વીર બલદેવના,
રસના રૂપી કહાયે શ્રીનંદકુમારજોને;
તે પુરુષોત્તમ પ્રકટયા શ્રીવિઠ્ઠલનાથજી,
નિર્ગુણ બ્રહ્મ તે સગુણ સ્નેહી સારજો.

શ્રીવિઠ્ઠલનાથજીના સાતે લાલ સોહામણા,
સૌથી મોહોટા શ્રીગિરિધરજી મહારાજજો;
શરણ ગયા ને સોંપે તે શ્રીનાથજી,
કરવા સુંદર સેવા કેરાં કાજજોને. ૪

શ્રીગોવિંદરાય તણું મન પ્રસન્ન હુલ્લાસમાં,
આવે તેને આપે આનંદદાનજો
શ્રીબાલકૃષ્ણજી કોમલ અંગે રસે ભર્યા;
કરાવે છે અધરસુધારસપાનજો. ૫
શ્રીગોકુલનાથ જણાવે યુગમાં જીવને,
એવા પોતે અહીંઆ શ્રીપરમ કૃપાલ જો.

શ્રીરઘુપતિ રૂપે રૂડા નયને નિરખતાં,
વદનસદનની ભુલ્યા લે સંભાળજો. ૬
જોવા સરખા દીસે શ્રીજદુનાથજી,
એ છે બહેની અબલાનો આધારજો;
દેખી દૈવી જીવ સદા ઘનસ્યામજી,
રેડે ઉપર અમૃત રસની ધારજો. ૭
સાતે સ્વરૂપ તણો વંશ સદા સંસારમાં,
પ્રકટ બિરાજે શ્રીપુરુષોતમ પરિબ્રહ્મજો;
જમનાદાસ અધમ તે છે આઘનો,
તે શું જાણે શ્રીવલ્લભકુલનો મર્મજો. ૮

ધોળ ૨૯ મું.

શ્રીગોકુલ ગામ અતિશોભિતાં, મંદિર માળીઆં;
ચોક ચિત્રામણ શોભિતાં, શોભિતાં જરિત્ર ને જાળીઆં. ૧
મણિ માણેક સ્થંભ શોભિતા, શોભિતા હીંડોળા ખાટરે;
પાટીએ પચરંગી શોભિતા શોભિતા ગુગળીના ઘાટરે. ૨

ત્યાંહાંરે બિરાજે શ્રીવલ્લભરાજીયા, ભલી મળી વૈષ્ણવની જોડરે.
પ્રેમે પ્રભુજી પધારીઆ, પૂર્યા નિગમના કાડરે.
કુમ કુમ થાળરે કરે ધરી, ભરી મુક્તાફલ સારરે;
વ્રજ ત્રિયા વેગે વધાવાને, આવે છે મંડલા મોડરે. ૪

અગ્નિ થકી વાહાલો પ્રકટીયા, કીધો છે અતિ ઘણો શ્રમરે;
એવા પ્રભુજીને નિરખીને, કોઇ ના જાણે તેહનો મર્મરે. ૫
શ્રીવલ્લભચરણે જે નમે, તેની તે પોહોતે છે આશરે;
માધવદાસની વિનતિ રાખજો દૃઢ વિશ્વાસરે. ૬

ધોળ ૩૦ મું.

હું બલિહારી તેલંગકુલ દીપક, શ્રીલક્ષ્મણ તાતનેરે લોલ;
તે કુલ પ્રકટ્યા શ્રીવલ્લભદેવ, જગતહિતકારણેરે લોલ. ૧
એમના બે સુત પરમ કૃપાલ, કે ચતુર શિરોમણિરે લોલ;
શ્રીગોપીનાથ શ્રીવિઠ્ઠલનાથ, કે અમ શિર એ ધણીરે લોલ. ૨
તે શ્રીવિઠ્ઠલનાથને સાત, કુંવર પ્રકટ્યા સહીરે લોલ;
જાણીએ પોતે સાત સ્વરૂપ, કે ધરીને પ્રકટ્યા મહીરે લોલ. ૩
શ્રીગિરિધરજી પરમ સુશીલ, કે સુભટ અતિશોભિતારે લોલ,
શ્રીગોવિંદરાય તણો મુખચંદ્ર, કે ભક્તજન લોભતારે લોલ. ૪
શ્રીબાલકૃષ્ણજીનાં અતિશય નીલ, કે ચરણચિત્ત લાગીએરે લોલ;
શ્રીગોકુલનાથજીના ચરણની રેણુ, કે જગતમાં કહાવીએરે લોલ. ૫
ચતુરશિરોમણિ શ્રીરઘુનાથ, કે તેના ગુણ ગાઇએરે લોલ;
શ્રીજદુનાથજીના ચરણસરોજ, કે તેને દુર્લભ ધારીયેરે લોલ ૬
સમર્થ વેદ તણો અતિ વર્ણવ, કે ગુણ ઘનશ્યામનારે લોલ;
રાખો ચરણકમલની છાંય, કે પોંહોચે મન કામનારે લોલ. ૭
સાત સ્વરૂપ તણો નિજ વંશ, કે જગતમાં બિરાજજોરે લોલ;
સકલ સ્વરૂપના ચરણની રેણુ, કે અમર શિર ગાજજોરે લોલ. ૮
એ શ્રીવલ્લભના નિજવંશ, કે જગતહિતકારણેરે લોલ;
વ્રજભૂષણ જોઈ મુખચંદ્ર, કે જાયે વારણેરે લોલ. હું બલિહારી૯

ધોળ ૩૧ મું.

હું બલિહારી તેલંગકુલ દીપક, શ્રીલક્ષ્મણ તાતનેરે લોલ;
જે કુલ પ્રકટ્યા શ્રીવલ્લભદેવ, જગત હિતકારણેરે લોલ. ૧
માધો માસ કૃષ્ણ એકાદશી, ભર વૈશાખનીરે લોલ

પ્રકટ ધરીયું અગ્નિ મધ્ય કે, અગ્નિરૂપ સહીરે લોલ. ૨
સંવત પંદરસેં પાંત્રીસ કે, વાર રવિ ખરોરે લોલ;
સર્વે સર્યાં સેવકનાં કાજ કે, વ્રજજન આવી મળ્યાંરે લોલ. ૩
જીવને આપ્યાં દાન અનેક, કે વાર ન લાગી ઘણીરે લોલ;
પુષ્ટિમાર્ગ ચાલ્યો મરજાદકે, મરજાદા ક્ષણુંરે લાલ. ૪
જગતને દૃઢ કરવાને કાજ કે, શ્રીજી આવી મળ્યારે લોલ;
વાક્ય કહ્યું શ્રીકૃષ્ણુની પ્રત્યે કે, એક એકાંત મળ્યારે લોલ. ૫
જીવ હેત સૂપ્યો નિર્ધાર, કે લઇ ચરણે ધરોરે લોલ;
લાવી સોંપો અમારા ચરણુ, કે દૃઢ કર રાખશું રે લોલ. ૬
એવા વચન સુણીને હસીયા, કે જીવને દયા કરીરે લોલ;
નિશ્ચય વચન કર્યાં પ્રમાણુ, કે ત્રણવાર ફરી ફરીરે લોલ. ૭
પછી વિચાર્યું દીનદયાલ, કે તાંહાં હરસાણી સહીરે લોલ;
પુછવા લાગ્યા દીનદયાલ, કે કહો કશું કહા સુનિરે લોલ. ૮
ત્યારે શિર નમાવ્યું દાસ, કે હું સમજ્યો નહિરે લોલ;
કૃપાનાથે કૃપા કરી કહ્યું કે સાંભળ દૃઢ કરીરે લોલ; ૯
ભક્તજન ઉપર દયા ઘણેરી, કે હરખાણીયે લહ્યુંરે લોલ;
ભક્તને આપ્યાં દાન અનેક, કે મન આનંદ ઘણેરે લોલ. ૧૦
બહાલે ઉદ્ધાર્યા જીવ અનેક, કે જુગ વિસ્તારનેરે લોલ;
પ્રથમ હરિ હલધર પ્રકટ્યા, કે રચના [illegible] લોલ. ૧૧
માયાવાદીને ટાળ્યો ભાર, કે પ્રભુ સમર્થ સહીરે લોલ;
ત્યાંથા આગળ ચાલ્યો વિસ્તાર, કે સાત મધ્યે રત્નમણિરે લોલ. ૧૨
વ્રજનો જીવન એ વિશ્રામ, કે શ્રીગોકુલનાથ ઘણીરે લોલ;
જેણે જીત્યા [illegible] કે શાહજહાંગીર સહીરે લોલ. ૧૩

આપી ગજમુક્તાની માળ કે, પ્રભુ રાખે નદીરે લોલ;
લઈને સોંપી શ્રીજમુના મધ્યે, કે જમુના એ હાથે ગ્રહીરે લોલ. ૧૪
ત્યારે કહી જાંહાંગિરને વાત, કે શાહે માની સહીરે લોલ;
માળા દેજો અમારી નાથ, કે બદલે પરી કહીરે લોલ. ૧૫
શાહને લઈ બેઠા પ્રભુ નાવ, કે રૂપ જમનાએ ધર્યુંરે લોલ.
માળા આપી તત્ક્ષણ હાથ, કે શાહ રીઝયા ઘણું રે લોલ.
એ સુખ નિરખે વલ્લભદાસ, કે મન આનંદ ઘણોરે લોલ;
હું બલિહારી તૈલંગ કુલદીપક, શ્રીલક્ષ્મણતાતનેરે લોલ. ૧૭

ધોળ ૩૨ મું,

શ્રીવલ્લભનંદનરે વાહાલા લાગો છો,
જેહનું સ્મરણ કરતાં રે દુઃખડાં ભાગો છો. ૧
પુરુષોતમલાલજીરે પ્રીતે આવો છો,
જોઇ રૂપ રસાળુંરે મનમાં ભાવો છો. ૨
માહારા કીયા જન્મનાંરે સુકૃત ફળીયાં છે,
મહારાં જન્મ જન્મનારે દુઃખડાં ટળીયાં છે. ૩
અમને નામસમર્પણરે વાહે આપ્યાં છે,
મારા પૂર્વજન્મનારે પ્રાયશ્ચિત્ત કાપ્યાં છે. ૪
મારા મંદિર પધારોરે મનમાં હસીઆ છો,
વહાલે હેત કરીનેરે હૈડામાં વસીઆ છો. ૫
મેં તો રૂપ રસાળુંરે જુગતે જોયું છે,
હરિ હૈએ વસીયારે મનડું મોહ્યું છે. ૬
વહાલે પાઘ સોરંગીરે શિરપર ધરીઓ છે,
આભૂષણ અંગેરે આપે ધરીઆં છે. ૭

કુમકુમનાં તિલકરે ભાલે કર્યાઆં છે,
વહાલો મંદિર અમારેરે મલપતા આવે છે, ૮
પ્રભુદાસને પ્રીતેરે લાડ લડાવે છે.

ધોળ ૩૦ મું.

શ્રીલક્ષ્મણભટ્ટજીને દ્વાર ચાલો તો જોવા જઇએજી,
જન્મદિવસ છે આજ મળીને ગાઇએજી. ૧
વાજે છે ઢોલ નિશાન નોબત વાજે અતિ નવી,
શબ્દ દુદંભિના નાદ વેદની ધ્વનિ ત્યાં હવી. ૨
બંદીજન બહુ કરે ગાન વૈષ્ણવ જાય વારણે,
મોતીના ચોક પુરાય તોરણ બાંધ્યાં બારણે. ૩
શ્રીવલ્લભને નવરાવ્યા, કેસરચંદન ઘસ્યાં;
મર્દન કર્યાં ફુલેલ, સેવકજનનાં મન હસ્યાં. ૪
ઉષ્ણોદક પ્રભુજી નાહી, અંગવસ્ત્ર કર ધર્યાં;
કેસરી ધોતી ઉપરણા સાર, પ્રભુજીએ પેહેર્યાં. ૫
કુમકુમ ભાલ તિલક અક્ષત સોહે પીળા;
પીઢયે બેઠા શ્રીવલ્લભ, વૈષ્ણવ નિરખે લીલા. ૬
જોવાને દેવતા આવ્યા, માર્કંડની પૂજા સમે,
શ્રીફલ ફોફળ સાર, દક્ષિણા જે જેને ગમે. ૭
સગાં કુટુંબ સહુ સાથ, ભોજન કીધાં પ્રીતશું;
બંદીજન વિવિધ પ્રકાર, બીડાં આપ્યાં રીતશું. ૮
સર્વ વૈષ્ણવજનને પ્રસાદી જુઠણ દીધી છે;
એ શોભા જોઈ હરિદાસ પ્રીતે કરી પીધી છે. ૯

ધોળ ૩૪ મું.

શ્રીવલ્લભ પ્રકટયા એ પ્રકટયા, શ્રીલક્ષ્મણભટ્ટજીને ઘેરરે.
થઇ રહી છે લીલા લેહેરરે, પુષ્ટિની કરવા પેરરે, શ્રીવલ્લભ૦ ૧
થયાં અવનિ ઉપર અજવાળાંરે, ત્રિલોકનાં તિમિર ટાળ્યાંરે;
વાહાલે વેણુ અમારાં પાળ્યાંરે. શ્રીવલ્લભ૦ ૨
આદરથી આવ્યા હરિ ઘેરરે, પોતાનાંની કરવા પેરરે;
શિખવી સેવા કીધી મેહેરરે. શ્રીવલ્લભ૦ ૩
માયામત કીધો ખંડરે, પાખંડીને દીધો દંડરે;
એહનો યશ વાધ્યો નવ ખંડરે. શ્રીવલ્લભ૦ ૪
એ શ્રીલક્ષ્મણભટ્ટના નંદરે, વાહાલો પૂર્વ જન્મના ચંદરે;
વરતાવે છે અતિ આનંદરે. શ્રીવલ્લભ૦ ૫
એ શ્રીઇલ્લમગારૂના લાલરે, વાહાલે વૈષ્ણવ ઉપર કીધો વાહાલરે;
વાહાલે દાન દીધાં કીધાં ન્યાલરે. શ્રીવલ્લભ૦ ૬
નવખંડમાં નવા નવા દેશરે, એહના ગુણ ગાય નિગમ મહેશરે;
એહનો પાર ન પામે શેષરે. શ્રીવલ્લભ૦ ૭
સુખડાંની લેહેરો જાયરે, ત્યાંતો આનંદ ઉર ન સમાયરે,
હરિદાસ વલ્લભના જશ ગાયરે, શ્રીવલ્લભ૦ ૮

ધોળ ૩૫ મું.

શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ શ્રીજી શ્રીયમુનાં શ્રીનવનીતપ્રિયાજી,
સેવા કરો આનંદમાં ભીજી તે, રીઝશે શ્રીગોપીપતિજી. ૧
દૃઢ આશરો શ્રીમહાપ્રભુજીનો રાખો, અષ્ટાક્ષર નિશદિન મુખ ભાખો;
અણસમર્પિત વસ્તુ રખે ચાખો તો રાખજો ગુરુ ચરણ મતિજી. ૨
ભગવદીયનો સત્સંગ જ કરજો દયા સર્વે કોઇ ઉપર ધરજો;

વૈષ્ણવની રીતે અનુસરજો, તો ધરજો ટેક ઘણી એકનીજી. ૩
હરી ગુરૂ વૈષ્ણવ સરખા લેખો બિજા ભાવ રૂદે નવ દેખો;
દાસપણું ત્રણેનું ગ્રહજો, તો તન મન ધન નિવેદશુંજી. ૪
પ્રફુલિત મને હરિના ગુણ ગાજો, કપટ દંભથકી અળગા રેહેજો;
દુષ્ટસંગથકી દુર પળાજો, તો નાહાજો પદરજ હરિ ભક્તિમાંજી. ૫
દીનતા ભાવ અંતરના સ્નેહી, પ્રભુ પ્રસન્નતાનું કારણ એહી;
નિશ્ચય માનજો નહી સંદેહિ તો, દેહ દમો શા કારણેજી. ૬
મનુષ્યજન્મ મહાદુર્લભ જાણો, તેથી તેથી દુર્લભ હરિના ચરણ વખાણો;
એ બે પામી સેવારસ માણો તો, જાણજો જીવ્યા જગતમાંજી. ૭
શ્રીવલ્લભપ્રભુ માહારા સ્વામી, પ્રાણજીવન ધન્ય અંતર્યામી;
અક્ષરબ્રહ્મ તણા એ ધામીતો, દાસ દયો જાય વારણેજી. ૮

ધોળ ૩૬ મું.

વૈશાખ વદી એકાદશી, પ્રકટયા શ્રીવલ્લભરાય; (૨)
સુરિનર મુનિજન હરખીયા, હરખ્યો વ્રજ સહુ સાથ. (૨) વૈશાખ. ૧
દેવનાં દુંદુભિ વાગીયાં, ગાજીયાં ભેરી મૃદંગ; (૨)
અપ્સરા નૃત્ય કરે ઘણું, ગાન તે ગાંધર્વ સંગ. (૨) વૈશાખ. ૨
નિજ સ્વરૂપે પધારીયા, ચંપારણ્ય મોઝાર; (૨)
સિંહાસને પધરાવીયા, કીધો અનમંડલાકાર. (૨) વૈશાખ. ૩
તાત નિરખી વિસ્મય થયા, મંડલ મધ્ય સ્વરૂપ; (૨)
મુખપર રવિ શશિ વારણે, શોભા અતિશય અનુપ. (૨) વૈશાખ. ૪
લક્ષ્મણભટ્ટજી વિમાસીને, ઓળખ્યા પુનમચંદ; (૨)
પુત્રભાવે ફુલરાવીયા, ઉછંગે ગોવિંદ. (૨) વૈશાખ. ૫
ભજની સાંઝે ગ્રહ પ્રકટયા બીજી તે વાર; (૨)

લોક પ્રસિદ્ધ જણાવીયું, આવ્યા ગર્ભવાસ. (૨) વૈશાખ. ૬
મંડલ દર્શનમાત્રથી, ઉદ્ધાર્યા જીવ અનેક, (૨)
શ્રીવલ્લભ નામ ધરાવીને, રાખ્યો સર્વેનો ટેક. (૨) વૈશાખ. ૭
પાર ન પામું લીલા તણો, રચના એ કયમ કહેવાય; (૨)
હરિદાસ શોભા નિરખીને, પ્રેમ મુદિત ગુણ ગાય. (૨) વૈશાખ. ૮

ધોળ ૩૭ મું.

ઠકરાણી ઘાટ રળીયામણોરે, છોકર લહેકે બહારરે.
મારૂં શ્રીગોકુલ રળીયામણું રે. ટેક.
શ્રીવલ્લભ બિરાજતારે, શ્રીવિઠ્ઠલનાથજીના તાતરે. મારૂં શ્રીગોકુલ. ૧
ગુણવંતા શ્રીગોપીનાથજીરે, અગ્નિનો અવતારરે, મારૂં શ્રીગોકુલ. ૨
ગુણનિધિ શ્રીવિઠ્ઠલનાથજીરે, શ્રીકૃષ્ણ તણો અવતારરે. મા. ૩
શ્રીગિરિધર ગોવિંદરાયજીરે, શ્રીભામની, રાણીજીના કંથરે. મા. ૪
બલવંત શ્રીબાલકૃષ્ણજીરે, શ્રીકમલાવતી વહુજીના કંથરે. મા. ૫
ગુણનિધિ શ્રીગોકુલનાથજીરે, શ્રીપાર્વતી વહુજીના કંથરે. મા. ૬
યવનને જીતી વળ્યારે, રાખ્યો માલાનો ધર્મરે. મા. ૭
શ્રીરઘુપતિ, જદુપતિ જન્મ્યારે, શ્રીજાનકી મહરાણીજીના કંથરે. મા. ૮
ગુણવંત શ્રીઘનસ્યામજીરે, શ્રીકૃષ્ણાવતી વહુજીના કંથરે. મા. ૯
શ્રીલક્ષ્મીને સત્યભામા બેઉરે, અગ્નિજને અનુહારરે. મા. ૧૦
શ્રીનવનીતપ્રિયાજીને રીઝવ્યારે, સેવા કરે સુખસારરે. મા. ૧૧
શોભા યમુના, કમલા, દેવકીરે, શ્રીકમલા બેટીજીના તાતરે. મા. ૧૨
શ્રીગોકુલથી શ્રીજી આવતારે, ચઢતાં શ્રીગોવર્દ્ધન નાથરે. મા. ૧૩
શૃંગાર ધરીને દર્પણ ધરેરે, શ્રીમદનમોહન સુખકારરે. મા. ૧૪
ભોગ ધરાવે શ્રીજીને ભાવતારે, શ્રીજમુના જળઝારી હાથરે. મા. ૧૫

આરતિ ઉતારી દંડવત્ કરેરે, માલા ધરે વ્રજરાજરે. મા. ૧૬
પાટ અનુસર ત્યાં થયારે નમી નમી દંડવત્ થાયરે. મા. ૧૭
શ્રીગોવર્દ્ધનથી શ્રીજી ઉતરેરે, સાતે કુંવરની છે જોડરે. મા. ૧૮
બંસી તે બટના ચોકમાંરે, વહાલે કર્યો વેણુનાદરે. મા. ૧૯
શ્રીવૃંદાવનની કુંજમાંરે, રાધા રમે સુખરાશરે. મા. ૨૦
રમશું રાધાજીના રાસમાંરે, તાલી શ્રીગિરિધર હાથરે. મા. ૨૧

ધોળ ૩૮ મું.

શ્રીવલ્લભ વર ઘેર આવીઆ આજ સખી, શ્રીવલ્લભ વર ઘેર આવીયા,
દૈવીજીવનાં ભાગ્ય વિસ્તારીયાં, પોતે તે પ્રકટ પધારીયા. આજસખી. ૧
કેસરી તે ધોતીને કેસરી ઉપરણા, કુમકુમને પગલેપધારી. આજ સખી. ૨
પુરુષોત્તમ પ્રભુકી છબી નિરખત, ચરણકમલ શિરનામીયા.આજ સ. ૩

ધોળ ૩૯ મું.

શ્રીલક્ષ્મણભટ્ટજીના નંદરે, સમરૂં શ્રીવલ્લભને;
શ્રીએલંમાગારૂજીના લાલરે, સમરૂં શ્રીવલ્લભને;
શ્રીતૈલંગકુલ દ્વિજ નાયકરે, સમરૂં શ્રીવલ્લભને;
સાખી—શ્રીવલ્લભ વિઠ્ઠલને નમું, શ્રીગુરુને લાગું પાય;
કરજોડી કરૂં વિનતિ, દયા કરો શ્રીયમુનાયરે. સમરૂં. ૧
સાખી-ભૂતલદ્વિજ વપુધરી કે, શરણે લીધા નિજદાસ;
બ્રહ્મસંબંધ કરાવીને, ઉદ્ધાર્યા જીવ અપારરે. સમરૂં. ૨
સાખી—શ્રીમદ્‌વિઠ્ઠલનાથજી, શ્રીગોપીનાથ સોહાય;
ચરણકમલની રજ થકી, મહાપતિત પાવન થાયરે. સમરૂં. ૩
સાખી—શ્રીમદ્‌વિઠ્ઠલનાથના, સાતે લાલ સોહાય;
દર્શન કરતા માર્ગમાં, નસાડે અઘ અજ્ઞાનરે. સમરૂં. ૪

સાખી–શ્રીગિરધર ગોવિંદજી, શ્રીબાલકૃષ્ણ રસરંગ;
શ્રીગોકુલપતિ અતિ ગુણનિધિ, જેણે રાખ્યો માલાનો પ્રસંગરે. ૫
સાખી–શ્રીરઘુપતિ જદુપતિ જોઇને, મન મારૂં હરખાય;
શ્રીઘનસ્યામ સ્વરૂપની લીલા વરણી ન જાયરે. સમરૂં. ૬
સાખી–સાતે સ્વરૂપ સોહામણાં, લીલા અપરમપાર;
દાસ ઉપર દયા કરી, આપો ચરણકમલમાં વાસરે. સમરૂ. ૭

પદ ૪૦ મું.

ભજ શ્રીવલ્લભઃ શરણં મમ;
કર કરુણા ભૂતલમેં પ્રકટે, દૈવી કાજ શરણં મમ; ૧
આજ્ઞા દઇ દયા કરીકે પ્રભુ, તુમ બિન બને નહિ કાજ;
વૈશાખ વદિ એકાદશી દિન, આયે આપ શરણં મમ; ૨
તીન બેર પૃથ્વી પરિક્રમા, સ્થાવર જંગમ કાજ;
માયાવાદકો કર ખંડન, સ્થાપી ભકિત શરણં મમ. ૩
અષ્ટાક્ષર પંચાક્ષર દેકે, કીને ભક્ત સનાથ;
દેવદમનકે સાન્નિધ સોંપે, હાથોહાથ શરણંમમ; ૪
પરમ અનુગ્રહ કરકે આયે, સેવા સકલ સમાજ;
તાદસીસો ખુઝ હીલ મીલકે, પ્રસાદ કાજ શરણંમમ. ૫
અન્યાશ્રયકો લેશ જીન કરો, પુષ્ટિપ્રયોગ દિનરાત;
વૃથા કાલ જીન જાન દેહો, તુમ કાલ ઘાત શરણં મમ; ૬
કથાશ્રવણ કીર્તન મુખતે કહો, યા સમાન નહિ ઓર;
મુખ શિશ ચરન ધર સેવે, નહિ ઠોર શરણં મમ. ૭

પ્રકરણ ૭ મું.

શ્રીગુસાંઇજીની વધાઇ તથા ધોળ.

રાગ દેવગંધાર. પદ ૧ લું.

ઓહોરી કૃષ્ણ શ્રીગોકુલ પ્રકટે, શ્રીવિઠ્ઠલનાથ હમારે.
દ્વાપર વસુધાભાર હર્યો હરિ, કલિયુગ જીવ ઉદ્ધારે. ૧
તબ વસુદેવગૃહ પ્રકટ હોયકે, કંસાદિક રિપુ મારે;
અબ શ્રીવલ્લભગૃહ પ્રકટ હોયકેં, માયાવાદ નિવારે. ૨
એસો કવિકો હે જગ મહિયાં, વરણે ગુણજો તિહારે;
માણેકચંદ પ્રભુકો શિવ ખોજત વેદ પુકારે. ૩

પદ ૨ જું.

ચહુ જુગ વેદવચન પ્રતિપાર્યો.
ધર્મગ્લાનિ ભયો જબહી જબ, તબતબ તુમ વપુ ધાર્યો. ૧
સત્યયુગ સેત વારાહરૂપ ધર, હિરણ્યાક્ષ ઉર ફાર્યો;
ત્રેતા રામરૂપ દશરથગૃહ, રાવણ કુલ સંધાર્યો. ૨
દ્વાપર વ્રજ ખુકુલ તેં રાખ્યો, સુરપતિ માન ઘટાયો;

કંસાદિક દાનવ સબ મારે, વસુધાભાર ઉતાર્યો. ૩
કલિયુગ શ્રીવલ્લભગૃહ પ્રકટે, માયાવાદ નિવાર્યો;
માણિકચંદ પ્રભુ શ્રીવિઠ્ઠલ, પુરુષોત્તમરૂપ નિહાર્યો. ૪

પદ ૩ જું.

અબકેં દ્વિજવર વ્હે સુખદીનોં.
તબકેં યશોદાનંદન, વ્હે હરિ આનંદ કીનોં. ૧
તબ કીનો ગોપાલરૂપ અબ, વેદસ્મૃતિ દઢ કીનોં;
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ, ભક્તિ સુધારસભીનોં. ૨

રાગ રામકલી. પદ ૪ થું.

સુનોંરી આજ નવલ બધાયો હે,
શ્રીવલ્લભગૃહ પ્રકટ ભયે, પુરુષોત્તમ જાયો હે. ૧
નયનનકો ફલ લેઉ સખી, ભયો મનકો ભાયો હે;
ગિરિધરલાલ ફેર પ્રગટે હેં, ભાગ્યનેં પાયો હે. ૨
મણિમાલા વંદન માલા દ્વાર દ્વાર બંધાયો હે;
શ્રીગોકુલમેં ઘરન ઘરન, પ્રતિ આનંદ છાયો હે. ૩
દ્વિજકુલચંદ્ર ઉદિત સબ વિશ્વકો, તિમિર નસાયો હે;
ભક્ત ચકોર મગન આનંદિત, હીયો સિરાયો હે. ૪
મહારાજ શ્રીવલ્લભજી, દાન દેત મન ભાયો હે;
જો જાકે મન હુતી કામના, સો તિન પાયો હે. ૫
જાકે ભાગ્ય ફલે યા કલિમેં, તિન દરશન પાયો હે;
કર કરુણા શ્રીગોકુલ પ્રગટે, સુખ દાન દિવાયો હે. ૬
મર્યાદા પુષ્ટિપથ સ્થાપનકોં આપહે આયો હેં;
અબ આનંદ વધાયો હેરી, દુઃખ દૂર વહાયો હે. ૭

રાણી ધન્ય ધન્ય ભાગ્ય, સુહાગ ભરીજીન ગોદ ખિલાયો હે;
રસિક ભાગી તે પ્રગટ ભયે, આનંદ દરસાયો હે. ૮

રાગ બિલાવલ. પદ ૫ મું.

સુખદ સ્વરૂપ શ્રીવિઠ્ઠલેશરાય.
વેદ વદત પૂરણ પુરુષોત્તમ, શ્રીવલ્લભગૃહ પ્રગટે આય. ૧
લટપટી પાઘ મહારસ ભીને, અતિસુંદરવર સહજ સુભાય;
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ,અગણિત મહિમ વરણિ ન જાય.૨

પદ ૭ મું.

શ્રીવલ્લભરાજકુમાર જે જે શ્રી.
જેજે શ્રીગિરિધર શ્રીગોવિંદ, શ્રીબાલકૃષ્ણ રસાલ. ૧
શ્રીગોકુલપતિ રઘુપતિ જદુપતિ, શોભિત શ્રીઘનશ્યામ;
કરુણામય કલ્યાણરાય પ્રભુ, ભકતન પૂરન કામ. ૨
મુરલીધર આદિ સબ બાલક, યહ સબ બ્રહ્મસમાન;
સગુણદાસ યા ઘરકો સેવક, ગાવત વેદ પુરાન.

રાગ આશાવરી. પદ ૮ મું.

પૌષકૃષ્ણ નવમીકો શુભ દિન, પૂત અંકાજૂ જાયો હો.
સુન સુન નિજ જન સબ આનંદે, હરખત કરત વધાયે હો. ૧
નારદાદિ બ્રહ્માદિક હરખે, શુક મુનિ અતિ સચુ પાયે હો;
શ્રીભાગવત વિવેચન કરકેં, ગૂઢ અર્થ પ્રગટાયે હો. ૨
કલિકે જીવ ઉદ્ધારણ કારણ, દ્વિજવપુધર ભુવ આયે હો;
અતિ ઉદાર શ્રીલક્ષ્મણનંદન, દેતદાન મન ભાયે હો. ૩
કરત વેદ ધ્વનિ વિપ્ર મહામુનિ, જ્ઞાતિ કર્મ કરવાયે હો;
માણિકચંદ શ્રીવિઠ્ઠલપ્રભુકે, વિમલ વિમલ જશ ગાયે હો. ૪

પદ ૯ મું.

શ્રીમદ્વલ્લભકે ઘર પ્રભુ જો, ફિર અવતાર ન ધરતે હો. ૧
તો હમસરિખે મૂઢ પતિત જન, કહો કેસે નિસ્તરતે હો;
બિન પાયે વ્રજપતિપદપંકજ, કહાકી સેવા કરતે હો;
શ્રીગિરિધરન રાધિકા વર બિના, રસના કહા ઉચ્ચરતે હો. ૨
શિવ સુરેશ દિન મણિ ગણેશકે, હોય કનોંડે ડરતે હો;
અતિ આતુર પુન અર્ક તુલસે, સબનકે પાયન પરતે હો. ૩
જબ હમ હું લોગનકી નાંઇ, ઘર ઘર ભટકત ફિરતે હો;
કર્મયોગ પુન જ્ઞાન ઉપાસન, ઇનહિમેં પચિ મરતે હો. ૪
કહા ભયો નિજ બિરદ જાનકે, પતિત જાન ઉદ્ધરતે હો;
રુચિરરૂપ બલ **દાસનારાયણ**, ત્રિપિત નયન કયોં ઠરતે હો. ૫

રાગ ધનાશ્રી પદ ૧૦ મું.

દાન દેનકોં શ્રીવલ્લભ પ્રભુ, ઓલ ઓલ સબહિનકો લેત,
મણિ માણિક ગહનોં પટ ભૂષણ, મનવાંછિત ફલ સબહિન દેત. ૧
બહોર્યો ગોકુલદ્વિજ વપુ ધાર્યો, પ્રગટ ભયે નિજજનકે હેત;
દાસ ગોપાલ આજતે સબ વ્રજ, પ્રેમકે પુંજકો બાંધ્યો સેત. ૨

રાગ સારંગ. પદ ૧૧ મું.

શ્રીલક્ષ્મણસુતકેં સુત જાગો, મંગલ ચાર બધાઇ બાજત;
દુંદુભિ ભેરિ ઢોલ સહનાઇ, વીણા વેણું મધુર અતિ રાજત. ૧
યહ સુન દેવ કુસુમ બરખાવત, વ્યોમવિમાન ભીર ભઇ છાજત;
જયજય શબ્દ હોત પુર વીથન, માનોં સિંહ ગુંજારત ગાજત. ૨
થાપે દેત દ્વારદ્વારન પ્રતિ, કેસર હરદ દુધ દધિ રાજત;
શ્રીવિઠ્ઠલકો જન્મ ભયો સુન, દુઃખ સંતાપ દૂર ભય ભાજત. ૩

પદ ૧૨ મું

જે વસુદેવ કિયે પૂરણ તપ, સો ફલ ફલિત શ્રીવલ્લભ દેહ;
જે ગોપાલ હુતે ગોકુલમેં, તે અબ આ વસે કર ગેહ. ૧
જે વે ગોપ વધુહી વ્રજમેં, સો અબ વેદઋચા ભઇ હે;
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ, તેઇ એઇ એઇ તેઇ કછૂ ન સંદેહ. ૨

પદ ૧૩ મું.

પૌષ નિર્દોષ સુખ સુંદર માસ, કૃષ્ણ નૌમી સુભગ નવ ધરિ દિન આજ;
શ્રીવલ્લભ સદન પ્રગટ ગિરિવરધરન,ચારુ વિધુવદન છબિ શ્રીયવિઠ્ઠલરાજ ૧
બીર માગધ ભઇ પઢત મુનિજન વેદ, ગ્વાલ ગાવત નવલ વસન ભૂષણસાજ;
હરદ કેસર દહીં કીચકો પાર નહી, માનો સરિતા વહી નીર નિર્જર વાજ. ૨
ઘોષ આનંદ ત્રિય વૃંદ મંગલ ગાવે, બજત નિઘોષ રસ પુંજ કલમૃદ ગાજ;
(વિષ્ણુદાસશ્રીહરિ પ્રગટ દ્વિજરૂપ ધર,નિગમ પથ દઢથાય ભક્ત પોષણ કાજ ૩

પદ ૧૪ મું.

ગોવલ્લભ ગોવર્દ્ધનવલ્લભ. શ્રીવલ્લભ ગુણ ગણે ન જાઇ;
ભૂવકી રેણુ તરૈયા નભકી, ઘનકી બુંદે પરત લખાઇ. ૧
જીવકે ચરણકમલરજ વંદિત, સંતત હોત સદા ચિત્ત ચાઇ;
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ, નંદનંદનકી સબપર છાંઇ. ૨

પદ ૧૫ મું.

ગાયનસોં રતિ ગોકુલસોં રતિ, ગોવર્દ્ધનસોં પ્રીતિ નિવાહી.
શ્રીગોપાલ ચરણ સેવારતિ, ગોપસખા સબ અમિત અથાઇ. ૧
ગોવાણી જો વેદકી કહિયત, શ્રીભાગવત ભલે વખાણી;
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ, નંદનંદકી સબપર છાંહા. ૨

પદ ૧૬ મું.

શ્રીવલ્લભનંદન રૂપ અનૂપ, સ્વરૂપ કહ્યો ન જાઇ.
પ્રકટ પરમાનંદ ગોકુલ બસતહેં, સબ જગતકે સુખદાઇ. ૧
ભક્તિ મુક્તિ દેત સબનકોં, નિજજનકોં કૃપા પ્રેમ બરખત અધિકાઇ;
સુખમેં સુખરૂપ સુખદ એક રસના, કહાલોં વરનોં ગોવિંદ બલજાઈ. ૨

પદ ૧૭ મું.

શ્રીવિઠ્ઠલેશ ચરણકમલપાવન ત્રૈલોક કરણ,
દરસપરસ સુંદરવર વારવાર વંદે.
સમરથ ગિરિરાજધરણ લીલા નિજ પ્રગટ કરણ,
સંતન હિત માનુષતનું વૃંદાવન ચંદે. ૧
ચરણોદક લેત પ્રેત તત્ક્ષણતે મુક્ત ભયે,
કરુણામય નાથ સદા આનંદનિધિ કંદે;
વારને **ભગવાનદાસ** વિહરત સદા રસિક રાય,
યજ જય યશ બોલ બોલ ગાવત શ્રુતિ છંદે. ૨

પદ ૧૮ મું.

કેસરકી ધોતી કટિ કેસરી ઉપરેનાં ઓઢેં,
તિલક મુદ્રા ધરેં ઠાડે મંદિર ગિરિધરકેં.
દોઉ જનકી પ્રીતિ કછુ કાહૂહેં ન કહી જાત,
ઉત નંદનંદન ઇત વલ્લભ વરકેં. ૧
કરકેં શૃંગાર આજ લાડિલે ગોપાલ જૂકો,
લેતહેં બલાય વારવાર દોઉ કરકેં;
બેઉ મુસિકાત જાત ફુલે ન સમાત ગાત,
કહે [illegible] મેં નિહારે દગ બરકે ૨

પદ ૧૯ મું.

જયતિ રૂકમણિનાથ પદ્માવતી પ્રાણપતિ, વિપ્રકુલ છત્ર આનંદકારી.
દીપ વલ્લભવંશ જગત નિસ્તમ કરન, કોટિ ઉડુરાજ સમ તાપ હારી. ૨
જયતિ ભકતજન પતિ પતિત પાવન કરન, કામી જન કામના પૂરણચારી.
મુક્તિકાંક્ષીયજન ભક્તિદાયક પ્રભુ, સકલ સામર્થ્ય ગુણ ગણનભારી. ૨
જયતિ સકલતીરથ ફલિત નામ સ્મરણ માત્ર, વાસ વ્રજ નિત્ય ગોકુલ વિહારી;
નંદદાસનિનાથ પિતા ગિરિધર આદિ, પ્રકટ અવતાર ગિરિરાજધારી. ૩

પદ ૨૦ મું

શ્રીગોકુલ યુગયુગ રાજ કરો.
યહ સુખ ભજન પ્રતાપ તેજતેં, છિન ઇત ઉત ન ટરો. ૧
પાવનરૂપ દિખાય મહાપ્રભુ, પતિતન પાપ હરો;
વિશ્વ વિદિત દીની ગતિ પ્રેતન, ક્યોં ન જગત ઉદ્ધરો. ૨
શ્રીવલ્લભકુલકમલ અમલ રવિ, યશ મકરંદ ભરો;
નંદદાસ પ્રભુ ષડગુણ સંપન્ન, શ્રીવિઠ્ઠલેશ વરો. ૩

પદ ૨૧ મું.

વિહરત સાતોં રૂપ ધરેં.
સદા પ્રકટ શ્રીવલ્લભનંદન, દ્વિજકુલ ભકિત વરે. ૧
શ્રીગિરિધર રાજાધિરાજ, વ્રજરાજ ઉદ્યોત કરેં;
શ્રીગોવિંદ ઇંદુ જગકિરનન, સિંચત સુધા અધરેં ૨
શ્રીબાલકૃષ્ણ લોચન વિશાલ, દેખી મન્મથ કોટિ ડરેં;
ગુણ લાવણ્ય દયાલ કરુણાનિધિ, શ્રીગોકુલનાથ ભરેં ૩
શ્રીરઘુપતિ યદુપતિ ઘનસાંવલ, મુનિજન ચરણ પરેં;
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ, જિહિં ભજ અખિલ તરેં. ૪

રાગ નટ પદ ૨૨ મું.

શ્રીવિઠ્ઠલનાથ અનાથકે તારણ,
શ્રીવલ્લભગૃહ પ્રકટ રૂપ યહ, ધર્યો ભકત હિત કારણ. ૧
દીનબંધુ કૃપાસિંધુ સહજહી, જગત ભકિત વિસ્તારણ;
દાસ ચતુર્ભુજ પ્રભુકે નિજમત, ચલત લાલ ગિરિધરણ. ૨

પદ ૨૩ મું.

જોપેં શ્રીવિઠ્ઠલ રૂપ ન ધરત,
તો કૈસેં યા ઘોર કલિયુગ કે, મહાપતિત નિસ્તરતે. ૧
સેવા રીતિ પ્રીતિ વ્રજજનકી, શ્રીમુખ તે વિસ્તરતે;
શ્રીવિઠ્ઠલનામ અમૃત જિન લીનોં, રસના સરસ સુફલતે. ૨
કીર્તિ વિશદ સુનિ જિન શ્રવણન, વિષયવિષ પરહરને;
ગોવિંદ બલ દરશન જિયો, ઉમગ ઉમગ રસ ભરતે, ૩

પદ ૨૪ મું.

હમતો શ્રીવિઠ્ઠલનાથ ઉપાસી.
સદા સેવું શ્રીવલ્લભનંદન, કહા કરૂં જાય કાશી. ૧
ઇનહી છાંડ જો ઔર ધાવે, સો કહીયે અસુરાસી;
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ, બાની નિગમ પ્રકાશી. ૨

રાગ ગોરી પદ ૨૫ મું.

હોં ચરણાર પત્રકી છૈયાં.
કૃપાસિંધુ શ્રીવલ્લભનંદન, વસો જાત ગહિ બહિયાં ૧
નવનખ ચંદ્ર શરદ મંડલ છબિ, હરત તાપ સ્મરત મનમહિયાં
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ, સુયશ વખાન સકલ શ્રુતિ નહિયાં. ૨

પદ ૨૬ મું.

જયતિ નાથ વિઠ્ઠલ નવલ ચારુ લોચન કમલ,
અમલ રસ તાહિકોં સર્વ વ્યાપી.
જીત મયાવાદ દશોં દિશ વિધ્વંસ કર,
લાલ ગિરિધરન દ્રઢ ભક્તિ સ્થાપી. ૧

જયતિ શુકવચન શ્રુતિવચન તાહિકો સાર,
ભજન વિસ્તાર કર કૃષ્ણ જાપી;
અભય દીનોં લેખ હરિદાસ વર્ય ભેખ,
કૃષ્ણદાસ પંચવર્ણ છાપ છાપી.

રાગ કલ્યાણ. પદ ૨૭ મું.

શ્રીવલ્લભલાલકે ગુણ ગાઉં.
માધુરી માધુરી મૂર્તિ દેખેં આનંદસદન મદનમોહન, નયન ચેન પાઉં. ૨

શ્રીવલ્લનંદન જગતઅંદન શીતલ ચંદન તાપહરણ,
યેહી મહાપ્રભુ ઇષ્ટ ચરણન ચિત્ત લાઉં;
છીતસ્વામી મન વચ કર્મ પરમ ધર્મ યેહી મેરે, વલ્લભ લાડિલો લડાઉં ૨.

પદ ૨૮ મું

ગયે પાપ તાપ દૂર દેખત દરસપરસ ચરણ.
હોં તો એક પતિત તિહારો, પતિતપાવન બિરદ હૈ તુમ, જગતકે ઉદ્ધરણ ૧

સ્તુતિ શેષ કર ન સકેં, સકલ કલાગુણ નિધાન,
જાનતહોં તિહારી સબ વિધિ અનુસરણ;
છીતસ્વામી ગિરિવરધર તેસેહ શ્રીવિઠ્ઠલેશ,
હોંતો તિહારી જન્મ જન્મ શરણ.

રાગ કાન્હરો. પદ ૨૯ મું.

શ્રીવિઠ્ઠલપ્રભુ જગત ઉદ્ધારણ, દેખો ભૂતલ આયેરી.
નખશિખ સુંદર કહા કહું, કોટિક કામ લજાયે. ૧
અનેક જીવ કિયે જો કૃતાર્થ, શ્રવણ સુનત ઉઠ ધાયે;
શરણમંત્ર શ્રવણ સુનાઈકિં પુરુષોતમ કર ગૃહ આયે. ૨
શેષ સહસ્ર મુખ નિશદિન ગાવે, તેઉ પારન પાયેરી;
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ, પ્રેમ પતિત સબ ધાયેરી. ૩

પદ ૩૦ મું.

આજ ધન્ય ભાગ્ય હમારે, પ્રકટે શ્રીવિઠ્ઠલનાથ.
દર્શન માત્ર તાપ તનકે ગયે, ભવસાગર તેં તારે. ૧
શામલ અંગ પૂરણ વદન ચંદ, દેખિયત જગ ઉજિયારે,
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ, વલ્લભરાજ લલારે. ૨

રાગ નાયકી. પદ ૩૧ મું.

સુઘર સહેલી મિલ આવો ગાવો મંગલ ગીત.
પુત્ર ભયો શ્રીવલ્લભપ્રભુકે, જો ચાખત નવનીત.
આંગન મોતીન ચોક પુરાવો, ચીતો ભીંત પછીત;
સાંધે કુંકુમ ઉબટ ન્હવાવો, પહરાવો પટપીત,
પૌષ અસિત નૌમીકો શુભ દિન, લગે સરસ જહાં સીત;
શ્રીવિઠ્ઠલ ગિરિધારી કૃપાનિધિ, વાજે વધાવો જીત. ૩

ધોળ ૩૨ મું.

શ્રીવલ્લભ ઘેર આજ વધામણાંરે, મલિયો રસિક વૈષ્ણવનો સાથ;
પોષમાસ વદ નોમે શ્રીનાથજીરે, ભૂતલ પ્રકટયા શ્રીવિઠ્ઠલનાથ. ૧
મદનભેરિ સરણાઈઓ ને દુંદુભિરે, વીણા તાલ મૃદંગ ઉપંગ;

શ્રીમંડલ સારંગી ને ખંજરીરે, વાજે પંચ શબ્દ દરબાર. ૨
નભ નિશાન બજાવે શૂર સુરીરે, હરખ્યા વરખે કુસમ સુદેશ;
નાચે નટ દેશીગત્ય ભેદસુંરે, ગાંધર્વ ઉલટિત સંગીત રસાલ. ૩
ષોડશ વર્ષની સકલ વ્રજસુંદરીરે, નવસત અંગ સજ્યા શણુગાર;
નવરંગ લેહેંગા ચોલીને ચુંદડીરે, પાયે નૂપુરનો ઝણુકાર. ૪
કટિ કેસરિને સોહે કિંકિણિરે, કંકણુ ચુડી ખલકે પાણુ,
દાડમ દંત ચિબુક મધ્ય બિંદૂકારે કોકનિપુણુ ગુણુ ચતુર સુજાણુ. ૫
સુર વનિતા સમોવડ આવે નહિરે, મૃગમદ અધર પ્રવાલ સુરંગ:
લોચન અંજન રંજીત રસ ભર્યોરે, વારૂ ખંજન મીનકો રંગ ૬
નકવેસર મુક્તામણિ ફરહરેરે. કુંકુંમ રંજીત તિલક સુભાલ;
કનકકલશ કેસર રસ ભર્યારે, શ્રવણુ જડિત મણિ કંચન ઝાલ. ૭
કુચ જુગ મે સંગીત બીચ સુરસુરીરે, સુખદ જલ જમુના કંચન માલ;
કુમોદ વિમાન ચઢીને જાણે આવીયારે, કરપર સોહે વનિતા વૃંદ, ૮
કંચન થાલ ભરી ગજમોતીયેરે, પ્રેમ વિવશ ફુલ્યાં અંગો અંગ;
ચાલે મદ ગજ હંસ સોહામણીરે, ઉડુગણુ આવત પૂરણુ ચંદ. ૯
ગાતા મંગલ ધોલ સોહામણાંરે, આવ્યાં શ્રીઅંકાંજીને પાસ;
સકલ મનોરથ આજ સફલ થયારે, નિજ જન વાધ્યો મન હુલાસ. ૧૦
તિલક કરે ને વધાવે પ્રેમશું રે, આરતિ ઉતારે વ્રજની નાર;
તનમન [illegible]ણુ કરે બલિહારનેરે, મુખ જોઇ સુંદરવર સુકુમાર. ૧૧
ચોવા ચંદન કેસર છાંટણાંરે, મંડપ બાંધ્યો વિવિધ વિતાન;
ધ્વજા પતાકા તોરણુ બારણેરે મુનિ જન કરે વેદ ધુનિ ગાન. ૧૨
જોતિષ નિપુણુ ગર્ગમુનિ આવીયારે, જન્મપત્રિકામાં લખ્યોરે વિચાર;
સાત પુત્ર એ પ્રભુ ઘર પ્રકટશેરે તેનો થાશે બહુ વિસ્તાર. ૧૩

કલિના જીવ અનેક ઉદ્ધારશેરે, દશેદિશ થાશે જશ વિસ્તાર;
કેવલ દૈવી જીવ ઉદ્ધારવારે, ભૂતલ પ્રકટયા શ્રીકૃષ્ણ અવતાર.　૧૪
બંદી માગધ ભાટ જાચક મળ્યારે, આપે શ્રીવલ્લભરાજ ઉદાર;
મનવાંછિત પટ ભૂષણ ધન બહુરે, ગાવે ગુણીજન કરે ઉચ્ચાર.　૧૫
ગુણ ગાયે શ્રીવલ્લભનાથનારે દ્વારે ઉભા દીએ આશિષ;
સાંભળીને જાચક આવ્યા સર્વે દેશનારે, પ્રકટ્યા પૂર્ણ બ્રહ્મ જગદીશ. ૧૬
શ્રીગિરિધરણ શ્રીવિઠ્ઠલનાથશુંરે, જે જન જાણે મનનો ભેદ;
તે ખળ અસુર કહીએ તેની ગતિ નહિરે, કહે પુરાણ પુકારે વેદ. ૧૭
પ્રભુજી મહારી મતપત રાખજોરે, જ્યાં લગી પ્રાણ રહે આ દેહ;
શ્રીવિઠ્ઠલનાથ સદા ચિત્તમાં વસોરે, નિત્ય પ્રતિ ક્ષણ ક્ષણ અધિક સ્નેહ. ૧૮
ધર્મ વિમુખ બહુ આ કલિકાલમાંરે, કલ્પિત કરે મહાપાખંડ;
તેનો સંગદોષ લાગે નહિરે, માગું અવિચળ ભક્તિ અખંડ.　૧૯
શ્રીવિઠ્ઠલનાથ સદા મનમાં વસોરે, વૈષ્ણવપદરજ **વલ્લભદાસ;**
કરો કૃપા હું કરૂં વિનતિરે, જુગ જુગ દેજો વ્રજમાં વાસ.　૨૦

ધોળ ૩૩ મું.

પોષ નોમે શ્રીવિઠ્ઠલનાથજી, હાંરે વહાલો પ્રકટ્યા શ્રીવલ્લભદ્વારજો;
એમને જોવાને થઇ વ્યાકુલી, હાંરે વહાલે કીધી સેવકની સારજો. ૧
પ્રથમ શ્રીનંદઘેર પ્રકટીયા, હાંરે વહાલે પૂર્યા શ્રીજસોદાજીના કોડજો;
રમતાં સખા સહુ સાથમાં, હાંરે વહાલો હરિહલધરજીની જોડજો. ૨
હવે વલ્લભસુત એ થયા, હાંરે વહાલો શ્રીગોપીનાથજીના ભ્રાતજો;
ગોદમાં લેઇને ફુલરાવતા હાંરે ધન્ય ધન્ય શ્રીઅંકાજી માતજો.　૩
એહનાં સુખ કોઇ કહી નવ શકે, હાંરે ધન્ય ધન્ય શ્રીયમુનાજીની રેતજો ૪
જ્યાં વહાલો ધેનુ ચરાવતા, હાંરે વહાલે કીધો છે રાસવિલાસજો;

વેણુ વગાડી વૃંદાવનમાં, હાંરે વહાલે પૂરી વ્રજસુંદરીની આશજો. ૫
રાસબિહારી વ્રજવલ્લભા, હાંરે મને આપો શ્રીવ્રજમાં વાસજો;
કરજોડીને કરૂં વિનતિ, હાંરે વહાલા શોભા જુએ છે હરિદાસજો. ૬

ધોળ ૩૪ મું.

આવોને પરમ સોહાસણી, મળી મંગલ ગાઇએ:
આજ આનંદ મ્હારે અતિ ઘણા, સર્વે વાજીત્ર વાઇએ. ૧
પ્રકટયા શ્રીવિઠ્ઠલનાથજી, જન્મનો છે દહાડો;
મોતી તે કેરા સાથીયા, મંદિર માંહે કહાડો. ૨
મણિમુક્તાફલ કેરડો, વચ્ચે ચોક પુરાવો;
શ્રીવલ્લભજી દાન આપે ઘણાં, કહેતાં ન આવે પાર. ૩
ભાટ યાચકો મળી ઘણાં બોલે જયજયકાર;
ભગવદીય મન આનંદ ઘણો, ફુલ્યાં અંગ ન સમાય. ૪
માધવદાસના પ્રભુના, યશ સહુ કોઇ ગાય;

ધોળ ૩૫ મું.

આજ સૈયરરે વધામણાં, વ્રજ વાગ્યાં નિશાન;
પ્રકટયા શ્રીવિઠ્ઠલનાથજી, થયાં કોટિ કલ્યાણ. ૧
ચાલની ચાલ ઉતાવળી, લાલને જોવાને જઇએ,
તન તલપે મન ભેગીને, આપણે આનંદ લઇએ. ૨
અમીરે ભરી હરિની આંખડી, નેણાં છે રે રસાલ;
ચરિત્ર કરે મન ભાવતાં, પારણે પોઢાડયા દયાલ. ૩
એ તો નિંદ્રા નહી કરે, સેવાના છે રસીયા;
માધવદાસના પ્રભુજી, મ્હારે મન વસીયા.

ધોળ ૩૬ મું.

પ્રથમ સ્મરૂં શ્રીવલ્લભનો પરિવારરે વહાલાજી,
કાંઇ તમથકી ઉતરવું મારે પાર મારા વહાલાજી. ૧
પ્રથમ પડવે શ્રીગોવર્ધન ગિરિધારીરે વહાલાજી,
જીરે તમ દીઠે સુખ થાય હ્રદેમાં ભારી મારા વહાલાજી. ૨
બીજે શ્રીનવનીતપ્રિયાજીને ગાઉંરે વહાલાજી,
જીરે હરખી નિરખી હર્ષ હૈયામાં લાઉં મારા વહાલાજી. ૩
ત્રીજે શ્રીમથુરાંનાથ છબિલો બિરાજેરે વહાલાજી,
જીરે પૂર્યા મનોરથ પૂર્ણ અમ શિર છાજે મારા વહાલાજી. ૪
ચોથે શ્રીવિઠ્ઠલેશરાય રસિલાને નિરખોરે વહાલાજી,
જીરે જુગલસ્વરૂપ બિરાજે સરખાસરખો મારા વહાલાજી. ૫
પાંચમે શ્રીદ્વારિકાનાથજી કરે રાજ્યધાનીરે વહાલાજી,
જીરે શંખ ચક્ર ગદા પદ્મ ધર્યાં મનમાની મારા વહાલાજી. ૬
છઠે શ્રીગોકુલનાથ ધર્યો ગિરિરાજરે વહાલાજી,
જીરે ઇંદ્રદમન મદ મોડ્યો સરિયાં કાજ મારા વહાલાજી. ૭
સાતમે શ્રીગોકુલચંદ્રમાજી વેણુધારીરે વહાલાજી,
વહાલે કર્યો છે રાસવિલાસ તેડ્યાં વ્રજનારી મારા વહાલાજી. ૮
આઠમે શ્રીમદનમોહનજી ગોરે તન સોહેરે વહાલાજી,
જીરે જુગલ સોહામણા સંગે વ્રજ વધુ મોહે મારા વહાલાજી. ૯
નવમે શ્રીગિરિધરજી છે ગુણના ભંડારરે વહાલાજી,
જીરે શરણે જઇ રહીએ તો ઉતરીએ પાર મારા વહાલાજી. ૧૦
દશમે શ્રીગોવિંદરાય રસિલાને નિરખુંરે વહાલાજી,
વહાલે સેવ્યા શ્રીવિઠ્ઠલેશરાય હૈયામાં હર્ખું મારા વહાલાજી. ૧૧

એકાદશી મેં શ્રીબાલકૃષ્ણજી દિઠારે વહાલાજી,
કાંઇ દર્શન કરતાં લાગો છો ઘણા મીઠા મારા વહાલાજી. ૧૨
દ્વાદશી શ્રીગોકુલનાથજી સુખકારીરે વહાલાજી,
વહાલે રાખ્યો માલાનો ધર્મ તે પરવારી મારા વહાલાજી. ૧૩
ત્રયોદશી શ્રીરઘુનાથજીને ગાઉંરે વહાલાજી,
જીરે જાનકી જીવનનાથ ચરણ ચિત્ત લાઉં. મારા વહાલાજી. ૧૪
ચતુર્દશી શ્રીજદુનાથજી જુગ જાણોરે વહાલાજી,
એને નમે છે મ્હોટા ભૂપ રાય ને રાણા મારા વહાલાજી. ૧૫
પૂનમે શ્રીઘનશ્યામજી રૂપની રાશરે વહાલાજી,
એ શોભા જોઇ બલિ જાયે **માધવદાસ** મારા વહાલાજી. ૧૬

ધોળ ૩૭ મું.

શ્રીગોકુલ ગામને ગોંદરે સાહેલીરે આવી ઝાકઝમાળ,
શ્રીગુસાંઇજી ગોકુલમાં પધારીયા સાહેલીરે. ટેક. ૧
મંડપ છાયા મોત્રરે સાહેલીરે, મોતીના ચોક પુરાય, ૨
તોરણ બાંધ્યાં બારણે સાહેલીરે, કદલિના સ્થંભ રોપાય. ૩
રંગીલી ગલી રળીયામણી સાહેલીરે, ભીતર ભીડ ન માય. ૪
ગુજરાતી આવે મલપતા સાહેલીરે, વૈષ્ણવ સોરઠ દેશ. ૫
ગોકુલ ગામ રળીયામણું સાહેલીરે, જમુનાજી લહેરે જાય. ૬
વૃંદાવન સોહામણું સાહેલીરે, બંસીબટનો ચોક. ૭
માધવદાસ માગે સદા સાહેલીરે, શ્રીગોકુલમાંહી વાસ. ૮

ધોળ ૩૮ મું.

આવો મળો સાહેલડીજી, હૈડે હરખ ન માય;
માંહોમાંહે વધામણાંજી પ્રકટ્યા શ્રીવિઠ્ઠલરાય. ૧

નવસાત આભરણ અંગે સજ્યાંજી, ચાલ્યાં શ્રીવ્રજની નાર;
અતિ આનંદ ઉમંગે ભર્યાંજી, પોહોત્યાં શ્રીવલ્લભદ્વાર. ૨
ધન્ય ધન્ય શ્રીવલ્લભ ધણીજી, ધન્ય શ્રીઅક્કાંજી માત;
શ્રીગોકુલચંદ્ર પ્રકટીયાજી, શ્રીગોપીનાથજીના ભ્રાત. ૩
માગશર માસ સોહામણોજી, સોહામણો નવમીનો દિન;
કૃષ્ણપક્ષે ઉદે હવાજી. શ્રીગોકુલ માંહી રત્ન. ૪
દ્વાપર માંહી ઓળખ્યાજી, હૈડે હતી હામ;
તે પ્રભુજી પધારીયાજી, પૂરવા મનના કામ. ૫
રાત દિવસ સેવે સદાજી, બ્રહ્માદિક મહેશ;
દર્શન માત્ર પામે નહિ જી, સ્વપ્નાંન્તર લવલેશ. ૬
શેષ સહસ્ત્ર મુખ સ્તુતિ કરેજી, નિગમ ન પામે પાર;
તે પ્રભુજી પધારીયાજી ટાળવા ભૂમિનો ભાર. ૭
સેવકને સુખ આપવાજી, અબલાના આધાર;
ઘેર ઘેર ઉત્સવ અતિ ઘણોજી, મોતીના ચોક પૂરાય. ૮
કેસર કુમકુમ છાંટણુાંજી, તોરણ બાંધ્યાં દ્વાર;
દૈવીનાં દુઃખ ટાળવાજી, પ્રકટ્યા બીજી વાર. ૯
વાજીંત્ર વાગે અતિ શોભિતાંજી વીણા તાલ મૃદંગ;
માનિની મંગલ ગાયેજી, હૈયે ધરી ઉમંગ. ૧૦
ગાયેં ગીત સોહામણાંજી, પ્રકટ્યા શ્રીવિઠ્ઠલનાથ;
જ્ઞાન આપે વિવિધ તણાંજી, ઉદાર શ્રીવલ્લભનાથ. ૧૧
તૈલંગતિલક ત્રિભુવન ધણીજી, શ્રીગોકુળપતિ આધાર;
બંદીજન બહુ યશ ભણેજી, ચિરંજીવો રાજકુમાર. ૧૨
શ્રીવલ્લભજીના લાડીલાજી, શ્રીપદ્માવતી વહુજીના કંથ;

ભગવદીય ભાવે ભેટતાજી, એવા અઢલક કરુણાવંત. ૧૩
વદન કમલ અવિલોકતાંજી, પહોંચી મારા મનડાની આશ;
માધવદાસ માગે સદાજી, શ્રીગોકુલ માંહી વાસ. ૧૪

ઘોળ ૩૯ મું.

શ્રીવલ્લભ રાજકુમાર તમે કાંઇ કીધું રે,
મ્હારૂં ચિત્તવિત્ત શ્રીગોકુલનાથ હરીને લીધું રે. ૧
ગિરિધારીએ ઘેલી કરી મને આજ ન ભાવે અન્ન રે;
ધન્ય કુંવર શ્રીઅકાંજીના જાયા, તેથી મોહ્યું મારૂં મન. તમે. ૨
લોભાણાં લોભી રહ્યાં, ને નંદકુંવર રંગ રેલરે;
રસીયા ઠાકોર **ભીમના** મારી અરજ સુણો અલબેલ. તમે. ૩

ઘોળ ૪૦ મું.

હરખે શ્રીવલ્લભનંદન ગાવુંજી, શ્રીવિઠ્ઠલનાથને વારણે જાવુંજી. ૧
એમના તે નામ તણો મહિમાયજી, સકલ અમંગલ અળગાં થાયજી.૨
વહાલે મારે પુષ્ટિનાં દીધાં દાનજી, ટાળ્યાં ટાળ્યાં જીવ તણાં અજ્ઞાનજી.૩
કીધો કીધો મહામ્હોટો ઉપકારજી, દૈવી તે જીવનો કીધો વિસ્તારજી.૪
મનડાની આશા પૂર્ણ કીધીજી, શિક્ષા તે સેવા કરવાની દીધીજી. ૫
મીટયો મીટયો અસુરતણો આવેશજી, કીધો કીધો ભક્તિતણો ઉપદેશજી.૬
જીવને બ્રહ્મસંબંધ કરાવ્યાંજી, જે થકી પુરુષોત્તમ મન ભાવ્યાંજી. ૭
વાર્યાવાર્યા અન્યઆશ્રયે જીવ જાતાજી,
રાખ્યારાખ્યા અસમર્પિતવસ્તુ ખાતાજી. ૮
શ્રીમદ્‌ભાગવતરૂપ પ્રકાશ્યુંજી, તે થકી તત્ત્વ વેદનું ભાખ્યુંજી. ૯
બાંધી બાંધી ભક્તિસિંધુની સેતજી, કીધું કીધું દૈવી જીવનું હેતજી. ૧૦
સાત કુંવરતણા એ તાતજી, શ્રીગોપીનાથજી કેરા એ ભ્રાતજી. ૧૧

શ્રીઅંકાજીના ગર્ભતણા એ રત્ન, પધાર્યા છે ભકતોનું કરવા જત્નજી૧૨
તે મણિ ભકતતણે શિરસોહીએજી, નિરખતાં નિજ જનનાં મન મોહીએજી
શ્રીમદ્‌વિઠ્ઠલના જે દાસજી, તેમના તે પદરજની આશજી. ૧૪
વળી વળી એહજ વિનતિ કીજેજી, **દાસરસિકને** અભયપદ દીજેજી.૧૫

ધોળ ૪૧ મું.

શ્રીવિઠ્ઠલનાથ નામ રસ અમૃત, પાન સદા તું કરરે રસના.
વારંવાર કહું હું તો શું, યેહી નેમ જો ધરરે રસના. ૧
એ રસમાં પ્રતિબંધ પડે તો તાસું તું અતિ ડરરે રસના. ૨
હરિકો વિમલ યશ ગાને નિરંતર, જાત વિઘ્ન સબ ટળરે રસના. ૩
ચતુર્ભુજ પ્રભુ ગિરિધરલાલકો, આનંદ ઉરમાં ભરરે રસના. ૪

ધોળ ૪૨ મું.

જે જે લાલ ગોવર્દ્ધનધારી, સુંદર રૂડાં નામજી;
શ્રીપુરુષોત્તમ પ્રકટ થયા, શ્રીવિઠ્ઠલ રૂપનિધાનજી. ૧
ટોળે મળી સર્વે તરુણીને, સજોની સોળે શૃંગારજી;
થાળ ભરી મુકતાફળેને, વધાવો શ્રીવલ્લભલાલજી. ૨
વધાવીને શ્રીમુખ નિરખો, નિમિષ ન અળગા થાઓજી;
પ્રેમસુધારસ પીઓરે પદ્મિણી, હળી મળી મંગલ ગાઓજી. ૩
શ્રીવ્રજસુંદરીના જીવન વહાલા, સેવકના સુખકંદજી;
બત્રીશમાં એકો નહી ઓછું, સોળ કળા મુખ ચંદજી. ૪
શ્રીવલ્લભસુત જો વહાલા કરીએ, તો ભવસાગર તરીએજી;
અન્ય દેવ ઉપાસના તજીએ, તો વર વિઠ્ઠલ વરીએજી. ૫
તન મન ધન સમર્પણ કરીએ, વૈષ્ણવને અનુસરીએજી;
માધવદાસ એટલડું માગે, શ્રીગોકુલમાં અવતરીએજી, ૬

ધોળ ૪૩ મું.

આપણે જઇએરે શ્રીગોકુલ ગામ, સાહેલીરે શ્રીજીને નિરખીએ;
જીરે જુવતિનાં જૂથ ટોળેમળ્યાં ગોપીએ સજીયારે નવસાત શૃંગાર. સા૦૧
ગોપી વેગે તે ચાલો ઉતાવળાં, જઈ જોઇએરે અનુપમ નાથ. સાહેલી૦૨
ગોપીએ કંચન થાળ કરે ગ્રહ્યો, માંહી ભરીયાંરે મુક્તાફળ સાર. સાહે૦૩
મ્હારૂં મનરે મથુરાં ચિત્ત શ્રીગોકુલમાં, મ્હારો જીવડોરે રહ્યો શ્રીજીની પાસ
ગોપી ચરણકમલ રજ લેઇ રહ્યાં, વહાલો આપેરે અભયપદ દાન. સા૦૫
ત્યાં તો સાત મંદિર સોહામણાં, ગોપી આવ્યાંરે ઠકરાણીને ઘાટ. સા૦૬
મથુરાંમાં તે વાજીંત્ર વાગીયાં, ગોકુલમાંરે ગડબડીયાં નિશાન. સાહેલીરે૦૭
વારિજાઉં શ્રીવલ્લભ સુતને વારણે, બલિહારીરે જાય માધવદાસ. સા૦૮

ધોળ ૪૪ મું.

આજ મ્હારે આનંદ ઉર ન સમાયજી, પ્રકટયા શ્રીવર વલ્લભ સુકુમારજી.૧
ભૂતલ ભાગ્યતણો નહિ પારજી, દૈવી તે જીવનો કરવા ઉદ્ધારજી. ૨
મંદિર માંહે તે ચોક પૂરાયજી તોરણ બારણીએ બંધાયજી. ૩
હુંએ કરૂં વિધવિધના શણગારજી, હરખે તેડાવું તે સહીઅર સાથજી.૪
નાચું ગાવું તાળી તે પાડું હાથજી, કોને કહું કહ્યું તે નવ કહેવાયજી. ૫
છબિપર જન રસિક બલિજાયજી, આજ મ્હારે આનંદ ઉર ન સમાજી.૬

ધોળ ૪૫ મું.

મોહન મલપંતા ઘેર આવ્યારે,
મ્હારે ઘેર પુરૂષોત્તમ પધાર્યારે, મેં તો લઇને મોતીડે વધાવ્યારે. ૧
વહાલે મ્હારે કરુણાની દૃષ્ટિએ જોયુંરે, બાઇ મ્હારે એ વર શું મન મોહ્યુંરે.૨
પડયું મ્હારે નંદના કુંવર સાથે પાનુંરે, હવે હું તો પ્રેમ કરી રાખીશ છાનુંરે.૩
દુર્જનને કહેવું હોય તે કહેજોરે, વહાલા મ્હારા હૃદયકમલ વચ્ચે રહેજોરે.૪

ધન્ય ધન્ય ગોકુલના ગિરધારીરે, વહાલાને જોવા મળી વ્રજનારીરે. ૫
હાંરે હું તો વલ્લભકુલની દાસીરે, હાંરે વહાલા કૃપા કરો વ્રજવાસીરે. ૬
વહાલે મહારે વ્રજમાં તે આપ્યો વાસરે હાંરે બલિહારી જાય માધવદાસરે.૭

ધોળ ૪૬ મું.

આજ સખી વ્રજમાં તે આનંદ હુવોરે, આપણા શ્રીનાથજીને જઈજુઓરે.
જેને કાજે તલસંતા બહુ દહાડીરે, તે દ્વાર મેલ્યાં છે ઉઘાડીરે. ૨
વ્રજત્રિયા વેગે કેરો શૃંગારરે, પહેરોને નૌતમ મોતીના હારરે. ૩
આવે છે વ્રજસુંદરીનો વહાલોરે, તેને તે નયણાં ભરિ નિહાળોરે. ૪
માનિની હળી મળી મંગલ ગાયરે, માધવદાસ તે બલિહારી જાયરે.૫

ધોળ ૪૭ મું.

વહાલો શ્રીવલ્લભ ઘેર પ્રકટીયા. સુંદિર વરજી.
શ્રીવિઠ્ઠલ ધરીયાં નામરે, સુંદિર વરજી. ૧
એમનું રૂપ રસાલ ઘણી ચાતુરી, સુંદિર વરજી;
એમનું મુખ જોવાને થઇ આતુરી, સુંદિર વરજી. ૨
એમને સહેજ કસ્તુરીતિલક ભાલરે, સુંદિર વરજી;
એમનાં લોચન લાલ ગુલાલરે, સુંદિર વરજી. ૩
એમને આજાન બાહુએ હરી, સુંદિર વરજી;
એમની કટિ પર વારૂં કેસરી, સુંદિર વરજી. ૪
એમના ચરણકમલ શોભા ઘણી, સુંદિર વરજી;
વૈષ્ણવજન માથે એ ધણી, સુંદિર વરજી. ૫
એમને કેસરી ધોતી સોહીએ, સુંદિર વરજી;
એમને તેજે ત્રિભુવન મોહીએ, સુંદિર વરજી. ૬
એમનો ઉપરણો છે જરકસી, સુંદિર વરજી;

સુરવનિતા છબી દેખી હસી, સુંદિર વરજી. ૭

એમ કહી પુષ્પવૃષ્ટિ કરે, સુંદિર વરજી;
એ સુખ જોઇ હઇડું ઠરે, સુંદિર વરજી. ૮

પુષ્પલતા બહુ પાસરે, સુંદિર વરજી;
ત્યાં શ્રીહરી રમીયા રાસરે, સુંદિર વરજી. ૯

ભાગ્યબડાં વ્રજવાસીનાં સુંદિર વરજી.
વાહાલા શું રમતાં રાસરે, સુંદિર વરજી. ૧૦

એહુ કરજોડીને વિનવું, સુંદિર વરજી;
શ્રીયમુનાજીને હું નમું, સુંદિર વરજી. ૧૧

શ્રીયમુનાજી જોયાની આશરે, સુંદિર વરજી;
મુને આપજો વ્રજમાં વાસરે, સુંદીર વરજી. ૧૨

હરિદાસ શોભા જોતા, સુંદિર વરજી.
મહારા મનના મનોરથ સહુ પોહોત્યા, સુંદિર વરજી. ૧૩

ધોળ ૪૮ મું.

શ્રીવિઠ્ઠલનાથજી સોહામણારે, એમનાં લીજીએ પેરે પેરે ભામણાંરે. ૧
દ્વિજ કુલમાં વાહાલો પ્રકટીયારે, દેખી નિજ જન મન અતિ હરખીયાંરે. ૨
રાજ્ય શિરોમણિ રાજ્યારે, દેખી સોળ કળા શશી લાજ્યારે ૩
સજ્જન સર્વ સંતોખીયાંરે, એતો અમૃત વાણીએ પોખીયાંરે ૪
તન મન ધન કરૂં વારણેરે, પ્રભુ પ્રકટયા ભક્તને કારણે રે. ૫
કાડ પૂર્યા વહાલે ભકત તણારે, સુખ પામ્યા માંહો માંહે અતિ ઘણારે. ૬
દાસનો દાસ કરે વિનતિરે, ચિરંજીવો શ્રીગોકુલપતિરે. ૭

ધોળ ૪૯ મું.

ધન્ય ધન્યરે આજુનો દિન, આજની રાત્રિ રળીયામણીજી;
પધાર્યા શ્રીવિઠ્ઠલનાથ, વેગે તે આપો વધામણીજી. ૧
જીરે ઉલટ અંગ ન માય, આજુની શોભા અતિ ઘણીજી;
જીર માનની તે મળીરે આજ છબી નિર્ખવા પ્રભુ તણીજી. ૨
જીરે હીંડે તે માંડલા મોડ, કનક કલશ શિરપર ધરીજી;
જીરે એક કરે પુષ્પની માલ, બીજે કરે કુમકુમ ભરીજી. ૩
જીરે તે ઉપર શ્રીફલ સાર, મુકતા થાળ સંગે ભરીજી.
મહારા વાહાલાને વધાવાને જાઉં, ઉમંગી ઉમંગી આનંદ ભરીજી. ૪
જીરે ચિરંજીવોરે યુગલકિશોર, આ જોડી અવિચલ સદાજી;
બલિહારી **શ્રીવિઠ્ઠલનાથ** કોડ પૂરો મહારા મન તણાજી. ૫

ધોળ ૫૦ મું.

જીરે ધન્ય ધન્ય આજુનો દીન, શ્રીવિઠ્ઠલનાથ પધારીયાજી;
સુણી સુરનર હર્ખ્યાં મન, કલિયુગ જીવ ઉદ્ધારીયાજી. ૧
જીરે ધન્ય ધન્ય શ્રીવલ્લભ તાત, પ્રકટ પુરુષોત્તમ સુત હવાજી;
જોતાં જાણુંરે અદ્‌ભુત વાત, પૂરણ પ્રીતે પામવાજી. ૨
જીરે ધન્ય ધન્ય શ્રીઅંકાજી માત, કુંવર કર હુલરાવીયાજી;
જીરે એના મુખમાં તે સાયર સાત, જસોદાજીને દેખાડીયાજી. ૩
જીરે એના મુખમાં તે બીડી બરાસ, વૈષ્ણવજનને આપીયાંજી;
વહાલે આપ્યાં તે ચર્વિતનાં દાન, ભવનાં બંધન કાપીયાંજી. ૪
જીરે ધન્ય ધન્ય શ્રીયમુનાજીનું નીર, નિત્ય નિત્ય નાથ ક્રીડા કરેજી;
વાહાલો ઓઢેરે ઉપરણા સાર, દીઠડે મારાં મન હરેજી. ૫
જીરે ધન્ય ધન્યરે વ્રજવાસી લોક, વદન નિહાળે વળી વળીજી;

જોતાં જાણું તે કારણ કાંય, મંગળ ગાએ હળીમળીજી. ૬

જીરે ધન્ય ધન્યરે શ્રીગોકુલગામ, વ્રજનાયક વાસો વસેજી;
હવે સરીઆં સેવકનાં કામ, મરજાદી મનમાં હસેજી. ૭

જીરે ધન્ય ધન્યરે ઓચ્છવ આજ, શ્રીવલ્લભજીને બારણેજી;
ત્યાંહાંતો વાગેરે તાલ પખાજ, બંદીજન બહુ જશ ભણેજી. ૮

જીરે ધન્ય ધન્યરે માગશરમાસ, ઉત્તમ વદ નવમી ભલીજી;
સુખ પામ્યોરે સહીયર સાથ, લીલા દેખી નિત્ય નવી નવીજી, ૯
બલીહારી તે **માધવદાસ** શોભા માહારે મન વસીજી.
સેવકજનનાં સરીયાં કાજ, એ લીલા સૌને મન ઠસીજી. ૧૦

ધોળ ૫૧ મું.

ધન્ય ધન્ય તે આજુનો દિન, આજુની રાત્રિ રળીયામણીજી;
પધાર્યા શ્રીવિઠ્ઠલનાથ, વેગે તે આપો વધામણીજી. ૧
આપણે સદારે સોહાગણી નાર, આપણા શિરપર એ ધણીજી;
તમો પેહેરોને નૌતમ ચીર, સુંદરી નવસપ્ત વર્ષ તણીજી. ૨

તમો પેહેરોને આભરણ અંગ, સરખા સરખી સહચરીજી;
સખી એક કરે પુષ્પની માલ, બીજે તે કરે કુમકુમ ભરીજી. ૩
ઉપર શ્રીફળ ફોફળ સાર, કનક કલશ કેસર ભર્યાજી;
માહારા વાહાલાજીને નિરખવા જાઉં નિરખી મહારસ ભર્યાજી. ૪
જઇ જોયા શ્રીયુગલકિશોર, દેહની દશા ગઇ વીસરીજી;
જોયા શ્રીરુક્મિણીવહુજીના કંથ, ઉર ઉપર અમી ભરીજી. ૫
જોયા શ્રીપદ્માવતીવહુજીના કંથ તે દીઠે માહારાં મન ઠરેજી;
મ્હારૂં માગ્યું આપોને મ્હારા નાથ, મનડા તણાં કારજ સરેજી. ૬

સદા શ્રીગોકુલ માહારો વાસ, પ્રભુની છબી માહારે મન વસીજી;
બલિહારી તે **માધવદાસ** એ લીલા માહારે મન વશીજી. ૭

ધોળ ૫૨ મું.

હરખે શ્રીવલ્લભનંદને ગાવુંજી, શ્રીવિઠ્ઠલનાથને વારણે જાઉંજી. ૧
જેહેના તેહના મન તણો મહિમાયજી, સકળ અમંગલ અળગાં થાયજી.૨
જેણે તે પુષ્ટિનું કીધું છે દાનજી, ટાળ્યું ટાળ્યું જીવતણું અજ્ઞાનજી. ૩
કીધો કીધો માહા મોહોટો ઉપકારજી, દૈવી તે જીવનો કીધોવિસ્તારજી.૪
મનડાંની આશા પૂરણ કીધીજી, શિક્ષા તે સેવાકરવાની દીધીજી. ૫
મટયો મટયો અસુરતણો આવેશજી, કીધો કીધો ભકિતતણો ઉપદેશજી.૬
જીવને બ્રહ્મસંબંધ કરાવ્યાજી, જે થકી પુરુષોત્તમ મન ભાવ્યાજી. ૭
વાર્યાવાર્યા અન્યઆશ્રય જીવ જાતાજી, રાખ્યારાખ્યા અસમપિત
વસ્તુ ખાતાજી. ૮
શ્રીમદ્‌ભાગવત રૂપ પ્રકાશજી, તેહ થકી તત્વ વેદનું ભાષ્યજી. ૯
બાંધી બાંધી ભકત સિંધુની સેતજી, કીધું કીધું દૈવી જીવનું હેતજી ૧૦
સમ તે લાલ કેરા તાતજી શ્રીગોપીનાથ તણા જે ભ્રાતજી. ૧૧
શ્રીઅંકાજીના ગર્ભતણો એ રત્નજી, પધાર્યા ભકતોનું કરવા જત્નજી
તે મણિભક્ત તણે શિર સોહીએજી, નિરખતાં નિજ જનનાં મન
મોહીએ. ૧૩
શ્રીમદ્‌વિઠ્ઠલના જે દાસજી, તેમના તે પદ રજની આશજી, ૧૪
વળી વળી એહ જ વિનતિ કીજેજી, નિજ સેવકને અભયપદ દીજેજી. ૧૫
હરખે તેડાવું તે સહીયર સાથજી, નાચું ગાઉં તાળી તે પાડું હાથજી.૧૬
આને કહ્યું કહ્યું તે નવ કહેવાયજી. છબીપર **જનરસિક** બલ જાયજી. ૧૭

ધોળ ૫૩ મું.

શ્રીવલ્લભ ઘેર પ્રકટીયા, શ્રીગોકુલનારે નાથ;
એવા પ્રભુજીને નવ ઓળખ્યા, પછે ઘસસો એકે હાથ;
પ્રાણી પરાક્રમ તેં શું કર્યું. ૧
પામ્યો ઉત્તમ દેહ, જુગમાં જીવન શ્રીનાથજી,
નયને નિરખ્યા નહી તે, કલિમાં કારણ શ્રીનાથજી. ૨
પ્રાતઃસમે નવ ઉઠીઓ, નવ ગાયા ગુણરે ગોવિંદ;
મંગળા આરતિ ઉતારતાં, ન જોયાં શ્રીમુખચંદ. પ્રાણી. ૩
શ્રીમુખની શોભા શી કહું, મહારે મુખ રસના છે એક;
મન્મથ દેખીને લાજીઓ, પાતાળે પેઠા જઇ શેષ. પ્રાણી. ૪
કાન તે કુંડલ શોભિતાં, શિરપર શોભે છે પાગ;
ઉપર ચંદ્રિકા મયૂરની, વેણી વાસુકી નાગ. પ્રાણી. ૫
નયનાં તમારાં શ્રીનાથજી, જોઈ જોઇ શું કરૂં વખાણ;
જોતાં શુધબુધ ભુલી ગયો, હૈયામાં ઉપજ્યું હેત. પ્રાણી. ૬
નાકે તે નકવેસર શોભિતાં, લલાટે તિલક રસાલ;
તાપર સોહે અલકાવલી, લટકણ લટકે છે ભાલ. પ્રાણી. ૭
અધરની ઉપમા હું શી કહું, ચિબુક ઝલકે છે કાન્ત,
કંઠે સોહે હાંસડી, ઉરગજ મોતીના હાર. પ્રાણી. ૮
મોહન મુરલી વગાડતાં, કંઠે વૈજંતી માલ. પ્રાણી. ૯
બાંહે બાજુબંધ બેરખા, ફરકે ફુમતાં ચાર;
હાથમાં હેમની કડી, પોંહોચી છે હીરાજડાવ. પ્રાણી. ૧૦
કોમલ કરપર ઝગમગે, રત્નજડિતના ચાક;
તાપર અનુપમ મુદ્રિકા, દેખી મોહ્યા ત્રૈલોક. પ્રાણી. ૧૧

બીજી શોભા હું શી કહું, નખશિખ હીરાના હાર;
રવિશશી કોટિક વારણે છબી ઉપર જાઉં બલિહાર. પ્રાણી. ૧૨
વામભુજાએ વિઠ્ઠલેશ, લટકે ધર્યો ગિરિરાજ,
ઇંદ્રતણો મદ મોડીયો, સાર્યાં વ્રજજનનાં કાજ. પ્રાણી. ૧૩
કેહેડે સોહે કટિમેખલા, ઘુઘરી ઘમકે એઉ પાસ;
કંચનવરણી છે કાછની, ચંદ્ર પ્રકટયો આકાશ. પ્રાણી. ૧૪
યુગલચરણે પહેર્યાં જોડલાં, મોજડીએ મોતીની હાર;
રમકઝમક વાગે ઘુઘરી, અણવટ વીંછુવા રસાલ. પ્રાણી. ૧૫
એવા પ્રભુજીને નવ ઓળખ્યા, નવ કીધી હૈડામાં હામ;
ભૂતલ મધ્યે અવતર્યો, કરવા માતાને ભાર. પ્રાણી. ૧૬
વ્રજની રજમાં લોટ્યો નહિ, ન કીધાં શ્રીયમુનાજલપાન;
મોહન મુરલી વગાડતાં, નવ કીધા સન્મુખ કાન. પ્રાણી. ૧૭
કાલિંદીને કાંઠડે સુંદર યમુનાને તીર;
શ્રીગિરિધર ગાયો ચરાવતા, ન જોયા હલધરવીર. પ્રાણી. ૧૮
સંકેતવનની શોભા ઘણી, ત્યાં પ્રભુ ખેલે છે રાસ;
એ સુખ અબલાને આપીએ, બલિહારી **માધવદાસ.** પ્રાણી. ૧૯

ધોળ ૫૪ મું.

આજ આનંદ માહારારે અંગમાં, રસ વાધ્યો રૂડા રંગમાં;
પધાર્યારે શ્રીવિઠ્ઠલનાથ, નજરે ભરી ભરી નિરખીએ. ૧
ધન્ય ધન્ય શ્રીવલ્લભતાતને, ધન્ય ધન્ય શ્રીઅંકાજી માતને;
જેણે જાયારે શ્રીજગના આધાર. નજરે. ૨
ધન્ય ધન્ય શ્રીયમુનાજીનાં નીરને, ધન્ય ધન્યરે લહેર તારંગનો;
ધન્ય ધન્યરે શ્રીઠકરાણી ઘાટ. નજરે. ૩

ધન્ય ધન્ય શ્રીવૃંદાવનને, ધન્ય ધન્ય કદમ કેરી છાંયને;
વહાલે કીધોરે કાંઇ વેણુનો નાદ. નજરો. ૪
ધન્ય ધન્ય ગોકુલીયાની ગલીયોને, ધન્ય ધન્ય શ્રીશ્યામાજુના જૂથને;
ગોપી મળીનેરે મંગળ ગાય. નજરો. ૫
ધન્ય ધન્ય શ્રીવ્રજના જીવણને, ધન્ય ધન્ય વ્રજ સર્વે સાથને,
બલિહારીરે જાય **માધવદાસ.** નજરો. ૬

પદ ૫૫ મું.

વંદુ શ્રીવલ્લભનાથજીનો વંશજી, પૂરણ બ્રહ્મ શ્રીકૃષ્ણનો અંશજી;
જેમ રવિકુલ રઘુ રાયજી, વળી ચંદ્રવંશી જદુ જાદવજી.
તેમ છે તૈલંગતિલક કુલજી, શ્રીવિઠ્ઠલનાથજી પ્રકટયા ગોકુલજી;
સંવત પંદરસેં ઓત્તેરની સાલજી, માગશર વદ નવમીને ભૃગુવારજી.
ઘડી એકવિશને પલ પચીશજી, હસ્ત નક્ષત્ર ઘડી સાડત્રીશજી;
પલ ચુંવાલી તૈતલ કર્ણજી, જન્મ્યા તે સમે શ્રીશ્યામલ વર્ણજી.
જેમ નંદરાય જસોદાજી હરખ્યાંજી, તેમ શ્રીવલ્લભ અકાજીએ નિરખ્યાજી;
બાલલીલા કરીને લાડ લડાવ્યાંજી, પછી તો વહુજી બે પરણાવ્યાંજી.
વડાં વહુજી શ્રીરુકમણીજી કહીએજી, પુત્ર છ બેટી ચારતે તણાંજી;
શોભા, કમલા બેટી બે વડેરાંજી, જમનાં, દેવકા બેટી બે નાનેરાંજી.
બીજાં શ્રીપદ્માવતી વહુજી, તેહુના પુત્ર એક શ્રીઘનશ્યામજી;
શ્રીરુકમણી વહુજીએ પુત્ર ખટજાયાજી, યુગલ સેવા સહિત લખાયાજી.
પ્રથમ પ્રકટયા શ્રીગિરિધારીજી, સેવા શ્રીનવનીતરાયની ધારીજી;
શ્રીમથુરનાથ સદાએ સુખકારીજી, શ્રીનટવરલાલ તે કુંજબિહારીજી.
બીજા તે પુત્ર શ્રીગોવિંદરાયજી, સેવા શ્રીવિઠ્ઠલરાય મુકુંદજી.
ત્રીજા તે પુત્ર શ્રીબાલકૃષ્ણજી, સેવા શ્રીદ્વારકાનાથજી સમર્થજી.

ચોથા તે પુત્ર શ્રીગોકુલનાથજી, સેવા શ્રીગોકુલનાથજીની સાથજી;
પાંચમા પુત્ર શ્રીરઘુવર કહીએજી, સેવા શ્રીગોકુલચંદ્રમાજીની લઇએજી.
છઠ્ઠા પુત્ર શ્રીજદુનાથજી મહારાજજી. સેવા શ્રીબાલકૃષ્ણજીની બિરાજેજી;
શ્રીપદ્માવતી વહુજીના તન ઘનશ્યામજી, શ્રીમદનમોહનજી લીલા સુખધામજી.
એ લીલાએ શ્રીગોકુલ ઓપ્યુંજી, તૈલંગ બીજું વૃન્દાવન રોપ્યુંજી;
મૂલ શ્રીવલ્લભરાય કૃપાલુજી, શ્રીવિઠ્ઠલકલ્પવૃક્ષ રસાલજી.
પ્રસર્યો તે સપ્ત શાખાએ જગતજી, નિત્ય નવાં નવાં ફુલને પત્રજી;
એ સ્વાદ પ્રસર્યો અંગો અંગજી, નિરખ્યા તે નિત્ય નવલા તોરંગજી.
સુણી ધાયાં ચોદિશાથી નરનારજી, આવ્યા છે ચરણશરણ વર્ણ ચારજી;
પ્રાપ્ત ભાગ્ય હોય તો થાયજી, પ્રાપ્ત પ્રીત વિના ક્યાંથી થાયજી.
દયા કરી દાન શ્રીકૃષ્ણજીએ દીધાંજી, તે તો મેં શ્રવણ ઇંદ્રિયે કરી લીધાંજી;
રાખવી તે મનમાં ઘણી ઘણી આશજી, નિશ્ચય કરવો એ તરુ તળે નિવાસજી.
જઇ ગ્રહી પાંચમી જે ડાલેજી, છાયા કરી શ્રીદેવકીનંદનલાલજી;
જેમ રઘુકુલ જદુકુલ આનંદજી, ગંગા પ્રભુ શ્રીગોકુલચંદ્રજી.

પદ ૫૬ મું.

શ્રીમદ્‌વલ્લભ ઘેર પ્રકટયા સહીરે, શ્રીવિઠ્ઠલવર નંદકુમાર;
આ શુદ્ધ ભાવ રસ જગત પ્રકટ કર્યોરે, કલિયુગમાં દ્વિજવર અવતાર. ૧
આજ્ઞા પ્રથમ કરી પ્રકટયા હરિરે, તમઘેર અમ પ્રાકટ્ય નિર્ધાર;
આજ દૈવીજન મન અતિઆનંદ થયોરે, જગમાં થાશે જશ વિસ્તાર. ૨
આ શુદ્ધ ધામ ચરણાટ વખાણીએરે, ચરણચિન્હ અંકિત સુખકંદ;
આ લીલા સૃષ્ટિ તે પ્રકટિ નિકુંજનીરે, ત્યાં પ્રકટયા શ્રીવૃંદાવન ચંદ. ૩
આ પૌષ કૃષ્ણ નવમી દિન શુભ ઘડીરે, સંવત પંદર સેં બોતેર;
કરી કરુણા ભૂતલ પ્રકટયા હરિરે, કરવા દૈવી જનપર મેહેર. ૪

આ આપ રૂપ કહિયે નિજ સ્વામિનીરે, પ્રકટરૂપ શ્રીગોવર્દ્ધનનાથ;
તેથી મૃગમદ તિલક સોહામણુંરે, છબિ નિરખી જન થાય સનાથ. ૫
આ સેવકસેવ્યભાવથી ઉદય થાયરે, શ્રીવલ્લભ ઘેર શ્રીવિઠ્ઠલેશ;
આ કમલ લોચન કરુણા રસથી ભર્યારે, મુખી જોતાં દુઃખ જાય કલેશ.૬
આ બાલસ્વરૂપ ભૂપ ત્રૈલોકનારે, પ્રકટ્યા પુષ્ટિ કરવા પ્રકાશ;
શ્રીવૃંદાવન લીલા નિજ રૂપથીરે, જ્યાં રસિક રસ રમતાં રાસ. ૭
આ કોટિ તિમિર અઘ હર્તા એ પ્રભુરે, નિત પ્રતિ કરીએ સ્મરણ ધ્યાન;
નિજજન નિજરસ રસના તો લહેરે, કરીએ નિજ લીલાનું દાન. ૮

ધોળ ૫૭ મું.

આજ આનંદ રે આજ આનંદ ઉર ન સમાય રે,
ઘેર ઘેર રે વ્રજ ઘેર ઘેર ઉત્સવ થાય રે. ૧
એવા સુંદિર રે એવા સુંદિર શ્રીવલ્લભ લાલ રે.
વ્હાલો નખશિખ રે વ્હાલો નખશિખરૂપ રસાલ રે. ૨
આંગણીયામાં રે આંગણીયામાં કેસર છિરક્યાં રે,
નિરખી વૈષ્ણવ રે નિરખી વૈષ્ણવનાં મન હરખ્યાં રે. ૩
ધન્ય ધન્યરે ધન્યશ્રી અક્કાજી બડભાગીરે,
એઉની રત્નરે એઉની રત્નકુખ જોત જાગી રે. ૪
પારણિયે રે પારણિયે તોરણ સોહામણાં રે,
શોભા જોઇને રે શોભા જોઈ **હરિદાસ** લિયે ભામણાંરે. ૫
હરિદાસરે હરિદાસ પ્રભુના ગુણ ગાય રે,
મહારા મનનારે મહારા મનોરથ થાય રે. ૬

પ્રકરણ ૮ મું.

શ્રીગોકુલનાથજીની વધાઈ તથા ધોળ.

શ્રીગોકુલનાથજીની વધાઈ.

—:૦:—

રાગ દેવગંધાર. પદ ૧ લું.

આગમ જનમ મહોચ્છવકે દિન ભયો સમન ઉચ્છાહ;
મંગલ સાજ કરત મનોરથ, અપને અપને ચાહ. ૧
નિત નૌતમ સિંગાર કરત મન, બાઢયો મોદ અથાહ;
આઇ આઇ ઇહ ભાંતિ સુહાગિની, નિરખત વલ્લભનાહ. ૨

પદ ૨ જું.

આજ જનમ દિન વલ્લભલાલ.
તેલ સુગંધ ચુપરી સોંધેસો, ન્હોયે રસિક રસાલ. ૧
કેસર રંગ ઉપરના ધોતી, ઓર મુક્તાફલ માલ;
આરતીકો સુખ દેહું વૃન્દાવન, ભક્ત જનન પ્રતિપાલ. ૨

રાગ સારંગ પદ ૩ જું.

રુક્મિનિ જાયો શ્રીવલ્લભલાલ.
અગહન સુદી સાતમ શુભ દિન, અતિ પ્રકટયો ભકતન પ્રતિપાલ. ૧
કોન સુકૃત કીને શ્રીવિઠ્ઠલ, ગોકુલનાથ નિહાર્યો બાલ;
વૃંદાવનકો ચંદ ઉદય ભયો, ભક્ત જનન પ્રતિપાલ. ૨

પદ ૪ થું.

પ્રાકટય અતુલ પ્રકટ ભયો સુનીકે, જહાં તહાં તેં સુંદરી ઉઠ ધાઇ;
બધાઇ બધાઇ બધાઈ કહતહે, મોદ ભરી મંદિરમેં આઈ. ૧
ધનિ રુકમણી તેરી કૂખ સુહાગીન, ભાગીની યહનિધિ ભૂતલ આઇ;
અષ્ટસિદ્ધિ નવનિધિ અલૌકિક, યા દેખત હમ પાઇ વધાઇ. ૨
મગન ભઇ નિજ અંગન સંમારતી, વારત તનમન પ્રાન સમેતી;
અનેક મનોરથ કીયે ભાવતે, ન્યોછાવર કરી સંપત્તિ દેતી. ૩
ચિરંજીયો જુગ જુગ યહ બાલક, યા ઘરકી સુખ સંપત્તિ બાઢો;
દર્શન દાનકી ભિક્ષા માગત, દાસ ગોપાલ દ્વાર રહ્યો ઠાડો.

પદ ૫ મું.

સબ ઉચ્છવકો ઉચ્છવ આયો.
અતિપ્રફુલ્લિત આનંદ મગન મન, છિન છિન બઢત સવાયો. ૧
જરતારી પાટંબર અંબર, ટેરહી ટેર લગાયો,
નિર્મોલિક આભૂષણુ લેલે, પ્રાનપ્રિયા પહેરાયો. ૨
કાહુ કછુ અભિલાષ ન રાખ્યો, જો જાકે મન ભાયો;
આરતિ કરી કરી નિરખી નિરખી મુખ, સબકો હીયો સીરાયો. ૩
વરસ ઘોસ લોં ઘર ઘર મંગલ, મંગલ સાજ બનાયો;
વૃંદાવન મનોરથ પૂરન કરી, શ્રીવલ્લભલાલ લડાયો. ૪

પદ ૬ ઠું.

પૂત ભયોરી શ્રીવિઠ્ઠલપ્રભુ, બાજત બાજે તાલ;
નરનારી મિલ નાચત ગાવત, વારત મુક્તા માલ. ૧
છીરકત કેસર ચંદન વદન, સોંધે સગવગી રંગીહે બાલ;
વૃંદાવનકો ચંદ પ્રકટ ભયો, ભક્તજનન પ્રતિપાલ. ૨

પદ ૭ મું.

ઘર ઘર અતિઆનંદ વધાયો.
શ્રીવિઠ્ઠલનાથગુસાંઈકે ઘર, રુક્મિની ઢોટા જાયો. ૧
નરનારી મિલી નાચત ગાવત, ભયો ભક્તન મન ભાયો;
અપને પ્રાણનાથકો નેનન, નિરખત હીયો સીરાયો. ૨
દેત અશીષ રહસી મન સુંદરી, આનંદ મંગલ ગાયો;
ધનિ ધનિ માત તાત તુમ યહ સુત, પૂરે ભાગીન પાયો. ૩
રહ્યો ન મન અભિલાષ કછુ અબ, શ્રીવલ્લભલાલ લડાયો;
શ્રીવૃંદાવનકો ચંદ હમારે, શ્રીગોકુલનાથહી આયો. ૪

પદ ૮ મું.

પ્રકટયો સબકો વલ્લભ માઈ.
આનંદહૂકે આનંદ ઓચ્છવ, ઘરઘર હોત વધાઈ. ૧
નરનારી મિલ નાચત ગાવત, ફુલી અંગન સમાઈ;
વૃંદાવનકો ચંદ બિરાજે, શ્રીગોકુલમની રાઈ. ૨

પદ ૯ મું.

સબહે ચલોરી વધાઈ,
શ્રીરુક્મિનીજીકે પુત્ર પ્રકટ ભયો, દેખોરી તુમ માઈ. ૧

મંગલ સાજ સમારી આરતી, નિરખો સુંદરતાઇ;
વૃંદાવનકો ચંદ પ્રકટ ભયો, ભક્તજનન સુખદાઇ. ૨

પદ ૧૦ મું.

એસો પૂત કાહૂ નહિ જાયો,
જેસો રાની તેરો ઢોટા, ભાગી બડે તે પાયો. ૧
જાકો અંત ન કોઉ પાવત, સો તેરે ઘર બેઠેઇ આયો;
વૃંદાવનકો ચંદ પ્રકટ ભયો, જાન્યો તાહી જનાયો. ૨

પદ ૧૧ મું.

શ્રીવલ્લભ પ્રકટે ભાગ્ય હમારે, પ્રકટે ભાગ્ય હમારે.
ભયે મનોરથ મનકે ચીતે, શ્રીરુકિમણીલાલ નિહારીયે. ૧
કહી ન જાય અંગો અંગકી શોભા, ઉમંગી રસની ધારે;
શ્રીગોકુલપતિકી યા છબી ઉપર, **વ્રજદાસ** અપનપો વારે. ૨

પદ ૧૨ મું.

અંગોઅંગ આનંદ ફુલી, શ્રીરુક્ષ્મણી.
નિરખતહી શ્રીવલ્લભ વલ્લભ મુખ, ગયો સકલ દુઃખ ભૂલી. ૧
એસો ઢોટા ભયો ન દેખ્યો, કાહુદેવ સમતૂલી;
શ્રીવૃંદાવનકો ચંદ પ્રકટ ભયો, ભક્તન જીવન મૂલી. ૨

પદ ૧૩ મું.

શ્રીવિઠ્ઠલનાથ વધાઇ, દીજે શ્રીવિઠ્ઠલનાથ;
રાણી રુક્ષ્મણીજીએ ઢોટા જાયો, નિરખી લાલ હું આઇ. ૧
જાકે લીયે શ્રીગોવર્દ્ધન આયો, તાકે નિજ ઘર બેઠે પાયો;
શ્રીવૃંદાવનકો ચંદ પ્રગટ ભયો, શ્રીગોકુલમણિરાય. ૨

પદ ૧૪ મું.

કેસરકી ધોતી કટિ કેસરી ઉપરના ઓઢે,
ગોકુલેશ ઠાડે નિજ મંદિરમેં સોહે. ૧
સુંદર વિશાલરૂપ ભૂખન સોહે અનુપ,
અંગ અંગ શોભા દેખી કોટિક મદન મોહે. ૨
કુંડલ બિરાજે કાન ઉપમાકો નાહીન આન,
ભાવ ભરે લટકતહે, યા છબીકો કોહે. ૩
ઘંટા ઝાલર બાજે આરતિ હાથ ન રાજે,
વાર વાર નિરખ નિરખ વ્રજપતિકો જોહે. ૪

પદ ૧૫ મું.

મંગલ ગાવત દેત આશીષ.
નિરખ નિરખ ઉર લેત બલૈયા, જીવો ક્રોડ વરિશ. ૧
ધન રૂકમની તેરી કુખ સુહાગિની, એસો પુત દીયો જુગદીશ;
રાજકરો વૃંદાવન વલ્લભ શ્રીગોકુલકે ઈશ. ૨

પદ ૧૬ મું.

શ્રીવલ્લભસુતકે સુત જાયો, શ્રીગોકુલેશ સુખ રાસ;
પુષ્ટિમાર્ગ પથ દઢ કર રાખ્યો, ગોકુલ કીનો વાસ. ૧
સેવા કર નિજ જનહી શિખાવત. બસે આય હરિ પાસ.
શ્યામસુંદર પદરજ પ્રતાપતે, ગાવત હેં નિજદાસ. ૨

ધોળ ૧૭ મું.

શ્રીગોકુલનાથ પ્રકટ થયારે આપો મહા ઓચ્છવ.
મહારા તનના તાપ ગયારે " ૧

સખીયો સર્વ મળી ઘેર આવોરે ”
મોતીના ચોક પુરાવોરે. ” ૨
કંકુના હાથા દેવરાવોરે, ”
મંગલ કલશ ભરાવોરે. ” ૩
કદલ ખંભ રોપાવોરે, ”
તરીયા તોરણ બંધાવોરે. આયો મહા ઓચ્છવ. ૪
રૂડા મંડપ રચાવોરે, ”
ચીરના ચંદરવા બંધાવોરે. ” ૫
શેરીએ કાચ ઢળાવોરે, ”
સુગંધ અગર ઉખેવોરે. ” ૭
મોટા સમીઆના બંધાવોરે, ”
મોતીની ઝાલરો ટંકાવોરે. ” ૮
સખીયો સહુ મળી ઘેર આવોરે, ”
મંગલ ધોળ ગવરાવોરે. ” ૯
મોટી જાજમો પથરાવોરે, ”
ગાદી મુંઢા બીછાવોરે. ” ૧૦
દીવા જ્યોત પ્રકટાવોરે ”
આજ આનંદ વધાવોરે. ” ૧૧
શ્રીગોકુલનાથને પધરાવોરે, ”
એ છે શ્રીરુક્મિણીજીના જાયારે, ” ૧૨
એ છે વૈષ્ણવ જનના વહાલારે, ”
એ છે શ્રીવિઠ્ઠલનાથજીના લાલારે. ” ૧૩
વહાલે પુષ્ટિપ્રાકટ્ય કીધું રે, ”
વહાલે ભક્તને દાન દીધું રે. ” ૧૪

વહાલે વ્રજમાં પૂર્યો વાસરે, આયો મહા ઓચ્છવ.
જન્મ સુદી સાતમ માગશર માસરે. " ૧૫
વાહાલે સહુની પુરી આશરે, "
બલિહારી માધવદાસરે. " ૧૬

ધોળ ૧૮ મું.

ભલે જન્મ્યા શ્રીગોકુલનાથજીરે, જોવા આવ્યો, આવ્યો વ્રજવાસીનો સાથજીરે.
સેવક જન સર્વે ઉભા છે દ્વારજીરે, દર્શન દીજે હમારા આધારજીરે. ૨
મલી માનુની મંગલગાયજીરે, ત્યાં તો ઘેર ઘેર ઓચ્છવ થાયજીરે. ૩
વાજીંત્ર તે બહુ વિધનાં વાજેજીરે, શ્રીગોકુલ સઘળેડું ગાજેજીરે. ૪
એવું શ્રીવિઠ્ઠલજીને દ્વારે છાજેજીરે, પ્રકટ્યા સેવક જનને કાજેજીરે. ૫
મલી માગધ આંગણે આવેજીરે, અતિ આનંદે વ્રજજનને પહેરાવેજીરે. ૬
દે આ આશિષ દ્વિજ કુલમાં પ્રગટ્યો દીવોજીરે,
સદા શ્રીવિઠ્ઠલજીનો કુંવર ચિરંજીવોજીવોરે. ૭
વહાલે મારે શ્રીગોકુલમાં કીધો છે વાસજીરે,
જન્મ્યા સુદી સાતમ માગસર માસજીરે. ૮
સેવક જનની પોહોચાડી મારે વા'લે આશજીરે,
બલીહારી જાય માધવદાસજીરે. ૯

ધોળ ૧૯ મું.

આજ મ્હારે શ્રવણે સાંભળ્યું હેલીરે,
પધાર્યા શ્રીગોકુનાથ મહારી બેહેનીરે;
ચાલો જોઇએ શ્રીગોકુલનાથને. ૧
તોડે તે તોરણ બાંધીયાં હેલીરે,
ચોક ચિત્રામણ સાર. મારી બેહેનીરે. ચાલો. ૨

પીળાં પીતાંમ્બર પહેરીયાં, હેલીરે,
સજ્યા તે સોળ શણુગાર, મારી બેહેનીરે. ચાલો. ૩
કોણે તે હસ્તી શણુગારીયા, હેલીરે,
કોણુ રાય તેજી તોખાર, મારા બેહેનીરે, ચાલો. ૪
કોણે તે ઘોડવેલ જોતરી હેલીરે,
કોણુ રાય રથ સુખપાલ, મારી બેહેનીરે. ચાલો. ૫
શ્રીગોકુલગામને ગોંદરે, હેલીરે,
થઇ રહ્યો ધોંધાટ, મારી બેહેનીરે. ચાલો. ૬
વિપ્ર તે વેદ ધુનિ ઓચરે, હેલીરે,
જશ બોલે ચારણભાટ. મહારી બેહેનીરે. ચાલો. ૭
શિળી કદમકેરી છાંયડી, હેલીરે,
સુંદર શ્રીયમુનાંનાં તીર, મહારી બેહેનીરે. ચાલો. ૮
શ્રીગિરિધારીજી ગજે ચઢયા, હેલીરે,
શ્રીગોવિંદરાયજી તેજી તોખાર, મારી બહેનીરે. ચાલો. ૯
શ્રીબાલકૃષ્ણજી બાલુડા, હેલીરે,
ઘોડવેલે અસવાર, મહારો બેહેનીરે. ચાલો ૧૦
શ્રીગોકુલપતિ મધ્યમણિ, હેલીરે,
રાખી નિગમકેરી લાજ, મહારી બહેનીરે. ચાલો. ૧૧
શ્રીરઘુપતિ જદુપતિ ઝુમણાં, હેલીરે,
શ્રીઘનશ્યામલાલજી કંઠ કેરા હાર, મહારી બહેનીરે. ૧૨
બેઉ બાંધવ બેઠા ગોઠડી, હેલીરે,
વહુ બેટી દે છે આશીષ, મહારી બહેનીરે. ચાલો. ૧૩
વ્રજ મંડળ સહુ ઉલટયું હેલીરે,

સેવક પાળા સાથ, મ્હારી બ્હેનીરે, ચાલો. ૧૪
શુકનતો સામા મળ્યા, હેલીરે
ગોપ વધુ વચ્છ ગાય, મ્હારી બ્હેનીરે, ચાલો. ૧૫
માર્ગમાં માલણ મળી, હેલીરે,
કંઠે આરોપ્યા હાર, મ્હારી બ્હેનીરે. ચાલો. ૧૬
માલા જીતીને ઘેર આવીઆ, હેલીરે,
વર્ત્યો છે જેજેકાર, મ્હારી બ્હેનીરે. ચાલો. ૧૭
દેવનાં દુંદુભિ વાગીયાં, હેલીરે,
પુષ્પની વૃષ્ટિ થાય, મ્હારી બ્હેનીરે. ચાલો. ૧૮
કંચન કલશ કેસર ભર્યા, હેલીરે,
મોતીડે પૂર્યા થાલ, મ્હારી બ્હેનીરે. ચાલો. ૧૯
સોહાસણ આવે સહુ મળી, હેલીરે,
વધાવા શ્રીવલ્લભલાલ, મ્હારી બ્હેનીરે. ચાલો. ૨૦
માધવદાસની વિનતિ, હેલીરે,
આપો શ્રીગોકુલવાસ, મ્હારી બ્હેનીરે. ચાલો. ૨૧

ધોળ ૨૦ મું.

માગશર માસે અતિ અનુપમરે આજે સોહેલો;
તેનું અભિનવું રૂપરે. આજે. સોહલો. ૧
તેમાં જન્મ્યા શ્રીગોકુલભૂપરે, પ્રકટયા ભકતના આધારરે. આજે. ૨
ધન્ય ધન્ય સપ્તમી શુભ સારરે, તેહેનું વચન ન આવે રૂપરે. ૩
તે ધન્ય કૃષ્ણદાસી ભકતરે, જે છે વહાલાસું અનુરકતરે, ૪
ઉદરપર ફેર્યો હાથરે, આવો મેરે શ્રીગોકુલનાથરે. ૫
ત્યારે શ્રીરુકિમણી એમ બોલ્યાંરે, ગુંજ અંતરપટ ખોલ્યાંરે. ૬

તે ભક્ષે ગોકુલનાથ પાયારે, મેરે જીયામેં જીય આયારે. ૭
પ્રકટયો આનંદનો ઉદ્યોતરે, તેની અભિનવી જોત્યરે. ૮
શ્રીશોભાજીએ આરતિ કીધીરે, અચલ સુહાસણી આશીષ દીધીરે. ૯
ગાયે ગીત બહુ પેરરે, હોય શ્રીવિઠ્ઠલજીને ઘેરરે. ૧૦
વાજીંત્ર વાજે અવનવી ભાંતરે, પૂર્યા ચોક સાથીયા દ્વારરે. ૧૧
ધન્ય ધન્ય સપ્તમી મહાભાગ્યરે, પ્રકટયો ભક્તનો સુહાગરે. ૧૨
ધન્ય ધન્ય શ્રીરુક્મિણીજી માતરે, જન્મ્યા જગત વિખ્યાતરે. ૧૩
પ્રયાગ નગર રસભર્યુંરે, પ્રાકટય અભિનવું કર્યુંરે. ૧૪
ભક્તના ભાવ શું કહુંરે. તેનો કહેતાં પાર ન લહુંરે. ૧૫

ધોળ ૨૧ મું.

શ્રીગોકુલીયું મૂકીને કંઇ જઇએ નહિ,
વાસો વસીએ ચરણકમલની છાંય જો;
શ્રીયમુનાંજીનાં સુંદર તટ રળિયામણાં,
ત્યાં માહરા વાહાલાજીના પરમ રમણ સુખ ધામજો. શ્રીગોકુલ. ૧

જસોદા ધારે આનંદસાગર ઉલટયો,
સુખસાગરમાં ઝીલે ભક્તસમાજ જો;
શ્રીઠકરાણી ઘાટે બેઠક સુંદર શોભતી,
સદા બિરાજે શ્રીવલ્લભ પરમ ઉદાર જો. શ્રીગોકુલ. ૨
શ્રીગોકુળીયાની વૃક્ષલતા સહુ નમી રહી,
ચરણસ્પર્શવા શ્રીગોકુલપતિ મહારાજ જો;
ગિરિગોવર્દ્ધન રત્નખચિત સોહે ઘણું,
આધવૃંદાવન નિત્ય રમણના ધામ જો. શ્રીગોકુલ. ૩
આનંદ મંગલ મહારસસિંધુ ઉલટયો,

કુંજકુંજ પ્રતિ બેસે શ્રીનંદકુમારજો;
જે નયણે શ્રીગોકુળીયું નિરખ્યું સહી,
તે નયણાંના ભાગ્ય તણો નહિ પાર જો. શ્રીગોકુલ. ૪
શ્રીવલ્લભઘાટે પ્રીતમજી બેસે ઘણું,
કુંજગલીમાં બીડતણા નહિ પાર જો;
રંગીલી ગલી શ્રીગોકુલપતિ મંદિર જતાં,
પ્રીતમજી ત્યાં વળી લે છે દાન જો. શ્રીગોકુલ. ૫

જગમોહનમાં બેઠક સુંદર શોભતી,
મનોરથ પૂરે શ્રીગોકુલનો નાથ જો;
રમણરેતીમાં રાસમંડલ રચના કરી,
નિરખી હરખી જીવ કૃતાર્થ થાય જો. શ્રીગોકુલ. ૬

ભેટ પહેરામણી ભાવસહિત સહુ ત્યાં કરે,
તેને વહાલો આપે વ્રજમાં વાસ જો;
ઘહેરાં જલ અતિ દીસે સુંદર શોભિતાં,
એવી રીતે કહે છે શ્રીવલ્લભિદાસ જો. શ્રીગોકુલ. ૭

બેર બેર શ્રીજમુનાજીને વિનતિ કરૂં,
નિત્ય પ્રતિ રાખો ચરણકમલની છાંય જો;
નિજ ભકતનકી નિજ દાસી હું તમતણી,
કીંકરી કહે મને આપો શ્રીવ્રજમાં વાસ જો. શ્રીગોકુલ. ૮

ધોળ ૨૧ મું.

શ્રીરુક્મિણી જાયો શ્રીવલ્લભ પુત્ર, વધાવો વ્રજરાયને,
સખી શ્રીગોકુલના ભૂપ, વધાવો વ્રજરાયને.
એમનું મહામનોહર રૂપ, વધાવો વ્રજરાયને. ટેક

એક સકલ સોહાસણી, મળી વ્રજ કેરી નાર;
એક આવે ઉતાવળી, વિસરી વિવેક વિચાર;
એકના મનમાં મોદ ભર્યા, મળી મંગલ ગાયે ચાર. વધાવો. ૧
એક એકની ઝાલે આંગળી, પહેર્યાં પીતાંબર સાર;
એકે દક્ષણીનાં ચીર પહેર્યાં, ચોળીએ મોતીના હાર;
એકને ચરણ ચુંદડી, એકે સજીયા સોળે શણગાર. વધાવો. ૨
એક નાચે ને એક ગાય, એક બજાવે તાલ;
એકને વાગે ઘુઘરા. તેનો શબ્દ રસાલ;
એક નાર ના બદે કોઇને, ઉમંગી ઉમંગી જશ ગાય. વધાવો. ૩
એક કુમકુમ હાથા દેતી, તોરણ બાંધ્યાં છે દ્વાર;
એકે કદળીના સ્થંભ રોપ્યા, સાથીયા શુભ સાર;
એક અતિઆનંદશું બોલે છે જેજેકાર. વધાવો, ૪
એક ચોક ચંદને પુરતી, ગોત્ર ભાલ છત્રીશ,
એક કુમકુમ તિલક કરતી, એક દેતી આશીષ;
એક ઉતારે આરતી, જીવો શોભા બેટીજીના વીર. વધાવો. ૫
એમ કહે છે વ્રજસુંદરી, પ્રકટયા ભકતને કાજ;
એક વદન નિહાળતી, અવલોકે વારંવાર;
એક માગે વધામણી, બલિહારી **માધવદાસ.** વધાવો. ૬

ધોળ ૨૩ મું.

આજ જનમદિવસ છે રે હેલી, શણગાર સજું સર્વે પહેલી. ૧
જાઉં શ્રીવિઠ્ઠલજીને દ્વાર, ત્યાં તો ભકતની ભીડ અપાર. ૨
વાજે તાલ ને ઝાંઝ મૃદંગ, વળી વાજે છે માંગલી સંગ. ૩
વાજે ઢોલ દમામા ને ભેરી, મોટી નોબત ઘુમે ઘેરી, ૪

ત્યાં તો નૃત્ય કરે નરનારી આભૂષણ શોભે છે ભારી. ૫
નારી ધોળ ગાયે ગુજરાતી, ફુલી ફરતી ને અંગ ન સમાતી. ૬
ત્યાં તો મોતીના ચોક પુરાયે, શ્રીવલ્લભવર કેસરે ન્હાયે. ૭
ઘસી કેસર ચંદન ઘોળ્યાં, ફૂલેલ શ્રીઅંગે ચોળ્યાં. ૮
ઉષ્ણ જલશું સ્નાન તે કીધાં, વૈષ્ણવજને ચરણામૃત લીધાં. ૯
અંગવસ્ત્ર શ્રીઅંગેજ કરીયાં, ધોતી ઉપરણા કેસરી ધરીયાં. ૧૦
મા’રે વા’લે આભૂષણ ધરીયાં, દેખી વૈષ્ણવનાં મન ઠરીયાં. ૧૧
માર્કંડની પૂજારે કીધી, વિપ્રજનને દક્ષિણા દીધી. ૧૨
ઘડીપીંડી ને આરતિ કીધી, ન્યોછાવરી વારીને દીધી. ૧૩
હરિદાસ શોભા સુખકારી, હરખી નિરખીને જાઉં બલિહારી. ૧૪

ધોળ ૨૮ મું.

અગહન માસ મહાબડભાગી, આજે સોહેલો.
સુદી સપ્તમી સુહાગી, આજે સોહેલો. ૧
વાર ભલો ભૃગુવાર, આજે સોહેલો;
નિશ ઘટિકા છપ્પન પલ અનુરાગી, આજે સોહેલો. ૨
સંવત સોલસે શુભ **અષ્ટ** આજે સોહેલો.
પ્રાદુર્ભાવ ભયો પુષ્ટ, આજે સોહેલો. ૩
દૈવી જીવ લખે પ્રભુ સ્પષ્ટ, આજે સોહેલો;
મીટયો વિરહાનલકો કષ્ટ, આજે સોહેલો. ૪
કૃપા શકિત કૃષ્ણાદાસી, આજે સોહેલો,
શ્રીગોકુલપતિજુકી ઉપાસી, આજે સોહેલો; ૫
ય સમય જાણી રહી પાસે, આજે સોહેલો;
રુક્મિણીજી જન્મે સુખરાશી, આજે સોહેલો. ૬

શ્રીમુખ નિરખી હરખ ભેર ફુલી, આજે સોહેલો;
કૃષ્ણદાસી અંતર પટ ખોલી, આજે સોહેલો. ૭
આયો શ્રીગોકુલનાથ યોં બોલી, આજે સોહેલો;
સુણી ધાઈ વ્રજજનકી ટોલી, આજે સોહેલો. ૮

ધન્ય શ્રીવિઠ્ઠલનાથ ગુસાંઇ, આજે સોહેલો;
સુત પાયે શ્રીવલ્લભરાય આજે સોહેલો. ૯
ધન્ય ધન્ય શ્રીરુક્ષ્મણીજી માઇ, આજે સોહેલો;
જીનકી અમૃત કુખ સિરાઇ, આજે સોહેલો. ૧૦
ગામ અડેલ ત્રીવેણી તીર, આજે સોહેલો;
સુંદર યમુનાજીકો નીર, આજે સોહેલો; ૧૧
પ્રકટયો શોભાજીકો વીર, આજે સોહેલો;
મીટી રસભકતનકી પીર, આજે સોહેલો. ૧૨

સુંદરરૂપ અનુપમ સોહે, આજે સોહેલો;
વ્રજજન નિરખી હરખી મન મોહે, આજે સોહેલો. ૧૩
ઉમંગ ભરી સબ શ્રીમુખ જોયે, આજે સાહેલો,
ઇનકે ભાગ્ય સમોવડ કો હે, આજે સોહેલો. ૧૪

સુની ધાઇ સબ વ્રજકી નારી, આજે સોહેલો;
ગાવતી ગીત બજાવત તારી, આજે સોહેલો. ૧૫
નાચત ઉમંગ ભરી સકુમારી, આજે સોહેલો;
સંગ ઝાંઝ પખાવજ થારી, આજે સોહેલો. ૧૬

દેત આશીષ સબ વ્રજબાલ, આજે સોહેલો;
જીવો રુક્ષ્મણીજી તિહારો લાલ, આજે સોહેલો. ૧૭
દ્વારન બાંધત બંદનમાલ, આજે સોહેલો;

તિલક દીયો ભકતનકે ભાલ, આજે સોહેલો. ૧૮
મિશ્રી વદનકમલમેં ધરહી, આજે સોહેલો;
મિલત પરસ્પર અંકજ ભરહી, આજે સોહેલો. ૧૯
ઉત્સવ ઘર ઘર પ્રતિ સબ કરહી, આજે સોહેલો;
શ્રીગોકુલપતિ પદ અનુસરહી, આજે સોહેલો. ૨૦

ધોળ ૨૫ મું.

આનંદસાગર ઉલટયો સખી આજ મ્હારે મન માંહ્યરે,
અંગો અંગ ફુલ્યાં અતિ ઘણાં. સખી ફુલ્યાં તે કોનાં નવ જાયરે
ભલે પ્રકટયારે શ્રીગોકુલનાથ, શ્રીવિઠ્ઠલનાથ, ઘો હેલી હરિને વધામણાં.૧
બાવન ચંદન બહુ વળી, વચ્ચે ચોક નવલી જાતરે,
પાછળ ફરતાં ફુલડાં, વચ્ચે વેલડીની જાતરે;
સોહાસનરે સોહાસનરે બેસો ઢળકંતા હાથ, લટકંતા હાથ. ઘો હેલી. ૨
બહુ રત્નમાલ હીરે જડયા, મોતીડે પૂર્યાં થાળરે
કુમકુમ ભર્યારે કચોલડાં, માંહી પુષ્પ કેરી માળરે;
સોહાસણરે, સોહાસણરે, ગાય મંગલચાર, ગીત રસાલ. ઘો હેલી. ૩
આનંદ ઉપન્યો અતિ ઘણો, સખી આણીએ નવરંગરે;
વાજીંત્ર વાગે અવનવાં સખી ઢોલ ભેર મૃદંગરે;
આજ મન ઉપન્યોરે, મન ઉપન્યોરે, સખી અતીશે આનંદ. ઘો હેલી.૪
પ્રિતે પ્રભુજી નિરખીયા, શ્રીગોકુલપતિ મહારાજરે;
હરિદાસ કહે મ્હારા મન તણા, પહોતા મનોરથ આજરે;
હવે સરીયાંરે, હવે સરીયાંરે, સેવકનાં કાજ, વૈષ્ણવનાં કાજ. ઘો હેલી.૫

ધોળ ૨૬ મું.

શ્રીગોકુલ જોવા સરખુ રે, રૂડા રસ રંગ ભર્યાં;
એવાં જોઈ જોઇ મનડાં હરખ્યાંરે, ભાગ્ય સૌભાગ્ય ભર્યાં. ૧

શ્રીજમુનાજી વહે છેરે, નિરખતાં મ્હારાં મન ઠર્યાં;
એ તો સદા નિરંતર રમણ કરે છેરે, ભક્તનાં કારજ સર્યાં. ૨
શ્રીજમુનાજી નિર્મલ ન્હાજોરે, અતિ અનુરાગીયાં;
ભવોભવ ભય નિવારોરે શિરપર ગાજીયાં. ૩
અંગીકૃત કીધાંરે વહાલે મારે દાન આપ્યાં;
શ્રીગોકુલપતિ મહિમા ભારીરે, શ્રીવલ્લભવર નામ ધર્યાં; ૪
એવા પ્રભુ મંગલકારીરે, પ્રેમે અમો વર વર્યાં;
મને વેગે આણું મોકલજોરે, પ્રભુ હું તમારા સેવા કરૂં;
કાંઇ કિંકર દાસ તમારોરે, ચરણુર ૮ શીશ ધરૂં.

ધોળ ૨૭ મું.

વહાલા લાગોછો ઘણું વહાલા, વલ્લભલાલ વહાલા વાગો છો.
કેસરીયા ધોતી મ્હારા પ્રભુજીને સોહીયે, છુટા મહેલ્યા છે કેશરે. ૧
કેસરી ઉપરણા માહારા વાહાલાજીને સોહીએ, ચાલ લટકંતી ચાલે. ૨
કેસરીયા પાઘ મારા પ્રભુજીને સોહીયે, મુખડાં છે પુનમ ચંદ. ૩
શ્રીવિઠ્ઠલનાથજીના લાલજ કહીયે, રાણી રુક્મણીના જાયા. ૪
શોભા બેટીજીના વીર જ કહીયે, પારવતી વહુજીના કંથ. ૫
કીકીમાં કામણ કીધું મ્હારા વહાલા, મારૂં મન હરિને લીધું. ૬
દૈવી જીવને હિત પ્રાકટ્ય લીધું, અનેક જીવ ઉદ્ધાર્યા. ૭
કર જોડીને કહે છે ગોપાલદાસ, રાખો ચરણની પાસ. વલ્લભલાલ ૮

ધોળ ૨૮ મું.

શ્રીગોકુલ સાસરીયે જાવું, આણું તો મોહનવરનું આવ્યું;
લખ્યું શ્રીહસ્તતણું ભાવ્યું. શ્રીગોકુલ. ૧
જાવું છે લટકે ને મટકે, મોહનવર જોઇ જોઇ મન અટકે;

પાયે નૂપુરીયાં ઠમકે. શ્રીગોકુલ. ૨
આભરણ પહેર્યા છે અંગે, સખીજન શોભે છે સંગે;
મોહન વર જોઇ જોઇ મન રંગે, શ્રીગોકુલ. ૩
વાટલડી તો જોવે છે વહાલો, સખી વેગે વહેલેરાં ચાલો;
નેણાં ભરી પ્રીતમજી નિહાળો. શ્રીગોકુલ. ૪
સાસરીયું મને વહાલેરૂં લાગે, ત્યાં મારી કામવાસના ભાગે;
મોહનવર જોઇ જોઇ રઢ લાગે. શ્રીગોકુલ. ૫
સખી મહારે આ અવસર રૂડો, અવિચલ અખંડ પહેર્યો ચુડો;
મહારે શ્રીગોકુલપતિ વર રૂડો. શ્રીગોકુલ. ૬
અદ્દભુત લહેર તરંગ ભારી, શ્રીયમુનાજલ ભરવી છે ઝારી;
મોહનપર વારંવાર વારી. શ્રીગોકુલ. ૭
શ્રીવલ્લભ નામ સદા રટવું, નિત્ય સુજાતિમાં રહેવું;
સદા શ્રીચરણ કમલ સેવું. શ્રીગોકુળ. ૮

ઘોળ ૨૯ મું.

વારી વારી શ્રીગોકુલનાથ તમારા લટકાને. ટેક.
લટકે શ્રીગોકુલ ગામ વસાવ્યું ને, મોટા મંદિરનું રાજરે;
સહુ સેવકને ચરણે રાખો, ચૌદ ભુવનના નાથ. દરશન જઇએરે. વારી. ૧
પીળાં પીતાંબર પરવટવાળી, ઓઢયા ઉપરણા સારરે;
કેસર કેરાં તિલક બિરાજે, શિરપર કેસરી પાઘ. દરશન૰ વારી. ૨
કંઠે સોહીએ ડુગડુગીને, હીરાકંઠી અતિ સારીરે;
કંઠે મોતનકી માલા બિરાજે, કુંડલ ઝગકે કાન. દરશન૰ વારી. ૩
સુંદર સારાં કડાં બિરાજે, પહોંચી રત્ન જડાવરે;
બાંહે બાજુબંધ બેરખા બિરાજે, એવા વહાલાને શણગાર.

શ્રીમદનમોહનજી આપ બિરાજે ને, શ્રીબાલકૃષ્ણ નાહાની જોડરે;
શ્રીનવનીતપ્રિયાજી આપ બિરાજે, બડાં વૈષ્ણવનાં ભાગ્ય. ૫

સાતે સ્વરૂપ શ્રીગોકુલમાં બિરાજે, જાણીએ ગૌલોક પુરીરે;
મોટે મંદિર શ્રીગોકુલનાથજી બિરાજે, સામા શ્રીવિઠ્ઠલનાથજીના લાલ. ૬

શ્રીગોકુલનાથજીને પાર્વતીવહુજી, નિત્ય નવી આરતી પૂરેરે;
લટકે શ્રીગોકુલનાથ આરતિ ઉતારે, સેવકને સુખ આપે. ૭

ધોળ ૩૦ મું.

આજે આનંદનો ભાણ ઉદય થયોરે, પોતે પ્રકટ્યા શ્રીગોવર્દ્ધનનાથ,
હેતે પ્રીતેથી વધાવીયે શ્રીનાથરે. ૧

સાખી—શ્રીગોકુલગામ સોહામણું, તટ જમુનાંને ત્યાંય;
સુંદર જલ શીતલ ઘણાં, કાલિંદીનાં ત્યાંય.

એવા રમણ સ્થલમાં બિરાજે મારો વા'લમોરે, ત્યાંતો થઈ રહ્યો
આનંદ અપાર. હેતે પ્રીતેથી. ૨

સાખી—ચૌદ લોકના રાજીયા, વહાલા અવળ સવળ કરનાર;
ધર્મ ધોરિંધર પ્રકટીયા, એવા શ્રીવિઠ્ઠલ પ્રાણાધાર.

એવા શ્રીનાથજીના ચરણકમળમાં આપણેરે, નીતિભક્તિથી વસીયે સદાય.

સાખી—નિજ તિલક માલા ધરી, જાણે વર્ત્યો જેજે કાર;
અન્ય ધર્મ અળગા કરી. રાખી વેદ મરજાદ.

એવા શ્રીવલ્લભવિઠ્ઠલ પ્રભુજીને હું નમુંરે, એતો વારી વારી લેછેરે દાણ. ૪

સાખી—વ્રજ ઉપર ઇંદ્ર કોપીયો, ગિરિ લીયો ઉઠાય;
મદ ઉતાર્યો મઘવાતણો, એવા શ્રીકુંજબિહાર.

એવા શ્રીગોવર્દ્ધનધારી પ્રભુને વિનવુંરે. વાસો વસીયે વ્રજમાં સદાય. ૫

સાખી—સરખા સરખી આપણે, મળી સહુ સમાજ;
પ્રીતેથી નિહાળીએ, શ્રીવલ્લભવરને આજ.
એતો પ્રકટ્યા છે ભક્તહિત કારણેરે, જઈ નમીયે વારંવાર. હેતે. ૬

ધોળ ૩૧ મું.

આવીજી અચલ સોહાસણી, મલી સહીઅર સમાણી;
શ્રીગોકુલનાથજીને નિરખીએ, જગવલ્લભ જાણી. ૧
કાલિંદીજીને કાંઠડે, શ્રીગોકુલ ગામ;
ત્યાં બિરાજે શ્રીવલ્લભરાજીયો, પરિપૂરણ કામ. ૨
શ્રીવલ્લભકુલમંડન, ખંડન પાખંડી;
જેણે જીત્યો કલિકાલમાં, કલિરૂપ કુદંડી. ૩
નખ શીખ સુંદરતા તણો, કોઈ પાર ન જાણે;
સુર મુનિ નારદ શારદા કવિ કોણ વખાણે. ૪
સરલ સુદેશ સોહામણો, શિર વાળ વિશાલ;
વદનકમલ પાસે રહે, જાણે મધુકર માલ. ૫
લલિત લલાટ રસ ભર્યું, હરિચંદન રેખા;
ભ્રુકુટી કામ કમાનની, વિંધે પ્રાણ ત્રિશેખા. ૬
વાધ્યો વ્રજવનિતાઓને, ઉર અંતર ભેદ;
તત્ક્ષણ નયન નિરખતાં, કુલસંકલ છેદ. ૭
લોચન લાલ પ્રસન્નતા, શ્રુતિમંડલ પરસ;
કરુણાભર શિંગાર સાર, બહુ રસ વરસ. ૮
નવલ નિરુપમ નાસિકા, ગલસ્થલ ઝલક;
કંચનમણિ કુંડલતણી, આભા અતિ ચલક, ૯
અધર અમૃત ભર્યા, દંત દાડમ ખીલ્યા;

વાક્યસુધારસદૃષ્ટિથી, બ્રહ્માદિક ભૂલ્યા. ૧૦
કરપદ ગ્રીવા ઉદરની, ઉપમા શી દીજે;
ત્રિભુવન માંહે કોઈ નહિ, એહેની સમોવડ કીજે. ૧૧
શોભા જોતાં સુખ હોય, તેતો મન જાણે;
મુંગો મિઠાઇ તણો, કેમ સ્વાદ વખાણે. ૧૨
અનુભવી વિણુ આનંદનું, કેમ રૂપ જણાય;
જ્ઞાની વિરમી રહ્યા, ત્યાં કવિ કેમ ગાય. ૧૩
જુગ જુગ જીવો જગત પ્રભુ, સેવક સુખકારી;
નારાયણ ગુણરૂપની, જાય બલિહારી. ૧૪

ધોળ ૩૨ મું.

આલોજી રસભરી સુંદરી, જઇ જોઇએ વલ્લભજી;
અગમ નિગમ જાણે નહિ, એવા છે રે દુર્લભજી. ૧
કંદર્પ કોટિલાવણ્ય કહીયે, મયાવાદખંડનજી;
ગુણનિધિ ગોકુલનાથજી, ઘણી શોભા સુંદરજી. ૨
વ્રજસુંદરીજીનો વા'લમો, શ્રીવિઠ્ઠલસુત કહીયે;
તેણે ત્રિભુવન મોહી રહ્યા, એહેને જોવાને જઇએ. ૩
બાળ ખેલ લીલા કરે, રુક્મિણીજી લાડ લડાવે;
નિજજન બહુ સુખ પામીયા, પ્રેમે દર્શને આવે. ૪
શ્રીગોકુલ ગામ સોહામણું, શ્રીનાથજી પધાર્યા;
ભક્તને મન આનંદ થયો, ત્રણ લોક ઉદ્ધાર્યા. ૫
અંગો અંગની શોભા શી કહું, કરણ મુક્તાફલ;
નેન બાણ મૂકે ઘણાં, નાખ્યાં છે રે રસાલ. ૬
વદીના શકું કોમલ રસ ભર્યાં, એવા છે રે બિહારી;
નારાયણ ગુણરૂપની, જાયે બલિહારી. ૭

ધોળ ૩૩ મું.

આવોજી અચલ સોહાસણી, મલી મંગલ ગાઇએ;
આજ આનંદ મહારે અતિઘણો, સર્વે વાજીંત્ર વાઇએ. ૧
પ્રકટયા શ્રીગોકુલનાથજી, જન્મનો રે હ્લાડો;
મોતી કેરા સાથીઆ, મંદિરમાંહે કહાડો. ૨
મણિમુક્તાફલ કેરડો વચ્ચે ચોક પૂરાવો;
શ્રીવિઠ્ઠલજી દાન આપે ઘણું કહેતાં ન આવે પાર. ૩
ભાટ જાચક મળયા ઘણું, બોલે જય જય કાર;
ભગવતી મન આનંદ ઘણો, ફુલી અંગ ન સમાય; ૪
માધવદાસના પ્રભુના, જશ સહુ કોઇ ગાય; ૫

ધોળ ૩૪ મું

મંગલરૂપે મહારાજ મારે મન વસીયાજી,
ઘેર આવો છબીલા લાલ કો રંગ રસીયાજી; ૧
બુધે તે શુદ્ધને સુધ સર્વે ભૂલીજી,
હુંતો જોઈ શ્રીવલ્લભપ્રભુજીનાં રૂપ અંગોઅંગ ફુલીજી. ૨
બૃહસ્પતે તો ભ્રમણા મનની ભાગીજી,
શ્રીવલ્લભવરની સાથ લગની લાગીજી. ૩
શુક્રવારનાં સુખ ઘણાં શાં કહીએજી,
શ્રીગોકુલનાથજીને ચરણે ચકોર થઇ રહીએજી. ૪
શનિવારે સંતાપ ગયા સૌ નાસીજી,
હુંતો ભવોભવ વલ્લભલાલતણી થઇ દાસીજી. ૫
આદિત્યે આનંદ ઉર ના સમાયજી,
શ્રીગોકુલનાથજીનાં રૂપ કહ્યાં ન જાયજી. ૬

સોમે તે સોળ શણુગાર સજ્યા મેં અંગેજી,
લાલાલહેરી શ્રીગોકુલેશ સંગ રમવા રંગેજી. ૭

ધોળ ૩૫ મું.

આજ સખી હુંતો આનંદ પામી, અખિલ ભુવનપતિ ગરુડારે ગામી;
પધાર્યા છે અંતર્યામીરે, ચાલો દર્શન જઇએ. ૧
ફુલની ગાદી ને ફુલના તકીયા, ફુલની સેજ બિછાઇએરે; ચાલો. ૨
ચીરના ચંદરવાને મંડપ મોટા, બંદનવાર બંધાઇએરે; ચાલો. ૩
માનિની ગાવે ને ચોક પુરાવે, મંગલ કલશ ભરાઇએરે; ચાલો. ૪
સોના રૂપાનાં તે ફુલડે વધાવો, છત્ર ચમર તે ઢોલઇએરે; ચાલો. ૫
વરઘોડો વાલમજીનો આવ્યો, કીર્તન ધોળ તે ગાઇએરે; ચાલો. ૬
કાનજી આવે ને મોટા મંડપ રચાવો,હીરજીભાઇને બોલઇએરે;ચાલો. ૭
વાજીંત્ર વાજેને સર્વે સુહાવે; ઝાંઝ મૃદંગ બજાઇએરે; ચાલો. ૮
શ્રીવિઠ્ઠલપ્રભુ વૈષ્ણવ મળીને, શ્રીફલ બેટ ધરાઇએરે; ચાલો. ૯

ધોળ ૩૬ મું.

પિયુજી મુજને વ્રજ જોવાના કોડ કે, વેગે આણું મોકલોરે;
આવ્યો આવ્યો સાસરીયાંનો સાથ કે, તેણે મુજને એમ કહ્યુંરે. ૧
આજ પિયુજી છેરે સોહાગ તો, છત્ર ચમ્મર ઢળેરે;
આજ વ્રજમાં છેરે આનંદ તો, રાય રાણા આડંગ કરેરે. ૨
સુખીઓ છે સઘળેડો સાથ તો, વાર ભલી એક તણીરે;
જઇ જુઓ શ્રીમંદિર માંય તો, શ્રીનાથજીની સેવા કરેરે. ૩
જઇ જુઓ શ્રીબેઠક માંય તો, શ્રીગાદી મુકે શોભતારે;
જઇ જુઓ રાજદરબાર તો, સુખડેથી સાગર ઉલટયોરે. ૪
જઇ જુઓ શ્રીજમુનાજીની તીરતો, વીરો શોભાજી તણોરે;

ઘેરી રાજને કરૂંરે પ્રણામ તો દેખી મારૂં મન ઠરેરે. ૫
એરે લીલા છેરે અગાધ તો, મુખડેથી મારે શું કહુંરે;
વળી માગે માધવદાસ તો, ચરણની સેવા દીજીએરે. ૬

પદ ૬૭ મું.

શ્રીલક્ષ્મણભટજીના દ્વારે, ચાલો તો જોવા જઈએ;
જન્મદિવસ છે આજે, મળીને મંગલ ગાઈએ. ૧

બાજે છે ઢોલ નિશાન, નોબત બાજે અતિ નવી;
થાય છે દુંદુભીના નાદ, વેદની ધુની ત્યાં હવી. ૨

બંદી જન બહુ કરે ગાન, વૈષ્ણવ જાય વારણે;
મોતીના ચોક પુરાય, તોરણ બાંધ્યાં બારણે. ૩

શ્રીવલ્લભવરને નવરાવ્યા, કેસર ચંદન વસ્યાં;
મરદન કરીયાં ફુલેલ, સેવકજનનાં મન વસ્યાં. ૪

ઉષ્ણોદક પ્રભુજી નહાયા, અંગવસ્ત્ર અંગ ધર્યાં;
કેસરી ધોતી ઉપરણા, શ્રીપ્રભુજીએ પહેર્યાં. ૫

કુમકુમ ભાલ તિલક અક્ષત સોહે પીળા;
પીઠાયે બેઠા શ્રીવલ્લભ, વૈષ્ણવ નિરખે લીલા. ૬

જોવાને દેવતા આવ્યા, માર્કંડની પૂજા સમે;
શ્રીફલ ફોફલપાન, દક્ષણા જેને જે ગમે. ૭

સંગા કુટંબ સહુ સાથ, ભોજન કીધાં પ્રીતશું;
બંદીજન વિવિધ પ્રકાર, બીડાં આપ્યાં રીતશું. ૮

સરવે વૈષ્ણવજનને, પ્રસાદી જુઠણ દીધી છે;
એ શોભા જોતાં હરિદાસ પ્રીતે કરી લીધી છે. ૯

પદ ૩૮ મું

શ્રીવલ્લભલાલ કરે સો આછી. (૨)
અપને જન પર કૃપા કરતહે, જીવકી બુદ્ધિ કાચી. શ્રીવલ્લભ. ૧
જો ઇનકો દઢ કર પકરત હે, તાકી બુદ્ધિ ફીરે નહિ પાછી;
શ્રીવિઠ્ઠલેશ કહે શ્રીગોકુલપતિમેં, લગન હોઇ જો સાચી. ૨

પદ ૩૯ મું.

કીયોતો શ્રીવલ્લભજીકો હોય. (૨)
ઓર ન દુસરો યા જગ માંહી, દેખત નાહી મોય. કીયોતો. ૧
શ્રીગોકુલપતિકો પ્રતાપ જગમેં, અખંડ દિનકર સોય;
સ્મરણ ભજન કરો નિત પ્રતિ, નમો પદાંબુજ દોય. કીયોતો. ૨
અન્ય રુચે નહિં મોકોં સ્વપ્ને, ઇનકો શ્રીમુખ જોય;
શ્રીવિઠ્ઠલપ્રભુ વલ્લભરૂપ હૃદયધર, નિધડક રહીયે સોય. કીયો. ૩

પદ ૪૦ મું.

હમતો શ્રીગોકુલનાથ ઉપાસી. (૨)
યમુનાજલ નિત્ય પાન કરે ઉઠ, મુખ નિરખે સુખરાશી. હમતો. ૧
ગયા પ્રયાગ કછુ કામ નહિ હે, નહિ કામ કછુ કાશી.
સદા સેવું શ્રીવલ્લભ વલ્લભ, કહા કરૂં જઇ નાશી. હમતો. ૨
ઓર ઠીકાને મન નહિ લાગત, હમ શ્રીગોકુલકે વાસી;
ઇનકે ચરણ હે સબ તીરથ, ભક્તિ મુક્તિ અતિ ખાસી. હમતો. ૩
બ્રહ્મસંબંધ ભયો જબહીતે, તબહીતે જીય બાસી;
શ્રીવિઠ્ઠલપ્રભુ શ્રીગોકુલેશકે, ચરણકમલકી દાસી. હમતો. ૪

પ્રકરણ ૯ મું

શ્રીગોસ્વામી બાલકોનાં ધોળ

ધોળ ૧ લું.

શ્રીઠકુરાણી ઘાટ સોહામણોરે છોકર લેહેકે છે દ્વારરે,
માહારૂં શ્રીગોકુલ રળિયામણુંરે. ૧
શ્રીવલ્લભવંશ બિરાજતારે, શ્રીવિઠ્ઠલનાથજીનો સાથરે. મહારૂં. ૨
ગુણનિધિ શ્રીગોપીનાથજીરે, હલધરનો અવતારરે. મહારૂં. ૩
ગુણનિધિ શ્રી વિઠ્ઠલનાથજીરે, શ્રીકૃષ્ણતણો અવતારરે મહારૂં. ૪
શ્રીરુક્મણીવહુજીના કુંવરે, શ્રી પદ્માવતી વહુજીના કુંવરે. મહારૂં. ૫
ગુણવંતા શ્રીગિરધરલાલજીરે, શ્રીભામિનીજી વહુજીના કુંવરે. મહારૂં. ૬
ગુણવંતા શ્રીગોવિંદરાયજીરે, શ્રી રાણીજી વહુજીના કુંવરે. મહારૂં. ૭
ગુણવંતા શ્રીબાલકૃષ્ણજીરે, શ્રી કમલાવતી વહુજીના કુંવરે. મહારૂં. ૮
ગુણવંતા શ્રીગોકુલનાથજીરે, શ્રી પાર્વતી વહુજીના કુંવરે. મહારૂં. ૯
અજીતને જીતી વળ્યારે, રાખ્યો માલાનો ધર્મરે. મહારૂં. ૧૦
ગુણવંતા શ્રીરઘુનાથજીરે, શ્રીજાનકીજીવહુજીના કુંવરે. મહારૂં. ૧૧

ગુણવંતા શ્રીયદુનાથજીરે, શ્રીમહારાણીવહુજીના કંથરે. મહારૂં. ૧૨
ગુણવંતા શ્રીઘનસ્યામજીરે, શ્રીકૃષ્ણાવતીવહુજીના કંથરે. મહારૂં. ૧૩
લક્ષ્મી સતભામા બેહુરે, અગ્રજની અનુહારરે. મહારૂં. ૧૪
શ્રીનવનીતપ્રિયાજીને રીઝવ્યારે, સેવા વિવિધ પ્રકારરે. મહારૂં. ૧૫
શોભા યમુના કમલા દેવકારે, જેને સાત બંધુ સોહાગરે મહારૂં. ૧૬
શ્રીગોકુલથી શ્રીજી પધારીયારે, ચઢયો શ્રીગોવર્દ્ધન ટેકરે. મહારૂં. ૧૭
સીંહાડમાં શ્રીજી પધારીયારે, આપે શ્રીગોવરધન નાથરે. મહારૂં. ૧૮
શ્રીજીની સેવામાં સોંપીયારે, સાત કુંવરની જોડરે. મહારૂં. ૧૯
ભોગ ધરાવે શ્રીજીને ભાવતારે, શ્રીયમુના જલ ઝારી હાથરે. મહારૂં ૨૦
આચમન કરાવી બીડાં ધર્યાંરે, આરતિ ઉતારે વ્રજનાથરે. મહારૂં. ૨૧
દર્પણ ધરે મન મોદશુંરે, માળા પહેરાવે હાથરે. મહારૂં. ૨૨
બંસીવટના ચોકમાંરે, મારે વાહાલે કર્યો વેણુનાદરે. મહારૂં. ૨૩
રમવું રાધાના રાસમાંરે, તાળી શ્રીગોવર્દ્ધન હાથરે. મહારૂં. ૨૪
કર જોડીને કરૂં વિનતિરે નમી નમી દંડવત્ થાયરે. મહારૂં. ૨૫
માધવદાસની વિનતિરે, આપો શ્રીગોકુલ વાસરે. મહારૂં. ૨૬

ધોળ ૨ જું.

શ્રીગોવિંદરાયજીરે રસીયા, મા'રા હૃદે કમલમાં વસીયા. ૧
શ્રીમુખ સુંદરરે દીસે, નિજજનનાં મન જોવા ઇચ્છે. ૨
ભાલે તિલકરે બિરાજે, ભ્રકુટી ધનુષ સમાન બિરાજે. ૩
કાને કુંડલરે ઝલકે, જાણે ચપલા વીજળી ચમકે. ૪
હળવે મધુરૂંરે બોલે, એ વચનામૃત નહિ કો તોલે. ૫
શ્યામલ વરણેરે સોહીયે, નિરખતાં ભવ દુઃખડાં ખોઇયે. ૬
સુંદર [illegible]રે સીંચ, લોચન તાપે અમૃત પીવા [illegible] ૭

શ્રીવિઠ્ઠલેશરાયજીરે માથે, જુગ જુગ જોડી બિરાજે સાથે. ૮
શ્રીવિઠ્ઠલેશ રાયજીરે લાલા, શ્રીગોકુલઉત્સવજી સુત ઘણું વહાલા. ૯
પુત્ર શ્રીગોપેશ્વર છોગાળા, શ્રીલક્ષ્મી નરસિંહ દીનદયાળા. ૧૦
અનુભવ ગ્રંથ તણો વિસ્તાર, શ્રીહરિરાયજી પ્રકટયા બીજીવાર.૧૧
એ સુખ નિજજનને ઘણું દે છે, શ્રીભાગવત સદા નિરંતર કહેછે૧૨
પ્રકટયા શ્રીપુરુષોત્તમ અવતાર, એગની લીલા અપરંપાર. ૧૩
એમના ગુણનેરે ગાઇએ, ચરણકમલ રજ લેવા જઇએ. ૧૪
એવા સ્વામીશ્રી સમર્થ માથે, પ્રકટયા દૈવી જીવને કાજે. ૧૫
સકળ મનોરથરે સીધ્યા, મનવાંછિત ફલ માગ્યાં દિધે. ૧૬
શ્રીવ્રજભુષણનારે સ્વામી, ચરણકમલ વંદુ શિરનામી. ૧૭

ધોળ ૩ જું.

શ્રીવિઠ્ઠલનાથજીના લાલ છે અતિ લટકાળા,
વૈષ્ણવના પ્રાણ આધાર સહુને છે વહાલા. ૧
શ્રીગોવિંદરાયજીના પુત્ર સહુકો એમ કહે છે,
વહાલે દીધાં અઢળક દાન મનવાંછીત દે છે. ૨
શ્રીગોપેશ્વરજીના ભ્રાત રૂપે રૂડા છે,
નિરખે નહિ જે નરનાર તે નર કુડા છે. ૩
એવાં પ્રફુલ્લિત વદન વિશાળ શું કહું શોભાને,
જાણે ઉગીયા પૂનમચંદ થયું મન લોભાને. ૪
એમનું સુંદર ભાલ વિશાળ તિલક શોભે છે,
નિરખીને ગાજે મોરાર ચિતડાં લોભે છે. ૫
શ્રીકંઠે માલ કુસુમતણી અતિ રાજે છે,
નિરખતાં વૈષ્ણવજનને મોહ ઉપજાવે છે. ૬

ચંચલતા ચાલે ચાલ ભારિ દીસે છે,
જાણે મદગજ કમલ સમાન મન જોઇ હીસે છે. ૭
છબિ ઉપર જાઉં બલિહાર હું તમને વારૂં,
પ્રકટયા શ્રીવિઠ્ઠલનાથ સેવકજનના સારૂં. ૮
મને હરખ ઘણેરા થાય છે ગુણ ગાવાને,
મહારા તનના તાપ સમાવ ભવ દુઃખ જાવાને. ૯
છેલછબીલા લાલ છે અતિ સારારે
હીંડ છે લટકા કરતા કામણગારારે. ૧૦
સીંહાડ નગરમાં વાસ સહુકો જાણે છે,
જશ થયો જગત વિખ્યાત દાસ વખાણે છે. ૧૧
શું કહું વ્રજભૂખણજી ગુણ તમારારે,
અવગુણ ના જોશો નાથ ઘણા અમારારે. ૧૨

ધોળ ૪ થું.

ચાલને ચાલ ઉતાવળી, લાલને જોવાને જઇએ,
મનડું તે પ્રેમે ભેગીને, સહુ સુખીઆંરે થઇએ. ૧
ન્હાનડીઓ શ્રીદ્વારકેશજી, મા'રે હયડે વસીયા;
વહાલોજી નિંદ્રા નહિ કરે, સેવાના છે રસીયા, ૨
અમીરે ભરી હરિની આંખડી, અતિ છે અણિયાળી;
સામું જોવાને સુંદરી, લાલે મીટડી માંડી. ૩
ચાંચ જાણે પોપટ તણી, એમના નાકની દાંડી;
જાણે પરવાળાં અધર છે, દીસે એમ રાતલડી. ૪
મુસ્તક નવરંગ મોળીયાં, શોભે કમળને વાને;
બે પાસ શોભિતા લાલને, મોતી ઝળકે છે કાને. ૫

ઓઢણું આછી લોબડી, કોટે કનકની માળા;
એક જીભ્યાએ શું કહું, એમના અંગના ચાળા. ૬
ચિતડું તે મારૂં ચોરીયું. મૂરલીને નાદે;
કાળી ધોળી બોલાવતાં, એમને સર્વે સાદે. ૭
એવો કોઈ સાંભળ્યો નથી, નયને નવ દીઠો;
હીંડે છે મોડામોડતે, અતિ લાગે છે મીઠો. ૮
સનકાદિક સેવે સદા, એનો રસ છે રૂડો;
ઘરમાં રહી શું કીજીએ, સંસાર છે કુડો. ૯
મનુષ્ય દેહ પામીને, રૂડું રત્નજ લીધું;
શ્રી ગિરિધરલાલ જીવનશું, મા'રૂં ચિત્તજ બાંધ્યું. ૧૦
જુગ જુગ જીવો મા'રો વા'લમો સેવક સુખકારી;
નારાયણ ગુણ રૂપને, જાઉં બલિહારી. ૧૧

* ધોળ ૫ મું.

મુખ છબી ચંદ ઉજીયારી,
શ્રીબાલકૃષ્ણલાલ આંખડી અમીત અણિયાળી. ટેક.
મહાઘૂર્ણિત શ્યામ શ્વેત રતનારી,
ખંજન કુરંગ નાખું વારિ. શ્રીબાલકૃષ્ણલાલ. ૧
પ્રફુલ્લિત વદનકમલ કરુણામય.
કહેતાં ગુણ શારદા હારિ. શ્રીબાલકૃષ્ણલાલ. ૨
શ્રીનાથજીકેરા સિદ્ધ કરાવ્યા અલંકાર,
આપનાં તે નેત્ર નિહારી. શ્રીબાલકૃષ્ણલાલ. ૩
સેવા કરો શ્રીદ્વારકાધીશ પ્રભુની,

* આ ધોળ બડે શ્રીબાલકૃષ્ણલાલજી (શ્રી ગુસાંઈજીના ત્રીજા બાલકનું છે).

પ્રેમ આનંદ મન ધારિ. શ્રીબાલકૃષ્ણલાલ. ૪
શ્રીબાલકૃષ્ણલાલજીને પારણે ઝુલાવતાં,
મનમાં અતિ આનંદ વધારી. શ્રીબાલકૃષ્ણલાલ. ૫
જન્મ ઓચ્છવમાં થયા શ્રીયશોદાજી,
દૂધ ધાર સ્તને થઇ ન્યારી. શ્રીબાલકૃષ્ણલાલ. ૬
પ્રસન્ન થયા તાતચરણ શ્રીગુસાંઇજી,
કહ્યું માગો મનથી વિચારી. શ્રીબાલકૃષ્ણલાલ. ૭
શ્રીવિઠ્ઠલનંદન ત્યારે એમ બોલ્યા કે,
આપની કૃપા રહો અપારી. શ્રીબાલકૃષ્ણલાલ. ૮
શ્રીમદ્‌ગુસાંઇજીએ કૃપા કરી ભાખીયું,
નંદમહોત્સવ તમ ઘેર ભારિ. શ્રીબાલકૃષ્ણલાલ. ૯
કંથ શ્રીકમલાવહુજીના કહેવાઓ છો,
નિજજન જાય બલિહારી, શ્રીબાલકૃષ્ણલાલ. ૧૦

ધોળ ૬ ઠું.

શ્રીદ્વારિકાનાથજીને લાગું પાયકે, મતિ દીજે ભલીરે લોલ;
શ્રીબાલકૃષ્ણજીનો જન્મ પવિત્ર તે ગાઇએ સહુ મળીરે લોલ. ૧
સંવત સોળસેંને ખટ કે કૃષ્ણ સદીરે લોલ;
આસો માસે નંદકુમાર કે, ફરી પ્રકટ્યા મહીરે લોલ. ૨
રાણી રુકમણીમાતને કુખકે, લાલજી પ્રકટીયારે લોલ;
શ્રીવિઠ્ઠલનાથજી દેછે દાનકે, જાચક સહુ હરખીયારે લોલ. ૩
સાંભળી આનંદ નરને નાર કે, સહુ મળી આવીયાંરે લોલ,
કાંધે દધીનાં શીકાં ધર્યા કે, સહુ મન ભાવીયાંરે લોલ. ૪
શ્રીવલ્લભ રાજકુમારને ઘેર કે, દધીકાદો મચ્યોરે લોલ;

શ્રીવિઠ્ઠલનાથજીને ત્યાંય કે, બધાઇનો રંગ રચ્યોરે લોલ. ૫
એક એક નરને એક એક નારકે, હાથ તાળી દીએરે લોલ;
નાચે ગાવે ઓચ્છવ થાયકે, સહુ જે જે કેહેરે લોલ. ૬
નાચે હાદી સુરૂપે સુજાનકે, ઝાંઝ લેઈ હાથમાંરે લોલ;
વાગે ઝાંઝ મૃદંગ ઉપંગકે, કવિતા કરી તાળમાંરે લોલ. ૭
ગાવે વૈષ્ણવજન નરનારકે, ધોળ પ્રકટ્યા નવાંરે લોલ;
લુટાવે શ્રીવલ્લભનંદ ઉદારકે, મિષ્ટાન્ન મોદક ઘણાંરે લોલ. ૮
શ્રીગિરિધરજી પ્રફુલ્લિત મનકે, ગોવિંદ હરખીઆરે લોલ;
આવ્યા દેવ બેસી વૈમાનકે. કુસુમ બહુ વરખીઆંરે લોલ. ૯
આવ્યા જોશી સહસ્ત્ર પ્રવિણકે, લાલ પ્રકટ્યા સુણીરે લોલ;
અમને ખટપુત્ર કન્યા એકકે, એમ કહે છે મુનિરે લોલ. ૧૦
આવ્યા ગર્ગાદિક માહા મુન્યકે, ધુની કહે વેદનીરે લોલ;
શ્રીગોસ્વામી કરી પરમ ઉદારકે, આપી વધામણીરે લોલ. ૧૧
આવી ગોકુલની સહુ નારકે, ઝુંડ ઝુંડે મળીરે લોલ;
જોયા શ્રીમુખ શ્યામસ્વરૂપકે, આશિષ દે સહુરે લોલ. ૧૨
ચિરંજીવો શ્રીવિઠ્ઠલરાજકુમારકે, ભક્તશિર ગાજજોરે લોલ;
પ્રભુજી સેવા કરજો નિત્યકે. ગોકુલમાંહી માહાલજોરે લોલ. ૧૩
અવિચલ ચપલતા રેહેજો નિત્યકે, ભક્ત હુલરાવજોરે લોલ:
હું છું ચરણ સેવકનો દાસકે, કૃપણ પામી ઘણોરે લોલ. ૧૪
રાખો ચરણકમળની પાસકે, બરદ તમ તણુંરે લોલ;
બલિહારી જાય માધવદાસકે, દોષ નિવારજોરે લોલ. ૧૫

ધોળ ૭ મું.

ધન્ય કાંકરોલી ગામરે, વહાલો વસે વ્રજના ધણીરે;
ધન્ય કાંકરોલી ગામરે, શ્રીદ્વારકાનાથની શોભા ઘણીરે. ૧

ધન્ય કાંકરોલી ગામરે, પુરુષોત્તમ સેવા કરેરે;
ધન્ય કાંકરોલી ગામરે, રળિયામણો રાય સાગરરે. ૨
ધન્ય કાંકરોલી ગામરે, દુનિયા દરશન જાય છેરે;
ધન્ય કાંકરોલી ગામરે, માનુની મંગળ ગાય છેરે. ૩
ધન્ય કાંકરોલી ગામરે, આનંદ ઓચ્છવ થાય છેરે;
ધન્ય કાંકરોલી ગામરે, જે જીવ શરણે જાય છેરે. ૪
ધન્ય કાંકરોલી ગામરે, તેહનું જીવતર સફલ થાય છેરે;
ધન્ય કાંકરોલી ગામરે, માધવદાસ ગુણ ગાય છેરે. ૫

ઘોળ ૮ મું

માગશર વદી ચતુર્દશી સાહેલીરે, શુભ વેલા શુભ વાર;
શ્રીવિઠ્ઠલવર ભૂતલ પ્રકટીઆ સાહેલીરે. ટેક. ૧
ધન્ય ધન્ય માત ચારોમતી સાહેલીરે, પુરુષોત્તમ અવતાર. ૨
ઘેર ઘેર પોહોંતી વધામણી સાહેલીરે, હરખ્યો છે સહુ સાથ. ૩
તોરણ બાંધ્યાં બારણે સાહેલીરે, ઘેર ઘેર ઓચ્છવ થાય. ૪
ધન્ય ધન્ય એ કાંકરોલી એ સાહેલીરે, માનિની મંગલ ગાય. ૫
જાચક સહુ ટોળે મળ્યા સાહેલીરે, સુણી અનુપમ વાત. શ્રીવિઠ્ઠલ. ૬
વિધિશું વેદ સ્નાન કરે સાહેલીરે; દાન આપે વ્રજનાથ. શ્રીવિઠ્ઠલ. ૭
થાળ ભર્યાં ગજમોતીએ સાહેલીરે, આવ્યાં શ્રીવ્રજની નાર. ૮
વિપ્ર વેદ ધુની ઉચ્ચરે સાહેલીરે, દે છે સહુ આશિષ. શ્રીવિઠ્ઠલ. ૯
વધાવા આવે સહુ લાલને સાહેલા રે, હૈડે હરખ ન માય. ૧૦
દાદીજીએ લીધા ગોદમાં સાહેલીરે, નિર્ખે સઘળો સાથ. ૧૧
વૈષ્ણવ ગાય આનંદશું સાહેલીરે, આજે શ્રી જગદીશ. શ્રીવિઠ્ઠલ.૧૨
દેવનાં દુદુંભી વાગીયાં સાહેલીરે, પુષ્પની વૃષ્ટિ થાય. શ્રીવિઠ્ઠલ. ૧૩

હેવી જીવને કારણે સાહેલીરે, ફરી લીધો અવતાર. શ્રીવિઠ્ઠલ. ૧૪
શરણે લીધા જીવને સાહેલીરે, લીલાનો નહિ પાર. શ્રીવિઠ્ઠલ. ૧૫
દાસવલ્લભ જાય વારણે સાહેલીરે, પુરુષોત્તમ અવતાર;
શ્રીવિઠ્ઠલવર ભૂતલ પ્રકટીઆ સાહેલીરે. શ્રીવિઠ્ઠલ. ૧૬

ધોળ ૯ મું.

જીરે કારતક માસ વદી અષ્ટમી, જીરે પ્રકટયા શ્રીગિરિધરલાલ.
આનંદ મને અતિ ઘણો. ૧
જીરે ઘોષ સકલરે ગાજી રહ્યું, વાજેછેરે નિશાન. આનંદ. ૨
જીરે ઘેર ઘેર હરખ વધામણાં, જીરે ઘેરઘેર ઓચ્છવ આજ.આનંદ. ૩
જીરે મંગળ સજ કરો માનની, વ્રજનારી વધાવા જાય. આનંદ. ૪
જીરે ગોકુલ ગુંડીરે ઉછળે, જીરે તરીયા તોરણ બંધાય. આનંદ. ૫
જીરે દાન આપે કેસરી રાયજી, જીરે ગજરથ અશ્વને ગાય. આનંદ. ૬
જીરે ગોકુલગામ રળિયામણું, રળિયામણાં શ્રીયમુનાનાં નીર. આનંદ. ૭
જીરે ક્રિડા કરે શ્રીગિરિધરલાલજી, જીરે રત્ન ગંગાજીના વીર. આનંદ. ૮
જીરે એ પ્રભુને નવ ઓળખ્યા, તેહેનો ફેરો પડયો સંસાર. આનંદ. ૯
જીરે એ પ્રભુને જેણે ઓળખ્યા, તેહેના ભાગ્ય તણો નહિ પાર. આનંદ. ૧૦
આશાપુરી વહાલે ભક્તની, બલિહારી જાય માધવદાસ. આનંદ. ૧૧

ધોળ ૧૦ મું.

શુભ અષ્ટમીનો દિન કહીએ સારરે, વહાલાજી.
શ્રીવ્રજભૂષણજીનું પ્રાકટય નિર્ધાર. મારા વાલાજી. ૧
વ્રજભૂષણજી રૂપે રૂડા દીસેરે, વહાલાજી.
આ મારૂં મનડું જોવાને ઘણું હીસે. મારા વહાલાજી. ૨
શ્રીપદ્માવતી કૂખે અવતર્યા સુખકારીરે, વહાલાજી.

એ લીલા ગાજો નિત્ય નરને નારી. મારા વહાલાજી. ૩
શ્રીવ્રજભૂષણજી વિઠ્ઠલવરના લાલરે, વહાલાજી.
આ અંતર અમને બહુ લાગે છે વહાલ. મારા વહાલાજી. ૪
શ્રીવ્રજનાથજી જોઈ હરખે મન મોહેરે, વહાલાજી.
શ્રીચારુમતી માજી ફુલ્યાં અંગો અંગે. મારા વહાલાજી. ૫
શ્રીગોકુલનાથજી ફુલ્યા અંગે ડોલેરે, વહાલાજી.
આ વૈષ્ણવ ઉભા જેજે શબ્દ બોલે. મારા વહાલાજી. ૬
કેસરીયા ધોતી સોહીએ સુંદર નાથરે, વહાલાજી.
ઉપરણો ઓઢ્યો છે લટકંતે હાથ. મારા વહાલાજી. ૭
કેસર કેરાં તિલક બિરાજે ભાલરે, વહાલાજી.
શ્રીકંઠે સોહીએ ગુંજાકેરા હાર. મારા વહાલાજી. ૮
શ્રીવ્રજભૂષણ શ્રીગિરિધારીલાલના તાતરે, વહાલાજી.
આ પ્રાતઃસમે ઉઠી કીધા પાઠ. મારા વહાલાજી. ૯
શ્રીદ્વારકાંનાથજી સેવો છો ઘણી રીતેરે, વહાલાજી.
શણુગાર આપોને ભોગ ધરો ઘણી પ્રીતે. મારા વહાલાજી. ૧૦
શ્રીવ્રજભૂષણજી શ્રીચંદ્રાવલી વહુજીના કંથરે, વહાલાજી.
નેનકટાક્ષે ભાજો એ ગુણવંત. મારા વહાલાજી. ૧૧
શ્રીહરિ અમારે હૈડે હરખ ન માયરે, વહાલાજી.
આ ધંધુકાના વૈષ્ણવ તમને ગાય. મારા વહાલાજી. ૧૨
શ્રીવ્રજભૂષણજી દુખડાંના છો જાણરે, વહાલાજી.
પ્રીતલડી સાથે બંધાણા પ્રાણ. મારા વહાલાજી. ૧૩
શ્રીવ્રજભૂષણજી ગિરિધારી ગઢના રાજારે, વહાલાજી.
આ દાન આપેને લાગે ઘણા વહાલા. મારા વહાલાજી. ૧૪

સોળ કલા તો સંપૂર્ણ કહેવાયરે, વહાલાજી.
આ મુખડાં જોતાં દુખડાં સર્વે જાય. મારા વહાલાજી. ૧૫
ગાંડો ઘેલો હું કાંઇ નવ જાણુંરે. વહાલાજી.
શ્રીવિઠ્ઠલવરની કૃપા હોયતો માણું. મારા વહાલાજી. ૧૬
કાલો ઘેલો દાસ તમારો જાણીરે, વહાલાજી.
શ્રીવ્રજભૂષણજી વેગે લેજો તાણી. મારા વહાલાજી. ૧૭
એ શોભા જોઇ હરિદાસ બલિહારી જાયરે, વહાલાજી,
શ્રીવ્રજભૂષણને દીઠે મહાસુખ થાય. મારા વહાલાજી. ૧૮

પદ ૧૧ મું.

શ્રીકાંકરોલીગામ રળીયામણું રે,
ત્યાંતો બિરાજે શ્રીદ્વારિકાંનાથ લાલ;
પ્રકટયા શ્રીવ્રજભૂષણલાલજીરે.
ફરી વા'લો સેવક કારણ પ્રકટીયારે,
પ્રતિજ્ઞા ધરીને મન સંઘાથે લાલ. પ્રકટયા. ૨
શ્રીપદ્માવતીવહુજીયે લાલજી જનમીયારે,
જુગમાં વર્ત્યો જય જયકારે લાલ. પ્રકટયા. ૩
સંવત અઢારસેં ચોત્રીસનારે,
ચૈત્રસુદ આઠમ શનિવારે લાલ. પ્રકટયા. ૪
સિંહ લગ્ન નક્ષત્ર પુનર્વસુરે,
પોણીછ ઘડી શેષ પ્રમાણે લાલ. પ્રકટયા. ૫
લગ્ને બૃહસ્પતિ આવ્યા સીંહનારે,
ત્રીજે શનિશ્ચર તુલાના લાલ. પ્રકટયા. ૬
પાંચમે કેતુ આવ્યા ધનનારે,

આઠમે બુધ શુક્ર રવિ મીનના લાલ. પ્રકટયા. ૭
નવમે મંગલ આવ્યા મેષનારે,
અગીઆરમે રાહુ ચંદ્ર મીથુનના લાલ. પ્રકટયા. ૮
એવેને જોગે વા'લો જનમીયારે,
શ્રીવિઠ્ઠલ વરને હરખ ન માય લાલ. પ્રકટયા. ૯
શ્રીચારોમતી માજી મન હરખ્યાં ઘણું રે,
સહુને દેછે આદરભાવ લાલ. પ્રકટયા. ૧૦
વૈષ્ણવ યૂથે યૂથે મળ્યા ઘણારે,
આવી વહાલાને હુલરાવે લાલ. પ્રકટયા. ૧૧
કંચનથાળ ભર્યો સગ મોતીએરે,
આવી વહાલાને વધાવે લાલ. પ્રકટયા. ૧૨
બાંધો તોરણ પુરો સાથીયારે,
ગુણીજન ગાય મધુરે ગાને લાલ. પ્રકટયા. ૧૩
દાસવલ્લભ ઉપર દયા કરીરે,
રાખો ચરણકમલની છાંયે લાલ. પ્રકટયા. ૧૪

ધોળ ૧૨ મું.

શ્રીકાંકરોલી ગામના વાસી, એ મોતી વાળા,
હું છું પૂર્વજન્મની દાસી, મારૂં માગ્યું આપો મારા નાથજી. ટેક. ૧
શ્રીગોકુલનાજીના લાલ, એ મોતીવાળા,
વહાલા પ્રાણથકી લાગો વહાલા. મારૂં માગ્યું. ૨
શ્રીપાર્વતી માજીના જાયા, એ મોતીવાળા,
વહાલે મુજને લગાડી માયા. મારૂં માગ્યું. ૩
શ્રીચારોમતી વહુજીના કંથ, એ મોતીવાળા,

છો દયાલુ કરુણાવંત. મારૂં માગ્યું. ૪
શ્રીજમુના બેટીજીના તાત, એ મોતીવાળા,
સૌ જાણે છે સાક્ષાત. મારૂં માગ્યું. ૫
શ્રીમુખ જાણે પૂનમચંદ, એ મોતીવાળા,
દીસે છે અણીઆળાં લોચન. મારૂં માગ્યું. ૬

આ રૂપ તમારાં જોઈ, એ મોતીવાળા,
મારૂં મન રહ્યું છે મોહી. મારૂં માગ્યું. ૭
આ રૂપ રસ બસ ભર્યાં એ મોતીવાળા,
એ પ્રીતમને જોયાની ખાંત. મારૂં માગ્યું. ૮

નિત્ય નૂતન તમારા છંદ, એ મોતીવાળા,
છો પૂરણ પરમાનંદ. મારૂં માંગ્યું. ૯
શ્રીપુરુષોત્તમજી રંગી, એ મોતીવાળા,
છો જન્મો જન્મના સંગી. મારૂં માગ્યું. ૧૦

છો અનેક નારિના નાથ, એ મોતીવાળા,
મ્હારે તમ ઉપર છે દાવ. મારૂં માગ્યું. ૧૧
તમારે તો અનેક નારી, એ મોતીવાળા,
તોયે કહેવાયા બ્રહ્મચારી. મારૂં માગ્યું. ૧૨

ગાઉં છું પૂર્વની પ્રીત, એ મોતીવાળા,
રાખો શ્રીકૃષ્ણની રીત. મારૂં માગ્યું. ૧૩

જાણું છું પૂર્વના છંદ, એ મોતીવાળા,
કુરૂપ કુબ્જા શું કીધો સંગ. મારૂં માગ્યું. ૧૪
અમારે તો આ શો સંગ, એ મોતીવાળા,
તમારે તો અનેક પ્રસંગ. મારૂં માગ્યું. ૧૫

મારા અવગુણ આડા આંક, એ મોતીવાળા,
હું શું કાઢું તમારો વાંક. મારૂં માગ્યું. ૧૬
વિયોગ તણાં દુ:ખ દોહલાં, એ મોતીવાળા,
સંયોગે લાગે હરી સોહલા. મારૂં માગ્યું. ૧૭
શ્રીદ્વારકાંનાથજીના મંદિરમાં, એ મોતીવાળા,
ચાલો છો ગજગતિ ચાલ. મારૂં માગ્યું. ૧૮
નિરખું તમારી ચાલ, એ મોતીવાળા,
મીઠી નજર કરો તો થાઉં ન્યાલ. મારૂં માગ્યું. ૧૯
સૃષ્ટિને સમર્પણ આપ્યાં, એ મોતીવાળા.
ભવો ભવનાં બંધન કાપ્યાં. મારૂં માગ્યું. ૨૦
સેવકને આપ્યાં સુખ, એ મોતીવાળા,
દરશન કરતાં ભાગી ભૂખ. મારૂં માગ્યું. ૨૧
એવા પરમ ઉદાર દયાળ, એ મોતીવાળા,
વા'લા અબળાની કરજો સંભાળ. મારૂં માગ્યું. ૨૨
માગું તમ સાથે સદા પ્રીત, એ મોતીવાળા,
મનોરથ કરજો મારા સીદ્ધ. મારૂં માગ્યું. ૨૩
કર જોડીને કહે દાસ. એ મોતીવાળા,
રાખો ચરણકમલની પાસ. મારૂં માગ્યું. ૨૪

ઘોળ ૧૩ મું.

પ્રકટ્યા પુરુષોત્તમલાલરે, સાંભળ માહારી સાહેલી;
વાહાલા છે આનંદકારીરે, વાત કરે હશી હરિ. ૧
એવા વૈષ્ણવજનનાં જુથરે, નિરખે છે નયણાં ભરી;
એવા પુરુષોત્તમ પાતળીયારે, લીધું છે સર્વસ્વ હરિ. ૨

એવા ચતુર શિરોમણિ જાણુરે, સાન કરી સમજાવે છે;
રસિયો છે રસનો ભોગીરે, પ્રેમે પ્રત ઉપજાવે છે. ૩
પેલાં દુરિજનીયાના દીલમાંરે, દાઝ ઘણેરી આવે છે;
તમારૂં શ્રીમુખ જોયા વિનારે, વિરહ ઘણું સંતાપે છે. ૪
ઘરમાંહિ તો નથી ગમતાંરે, આંગણીયે નથી રહેવાતાં;
વહાલા તમો વિના મહારાજરે, અળગાં નથી રહેવાતાં. ૫
માહારા કામણગારા કહાનરે, વારે વારે શું કહીયે;
અમો અબલાનું શું જોરરે, રૂદન કરી થાકી રહીયે. ૬
મરકલડે મોહ પામી છુંરે, અંગે આતુરતા ઢળે;
મને બીજું ન આવે નજરેરે, સાંભળ માહરી સાહેલી. ૭
સહીઅર સંદેશો કહેજોરે, વિનતિ મહારા વહાલાને;
સમજાવી એમને કહેજોરે, શ્રીગોકુલનાથજીના લાલાને. ૮
પ્રભુ દયાનિધિ દયાલરે, કાંકરોલીના છો વાસી;
પ્રભુ પ્રિત કરી પધારોરે, ચરણ કમલની હું દાસી.

*ધોળ ૧૪ મું.

સૂરજ ઉગી ઉદે થયો, સર્વે સંસારીને મોહ રહ્યો;
લાલ લહેરી તું રંગીલો. ટેક. ૧
કાને કુંડલ મકરાં મોતી, હું તો શ્રીદ્વારકાંનાથજીનાં મુખ જોતી. ૨
શેરીએ શેરીએ ફુલડાં વેરૂં, આવતાં જાતાં હું તમને ઘેરૂં; ૩
મારે ઘેર આવજો દહાડી દહાડી. મારે ઘેરે ફુલ ચંપાની છે વાડી. ૪
મારે ઘેર આવો લટકે મટકે, લવિંગ સોપારી બાંધુ દો પટકે; ૫
મારે ઘેર આવો હરિ રમ ઝમતા, તમે મારી સાસુ નણંદનેમન ગમતા. ૬

---

* આ ધોળ બરોડાવાળા શ્રીગોપાલલાલજી. (લાલાલહેરી) મહારાજનું છે.

ઓરા આવો ચોટી ઓળું, પલંગે પોઢો તો પ્રભુને ત્રા ઢોળુ. ૭
મારે ઘેર આવો હસે મસે, દૂધ સાકરિયાં પાઉં રસે રસે. ૮
મારે ઘેર આવોતો રમાડું, ઘરમાં પધારો તો જમાડું. ૯
મેંતો તમ સાથે પ્રીતિ બાંધી, છોડાવી નવ છુટે હીરની ગાંઠી. ૧૦
દાસ વલ્લભ કહે ચરણે લાગું, તેઆ મા'રા જન્મોજન્મનાભયભાગું. ૧૧

ધોળ ૨૫ મું.

ધન્યધન્યરે શ્રીગોકુલ ગામ અતિ રળીયામણું,
કોઇએ દીઠારે શ્રીપુરુષોત્તમજીલાલ, જમુનાંજીમાં ઝીલંતા;
વાહાલો શરીરે ફરાડે નીર, ગોપીઓને મન ગમતા. ૧
વાહાલો બોલે મધુરા બોલ મુખમાંથી મોતીડાં ગરે,
વાહાલો ચાલે ચમકતી ચાલ કંકુનાં પગલાં પડે. ૨
ધન્યધન્ય શ્રીમાહારાણી માની કુખ, જેહની કુખે રત્ન જડયાં,
એવાં કોઇનાં નથી શ્યામસ્વરૂપ, થોડે થોડે કનકે ઘડયાં. ૩
એમનાં મુખડાં પુનમચંદ્ર, દેખી મારાં મનડાં ઠર્યાં;
એમનાં અણીયાળાં લોચન, ગાલે રૂડાં ગલીઆં પડયાં. ૪
વાહાલે છુટા મહેલ્યા કેશ, કેસરી તિલક બન્યાં;
વ્હાલે મોતી કેરા શણગાર, પોતાને અંગે ધર્યા. ૫
માહારે રહેવું શ્રીગોકુલગામ, સાસરીયું ખોટું;
એની શું કરીએ સંસાર, એ મેહેણું મોહોટું. ૬
બલિહારી જાય માધવદાસ શ્રીવિઠ્ઠલવરને;
રાખજો ચરણકમલની પાસ, દયા કરી નીજ જનને. ૭

*ધોળ ૧૬ મું,

ધન્ય ધન્યરે શ્રીગોકુલ ગામ રંગભેર હીંચલ્યોરે, જ્યાં નગટી રતન કેરી ખાણ. રંગભેર. ૧
શ્રી દાઉદજીના લાલ, રંગભેર. શ્રીદાદાજી પ્રાણ આધાર. રંગભેર. ૨
શ્રાવણ સુદી દશમી સાર, રંગભેર. પ્રકટ્યા ધરાણીનું ભાગ્ય. રંગભેર. ૩
શ્રીલક્ષ્મણલાલ મહારાજ, રંગભેર વૈષ્ણવના પ્રાણઆધાર.રંગભેર. ૪
દૈવીને દીધાં દાન, રંગભેર. સેવકનાં સરીવાં કાજ. રંગભેર. ૫
સોહે કેસરી તિલક સુભાલ, રંગભેર.ધોતીધરી કેસરીઆ લાલ.રંગભેર. ૬
ઉપરણો જોઇ મનમોહે, રંગભેર. માંડે શોભા અનુપમ છાજે. રંગભેર. ૭
કહે દાસનોદાસ કરજોડી. રંગભેર. પ્રભુ પુરો મારા મનનાકોડ. રંગ. ૮

§ધોળ ૧૭ મું.

મ્હારે ગુણ ગાવા શ્રીકન્હૈયાલાલકે, સુજાતિ સાથમાંરે લોલ;
વહાલો મારો લટકંતા પધાર્યા કે, ચાલ સોહામણીરે લોલ. ૧
વહાલાજીએ ધોતી પહેરી સારકે, ઉપરણો ઓઢયો કેસરીરે લોલ;
એહુની શોભા ઝાકમ ઝોરકે, હું કયાં લગી કહુંરે લોલ. ૨
વાહાલાજીને જરીદાર પટકો સોહે, ઉપર ઓઢો પામરીરે લોલ;
વહાલાજીએ ટેડી બાંધી પાઘકે, જમો જરકશીરે લોલ. ૩
વહાલાજીએ તોરા મેલ્યા સારકે, બેઉ બાજુએરે લોલ;
વહાલાજી તો તાળી દઇ ગવરાવે કે, સૌ દરશન કરેરે લોલ. ૪
વહાલાજી તો તિબારીમાં બિરાજે કે, સૌ દરશન કરે રે લોલ;

---

* આ ધોળ શ્રીગોકુલનાથજીના ટિકેત શ્રીલક્ષ્મણલાલજી મહારાજનું છે.

§ આ ધોળ શ્રીગોકુલનાથજીના ટિકેત શ્રીકન્હૈયાલાલજી કે જેમનો જન્મ દિવસ સં. ૧૯૨૫ નાશ્રાવણ વદી ૮ નો છે. અને શ્રીગોકુળમાં સંવત ૧૯૨૬ ના કાર્તક વદી ૧૧ ગોહ પધાર્યા તેમનું છે.

કૃપા કરો કરુણાની દષ્ટ કે, માની લિજીએરે લોલ;
દાસી માગે વારંવારકે, ચરણસેવા દીજીએરે લોલ. ૫

ધોળ ૧૮ મું.

જીરે કારતક વદી એકાદશીરે, જીરે પ્રકટયા શ્રીકન્હૈયાલાલરે,
આનંદ મને અતિ ઘણોરે. ૧
જીરે ઘોષ સકલ ગાજી રહ્યુંરે, જીરે વાગે છે રે નિશાનરે. આનંદ. ૨
જીરે ઘેર ઘેર હરખ વધામણીરે. જીરે ઘેર ઘેર ઓચ્છવ થાયરે.આનંદ. ૩
જીરે મંગલ કલશ તે સજ કરીરે, વ્રજનારી વધાવાને જાયરે.આનંદ. ૪
જીરે ગોકુલ સર્વે ગાજી રહ્યુંરે, જીરે તરીયા તોરણ દ્વારરે, આનંદ. ૫
જીરે ખેલ કરે શ્રીકન્હૈયાલાલજીરે, ચંદ્રાવલી માજીના લાલરે. આનંદ. ૬
જીરે એવા પ્રભુને જેણે ઓળખ્યારે, તેના ભાગ્ય તણો નહિ પારરે.આનંદ. ૭
જીરે મનોરથ પૂરે એ ભક્ત તણારે, બલિહારી જાય દાસનો દાસરે. ૮

ધોળ ૧૯ મું.

હું બલિહારી તૈલંગકુલ દીપક, શ્રીકન્હૈયાલાલજીનેરે. લોલ;
પ્રકટયા પોતે પરમદયાલ, જગતહિત કારણેરે. લોલ. ૧
કારતક વદિ એકાદશી દીનકે, શ્રી ગોકુળ પધારીયારે. લોલ.
શ્રીચંદ્રાવલીજી માજીની ગોદકે. પ્રભુજી બિરાજીયારે. લોલ. ૨
શ્રીગોકુલ ગડગડીઆં નિશાન, આનંદ સૌને અતિ ઘણોરે. લોલ.
મંદિર કદલી ખંભ રોપાયકે, તોરણ બાંધીયારે. લોલ. ૩
આવ્યાં આવ્યાં લટકંતાં વ્રજનારી, પ્રભુને વધાવીયારે. લોલ.
વહાલા મારા ભક્ત તણે ઘેર જાયકે, શીતલ સ્વભાવનારે. લોલ. ૪
શ્રીકન્હૈયાલાલજીના ચરણની રેણું કે, ઉર ધરી લિજીએરે. લોલ.
વાહાલા મારા દાસ કરે છે વિનતિ કે, માની લીજીયેરે. લોલ. ૫

ધોળ ૨૦ મું.

શ્રીનટવરલાલને વારણેરે, સુંદર શ્રીછોટાલાલ બલિહારીરે લાલ. શ્રી૦ ૧
રાજનગર રળીયામણુંરે, તેહની સુંદર શોભા સારી રે લાલ શ્રી૦ ૨
છપ્પનભોગ સોહામણોરે, કીધો બુદ્ધિ બહુ વિચારરે લાલ. શ્રી૦ ૩
સૈકુ સંવત અઢારમાંરે ચતુર ચોરાણુવો શુભકારીરે લાલ.શ્રી૦ ૪
વેગે વેશાખ માસમાંરે, સુદની સાતમને સોમવારરે લાલ. શ્રી૦ ૫
દેશો દેશથી આવીયારે, સહુકો આવ્યાં નરને નારીરે લાલ. શ્રી૦ ૬
ઉત્તરથી હરી આવીયારે, શ્રીગોકુલનાથજીની ગાદી ભારીરે લાલ. શ્રી૦ ૭
શ્રીલક્ષ્મણલાલને જોઇનેરે, સહુકોને પ્રીતિ ઘણી છે પ્યારીરે લાલ. શ્રી૦ ૮
દક્ષણથી દુઃખ કાપવારે, આવ્યા શ્રીકલ્યાણરાય હેતકારીરે લાલ. શ્રી૦ ૯
પૂર્વથી પ્રભુ પધારીયારે, શ્રીત્રીકમજી માધવરાય ગિરિધારીરે લાલ.શ્રી૦૧૦
પશ્ચિમથી પ્રભુપધારીયારે, આવ્યાશ્રીમગનલાલજીમહારાજરેલાલ.શ્રી૦૧૧
શ્રીમદુલાલ મથુરાંનાથજીરે, બીજા બાલક જાઉં બલીહારીરે લાલ.શ્રી૦૧૨
સેજે સાતને તારીયારે, તેહેને મહેર કરી મહારાજરે લાલ. શ્રી૦૧૩
સેજે દાસ જમનાને દયા કરીરે, હેતે લીધો છે ઉદ્ધારીરે. લાલ.શ્રી૦૧૪

ધોળ ૨૧ મું.

શ્રીમદનમોહનલાલ આગળ વિનંતિ કીધી, રાજનગરપધાર્યાની આજ્ઞા લીધી;
શ્રીનાથજી પધાર્યાની શી કહું વીધી, શ્રીબાલકૃષ્ણલાલે સુખ આપીયાંરે. ૧
રાજનગરમાં વધાઇઓ ગવાય, વૈષ્ણવને મન હર્ખ ન માય,
શ્રીવ્રજરાયજી પ્રભુ સામા જાય. શ્રીબાલકૃષ્ણલાલે. ૨
બેઠક ધામ ભૂમિનાં ધન્યરે, તે રંગ ખેલે તેમ ઉડે પવન;
જય જય શબ્દ બોલે વૈષ્ણવ જન. શ્રીબાલકૃષ્ણલાલે. ૩
રાજા બેટીજી પારણે ઝુલે, સાત સ્વરૂપની મધ્ય બિરાજે;

એ શોભા માહારા નાથ શેર છાજે. શ્રીબાલકૃષ્ણલાલે. ૪
મંગલા સમે વાહાલો મંદિરે પધારે, અધિકારીને મન આનંદ થાય;
જલઝરીઆમાં ઠાકોર કેસરે નાહાય. શ્રીબાલકૃષ્ણલાલે. ૫
શ્રીમહાલક્ષ્મીવહુજીની કુખે રત્ન જાયા, શ્રીવ્રજકોર માજીએ ગોદ ખેલાવ્યા;
એમને મસ્તક શ્રીનટવરલાલ પધરાવ્યા. શ્રીબાલકૃષ્ણલાલે. ૬
શ્રીરઘુનાથજીના કહીએરે ભ્રાત, સેવા વિના બીજી જાણે નહિ વાત;
શ્રીરાજા બેટીજીના અખંડ તાત. શ્રીબાલકૃષ્ણલાલે. ૭
શ્રીપદ્માવતીવહુજીના કંથજ કહીએ, એ વહાલાને શરણ જઇ રહીએ;
કોટી જન્મનાં પાપ નિષ્ફળ થઇએ. શ્રીબાલકૃષ્ણલાલે. ૮
શ્રીગુરુપ્રતાપે હું તો વિનતિ કરૂં છું, ચરણકમલ પ્રભુ ચિત્ત ધરૂં છું;
એમની કૃપાથકી વ્રજમાં ફરૂં છું, શ્રીબાલકૃષ્ણલાલે સુખ આપીયાંરે. ૯

ધોળ ૨૨ મું.

શ્રીછોટાજી મહારાજના લાલ, મા'રે મનવસીયા,
વહાલે પુષ્ટિ કરી પ્રકાશ, સેવાના રસીયા. ટેક. ૧
શ્રીનટવરલાલ શ્રીશ્યામલાલની, કૃપા છે માથે ભારીરે;
રાત દિવસ સેવાને સ્મરણ શ્રીગોવિંદરાય સુખકારી. મા'રે. ૨
મહાસુદિ તેરશે પ્રકટ્યા, નામ ધર્યા વ્રજરાયરે;
અલૌકિક આનંદી વહાલો, મુખ દીઠે સુખ થાય. મા'રે. ૩
શ્રીરાણી વહુજીયે જન્મીયા, શ્રીકાકાજીમહારાજના લાલરે;
ભૂતલ ઉપર ભલે પધાર્યા, દૈવી કીધા ન્હાલ. મા'રે. ૪
શ્રીરઘુનાથજીમહારાજના નાતી કહીયે, શ્રીછોટાજીમહારાજના લાલરે;
શ્રીવ્રજકોર માજી એ ગોદે ખેલાવ્યા, વૈષ્ણવને ઘણું વહાલ. મા'રે. ૫
સેવકના સુખકારી વ્હાલો, શ્રીમહાલક્ષ્મી વહુજીના કંથરે;

શ્રીબાલકૃષ્ણલાલજીના દાદાજી, શ્રીરઘુનાથલાલજીના દાદાજી;
વહાલો ભણે શ્રીસુબોધનીજીના ગ્રંથ. મા'રે. ૬
શ્રીપદ્માવતીવહુજી શ્રીજાનકીવહુજીના, સસરા આનંદકારીરે;
શ્રીરાજા ચંદા બેટીજીના તાતજી, વૈષ્ણવને ભરૂસો ભારી. મા'રે. ૭
પ્રાતઃસમે દંત ધાવન કરતા, વૈષ્ણવને ચર્ણ સ્પર્શ દીધાંરે;
ઉને જલે સ્નાન કરીને, શ્રીમુખે પાઠ કીધા. મા'રે. ૮
ધોતી પહેરી ધોતી ઓઢી, તિલક મુદ્રા ધરે રે;
પેડો છંટાવીને પધારીયાને, શ્રીહસ્ત ખાસા કરે. મા'રે. ૯
રસોઈ ઘરમાં પધારીઆને, વહુબેટીઓને આજ્ઞા દીધીરે;
દાદાજી બે લાલજી વહુ બેટી મલીને, રસોઈની સેવા કીધી. મા'રે. ૧૦
પછી મંદિરમાં પધારીયાને. સઘળી સેવા કરેરે,
શ્રીનટવરલાલ શ્રીશ્યામલાલ જગાવીઆ, ઝારીમંગલ ભોગધરે. મારે.૧૧
ભોગ સરાવ્યા બીડાં ધરી, મંગલા આરતિ કીધીરે;
શીતકાલના રૂઇના વાઘા, શૃંગારની થાલ લીધી. મારે. ૧૨
સિંહાસનથી ચોકી પધરાવીને, સ્નેહ ।। શૃંગાર કરે રે;
માલા પહેરાવાને વેણુંજી ધરાવ્યા, ગોપીવલ્લભભોગ ધરે. મારે. ૧૩
ગોપીવલ્લભભોગ સરાવ્યા, ઝારી રાજભોગ ધર્યારે;
ધૂપદીપ તુલસી સમર્પ્યાં, શંખોદિક કરીયા. મારે. ૧૪
સમયાનુસારે ભોગ ધરાવ્યાને, શ્રીહસ્ત બીડાં લીધાંરે;
સજ્યા મંદિરની સઘળી સેવા, બે લાલજીએ કીધી. મારે. ૧૫
ઝારી બંટા દોઢારા સજ્યાને, ફુલની માલા ધરીરે;
દર્પણ દેખાડીને શ્રીમુખ નિરખી, રાજભોગ આરતિ કરી. મારે. ૧૬
જય કરતાં વૈષ્ણવ આવ્યા, અલૌકિક દર્શન થાયરે;

આ સુખ જોતાં સઘળું રૂડું. લૌકિક વાસના જાય. મારે. ૧૭
મુખીઆજીએ માલા પહેરાવીને, ગોદમાં બીડાં દીધાં રે,
અનુસર કરીને બહાર પધાર્યા, તાળાં મંગલ કીધાં. મારે. ૧૮
ઝુમકાં લેઇ ને ઉપર પધાર્યાને, વર્ત્યો જયજયકાર રે;
વહુબેટીઓને પુછાવ્યું, ભોજનની કેટલીવાર. મારે. ૧૯
મહાપ્રસાદ સખડી અનસખડી, ખાટાં ખારાં લીધાં રે;
તીખાં સલુણાં સંધાણાં રાઇતાં, જોડે ભોજન કીધાં. મારે. ૨૦
જલ આરોગીને અચવાવ્યા ને, શ્રીહસ્ત બીડાં લીધાં રે;
થોડીવાર પોઢીને જાગ્યા, શંખનાદની આજ્ઞા કીધી. મારે. ૨૧
સ્નાન કરી મંદીરમાં પધારીને, ઝારી ઉત્થાપન ભોગ ધરી રે;
ભોગ આરતિનાં દર્શન ખોલ્યાં, શૃંગાર વિજય કીધા. મારે. ૨૨
ઝારી ભરી સેનભોગ ધર્યા, દુસરા ભોગ આવ્યા. રે;
ઋતુ પ્રમાણે સૌ સામગ્રી, સમયે ભોગ સરાવ્યા. મારે. ૨૩
બીડાં આરોગાવીને દર્શન ખોલ્યાં, તીબારીમાં કિર્તન થાય રે,
વૈષ્ણવ સૌ દર્શનકરે ને, સેન આરતિ થાય. મા'રે. ૨૪
પોઢાડીને બહાર પધારી તાળાં મંગલ કીધાંરે;
બંગલે પધારીને કથા વાંચે, વૈષ્ણવને સુખ દીધાં. મા'રે. ૨૫
બારેગનાં સુખ શાં વખાણું, મારે મુખે કહ્યાં ન જાય રે.
ઓછી મતિ કહાં વર્ણવું રે, દેખેલી બની આવે. મા'રે. ૨૬
હું રાંકની યહ વિનતિ, કૃપા કરી કાન ધરજો રે;
જુગલ સ્વરૂપના ચરણકમલમાં, દાસી પોતાની કરજો.. મા'રે. ૨૭
ગુરુ પ્રતાપે વર્ણવું, કૃપા કરી ભક્તી આપોરે;
શ્રીવલ્લભવલ્લભીનો સદા સ્નેહ જોઉ,પુષ્ટિભક્તિ દૃઢ સ્થાપો. મા'રે. ૨૮

ધોળ ૨૩ મું.

જે બોલો શ્રીવ્રજરાયલાલની હો બહેની માહારી જે બોલો શ્રીવ્રજરાયલાલની.
મીઠી મધુરી વાણી રે વડાલાની, હો બહેની મહારી જે બોલો. ટેક–
શ્રીનટવરલાલ શ્યામલાલની સેવા કરવા પ્રકટયા,
શ્રીકાકાજી માહારાજને ત્યાંથી સટકયા. હો બહેની. ૧
શ્રીછોટાજી માહારાજના લાલજી કહાવે, વૈષ્ણવને મન ભાવે. હો બહેની. ૨
શ્રીરાણીજી વહુજીની કુખે રત્ન જાયા, શ્રીવ્રજકોર માજીએ ગોદ ખેલાવ્યા.૩
શ્રીમહાલક્ષ્મી વહુજીના પ્રાણપતિ કહીએ, એ વાહાલાનું મુખ જોઇ રહીએ.૪
શ્રીમહાલક્ષ્મી વહુજી ર... સોહાગી, લાલજી જન્મ્યા છે બડભાગી. હો. ૫
બડા પુત્ર શ્રીબા... ગુજીલાલ છે, શ્રીપદ્માવતીવહુજી સરદાર છે. હો. ૬
શ્રીરઘુનાથલાલજી સેવાના છે રસીયા,શ્રીજનકીવહુજીને મન વસીયા.હો. ૭
શ્રીમાહાલક્ષ્મીવહુજીએમહાતપ કીધાં,એ લાલજી વહુજીનાં સુખલીધાં.હો. ૮
શ્રીનટવરલાલ સ્યામલાલે આનંદ દીધો,શ્રીગોકુલમાંહે અષ્ટમાસો કીધો.હો.૯
પરદેશ પધાર્યા દૈવીજીવને ઉદ્ધાર્યા, ભવસાગરમાં ડુબેલાને તાર્યા. હો.૧૦
લાલજી વહુજીને લેઇ રાજનગર પધાર્યા, સેવકને સુખ વધારો. હો. ૧૧
ગુરુપ્રતાપે હું તો વિનતિ કરૂં છું, ચિત્ત માહારૂં ચરણે ધરૂં છું. હો. ૧૨

ધોળ ૨૪ મું.

શ્રીમહાપ્રભુજીને પ્રથમ પાયે લાગીયે રે લોલ.
વંશ વરણવું ને વાણી એવી માગીયે રે લોલ;
તૈલંગકુલમાં શ્રીવલ્લભ પ્રભુ પ્રકટીયા રે લોલ,
શ્રીલક્ષ્મણભટ્ટજી ઇલંમાજી આનંદીયારે લોલ,
દૈવી જીવ ઉપર ચિત્ત ઉપજી દયારે લોલ;
નામ આપ્યાં પ્રભુજીએ કરી મયારે લોલ.

બ્રહ્મસંબંધ કરાવ્યાં રસ રીતશું રે લોલ,
તન મન ધન અર્પણ કરાવ્યાં પૂર્ણ પ્રીતશું રે લોલ.
પરિગ્રહ શ્રીવલ્લભ પ્રભુ જાણીયે રે લોલ,
એમના બે પુત્ર પ્રકટ્યા તે વખાણીયે રે લોલ;
બલદેવને શ્રીકૃષ્ણ પ્રમાણીયે રે લોલ,
શ્રીવિઠ્ઠલનાથજીના સાત લાલ શોભિતારે લોલ.
એમનાં દર્શને મહાદેવ મુની લોભતા રે લોલ,
શ્રીગિરિધર શ્રીગોવિંદ ગુણ ગાઇયે રે લોલ.
શ્રીબાલકૃષ્ણ ગોકુલનાથ મન ભાવીયે રે લોલ;
શ્રીરઘુનાથ યદુનાથ શ્રીઘનસ્યામ છેરે લોલ.
વ્રજ સુંદરીના પૂરણ કામ છે રે લોલ;
પ્રથમ પુત્ર શ્રીગિરિધર ગૃહે વધામણાં રે લોલ.
શ્રીગોપીનાથ પ્રકટ્યા તે સોહામણા રે લોલ;
શ્રીગોપીનાથજી ગૃહે ગોવિંદરાયજી આવીયા રે લોલ.
એમના શ્રી બડે બાબુરાયજી મન ભાવીયારે લોલ,
શ્રીબાબુરાયજીના શ્રીગોવર્ધનેશ તન્ન છે રે લોલ.
એમના બંસીધર તન મન ધન છે રે લોલ,
એમને ઘેર શ્રી બાલકૃષ્ણજી પધારીયારે લોલ.
એમના શ્રીવિઠ્ઠલેશ આનંદે વધાવીયા રે લોલ.
શ્રીવિઠ્ઠલનાથજીના શ્રીબાબુરાયજી વખાણીયે રે લોલ,
તે સ્વરૂપ શ્રીવલ્લભપ્રભુજીનાં જાણીયે રે લોલ.
શ્રીબાબુરાયજીએ નિશાન વજડાવીયાં રે લોલ,
શ્રીવ્રજનાથજી મહારાણીજી કુખે આવીયા રે લોલ.

સંવત ૧૮૭૩ આસો મંગલવાર છે રે લોલ,
વદિ પંચમી પ્રકટયા તે અવતાર છે રે લોલ.
પહેર્યાં પીતાંબર ને કિટ મુકુટ રાજતારે લોલ,
છબી નિરખતાં તે કોટિ કામ લાજતારે લોલ.
કંઠે કૌસ્તુભ ને કુંડલ છે કર્ણમાં રે લોલ,
કટિ મેખલાને ઘુઘરી ઘમકે ચરણમાં રે લોલ.
શ્રવણ સુણી ગોપીજન સૌ આવીયાં રે લોલ,
પ્રકટયા પ્રાણજીવન મન ભાવીયારે લોલ.
ગોપ નાચે છે દૂધ દધિ છીરકતારે લોલ,
મહિ માખણ ફેરાવે મન હરખતાં રે લોલ.
શોભા શી કહું તે સમે નરનારની રે લોલ,
લીલા નિરખો શ્રીકૃષ્ણ અવતારની રે લોલ.
વિપ્ર વેદધુની ગાય રંગ રીતશું રે લોલ,
દાન દે શ્રીબાબુરાયજી આનંદશું રે લોલ.
દેવ વિમાને બેસીને આવી નિરખતાં રે લોલ,
જય જય જય કહી પુષ્પ વરખતાં રે લોલ.
કંચન થાર સાજી આરતી વારતી રે લોલ,
ન્યોછાવર તન મન ધન વારતી રે લોલ.
ધન્ય ધન્ય માત તાત ધન્ય નિરખીયાંરે લોલ,
ધન્ય ધન્ય વૈષ્ણવજન મન હરખીયાં રે લોલ.
એવા અખંડ ઓગજર શ્રીવલ્લભ બારણે રે લોલ,
દાસ દાસનો તે દાસ જાય વારણે રે લોલ.

ધોળ ૨૫ મું.

" ગાડી આવી ગુજરાત, એ રાગમાં.


ધન્ય શ્રીચિમનલાલ, ટળી ચિત્ત ચિંતા હમારી;
દેખીને દીનદયાળ, ટળી ચિત ચિંતા હમારી. ટેક.
અનુપમ અંગજ આપનું, કંદર્પરૂપ કળાય;
જ્યોતીરૂપ સકલ જગે, એવું જોતાં બીજું ન જણાય. ટળીચિત્ત. ધન્ય. ૧
ગૌર વરણ મુછ વાંકડી, ખિટળીયાળા કેશ;
ભ્રમર અતિશય ઓપતી, બાહુ બેય બિરાજે બેશ. ટળી. ધન્ય. ૨
શ્રીનવનીતપ્રિયાજીની, સેવા સાધન નીત;
જ્યાં શ્રીયુગલકિશોરની, છબી શ્રેષ્ટ તેપર પૂરી પ્રીત. ટળી. ધન્ય. ૩
વદન દીઠે વશ થાય છે, મુખ દીઠે દુઃખ જાય;
નરનારી ગુણ ગાય છે, જેથી પાતક પ્રલય થાય. ટળી. ધન્ય. ૪
ભાવ અતિ તમ પર દીસે, સહુ સેવકનાં સાચ;
અંત સમાના બેલી છો, અહો બાંહ્ય તેને નાવે આંચ. ટળી. ધન્ય. ૫
નેહધરી નીભાવજો, માગે મોતીલાલ,
કરજોડીને કોડથી, વળી અંતરમાં આણીને વહાલ. ટળી. ધન્ય. ૬

ધોળ ૨૬ મું.

સારૂં સારૂં રે સુરત શહેર—એ રાગમાં.

નમું નમું રે શ્રીનરસિંહલાલ, નેહ ધરી તમને;
જેથી ભાગે ભવ જંજાલ, એ સુખ દ્યો અમને. ટેક.
વેરાવળમાં વાસ કર્યો, પણ સકળ તણા શિરતાજરે;
ભાવધરી પ્રણમું પુરુષોત્તમ, સુધરે જેથી કાજ. નેહ ધરી તમને. નમું. ૧
પ્રમાણે ગુણ તમ કથવા, અંતર ઉપની આશરે;

વિમલ મતિ દેજો દિનબંધુ, જાંણી આપનો દાસ. નેહ. નમું. ૨
ગુણ પરિમલ જગમાં બહુ બહેકે, આપતણાજ અપારરે;
શું હું વર્ણન કરીશકું પણ, પંડે ઉપજ્યો પ્યાર. નેહ. નમું. ૩
શ્રીલાડલેશજીની સેવા ત્યાં, આનંદ ઉત્સાહરે;
નિતનિત નવલા ભોગ પ્રભુને, વર્ણન શોભા વાહ. નેહ. નમું. ૪
ઉચિતકર્મ અવિનાશી કેરૂં, હિત જગતનું જેમરે;
આદરતા તમ મનથીરે રીત, તરત્તબ આપજ જેમ. નેહ. નમું. ૫
શ્રીગોવર્ધનલાલ કુલભૂષણ, શોભા છે અતિ સારરે;
પૂર્ણ પ્રતાપી રૂપ પ્રગટીયું, જન દુઃખને હરનાર. નેહ. નમું. ૬
ધન્ય પ્રતાપી પુત્રજ એવા, ગુણ તણાજ અપારરે;
વદન કમળ જોતાં દુઃખ જાયે, ધન્ય ધન્ય વલ્લભવીર. નેહ. નમું. ૭
કુલ પાવન દુઃખ ભક્ત નિવારણ, જેજે જુગદાધારરે;
ભક્તિદાતા આપ વિના નથી, જોતાં સૌ સંસાર. નેહ. નમું. ૮
ભાઇચંદ સુત **મોતીલાલે** સ્તુતિ રચી આ ઠામરે;
જય જય શ્રીનરસિંહલાલજી, પૂરણ રાખજો પ્યાર. નેહ. નમું. ૯



પ્રકરણ ૧૦ મું.

રાસલીલાનાં ધોળ.

ધોળ ૧ લું.

સખી શરદપૂનમની રાત, નંદસુત બંસી બજાવી;
રાસરમણુની વાત, લાલના મનમાં ભાવી. ૧
યમુના પુલિન પુનીત, શીત સૌરભ મંદાનિલ;
પરસે વાધી પ્રીત, કામરસ થયું મન પંકિલ. ૨
રજનીપતિ સુખદાન, કાન દેખી મન હરખ્યાં;
બંસી બજાવી કાન, તાન મોહની રસ વરખ્યાં. ૩
સાખી—બંસી ધુની સુણી સુંદરી, જન મન વધ્યો અનંગ;
વિહ્વલતા પરવશ થયાં, ચિત્ત ચાલ્યું શ્યામને સંગ. ૧
કોએ જમતા તજ્યા ભરથાર, બહાર શીશુ મેલ્યાં રમતાં;
ઉલટા કર્યા શણગાર, નાર તજ્યાં મજ્જન ગમતાં. ૪
કોએ ઉલટાં પહેર્યાં વસ્ત્ર, આશ અંતરમાં હરિની;
દોહોતી મેલી ગાય, જાય જાણે કરી પ્રતિ કરિની. ૫

ગુરુજનની તજી લાજ, કાજ મનનાં સિદ્ધ કરવા;
તોડી મરજાદાની પાજ, સાજ સાજ્યો રસ ભરવા, ૬

સાખી—સદન તજી સૌ સુંદરી, ચાલ્યાં હરિની પાસ;
સરિતા જેમ સાગર ભણી, મને રાસરમણની આશ. ૨
ચલ કચ કુચ મણિ હાર, અપાર શોભા તે ક્ષણમાં;
શ્રમના મન ન વિચાર, સાર વાધ્યો ઘણો તનમાં. ૭
કાલિંદીને કુલ, ફુલતરુ ફુલ્યાં સુંદર;
કમલ કુમુદ અનુકૂલ, થયો તે સ્થલ સૌરભ ભર. ૮
ચંદ્ર ચંદ્રિકા માંય, ચંદ્રમુખિ ચપલા જેવી;
નંદનંદન વન છાય, બની એ શોભા કેવી. ૯

સાખી—કાલિંદી તટનિકટમાં, નટવર ગોકુલ ચંદ;
દેખી મન ટાઢું થયું, પડ્યાં પ્રેમ કામને ફંદ. ૩
કરગનડી કહે સઉ બાલ, હાલ તમ શરણે આવ્યાં;
શાંત કરો સ્મર ઝાલ, લાલ અમને મન ભાવ્યાં. ૧૦
મદનકોટ અભિરામ, સ્યામ તમ સાથે રમવા;
મન વાધ્યો બહુ કામ, ધામ રતિ લાગી નમવા. ૧૧
અધરામૃતનું પાન, કાન જ્યારે કરશું મુખથી;
રહેશે ત્યારે નિદાન, પ્રાણ આ તનમાં સુખથી. ૧૨

સાખી-મયુર મુકુટને કાછની, સુંથન ગુંજા માલ;
પીતાંબર છબી મન વસી, દેખી લોચન થયાં નિહાલ. ૪
રસિકશિરોમણિ લાલ, દયાલ તમે છો મનના;
જાણીને અબલા બાલ, વાહાલ સુખ આપો તનનાં. ૧૩
દેખીતાંરે એવા દીન, મીનધ્વજ પરવસ મનના;

બોલ્યા તે વચન પ્રવીણ, નવીન દયા નિજ જનના. ૧૪
સુખ દેવા પરમ અપાર, સાર એના મનનો લેવા;
ચિતના અતિસુકુમાર, મારે મોહન રસ દેવા. ૧૫

સાખી-વધુ જન સારા વંશનાં, કરે કેમ વ્યભિચાર;
કંથ તમારા ઘેર છે, તમે ભજશો મને કેમ નાર. ૫
જોયું વિપિન સુખકાર, વાર યમુનાનાં પરસે;
શીત સુગંધ ઉદાર, ભાર મંદાનિલ સરસે. ૧૬
નિર્મલ ચંદ્ર પ્રકાશ, હાસ જાણે રવિના કેરો;
સ્વચ્છ રેણુ જાણે વાસ, કાસ સુમદંતનો ઘેરો. ૧૭
નીર તીર વન ઘોર, સોર જંતુનો જેમાં;
રજનિ કાલ કઠોર, ફરો કેમ અબલા તેમાં. ૧૮

સાખી-કાજ સર્યાં મમ દર્શનથી, જાઓ ગોકુલ ધામ;
વાટ તમારી પતિ જુવે, તેનાં પૂરાં કરો જઇ કામ. ૬
એવાં વચન સુણી વ્રજબાલ, લાલનાં કર કશ જેવાં;
મનમાં થયાં બે હાલ, ચાલ નહિ સુઝે કહેવા. ૧૯
નયનકંજથી ધાર, વારિની ચાલી જ્યારે;
અધરબિંબ સુકુમાર, નારનાં સુકયાં ત્યારે. ૨૦
પદ સરસિજ અંગુષ્ટ દષ્ટિથી પરસી ધરણિ;
મનનાં વાધ્યાં કષ્ટ, નષ્ટ વનની થઇ સરણિ. ૨૧

સાખી-ધીરજ મનમાંહે ધરી, કરી નેત્ર જલ દુર;
કરજોડી વિનતિ કરે, વ્રજસુંદરી પ્રેમનું પુર. ૭
ચિત્ત ચોરીને લાલ, હાલ અમને કાં કાઢો;
અબલા સ્ત્રીઓ અમે બાલ, વહાલ પંથ કીધો કાં ટાઢો. ૨૨

છોડીને ચરણુસરોજ, ઓજ નથી જોવા મનમાં;
કરશું તે તમથી મોજ, ફોજ છે સ્મરના તનમાં. ૨૩
તે પતિ સુખ ધન ધામ, કામ નથી તેનું અમારે;
છો તમે સર્વે સ્યામ, હામ છે રાસની ભારે. ૨૪
જગરૂપી જગદાધાર, સાર સહુના છો સ્વામી:
તમથી શો વ્યભિચાર, માર મોહન નહિ કામી, ૨૫

સાખા-પ્રેરક મન તનનું હવે, તે તમ પાસે સ્યામ;
લોચન તમ મુખ લાલચી, હવે કેમ જઇએ અમે ધામ. ૮
તમે આનંદ ધન રસરૂપ, તજે કોણુ તમને પ્રાણી;
ભોગ ચતુરના ભૂપ કહે એમ વેદની વાણી. ૨૬
તમ સાથે રસ ભોગ જોગ નિશ્ચય જે પામે;
લેશ ન તેને શોક, ઓઘ આનંદનો ધામે, ૨૭
દીન દયાલુ નાથ, હાથ માગે ધરી દીજે;
અભયદાનની ગાથ, સાથ અમ રાસ જ કીજે. ૨૮
કાત્યાયની વ્રત અંત, કંથ વચન તમે જે દીધું;
પાળો તેને ધીમંત, સંત જન સ્તુતિ પથ કીધું. ૨૯

સાખી-દીન મીન સમ મધુરવચ, સુણીને નંદકિશોર;
રાસરમણુનું પણુ કર્યું, વ્રજસુંદરી જનમન ચોર. ૯
નિર્ધનને જેમ ધન, તન જેમ નિર્ધનને મલતાં;
ક્ષુધિતને જેમ ભોજન, મન વાધો હરખતે વલતાં. ૩૦
વ્રજલલના વ્રજ ચંદ, ફંદમાં લીધા તારે;
શરદ પૂનમનો ચંદ, મંદ થયો શોભા ભારે. ૩૧
રસ દીપન ઉપચાર, ચારૂ ચંદન ચર્ચીજબલ;

વિવિધ પુષ્પના હાર, બાર સો રત્નનો તે સ્થળ. ૩૨

સાખી—એલા ક્રમુક લવંગને, નાગવલ્લી ઘન સાર;
બીડી વિવિધ સુગંધની, માંહે કાથો ચૂનો ખેર સાર. ૧૦

શ્વેત સ્વચ્છ મૃદુ સેજ, તેજમાં એ શશીનું ભારી;
દીઠે સ્મર ઉપજે જ, કે'જ કવિ મનમાં વિચારી. ૩૩

રત્ન જડિત ચો સાર, થાળ સામગ્રીના સુંદર;
મુકુર ધર્યાં દિશ ચાર, વાર પાટલ સુગંધભર. ૩૪

સરસ ગાનની તાન, કાને સુણિ ઉપજે રતિ પતિ;
વીણા મુરજનું માન, દાન કરે સુખનું તે અતિ. ૩૫

સાખી—પુષ્પ બાણુના બાણુ, તે સમે થયાં સુખદાન;
વ્રજ જીવન મલિયા મસ્યું, જ્યારે રસિક રીતિનું માન. ૧૧

કોએ રતિસુખ પરવશ ચેત, હેતથી હરિને રીઝાવે;
વિવિધ ભાવ સકેત, પ્રિતમને કંઠે લગાવે. ૩૬

નેત્ર કમલની સેન, મેન ભર મનનો જતાવે;
બોલે મીઠાં વેન, ચેન ઘણું મનમાં લાવે. ૩૭

ખટરસ ભોજન થાળ, લાલને પાસે લાવે;
મુખ માંએ આપે બાલ, રસાલ તે હરિ મન ભાવે. ૩૮

સાખી—નિજકર કરી બીડી સરસ, રસિકરાય મુખમાંય;
આપે વ્રજ લલના લલિત, પોતે તેનું ચર્વિત ખાય. ૧૨

અધર બિંબ થયા લાલ, લાલના લોચન જેવા;
દર્પણ લીધું બાલ, વહાલથી પ્રિયકર દેવા. ૩૯

દર્પણ લઈ નિજ નાથ, હાથમાં નિજમુખ જેયું;
ત્યારે રીઝયા ગૂંઢ માથ, બાલને દઈ દુ:ખ ખોયું. ૪૦

ચોપડ ખેલ રસાલ, ચાલ જેમાં રસની ભારી;
ખેલે શ્રીનંદલાલ, થઇ રતિ સુખ તૈયારી. ૪૧

સાખી-કુસુમ માલ કરથી કરી, વેણીભૂષણ અંગ;
ધારે એક બીજા મલી, વાધ્યો આનંદ જલધિતરંગ. ૧૩

ગાએ કેદારો ને બિહાગ, સુહાગ જે સુરનો જેમાં;
લયના લાગ્યા બાગ, જાગરૂક તાલ છે તેમાં. ૪૨
તાનના ભેદ અનેક, એકએકને સમજાવે;
રીઝી કરે તન એક, રસિકજન પ્રીતિ વધારે. ૪૩
કુસુમ પ્રચુર પર્યંક, અંક ભરી ભામિની સાથે;
બેઠા શ્રીકૃષ્ણમયંક, શંક તજી સરસિજ હાથે. ૪૪

સાખી-પરસી મૃદુલ કપોલને, લોચન લોલ વિશાલ;
પ્રિયતમ પ્રિય વાતો કરે, ભરે પ્રેમથી લલનાને લાલ. ૧૪

અતિરતિ સુરત સુજાન, માન તજી સુંદરી સંગે;
સકલ બંધ સુખ દાન, કાન કીધું શ્રમ થયો અંગે. ૪૫
શ્રમ સીકર તે અમંદ, સુગંધયુત એવા શોભે;
ધરણિએ નિર્મલ ચંદ, તારા આવ્યા તેના શું લોભે. ૪૬
શીતલ તારે સમીર, નીર યમુનાનાં પરસે;
કુંજપરાગથી ધીર; તીર તરુ ઘાતે સરસે. ૪૭
ત્યારે થયો શ્રમ દૂર, પૂર સુખનો મન માંયે;
રતિપતિ કાધો ચૂર, શૂર એવા બે તે ત્યાંયે. ૪૮

સાખી-જલસ્થલ કુંજનિકુંજમાં, યુવતિપુંજને સાથ;
એવા વિવિધ વિહાર ભર, કરી સુખ દે વ્રજનાથ. ૧૫

અચલ અનંત વિહાર, સાર શ્રુતિનો એ કેવલ;

કહેતાં ન આવે પાર, ધાર મનમાં છે એ ફલ. ૪૯
આનંદમય નંદલાલ, બાલવ્રજની નિકુંજ થલ;
પશુ પક્ષી દ્રુમ જાલ, તાલ સરિતા પ્રસૂન ફલ. ૫૦
એવું મનમાં જ્ઞાન, ધ્યાન એવું સ્થિર માગું,
પ્રેમભક્તિ કરો દાન, કાન તમ પદ જુગ લાગું. ૫૧

સાખી–સ્નેહ સૌખ્ય નિશ્ચય કરો, જગજીવન નંદ નંદ;
રસ શૃંગાર સંયોગનો, એ પૂરણ થયો પ્રબંધ. ૧૬
સંવત્સર યુગ નંદ શશી, અસિત સપ્તમી વાર;
સુરગુરૂ ગુર્જર એ મિતિ, ને આશ્વિન માસ છે સાર. ૫૨

ધોળ ૨ જું.

સખી શરદ પૂનમની રાતરે, સુંદર વેણુ વાજે. ૧
મારો વહાલોજી રમાયા રાસરે. સુંદર. ૨
એના ઘુઘરવાળા કેશરે. સુંદર. ૩
મારો વહાલોજી નટવરવેશરે. સુંદર. ૪
ગોપી અતિઉતાવળાં આવેરે. સુંદર. ૫
એતો આવીને ચરણે લાગેરે. સુંદર. ૬
શ્રીવલ્લભ પ્રભુની પ્રીતરે. સુંદર. ૭
અમને રાસ રમાડયાં રંગરીતરે. સુંદર. ૮

સાખી–કેમ આવ્યાં તમે કામિનિ, એમ બોલ્યા નંદકિશોર;
અર્ધનિશાએ વનમાં, જે વેલાએ ચાલે ચોર રે.
કામિની કેમ આવ્યાં કેમ આવ્યાં.
આ વનમાં તે શું છે કામરે. કામિની કેમ આવ્યાં. ૯
એમ બોલ્યા તે સુંદર શ્યામરે. કામિની. ૧૦

તમે ઘેર જાઓ ગોપીઓ ઘટે છે રે. કામિની. ૧૧
તમે વેગે જાઓ વેળા તો વટે છે રે. કામિની. ૧૨
આ ધર્મ તમારો ભાગેરે. કામિની. ૧૩
સખી લોકમાં તે લાંછન લાગે રે. કામિની. ૧૪
શ્રીવલ્લભપ્રભુજી એમ કહે છે રે. કામિની. ૧૫
સુણી સ્નેહ નિર ધારા વહે છે રે. કામની. ૧૬

સાખી–તમે ત્રિભુવન તેડાવીને, તજાવ્યો સંસાર;
તમે તે વનમાં તેડાવીને, હવે કરો છો તિરસ્કારરે.
નંદજીના નંદલાલા નંદલાલા.
તમારી ચાલ દેખી હું તો છકી છુંરે. નંદજીના. ૧૭
મારે વહાલું નથી તમ પાખેરે. નંદજીના. ૧૮
અમે તજી છે કુળની લાજ રે. નંદજીના. ૧૯
મારા વહાલાજી ચતુર સુજાણરે. નંદજીના. ૨૦
આપ્યાં આનંદ રસનાં દાનરે. નંદજીના. ૨૧
શ્રીવલ્લભપ્રભુને બલિહારરે. નંદજીના. ૨૨
અમે આવ્યાં તમારે ચરણેરે. નંદજીના. ૨૩

સાખી–વચન સુણી વ્રજનારનાં થેઈ થેઈ રમીયાં રાસ;
રૂમઝુમ વાગે ઘુઘરા, વ્રજસુંદરીની પૂરી આશરે.
ગિરિવર ગિરિધારી ગિરિધારી.
ફરતાં કામિની વચ્ચે વનમાળીરે. ગિરિવર. ૨૪
સખી અન્યોઅન્ય લે છે તાળીરે. ગિરિવર. ૨૫
ત્યાં જોવાને દેવતા આવ્યારે. ગિરિવર. ૨૬
લઈ પુષ્પે પ્રભુને વધાવ્યારે. ગિરિવર. ૨૭

શ્રીયમુનાજી વહે છે ગંભીરરે. ગિરિવર. ૨૮
રહ્યો ચંદ્રમા શરદનો સ્થિરરે. ગિરિવર. ૨૯
મુખે તા થેઈ તા થેઈ બોલેરે. ગિરિવર. ૩૦
સહુ સુંદરીની સંગે ડોલેરે. ગિરિવર. ૩૧
કોઇ સખીનો અધરરસ લૂટેરે. ગિરિવર. ૩૨
વ્રજવનિતાનો અમૃતરસ લૂટેરે. ગિરિવર. ૩૩
વ્રજવલ્લભ પ્રભુને જોઇનેરે. ગિરિવર. ૩૪
મ્હારૂં મનડું રહ્યું છે મોહીરે. ગિરિવર. ૩૫

સાખી–ધન્યધન્ય વ્રજની ભૂમિકા, ધન્ય ધન્ય વ્રજની નાર;
શ્યામસંગ ક્રીડા કરે, શું વર્ણવું લીલા અપારરે. ગિરિવર.

ધોળ ૩ જું.

સખી આજરે વાગે શ્રીવૃંદાવન વાંસલી,
મારે મંદીરીએ સંભળાય, સખી આજરે વાગે શ્રીવૃંદાવન. ૧
સખી વાંસલી તે ફેરી વેણમાં, મારૂં ચિત્ત ઘણું અકળાય. સખી. ૨
સખી સુદ્ધ બુદ્ધ ભૂલી સુંદરી, જીરે ઘર તજીને વન જાય. સખી. ૩
સખી અવળાં તે આભરણ પહેરીયાં જીરે અવળાં ઓઢ્યાં છે ચાર. સખી. ૪
સખી કરનાં તે કંકણ જે નાં, જીરે નૂપુર ધરીયાં કાન. સખી. ૫
સખી નયણુ તે સિંદુર સારીયાં, જીરે કાજળ ટીલડી લલાટ. સખી. ૬
સખી ગાયોનાં દોહન ચુકીયાં. જીરે વાછરાં બાંધ્યાં છે બહાર. સખી. ૭
સખી ઘરનાં તે કામકાજ ચુકીયાં, જીરે રોતાં મેલ્યાં છે બાળ. સખી. ૮
સખી મેલ્યાં તે માત તાત ભ્રાતને, જીરે મેલ્યાં પતિ પુત્ર પરિવાર. ૯
સખી આસો તે માસ સોહામણો, જીરે સોહામણી શરદનીરાત. સખી. ૧૦
સખી આ વ્રજવહાલાના સ્વામીને વિનવું, હરિ વહાલે રંગ રમાડ્યાં છે રાસ. ૧૧

ધોળ ૪ થું.

સખી શરદ પુનમની રાત મુજને વહાલીજી,
એવી ગોકુલવ્રજની નાર રમવા ચાલીજી. ૧
એવાં નાક પ્રમાણે નથનાં નિર્મલ મોતીજી,
એવાં દર્પણ લીધાં હાથ મુખડાં જોતીજી. ૨
એવાં કલ્લાં ને કાંબી ચાર વીંછીઆ ઝણુકેજી,
એવો ઝાંઝરનો ઝમકાર ઘુઘરી ઘમકેજી. ૩
એવાં ચોળીને પહેર્યાં ચાર પીતામ્બર પીળાંજી,
મારા વહાલા સાથે રમતો રાસ કરી લીલાજી. ૪
એવી લીલા તે ગાજ્યો નિત્ય નર ને નારીજી,
ત્યાં રમે ગોપીઓને કહાન રમતાં બારીજી. ૫
એવાં બાંહે બાજુબંધ ઓગનીઆં ખળકેજી,
એવો હૃદે એકાવલિ હાર ઝુમણાં ઝળકેજી. ૬
ત્યાં ફુંદડી ફરે ગોપી ચાર વચ્ચે ગિરધારીજી,
એવા માધવદાસના દાસ જાઉં બલિહારીજી. ૭

ધોળ ૫ મું.

વનમાં વાગેરે વાંસળી, માહારે મંદિરીએ સંભળાય. વનમાં ૧
મોહ સહુ પામીરે સોહામણી, જીવડો આકુલવ્યાકુલ થાય. વનમાં ૨
વેગે ચાલીરે વનિતા, મેં હતો ઘરમાં નવ રેહેવાય. વનમાં ૩
દેહની દશારે વિસરી, અંગે આભૂષણ બદલાય. વનમાં ૪
ભુવન ભુવનથીરે ભામિની, ચાલી કામ કરી ઘર ત્યાજ. વનમાં ૫
સાસરૂં મહીયરરે મેહેલીયું, લોપી લોકડીયાંની લાજ. વનમાં ૬
વન સહુ આવીરે ગોપીયો, નયને નિરખ્યા શ્યામશરીર. વનમાં ૭
રઘુનાથ હરખ્યો રે હૈયે ઘણું, સુંદિર જમુનાં કેરી તીર. વનમાં ૮

ધોળ ૬ ઠું.

મારા વાહાલાના વન માંહ્ય, વાગે રૂડી વાંસલડી;
હું તો ઘેલી ફરૂં ઘરમાંહ્ય, કોણે દીધી સાંકલડી. ૧
કુંભ વિના જલ ભરવા ચાલી, શિરપર મેહેલી ઉઢાણીરે;
ગરણું લેઈ જલ ગળવા બેઠી, કુંભની શુધબુધ ભુલી. વાગે. ૨
ગુણીયા વિના ગૌ દોહોવા બેઠી, સાડી બી જાઈ નવ જાણીરે;
વાછડું વાળતાં ગોપીઓએ, બાલક બાંધ્યાં તાણી. વાગે. ૩
ઘી તાવીને છાશમાં રેડયાં, દુધમાં રેડયાં પાણીરે;
નેતરૂં લેઈ નાવલીઓ બાંધ્યો, ઘરનો ધણી નવ જાણ્યો. વાગે. ૪
પાત્ર વિના મેં ભોજન પીરસ્યાં, મોદક મરચાં ભેળીરે,
સાકર વડીનાં શાક વધાર્યા, સેવમાં સુંઠજ ભેળી. વાગે. ૫
સાસુ કહે વહુને વૈતર વળગ્યાં, અવચળિયા ઉતરાવોરે;
દીયેર કહે ભોજાઇને બાંધો, સાન કરી સમજાવો. વાગે. ૬
તનમન મારા પ્રાણ હરી માહારો વાહાલોજી મથુરાં જાયરે,
રામકૃષ્ણ પ્રભુએ રસ પીતાં, વારેવારે સમજાવું. વાગે. ૭

ધોળ ૭ મું.

રાસમેં બિહારી આજ રાસમેં બિહારી;
સોહત સલુણે શ્યામ, રાસમેં બિહારી. ટેક.
મયુર મુકુટ કાછની કટી, પીત પટ સંમારી;
શ્રવણ કુંડલ ચરણ નૂપુર, મુરલી અધર ધારી. ૧
બંસી સુણી આય મીલી, સબ વ્રજકી નારી;
એક એક પ્રતિ રૂપ ધરી, વિલસત વનમાળી. ૨

વૃંદાવન કુંજલતા, રાસ રચ્યો ભારી;
થેઈ થેઈ નાચત હરિ, સંગ રાધા પ્યારી. ૩
સુરનર મુનિ નાર સહિત, નિરખી સુધ વિસારી;
ધન્ય ધન્ય **રઘુનાથ** પ્રભુ, વ્રજજન સુખકારી. ૪

ધોળ ૮ મું.

શરદ રેન જુ રહી યા બનમે, મુરલી અધર ધરેરે. ટેક.
કંચન કંકણુ નૂપુર બાજે, ગલે મોતીયનકી માળારે;
બાજુબંધ સુરજકી જ્યોતી, કુંડલ મુકુટ ધરેરે. ૧
શ્રવણુ સુનત વિરહ તાપ હીય, પતિસુ છાંડ ચલી બનમે;
હરિદર્શનકી પ્યાસી અખિયાં, ચણુન જાય ઠરીરે. ૨
દેખીયત સુંદર રૂપ માધુરી, તનકી શલ ટરીરે;
સૂરદાસ પ્રભુ મન્મથકે, અહર્નિશ રાસ ચરીરે. ૩

પદ ૯ મું.

બાંસુરી બજાઈ આજ રંગસોં મુરારી.
બંસીકી ધુની સુની, શંકરકી તારી છુટી;
વેદ પઢત ભૂલ ગયે, બ્રહ્મા બ્રહ્મચારી. ૧
જલ સ્થલ કે જીવ મોહે, મોહે મોહે પક્ષી સારી;
ગોકુલકે ગ્વાલ મોહે મોહી વ્રજનારી. ૨
જમુના જલ થકિત ભયો, સુધ ન સંભારી;
સૂરદાસ મદન મોહન, તીનલોક વારી. ૩

પદ ૧૦ મું.

બંસી બાજીરે કાના તેરી મદન ગોપાલ;
મદન ગોપાલ, નાગર નંદાજીના લાલ. બંસી. ૧

બંસી બાજી વૃંદાવનમેં દોડી વ્રજકી બાલ;
લાજ કાજ મૂકી વ્રજજનની, જઇ પહોંચી તત્કાલ. બંસી. ૨
દ્વે દ્વે ગોપી બીચ બીચ માધો, નાચે દે દે તાલ;
રાસમંડલ કે બીચમેં મોહન, ગાવે રસિક રસાલ. બંસી. ૩
મયુર મુકુટકી લટક બનીહે, ગળે વૈજયંતી માલ;
પીળે પટકે મન મોહ્યું છે, લાગી વેરણ વિશાલ. બંસી. ૪
ગાય ચરાતો વ્રજભૂમિમેં, સંગ સખા લેઇ ગ્વાલ;
ધુમર ધોરી કાજર કહી કહી, બોલાવે ગોપાલ. બંસી. ૫
કમોદ વનમેં જઇને પહોચ્યાં, સખાઓ લાવે છાક;
લાડુ પુરી શાક જુજના. દહીં માખન દુધપાક. બંસી. ૬
પીસ્તાંને બદામ ટોપરું, ખારેક મીશ્રિ દ્રાક્ષ;
ખરબુજા નારંગી જામફળ, આંબા કેરી સાખ. બંસી. ૭
ઊની ઊની રોટલીને કારેલાનું શાક;
આવરે વરસાદ તમને ઘેબરીઓ પરસાદ. બંસી. ૮
મોદકીઆની મારે મચી છે, ખેલ કરે નંદલાલ;
શ્રીવિઠ્ઠલપ્રભુ એમ કહે છે, એવું નામ કનૈયાલાલ. બંસી. ૯

ધોળ ૧૧ મું.

એવો નંદકુંવર મતવાલો, વૃંદાવન જોવા ચાલો.
એ તો રાસ કરે મધુવનમાં, એની પ્રીતડી સાલે આ તનમાં;
એવો શામળો દીન દયાળો. વૃંદાવન. ૧
પ્રભુ કાને કુંડળ ઝળકે, મોતીના તોરા લટકે;
એવો મયુર મુકુટ ધરનારો. વૃંદાવન. ૨
માધ બાંસલડીમાં સુર સારો, બીજો આંખ તણો અણુસારો;

ત્રીજે શ્યામસુંદર રંગ કાળો. વૃંદાવન. ૩
એણે ઘેલી કરી વ્રજનારી, હવે કુબ્જા લાગી વહાલી;
એવો દેવકીનો સુત દયાળો. વૃંદાવન. ૪
વ્રજવાસીનાં મન હરીને, ગોવર્દ્ધન હાથ ધરીને;
થયો વ્રજવનિતાનો વહાલો. વૃંદાવન. ૫
એ તો મામા કંસને મારી, હવે કુબ્જા કીધી પ્યારી;
એવો ગાયોનો ગોવાળો. વૃંદાવન. ૬
અબળાથી એ દિન જ કેવો, બહેની દુઃખડાં શિરપર સેવો;
દેઈ દર્શન વેદના ટાળો. વૃંદાવન. ૭
કહે કૃષ્ણદાસ તમ શરણે, તમને નમીને લાગું ચરણે;
અમને અભય વચન હરિ આલો. વૃંદાવન. ૮

પદ ૧૨ મું.

ઉભા રહોને ગોવાલીયા તમે મુરલી મીઠી વાઇ. ટેક.
મુરલી મીઠી વાઇ. વહાલો ગીત મધુરાં ગાય. ઉભા. ૧
મુખ દીઠે સુખ ઉપજે મારાં નયણાં તૃપ્ત થાય;
નિરખું દીનાનાથને મારાં, પંડનાં પ્રાશ્ચિત્ જાય. ઉભા. ૨
નયણાં તમારાં કામણગારાં, આંખલડીમાં જંત્ર વહાલા;
વશ કરી વ્રજનારને ક્યાંથી, શીખી લાવ્યા મંત્ર. ઉભા. ૩
મથુરાંમાંથી સંચર્યા વહાલો, આવ્યા ગોકુલ ગામ;
પૂતના કેરા પ્રાણ શોષ્યા, મામા કંસને માર્યો ઠાર. ઉભા. ૪
દેવકીજીના ઉદર વસ્યા જશોદાજી કીધાં માય;
મુખ થકી મુરલી બજાઈ, બ્રહ્માનંદની ચારી ગાય. ઉભા. ૫

પદ ૧૩ મું.

વા'લા મારા વૃંદાવનના ચોક કે, વહેલા પધારજોરે લોલ. ૧
મુજને રાસ રમ્યાના કોડ કે, વાલા સંગ ખેલડીરે લોલ. ૨
એવી રૂડી ગોકુલની વ્રજનાર કે, વેગે બોલાવજોરે લોલ. ૩
એવો રૂડો બંસી બટનો ચોક કે, કુંજ સોહામણોરે લોલ. ૪
એવાં રૂડાં જમુનાજીનાં નીર કે, તટ રળિયામણોરે લોલ. ૫
એવી રૂડી શરદપૂનમની રાત કે, ચંદ સોહામણોરે લોલ. ૬
મધરાતે વાઈ વેણુ રસાલ કે, હું થઈ ઘેલડીરે લોલ. ૭
લેવા મુખડાંનો તંબોલ કે, મળી તેવ તેવડીરે લોલ. ૮
ફરતી ગાન કરે વ્રજનાર કે વચ્ચે મારો વા'લમોરે લોલ. ૯
મળીઓ માધવદાસનો નાથ કે, રસ જામ્યો ઘણોરે લોલ. ૧૦

પદ ૧૪ મું.

સખી શરદપૂનમની રાત જોઇ, વહાલે રમવા કીધું મનરે;
વન ફુલ્યાં ને લીલા શક્તે, તે મન ચંદ્ર જ તન. હરિરસ માતારે.૧
વેણુવગાડી ચિત હર્યું, પ્રકટયું અંગ અનંગરે;
સાંભળતાં ગોપીજન આવ્યાં, કૃષ્ણ સમીપે સંગ. હરિ. ૨
વેણુ સાંભળીને દોહોવું મૂક્યું, દોહતાં મૂક્યાં વાસણરે;
ખીર ચડાવી તેમ જ મૂકી, વાહાલા પાસે મન. હરિ. ૩
તાતાં દુધ જમાવતાં, પતિસેવા ભોજનરે;
લેપનતાં લોચન આંજતાં, વિપ્ર તે આભરણ. હરિ. ૪
પતિઓનાં રોકયાં ન રહ્યાં, આત્મા હરિરસ માંહ્યરે;
કેટલાએક પતિએ રોક્યાં, માધવ ચરણ ચિત્ત લગ્ન. હરિ૦ ૫
સહુથી આગળ તે જઇ પોહોચ્યાં, સગુણ મૂકી તનરે;

ત્યારે રાજાએ પૂછ્યું, એ કેમ પોહોચે જન. હરિ૦ ૬
શુકજી ત્યારે એમ ઓચર્યા, પેહેલું કહ્યું તે સત્ય રે;
દ્વેષ ભાવે શિશુપાલ ઉદ્ધાર્યો, એનો પીયા જુગત. હરિ૦ ૭
વ્રજભક્તો આવ્યાં જાણીને, પ્રભુજીએ કહ્યું વચનરે;
આવ્યાં તે તો સારૂ કર્યું, કારણ કહો પ્રસન્ન. હરિ. ૮
રજની એવી જંતુ ભયંકર, હમણાં જાઓ ઘેરરે;
માતપીતાને પુત્ર ભાંડરૂ, શું છે તેહેની પેર. હરિ૦ ૯
વન દીઠું ચંદ્ર કેરી શોભા, કાલિંદી જલ તેમરે;
ઘેર જઇ પતિ સેવા કરો, પાળો બાલક જેમ. હરિ૦ ૧૦
જો માહારે પ્રેમે આવ્યાં છો, તોએ તે પણ જોયુંરે.
પતિને મૂકીને આવ્યાં, પતિવ્રતા ધર્મ ખોયું. હરિ૦ ૧૧
ઘરડો મૂર્ખ રોગી એવો, તોય પતિ નવ તજીએરે;
નિંદા આવે સર્વે જુવે. તેથી અન્ય નવ ભજીએ. હરિ૦ ૧૨
શ્રવણ કીર્તન ધ્યાને આવ્યું, એમ નહી કાંઇ વેહેલાંરે;
એવાં વચન સાંભળી ગોપી, વિમલ થયાં સર્વ ઘેહેલાં. હરિ૦ ૧૩
મુખની ચુંબી બાહર મુકે, શોક કરી નિસાસોરે;
નઇણે ભૂમિ લખીને માગો, અવનિ વિમલ વિમાસે. હરિ૦ ૧૪
પ્રભુજીએ વાત કરી મન જોયું, એમ કહેશું વંઠેરે;
નયણે આંસુ ફેરવી લીધાં, બોલ્યા ગદગદ કંઠે. હરિ૦ ૧૫
ન મૂકાય તે મૂકી આવ્યાં, એવું કહેવું નવ ઘટેરે;
જો બીજું કહ્યું તે જાણું, ધર્મ કોણથી પ્રગટે. હરિ૦ ૧૬
ધર્મરૂપ કરી તમને જાણું, તમ ભજે સહુ વિલસેરે;
મૂકી નિત્ય અનિત્ય શું કરીએ, ચતુર થઇ ઓળખશો. હરિ૦ ૧૭

ઘણા દિવસના તાપ હુતા તે, તમો વિના કોણ સમાવેરે;
કો કેહેશે જે કહ્યું ન માન્યું, કહો કયમ ઘેર જવાય. હરિ૦ ૧૮
ચિત્ત હર્યું ને કામ નવ સૂઝે, જ્યાં ચાલો ત્યાં જઇએરે;
અધરામૃત કરી વિરહ સમાવો, વિરહ અગ્નિ નવ ઝરીએ.હરિ૦ ૧૯
નહિ સમે તો પદવી થાશો, ચરણ તમારાં સોહીએરે;
ચરણ રમાને દુર્લભ છેરે, તે જોઇ સંરક્ષણ હોઇએ. હરિ૦ ૨૦
વક્ષઃસ્થલ લક્ષ્મી રાજે છે, તો એ પદરજ ઇચ્છેરે;
સામર્થ્ય વાધ્યું તમ દીઠા માટે, દાસી કરો સહુ ઇચ્છે. હરિ૦ ૨૧
અલકાવૃત શ્રીમુખ અવિલોક તે, થઈ અપ્રચર આજરે;
વેણુ ગાન સાંભળતાં મોહી, ત્રૈલોક યુવતિ સમજે. હરિ૦ ૨૨
ગોદ્વિજ દ્રુમ પુલકિત થયાં, બીજાની શી વાતરે;
સ્તન મસ્તક કર પંકજ ધરે, આરતી મીટી ગાત. હરિ૦ ૨૩
ખેદ વચન સાંભળતાં પ્રભુ, ગોપીસંગે રમણ કર્યા,
ઉડગણુને વચ્ચે ચંદ્ર જેમ, તેમ ગોપી પ્રભુ ઠર્યા, હરિ૦ ૨૪
સતનાં યૂથ મળીને ગાએ, વ્રજમાં ફરવા લાગ્યારે;
યમુના પુલીને મળી સહુ આવ્યાં, કેવલ રસમાં પાગાં. હરિ૦ ૨૫
આમાં અધિક કોણ અમવિના, એમ કર્યું મદ મનરે;
પ્રભુજીએ જાણી મનની વાર્તા, ત્યાં થયા અંતર ધ્યાન.હરિ૦ ૨૬
શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ પ્રભુજીની, કૃપાથી ગાય એમરે;
તમનિજ દ્વારકેશાઉર લાવે, લીલા વર્ણવી પ્રેમ. હરિરસ માતારે. ૨૭

પ્રકરણ ૧૧ મું.

વસંત હોરીના ખ્યાલ, રસિયા વગેરે.

હોરીનાં પદ.

પદ ૧ લું.

પકડે બ્રજજન ગિરિધારી. ટેકો
ઉમંગ ભરી ગોપી સબ આઈ, ખેલ મચાયો ભારી;
ખેંચ લેઈ પીતાંબર મુરલી, હાં હાં કરત મોરારી;
હસી સબ દે કર તારી. પકડે૦ ૧

જીહીં જપત મુનિવર જ્ઞાની, સકળ વાસના ટારી;
શારદ શેષ પાર નહિ પાવત, જીહીં જપે ત્રિપુરારિ;
તાકુ ગોપી દેત હેં ગારી. પકડે૦ ૨

કાલકો કાલ ઈશકો ઈશન, જીત લીયો સુકુમારી;
કર જોરી કે પીતાંબર માગત, દો દો મોરલીયાં પ્યારી;
જાઓ અબ જીત તુમારી. પકડે૦ ૩

ભક્ત આધીન નિગમ નિત્ય ગાવત, મુનિવર કહેત બિચારી;
સૂરદાસ કે પ્રભુ રસીલે, વારવાર બલિહારી;
મગન કીની બ્રજનારી. પકડે૦ ૪

પદ ૨ જું.

સામરો અજહુ નહિ આયો,
બ્રજબનિતા સબ છોડી સાંવરે, મધુવન જાય બસાયો;
દાસી કરી પટરાણી સામરે, નાથકો નામ લજાયો;
કંથ કુબજા કો કહાયો. સામરો. ૧
આપહીં જાય દ્વારકાં બસાયો, હમકું જોગ બતાયો:
હમકું જોગ ભોગ કુબજાકું, એસો કપટી કહાયો;
આખર આહીર કો જાયો. સામેરો. ૨
લખી લખી પતીયાં છતીયાં જરાવત, ઉધોકાં વ્રજમેં પઠાયો;
હમ મિત્રી તો હે વિશ્વાસી, દાસીસું નેહ લગાયો;
ગરલ ઘોરી જુ પિલાયો. સામરો. ૩
ખર અક્રુર એ કહાંસે આયો, ઘર ઘર હોરી જગાયો;
એક હોરી તો જરત હે હૈયા મેં, સ્વપ્નામેં સુખ ના પાયો;
ફેર કહાંમે ફાગુન આયે. સામરો. ૪
વેરી વિધાતા અતિ સંતાપે, કામકો જોર બઢાયો;
સૂરદાસ અબલાકી વિનતી, કરત હે મનકોભાયો;
જલે પર લોન લગાયો. સામરો. ૫

પદ ૩ જું.

રાધાવર ખેલત હોરી.
નંદરાયકે બાલક ઇતિવે, ઉત બરસાનેકી ગોરી;

ડફ કરતાલ બજાવત ગાવત, કેસર કુમકુમ ઘોરી;
પરસ્પર રંગમેં બોરી. રાધાવર. ૧
ગાવત ગારી ગ્વાલ માનો નવ, નાગરી જોબન જોરી;
નંદલાલ બડા રસીયા હે, હમતેં કરત કછુ જોરી;
ફાગુનમેં કાનકી ચોરી. રાધાવર. ૨
દશો દિશમેં ગુલાલ ધુમડ રહ્યો, કાહુ ન લક્ષ પર્યોરી;
ઓચક આય ધાય ચંદ્રાવલી, લલિતાદિક સબ દોરી;
ગ્રહ્યો કુંવર બરજોરી. રાધાવર. ૩
મોર મુગટ બનમાલ મુરલીકા, પીતાંબર લીયો છોરી;
ભામિનીભેખ બનાય કહતહેં, નંદરાયકી છોરી;
બની છબી કામકી મોરી. રાધાવર. ૪
દે દે તારી નચાવત ગ્વાલની, અપની અપની ઓરી;
વા દિનકી શુધ ભૂલ લલારે, યમુનાતટ ચીર હર્યોરી;
આજ સખી દાવ પર્યોરી. રાધાવર. ૫
કૃષ્ણરંગ ફગુવા જો ભામતો, દેકર બહુતનિહોરી;
હે આધીન બ્રખુભાનસુતાકે, વિનતી કરે કર જોરી;
દેહું આપનો કર છોરી. રાધાવર. ૬

પદ ૪ થું.

સાંવરે મોહી રંગમેં રોરી.
બૈયાં પકર મેરી શિરકી ગગરીયાં, છીનકે શિરતેં ઢોરી;
રંગમેં લાલન રસવસ કીની, ડારી ગુલાલકી ઝોરી;
ગાવન લાગ્યો મુખતેં હોરી. સાંવરે. ૧
આય અચાનક મીલ્યોરી ડગરમેં, તબ નિરખ્યો નંદકોરી;

ભર ભુજાસે મોહી પકરકે, જીવનને બરજોરી;
માલા મોતીયનકી તોરી. સાંવરે. ૨

મર્યાદા મેરી કછુ ન રાખી, કહી એક બાત ઠગોરી;
તબ ઇનકો મેં આંખ દિખાઈ, મત જાનો મોહી ભોરી;
જાનું તેરે ચિત્તકી ચોરી. સાંવરે. ૩

મેરો જોર પ્રભુ કછુ ન ચલતહે. કંચુકીકી કસ તોરી;
સૂરદાસ પ્રભુ તીહારે મીલનકું, રસીયેને રંગમેં બોરી,
ગઇ મેં નંદકી પોરી. સાંવરે. ૪

પદ ૫ મું.

નેહ લગ્યો મેરો શ્યામ સુંદરસોં. ટેક૦

આયો વસંત સખી બન ફુલે, કેત ન ફુલીહે સરસોં;
મેં પીરી ભઇ પિયાકે વિરહસોં, નીકસત પ્રાણ ઇધરસોં;
કહો જાય બંસીધરસોં. નેહ. ૧

ફાગુનમેં સબ હોરી ખેલતહેં, અપને અપને વરસોં;
પિયકે વિયોગ જોગન વ્હે નીકસી, ધુર ઉડાવત કરસોં;
ચલી મથુરાકી ડગરસોં. નેહ. ૨

ઉધો જાય દ્વારકામેં કહીયો ઇતની અરજ મેરી હરિસોં;
વિરહવ્યથાસેં જીયરા ડરતહે, જબતે ગયે હરિ ઘરસોં;
દરસ દેખનકાં હોં તરસોં. નેહ. ૩

સૂરદાસ મેરી ઇતની અરજ હેં, કૃપાસિંધુ ગિરિધરસોં;
ગહરી નદી યા નાવ પુરાની, અબકેં ઉતારો સાગરસોં;
અરજ મોરી રાધાવરસોં. નેહ. ૪

હોરીના રસીયા તથા ખ્યાલ.

પદ ૬ ઠું.

બંદ્રાબન મોહન દધી લુંટી. ટેક૦
કહાં તેરો હાર કહાં નકવેસર, કહાં મોતીયનકી લર તૂટી, બંદ્રા૦ ૧
ગોકુલ મેરો હાર મથુરાં નકવેસર, કુંજ ગલનમેં લર તૂટી. બંદ્રા૦ ૨
સૂરદાસ પ્રભુ તીહારે મીલનકું, સર્વસ્વદે ગોવાલન છૂટી. બંદ્રા૦ ૩

પદ ૭ મું.

મન બસે તો બંદ્રાબન બસરે, ટેક૦
તીરથ વ્રત કાહેકુ ભટકે. બંદ્રાબનકો જપ કરરે. મન બસે તો૦ ૧
બંદ્રાબનકી કુંજગલનમેં, સંતનકો દર્શન કરરે. મન બસે તો૦ ૨
સૂરદાસ પ્રભુ તીહારે મીલનકું, હરિચરણેચિત્ત ધર લેરે. મન બસે તો૦ ૩

પદ ૮ મું.

મુરલી ઘનશ્યામ બજાવેંગે. ટેક૦
ઉંચો નંદગામ બરસાનો, ગોકુલપુરી કબ આવેંગે. મુરલી. ૧
હમ ભ્રખુભાનકી કુંવરી રાધિકા, નંદજીકો કુંવર કહાવેંગે. મુરલી. ૨
સૂરદાસ પ્રભુ તીહારે મીલનકું હસી હસી પ્રીત બઢાવેંગે. મુરલી. ૩

પદ ૯ મું.

શ્રી ઠાકોર કલંગી આપ ધરી. ટેક
મોરપીંછકી બનીહે કલંગી, હીરા મોતી જડાવ જડી. શ્રી ઠાકોર. ૧
બાંહે બાજુબંધ ગલે ગુંજા ધરી, પીતાંબરકી છબિ ન્યારી. શ્રી ઠાકોર. ૨
સૂરદાસ પ્રભુ તીહારે મીલનકું, ચરણકમળ પર બલિહારી. શ્રી ઠાકોર. ૩

પદ ૧૦ મું.

શ્રી જમુનાકે નિકટ બજાઇ બંસી. ટેક૦

જીવજંત જળથળકે મોહે, ઓર મોહે તરૂવર પંખી. શ્રીજમુનાકે. ૧

ઘેલી ચાલ ચલે ગલવા મોહે, ઓર મોહે હરના તપસી. શ્રીજમુનાકે. ૨

સૂરદાસ પ્રભુ તીહારે મીલનકું, કુંડલ જોત બની સરસી શ્રીજમુનાકે. ૩

પદ ૧૧ મું.

દરશન દો નાથ ધ્વજા ધારી. ટેક.

તીહારે દર્શનકો મન તલકત હે, તીન લોક મહિમા ભારી. દરશન દો. ૧

વ્રજ છોડ મેવાડ બસાઇ, એ મેવાડ લગી પ્યારી. દરશન દો. ૨

સૂરદાસ પ્રભુ તીહારે મીલનકું, મંદિર ભીડ ભઇ ભારી. દરશન દો. ૩

પદ ૧૨ મું.

નંદકે દ્વાર મચી હોરી. ટેક.

કિતમેં ડારે કુંવર કન્હૈયા, કિત ડારે રાધા ગોરી. નંદકે. ૧

પાંચ વરસકે કુંવર કન્હૈયા, સાત વરસ રાધા ગોરી. નંદકે. ૨

હાથમેં લાલ ગુલાલ ફેંટભર, ડારતહેં ભરભર ઝોરી. નંદકે. ૩

સૂરદાસ પ્રભુ તીહારે મીલનકું, અવિચળ રહીયો યહ જોરી. નંદકે. ૪

પદ ૧૩ મું.

વૃંદાવન ખેલ મચ્યો ભારી. ટેક.

વૃંદાવનકી ગોરી નારી, તુટે હાર ફટે સાડી. વૃંદાવન. ૧

વ્રજકી હોરી વ્રજકી ગોરી, વ્રજકી શ્રી રાધા પ્યારી. વૃંદાવન. ૨

પુરુષોત્તમ પ્રભુ ખેલે હોરી. સંગ સખા કરે કીલકારી. વૃંદાવન. ૩

પદ ૧૪ મું.

ખેલનદે મોયે હોરી રસીયા. ટેક.

દ જાને ન દઉંગી ગહી રાખુંગી, મેરી કાહેકું બહીયાં મરોરી. ખેલનદે. ૧

સખી સબ મીલી હોરી ખેલે, મેં કહા કીની ચોરી. ખેલનદે. ૨
ચુવા ચંદન ઓર અરગજા, કેસર ગાગર ભર ઢોરી. ખેલનદે. ૪
કૃષ્ણજીવન લછીરામ કે પ્રભુસોં, ફગુવા લીયો ભરભર ઝોરી. ખેલનદે.૪

પદ ૧૫ મું.

ડફ બાજે નંદ બાબા ઘરકે. ટેક.
ચકોરી સખી મીલી દેખન જઇએ, છેલ છગનીયા નાગરકે. ડફબાજે. ૧
અરૂ બાજતહેં ઢોલ દમામા, સુનીયત ઘાવ નગારનકે. ડફબાજે. ૨
નાચત ગાવત કરત કુલાહલ, સંગ સખા હે બરાબરકે. ડફબાજે. ૩
પુરુષોત્તમ પ્રભુ કે સંગ ખેલત, જબ મારત ઘરબારનકે. ડફબાજે. ૪

પદ ૧૬ મું.

મનમોહન રસીયા આયે બગીયનમેં, ખીલ રહી સબ કલી કલી.
એક કલી હરિનામ જપતહેં, દુસરી પુકારત અલી અલી. ૧
ચંપાબી ખીલા ગુલાબબી ખીલા, ખીલ રહી સબ અલી અલી. ૨
બાજત અલી તુમ સદા રંગીલે, પરીયો નાચે ગલી ગલી. ૩
પુરુષોત્તમ પ્રભુકી છબી નિરખત. ચરણકમલ ચિત્ત લગી રહી. ૪

પદ ૧૭ મું.

તુમ બીના મેરી કોન ખબર લે શ્રી ગોવર્દ્ધન ગિરિધારીરે.
ઓરનકું તો ઓર ભરૂંસો, હમકું આશ તુમારીરે. ૧
મોરમુગટ શિર છત્ર બિરાજે, કુંડલકી છબિ ન્યારીરે. ૨
જમુનાકે નીરે તીરે ધેનુ ચરાવે, બંસી બજાવે રંગ પ્યારીરે. ૩
વૃંદાવનકી કુંજ ગલનમેં, સોહત રાધે પ્યારીરે. ૪
સૂરદાસ પ્રભુ બિહારે મીલનકું, ચરણકમલ પરવારીરે. ૫

પદ. ૧૮ મું.

તુમ ટરે મોરી ટરી ગાગરીયાં.
તુમેરે ટરે પ્રભુ મુખકી મોરલીયાં, ઉનસેં ટરી મોરી નાકકી નથનીયાં. ૧
તુમેરે ટરે પ્રભુ મોર મુગટ હે, ઉનસેં ટરી મોરી સુરંગ ચુંદડીયાં. ૨
તુમેરે ટરે પ્રભુ ગ્વાલ બાલહે, ઉનસેં ટરી મોરી સંગકી સાહેલીયાં. ૩
સૂરદાસ પ્રભુ તીહારે મીલનકું, સબસેં ટરી મોરી ગોકુલ નગરીયાં. ૪

પદ ૧૯ મું.

બખુબાનકી લલી, શામળીયાસેં નેહડો લગાકે ચલી.
આવોજી શામરે હમારી ગલી, ઠાડે રહો લાલજી મેં કબકી ખડી. ૧
હાથમેં હે ગજરા ગુલાબકી છડી, પાઉસેં ઝાંઝર બજાવતી ચલી. ૨
આંખો ભરે સુરમેને મુખમેં ભરે પાન, છોટી ઉમ્મર રાધા બહોતમા ગુમાન. ૩
બાઇમીરાં કહે પ્રભુ ધીરગંભીર, ગ્વાલીનકું મીલગયે જમુનાંજીકે તીર. ૪

પદ ૨૦ મું.

મુખડાનું માંડણ મોતી, મહારાજા મારા મુખડાનું માંડણ મોતી. ટેક.
મેં જલ જમુના ભરન ગઇતી, મુખડું ધોતાં ખોયું મોતી. ૧
ગાગર ભર પનઘટ પર મૂકી, લાગી ફુલ મોતી જોતી જોતી. ૨
ઘર જાઉં તો મોરી સાસુ લડતહે, નણંદી બોલે છે મહેણાં દેતી. ૩
પુરુષોત્તમ પ્રભુ આયે અચાનક, મોતીડું લીધું છે મારું ગોતી. ૪

પદ ૨૧ મું.

શ્રી કૃષ્ણ મથુરાંમે બસકે, ગોકુલકો આવનો છોડ દીયો.
જબતેં બ્રજ બાસીન ત્યાગ કીયો, ગૌવનકો ચરાવનો છોડ દીયો. ૧
જબતેં કુબ્જાકો સંગ કીયો, પનઘટકો આવનો છોડ દીયો. ૨

કંસકુ મારી ભયે મહારાજા, ગલીયન અથડાનો છોડ દીયો. ૩
લલિતકીશોરી સંગ રંગ ભીને, ગોપીસેં નેહ છોડ દીયો. ૪

પદ ૨૨ મું.

કછુ દોષ નહિ મનમોહનકો, બને બાંસ ધુરે જીનારી બંસુરી. ટેક.
તેરી જાત બાત મેં સબ જાણું, તેરે ગાન ગાતમેં હે રસરી. ૧
બન ઢુંઢકે બાંસ કટાય દઉં, ઉપજે નહિ બાંસ બજે બંસુરી. ૨
હમ છોડ દીયો વ્રજકો વસવો, યાનેં તું બસ તું બેરન બંસુરી. ૩
ચંદ્રસખી ભજ બાલકૃષ્ણ છબી, ચરણનમેં ચિત્ત ધરે સજની. ૪

પદ ૨૩ મું.

રસીયો રસે ભર્યોરે, વહાલો શ્રી વિઠ્ઠલવર વરણાગી રે;
વ્રજવનિતાએ વર્યોરે. એમની છબિ ઉપર લેહ લાગીરે. ૧
નાગર નંદતણોરે, નટવર નાચેને ગાયે ગીતરે;
વહાલો લાગે ઘણોરે, પ્યારો પ્રેમે ઉપજાવે પ્રીતરે. ૨
સુંદર સ્યામળારે, હરિ મ્હારા હૈડા કેરા હારરે;
પ્રીતમ પાતળારે, મ્હારા પ્રાણજીવન આધારરે. ૩
લાગે હરિ મીઠડારે. રસીઓ રાસ રમણનો ભોગીરે;
વલ્લભ પ્રભુ દીઠડારે, તેથી સદા રહીએ સંજોગીરે. ૪

પદ ૨૪ મું.

લાગી મને નેહજડીરે, એથી અળગા કેમ રહેવાયરે;
નિરખું ઘડી ઘડી રે, સુખડાં કેની આગળ કહેવાયરે. ૧
બીડી મને ગેલમાંરે, વહાલો શ્રી વૃંદાવનના ચંદરે;
સૈયર સાથમાંરે. સોહીએ તારામાં જેમ ચંદરે. ૨
ઉભો અલબેલડોરે, જીવણ શ્રી જમુનાજીને તીરરે;
બાલચ છેલડોરે, વેણુ વગાડે હળધર વીરરે. ૩

સખી ટોળે મળીરે, જોવા જસોદાજીના કાહાનરે;
મરજાદા ટળીરે, વલ્લભ પ્રભુજી સું લાગ્યું ધ્યાનરે. ૪

પદ ૨૫ મું.

ઘેલી થઇ ફરૂં રે, ઘેલા ગિરિધારીની સંગરે;
ધીરજ નવ ધરૂં રે, આતુર કીધું મ્હારૂં મનરે;
જળ ભરવાને મસેરે, જાતું શ્રી જમુનાજીને ઘાટરે;
હરિ હરખે હસેરે, આડા આવી રોકે વાટરે. ૨
નિરખું નૈણાં ભરીરે, સજની શામળીઆનું રૂપરે;
હરખું હૈડાં ભરીરે, સર્વસ કોમળ સ્યામ સ્વરૂપરે ૩
બીજું મને નવ ગમેરે, મ્હારે સર્વસ્વ નંદ કુમારરે;
મન કેડે ભમેરે, દાસ વલ્લભ પ્રભુ પ્રાણઆધારરે. ૪

પદ ૨૬ મું.

પ્રીતની વાતડીરે, જેહને લાગી હોય તે જાણેરે;
તુજ ઘેર જાતડીરે, નિર્લજ થાય તે એ રસ માણેરે. ૧
પ્રેમ ત્યાં નેમ નહિંરે, જયાંહાં પડદો ત્યાં શાની પ્રીતરે;
નેમ ત્યાં પ્રેમ નહિંરે જગત ભગતની અવળી રીતરે. ૨
પ્રીત છે માહરેરે, સજની શામળીઆની સાથ રે;
એવી નથી તાહરેરે, અમે વેચાણા એકને હાથરે. ૩
તનમન સોંપીયુંરે, હવે જે થનાર હોય તે થાય રે;
ભવો ભવ અર્પીયુંરે. દાસવલ્લભ જુગલ જશ ગાયરે. ૪

પદ ૨૭ મું.

કારણ શું એ કહું રે. મુજને કહાનુડાના કોડરે;
કોઇથી નવ ડરૂં રે, હરખે હૈડું મોટા મોડરે. ૧

પ્રિત પ્રગટ કરૂંરે, સજની શેને રાખું છાનુંરે;
હરખ હૈયે ધરૂંરે, મારા મનના માન્યા માનુંરે. ૩
આ ભવ દુઃખ ટળ્યુંરે, હતું જેમ શળી કેડ સાલરે;
દુરીજન દેખી બળેરે, મારે સર્વસ્વ નંદજીના લાલરે. ૨
પ્રાણના પ્રાણ સખીરે, જીવણ જશોદાજીના કહાનરે:
રાખું હૈયે લખીરે, વલ્લભ પ્રભુસું લાગ્યું ધ્યાનરે. ૪

પદ ૨૮ મું.

રસ રસીઆ તણોરે, મીઠડો લાગ્યો જેને મનરે;
પીતાં પ્રેમ ઘણોરે, સોંપ્યાં તન મન ધનરે. ૧
વ્રજમાં વાય છેરે, એ રસ રિમંગ્યો અંગોઅંગરે;
અકળાક ઉર ઢળ્યોરે, રમતાં રસ વાધ્યો બેઉ રંગરે. ૨
છે રસ પ્રીતનોરે, લટકે લેતાં છૂટે લાજરે;
અધર રસ લહેરનોરે, સુત પતિ તજીયાં ઘરનાં કાજરે. ૩
લલિતા લાલસુંરે, કરતી અહોનિશ આનંદ ખેલરે;
વિલાસ ગોપાળસુંરે, જેને હરિની સાથે હેલરે. ૪
ધન્ય વ્રજ વાસીયોરે, ધન્ય શ્રીગોકુળ જમુના તીરરે;
ભવોભવ દાસીયોરે, જેને વહાલો હળધર વીરરે. ૫
ખટરસ આંગણેરે, બીજા રસમાં સ્વાદ ન હોયરે;
વલ્લભ પ્રભુ મળ્યારે, મોહન મુખ દીઠે સુખ હોયરે. ૬

પદ ૨૯ મું.

સુણ સાહેલડીરે, મારે નંદકુંવરસું સ્નેહરે;
અજું શું કહુંરે, મારા પ્રાણજીવન ધન એહરે. ૧
હાર હૈયા તણારે, મારા ચિત્તડા કેરા ચોરરે;

મસ્તકના મણિરે. મ્હારા કાળજડાની કોરરે. ૨
ઉર લપટાવીયેરે, એ પર આવે એવી વહાલરે;
સખી હું શું કહુંરે. મહોટું સાસરીયાનું સાલ રે. ૩
આજ હું એકલીરે, મને માર્ગે મળીયો કહાનરે;
મુખ બોલ્યા બંન્યોરે, કીધી આંખલડીમાં સાનરે. ૪
હું સમજી રહીરે સુજને તેડી શ્રીવૃંદાવનરે;
સજની શું કરૂં રે, ન સુઝે રજની ને કાંઇ દિનરે. ૫
વહાલે મને ભોળવીરે, ચોરી લીધું મારૂં ચિત્તરે;
વલ્લભના સ્વામી મળ્યારે, મારે પ્રાણજીવ ન ધન હિતરે. ૬



પ્રકરણ ૧૨ મું

શ્રી ઠાકોરજીના યશ તથા માહાત્મ્યનાં ધોળ–પદ.

પદ ૧ લું.

વાકે અંબોડે શ્રી નાથજી ને સુંદર શ્યામ સ્વરૂપ,
શ્રી વલ્લભસુત સેવા કરે એ શ્રી ગોકુળના ભૂપ. ૧
પાઘ બાંધી બ્હાલે જરકશી, ને સુંદર વાગા સાર,
પટકા છે પચરંગના સજ્યા તે શોળ શણગાર. ૨
કેસરી તિલક સોહામણું, નાસિકા વિશ્વાધાર,
ચિબુકની અતિ કાંતિ છે, કંઠે મોતીના હાર. ૩
હડપચીએ હીરલો ઝગમગે, એના તેજ તણો નહિ પાર,
અધર બિંબ એ રસિક છે, ઝળકે તે જોત પ્રકાશ. ૪
બાંહે બાજુબંધ બેરખા હરીના ખીટલીઆળા કેશ,
નિરખ્યાને વળી નિરખશું, એનો પાર પામે ન શેષ. ૫
ડાબી બાજુએ ગિરિવર ધર્યો, જમણે કટિ મધ્ય ભાગ.
કૃપા કરો શ્રી નાથજી, બલિહારી માધવદાસ. ૬

માધવદાસ કહે હરિ, માહારૂં માગ્યું આપો મહારાજ,
વળી વળી કરૂં વિનતી, મુને આપજો વ્રજમાં વાસ. ૭

ધોળ ૨ જું.

સખી આજનો લાહાનો લીજીએરે, કાલ કોણે દીઠી છે;
ફૂલની ગાદી ને ફૂલના તકીયા,
ફૂલનાં બીછાનાં બીછાવીએરે. કાલ કોણે દીઠી છે. ૧
સોનાના સોગટાં ને રેશમની ચોપાટ,
હીરલાના પાસા ઢળાવીએરે. કાલ કોણે દીઠી છે. ૨
સોનાનું પારણું ને રેશમની દોરી,
હરખે શ્રીનાથજી ઝુલાવીએ રે. કાલ કોણે દીઠી છે. ૩
વાણીના મેહુલા ને આનંદની હેલી,
સુખને શરવડે ભીંજાઇએરે. કાલ કોણે દીઠી છે. ૪
વલ્લભના સ્વામી પ્રભુ રસિક શિરોમણિ,
વળીવળી મુખડાં નિહાળીએરે. કાલ કોણે દીઠી છે. ૫

ધોળ ૩ જું.

ન્હાના સરખા શ્રીનાથજી, ન્હાના ન્હાનારે હાથ,
ન્હાની લકોટીઓ કર ગ્રહી, સુંદર દીસો છો પ્રાણનાથ. ન્હાના. ૧
ન્હાના સરખા ગોવાળીયા, ન્હાની સરખીરે ગાય;
માથે શીંગડીરે શોભતી, ઓ ધેન ચારવારે જાય. ન્હાના. ૨
ન્હાની બંસીરે કર ગ્રહી, હરીયાં ગોપીનાં મન;
રૂડો નંદજીનો લાડીલો, રૂડો વૃંદાવન. ન્હાના. ૩
ન્હાની સરખીરે મોજડી, ન્હાના સરખા છે પાય;
પાયે રણઝણ ઘુઘરી, અણવટ વીંછુવા સાર. ન્હાના. ૪

પ્રભુજીના મુખ પર મોરલી, વાઈ વેણુ રસાળ;
શબ્દે મોહીરે ગોપિકા, રોતાં મેહેલ્યાં છે બાળ. મ્હાના. ૫
કાલિંદીને કાંઠડે ઉભા વગાડો છો વેણુ;
જાવા ઘોને જાદવા, કે વ્રજમાં થાશે પોકાર. મ્હાના. ૬
આંગળી સાહીને હરિ તાણુશો, પ્રભુ મ્હારૂં ધ્રુજે છે અંગ;
સઘળી ગોપિકા આવશે, તમને ઘેરશે મહારાજ. મ્હાના. ૭
કે બંસીબટના ચોકમાં, ઉભલા વજાડો છો વેણુ;
માધવદાસની વિનતી, આપો વ્રજમાં વાસ. મ્હાના. ૮

ધોળ ૪ થું.

મીઠડા બોલા શ્રી નાથજી, મળીયા મારગ માંય,
સહુ સુખ આપ્યાંરે સેજમાં. ટેક.
મનડું માહારૂં રે મોહી રહ્યું, પૂર્વ જન્મનીરે પ્રીત;
શોભા શી કહું શ્યામની, નિત્ય નિત્ય નવલીરે રીત. મીઠડા. ૧
વાંકી પાઘ વરણાગીઆ, વાંકી ચાલે છે ચાલ;
વાંકાં નયણાં સોહામણાં, કે વાંકી વેણુ રસાળ. મીઠડા. ૨
નયણાં તમારાં શ્રીનાથજી, કયમ કરી કરૂંરે વખાણુ,
શુદ્ધ ન રહીરે શરીરની, માનુની મૂકે છે માન. મીઠડા. ૩
શ્રી જમુનાંજીમાંરે ઝીલતાં. તુટયો નવસર હાર:
મોતી સઘળાં વેરાઇ ગયાં, હીરલો લાધ્યો છે હાથ. મીઠડા. ૪
કે મનડું મારૂં રે મોહી રહ્યું, દેખી છબીલાની ચાલ;
ધન ગોવિંદ પ્રભુ એલી મળ્યા, પામ્યા મોટો ઉલ્લાસ. મીઠડા. ૫

ધોળ ૫ મું.

માહારે મંદિરે પધારો શ્રી નાથજી, હું તો જોઉંરે તમારી વાટ

હુંતો શેરી વળાવી સજ કરૂં, હુતો ફૂલડાં વેરાવું મારી વાટ. ૨
હું તો ચીરના ચંદરવા બંધાવતી, હું તો પથરાવું લીલા પીળા ખાટ.
હું તો શણગાર કરાવું હરિને ભાવતા, હું તો દર્પણ દેખાડું મહારા નાથ.
હું તો બીડડા મેવા મંગાવતી, આરોગોને શ્રી વૈકુંઠનાથ. માહારે. ૫
હું તો શીરો કરાવું સ્નેહ તણો, જીવણ આરોગો તમારે હાથ. ૬
હું તો જમુનાજળ ઝારી ભરાવતી, આચમન કરો શ્રી વૈકુંઠનાથ. ૭
બાસઠ પાનનાં બીડલાં બંધાવતી, મુખવાસ કરોને વૈકુંઠનાથ. ૮
હું તો સોનાનાં સોગટડાં મંગાવતી, રમત રમજો સારી રાત. ૯
હું તો સેજ પથરાવું સ્નેહ તણી, પોઢણ કરો શ્રી ગોકુળનાથ. ૧૦
હું તો ફૂલના પંખા ભરાવતી, વીંજણ કરૂં રે સારી રાત. ૧૧
હું તો ફુલની જાળી ભરાવતી, માંહે બીરાજે શ્રી ગોકુળનાથ. ૧૨
હું તો થાળ ભરૂં સગ મોતીએ, વધાવું શ્રી વલ્લભકુલ પરિવાર. ૧૩

ઘોળ ૬ ઠ્ઠું.

ગોકુળની ગોપીઓરે ચાલી જળ ભરવા,
શામળીઓ સન્મુખરે; આવ્યા મ્હારૂં મન હરવા. ૧
આતે શું અચરજરે, આવ્યા માહારી શેરડીએ,
કાઇ હું નવ બોલુંરે; એ બોલાવે છે. ૨
મોહનને મોહીનેરે માયા લાગી છે;
જીવણને જોઇનેરે; ઘર ઘંધો ભૂલી. ૩
હારે મુને સબળ ગમે છેરે, એ વરનો લટકો;
આંગળીએ વળગ્યોરે, વાહાલો આવે છે. ૪
આ અમે વહુવારૂરે, લીલા લાજ ભર્યાં;
નીસંતાં બીજેરે કંથે કેદ કર્યાં. ૫

સાસુડી સુણશેરે, નણુદલ નાહાની છે;
માધવના સ્વામી રે, અમૃતની આ ઘડીઓ. ગોકુળની. ૬

ધોળ ૭ મું.

સાચા સંબંધીડા શ્રીગોકુળ ક્યારે જઇશું,
આપણે બે બેલડીએ વળગી શ્રીજમુનાજીમાં નાહીશું. સાચા૦ ૧
ગોકુળીઆની ગલી ગલીએ, ગુણ ગોવિંદના ગાઇશું. સાચા૦ ૨
શ્રીગિરિધારી અલબેલા જોઇ જોઇ, મન ચીત્તવ્યાં લાડ લડીશું. સા૦ ૩
ભીમના ઠાકોરને જઇને ભેટીશું, સદા સોહાગણ થઇશું. સાચા. ૪

ધોળ ૮ મું.

શ્રીગોકુલીયું મૂકીને કંઇ જઇએ નહિ.
વાસો વસીયે ચરણકમળની છાંય જો.
શ્રીજમુનાજીનાં સુંદીર તટ રળીયામણાં,
ત્યાં માહારા વાહાલાજીના પરમ રમણ સુખધામજો. શ્રીગો. ૧
જસોદાઘાટે આનંદસાગર ઉલટ્યો,
સુખસાગરમાં ઝીલે ભક્તસમાજજો;
શ્રી ઠકરાણીઘાટે બેઠક સુંદર શોભિતી.
સદા બિરાજે શ્રી વલ્લભ પરમ ઉદારજો. શ્રીગોકુલીયું. ૨
શ્રી ગોકુલીયાની વૃક્ષલતા સહુ નમી રહી,
ચરણ સ્પર્શવા શ્રી ગોકુલપતિ મહારાજજો;
ગિરિ ગોવર્દ્ધન રત્ન ખચિત સોહે ઘણું,
આદ્ય વૃંદાવન નિત્ય રમણનું ધામજો. શ્રીગોકુલીયું. ૩
આનંદ મંગળ મહારસ સિંધુ ઉલટયો,
કુંજકુંજ પ્રતિ ખેલે શ્રી નંદકુમારજો;

જે નયણે શ્રી ગોકુલીયું નિરખ્યું સહી,
તે નયણાંના ભાગ્યતણો નહિ પારજો. શ્રીગોકુલીયું. ૪
શ્રી વલ્લભધારે પ્રીતમજી એસે ઘણું,
કુંજગલીમા ભીડ તણો નહિ પારજો;
રંગીલી ગલી શ્રી ગોકુલપતિ મંદિર જતાં,
પ્રીતમજી ત્યાં વળી લે છે દાનજો. શ્રીગોકુલીયું. ૫
જગમોહનમાં બેઠક સુંદર શોભતી.
મનોરથ પૂરે શ્રી ગોકુળનો નાથજો;
રમણુ રેતીમાં રાસમંડલ રચના કરી,
નિરખી હરખી જીવ કૃતારથ થાયજો. શ્રીગોકુલીયું. ૬
ભેટ પહેરામણી ભાવ સહિત ત્યાં સહુ કરે,
વૈષ્ણવ કહે અમને આપો વ્રજમાં વાસજો;
શ્રી જમુનાજીનાં ઘહેરાં નીર અતિ શોભતાં,
એવી રીતે કહે છે શ્રી વલ્લભદાસજો. શ્રીગોકુલીયું. ૭
બેર બેર શ્રી જમુનાજીને વિનતિ કરૂં,
નિત્ય પ્રતિ રાખો ચરણુકમળની છાંયજો;
નિજભક્તાનકી નિજ દાસી હું તમ તણી,
કિંકરી કહે મને આપો શ્રી વ્રજમાં વાસજો. શ્રીગોકુલીયું. ૮

ધોળ ૯ મું.

લાલ તમારો લટકો જોઈ મને ચટકી લાગી પ્રેમતણી,
શ્રી દાઉજી તમારો લટકો જોઈ મને ચટકી લાગી પ્રેમ તણી. ટેક.
લટપટી પાઘ કેશરીઆ વાઘા.
જડાવ તિલકની શોભા બની; લાલ દાઉ૦.

રસિક કુંડળ લોલક લળકે,
જડાવ જડયાંરે મણી હીરા મણી; લાલ. દાઉદ. ૨
બાંહે બાજુબંધ બેરખા સોહીએ,
જડાવ પોંહોંચીની શોભા ઘણી; લાલ. દાઉદ. ૩
ઇતિ ગોકુળ ઉત મથુરાં નગરી,
બીચ જમુનાજી નીર વહે; લાલ. દાઉદ. ૪
વંદ્રાવનમાં રાસ રચ્યો હે,
સહસ્ર ગોપીને વચ્ચે ગીરધારી; લાલ. દાઉદ. ૫
વંદ્રાવનની કુંજગલનમાં,
જુગ જુગ રહીયો એ જોડી; લાલ. દાઉદ. ૬
જમુનાજીની નીરે તીરે ધેન ચરાવે વહાલો,
બંસી બજાવે વાહાલો કદમ ચઢી; લાલ. દાઉદ. ૭
સુરદાસ પ્રભુ તીહારે મીલનકું,
રંગ તણા મહારાજ ધણી; લાલ. દાઉદ. ૮

પદ ૧૦ મું.

હાંહાંરે વારી જાઉં તમને વિઠ્ઠલારે, ગોપીના વલ્લભ પ્રાણુરે;
મારા શામળીઆ સુજાણુરે, જસોદાજીના જીવણુ જાદવારે. હાંહાંરે૦ ૧
હાંહાંરે નટવર ભેખ ધર્યો શ્રીનાથજીરે, કાંઇ કદંમ કેરી છાંયરે;
મુખ વાએ મધુરી વાંસળીરે, વજાડતા તેને ઠામરે. હાંહાંરે. ૨
હાંહાંરે મોર મુગટ સોહામણોરે, પીતાંબર સોહે અંગરે;
ગળે હાર ગુંજા તણારે, એનો દીસે છે અતિ રંગરે. હાંહાંરે૦ ૩
હાંહાંરે અમને માયા લાગી તમથુંરે, મેંતો મેલ્યાં ઘરનાં કાજરે;
રંગે રાસ રમાડજોરે; હું તો કહું છું મેલી લાજરે. હાંહાંરે૦ ૪

હાંહાંરે તમારા મુખડા સામું જોતીરે, નયણાના ચાળે લોભીરે;
તારે રૂપે લોભાણી વિઠ્ઠલારે, મારા ચિત્તડાના ચોરરે. હાંહાંરે૦ ૫
હાંહાંરે વંદ્રાવન રળિઆમણું રે, મારો વા'લોજી ખેલે રાસરે;
ખેલે નંદનો કુંવર લાડીલોરે, બલિહારી માધવદાસરે. હાંહાંરે. ૬

ધોળ ૧૧ મું.

ચતુર્ભુજ છે ચારરે, રૂપાળા રસીયા;
મુખ મનોહર સુંદરરે, સરિતાતીર વસીયા. ૧
ચરણકમળ ચિત્ત મારૂંરે, ઘુઘરીને ધમકે;
પીય વીંછવા પહેર્યારે, ઝાંઝરને ઝમકે. ૨
શીત શરીરે ચંદનરે, આનંદથી અરચ્યું,
કસ્તુરીનું તિલકરે. ચંદન અંગે અરચ્યું. ૩
કાને કુંડળ લળકેરે, ચળકે ચુની ચારૂ;
ભાલ ભ્રકુટી નીરખીરે, મન મોહ્યું મા'રૂં, ૪
અતિ અણિયાળી આંખેરે, કાળજ કોરાણું;
કીકી કામણગારીરે. ચિત્ત તેથી ચોરાણું. ૫
પીળા પટકા લટકેરે, ચટકે ચાખડીઓ;
જામા છે જરકશીરે, કર કશી રાખડીઓ. ૬
મુગટ લટપટ લળકેરે, મોતનની માળા;
રત્ન સિંહાસન રાજેરે, રસિયા રૂપાળા. ૭
પ્રભાશંકરના સ્વામીરે, વસીયા ગુજરાતે;
ભાવ કરી સહુ ભેટેરે, કરૂણાકારી તે. ૮

ધોળ ૧૨ મું.

તમારૂં જોવા સરખું રૂપ, શ્રી ગોવર્દ્ધનનાથજીરે;
રૂપે મોહ્યા કોટી ભૂપ, શ્રી ગોવર્દ્ધનનાથજીરે. ૧

વહાલા મારા નવાનગરના વાસી, શ્રી ગોવર્દ્ધનનાથજીરે
બીજું નગર વસાવ્યું કાશી, શ્રી ગોવર્દ્ધનનાથજીરે ૨
સાથે મદનમોહનજી બીરાજે, શ્રી ગોવર્દ્ધનનાથજીરે;
સેવા શ્રી ગિરિધરલાલજીની છાજે, શ્રી ગોવર્દ્ધનનાથજીરે. ૩
સાથે વહુબેટીઓનો સાથ, શ્રી ગોવર્દ્ધનનાથજીરે;
સામગ્રી કરતાં સારી રાત, શ્રી ગોવર્દ્ધનનાથજીરે. ૪
ભોગ ધરાવે દીનાનાથ, શ્રી ગોવર્દ્ધનનાથજીરે;
બીડલાં આપે શ્રી જમણે હાથ, શ્રી ગોવર્દ્ધનનાથજી. ૫
એમ કરી કહે છે શ્રી વલ્લભદાસ, શ્રી ગોવર્દ્ધનનાથજીરે;
એ સુખ કહ્યાં નવ જાય, શ્રી ગોવર્દ્ધનનાથજીરે. ૬
બલિહારી જાય **માધવદાસ,** શ્રી ગોવર્દ્ધનનાથજીરે;
અમને વ્રજમાં તે આપો વાસ, શ્રી ગોવર્દ્ધનનાથજીરે. ૭

ધોળ ૧૩ મું.

શ્રી ગોકુલ ગામ અતિ શોભિતાં, શોભિતાં મંદિર માળીયાં;
ચોક ચિત્રામણ શોભિતાં. શોભિતાં જડિત્રને જાળીઆં. ૧
મણિ આણેક સ્થંભ શોભિતા, શોભિતા હિંડોળા ખાટજી;
પાટી પચરંગી શોભિતી, શોભિતા ઘુઘરીના ઘાટજી. ૨
ત્યાં બિરાજે શ્રીવલ્લભ રાજીયા, ભલી મળી વૈષ્ણવની જોડજી;
આનંદ પ્રગટ્યો અતિ ઘણો, થઈ છે કલ્યાણની કોટજી. ૩
કુમકુમ થાળરે કરે ધરી, ભરી મુક્તાફળ સારજી;
વ્રજત્રિયા વેગે વધાવાને, આવે છે મોડલા મોડજી. ૪
અગ્નિ થકી વહાલો પ્રગટીયા, કીધો છે અતિઘણો શ્રમજી;
એવા પ્રભુજીને નિરખીને કોઈ ના જાણે તેનો મર્મજી. ૫

શ્રી વલ્લભ ચરણે જે નમે, તેની તે પૂરી છે આશજી;
માધવદાસની વિનતી, રાખજો દૃઢ વિશ્વાસજી. ૬

ધોળ ૧૪ મું.

તેડી જાઓ તો અમારાં મન ઠરે, હું તો જોઉં શ્રી ગોકુલની રીતરે;
હું તો નેણે નિરખું શ્રી નાથજી, છે પૂર્વ જન્મની પ્રીતરે. ૧
ત્યાં તો સાત મંદિર સોહામણાં, ભવન ભવન વસે વ્રજનાથરે;
વસે શ્રી વલ્લભાચાર્યજીના લાડીલા, મહા મોટા મુનિવર હંસરે ૨
શ્રી વૃંદા તે વન રળીઆમણું, સોહામણા ઠકરાણીના ઘાટરે;
સોહામણી વાય વહાલો વાંસળી, તે તો બળભદ્ર કેરા વીરરે. ૩
શ્રી વૃંદા તે વનની કુંજમાં, અમો કેમ ના સરજ્યા મોરરે;
અમો હેલ કરત નંદલાલસું, નયણે નિર્ખત નંદકિશોરરે. ૪
હું તો વિરહે દર્શનની વ્યાકુળી, જર જીરણ મારી દેહરે;
હું તો વહુ બેટીઓને પાયે પડું, નિહાળું શ્રીમુખ ચંદ્રરે. ૫
જેણે નયણે ના નિરખ્યા શ્રી નાથજી, તેણે શાને ધરી આ દેહરે;
જેણે શ્રીગોવર્દ્ધન જોયા નહિ, તેનો સૂનો ગયો સંસારરે. ૬
જેણે શ્રી વલ્લભકુળ જાણ્યા નહિ, તેનો એળે ગયો અવતારરે;
ધિક્ક ધિક્ક પડયો આ દેહને, ના નાહ્યો શ્રી જમુનાનીરરે. ૭
ધન્ય ધન્ય જીવન વ્રજવાસીનું, જેણે વ્રજમાં તે પૂર્યો વાસરે;
કર જોડીને કરૂં વિનતી, બલિહારી તે માધવદાસરે. ૮

ધોળ ૧૫ મું.

વદનકમળ જોયું જેણે એક વાર, શ્રીનાથજીનું વદનકમળ જોયું–ટેક
મનુષ્યાદેહ ધર્યો તેનો સફળ છે, જનમ મરણ દુઃખ ખોયું. જેણે. ૧
કોટિ કલ્પનું મેલું થએલું મન, એક પલકમાં ધોયું. જેણે. ૨

મેવાડ દેશમાં બિરાજે મારો વા'લમો, શેષ શંકરે ચિત્ત પ્રોયું. જેણે. ૩
કમળચોક રત્નચોક જગમોહન જોયું, રહ્યો એક બાકી સર્વે ખોયું. જેણે ૪
દયાના પ્રીતમજીશું પ્રીત નથી જેને, માતપિતા નામને વગોવ્યું. જેણે. ૫

ધોળ ૧૬ મું.

નાથ કૈસે ગજકો બંધ છોડાયો, યેહી અચરજ મોહે આયો.—નાથ.
ગજ ઓર ગ્રાહ લડત જળ ભીતર, લડત લડત ગજ હાર્યો;
જવપુર સૂંઢ રહી જળ ઉપર, તબ હરિનામ પોકાર્યો. નાથ. ૧
શબરીકે બોર સુદામાકે તાંદુલ, રૂચી રૂચી ભોગ લગાયો;
દુર્યોધનકો મેવો ત્યાગી, ભાજી વિદુર ઘર પાયો. નાથ. ૨
પેઠ પાતાળ કાળીનાગ નાથ્યો, ફેણપર નૃત્ય કરાયો;
ગિરિ ગોવર્દ્ધન કર પર ધાર્યો, નંદકેર લાલ કહેવાયો. નાથ. ૩
અગાસુર માર્યો બગાસુર માર્યો, દાવાનળ પાન કરાયો;
સ્તંભ ફોડી હીરણાકશ માર્યો, નરસિંહ નામ ધરાયો. નાથ. ૪
અજામેલ ગજ ગુણકા તારી, દ્રુપદીકો ચીર પુરાયો;
પયપાન કરતાં પૂતના મારી, કુબજાકો રૂપ બનાયો. નાથ. ૫
કૌરવ પાંડવકો યુદ્ધ રચાયો, કૌરવકું માર હઠાયો;
દુર્યોધનકો માન ઘટાયો, ગોપે ભરૂંસો આયો. નાથ. ૬
સબ સખીયન મીલી કંગન બાંધ્યો, રેશમ ગાંઠ બંધાયો;
છુટે નહિ રાધાજીકો કંગન, કૈસે એ ધનુષ ઉઠાયો. નાથ. ૭
છપ્પંડ કોટિ પ્યાદલ ધાયો, ગરૂડકું નાજ સંતાયો;
છુટે નહિ રાધાજીકો કંગન, એ બળ કહાં રે છુપાયો. નાથ. ૮
જોગી જાકો ધ્યાન ધરતહેં, ધ્યાન ધરત નાહિ આયો;
સૂરદાસ કહે પ્રભુ તીહારે મીલનકું, જસોદાકી ધેન ચરાયો. નાથ. ૯



પ્રકરણ ૧૩ મું

વિરહ, દીનતા અને વિનતિનાં ઘોળ તથા પદ.

ઘોળ ૧ લું.

વિનતી કરૂં શ્રીવલ્લભપ્રભુ, અંતરગત જાણો;
ચરણ શરણ રાખો સદા, જીવ જગ્ત લોભાણો. ૧
અવગુણ અમારા અનેક છે, હરિ હૈયે ન ધરશો;
હું અબળાની વિનતી, જાણી કરૂણા કરશો. ૨
છેલ છબીલા શ્રીનાથજી, આંખલડી અણીયાળી;
અંગે આભૂષણ શોભતાં લટકે વનમાળી. ૩
કમલ કોમલ મુખ માધુરી, દર્શન દીનને દેજો;
દૈવી ઉદ્ધારણ કારણે, બરદ પૂરણ કરજો. ૪
હું અજ્ઞાની આ મર્મમાં, પ્રભુ કાંઇ નવ જાણું;
કહાડોને ભવમાંથી કર ગ્રહી, શોભા વદન વખાણું. ૫
દરશન આપો મારા વાલમા, શુદ્ધિ ભાવ જણાવો;

વાટ માં જોશો સાધન તણી, રસ મનમાં ભરાવો. ૬
ભટકી કાળ કંઇક વહી ગયા, વિષયરસમાતા;
શરણ સમર્પણ પામીયા, તોયે રંગે રાતા. ૭
તમારે બળે ત્રિભુવન ધણી, જીવ રૂપ જણાશે;
લોક વહેવાર વૈદિક તણી, મરજાદા જાશે. ૮
શરણાંગત હું શ્રીહરિ, એવું મન ઉપજાવો;
દાસ પોતાનો જાણીને, હવે વાર માં લાવો. ૯

તમે તો વચન પ્રભુ પાળીયાં, ભૂતલ પાઉં ધારી;
વંશ પ્રકાશ કીધો ભલો, લીલા અવતારી. ૧૦
પ્રગટ અનુભવ આપીને, સુખ રાસ દેખાડયા;
જેવો મનોરથ જેહનો, તેવા રંગે રમાડયા. ૧૧
કરૂણા તણી કૃતિ શી કહું, કોઇ પાર ન પામે;
જીવ પડયો જંજાળમાં, ખેંચી આણ્યો છે ઠામે. ૧૨

જેમ જેમ જન વિનતી કરે, તેમ તેમ તમે કીધું;
અંગીકૃત જે જીવ છે. તેણે સર્વે સુખ લીધું. ૧૩
આ અદભુત અવતારમાં, અળગા તે અભાગી;
દૃઢ આશરો જેને નાથસું, તે તો સદાય સુહાગી. ૧૪
આ લીલા આગે નવ સુણી, હવે પાછળ રોશો;
અખંડ લીલા કલિકાલમાં, બડભાગી જોશો. ૧૫
શ્રી ગિરિધારીજી સુખકારી, વહેલા દર્શન આપો;
વ્રજરજમેં મન રાખજો, ભવ બંધન કાપો. ૧૬

કૃત્ય અમારાં કરોડ છે, નરસામાં નરસાં;
દાસનો દાસ વિનતી કરે, પ્રભુ પદરજ પરસાં. ૧૭

ધોળ ૨ જું.

વ્રજના જીવન કરૂં વિનતી, હો શ્રીગોકુલના રે ચંદ;
વેગે તે આણાં મોકલો, હો શ્રીવલ્લભનંદ. વ્રજના. ૧
તમારા દર્શન વિના શ્રીવલ્લભરે, કહોજી કેમ રહેવાય;
મનડાં તે કઈ પેરે વાળીએ, નયણે નીર ભરાય. વ્રજના. ૨
અરજ સુણો આદર કરીરે, શ્રી જમુનાજીમાય;
વિયોગ તણાં દુઃખ દોહલાં, કહોજી કેમ રહેવાય. વ્રજના. ૩
નયણાં ભરી ક્યારે નીરખશુંરે, શ્રી ઠકરાણીનો ઘાટ;
અંતરમાં ઇચ્છા ઘણી, જોઉં છું વ્રજની રે વાટ. વ્રજના. ૪
દૂર રહે કેમ ચાલશે રે, કહોને ક્યાંની એ રીત;
આજ કાલનું કોઈ નથી, એ છે પૂર્વના પ્રીત. વ્રજના. ૫
હાર હૈયાના જાણું છો રે, એ છે પૂર્વનો સ્નેહ;
દીન જાણીને દયા કરો. નહિ તો તજીશું આ દેહ વ્રજના. ૬
તન સુકાઇ ત્વચા થયાં રે, હરિ હળધર વીર;
પાપી તે નયણાં ખૂટે નહિ, ભરી ભરી આવે છે નીર. વ્રજના. ૭
વ્રજમાં તે વાસ માગું સદા રે, શ્રીગોકુલગામ;
શ્રીજમુનાજીને કાંઠડે, શ્રી ઠકરાણીજીનું ઠામ. વ્રજના. ૮
રંક ઉપર શાં રૂષણાં રે, તમો છો દીન દયાળ;
દાસ પોતાનો જાણીને, કરજો રે સંભાળ વ્રજના. ૯

ધોળ ૩ જું.

દામોદર દુઃખડાં કાપોરે, પાવલે લાગું;
નંદલાલ નિજાનંદ આપોરે, એ વર માગું. ટેક૦
વહાલાજી હું છું પળ પળનો અપરાધી;

ભરેલો આધિ વ્યાધિરે, પાવલે લાગું. દામોદર૦ ૧
વહાલાજી હું તો તમારા, બળથી ઘણો ગાજું;
જાણો છો કહું શું ઝાઝુંરે, પાવલે લાગું. દામોદર૦ ૨
વહાલાજી જેવો તેવો તોએ છું તમારો;
આધાર અવર નહિ મા'રોરે પાવલે લાગું. દામોદર૦ ૩
વહાલાજી મારૂં જોર, નથી જો તરછોડો;
શું રૂઠી કરે મંકોડોરે, પાવલે લાગું. દામોદર૦ ૪
વહાલાજી શ્રીમુખ પોતાનો, કહો છો મારે લાડું;
બીજું બળ કયાંથી કહાડુંરે. પાવલે લાગું. દામોદર૦ ૫
વહાલાજી જનનું માન, જગતમાં વધારો;
ગમે તો ઘરમાં મારોરે, પાવલે લાગું. દામોદર૦ ૬
વહાલાજી નૃપના ગજ ઘોડા, મસ્તીખોરાને માન મોટું;
મા'રે તો માન ખોટું રે, પાવલે લાગું. દામોદર૦ ૭
દયાના પ્રીતમ પાણિ, ગ્રહ્યા છે તો નીભાવો;
મારો દાસપણાનો દાવોરે, પાવલે લાગું. દામોદર૦ ૮

ધોળ ૪ થું.

મા'રે અંત સમય અલબેલા, મુજને મૂકશો મા;
મા'રા મદનમોહનજી છેલા, અવસર ચૂકશો મા. ૧
હરિ હું જેવો તમારો મુજને મૂકશો મા;
શ્રી ગુરૂ સોંપી ગ્રહો કર મારો, અવસર ચૂકશો મા. ૨
મારા દોષકોષ સંભારી, મુજને મૂકશો મા;
શરણાગત વત્સલ ગિરિધારી, અવસર ચૂકશો માં. ૩
હરિ મા'રે ધર્મ નથી કોઇ સાધન, મુજને મૂકશો મા;

શ્રી સતસંગત સ્મરણ આરાધન, અવસર ચૂકશો મા. ૪
શ્રી પતિ સર્વાત્મા સર્વોત્તમ સુજને મૂકશો મા;
મારા પ્રાણજીવન પુરુષોત્તમ, અવસર ચૂકશો મા. ૫
સમર્થ કરૂણાસિંધુ શ્રીજી દયાને મૂકશો મા;
મારે ઓથ નથી કોઇ બીજી, અવસર ચૂકશો મા. ૬

પદ ૫ મું.

કોઇ મને કૃશ્ન દેખાડોરે શ્રી ગોકુળમાં,
કોઇ મને પ્રભુજી મેળાવોરે. મધુવનમાં. કોઈ મને.
મેરી મતી હેરી તેરો મર્મ ન જાણે,
વનમાં ફરે વહાલો તનમાંરે. મધુવનમાં. કોઈ મને ૧.
સકળ બન ઢુંઢયા સકળ વ્રજ ઘેર્યા,
અતીરે જુદાથી માહારા તનમાંરે. મધુવનમાં. કોઈ મને ૨.
અમર ચીર પહેર્યાં મેઘાડંબર ઓઢયાં,
ફુલડાં બેનનતી બાગનમાંરે. મધુવનમાં. કોઈ મને ૩.
ફાટંતાં ચીર ને હાર માહારા તૂટયા,
નીર ભરાયાં લોચનમાંરે. મધુવનમાં. કોઈ મને ૪.
સુરદાસ કહે પ્રભુ તીહારે મીલનકું,
અતીરે ઉલટ મહાના તનમાંરે. મધુવનમાં. કોઈ મને ૫.

પદ ૬ ઠું.

ઘેર આવો ગોપીયોના વાહાલા, આનંદ વધારો નંદનાલાલા;
નાથ નથી કાંઈ નાહાના, કાલા તો પ્યાલા પીજે પ્રેમનારે. ૧
આવો તો આલિંગન દીજે, પ્રેમ તણા રસ આઇએ ને પીજે;
દાસલડીને દર્શન દીજે તો, ફીરશે કહેણ નામનીરે. ૨

જન્મો જન્મના શ્યામ છો સંગી, મળે ગોપીઓ એકજ રંગી;
નાથ વિના નહિ બીજા સંગી તો, રહીએ ત્રિભંગી ટેકમાંરે. ૩
આપબળે ગોવર્દ્ધન ધરીયો, સુરપતિ કેરો ગર્વજ હરીયો;
વ્રજવાશીનાં કારજ સરીયાં તો, ગોકુળ રાખ્યું રેલતુંરે. ૪
માડી માહારે એ વર રૂડો, જેની બીકથી કંસરાય બુડો;
નાહાનો એ પરાક્રમે પૂરો તો, ચોઢો અવીચળ ચાંદલોરે. ૫
કુમકુમ કેરા છડા દેવરાવો, મહીરે મોતીના ચોક પુરાવો;
તરીયા તોરણ દ્વાર બંધાવો તો, વહાલાને વધાવો પ્રેમસુંરે. ૬
જોશીડા તેડી જોશ જોવરાવો, ઘડીયાં લગ્ન ઠીક ઠરાવો;
ખાંતીલ ખુપની ચોપ કરાવો તો, તેજ જઈ સ્વદાન દેઇનેરે. ૭
તમારા પિતાજી લખ્યાં લે છે, વાહારજો એના ભાગ ફળ્યા તમારે;
પોકે તો પહોંચે કોડ અમારા તો, કહે માધવદાસ કરગરૂં હુંરે. ૮

પદ ૭ મું.

મને કોઈ મીલાવોરે, ગોકુલ ગામના ગારૂડી. ટેક.
ગારૂડી ગારૂડી ગારૂડી, મને ૧
મને મીલાવે તેને સર્વસ્વ આપું, આપું હૈયા કેરી હારડી. મને ૨
જડી બુટ્ટી તો કામ ન લાગે, હું છું આરડી આરડી. મને ૩
મદન મોરીંગ જેનાં ભાગ્ય ટાળ્યાં, પ્રેમ સુફળ રસ પ્યારડી. મને ૪
પુરુષોત્તમ પ્રભુકી છબી નિરખત, ચરણકમળ ચિત્ત આરડી. મને ૫

પદ ૮ મું.

વ્રજ વહાલુંરે વૈકુંઠ નહિ આવું.
ત્યાં તો નંદ કુંવર ક્યાંથી લાવું. વ્રજ વહાલુંરે. ૧
ત્યાં લલિતત્રિભંગી નથી ગિરધારી;

સંગે સોહિયે રાધાપ્યારી;
એમને નિરખતાં આંખ ઠરી મારીરે. વ્રજ વહાલુંરે ૨
ત્યાં શ્રી જમુનાજી ગિરિવર છેજ નહિ,
મારૂં મન આશક્તિ એજ મળી;
મારા પ્રાણ પ્રસન્ન ત્યાં રહેજ નહિરે. વ્રજ વહાલુંરે ૩
ત્યાં શ્રી વૃંદાવન રાસ નહિં,
વ્રજવનિતાની સંગે વિલાસ નહિ;
કૃષ્ણ વેણુ વાયાનો અભ્યાસ નહિં. વ્રજ વહાલુંરે ૪
સુખ સ્વર્ગનું કૃષ્ણ વિના કડવું,
મને ન ગમે બ્રહ્મસદન અડવું;
ધિક્ક ધિક્ક એ સુખ પામીને પડવુંરે. વ્રજ વહાલુંરે ૫

પદ ૯ મું.

વળી વેગે દરશન આપજો, લાલ ગોવરધનધારીરે;
કરૂંરે પેરે પેરે વારણાં, મુખ પર જાઉં બલિહારીરે. ૧
સુંદીર શોભા તાહરી શી કહું, મા'રે મુખ રસના એકરે;
શેષનાગ કહેવા સમર્થ નહિ, કહો જીવ કોણ વશેકરે. ૨
જસોદાને નયણે નિંદ્રા તજી, થઇ રહી આતુર નારરે;
વ્રજની જીવન મ્હારો વાલમો, કરજો અમારી સહાયરે. ૩
થોડા માંહે ઘણું કરી વિનતી ચિત્તડામાં ધરજોરે;
દીન જાણી દીનાનાથજી, તાપ ત્રિવિધિ તણાં હરજોરે. ૪

પદ ૧૦ મું.

આજ તો પ્રિય આય મીલો નંદકે દુલારે,
નંદકે દુલારે, રાણી જસોદાજીકે પ્રાણપ્યારે. ટેક.

લાગ્યો મોયે તેરો ધ્યાન, વિસર ગઈ દેહભાન;
રૈન દિના ચેન નહિં પ્રાણનકે પ્યારે. અબ તો. ૧
જબ દેખોગે કરણી મેરી, તબ તો કહાં પાઉં ઠોર;
આપની ઓર કરો નેક, ભવસિંધુકે કિનારે, અબ તો. ૨
મો સરખી તો અનેક, મેરે પ્રભુ તુમહી એક;
ટેક ધરી નાથ નેક, કરી કૃપા નિહારો. અબ તો. ૩
શીશ નાઈ રઘુરાજ, કહેત શીતળ હોત ગાત;
કૃપાનાથ ધરો હાથ, શીશપેં હમારે. અબ તો. ૪

પદ ૧૧ મું.

ગોપીજનના રે પ્રાણ મારા પ્રભુજીની પાસે;
અહીંયાં રહ્યાં એ તો સૂનાં શરીર, ગોપીજનના રે. ૧
કરમે અમારે ક્યાંથી અક્રૂર આવ્યા.
છળ કરી લેઇ ગયા બળભદ્ર વીર. ગોપી. ૨
રથ રે રોકીને જ્યારે રહ્યાં રે રાધાજી,
કેટલીક દીધીતી અમને ધારણ ધીર. ગોપી. ૩
આવ્યાની આશે અમે રહ્યાં રે વિશ્વાસે,
આવડાં મેં નહોતાં જાણ્યાં હૈયાનાં કુડ. ગોપી. ૪
શ્યામ સ્વરૂપ વિના શાં કરીયે સાધન,
અંબ મૂકીને કોણ શેવે કથીર; ગોપી. ૫
ખારા તે જળમાં પંખી ચાંચ ન બોળે,
ચઢયા ના ઉતરે એવા અનીન: શણગાર. ગોપી. ૬
જળ વિના જીવે એતો હોય દાદુરડાં,
મીન મરે જ્યારે ના હોય નીર. ગોપી. ૭

કેસરી ભૂખ્યો કદી ઘાસ ના ખાયે,
કેળ ના ફળે એ તો બીજીરે વાર. ગોપી. ૮
પ્રેમની વાતો એ તો પ્રેમી જન જાણે,
વંઝા શું જાણે પહેલા પ્રસવની પીડ. ગોપી. ૯
વચન તમારાં ઓધવ રૂદીયામાં સાલે,
તાકીને માર્યાં જાણે તનડામાં તીર. ગોપી. ૧૦
એક પલક ઘડી કહો કેમ ચાલે,
નયણામાં રમી રહ્યા નંદકિશોર. ગોપી. ૧૧
ગિરિધરલાલ વિના ઘડીએ ના ગોઠે,
પ્રીતમના સ્વામી મારા પ્રાણ આધાર. ગોપી. ૧૨





પ્રકરણ ૧૪ મું.

શ્રી વૈષ્ણવ માહાત્મ્યનાં ઘોળ તથા પદ વગેરે.

ઘોળ ૧ લું.

શ્રી દામોદરદાસ હરસાની અતિ હરખે ભર્યા,
ઉપર બેઠા જોતા હુતા વાટજો;
ભાઈ સર્વે ધન કાઢીને ઢગલા કર્યા,
તેહેના સાહમાં જોયાં નહિ લગારજો. શ્રી દામોદરદાસ. ૧
એટલામાં તો પ્રભુ પોતે પધારીયા,
આવતાં નીર્ખ્યા પોતાના નિજનાથજો;
દોટ મેલીને દોડી પાસે આવીયા,
પડયા પાયને જોડયા છે બેઉ હાથજો. શ્રી દામોદરદાસ. ૨
હાથ સાહીને પ્રભુ તો પોતે ઉઠાડીયા,
પૂછ્યું દમલા આવ્યો તેહેની વારજો;
શીશ નમાવી સ્વામી પ્રત્યે બોલીયા,
વાટ ક્યારની જોતો હતો મહારાજજો. શ્રી દામોદરદાસ, ૩

ત્યાંથી સાથે તેડી પોતે પધારીયા,
આવ્યા શ્રીગોકુળ માંહે શ્રી ગોવિંદ ઘાટજો:
બ્રહ્મસંબંધની આજ્ઞા પ્રભુજીએ કરી,
વચન સુણ્યાં પણ સમજ્યા નહિ તલ માત્રજો. શ્રીદામોદરદાસ. ૪

ત્યાંથી શ્રી ગોવર્દ્ધન ઉપર પધારીયા,
આવી પોઢાડયા ઠાકર છાંયા માંહ્યજો.
પછી પધાર્યા શ્રી ગોવર્દ્ધનનાથજી,
હાથ થંભીને રાખ્યા વેગળા તાંહ્યજો. શ્રી દામોદરદાસ. ૫

ત્યારે શ્રીવલ્લભ ખીજીને બોલીયા.
દાસપણું તે જાણીને અપરાધ જો;
ત્યારે શ્રીમુખેથી શ્રીજી બોલીયા,
દાસધર્મ રાખ્યો માટે નહિ બાધજો. શ્રી દામોદરદાસ. ૬

એક સમે શ્રીવલ્લભ પોતે બોલીયા,
પુષ્ટિમાર્ગ ચલાવ્યો પ્રકાશજો;
તે તો દમલા તાહરે સારૂ જાણજો,
રેહેશે રૂદેમાં રેહેશે કરીને વાસજો. શ્રી દામોદરદાસ. ૭

એવી કિરપા જાણી શ્રી ગોસાંઇજીએ,
પોતે કરાવ્યું પિતાનું ત્યાંહાં શ્રાધજો;
દક્ષણા માગી ત્યારે તો પોને કહ્યું,
સિદ્ધાંતરહસ્યના શ્લોક સ્થંકની ચારજો. શ્રી દામોદરદાસ. ૮
એવી કિરપા જાણી શ્રીવિઠ્ઠલનાથજી,
બેસાડતા તે ગાદી અડધો હાથજો;
મરજાદ તો પોતાનું આપેજ નહિ,

એવા મોટા જાણી શ્રી વલ્લભદાસજો. શ્રી દામોદરદાસ. ૯
ત્યારે શ્રી વલ્લભ મુખેથી બોલીયા,
મુજમાં ને શ્રીગોસાંઈજીમાં નથી કાંઈ ભેદજો;
માટે ચરણામૃત તો તું લેજે સદા,
શ્રીવલ્લભ વાણી કહી તે જાણીને વદજો. શ્રી દામોદરદાસ. ૧૦
ત્યારે પોતે આવીને વિનંતી કરી,
મુને કૃપા કરી પોતે શ્રી મહારાજજો;
ત્યારે પોતે કૃપા કરીને આવીયા,
વલ્લભદાસનાં સરીયાં સઘળાં કાજજો. શ્રી દામોદરદાસ. ૧૧

ધોળ ૨ જું.

કૃષ્ણદાસમેઘન મન મોદ કરે ઘણું,
શ્રી વલ્લભ ચરણે થઈને સહુ દુઃખ વામ્યા જો;
કૃપા કરીને પોતે પાસે રાખીયા,
સદા સમીપ રહીને બહુ સુખ કમાયા જો. કૃષ્ણદાસ. ૧
મારગ જાતાં પહાડ થકી શિલા પડી,
તેને ત્યાં પણ હાથે થાંભી રાખીજો;
શ્રી વલ્લભ પર વાત્સલ્યતા કીધી ઘણી,
પોતે પ્રસન્ન થઈને વાણી ભાખીજો. કૃષ્ણદાસ. ૨
માગ માગ જે માગું તે આપું તને,
મારગ દૃઢ હોય મુખરતા નવ આવે જો;
બે આપી ને ત્રીજાની તો ના કહી,
શુકદ્વારતે વેદવિરૂદ્ધ કહાવેજો. કૃષ્ણદાસ. ૩
વ્યાસ ગુફાથી પ્રભુ પોતે પધારીયા,

બહાર ટાઢા રહેજો એમ કરી બોલ્યાજો;
ત્રણ દિવસ લગી અહો રાત્ર ટાઢા રહ્યા.
પોતે પ્રસન્ન થઇને કહ્યું મન ખોલીજો. કૃષ્ણદાસ. ૪
માગ્ય કહ્યું ત્યારે તેનું તે માગીયું,
તે માંહે એ આપી તેતો અપારજો;
ગુરૂદ્વારની પોતે તો નાહિ કરી,
શ્રી વલ્લભ સર્વેશ્વર સઘળે વ્યાપીજો. કૃષ્ણદાસ. ૫
ગંગાસાગર પ્રભુ પોતે પધારીયા,
ધામ સુરસુરાની ઇચ્છા મન કીધીજો;
પાર જઇને સિદ્ધ કરાવી લાવીયા,
પોતે પ્રસન્ન થઇને આજ્ઞા દીધાજો. કૃષ્ણદાસ. ૬
પૂછ્યું ત્યારે તેનું તે માગીયું,
પોતે કહ્યું જે જીવ શું માગી જાણેજો;
ગુરૂ આગળ સમ ખાધા તે સાચા ખરા.
શ્રી વલ્લભ પુરુષોત્તમને વેદ વખાણેજો. કૃષ્ણદાસ. ૭
પ્રિય અપ્રિય શું તે પ્રભુજીને પૂછીયું,
ગોરસ સ્નેહ પર અતિશય પ્રભુજીને પ્યારજો;
ધુંવા દ્રોહ કલેશ પ્રભુને ના ગમે,
શ્રી વલ્લભ મુખથી બોલ્યા નિરધારજો. કૃષ્ણદાસ. ૮

ધોળ ૩ જું.

સંભરવાળા દાસ દામોદરને હરિ,
પત્ર લખાડી શ્રીવલ્લભ શરણે લીધાજો;
સેવા પધરાવો શ્રી દ્વારકાંનાથની,

વળતી ભક્તિરસ ભાવ ધરીને પીધોજો. સંભરવાળા. ૧
જળસેવા પણ પ્રભુજીની પોતે કરી,
લોકલાજ કુળ કાન સસુરની મેહેલીજો;
સજ્યા મંદિર માંહે સજ્યા સમારતાં,
વિપરીત વાસના રંચક મનમાં ફેલીજો. સંભરવાળા. ૨

રાજભોગની થાળ ધરી ચોકી થકી,
પ્રભુજીએ લાત મારીને પાડી નાંખીજો;
કહ્યું સેવા કરતું કહીને ખીજ્યા ઘણું,
વળતી નાક ઘસીને દીનતા ભાખીજો. સંભરવાળા. ૩

ઉષ્ણ કાળમેં ચોવારે સૂતા જઇ,
પ્રભુ ઉપર વાત્સલ્ય કાંઇ નવ લાવ્યાજો;
દાસી ઉપર દયા પ્રભુ પોતે કરી;
મંદિર ખોલાવીને પંખો કરાવ્યોજો. સંભરવાળા. ૪

મંદિર સિદ્ધ કરાવી પ્રભુ પધરાવીયા,
રાજ વૈભવ પેરે સેવા સુખ માનીજો;
અમરીષ રાજા સરખો એને જાણજો,
એવી શ્રીવલ્લભ મુખથી બોલ્યા વાણજો. સંભરવાળા. ૫

દાસ દામોદર હરસાણી ઘેર આવીયા,
અનસખડી લેવરાવી પૂરણ પ્રીતેજો;
સખડીની વિનતી તો પોતે ના કરી,
શ્રીમાહાપ્રભુજીને રીસ ચડી તે રીતેજો. સંભરવાળા. ૬

ઘરમાં બેઠા એવું પોતે જાણીયું,
શ્રીવલ્લભ પાસે જઇ અપરાધ સમાવ્યાજો;

મારે સહુ શ્રીવલ્લભ પદ સેવા કરો,
અન્યાશ્રયનો દોષ ઘણો બતલાવ્યોજો. સંભરવાળા. ૭

ધોળ ૪ થું.

પદ્મનાભ તે દાસ વ્યાસ સુખ અતિ ઘણું,
શ્રીવલ્લભ શરણ રહીને બહુ સુખ લીધુંજો;
અવ્યાવૃત કરીને સેવ્યા શ્રી મથુરેશજી,
વેપારીને ધન કરજ કહાડી દીધુંજો. પદ્મનાભ તે દાસ. ૧
બેટી છોટી કુંવારી પોતાતણી,
વૈષ્ણવ જાણી પચ્યાતિમાં દીધીજો;
ફેરા સગાઇ તુળસા બોલી ને સમે.
પોતે કહે અમે કીધી તે તો કીધીજો. પદ્મનાભ તે દાસ. ૨
એવું સાંભળી તુળસા મન હરખ્યા ઘણું,
વૈષ્ણવ ઉપર વાહાલ સરવેને એવોજો;
પારવતી સેવાથી પ્રભુ રીઝયા ઘણું,
સુત રઘનાથદાસ તે કહીએ તેવાજો. પદ્મનાભ તે દાસ. ૩
એવા ધૈર્યવાન તે બીજા કોઇ નહિ,
શ્રીવલ્લભશરણ થઇને ભક્તિરસ પીધોજો;
દરશન કરવા સારૂ અડેલમાં,
છોલા સમરપી પ્રભુજી પ્રસન્ન કીધાજો. પદ્મનાભ તે દાસ. ૪

ધોળ ૫ મું.

પુરૂષોત્તમ દાસ સા સુખ અતિ ઘણું,
શ્રી વલ્લભ કૃપા કરીને સુખ દીધુંજો;
પોતે શરણ થયા તે સહુ પરિવારશું,

શ્રી મદનમોહનજી સેવીને સુખ લીધું જો. પુરુષોત્તમદાસ. ૧
ઓચ્છવ જન્મ તે પ્રગટ પ્રભુ પોતે કર્યો.
નંદ જસોદા ગોપ ગોપી સહુ આવ્યાંજો;
દેવી જીવ પર દયા પ્રભુ પોતે કરી,
પ્રગટ કલ્પની લીલા સહુ દર્શાવીજો. પુરુષોત્તમદાસ. ૨
ઓચ્છવ જોવા સારૂ શ્રી મહાદેવજી,
આવી પોતે પ્રસાદ માગી લીધોજો;
ઘર ચોકી સારૂ આજ્ઞા પોતે કરી,
કાળભૈરવને હુકમ પોતે કીધોજો. પુરુષોત્તમદાસ. ૩
પુત્રી પુણ્ય પવિત્ર એક પોતાતણી,
નામ તે બાઈ રૂક્ષ્મણી કહીએ તેહેનું જો,
કારતક સ્નાન કરી હરી સેવ્યા હેતશું,
એવું મોટું ભાગ્ય તે કહીએ તેહનું જો. પુરુષોત્તમદાસ. ૪
નામ દેવાની આજ્ઞા પ્રભુ પોતે કરી,
દૈવી જીવ જન જે કોઇ આવે તેહનેજો;
વળતી શ્રીવલ્લભ પોતે પધારીયા,
એવી કૃપા કરી તેહવી નહી કોઇને જો. પુરુષોત્તમદાસ. ૫
પત્રાવલંબન ગ્રંથ પ્રગટ પ્રભુએ કર્યો,
માયાવાદી તતક્ષણ જીતી લીધાજો;
બહિર્મુખ સાથે સંભાષણ નવ કર્યું,
પૂરણબ્રહ્મ શ્રીકૃષ્ણ પ્રસિદ્ધ તે કીધાજો. પુરૂષોતમદાસ. ૬
ગોપાળદાસ ગુણ ગાવું ઉલ્લાસમે,
પુત્ર શ્રીહના એવા તે વળિ કહીએજો;

માટે શ્રી વલ્લભચરણ સદા સેવો સહુ,
વૈષ્ણવજન તે સદા તરણ છે લહીએજો. પુરુષોત્તમદાસ. ૭

શ્રીચોરાશી વૈષ્ણવનું ધોળ.

ધોળ. ૬ ઠું.

પ્રથમ સ્મરૂં શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલેશજો,
એમના ચરણકમળની રજ મસ્તક ધરૂં;
જાશે મારા જન્મ તણા કલેશજો,
ચોરાશી વૈષ્ણવના ગુણ ગાઇયે પ્રેમસું. ટેક. ૧
શ્રીદામોદરદાસ હરસાણી પ્રભુ પાસે રહેતા,
એમને શ્રીવલ્લભ કહેતા દમલા નામ જો;
તારા સારૂ આ માર્ગ પ્રગટ કર્યો,
એવી રીતે શ્રીમુખથી કહેતા આપજો. ૨

કૃષ્ણદાસ મેઘન તે આજ્ઞા પાળતા,
શ્રીવલ્લભના તો મનની જાણે વાત જો;
ગંગાસાગર તરીને મુરમુરા લાવ્યા જો,
રાતે રાતે શ્રીમહાપ્રભુજીને આરોગાવતા જો;
ત્રણ વસ્તુ શ્રીમહાપ્રભુજી પાસે માગી સહી,
એ વસ્તુનાં આપ્યાં છે વરદાન જો. ૩

સંભરવાલા દામોદરદાસ ક્ષત્રિ કહીએ,
એમને માથે શ્રી દ્વારકાંનાથજી બીરાજે જો;
વિવિધ ભાતની સામગ્રી ઉજ્વલ કરી,
પ્રીત કરીને નિત્યપ્રતિ ધરતા ભોગ જો. ૪

પદ્મનાભદાસે સેવ્યા શ્રીમથુરેશજી,
ભાવ કરીને છોલા ધરતા ભોગ જો;
પ્રેમ કરીને આરોગ્યા બહુ સ્વાદથી,
જે જે વસ્તુનાં નામ લઇને ભોગ ધરતા જો:
તે તે વસ્તુનો સ્વાદ મહાપ્રસાદમાં આવતો જો. ૫

પદ્મનાભદાસની બેટી તુલસા જાણજો,
એક સમે એક વૈષ્ણવ આવ્યા ઘેર જો;
તેને મહાપ્રસાદ લેવરાવી બહુ આદર કર્યો,
ભગવત્સ્મરણ કરતા બેઉ કરજોડ જો. ૬
પદ્મનાભદાસના સુતનાં પાર્વતી વહુ,
શ્રી ઠાકોરજીની સેવા કરતા રીતે ભાતે જો;
એમના સુત રઘુનાથદાસને જાણજો,
શાસ્ત્ર ભણીને આવ્યા શ્રી ગોકુળ માંહ્યજો. ૭

રજો ક્ષત્રાણી શ્રી બાલકૃષ્ણજીને સેવતાં,
સામગ્રી કરીને શ્રીહરિને ભોગ ધરાવતાં જો;
શ્રીમહાપ્રભુજી નિત્યે આરોગતા,
એમને શ્રીવલ્લભે કીધાં સેવાયોગ્ય જો. ૮

શેઠ પુરુષોત્તમદાસ ક્ષત્રિ કાશીમાં રહેતા સદા,
શ્રી મદનમોહનજીને બાવન બીડાં આરોગાવતા જો;
શ્રીમહાપ્રભુજીએ નામ દેવાની આજ્ઞા કરી,
પહેલો નંદમહોત્સવ એમને ઘેરથી માન્યોજો. ૯
શેઠ પુરુષોત્તમદાસની બેટી કહીએ રૂક્મણી,
કાર્તકી નાહાવાને શેઠ પુરુષોત્તમદાસને પુછ્યુંજો;

સામગ્રી કરીને શ્રીહરિને ભોગ ધરાવતા,
ગંગાજી સરખાં તીર્થ મનમાં ન લાવ્યાં જો. ૧૦
શેઠ પુરૂષોત્તમદાસના બેટા ગોપાલદાસ જાણજો,
શ્રી મદનમોહનજી સાનુભાવ જણાવતા જો;
એમના મુખથકી શ્રી મદનમોહનજી ઉચ્ચારતા,
રાતે રાતે શ્રી ઠાકોરજી હુંકારી દેતા જો ૧૧
સારસ્વત બ્રાહ્મણ રામદાસને જાણજો,
એમણે તાંતીવાલાને દ્રવ્ય દેઇને પાછાં લીધાં જો;
શ્રી નવનીતપ્રિયાજીએ વાણીયાનું દેવું આપીયું,
જલબીડાં ઈ લેતા અપરશ માંલ જો. ૧૨
સારસ્વત બ્રાહ્મણ ગદાધરદાસને જાણજો.
એમને માથે શ્રી મદનમોહનજી બિરાજે જો;
ગૌર તન ને ચતુર્ભુજ સ્વરૂપ સોહામણા,
જલ છાણીને સમે સમે ભોગ ધરતા જો. ૧૩
વૈષ્ણવ કહીએ વેણીદાસ માધવદાસ બે ભાઇજો;
ગદાધરદાસે ભક્તિ આ ી પ્રેમસું
એમના આશીર્વાદથી થયા છે વૈષ્ણુરાજજો. ૧૪
હરિવંશ પાઠક તે બનારસના વાસીજો,
ધંધાને અર્થે રહેતા પટણ ગામમાં;
ડોલ ઝુલાવવાને આવ્યા પોતાને ઘેર જો. ૧૫
ગોવિંદદાસ ભલા છે થાનેશ્વરના વાસીજો,
શ્રીજીની સેવા પહોંચીને ઘેર આવતા;
રસોઇ કરીને ઘરમાં પ્રસાદ લેતા જો. ૧૬

અમા ક્ષત્રાણી વૈષ્ણવ છે બહુ ભાવિક જો,
શ્રી ઠાકોરજીની સેવા કરીને સુખ માનતાં;
બે પુત્રના શોક મનમાં ન લાવ્યાં જો. ૧૭

ગજનધાવને શ્રી નવનીતપ્રિયાજીને રીઝવ્યા,
ભાત ભાતની પ્રભુ સાથે ક્રીડા કરતા જો;
સાચી પ્રીતે શ્રીહરિને મન ભાવીયા. ૧૮

મહાવનમાં એક નારાયણદાસ બ્રહ્મચારી જો,
શ્રીગોકુલચંદ્રમાજીને ખીર ધરતા પ્રીતશું;
ઘાસ ધોઇને ગાયોને ખવરાવતા જો,
જ્યાં બેસે ત્યાં દ્રવ્યના ઢગલા થાયજો;
બેટીને કહે બગાડ કાઢી નાંખો જો. ૧૯

મહાવનમાં એક વૈષ્ણવ છે ક્ષત્રાણિ જો.
શ્રીજમુનાજી ન્હાવાને નિત્યે આવતાં;
ચાર સ્વરૂપ એમને ત્યાંથી પ્રાપ્ત થયાં જો. ૨૦

જીઆદાસ સુરીલો ક્ષત્રિ સારજો,
ચાર પહોર શ્રી લાડલેશજીની સેવા કરી;
દેહે દોડીને આવ્યા લીલા માંહ્ય જો. ૨૧

દેવાકપુર ખત્રી કડા ગામના વાસી જો,
શ્રી લલિતત્રિભંગીને સેવ્યા બહુ રસ રીત શું;
એ વૈષ્ણવ મહા કહીએ પ્રેમી પૂરા જો. ૨૨

વૈષ્ણવ કહીએ એકજ દિનકર શેઠજો;
કથા સાંભળવા ઉપર એમને રૂચિ ઘણી;
શ્રી મહાપ્રભુજીએ એમને શ્રોતા કીધા જો. ૨૩

દિનકર મુકુંદદાસ કાયસ્થ કહીએ જો,
શ્રી સુબોધિનીજી માંહે પ્રવેશ ઘણો;
એ તો ચરણકમળમાં દ્દઢ આશરો કરી રહેતા જો. ૨૪

પ્રભુદાસ જલોટા ક્ષત્રિ શીહાનંદના વાસીજો,
એમને માથે શ્રીમદનમોહનજી બિરાજતા;
દહીં લઇને મુક્તિ આહીરને આપી જો. ૨૫
પ્રભુદાસ ભાટ તે શીહાનંદના વાસીજો,
શ્રીઠાકોરજીની સેવા કરીને સુખ માનતા;
પ્રયોદક તીર્થ તુચ્છ કરીને માન્યા જો. ૨૬

પુરૂષોત્તમદાસ તે રહેતા આગ્રા માંહે જો,
એમને ઘેર શ્રીગુસાંઇજી સદાએ પધારતા;
કૃપા કરીને ભોજન કરતા ત્યાંય જો. ૨૭
ત્રિપુરદાસ કાયસ્થ શેરગઢના વાસીજો,
શ્રીગોવર્દ્ધનનાથજીને પીઠ દઇને નવ ચાલતા;
એમની રજાઇ પ્રભુજીએ કીધી અંગીકારજો. ૨૮

પૂરણમલ ક્ષત્રી અંબાલાના વાસી જો,
એમને સ્વપ્નામાં શ્રીનાથજીએ આજ્ઞા કરી;
શ્રીગોવર્દ્ધન ઉપર મંદિર મારાં કરજો જો. ૨૯
જાદવેંદ્રદાસ પ્રજાપતિ તે બહુ બલવંત જો,
શ્રીગુસાંઇજીએ નીમ ખોદવાની આજ્ઞા કરી;
અઢી પહોર રાતમાં ખોદી કરી તૈયાર જો. ૩૦
ગુસાંઇદાસ તે સારસ્વત બ્રાહ્મણ કહીએ જો,
એમના ઉપર શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી;

શ્રીઠાકોરજીનાં સ્વરૂપ પધરાવીને આપ્યાં જો. ૩૧
માધવભટ્ટ તે કાશ્મીરના વાસી જો,
એમણે શ્રીમહાપ્રભુજીની શ્રીમુખની કથા સુણી;
શ્રી સુબોધિનીજી લખતા અવળે પગલે જો. ૩૨
વાંસવાડાના કહીએ ગોપાલદાસ જો,
ધર્મશાલા બંધાવી ઘરને બારણે;
વૈષ્ણવ ઉતરે ને ભગવદ્‌વાર્તા થાય જો. ૩૩
પદ્મરાવલ સાચોરા બ્રાહ્મણ કહીએ જો,
એ ગોપાલદાસની સંગે બહુ વૈષ્ણવ થયા;
શ્રીમહાપ્રભુજીએ ચંદન ચરણામૃત આપ્યાં જો. ૩૪
પુરુષોત્તમ જોશી સાચોરા બ્રાહ્મણ કહીએ જો,
એ ઉજ્જન પદ્મરાવલને ઘેર આવતા;
કૃષ્ણભટે બહુ આદર કરીને બોલાવ્યા જો. ૩૫
જગન્નાથજોશી સાચોરા બ્રાહ્મણ ખેરાલુના વાસીજો;
એક દિવસ એમના મન માંહે આવી ગયું,
શ્રીઠાકોરજી કેમ વાઘા પેહેરીને આરોગે જો. ૩૬
જગન્નાથ જોશીનાં માતા વૈષ્ણવ કહીએ જો,
બે સુતને શ્રીમહાપ્રભુજી પાસે મોકલ્યા;
સેવક થઇને આવ્યા પોતાને ઘેર જો. ૩૭
નરહર જોશી સાચોરા બ્રાહ્મણ. શ્રીજગન્નાથરાયજી જાતા જો;
એક વૃક્ષ તળે જઇને રસોઇઓ તૈયાર કરી,
શ્રીઠાકોરજીએ રોટી માગી લીધી જો. ૩૮
રાણાવ્યાસ સાચોરા બ્રાહ્મણ, ગોધરા ગામના વાસીજો;

શ્રીમહાપ્રભુજીને ત્યાં જઇ સેવક થયા,
એક રજપુતાણીનાં સત નાખ્યાં ઉતારી જો. ૩૯
રામદાસ સાચોરા બ્રાહ્મણ રાજનગરના વાસીજો,
શ્રીમહાપ્રભુજીએ સેવા સોંપી ચરણની;
તે પધરાવીને આવ્યા પોતાને ઘેર જો. ૪૦
ગોવિંદ દવે સાચોરા બ્રાહ્મણ,
એમનું મન વિગ્રહ બહુ રહેતું જો;
શ્રીમહાપ્રભુજીએ નવરત્ન પાઠ ભણાવીયા,
તે શિખ્યાથી સેવામાં ચિત્ત રહેતું જો. ૪૧
સાચોરા બ્રાહ્મણ રાજાદુવેને માધવદુવે બે ભાઇજો,
એમની કૃપાથી બીજા બે વૈષ્ણવ થયા;
એમનાં દુઃખ એક ક્ષણમાં નાખ્યાં કાપીજો. ૪૨
ઉત્તમશ્લોકદાસ સાચોરા બ્રાહ્મણ,
શ્રીજીના ભીતરીયા જો; સૌ સેવકને ઘી લઇ પીરસતા;
સૌ સેવક એમને મહેતારી કહી બોલાવતાજો. ૪૩
ઇશ્વરદુવે સાચોરા બ્રાહ્મણ શ્રીજીના રસોઇઆજો,
શ્રીમહાપ્રભુજી પાસે એવું માગીયું;
આપ ઉપર મને કુભાવ કદી ન આવે જો. ૪૪
છકડા વાસુદેવ સારસ્વત બ્રાહ્મણ કહિએ જો,
શ્રીમહાપ્રભુજીની *હાંડવઇ લેઇને ચાલતા:
વળી હાકેમ સાથે યુદ્ધ કરીને જીત્યા જો. ૪૫
બાબાવેણુને કૃષ્ણદાસ ગગરીઆ કહીએ જો,

* એક છકડાનો બોજો.

એક પદ ગાઇને લીલામાં પ્રવેશ કર્યો;
જાદવદાસ ખવાસે સેવા કરી દેહ છોડી જો. ૪૬

જગતાનંદ તે સારસ્વત બ્રાહ્મણ, થાનેશ્વરના વાસી જો;
સરસ્વતી ઉપર કથા કહેવાને બેસતા,
શ્રીમહાપ્રભુજીએ એમને વૈષ્ણવ કીધા જો. ૪૭
આનંદદાસ વિશ્વંભરદાસ, ક્ષત્રિ વૈષ્ણવ છે બે ભાઇજો,
તે ભગવદ્‌વાર્તા કરતા એકાંતે બેસી;
બીચ બીચમાં શ્રીઠાકોરજી હુંકારી દેતા જો. ૪૮

એક બ્રાહ્મણી વૈષ્ણવ અડેલમાંહી રહેતી જો,
એમના ઉપર શ્રી મહાપ્રભુજીએ કૃપા કરી;
એમને માથે શ્રીબાલકૃષ્ણજી પધરાવ્યા જો. ૪૯
વૈષ્ણવ ક્ષત્રાણી ચરખો કાંતીને રહેતી જો,
લાડવા કરીને મંદિરમાં ઉંચા ધર્યા,
તે શ્રી બાલકૃષ્ણજી તતક્ષણ લેઇને આરોગ્યા જો. ૫૦
શીહાનંદનાં સાસુ વહુ ક્ષત્રાણી, ગોરજા ને સમરાઇ જો.
એમને માથે શ્રીદામોદરરાયજી બીરાજતા,
સાચી પ્રીત જાણીને વહુ સાથે રમણ કીધાં જો. ૫૧
શ્રીરૂક્મણિ વહુજીની ખવાસણી કૃષ્ણદાસી જો,
શ્રીવલ્લભ તો પ્રગટયા છે એમને કહે;
શ્રીગોકુલનાથજી ધરીઆં એમનાં નામ જો. ૫૨

બુલામિશ્ર સારસ્વતબ્રાહ્મણ પશ્ચિમદેશના વાસી જો,
ક્ષત્રી યજમાનને હરિવંશ સંભળાવીયા;
તે સાંભળ્યાથી પુત્ર થયો તત્કાળ જો. ૫૩

રામદાસ મીરાંના પુરોહિત, મેવાડમાં રહેતા જો,
વૃત્તિ છોડીને બીજે ગામ જઇને રહ્યા;
મીરાંનાં મુખ કોઈ દહાડો નવ જોયાં જો. ૫૪

બીજા રામદાસ રજપુત ને ચોહાણ જો,
શ્રીગિરિરાજની કંદરામાં રહેતા સદા;
શ્રીમહાપ્રભુજીએ શ્રીજીની સેવા સોંપી જો. ૫૫

ત્રીજા રામદાસ પંડિત થાનેશ્વરના વાસી જો.
વૈષ્ણવ અપરાધે શ્રીમહાપ્રભુજીએ ત્યાગ કર્યો;
વચનવાળા શ્રીનાથજીએ નવ છોડયા જો. ૫૬

વિષ્ણુદાસ છીપા શ્રીગુસાંઇજીની સેવા કરતા જો,
વાદ કરતા પંડિત પાછા વાળિયા;
શ્રીમહાપ્રભુજીની કૃપાથી સમર્થ ભારે જો. ૫૭

જીવણદાસ કપુર ક્ષત્રી શીહાનંદના વાસી જો,
રસોઈ કરતાં ઘટા ઉઠી વરસાદની;
શ્રીમહાપ્રભુજીની આણ દેઇને રોકી જો. ૫૮

ભગવાનદાસ તે સારસ્વત બ્રાહ્મણ હાજીપુરના વાસીજો,
એમને ઘેર શ્રીગુસાંઇજી સદા પધારતા;
ચરણ પાદુકાની સેવા કરતા પ્રીતે જો. ૫૯

બીજા ભગવાનદાસ શ્રીજીના ભીતરીઆ જો;
બાલભોગની સામગ્રી કરતા ભાવશું,
શ્રીમહાપ્રભુજીએ શ્રીજીની સેવા સોંપી જો. ૬૦

અચ્યુતદાસ સનોડીયા બ્રાહ્મણ,
માનસી ગંગા ઉપર રહેતા જો;

શ્રીગિરિરાજની દંડવતી પરિક્રમા ત્રણવાર કરી,
સેવા સ્મરણ કરતા નિશદિન સાર જો. ૬૧
બીજા અચ્યુતદાસ ગોડ બ્રાહ્મણ મ્હોટા ભગવદિ કહીયે જો.
એમને માથે શ્રીમદનમોહનજી બિરાજતા;
હવે બિરાજે શ્રીનાથજીની પાસે જો. ૬૨

ત્રીજા અચ્યુતદાસ સારસ્વત બ્રાહ્મણ, કડા ગામના વાસી જો,
શ્રીમહાપ્રભુજીની સાથે પૃથ્વી પરિક્રમા ત્રણવાર કરી,
એમને માથે બિરાજે ચરણારવિંદની સેવા જો. ૬૩

નારાયણદાસ તે દેશાધિપતિના ચાકર કહીએ જો,
શ્રીમહાપ્રભુજીના દર્શનની આરતિ ઘણી;
એમને ચાકર કહે ચલો ભઇઆ, શ્રીગોકુળજઇએ જો. ૬૪

બીજા નારાયણદાસ મથુરાંજીના વાસી જો,
એમના સ્વપ્નામાં શ્રીમદનમોહનજીએ આજ્ઞા કરી;
શ્રીવૃંદાવનની ભૂમિમાંથી કાઢો જો. ૬૫
ત્રીજા નારાયણદાસ લવાણા નગરઠઠ્ઠાના વાસી જો,
બે બ્રાહ્મણ વૈષ્ણવને કન્યાદાન દેવાને દ્રવ્ય આપીયાં;
ત્યારે બંધીખાનેથી છુટીને ઘેર આવ્યા જો. ૬૬

શીંહાનંદમાં એક વૈષ્ણવ છે ક્ષત્રાણી જો,
શાક લેવાને શ્રીઠાકોરજી પોકારતા;
તોતરી કરીને રોટી ધરતા ભોગ જો. ૬૭
દામોદરદાસ કાયસ્થ એમની સ્ત્રી વીરાંબાઇ
શેરગઢના વાસી જો,
એમને માથે શ્રી કપુરરાયજી બિરાજતા;

શ્રી ઠાકોરજીની આજ્ઞા થકી સુવાવડમાં સેવા કરી,
શુદ્ધ થયા ત્યારે અપરશ કાઢી નાંખી જો. ૬૮
શ્રીહાનંદનાં સ્ત્રીપુરૂષ રહેતા આગ્રા માંહે જો,
સાંકડી જગ્યાને માટે એ બહાર સુતા;
મેહ વરસતાં પલળતાં એ બેઉ જણાં,
શ્રી ઠાકોરજીએ ઘરમાં બોલાવી લીધાં જો. ૬૯

એક સુતારને એક અન્ય માર્ગીનો સંગ હતો,
એ સુતારને એક વૈષ્ણવનો સત્સંગ થયો;
પૂર્ણ પુરુષોત્તમ જાણીને શરણે આવ્યા જો. ૭૦

કવિ લઘુ પુરૂષોત્તમદાસ કવિતમાં બહુ બળવંત જો,
એક કવિત કરીને શ્રીજીને સુણાવતા;
શ્રી મહાપ્રભુજીના કવિત પણ બહુ કરતા જો. ૭૧

કવિરાજ ભાટ તે ત્રણ ભાઈ છે વૈષ્ણવ જો.
શ્રી મહાપ્રભુજીને શ્રી ગોવર્દ્ધનનાથજી; એક કરીને જાણતા,
બે સ્વરૂપનાં કવિત ભેળાં કરતા જો. ૭૨

ગોપાલદાસ તે ઈટોડાના વાસી જો, ચોખરા કરીને બહુ રીતે ગાયા જો.
તે સુણી શ્રી મહાપ્રભુજી પ્રસન્ન થયા.
એવી રીતના બહુ છંદ બનાવ્યા જો. ૭૩

જનાર્દનદાસ ચોપડા ક્ષત્રી શ્રી ગોકુલમાં આવ્યા જો,
શ્રી મહાપ્રભુજીનાં અલૌકિક દર્શન થયાં,
પૂર્ણ પુરુષોત્તમ જાણીને શરણે આવ્યા જો. ૭૪
નરહરદાસ જોશી ગોડીઆ બ્રાહ્મણ,
શ્રી મદનમોહનજીની સેવા કરતા જો,

એમની દેહ થાકી એણીવારે શ્રીગુસાંઇજીને ઘેર પધરાવિયા,
હવે બિરાજે શ્રી ગોકુલચંદ્રમાજીની પાસે જો. ૭૫
ગરૂડસ્વામી બ્રાહ્મણ વૃંદાવનમાં રહેતા જો;
એમના સ્વપ્નામાં શ્રી ઠાકોરજીએ જતાવીયું,
તમે શ્રી મહાપ્રભુજીને શરણે જજો જો. ૭૬
કનૈયાલાલ ક્ષત્રી રહેતા આગ્રા માંહે જો,
શ્રી મહાપ્રભુજીની પાસેથી સર્વ ગ્રંથ ભણીયા;
શ્રી ગુસાંઇજી એમની પાસેથી સર્વ ગ્રંથ શીખ્યા જો. ૭૭
માણેકચંદ, સદુપાંડે, ભવાની, આન્યોર ગામમાં રહેતા જો,
નરોબાઇ દૂધ લઈ શ્રીનાથજીને આરોગાવતાં;
શ્રી મહાપ્રભુએ બચ્યું તે દૂધ માગી લીધું જો. ૭૮
બાદરાયણદાસ, બાલકૃષ્ણદાસ પુષ્કરણા બ્રાહ્મણ
મોરબી ગામમાં રહેતા જો,
શ્રી મહાપ્રભુજીની સાથે બહુ વાર શ્રીદ્વારકાં ગયા;
ષટ માસ રહીને આવ્યા પોતાને ઘેર જો. ૭૯
નરહર સંન્યાસી ને વેણી કોઠારી વૈષ્ણવ કહિએ જો.
શ્રી મહાપ્રભુજીની સાથે શ્રી દ્વારકાં ગયા:
શ્રી રણછોડજીનાં દર્શન કરીને ઘેર આવ્યા જો. ૮૦
ગોપાલદાસ જટાધારી કહીએ, શ્રીનાથજીની ખવાસી કરતા જો;
એ અનુસરમાં પંખો કરતા ઉભા રહી,
સેવા છોડીને પૃથ્વીપ્રદક્ષિણા સારૂ દેહ છોડી જો. ૮૧
કૃષ્ણદાસ તે સ્ત્રીપુરૂષ બે બ્રાહ્મણ વૈષ્ણવ કહિયે જો,
શ્રી વાણીયાને સોંપીને વૈષ્ણવનું સમાધાન કર્યું;

શ્રી કૃષ્ણનું સ્મરણ કરીને બેઉ જન હરખ્યા જો. ૮૨
સંતદાસ તે ચોપડા ક્ષત્રિ રહેતા આગ્રા માંહે જો.
અષ્ટ પહોર એ પોથી લેઇને બેસતા;
કોઇ ભગવદી મળે ત્યારે ભગવદ્‌વાર્તા કરતા જો. ૮૩
સુંદરદાસ શ્રીમહાપ્રભુજીની સેવા કરતા જો,
એમની સંગે માધવદાસ વૈષ્ણવ થયા;
શ્રી મહાપ્રભુજીને પોતાને ઘેર પધરાવતા જો. ૮૪
માવજી પટેલ એમની વીરજો સ્ત્રી રહેતા ઉજ્જન માંહે જો,
એ બાર મહિનામાં બે વાર શ્રી ગોકુળ આવતા;
શ્રી મહાપ્રભુને શ્રીનાથજીનાં દર્શન કરતાં જો. ૮૫
ગોપાલદાસ તે નરોડા ગામના મોટા ભગવદી કહીયે જો,
શ્રી મહાપ્રભુજીએ નામ દેવાની આજ્ઞા કરી;
શ્રીનાથજીએ એમની ઝારીનાં જળ પાયાં જો. ૮૬
સુરદાસ એક બ્રાહ્મણ વૈષ્ણવ ભક્તશિરોમણિરાજ જો,
સવા લક્ષ પદ કરવાનો સંકલ્પ કર્યો;
સુરસાગર કરી શ્રીહરિના ગુણ ગાયા જો. ૮૭
ગોપાલપરામાં એક વાણીઓ રહેતો ઠગવિદ્યા બહુ કરતો જો,
સુરદાસજીએ ક્ષમા કરીને વૈષ્ણવ કર્યા;
સાઠ વર્ષના થઇને શરણે આવ્યા જો. ૮૮
પરમાનંદદાસ કનોજીઆ બ્રાહ્મણ પરમ ભગવદી કહીયે જો,
એક જાગરીઆ વૈષ્ણવનો સત્સંગ એક વૈષ્ણવને થયો,
સર્વે ભાવથી પરમાનંદ સાગર ગાયા જો. ૮૯
કુંભનદાસ તે ગાઠીયા બ્રાહ્મણ જમનાવતામાં રહેતા જો,

શ્રીગોવર્દ્ધનનાથજીના સખા થઇને સંગે રહ્યા,
સખાભાવે શ્રીહરિના ગુણ ગાયા જો. ૯૦
કુંભનદાસના સુત કૃષ્ણદાસ ગાયોની સેવા કરતા જો,
સિંહથી ગાય છોડાવીને પોતાની દેહ ત્યાગ કરી,
શ્રી નાથજી આગળ ગાયો દોવરાવવા આવી ઉભા જો. ૯૧
કૃષ્ણદાસ અધિકારી કહીએ એમને રાસલીલા ઘણી વહાલી જો.
એ કીર્તન કરીને શ્રીજીને સુણાવતા
શ્રીગુસાંઇજીએ એમનો અપરાધ ક્ષમા કરીને
રાખ્યા ચરણની સેવામાં જો. ૯૨
સફલ મનોરથ પ્રભુએ એમના પુરણ કર્યા,
મનવાંછિત ફળ આપ્યાં છે નિરધાર જો. ૯૩
ભાવ કરીને સર્વ ભગવદીના ગુણ ગાયા જો,
શ્રીગુરૂદેવની કૃપાથી મેં વર્ણવ્યા,
તેથી મારાં સર્વં સરીયાં કાજ જો. ૯૪
ભક્ત સકલના ગુણજશનો નહિ પાર જો,
ગાતાં સુણતાં દુષ્કૃત આ તનનાં જશે.
આ મુખથી નિશ્ચે કહેજો વારંવાર જો. ૯૫
ભાવ કરીને ગાશે નર ને નાર જો,
શ્રીવલ્લભ વિઠ્ઠલ પ્રભુ એમને હૃદયે વસે;
નિજલીલામાં તેને પ્રાપ્તિ થાય જો,
ઉંચનીચ જે ધરશે એમનાં ધ્યાન જો;
ભવસાગરમાં તરવા તે સિદ્ધાંત છે,
હિત ચિત્ત કરી સાંભળશો ધરી કાન જો ૯૬

ચોરાશી વૈષ્ણુવની લીલામાં એમની પાંતી જો,
તે માટે શ્રીમહાપ્રભુજીએ પ્રાગટ્ય કર્યા;
કલિયુગ જીવને સુધારવા શ્રીનાથ જો. ૫૭
ભક્તજનની શ્રીમહાપ્રભુજી પૂરે આશ જો,
શ્રીજમુનાજી પાન સદા મુખથી કરૂં;
દાસ કુહે મને આપો શ્રીવ્રજમાં વાસજો. ૫૮

શ્રીબસેંબાવન વૈષ્ણવનું ધોળ.

ધોળ ૭ મું.

દોહરો.

શ્રીમદ્વલ્લભ પ્રભુને નમું શ્રીવિઠ્ઠલેશ,
સાત સ્વરૂપ સહિત સઘળો વંશાત્મક વિશેષ. ૧
સેવક શ્રીવિઠ્ઠલેશજીના બસેંને બાવન,
જેનું નામ ઉચ્ચાર માત્રથી થાય સૌ પાવન. ૨

વલણ.

ગુણ ગોવિંદદાસના ગાઇયેરે, છીતસ્વામી પરમ ચિત્ત લઇયેરે. ૩
નંદદાસ શ્રીકૃષ્ણ આસક્તરે, ચતુર્ભુજદાસ સદા અનુરક્તરે. ૪
નિત્ય નાગજીભાઈ ઓચરીએરે, કૃષ્ણભટજીને મન ધરીએરે, ૫
ચાચાજી નારાયણદાસરે, વિઠ્ઠલદાસ ભક્ત ઉલ્લાસરે. ૬
કૃષ્ણદાસ મોરારિદાસરે, બાપ બેટા મન ઉલ્લાસરે. ૭
હરિદાસ જનાર્દનદાસરે, રૂપમોરારિ રસરાસરે, ૮

અલીખાન વલીખાન જાદીરે, જેમલ રજપૂત હરિનાદીરે. ૯
માધવદાસને નાહાલચંદરે, માધવદાસ કાયસ્થ ગુણવંતરે. ૧૦
કાયસ્થ ધણીને ધણીઆણુરે, રૂપચંદ નંદ શુભ વાણીરે. ૧૧
એક બ્રાહ્મણ રાઘવદાસરે, ગોપાલદાસ ગુજરાતના વાસીરે. ૧૨
રાજા લાખાને એક બાઇરે, હરિદાસ ખવાસ સુખદાઇરે, ૧૩
શેઠ ગ્યાનચંદ જદુનાથરે, ભાઇલા કોઠારી હરિ હાથરે. ૧૪
માણેકચંદ ને એહની નારીરે, હરજી કોઠારી ગુણ ભારીરે. ૧૫
ગોપાલદાસ બ્રાહ્મણ બંગાળીરે. વ્યાસગણેશ બહુ ભાગ્યશાળીરે. ૧૬
મધુસૂદનદાસ છે હરિ વાહાલારે, એક કણબી માળાવાળારે. ૧૭
એક વૈષ્ણવની છે કન્યારે, રામાનંદને પરણાવી કન્યારે. ૧૮
એક વૈષ્ણવની બેટી ટેકીરે, તેતો પરણી ધર્મ વિવેકીરે. ૧૯
વૈષ્ણવ એક તરૂના સંગીરે, પાથોગુજરી હરિરસ સંગીરે. ૨૦
એક વ્રજવાસી સુત નારીરે, ગોપીનાથદાસ ગૌચારીરે. ૨૧
કણબી ગુજરાતી બે ભાઇરે, દ્વિજપત્ની આગરાઇરે, ૨૨
એક ગોડીઓ પંડિત શોભેરે, એક રઘુપતિ દર્શન લોભેરે. ૨૩
એક પંડિતને કહાનબાઈરે, વૈષ્ણવ ક્ષત્રી છે આગરાઇરે. ૨૪
મોહાઢીમરને દ્વિજ રેડારે, નારાયણદાસે હરિને તેડયારે, ૨૫
એક વૈષ્ણવ સુરતવાળારે, રાજા આસકરણ પ્રભુ વાહાલારે. ૨૬
બે હતિતપતિત તે કણબીરે, વહુ અજબકુંવરી બેહુ ધર્મીરે, ૨૭
એક પ્રોહિત વેશ્યા કન્યારે, ગંગાબાઇ છે પૂર્ણ ધન્યારે. ૨૮
એક રાજા ને એક ધોબીરે; બે સાચોરા રસ લોભીરે. ૨૯
એક વૈષ્ણવ મદનગોપાળરે, બે કણબી પટેલ રસાળરે. ૩૦
સેવક એક વિરક્તરે, દયા ભવૈયા આસક્તરે. ૩૧

એક વાણીઓ ને એક નારીરે, એઉ પરમ વૈષ્ણવતા ધારીરે. ૩૨
એક ક્ષત્રાણી વિરકતરે, બાધાજી રજપુત આસક્તરે. ૩૩
એક ગોપાળદાસ ભીતરીયારે, બીજા આઠ સેવક અનુસરીયારે. ૩૪
ગોપાળદાસ સીંચલ ભાળાભાઇરે, શેઠ પુત્રા દિવાનની જાઇરે. ૩૫
એક કુંઅરી રૂપાભાઇરે, હરિદાસસુતા સુખદાઇરે. ૩૬
એક ક્ષત્રા વૈષ્ણવ બાઇરે, રાજા રાણી પુત્રને દાઇરે. ૩૭
શાહુકારનો બેટો વિલાસીરે, એક વૈષ્ણવ કૃષ્ણ પ્રકાશીરે. ૩૮
એક વેશ્યા ભોત્રનની વાસીરે, તે હરિગુણ માંહિ નિવાસીરે. ૩૯
પુત્રજી વડો વિરક્તરે, વેણીદાસ છીપા છે ભક્તરે. ૪૦
એક શ્યામળદાસ એક નાઇ રે, પુત્ર પઠાણનો સુખદાઇરે. ૪૧
ઓઝા દામોદરદાસ છે ભક્તરે, બેટી શાહુકારની આસક્તરે. ૪૨
વૈષ્ણવ એક ખડબુચાવાળોરે, શેઠ આગરાઇને મન ભાળોરે. ૪૩
એક કાપડવાળો શોભેરે, કણબી આંજણો વૈષ્ણવ લોભેરે. ૪૪
એક શાસ્ત્રી મોરારિદાસરે, લાછબાઇ ભાટ ગુણરાશરે. ૪૫
રાજારાણી હરિ મન ભાવેરે, એક વૈષ્ણવ ડોલ ઝુલાવેરે. ૪૬
દ્વિજ શેઠ સોની પરમાનંદરે, મેહેરા પુરૂષોત્તમ ગુણવંતરે. ૪૭
એક બે ભાઈ ચંદન લાવ્યારે. ચોપડા ભંડારીને મન ભાવ્યારે. ૪૮
રૂગ એક દસ એક સંગીરે, માતા બેટી હરિરસ રંગીરે. ૪૯
એક ગૃહસ્થી ને વિરક્તરે, બીજા બે ભાઇ આસક્તરે. ૫૦
જીવા પારેખ ને સંજપાળરે. દોશી માધવદાસ દલાલરે. ૫૧
બેટો પટેલનો આવેરે, બેટી પટવારીને મન ભાવેરે. ૫૨
હરિદાસ જમાઈ માણેકચંદરે, પ્રભુએ ત્યાગ કર્યો મનરે. ૫૩
એક ગિરિની પરિક્રમા કરતારે, એક નિત્ય ઉઠી વ્રજમાં ફરતારે. ૫૪

એ કણબીએ કરી એવીરે લઈ કુવામાં નાંખી દેવીરે. ૫૫
કણબણ ગુજરાતની વાસીરે, બેટી બારમલની સુખરાસીરે. ૫૬
રાજા જોધસીંગ દક્ષિણનારે, વળી પુરોહિત તેના ઘરનારે. ૫૭
સાસુ વહુ સુરતના વાસીરે, રાજા પુરનો સુખરાશિરે. ૫૮
શેઠસુત રહેનારો ગુજરાતીરે, એક બ્રહ્મણી નાગર જાતિરે. ૫૯
શ્રીવિઠ્ઠલેશ શ્રીજીન રૂપેરે, દીધું દર્શન એને અનુપેરે. ૬૦
એક દુઃસંગ મીઠો વિરકતરે, બીજો ભાઈ આસકતરે. ૬૧
વેણીદાસ છીપા છે ભકતરે, એક રજપૂત કાંકાના આસકતરે. ૬૨
દ્વિજની પત્ની વૈષ્ણવ સંગથીરે, ખોયા કોહેડ પોતાના અંગથીરે. ૬૩
એક ન્યુન અધિક બે આવેરે, એક દ્રવ્ય સામગ્રી લાવેરે. ૬૪
એક કણબી ગાય ચરાવેરે, એક રાસની રીત ચિત્ત લાવેરે. ૬૫
જોડ ઠગ ને અક ગુજરાતીરે, સીતાબાઈ છે દક્ષણી જાતિરે. ૬૬
એક વૈષ્ણવ ને એક બાઇ રે, દામોદરદાસ સુખદાઈરે. ૬૭
વડનગરનાં માધવદાસરે, એક વૈષ્ણવ મહા વનવાસરે. ૬૮
ગુજરાતના દાસ મોરારિરે, ભકત ભીમ અતિ હિતકારીરે. ૬૯
એક દાસ ગોવર્દ્ધન ધારીરે, રામદાસ પરમ આચારીરે. ૭૦
જીવાદાસ ને નરહરિદાસરે, રાજા ટોડરમલ સુખરાશરે. ૭૧
નરશીદાસ ને પીતાંબરદાસરે, ધર્મદાસ ગોવાળ પ્રકાશરે. ૭૨
એક બ્રાહ્મણ માધવદાસરે. એક વહેપારી સુખરાશરે. ૭૩
એક બ્રાહ્મણ ને એક નારીરે, એક સ્ત્રી છે સુખકારીરે. ૭૪
એક જનભગવાન બે ભાઈરે, એક ઢીમર સુખદાઈરે. ૭૫
દ્વિજપત્ની પત્ની પટેલરે, એક સોદાગર રસરેલરે. ૭૬
ભાઈદાસ ચતુર્ભુજ બાવેરે, ગોપાળદાસ ગોરવા કહાવેરે. ૭૭

એક ક્ષત્રી રઘુનાથરે, ઓધો ત્રવાડી હરિ હાથરે. ૭૮
હવે ઇશ્વરદાસ સાચોરારે, સંતદાસ ક્ષત્રિ ગુણુ ગોરારે. ૭૯
ક્ષત્રિસુતને સુત બ્રાહ્મણનોરે, એક વૈષ્ણવ રાજનગરનોરે. ૮૦
વૈષ્ણવ ભગવાનદાસ સોહાવેરે, એક દક્ષણી વૈષ્ણવ આવેરે. ૮૧
સ્વામી કૃષ્ણદાસ વિલાસીરે, એક ક્ષત્રિ મથુરાંવાસીરે. ૮૨
દ્વિજ જોશી રાજા બીમારે, શાહુકારસુત સુખસીમારે, ૮૩
એક ક્ષત્રિ જાદવદાસરે, હરિજન મથુરાં વાસરે. ૮૪
શાહુકાર વળી ક્ષત્રાણીરે, એક વ્રજવાસી શુભ વાણીરે. ૮૫
દાસ પુરૂષોત્તમ પોકરણારે. વળી દુર્ગાદાસ ગુણ ગણાણારે. ૮૬
ક્ષત્રિ ચોપડા ધ્યાનદાસરે, લક્ષ્મીદાસ ગુજરાતમાં વાસરે. ૮૭
તારાચંદને બિહારીરે, વૈષ્ણવ ગુજરાતી અતિ ભારીરે. ૮૮
હરિદાસ મોહનદાસરે, માધો સાર સુત ગુણરાસરે. ૮૯
દ્વિજ બેટી ક્ષત્રિ કન્યારે, એક ચોર સેવક થયો ધન્યારે. ૯૦
એક ઉત્તમશ્લોકદાસરે, ખેડાવાળ ભગત રસરાસરે. ૯૧
સાસુને સસરો જ્ઞાનીરે, રજપૂતની બેટી પરમાણીરે. ૯૨
સાચોરા દ્વિજ આનંદદાસરે, એક ભીલડી છે સુખરાસરે. ૯૩
સધનદાસ દેવાદાસ કણબીરે, રાજપુત્ર મોહનદાસ ધર્મીરે. ૯૪
નરમારી વસે છે પ્રયાગરે, માધવદાસ સુરત અનુરાગરે. ૯૫
ભટ્ટ કલ્યાણજી વીરાબાઇરે, મહારાજ પુરૂષોત્તમ સુખદાઇરે. ૯૬
રૂડા રતનજી અધિકારીરે, રૂપબાઈ પરમ ગુણ ભારીરે. ૯૭
વૈષ્ણવ ક્ષત્રિ છે આગરાઇરે, એક મહીધરને કુલબાઇરે. ૯૮
એક ભીમ ભંડારીરે, રાજા માનસિંહ અધિકારીરે. ૯૯
એક પુરોહિત સુત વિખ્યાતરે, કૃષ્ણદાસ ગોરવા જાતરે. ૧૦૦

વડનગરા માધવદાસરે, દ્વિજ ઉજ્જેણીના સુખરાસરે; ૧૦૧
નારાયણદાસ સનોડીયા જ્ઞાનીરે, લક્ષ્મીદાસ રજ્જે ક્ષત્રાણીરે· ૧૦૨
રાજા બીરબલને તાનસેનરે, આનંદનાપરી સુંદર બેનરે. ૧૦૩
વેણીદાસ દામોદરદાસરે, વીજાનગરીમાં વાસરે. ૧૦૪
એક એક ફળ લખી લીધુંરે, લખી સ્વરૂપ હૈયામાં લીધુંરે. ૧૦૫

વલણ

યથામતિએ કહ્યા છે, વળી બીજા છે અપાર;
પરમ તત્ત્વનું તત્વ છે, એ ભક્તના આધાર. ૧૦૬
ભક્તરાજ શિરોમણિ, ને એકનો આધાર;
કર્યા છે વળી કરે છે, વળી કરશે નિરધાર. ૧૦૭
તે માટે સર્વ પ્રાતઉઠીને, નામે કરો કરાહાર:
કંઠમાં ધારણ કરો તો, હરિ મળે સુખસાર. ૧૦૮
સર્વ ભગવદીને નમન કરીને, એજ માગું નેમ;
શ્રી વિઠ્ઠલવરની સૃષ્ટિ ઉપર રહો દુર્લભ પ્રેમ. ૧૦૯

ધોળ ૮ મું.

તાદશીય જન જેને જાણીએરે, જેમાં એવા ગુણ હોયરે;
નિંદાસ્તુતિ કોઇની નવ કરે, સઘળે સમદષ્ટિ જોય (૨) રે. ૧
જેના દર્શન માત્રથીરે, ટળે પ્રપંચનું ધ્યાનરે;
સ્મરણ કરાવે શ્રીકૃષ્ણનું, નસાવે અઘ અજ્ઞાન (૨) રે. ૨
ગુણ ગાતાં ગોવિંદનારે, પુલકિત તન થાયરે;
નેત્ર પ્રવાહ વહે પ્રેમના, હરખે હૃદય રૂંધાય (૨) રે. ૩
પરદુઃખે દાઝે ઘણારે, ન કરે કોઇનો દ્રોહરે,
ઇંદ્રિયજિત સાચા સદા, ન પામે માયામાં મોહ (૨) રે. ૪

સકળ ચરાચરને વિષેરે, વસ્યા દેખે ભગવાનરે;
શુભ ઇચ્છે સર્વ જગતનું લેશ નહીં અભિમાન (૨) રે. ૫
સઘળી લીલા અવિનાશનીરે, જેમાં લુબ્ધ જેનું મનરે;
પ્રીતિ બહુ પર ઉપકારમાં, સદાપ્રસન્ન વદન (૨) રે. ૬
નટવર ઝલકે નેનમાં રે કાંતિ કરૂણામય હોયરે.
સત્ય ભાવ સંતોષ બહુ, દોષ કોઇનો ન જોય (૨) રે. ૭
વહાલા લાગેછે સર્વનેરે, અતિ ઉદાર જેનું ચિત્તરે;
અનન્ય ભાવે ભજે શ્રીકૃષ્ણને, જેને વહાલું નહિં વિત્ત (૨) રે. ૮
હરિગુરૂ વૈષ્ણવને વિષેરે, જેને અતિ ઘણાં વહાલરે;
દઢ આશ્રય અરૂ દીનતા બોલે વચન રસાલ (૨) રે. ૯
સેવા સ્મરણ સતસંગ વિષેરે, જેની આસક્તિ અનંતરે;
કપટનો લેશ નહીં હૃદયા વિષે, જેનું હરિચરણે ચિત્ત (૨) રે. ૧૦
વિહ્‌વલતા શ્રીવિઠ્ઠલેશસુંરે, મુખે શ્રીકૃષ્ણનું નામરે;
એવા ભગવદીયના દાસના, હરિદાસ ગુણ ગાય (૨) રે. ૧૧

ધોળ ૯ મું.

વૈષ્ણવ નથી થયો તુંરે, શીદને ગુમાનમાં ઘુમેરે;
હરિજન નથી થયો તુંરે. ટેક.
હરિજન જોઈ હઇડું નવ હરખે. દ્રવે ન હરિગુણ ગાતાં;
કામધામ ચટકી નથી ફટકી ક્રોધે લોચન રાતાં. ૧
તુજ સંગે કોઇ વૈષ્ણવ થાએ, તો તું વૈષ્ણુ સાચો.
તારા સંગનો રંગ ન લાગે, તાંહાં લગી તું કાચો. ૨
પરદુઃખ દેખી હ્રદે ન દાઝે. પરનિંદાથી નથી ડરતો,
વહાલ નથી વિઠ્ઠલસું સાચું હઠે ન હુંહું કરતો. ૩

પરોપકારે પ્રીતિ ન તુજને, સ્વાર્થ છૂટયો છે નહીં;
કહેણી તેવી રહેણી ન મળે, કહાં લખ્યું એમ કહેની. ૪
ભજવાની રૂચિ નથી મન નિશ્ચે, નથી હરિનો વિશ્વાસ;
જગત તણી આશા છે જહાં લગી, જગત ગુરૂ તું દાસ. ૫
મનતણો ગુરૂ મનને કરીશ તો, સાચી વસ્તુ જડશે;
દયા દુઃખકે સુખ માન પણ, સાચું કહેવું પડશે. ૬

પદ ૧૦ મું.

મીલે કબ શ્રીવલ્લભકે પ્યારે. ટેક.
જીનકે હાવ ભાવ પ્રીતિ રસ, તીન લોક તે ન્યારે. ૧
કૃપા સમુદ્ર ભરે અંગ અંગમે, ઉછલિત રસકી ધારે;
ભાલ તિલક બિરાજત અદ્દભુત, કરૂણામય અનુહારે. ૨
કોટિ જન્મકે તન દુઃખ ભાજત, હૃદય કરત ઉજીયારે;
પુલકિત પ્રેમ કંઠ ભરી આવત, સુખ ઉપજાવત ભારે. ૩
જા પર કૃપા કરત શ્રીગિરિધર, તબ ઇનકે અનુસારે;
રસિકદાસ જનકો વિધિ પાઇએ, દોઉ નયનકે તારે. ૪

પદ ૧૧ મું.

આએ મેરે શ્રી વલ્લભ નામ ઉપાસી. ટેક.
માલા તિલક ગોપીજન મુદ્રા, કોટિક ચંદ્ર પ્રકાસી. ૧
ભગવદ્દ કથા શ્રવન પુટ પીવાવત, પૂર્ણ પ્રેમ નિવાસી;
દર્શન ભયે લહે સગરી સુખ, તતક્ષણ આનંદરાસી. ૨
પુષ્ટિ ભક્તિકો દાન કરત નિત્ય, વિરહ સત લોક ઉદાસી;
રસિકદાસ જન સો બડભાગી, ઇનકે સંગ સુવાસી. ૩

પદ ૧૨ મું.

આએ મેરે શ્રીવલ્લભકે દાસ. ટેક.
તાકી સરભરા નહીં ત્રિભોવનમેં, સુણો વેદ ઇતિહાસ. ૧
વ્રજ રસનાકે ભાવની ભાવક, સદા પ્રસન્ન હુલ્લાસ;
મેઘ ગંભીર ગર્જત વચનામૃત, વર્ખત સુખ સુખકી રાસ. ૨
કોટિ જન્મ અઘ હરત, કરત શુદ્ધ ભેટત સબ વ્રજઆસ;
નામ લેત મન આનંદ ઉપજત, ભજનાનંદ વિકાસ. ૩
તીનકી સંગત કબહુ ભઇ, હરિવશ હોય અનાયાસ,
વાગધીશ પદ કમલ એ શિર, નીરખે કરત વિલાસ. ૪
તાકીમહિમા કો કવિ બરણત, શુક સનક સરસ્વતી બ્યાસ;
તીર્થનકો અતિ તીર્થ કરી અબ, પદરજ ગંધ સુવાસ. ૫
લક્ષ્મી કરત અપેક્ષા જીનકી, નિશદિન કીયે નિવાસ;
ભક્તિ મુક્તિ સંગ લાગી ડોલત, કરત અન્ય ન ઉપાસ. ૬
કોટિ સમુદ્ર કરૂણા નેનમે, સબ ગુણ તેજ પ્રકાસ;
રસિકદાસ જનકો તબ દીજે, નિજજન પદરજ આસ. ૭

પદ ૧૩ મું.

આયે મેરે નંદ નંદનકે પ્યારે. ટેક.
માલા તિલક મનોહર બાનો, ત્રિભોવનકે ઊજીયારે. ૧
પ્રેમ સહિત બસત મનમોહન, નેકહું ટરત ન ટારે;
હૃદયકમલકે મધ્ય બિરાજત. શ્રીવૃષભાન દુલારે. ૨
કહા જાનો કહા પુન્ય પ્રગટ ભયો, મેરે ઘરજુ પધારે;
પરમાનંદ કરત ન્યોછાવર, વારિ વારિ હોં વારે. ૩

પદ ૧૪ મું.

હોં વારી ઈન વલ્લભીયન પર.
મેરે તનકો કરોં બિછોના, શીશ ધરોં ઈનિકે ચરણુનતર. ૧
નેહ ભરી દેખો મેરી અખીયન, મંડલ મધ્ય બિરાજત ગિરિધર;
યહતો મેરે પ્રાણજીવન ધન, દાન દીયો હે શ્રી વલ્લભવર. ૨
પુષ્ટિ પ્રકાર પ્રગટ કરવેકો ફિર પ્રગટે શ્રી વિઠ્ઠલ વપુ ધર;
રસિક સદા આશ ઇનકી કર, વલ્લભીયનકી ચરણરજ અનુસર. ૩

પદ ૧૫ મું.

હું હરિજનકો દાસ ભવોભવ.
મેરે સકલ શિરોમણિ, યાકે ચરણુ રેનકી આશ.
ન કાહુકી કરત અવગ્યા, ન કાહુકી આશ;
પર ઉપકારી જગ હિતકારી શીલ દયાકી રાશ. ૨
સબ ગુણ આગળ ભક્તિ ઉજાગર, ભવ સાગરકી નાવ;
તાકી સેવા અધિક હરિ માનત, હર્ખજી હૃદયે ભાવ. ૩

પદ ૧૬ મું.

કુંભનદાસ મહા રસ કંદ, પ્રેમપયોનિધિ પરમાનંદ;
છીતસ્વામી જશ બોલે સહુ, હરિ ગુણ બાંધે સુર બહુ.
કૃષ્ણદાસ જુગ પાવન કરે, ચત્રુર્ભુજદાસ કીરતિ ઓચરે;
નંદદાસ ઘેર સદા આનંદ, ગુણ ગાયે સ્વામી ગોવિંદ.
રસિક એ જશ રાખો હદે, શ્રી વલ્લભ કુલકી વાણી વદે;
કરો સેવા મન રાખો ધ્યાન, નિત્ય પ્રતિલ્યો એ આઠો નામ.

પદ ૧૭ મું.

શ્રીવિઠ્ઠલનાથ બસત જીય જાકે, તાકી રીત પ્રીત છબી ન્યારી;
પ્રફુલ્લિત બદન કાંતિ કરૂણામય, નેનનમેં ઝળકે ગિરિધારી. ૧

ઉગ્ર સ્વભાવ પરમ પરમારથ, સ્વારથ લેશ નહિ સંસારી;
આનંદ રૂપ કરત એક ક્ષણમેં, હરિજુકી કથા કહેત વિસ્તારી. ૨
મન ક્રમ વચન તાહીકો સંગ કીજે, પૈયત વ્રજયુવતિન સુખકારી;
કૃષ્ણદાસ પ્રભુ રસિકમુગટમણી, ગુણનિધાન શ્રી ગોવરધનધારી. ૩

પદ ૧૮ મું.

હરિજનકું હરિનામ બડો ધન; ટેક.
બિન રખવારે ચોર નહિ ચોરત, સોવત હે સુખધામ. ૧
દિન દિન હોત સવાઈ દેરી, ઘટત નહિ કછુ દામ:
સૂરદાસ પ્રભુ સેવા જાકી, પારસસું કહા કામ. ૩

પદ ૧૯ મું.

ગદાધરદાસ કપીલ કડા માંહે ખરા, ક્ષત્રીકોસડના પ્રોહિત તે જાણજો;
શ્રીવલ્લભ શરણ થઇને સુખપામ્યા ઘણું, અવ્યાવૃતરહીને સેવ્યારસ મનજો.
જે આવે તે સર્વે સમર્પે શ્રીનાથને, ઘરમાં રહીને શ્રીકૃષ્ણ પોતે મુખથી ભાખે જો. ૨
કોઈ સમે વળી વળતી કાંઇ આવે નહિ, સર્વે ભોગમાં જળસમર્પણ કીધાંજો;
મધ્યરાત્રે યજમાને આવી આપીયું, લાવી જલેબી ને ધરાવી દીધીજો. ૩
પ્રસાદ લેતાં વૈષ્ણવ પ્રસન્ન થયા, એ સ્વાદ તે અમે નથી કાંઇ ચાખ્યોજો;
જેવી લાવ્યા તેવી કૃતિ પોતે કહી, સત્ય વચન તે મુખથી પોતે ભાખેજો. ૪
માધવદાસ વિષયી ભાજી લાવીયા. આરોગ્યા તે પ્રભુ પૂરણ પ્રીતજો;
શ્રી મુખથી આશીર્વાદ પ્રસન્ન થઇને કહ્યું, હરિ ભક્તી થઈ દૃઢ રંગની રીત જો. ૫
એવો જશ ભગવદીનો પોતે કર્યો, શ્રીવલ્લભ પ્રભુ કૃપાથકી સહુજાણજો;
માટે સહુ શ્રીવલ્લભ પદ સેવાકરો, વૈષ્ણવ ઉપર વહાલ ઘણું તે ભાખેજો. ૬

પદ ૨૦ મું.

હરિભક્તનસોં ગર્વ ન કરવો.
યહ અપરાધ પરમ પદ હું તે, ઉતર નરકમેં પડવો. ૧
હું કુલીન ધનવાન યહ ભિક્ષુક, ઇતને મનમેં ન ધરનો;
ગજ સિંહાસન ઉંટ અશ્વ ચઢી, ભવસાગર નહિ તરવો. ૨
ખાન પાન બઢાય ભલે જુ. ફીર વદન પસારકે મરનો;
સુરદાસ હિતચિત વિવેક ધર, ભક્તકે સંગ ઉબરવો. ૩

પદ ૨૧ મું.

ભક્તકો સાચો ધન હે હરિનામ,
ચોર ન લૂટે અગનિ ન દાઝે, ગાઢે આવે કામ. ૧
દિન દિન દુનો બઢત સવાયો, ઘટત ન એકો દામ;
સુરદાસ સેવાકો રસ્તા, પારસસું કહા કામ. ૨

આ શિવાય ચોરાશી વૈષ્ણવનાં ધોળ તથા વૈષ્ણવ માહાત્મ્યનાં બીજાં અપ્રસિદ્ધ પદ અમારા "**વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભાગ ૨ જામાં** જોવાની વાંચક વર્ગને ભલામણ કરીએ છીએ.

પ્રકરણ ૧૫ મું.

જીવશિક્ષા, જ્ઞાન, વૈરાગ્યનાં પદ અને ધોળ.

॥ श्री कृष्णा नमः ॥

अथ जन्मवैफल्यनिरूपणाष्टकम्.

नाश्रितो वल्लभाधीशो न च दृष्टा सुबोधिनी,
नाराधि राधिकानाथो वृथा तज्जन्म भूतले. १
न गृहीतं हरेर्नाम नात्माद्यखिलमर्पितम्,
न कृष्णसेवा विहिता वृथा तज्जन्म भूतले. २
न लीलाचिंतनं नैव दीनता विरहाद्धरेः
न वा कृष्णाश्रयः पूर्णो वृथा तज्जन्म भूतले. ३
न नीता वार्त्तया घस्राः साधवो नैव सेविताः
न गोविंदगुणा गीता वृथा तज्जन्म भूतले. ४

न कृष्णरूपसौंदर्ये मनो नैव विरागितम्,
न दुःसंगपरित्यागो वृथा तज्जन्म भूतले. ५

न भक्तिः पुष्टिमार्गीया न निःसाधनता हृदि,
न विस्मृतिः प्रपंचस्य वृथा तज्जन्म भूतले. ६

न धर्मपरता नैव धर्ममार्गे मनोगतिः
न भक्तिर्ज्ञानवैराग्ये वृथा तज्जन्म भूतले. ७

न निजस्वामिविरहपरितापो न भावना,
न दैन्यं परमं यस्य वृथा तज्जन्म भूतले. ८

इति श्रीहरिदासोदितं जन्मवैफल्यनिरूपणाष्टकं संपूर्णम्.

પદ ૧ લું.

શ્રી વલ્લભ વિઠ્ઠલ હરિ ન જાણ્યા, તેણે સર્વસ્વ ખોયુંરે. ટેક.
શું લાવ્યા શું લઇને જાશો, વારંવાર વહેવાયારે;
પુષ્ટિમાર્ગમાં જે જન આવ્યા, વિશ્વાસે ન વળગ્યારે. શ્રી વલ્લભ. ૧
સેવાનું ફળ સેવા થાશે, ઋતુ પ્રમાણે મેવારે;
સંપત પ્રમાણે સમર્પી લેજો, તેનું નામ તો સેવારે. શ્રી વલ્લભ. ૨
સેવા કરશે ને પાખંડ ધરશે, તે અથડાતા મરશેરે;
ભાવ વિના જે ભક્તિ કરશે, તે પત્થર કેમ તરશેરે. શ્રી વલ્લભ. ૩
મીઠું બોલે ને આચરણ ખોટાં, તેને તો ખર કહીએરે;
માધવદાસ તો એટલું માગે, તેનો સંગ ના કરીએરે. શ્રી વલ્લભ. ૪

પદ ૨ જુ.

એક સમે આસન સિંઘાસન સોનેકો,
એક સમે ઘાસકે બીછીયાપેં રહઇયે;
એક સમે રસોઇમેં નાના પ્રકારકે બિંજન,
એક સમે નોન બીન અલોને હુ ખાઇયે. ૧
એક સમે અપનો હુકમ ૧૦ આદમપેં,
એક સમે હજાર બાત પાજીકી સહીયે;
હારીએ ન હિંમત બિસારીએ ન હરિનામ,
જા વિધિ રાખે રામ તા વિધિ રહીયે. ૨

પદ ૩ જું.

જબ ગોપાલ કૃપા કરે, તબ સબ બન આવે;
સુખ સંપતિ આનંદ ઘણો, ઘર બેઠે પાવે. ૧
કુબજા કાહા ઉદ્યમ કયો, મથુરાકે માલી;
ઉહિ ચંદન ઉહિ પુષ્પમાલ, ચરચત બનવારિ. ૨
બિનુ તીરથ બિનુ દાન પુન્ય, બિનહિ તપ કીને;
પાંડવ કુલ હિત જાનકે, અપને કર લીને. ૩
એસી બહુત ગોપાલકી, તાકે મુનિ સાખી;
પરમાનંદ પ્રભુ સભામાંજ, દ્રૌપદીકી પત રાખી. ૪

પદ ૪ થું.

ભજ શ્રીકૃષ્ણ શરણં મમઃ
અષ્ટાદશકો સાર એહીહે, તત્ત્વમેં તત્ત્વ શરણં મમઃ ૧
મુકિત મોક્ષકો સાર એહી પદ, પુષ્ટિભકિત શરણં મમઃ;
ચલત ફીરત ઓર સોવત જાગત, રટો રસના શરણં મમ. ૨

સબ જીવનકો એહી પરમ ફલ, અંત સહાયે શરણું મમઃ
શ્રીમદ્ વલ્લભ પરમ દયા કરી, વાક્ય દીયે શરણું મમ. ૩
કર વિશ્વાસ એહી મુખતે, રટો શ્રી કૃષ્ણ શરણું મમઃ
ગર્ભવાસકો દુઃખ મીટી જેહેં, હરિ નિકટ બસો શરણું મમ. ૪
વ્રજભક્તનસોં હીલમીલ સેવા, કરો સદા શરણું મમઃ;
ભોગ વિલાસ સબે સુખ લેહો, પુષ્ટ પુષ્ટ શરણું મમ. ૫
મૂરખ મન અભિલાખ યેહીહે, કરો કૃપા શરણં મમઃ
દેહો નિવાસ ચરન તર મોકો, અબે કરો શરણું મમ. ૬

પદ ૫ મું.

મનકી બાત મનમેં રહી.
આય અચાનક કાલને ઘેર્યો, કછુ ન જાત કહી. ૧
કફ વાયુ શ્વાસ કંઠ રોંધ્યો, જીભ્યા અટક ગઇ;
અબ કહા રોવત મહા અધર્મી, પહેલે કછુ ન ભઇ. ૨
લખ ચોરાશીકે દુઃખ પાયે, અબ નરયોનિ લહી;
સો તો હરિકે કામ ન આઇ, પુની પુની ખોઇ [illegible]ડી. ૩
મોહ જાળકી બઢયો ફાંસમેં, ભવકી ત્રાસ સહી;
રસિકદાસ જન કહાંલોં બરનો, જમકી માર પહી. ૪

પદ ૬ ઠું.

લજાયો હરિભક્તનકો વેશ.
મલમલ ધોયે કપરા પહેરે, અરૂ મુડાયે કેશ;
જો કોઉ માયામતિ આવત, તીનસું અતિ ઉપદેશ. ૧
બડી ડક્ષાનકી બાત બનાવત, નહિ ધરમકો લેશ;
બડે બડે પોથા સંગ રાખત, ઠગ ઠગ ખાયો દેશ. ૨

જબ કોઉ સાધુ જન આવત, તીનતે રાખત દ્વેશ;
મનહી કહેત યહ મો સમ નાહિ, ચલ્યો પાપકે પેખ. ૩
એસે અપુનો જન્મ બિતાયો, કહા કહું હમેશ;
રસિકદાસ જનકી સબ રાખો, શ્રી વલ્લભ મધુરેશ. ૪

પદ ૭ મું.

અબ મેરી કોણુ ગતિ વ્રજનાથ. અબ મેરી. ટેક.
ભજનબિમુખ અરૂ શરણુ નાહિ, ફીરત વિષયા સાથ. અબ મેરી. ૧
હું પતિત અપરાધી પૂરણુ, આચરૂં કર્મ બિકાર. અબ મેરી. ૨
કામ ક્રોધ અરૂ લોભ ચિંતવત, નાથ તુમહી બિસાર. અબ મેરી. ૩
અબ ચરણુ શરણુ લપટાનો, રાખી લો મહારાજ. અબ મેરી. ૪
સૂરદાસ પ્રભુ પતિતપાવન, શરણકો બિરદ સંભાળ. અબ મેરી. ૫

પદ ૮ મું.

આજ કામ કાલ કામ, પરસુ કામ કરનો;
પહેલે દિન બહોત કામ, કામમેં પીછે મરનો. આજ કામ. ૧
જાગત કામ સોવત કામ, બહિર્મુખ હોય ચલનો;
છોડ કામ સમર સ્યામ, સૂર કહે પકડ કરનો. આજ કામ. ૨

પદ ૯ મું.

મનકો વેગ પવન તેં ભારી. ટેક.
કબહુક રાજસિંહાસન ચાહત, હય ગજકી અસ્વારી. મનકો. ૧
કબહુક વિષયવાસના ચાહત, આલિંગન પરનારી;
કબહુક ભાત કુટુંબ સુખ ચાહત, સોવત જાય અટારી. મનકો. ૨
કબહુક જ્ઞાન વૈરાગ્યહું આવત, બેઠત હોય બનચારી;
કબહુ સંત મહંત હોયે બેઠત, પુંજાવત બ્રહ્મચારી. મનકો. ૩

કબહુક ચિંતા શોક સમુદ્રમેં, બેઠત હેં દુખીઆરી;
રસિકલાલ જનકી સુન લીજે, વાગધીશ ગિરિધારી. મનકો. ૪

પદ ૧૦ મું.

ટાળી નાહી ટળે, કર્મ ગત ટાળી નાહી ટળે. ટેક
કહાં વે રાહુ કહાં વે રવિ શશિ, આન સંજોગ પરે. કર્મ. ૧
રૂષિ વસિષ્ઠ મુનિ પંડિત જ્ઞાતા, રૂચિ રૂચિ લગ્ન ધરે;
દશરથ મરણ હરણ સીતાકો, બન બન રામ ફીરે. કર્મ. ૨
પાંડવ કુલકે આપ સ્વારથી, તીન હું પે વિપત્ત પરે;
ચક્રવર્તી હરિશ્ચંદ્ર રાજા, નીચ ઘર પાણી ભરે. કર્મ. ૩
તીન લોક સબ ભાવહીતે વશ, સુરનર મુનિ અસુરે;
સૂરદાસ હોની સો હોઈ, મૂરખ ક્યોં સોચ કરે. કર્મ. ૪

પદ ૧૧ મું.

નાચ્યો બહોત ગોપાલ, અબહું મેં નાચ્યો બહોત ગોપાલ. ટેક
કામ ક્રોધકો પહેર ચોલનો, કંઠ વિષયકી માલ. અબહું. ૧
તૃષ્ણા નાદ કરત ઘટ ભીતર, નાના વિધકે તાલ;
ભમર હોય મન રહ્યો પખાવજ, ઉપર હંસ ગત ચાલ. અબહું. ૨
માયા કટિકો ફેંટા બાંધ્યો, લોભ તિલક દીયો ભાલ;
મહા મોહકે નેપુર બાંધે, નિંદા શબ્દ રસાલ. અબહું. ૩
કોટિ કલા કછુક દિખલાઈ, જલ થલ શુદ્ધ આકાર;
સૂરદાસકી સબ અવિદ્યા, દૂર કરો નંદલાલ. અબહું. ૪

પદ ૧૨ મું.

મનરે તેં બહુ વિધ પોલ ચલાઇ. ટેક.
ભક્ત ભક્ત કહી જગ્ત પુજાયો, સબ ભઇ વિમુખતાઇ. ૧

ભગવદ્ ધર્મ કોડીકે પલટે, કહુંકો કહું બિકાઈ;
કોટિક ભાંત દિખાયે દીનતા, તહું ન પેટ ભરાઇ. ૨
કહાંલોં કહોં પ્રશંસા તેરી, સમજ સમજ સકુચાઇ;
રસિકદાસ જન જાન કૃપાનિધિ, કછુ એક ધીર ધરાઈ. ૩

પદ ૧૩ મું.

રે મન તું નિશંક વ્હે નાચ્યો.
લોક વેદકી કાન ન માની, પરનારી સંગ રાચ્યો. ૧
પાપ પૈસા ભલો કીનો, જાય જમલોં સોર માંચ્યો;
રસિકદાસ જન સોહી સુધર, જો શ્રીવલ્લભ સુખ વાંચ્યો. ૨

પદ ૧૪ મું.

યામેં કહા ઘટેગો તેરો.
નંદનંદન કર ઘરકો ઠાકુર, આપ હોય રહો ચેરો. ૧
ભલી ભઇ જો સંપત્તિ બાઢી, બહુત કીયો ઘર ઘેરો;
સુત વનિતા બહુ યૂથ સંકેલે, વૈભવ ભયો ઘનેરો. ૨
કહું હરિકથા કહું હરિસેવા, કહું ભકતનકો ડેરો;
સૂર સમર્પણ કરો ત્યામકો, યહ સાચો મત મેરો. ૩

પદ ૧૫ મું.

ભજન બિન જીવત જેસેં પ્રેત.
મન મલિન ઘર ઘર ડોલત હેં, ઉદર ભરનકે હેત. ૧
કબહું પાવત પાપકો પૈસા, ગાડ ધુળમેં દેત;
સેવા નહિ ગોવિંદચંદકી, ભવન ગલીનકો ખેત. ૨
મુખ કટુ વચન કરત પરનિંદા, સંતનકું દુઃખ દેત;
સૂરદાસ ભકત કહા કહું, ડુબે કુટુંબ સમેત. ૩

પદ ૧૬ મું.

રે મન ચિંતા ના કર પેટકી.
હલન ચલન યામેં કછુ નાહિં, કલમ લીખી જો ઠેઠકી. ૧
જીવ જંતુ જલ સ્થલ કે જેતે, તિન વિધિ કહોં સમેટકી;
સમે પાયે સબહીનકો પહોંચત, કહાં બાપ કહાં બેટકી. ૨
જીતનો જોકાલિખ્યો વિધાતા, તાકો પહોંચે તેટકી;
સૂરદાસ તાહે ક્યોં ન સુમરે, જો હે એસો ચેટકી. ૩

પદ ૧૭ મું.

હોં હરિ સબ પતિતનકો નાયક.
કો કરી શકે બરાબરી મેરી, એતે માનકો લાયક. ૧
જો તુમ અજામીલસો કીની, સો પાંતિ લિખિ પાઉં;
હોય વિશ્વાસ ભલો જીય અપને, ઔર પતિત બુલાઉં. ૨
સિમીટ જહાં તહાં તે સબ કોઉ, આય જુરે એક ઠોર;
અબકે ઇતને આનિ મિલાઉં, બેર દુસરી ઔર. ૩
હોડા હોડી મન હુલ્લાસ કરી, કરે પાપ ભરી પેટ;
સબહી મીલે પાપનિ તરયારો, યહૈ હમારી ભેટ. ૪
એસી કેતીક બતાઉં પ્રાણ પતિ, સુમિરો હે ભયો આરો;
અબકી વેર નિવેરી લેહુ પ્રભુ, સૂર પતિતકો તારો. ૫

પદ ૧૮ મું.

બેર બેર નહિં આવે, અવસર બેર બેર નહિ આવે;
જો જાણે તો કર લે ભલાઇ, જન્મોજન્મ સુખ પાવે. અવસર. ૧
ધન જોબન અંજલીકો પાની, વણુસતાં વાર ન લાગે;
તન છૂટે ધન કૌન કામકો, કાયકું કરપી કહાવે. અવસર. ૨

જાકો મન બઢયો કૃષ્ણ કહનેકું જૂઠ કબહું નહિં આવે;
સુરદાસકી યેહી વિનતી, હરખી નિરખી ગુણ ગાવે. અવસર. ૩

પદ ૧૯ મું.

કેતી કહી સમજાઇ, તોસું કેતી કહી સમજાઈ.
નંદનંદન કે ચરણકમલ ભજ, તજ પાખંડ ચતુરાઇ. ૧
સુખ સંપત દારા ધન વે હે, જૂડે સબ સમુદાઇ;
ક્ષણભંગુર એ સબે શ્યામ બિન. અંતે સંગ નહિ જાઇ. ૨
જન્મત મરત બહોત યુગ બીતે, અજ હું લાજ નહિ આઇ;
સુરદાસ ભગવંત ભજન બિન, જઇએ ગાંઠ ગમાઈ. ૩

પદ ૨૦ મું.

હરદમ કૃષ્ણ કહે, શ્રી કૃષ્ણ કહે તું જીભ્યા મેરી;
યેહી મતલબકે ખાતર કરતાહું ખુશામત મેં તેરી. હરદમ. ૧
દહીં ઓર દુધ સક્કર, દેતા હું હર બખ્ત તુંજે;
તોભી હરરોજ હરિનામ, સુનાતી ના મુઝે. હરદમ. ૨
કરે ગુનગાન ગોવિંદકા, તું મુખમેં પરી રહે ભલા;
નહિંતો મેં ખેંચ નિકાલું, ક્યા મુખમેં ચામ ભલા. હરદમ. ૩
ખોઈ જીંદગાની સારી; સોઈ ગુન્હા માફ તેરા;
દયાપ્રીતમ ભૂલે મતિ નામ, આખર બખ્ત મેરા. હરદમ. ૪

પદ ૨૧ મું.

નિશ્ચેના મહેલમાં વસે મા'રો વહાલમો,
બિરાજે વ્રજ લાડીલો, જેરે જાય તે ઝાંખી પામેજી.
ભૂલ્યા ભમે તે તો બીજાં સાધનને શોધે, હરિ ના મળે એક ઠામેરે.
સત્સંગ દેશમાં ભક્તિ નગર છે રે, પ્રેમની પોળ પૂછી જાજોરે.

વિરહ તાપબે પોળીઆનેમળી, મહેલેચઢજોરે સેવાસીડીસાહી ભેલાથાજોરે.
દીનતાના પાત્રમાં મન મણિ મૂકીનેરે, ભેટ ભૂધરજીને કરજોરે.
હુંભાવ કુભાવ ન્યોછાવર કરીને, શ્રી ગિરિધરવરને તમે વરજોરે.
એરે મંડાણનું મૂળ હરિઇચ્છારે, કૃપા વિના સિદ્ધિ ન થાયરે;
શ્રી વલ્લભ શરણુ જાતાં સહુ પડે સહેલુંરે દેવી જન પ્રત્યે હયો ગાયેરે.

પદ ૨૨ મું.

સબદિન ગયે વિષયનકે હેત.
ગંગાજલ છાંડ કૂપજલ પીવત, હરિ તજી પૂજત પ્રેત.
જાન બુજી અપનો તન ખોયે, કેશ ભયે સબ શ્વેત;
શ્રવણુ ન સુનત નેન ન દેખત, થકે ચરનકે ચેત. ૨
રૂંધે દ્વાર શબ્દ કૃષ્ણુ નહિ આવત, ચંદ્ર ગ્રહે જેસેં કેત;
સુરદાસ કછુ અર્થ નહિ લાગે, અબે કૃષ્ણુ નામકો લેત. ૩

પદ ૨૩ મું.

હરિ ન ભજે તિનકે મુખ કારે.
વિષયારસ પીવત પ્રેમસોં, નામસુધારસ લાગત ખારે. ૧
શ્રી ભાગવત સુને નહિ શ્રવનન, કોટિ જન્મ પાપકે મારે;
સુરદાસ એસે પતિતન સદા, યમ ઢઢોરત દ્વારે. ૨

પદ ૨૪ મું.

કેતે દિન હરિ સુમિરન બિન ખોયે.
પરનિંદા પરદ્રોહ પરાઇ અપને પિતર બિગોયે. ૧
તેલ લગાય કિયો રૂચિમર્દન મેલે મેલે વસ્ત્ર ધોયે,
તિલક લગાય ચલ્યો સ્વામી હોય જુવતિનકે મુખ જોયે. ૨
કાલબલલે સસજ્ઞુગ કંપત બ્રહ્માદિકસે રોયે,
સૂર અધમકી હોય કોન ગતિ ઉદર ભરે અર સોયે. ૩

પદ ૨૫ મું.

તાહિકોં સિર નાઇયે જો, શ્રી વલ્લભસુતપદરજરતિ હોય;
કીજે કહા આંન ઉંચે પદ, તિનસોં કાહા સગાઈ મોહિ. ૧
જાકે મનમેં ઉગ્ર ભરમ હે, શ્રી વિઠ્ઠલ શ્રી ગિરિધર દોય;
તાકો સંગ વિષમ વિષહુતે, ભૂલે ચતુર કરો મતિ કોઈ. ૨
સારાસાર વિચાર મતો કરિ, શ્રુતિ બિચ ગોધન લીયો હે નિચોય;
તહાં નવનીત પ્રગટ પુરુષોત્તમ, સહજહિ ગોરસ લીયોકે વિલોય. ૩
ગુણ પ્રતાપ દેખીયત અપને ચક્ષુ, અશ્મસાર જલ ભેદે ન તોય;
કૃષ્ણદાસ સુરહુતેં અસુર ભયે અસુરતેં સુર ભયે ચરણન છોય. ૪

પદ ૨૬ મું.

અબતો સાચે કલિયુગ આયો.
પુત્ર પિતાકો કહ્યો ન માનત કરત આપ મન ભાયો. ૧
પુત્રી બેચ પિતા ધન ખાવત દિનદિન મોલ સવાયો;
યાતે બીરખા અલ્પ ભઇરી કાલે સબ જુગ ખાયો. ૨
છીપત ગોવર્દ્ધન ઘટત વૃંદાવન કાલંદ્રી રૂપ છીપાયો,
સૂરદાસ પ્રભુ યા કલિયુગમેં મોહે કાહેકો જીવાયો. ૩

પદ ૨૭ મું.

ગાયો ન ગોપાલ મન લાયો ન રસાલ લીલા,
સુની ન સુબોધિની ન સાધુ સંગ પાયો હે. ૧
સેવ્યો ન સ્વાદ કરી ઘડી હું ન અધ ઘડી,
કબહુઁ ન કૃષ્ણનામ રસના રટાયો હે. ૨
શ્રીવલ્લભ શ્રી વિઠ્ઠલેશ પ્રભુકી શરન જાય;
દીન હોય મતિ છિન શીશહું ન નાયો હે. ૩

રસિક કહે બારબાર લાજહું ન આઈ તોય,
મનુષ્ય જનમ પાએ કહાધો કમાયો હે. ૩

પદ ૨૮ મું.

ગાયો ન ગોપાલ મન લાયે કે નિવારી લાજ,
પાયો ન પ્રસાદ સાધુ.મંડલીમેં જાય કે. ૧
ધાયો ન ધમક વૃંદાવિપુનકી કુંજનમેં,
રહ્યો ન શરણુ જાય વિઠ્ઠલેશરાયકે. ૨
નાથજી ન નિરખી શક્યો છિનહું છબીલી છબિ,
સિંધપોર બેઠો નહિ શીશહું નમાયકે. ૩
કહે હરિદાસ તોય લાજહું ન આઈ જીય,
જનમ ગમાયો ન કમાયો કછુ આયકે. ૪

પદ ૨૯ મું.

જપ તપ તીર્થ નેમ ધર્મ વ્રત મેરે શ્રી વલ્લભપ્રભુજીકો નામ.
રસના રટત રહો નિશવાસર, દુરિત કટે સુધરે સબ કામ. ૧
હૃદય બસો યશોદાસુતપદ લીલા સહિત સકલ સુખધામ.
રસિક યેહી નિરધાર કીયો હે, સાધન તજી ભજ આઠો જામ. ૨

પદ ૩૦ મુ.

બોલો ભૈયા ગોવિંદ કૃષ્ણ હરિ.
માલ દામ કછુ બૈઠત નાહિ છૂટત નહી ગઠડી. ૧
એ કાયા કાગદકી પુતરી સો છિનમેં જાત જરી,
જા મુખ સૂર પ્રભુ નહિ ઉચરત તા મુખ ધૂર પરી. ૨

પદ ૩૧ મું.

બિના ગોપાલ કોઉ નાહિ અપનો.
કોન.માત પિતા સુત ઘરની, યહ સબ જગત રેનકો સ્વપ્નો. ૧

ધનકારન નિશદિન જગ ભટકત, વૃથા જન્મ સબ યોંહિં ખપનો;
અંતે સહાય કરે નહિ કોઈ, નિશ્ચે કાલ અગ્નિ મુખ ઝપનો. ૨
સબ તજ હરિ ભજ યુગલ કમલપદ, મોચે નીગડ ચરણુતેં કટનો;
કહત દાસ વલ્લભ શ્રી વિઠ્ઠલ; શ્રી ગિરિધર રસના મુખ રટનો. ૩

પદ ૩૨ મું.

ભાવિ કાહુપેં ના ટરે.
કહાં વે સૂરજ કહાં વે રાહુ આન સંયોગ મિલે. ૧
વસિષ્ઠ મુનિ મહા પંડિત ગ્યાની સો રૂચિ રૂચિ લગ્ન કરે,
તાતહિ મરન હરન ત્રિયાકો રિપુ બન રામ ફિરે. ૨
પાંડુપુત્રકે ભયે હે સારથિ સો બન બન ભટક ફિરે,
દુર્વાસાપેં શ્રાપ દિવાયે યદુકુલ નાશ કરે. ૩
તિનલોક સબ ભાવિકકે બસ દેવ મુનિ સગરે,
સૂરદાસ પ્રભુ ન ટરે ભાવિક મુનિ કોઉ સોચ કરે. ૪

પદ ૩૩ મું.

સબદિન હોત ન એક સમાન.
પ્રગટ હોત પૂરવકી કરણી તજ મન સોચ અગ્નાન. ૧
કબહુંક રાજા હરિશ્ચંદ્રકી સંપતિ મેરૂ સમાન,
કબહુંક દાસ શ્વપચ ગૃહ રહીકે અંબર હરત મસાન. ૨
કબહુંક રાજ યુધિષ્ઠિર બૈઠે સિંહાસન અનુચર શ્રી ભગવાન,
કબહુંક દ્રુપદસુતા કૌરવ બસ કેશ દુઃશાસન તાન. ૩
કબહુંક રાજા રામ જનક દુહિતા બૈઠ વિચરત પુષ્પવિમાન,
કબહુંક રૂદન કરત ફીરત હે મહાવિપિન ઉદ્યાન. ૪
કબહુંક દુલ બને બરાતી ચહું દિશ મંગલ ગાન,

કબહુંક મૃત્યુ હોજુ જાતહે પરસિ જાત પગ આન. ૫
કબહુંક જનની જઠર અગ્નિ બસ લિયો લાભ ઔર હાનિ,
સૂરદાસ યત્ન સબ જૂઠે બિધિકે લેખ પ્રમાણુ. ૬

પદ ૩૪ મું.

મન મેરો એક તાકુ આપદા અનેક હેં,
રહ્યો ન વિવેક ટેક પર્યો જુ વિપત્તમેં. ૧
મહે તજ બાંધ્યો એંચ ઉત કામ ક્રોધ ખેંચ,
ચિરિયાંકી ચોંચ જેસેં બાજકી ઝપટમેં. ૨
કેસેં કર હરિ ભજે કેસેં તેરો ધ્યાન સજે,
કેસેં તેરો નામ રટું ત્રિવિધ તાપકી તપતમેં. ૩
સુર કહે બાર બાર આતુર હોયે કરોં પુકાર,
અબ મોંહે રાખ લેહો માયાકી ઝપટતેં. ૪


પદ ૩૫ મું.

ભજો ગોપાલ ભૂલી મત જાઓ, મનુષ્યાદેહિમે એહીહે લ્હાવો. ૧
ગુરૂસેવા કરી ભક્તિ કમાઈ, જબતે મનુષ્યાદેહી પાઇ. ૨
જઈ સ્મરીએ શ્રીગુરૂદેવ, નિતપ્રતિ કરીયે હરિકી સેવ. ૩
સુનોસંત સેવાકી રીત, કરો ક્રિયા મન રાખો પ્રીત. ૪
પ્રાતઃઉઠી શ્રીકૃષ્ણકું ગાવે, જો ફળ માગે સો ફળ પાવે. ૫
જીને ઠાકોરકો દર્શન કીનો, જીવન જન્મ સફળ કરી લીનો. ૬
જે ઠાકોરકી આરતી કરે, ત્રણુલોક તાકે પાયન પરે, ૭
જે ઠાકુરકું કરે પ્રણામ, વૈકુંઠ હે તાકો નિજધામ. ૮
જે હરિકો સ્મરે નામ, તાકું કુશળ નિત્ય પૂરણ કામ. ૯
જો ઠાકોરજીકું ધ્યાનમાં લાવે, ધ્રુવ પ્રલ્હાદકી પદવી પાવે. ૧૦

જેણે હરિકો ચરણામૃત લીનો, વૈકુંઠલોક અપનો કરી લીનો. ૧૧
જો હરિ આગળ વાજીંત્ર બજાવે, ત્રણલોક રાજ્યધાની પાવે. ૧૨
જો હરિકો સ્નાન કરાવે, ગર્ભયોનિમાં કબહુ ના આવે. ૧૩
જો હરિકો કરે શૃંગાર, તાકોહે પૂર્ણ અંગીકાર. ૧૪
જો ઠાકોરજીકું દર્પણ દિખાવે, ચંદ્ર સુરજ તાકું શિર નમાવે. ૧૫
જો ઠાકોરજીકું તુલસી ચઢાવે, તાકી મહિમા કહી ના આવે. ૧૬
જો ઠાકોરજીકું કીર્તન સુનાવે, તાકુ ઠાકોર નિકટ બોલાવે. ૧૭
હરિમંદિરમેં દીપક કરે, અંધકૂપ ભવમેં નહિ પરે. ૧૮
જો ઠાકોરજીકી સેજ બિછાવે, નિજપદ પાવે દાસ કહાવે. ૧૯
જો ઠાકુરજીકું પારણે ઝુલાવે, વૈકુંઠ સુખ અપને ઘર લાવે. ૨૦
જો ઠાકોરજીકું ધરાવે ભોગ, તાકુ પરમાનંદ નિત્ય જોગ. ૨૧
પાવે પદવી જસોદામાત, તા સુખકી કછુ કહી ન જાત. ૨૨
ગ્વાલમંડલીસું ગોપાળ જગાવે, સો ઠાકોરજીકું સખા કહાવે. ૨૩
જો ગોકુળ ગોવર્દ્ધન લીલા ગાવે, ચર્ણકમળ રસ તબહી પાવે. ૨૪
જો વૈષ્ણવ તાદશીય કહાવે, તાકી સંગત નિત્ય પ્રતિ હોવે. ૨૫
શ્રી ભાગવત સુણે આદર કરી, તાકે હદેમે વસે શ્રી હરિ. ૨૬
જો ઠાકોરજીકું ભોગ ધરાવે, સેવાકો ફળ તબહી પાવે. ૨૭
જે કરે શ્રી જમુનાજળપાન, સો ઠાકોરકે રહે સન્નિધાન. ૨૮
મંદિરમાં જો કરે બુહારી, કબહુ ન દેખે જમકી દ્વારી. ૨૯
જેણે ઠાકોરજીકી ગાગર આણી, વૈકુંઠ લોક અપને સ્થાન ઠરાની. ૩૦
જો ઠાકોરજીકો મંદિર લીપે, મનુષ્યજન્મ તે જન જીતે. ૩૧
જો ઠાકોરજીકો સીધો બીને, જીતનો તીર્થ તીતને કીને. ૩૨
જો ઠાકોરજીકો બીને ફૂલ, સદા બસે કાલીંદિકે કૂલ. ૩૩

જો ઠાકોરજીકી માળા પ્રોવે, સો પરમભક્ત કહાવે. ૩૪
જો ઠાકોરજીકું ચંદન લગાવે, ત્રિવિધિ તાપ તાકુ સમાવે. ૩૫
જો ઠાકોરજીકો વાસણ ધોવે,સદા સર્વદા નિર્મળ હોવે. ૩૬
જો હરિકીર્તન મુખે કરે, મુક્તિ ચાર તાકે પાગે પરે. ૩૭
સેવામાં જો આળસ કરે, કુકર હોય કે ફીર ફીર મરે. ૩૮
મન સાચે જો સેવા કરે, તબહી સેવા પૂર્ણ કરે. ૩૯
સેવાકે આશરે રહીએ, સુખદુખ સબહી સહીએ. ૪૦
જો સેવામાં સંદેહ લાવે, કોટિ જન્મ પ્રેતકુ પાવે. ૪૧
વેદ પુરાણ શાસ્ત્ર જો ભાખે, સેવાકો રસ વ્રજજન ચાખે. ૪૨
સેવાકી અદ્દ્ભુત રીત, શ્રી વિઠ્ઠલનાથસોં રાખો પ્રીત. ૪૩
શ્રીમદાચાર્યજીએ પ્રગટ બતાવી, કૃપા કરી તાકે મન ભાવી. ૪૪
સેવાકો ફળ કહી ન આવે, સુરદાસ પ્રભુ હ્રદેમે ભાવે. ૪૫





પ્રકરણ ૧૬ મું.

આશરાનાં પદ.

પદ ૧ લું.

રૂચિર પદ કમલ શ્રી વલ્લભાધીશકે, રેન ઓર દિવસ નિજ શિર ધરીએ. ૧
ગહેત દૃઢ બાંહ્ય કાન શ્રીનંદસુત, પત્ર ફલ પુષ્પ સેવા અનુસરીએ. ૨
પ્રેમભાવતે નિકટ સંતત રહત, રાખ વિશ્વાસ વ્રતતેં ના ટરીએ. ૩
શ્રીવિઠ્ઠલ ગિરિધરનહેત પ્રગટ શ્રીલક્ષ્મણસુવન, ભક્તકે ભવનમેં વાસ કરીએ ૪

પદ ૨ જું.

હોં શ્રી વલ્લભજીકો દાસ, મન ન ધરત કાહુકી આસ. ૧
સેવું ચરન રહું નિત્ય પાસ, ભયો સબહીનતેં નિરાશ. ૨
મેરે દૃઢ મનમાંહી વિશ્વાસ, હોં ન ડરો દુરજન ઉપહાસ. ૩
તાતેં ભક્તિ હોત જ્યેં પ્રકાશ, પ્રજર જાત પાતક જ્યોં ઘાસ. ૪
વાગ્ધીશ પતિકે વચન વિલાસ, રસના કહાં કહું મિઠાશ. ૫
મટે હેં દુષ્કૃતકે ફાંસ, રસિક વિષમમતિ હોત વિનાશ. ૬

પદ ૩ જું.

શ્રી વિઠ્ઠલનાથ બસત જીય જાકે, તાકી રીત પ્રીત છબિ ન્યારી. ટેક
પ્રફુલિત બદન કાન્તિ કરૂણામય, નેનનમાં ઝલકે ગિરિધારી. શ્રી ૧
ઉગ્ર સ્વભાવ પરમ પરમારથ, સ્વારથ લેશ નહિ સંસારી;
આનંદરૂપ કરત એક ક્ષણમેં, હરિજીકી કથા કહત વિસ્તારી. શ્રી. ૨
મન કર્મ વચન તાહીકો સંગ કીજે, પૈયત બ્રજયુવતિન સુખકારી;
કૃષ્ણદાસ પ્રભુ રસિક મુગટમણિ, ગુણનિધાન શ્રીગોવર્દ્ધનધારી. શ્રી. ૩

પદ ૪ થું.

મેરી કૃતિ જીન દેખો, શ્રી વલ્લભ મેરી કૃતિ જીન દેખો. ૧
ક્ષણ ક્ષણમેં દોષ પડત હેં, ગીનત ન આવે લેખો. ૨
નિરાધારકે શરણ નાથ તુમ, અપનો બિરદ બિસેખો. ૩
રસિક કહે મોહે અપનો જાનકે, કરો કૃપા બિસેખો. ૪

પદ ૫ મું.

આશરો એક શ્રી વલ્લભાધીશકો.
આનસી રીતકી મુખ્ય સેવા વ્યસન, લોક વૈદિક ત્યાગ શરણ ગોપીશકો.
દીનતા ભાવ ગુન ગાન ઉદ્‌બોધસું, ધોખત્રિય ભાવના ઉભય જાને.
શ્રીકૃષ્ણ નામ સ્ફુરે પલન આગ્યા ટળે, કરત વચન વિશ્વાસ મન ચિત્ત નાસે,
ભગવદી જાન સતસંગકો અનુસરે, નદેખે દોષ અરૂ સત્ય બાસ.
પુષ્ટિપંથ મર્મ દશ ધર્મ યહ બિધ કહે, સદા ચિત્તમેં આઢ્ઢા કરશ રા'ય.

પદ ૬ ઠું.

લાલનહીકી ચહીએ, કૃપા એક લાલનહીકી ચહીએ. ટેક.
અપનો દોષ વિચારહી સજની, કનિસોં કછુ નહિ કહીએ.

વે જો કરે સોઇ સબ આછી અપને શિર પર સહીએ;
સૂર શ્યામસો કછુ ન કહીએ, જયોં રાખે ત્યોં રહીએ. કૃપા એક.

પદ ૭ મું.

વૃક્ષનકો મત લે, મનરે તુ વૃક્ષનકો મત લે.
કાટે તાપેં ક્રોધ ન કરહી, સીંચે તાપેં ન સ્નેહ. મનરે. ૧
જો કોઉ વાકો પત્થર ચલાવે, તાહીકો ફલ દે;
ધુપ સહતહે અપને શિર પર, ઓરનકો સુખ દે. મનરે. ૨
ધન્ય ધન્ય એ જડ પરમ પરમારથ વૃથા માનસ દેહ;
સૂરદાસ મન કર્મ વચન કર, સંતનકો મત એહ. મનરે. ૩

પદ ૮ મું.

ભજિયે શ્રીવલ્લભવરકે ચરણ. ટેક.
સકલ પતિત ઉદ્ધારણ કારણ, પ્રગટ કિયે અવતરણ. ૧
ગૂઢ શ્રીભાગવત પ્રતિ પદ, અર્થ પ્રકટ કરણ;
આશરો કરિ રહેં જે જન, મીટે જન્મ ને મરણ. ૨
અખિલ લીલા પ્રેમ સંયુત, દિખાયે ગિરિધરણ;
રસિક વિનતિ કરે માનો, ચરણકમલ અનુશરણ. ૩

પદ ૯ મું.

શ્રીવલ્લભ કૃપા કીજે મોહિ. ટેક.
જ્ઞાન ભક્તિ વિવેક બળકો આશરો નહિ કોઇ. ૧
યહી બળહોં ચિત્ત વિચારૂં, છિનક દગભર જોઈ;
દેહુ દર્શન દયા કરકે, નિજ દાસનકે દુઃખ ખોઇ. ૨

પદ ૧૦ મું.

શ્રીવલ્લભ ભલે બુરે તોઉ તેરે.
તુમહી હમારી લાજ બઢાઇ, વિનતિ સુનો પ્રભુ મેરે. ૧

અન્ય દેવ સબ રંક ભિખારી, દેખે બહુત ઘનેરે;
હરિ પ્રતાપ બલ ગિનત ન કાહું, નિડર ભયે સબ ચેરે. ૨
સબ ત્યજ તુમ શરણાંગત આયે દૃઢ કર ચરણ ગહેરે;
સૂરદાસ પ્રભુ તુમારે મિલેતેં, પાયે સુખજુ ઘનેરે. ૩

પદ ૧૧ મું.

અરે મન શ્રીવલ્લભ ગુણ ગાય. ટેક
વૃથા કાલ કાહેકોં ખોવત, વેદ પુરાણ પઢાય. ૧
શ્રીગિરિરાજધરણ પૈવેકોં, નાહિ ન ઓર ઉપાય;
રસિક સદા અનન્ય હોય કે, ચિત ઇત ઉત ન ડુલાય. ૨

પદ ૧૨ મું.

સબતે શ્રીવલ્લભ નામ ભલો. ટેક.
લીજે લીજે લીજે નાતર, કલિયુગ કરત છલો. ૧
સદ્મદ તીર્થ સદન સ્યામઘન, તીર્થ વૃથા ચલો;
છીતસ્વામી ગિરિધરણ શ્રીવિઠ્ઠલ, રિદ્ધિસિદ્ધિ પ્રબલો. ૨

પદ ૧૩ મું.

લીજે મોહિ બુલાય શ્રીવલ્લભ. ટેક.
બહુત દિવસ દર્શન ભયે મોકો, તાતે મન અકુલાય. ૧
નિશદિન અતિહી ક્ષીણ હોત તન, સુદ્ધ બુદ્ધ સબે ભુલાય;
ગોવિંદ પ્રભુ તુમારે દર્શન વિન, યુગભર કલ્પ વિહાય. ૨

પદ ૧૪ મું.

જય શ્રીવલ્લભ ચરણકમલ શિર નાઇયે. ટેક.
પરમ આનંદ સાકાર શશિ શરદ મુખ;
મધુરી વાની ભક્તજનન સંગ ગાઇયે. ૧

રાજ તમ છાંડ મદ સત્વકે સંગ વ્હૈ,
રાખ વિશ્વાસ પ્રેમ પંથકો ધાઇયે;
કહત **વ્રજાધીશ** વૃંદા વિપિન દંપતી,
ધ્યાન ધર ધર હિયે દગન સિરાઇયે. ૨

પદ ૧૫ મું.

યહ માગો સંકર્ષણ વીર. ટેક.
ચરણકમલ અનુરાગ નિરંતર; ભાવે મોહે ભક્તનકી ભીર. ૧
સંગ દેહો તો હરિભકતનકો, વાસ દેહો શ્રીયમુનાતીર;
શ્રવણ દેહો તો હરિકથારસ; ધ્યાન દેહું તો શ્યામશરીર. ૨
મનકામના કરો પરિપૂર્ણ, પાવન મજ્જન સુરસરી નીર;
પરમાનંદદાસકો ઠાકુર, ત્રિભુવનનાયક ગોકુલપતિ ધીર. ૩

પદ ૧૬ મું.

યહ માગોં ગોપીજનવલ્લભ. ટેક.
માનુષ જન્મ ઓર હરિસેવા, વ્રજ વસવા દીજે મોહી સુલ્લભ. ૧
શ્રીવલ્લભકુલકો હોંહુ ચેરો, વૈષ્ણવજનકો દાસ કહાઉં;
શ્રીયમુનાજલ નિત્યપ્રતિ ન્હાઉં, મન ક્રમ વચન કૃષ્ણગુણ ગાઉં. ૨
શ્રીભાગવત શ્રવણ સુનત નિત્ય, ઇનિ ત્યજ ચિત્ત કહું અનત ન લાઉં;
પરમાનંદદાસ યહ માંગત, નિત્ય નિરખોં કબહું ન અઘાઉં. ૩

પદ ૧૭ મું.

શ્રીકૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ કહેરે મન મેરે, કોટિજન્મ કષ્ટ પાપછિનમેં જાય તેરે. ૧
જગતબાવરેકેસંગતુંબાવરોકયોંહોયરે શ્રીહરિજીકોચરણારવિંદબેરબેરગ્રહેરે. ૨
બેર બેર કહતહોંતું સુનત નાહિ બહેરે, કહેતહેં **ગોવિંદસદાઆનંદમેં** રહેરે. ૩

પદ ૧૮ મું.

કૃષ્ણ શ્રીકૃષ્ણ શરણં મમ ઉચ્ચરે. ટેક.
રેનદિનનિત્યપ્રતિસદાપલછિનઘડી, કરતવિધ્વંસજાન અખિલઅઘમલિહરે.૧
હેમ હરિરૂપ ભજભૂપ જાવે સદા, અગમ ભવસિંધુકો વિના સાધન તરે;
રહત નિસ દિવસ આનંદ ઉરમેં ભરે, પુષ્ટિ લીલા સકલસાર ઉરમેં ધરે. ૨
રમા અજ શેષ સનકાદિ શુક શારદા, વ્યાસ નારદ રટે પલક મુખ ના ટરે;
લાલગિરિધરનકીમહિમાઅતુલજગમગે,શરણકૃષ્ણદાસનિગમનેતિનેતિકરે.

પદ ૧૯ મું.

કૃષ્ણ શ્રીકૃષ્ણ મનમાંહિ ગતિ જાનિયે. ટેક.
દેહ ઈંદ્રિય પ્રાણ દારાગારાદિ વિત્ત; આત્મા સકલ શ્રીકૃષ્ણકી માનિયે. ૧
કૃષ્ણ મમ સ્વામિ હોંદાસ મન વચ કર્મ,કૃષ્ણ કર્તાયેહિ સદા જીય આનિયે;
કૃષ્ણદાસની નાથ હરિદાસવર્ય ધર,ચરણરજ વલ્લભાધીશ મન સાનિયે. ૨

પદ ૨૦ મું.

કહો મન શ્રીકૃષ્ણ શરણં. ટેક.
મમકે મિલે અધિક અમૃત સુખ, એસેહેં દુઃખહરણં. ૧
કરો નિવેદન સુરત નિપટ કર પરમાનંદકરણં,
સેવા સાવધાન હોય સાધો અંબર ભોગ આભરણં. ૨
દીસત ઔર કછુ નહિં કબહું, ભવસાગરતરણં,
શ્રીવિઠ્ઠલ ગિરિધરનલાલકી ગહો કમલચરણં. ૩

પદ ૨૧ મું.

પરમ કૃપાલ શ્રીવલ્લભનંદન, કરત કૃપા નિજ હાથ દે માથે.
જે જન શરણ આયે અનુસરહી, ગ્રહી સોંપત શ્રીગોવર્દ્ધનનાથે. ૧
પરમ ઉદાર ચતુર ચિંતામણિ, રાખત ભવધારા વહ્યો જાતે;
ભજિ કૃષ્ણદાસ કાજ સબ સરહી, જો જાને શ્રીવિઠ્ઠલનાથે. ૨

પદ ૨૨ મું.

ભૂલ જિન જાય મન અનંત મેરો. ટેક.
રહોં નિશદિવસ શ્રીવલ્લભાધીશ:પદ,કમલસોં લાગ બિના મૂલકો ચેરો.૧
અન્ય સંબંધતેં અધિક ડરપત રહોં, સકલ સાધનહુતેં કર નિવેરો;
દેહ નિજ ગેહ યહલોક પરલોકલોં, ભજો શીતલ ચરણુ છાંડ અરૂ ફેરો.૨
ઇતિની માગત મહારાજ કર જોરકેં, જેસોહોં તેસો અબ કહાઉં તેરો;
રસિક શિર કર ધરો ભવદુ:ખ પરિહરો,કરો કરૂણા મોહિ રાખ નેરો. ૩

પદ ૨૩ મું.

દ્દઢ ઇન ચરણુન કેરો ભરોંસો. ટેક.
શ્રીવલ્લભ નખચંદ્ર છટાબિન, સબ જગમાંઝ અંધેરો. ૧
સાધન ઓર નહીં યા કલિમેં, જાસોં હોય નિવેરો;
સૂર કહા કહેં દ્વિવિધ આંધરો, બિના મૂલકો ચેરો. ૨

પદ ૨૪ મું.

મેરે તો તુમહો શ્રીવલ્લભસ્વામિ. ટેક.
મેરે અંતરકી ગત જાનો તુમહી અંતરજામી. ૧
તુમ સરખે નહી દિન દયાલ, મો સરખો નહિ કામી;
રસિક વિનતિ કરૂં કર જોડી શીશ નામી. ૨

પદ ૨૫ મું.

જેસો હું તેસો તિહારો શ્રીવલ્લભ, અબ જિન છાંડ દેહો મોહિકર તે.
બાંહ ગ્રહેકી લાજ મન ધરહો, નહિં ભરોંસો મોહિ સાધન બલતેં. ૧
તુમ ત્યજ ઓર ઠોર નાહિં મોકોં,જાસોં જાય કહોં દુ:ખ ભર તેં;
રસિક શિરોમણિ શ્રીવલ્લભ પ્રભુ, રાખો મોહિ ચરણુ શરણુ ભવડરતેં.૨

પદ ૨૬ મું.

અદ્દભુત નિદ્રા આઇ મંડલીમેં. ટે.
દદઇનિ ચરણુન શબ્દ સુનતહી, તરતહી આંખ ખુલાઈ. ૧
બેગ ઉઠો પ્રસાદ બંટાવો, લે અપને ઘરજાઇ;
સૂરદાસ પ્રભુ જો સુન્યો સો, પુસ્તકમાંહી સમાઇ. ૨

પદ ૨૭ મું.

શ્રીવલ્લભ વલ્લભ વલ્લભ વલ્લભ, શ્રીવલ્લભદેવ અમારે સહાય. ૧
ઉઠત વલ્લભ બેઠત વલ્લભ, શ્રીવલ્લભ કહેત કહા તેરો જાય. ૨
જાગત વલ્લભ સોવત વલ્લભ. શ્રીવલ્લભસેં મેરી પ્રીત સદાય. ૩
સાધન વલ્લભ તીર્થ વલ્લભ, શ્રીવલ્લભ નામ નયો નિધિ પાય. ૪
દાસ કહે હું ઓર ન માગું, શ્રીવલ્લભ ચરણ કમલ શિર નાય. ૫

પદ ૨૮ મું.

જય શ્રીકૃષ્ણરે ભાઇ, બોલો બોલો વૈષ્ણવરાઈ;
તેથી કળિમલ જાય નસાઇ. જય શ્રીકૃષ્ણ. ૧
વલ્લભી વૈષ્ણવની એ રીત, જય શ્રીકૃષ્ણ ઘણા પવિત્ર.
તેથી પ્રસન્ન થાય નવનીત. જય શ્રીકૃષ્ણ. ૨
જેણે જયશ્રીકૃષ્ણ ગાયા, તે તો અડસઠ તીરથ નાહ્યા;
તેથી પરમ પદાર્થ પાયા. જય શ્રીકૃષ્ણ. ૩
નામ તણો પ્રતાપજ મોટો, તેથી આ જુગ લાગે છે ખોટો;
સર્વે વ્રજભૂમીમાં લોટો. જય શ્રીકૃષ્ણ. ૪
જે જન જસોદાજી ઘણું જાણે, એમના સુતનો ઉદય વખાણે;
મનમાં મેહેર કરીને માને. જય શ્રીકૃષ્ણ. ૫
જસોદા સુતને પાન કરાવે, ગોપીજન સહુ આનંદ પામે;

વ્હાલો મારો વ્રજમાં લાડ લડાવે. જય શ્રીકૃષ્ણ. ૬
સુત તો પારણામાંથી જાગ્યા, સહુ ગોપીજન આનંદ પામ્યાં;
વ્હાલે મારા તનના તાપ સમાવ્યા. જય શ્રીકૃષ્ણ. ૭
વૃંદાવનની રે વાટે, મારગ રોકો છો શા માટે;
વ્હાલે મારે રાસ રમાડયા રાતે. જય શ્રીકૃષ્ણ. ૮
જેણે જયશ્રીકૃષ્ણ ગાયા, તેની સફળ થઇ છે કાયા;
તે તો પ્રાંચ પદાર્થ પાયા. જય શ્રીકૃષ્ણ. ૯
રાખો ચરણ કમલની છાંય, તેનો ભવનો ફેરો જાય;
તે તો હરિદાસ ગુણ ગાય. જય શ્રીકૃષ્ણ. ૧૦

પદ ૨૯ મું.

મનરે તું શ્યામસોં કર હેત. ટેક.
કૃષ્ણ નામકી વાર કર લે બચે તેરો ખેત. ૧
મન સુવા તન પીંજરા, તાસું બાંધ્યો હેત;
કાલરૂપી મંજાર ડોલે અબ ઘડી તોકું લેત. ૨
વિષય વિષય રસ છાંડ દેરે, ઉતર સાયર સેત;
સૂર શ્રી ગોપાલ ભજ લે, ગુરૂ બતાય દેત. ૩

પદ ૩૦ મું.

ત્યજ મન હરિવિમુખ કો સંગ. ટેક.
જાકે સંગતે કુબુદ્ધિ ઉપજત, પરત ભજનમેં ભંગ. ૧
ખરકું કહા અરગજાલેપન, મર્કટ ભૂષણ અંગ;
કાગકો કહા કપૂર ચુગાવત, શ્વાન ન્હવાવત ગંગ. ૨
કહા ભયો પયપાન કરાવત, વિષ નહિ ત્યજત ભુજંગ;
સૂરદાસ પ્રભુ કારી કામરીયા, ચઢે ન દૂજો રંગ. ૩

પદ ૭૧ મું.

મન રે તું ભુલ્યો જન્મ ગુમાવે. ટેક.
ખબર ન પરી તોકો સિર ઉપર, કાળ સદા મહરાવે. ૧
ખાનપાન અટક્યો નિસવાસર, જીભ્યા લાડ લડાવે;
ગૃહ સુખ દેખ ફિરત ફુલ્યો, સો સ્વપ્ને મન ભટકાવે. ૨
કે તું છાંડ જાયગો ઇનકો, કે તુહિં યહિ છુડાવે;
જ્યોં તોતા સેવર ધર બેઠ્યો, હાથ કછુ નહીં આવે. ૩
મેરી મેરી કર ન બાવરે, આયુષ વૃથા ગુમાવે;
હરિ હેતુ વિસાર વિષયસુખ, વિષ્ટા ચિત્ત મન ભાવે.
ગિરિધરલાલ સકલ સુખ દાતા, સુત પુરાણ સબ ગાવે;
સૂરદાસ વલ્લભ ઉર અપને, ચરણકમલ ચિત્ત લાવે. ૪

પદ ૭૨ મું.

કાહેકું દેહ ધરી ભજન વિના. ટેક.
ગર્ભવાસમેં ભક્તિ કબુલી બહાર કાઢો શ્રી હરિ. ભજન. ૧
કોલ દેઇ કરી બહાર નિકળ્યો, પીછે બુદ્ધિ ફરી. ભજન. ૨
સૂરદાસ ભગવંત ભજન વિના, જનુની તેં ભારે મરી. ભજન. ૩

પદ ૭૩ મું.

ભજ સખી ભાવ ભાવિક દેવ. ટેક.
કોટિ સાધન કરો કોઉ, તોઉ ન માને સેવ. ૧
ધૂમકેતુ કુમાર માંગ્યો, કોન માર્ગ રીતિ;
પુરૂષતેં ત્રિયભાવ ઉપજ્યો, સબ ઉલટી રીતિ. ૨
બસન ભૂષણ પાટ પહેરે, ભાવ સોં સંજોય;
ઉલટ મુદ્રા દઈ અંકની વર્ણ સૂધી જોય. ૩

વેદ વિધિકો નેમ નાહીં, પ્રીતકી પહીચાન;
વ્રજવધુ વશ કિયે મોહન, સૂર ચતુર સુજાન. ૪

પદ ૩૪ મું.

ગોપી પ્રેમકી ધ્વજા. ટેક.
જિન ગોપાલ કિયો અપને વશ, ઉર ધર સ્યામ ભુજા. ૧
શુક મુનિ વ્યાસ પ્રશંસા કીની, ઉધો સંત સરાહી;
ભુરિ ભાગ્ય ગોકુલકી વનિતા, અતિ પુનીત ભવમાંહી. ૨
કહા ભયો જો વિપ્ર કુલ જન્મ્યો, જો હેં હરિ સેવા નાંઇ;
સોઇ કુલીન દાસ પરમાનંદ, જો હરિ સન્મુખ ધાઇ. ૩

પદ ૩૫ મું.

ગોવિંદ પદ પલ્લવ શિર પર બિરાજમાન. ટેક.
તાકી કહા કહી આવે સુખકો પરમાણુ. ગોવિંદ. ૧
વ્રજ નરેશ દેશ બસત, કાલાનલહુ ન ત્રસત;
હુલસત મન વિલસત કર લીલા રસપાન. ગોવિંદ. ૨
ભીજે નિત્ય નેણા રહત હરિકે, ગુણગાન કરત;
જાનત નહીં ત્રિવિધ તાપ, માનત નહીં આન. ગોવિંદ. ૩
જાકો મુખ કમલ દરસ પાવન, પદરેણુ પરસ;
અધમ જન ગદાધર, તોઉ પાવત સન્માન. ગોવિંદ. ૪

પદ ૩૬ મું.

લલિત વ્રજદેશ ગિરિરાજ રાજે. ટેક.
ઘોખ સીમંતની સંગ ગિરિવરધરન,
કરત નિત્ય કેલિ તહાં કામ લાજે. ૧
ત્રિવિધ પવન સંચરે સુખદ ઝરના ઝરે,
લલિત સૌરભ સરસ મધુપ ગાજે.

લલિત તરૂ ફુલ ફલ ફલિત ખટ ઋતુ સદા,
ચત્રભુજદાસ ગિરિધર સમાજે. ૩

પદ ૩૭ મું.

મધુર વ્રજદેશ વસી મધુર કીનો. ટેક.
મધુર ગોકુલ ગામ મધુર વલ્લભ નામ;
મધુર વિઠ્ઠલ ભજનદાન દીનો. ૧
મધુર ગિરિધરન આદિ સપ્ત તનુ વેણુનાદ,
સપ્ત રંધ્રન મધુર રૂપ લીનો.
મધુર ફલ ફલિત અતિ લલિત **પદ્મનાભ** પ્રભુ,
મધુર અલિ ગાવત સરસ રંગ ભીનો. ૩

પદ ૩૮ મું.

જો કોઇ શ્રીગોકુલ રસ ચાખે. ટેક.
તાકો ચિત્ત અનંત નહિ ભટકે, લોભ દિખાવે લાખે.
પર્યો રહો છોંકરકી છૈયાં, નિરખત તરૂવર સાખે;
શ્રીયમુના જલપાન કરત નિત્ય, શ્રીવલ્લભ મુખ ભાખે. ૨
સાત સ્વરૂપ આદિ શ્રીજી મિલિ, ધ્યાન હ્રદયમાં રાખે;
રસિકપ્રીતમજીકી બાનિક ઉપર, જગત વારી સબ નાંખે. ૩

સુતી વખતે ગાવાનું.

પદ ૩૯ મું.

જય શ્રી વલ્લભ જય શ્રી વિઠ્ઠલ, જય શ્રી યમુના શ્રી નાથજી.
કલિયુગના તો જીવ ઉદ્ધાર્યા, મસ્તક ધરીયા હાથજી.
વૈષ્ણવ જન પર કૃપા કરીને, દેજો વ્રજમાં વાસજી.
આગે પાછે ગૌ બિરાજે, બીચમેં મ્હારો નાથજી.

મોર મુકુટ પીતાંબર સોહિયે, મોરલી સોહે હાથજી.
જય શ્રી ગિરિધર જય શ્રી ગોવિંદ, જય શ્રી બાલકૃષ્ણજી.
જય શ્રી ગોકુલપતિ જય શ્રી રઘુપતિ, જય શ્રીયદુપતિ ઘનશ્યામજી.
શ્રી ગોકુલવારે નાથ, મેરી દોરી તુમારે હાથજી.

જય શ્રી જમુના શ્રી ગોવર્દ્ધનનાથ, મહાપ્રભુ શ્રી વિઠ્ઠલનાથ.
જય જય શ્રી ગોકુલેશ શેષ ન રહે કલેશ,
ક્ષણું ક્ષણું પળપળ સ્મરણ કીજે, નામ નિરંતર લીજેજી.
ચરણ શરણ રાખે મારો વ્હાલો, શ્રી ગોકુળમાં અવતરીયેજી.

શ્રી ગોકુલમાં તો વાસો વસીએ, સંત સમાગમ કરીએજી.
શ્રી વલ્લભ વલ્લભ મુખથી કહીએ, તો ભવસાગર તરીયેજી,
નિત્ય પ્રતિ રમણરેતીમાં નાહીયે, ગુલાબછડી દર્શન કરીયે.
જે દર્શન બ્રહ્માને દુર્લભ, તે અપને અંગે કરીયે.

શ્રી વૃંદાવન શ્રી ગોવર્દ્ધનધામ, રાધા માધવ સુંદર સ્યામ.
હરિદાસ હરિજનકો સેવક, દર્શન દીજે આઠો જામ.
શ્રી વલ્લભ યુગ યુગ રાજ કરો, શ્રી વલ્લભ વિઠ્ઠલ ગોપીનાથ.
દેવકીનંદન શ્રી રઘુનાથ, યશોદાનંદન નંદકિશોર.
શ્રી મુરલીધર માખણચોર,

સુરદાસ, કૃષ્ણદાસજી, પરમાનંદ, કુંભનદાસજી;
છિતસ્વામી, ગોવિંદ શ્રી વલ્લભ દેવકી જય.
પ્રાણ પ્યારેકી જય, શ્રી ગોવર્દ્ધનનાથકી જય.
ચૌરાશી વૈષ્ણવકી જય, બસેંબાવન વૈષ્ણવકી જય,
શ્રી આચાર્યજી મહાપ્રભુજીકી જય, શ્રી ગુરૂદેવકી જય.
એટલું કહી હાથપગ ધોઇ શુદ્ધ મને ચરણામૃત લેઇ સુઇ જવું.

શ્રીમદ્ વલ્લભકુળના બાળકોના જન્મદિવસની નોંધ ગુજરાતી માસ પ્રમાણે.

શ્રીઆચાર્યજી મહાપ્રભુજી	ચૈત્ર વદી ૧૧
શ્રીગોપીનાથજી	ભાદરવા વદી ૧૨
શ્રીગુસાંઇજી	માગસર વદી ૯

શ્રી ગુસાંઇજીના સાત બાળકો કે જે સાત ગાદીના ટિકૈત કહેવાય છે તેમના જન્મદિવસ.

૧	શ્રીગિરિધરજી	કારતક સુદી ૧૨
૨	શ્રીગોવિંદરાયજી	,, વદી ૮
૩	શ્રીબાલકૃષ્ણજી	ભાદરવા વદી ૧૩
૪	શ્રીગોકુલનાથજી	માગશર સુદી ૭
૫	શ્રીરઘુનાથજી	કારતક સુદી ૧૨
૬	શ્રીજદુનાથજી	ચૈત્ર સુદી ૬
૭	શ્રીઘનશ્યામજી	કારતક વદી ૧૩

હાલ ભૂતળ ઉપર ૪૩ બાળકો બિરાજે છે તેમના જન્મદિવસ.

૩ શ્રીજીદ્વારમાં.

૧	તિલકાયિત શ્રીગોવર્દ્ધનલાલજી	શ્રાવણ વદી ૧
૨	,, શ્રી દામોદરલાલજી	પોસ સુદી ૬
૩	શ્રી ગોપેશ્વરલાલજી	,, ૫

૪ શ્રી કાંકરોલીમાં.

૧	શ્રીબાલકૃષ્ણલાલજી	અષાડ વદી ૧૩
૨	શ્રીદ્વારકેશલાલજી	જેઠ વદી ૬
૩	શ્રીવ્રજભૂષણલાલજી	મહા વદી ૨
૪	શ્રીવિઠ્ઠલનાથજી	પોસ વદી ૯

૧ શ્રી કોટામાં.

૧	શ્રી મુરલીધરલાલજી	ભાદરવા વદી ૮

૩ શ્રી મથુરાંજીમાં.

૧	શ્રીરમણલાલજી	કારતક વદી ૧
૨	શ્રીગોપાલલાલજી	,, વદી ૭
૩	શ્રી વ્રજપાલલાલજી	આસો વદી ૧૩

૫ શ્રીદ્વારકેશલાલજી	જેઠ સુદી	૯
૬ શ્રીગોવર્દ્ધનલાલજી	ભાદરવા વદી	૩
૭ શ્રીવાગ્ધીશલાલજી	જેઠ વદી	૧૪

૨ શ્રી સુરતમાં.

૧ શ્રીવ્રજરત્નલાલજી	ભાદરવા સુદી	૭
૨ શ્રીકુંજબિહારીલાલજી	ફાગણ સુદી	૧૧

૧ શ્રી નડીઆદમાં.

૧ શ્રીઅનિરૂદ્ધલાલજી	ભાદરવા સુદી	૧૨

૨ શ્રીરાજનગરમાં (અમદાવાદ)

૧ શ્રીમધુસુદનલાલજી	માહા સુદી	૪
૨ શ્રીરણછોડલાલજી	પોસ વદી	૧૧

૨ શ્રી કાશીમાં.

૧ શ્રીગિરિધરલાલજી	માહા સુદી	૧૫
૨ શ્રીમુરલીધરલાલજી	ચૈત્ર સુદી	૧૨

૧ શ્રી જુનાગઢમાં.

૧ શ્રીરઘનાથલાલજી	આસો સુદી	૧૩

૨ શ્રી ઈંદારમાં.

૧ શ્રીદેવકીનંદનજી	વૈશાખ વદી	૧૧
૨ શ્રીકૃષ્ણરાયજી	અષાડ વદી	૧૩

૨ શ્રી દ્વારકાં બેટમાં.

૧ શ્રીપ્રદ્યુમ્નલાલજી	માહા વદી	૧૨
૨ શ્રીગોપિકાવલ્લભલાલજી	અષાડ સુદી	૨

૩ શ્રી કામવનમાં.

૧ શ્રીગોપાલલાલજી	અષાડ સુદી	૨
૨ શ્રીરમણલાલજી	કારતક વદી	૮
૩ શ્રીવલ્લભલાલજી	અષાડ સુદી	૩

૨ શ્રી શેરગઢ (હાલ વડોદરા)

૧ શ્રીગિરિધરલાલજી	ભાદરવા વદી	૧૨
૨ શ્રીવલ્લભલાલજી	,, વદી	૭

૩ શ્રી ચાપાસેનીમાં

૧ શ્રીવ્રજનાથજી	શ્રાવણ વદી	૧૦
૨ શ્રીવિઠ્ઠલનાથજી	,, વદી	૧૨
૩ શ્રીદ્વારકેશલાલજી	માગસર સુદી	૧૪

૫ શ્રી પોરબંદરમાં

૧ શ્રીઘનશ્યામલાલજી	અષાડ સુદી	૮
૨ શ્રીદ્વારકેશલાલજી	ચૈત્ર વદી	૧
૩ શ્રીદામાદરલાલજી	ભાદરવા વદી	૩
૪ શ્રીજીવણલાલજી	માગસર સુદી	૧૩
૫ શ્રી પુરુષોત્તમલાલજી	,, વદી	૧૩

૭ શ્રી મુંબાઇમાં.

૧ શ્રીગોકુળનાથજી	ભાદરવા સુદી	૧૨
૨ શ્રીગોવર્દ્ધનેશજી	શ્રાવણ વદી	૯
૩ શ્રીરણછોડલાલજી	માગશર વદી	૭
૪ શ્રીવલ્લભલાલજી	પોસ વદી	૯

॥ श्रीवल्लभोजयति ॥

શ્રીઆચાર્યજી માહાપ્રભુજીની ૮૪ બેઠકો, શ્રીગુસાંઇજી (શ્રીવિઠ્ઠલનાથજી) ની ૨૮ બેઠકો, શ્રીગોકુળનાથજીની ૧૩ બેઠકો તથા શ્રીહરિરાયજી (મહાપ્રભુજી) માહારાજની ૭ બેઠકો કયા કયા સ્થળમાં છે તેનાં નામ, ઠેકાણું, ત્યાં જવાનો રસ્તો તથા રેલ્વે સ્ટેશન અને લાઇનનું નામ વગેરે જાણવાની સંપૂર્ણ માહિતિ બતાવનારો કોઠો.

નંબર.	બેઠકનું નામ.	ઠેકાણું.	જવાનો રસ્તો.	સ્ટેશન તથા રેલ્વે લાઇન.
૧	શ્રીમથુરાંજી	વિશ્રામઘાટ (આભમુક્ત ઘાટ)	મથુરાં	મથુરાં (નાગદા મથુરાં રેલ્વે (બી. બી. સી. આઇ.)
૨	શ્રીમધુવન	કૃષ્ણકુંડ ઉપર	મથુરાંથી વ્રજ ચોરાશી કોશની પરીક્રમા કરતા જતાં	,,
૩	શ્રીકુમાદવન	કુંડ ઉપર	,,	,,
૪	શ્રીબહુલાવન	,,	,,	,,
૫	શ્રીરાધાકૃષ્ણ કુંડ	,,	,,	,,
૬	શ્રીમાનસી ગંગા	ગંગાઘાટ ઉપર	,,	,,

નંબર ૧ થી ૨૩ સુધીની બેઠકો ૮૪ કોશ વ્રજયાત્રાની પરિક્રમા કરવામાં આવી જાય છે માટે આ બેઠકોનાં દર્શન કરવાની ઇચ્છા હોય તેમણે વ્રજ પરિક્રમા કરવી. (જુઓ વનયાત્રાનું ધોળ પાને ૧૨૮ મે ફુટનોટમાં.)

૬	,,	ચક્રેશ્વર	માનસીગંગા ઉપર બે બેઠકો છે એમ કહેવાય છે, તેથી આ બીજી બેઠક લીધી છે.	,,
૭	શ્રીપરાસોલી	ચંદ્રસરોવર ઉપર	,,	,,
૮	શ્રીઆન્યોર	સદુપાંડેના ઘરમાં	,,	,,
૯	શ્રીગોવિંદ કુંડ	કુંડ ઉપર	,,	,,
૧૦	શ્રીગિરિરાજ	મુખારવિન્દ સન્મુખ	,,	,,
૧૧	શ્રીકામવન	શ્રીકુંડ ઉપર	,,	,,
૧૨	શ્રીગહ્‌વરવન	કૃષ્ણકુંડ ઉપર	,,	,,
૧૩	શ્રીપ્રેમ સરોવર	પહાડ ઉપર	,,	,,
૧૪	શ્રીસંકેત વન	કુંડ ઉપર	,,	,,
૧૫	શ્રીનંદગામ	પાનસરોવર ઉપર	,,	,,
૧૬	શ્રીકરેલા	શ્રીનાથજીના જળધરામાં	,,	,,
૧૭	શ્રીકોકીલાવન	કુંડ ઉપર	,,	,,
૧૮	શ્રીચીરઘાટ	કાત્યાયન દેવીની પાસ શ્રીજમુનાજીના કીનારે	,,	,,
૧૯	શ્રીવૃંદાવન	બંસીબટમાં	,,	,,
૨૦	શ્રીમાનસરોવર	કુંડ ઉપર	,,	,,
૨૧	શ્રીગોકુલ	શ્રીઠકરાણીઘાટ ઉપર	,,	,,

૨૨	શ્રીગોકુલ (બડી બેઠક)	શ્રીદ્વારકાંનાથજીના મંદીર બહાર	,,	છે
૨૩	શ્રીગોકુલ	શ્રીદ્વારકાંનાથજીના શૈયા મંદીરમાં	,,	,,
૨૪	શ્રીસોરમઘાટ	ગામની નજીકમાં	મથુરાંથી કાસગંજ સ્ટેશથી બીજું સ્ટેશન	સોરી (બી.બી.સી.આઇ. રેલ્વે)
૨૫	શ્રીચીત્રકુટ	ડુંગર ઉપર	અલહાબાદથી સાતમું સ્ટેશન માણેકપુર જંકસનથી ચોથું સ્ટેશન	ચીત્રકુટ માણેકપુર ઝાંસી સેકસન
૨૬	શ્રીઅયોધ્યા	વહ્નભઘાટ ઉપર (હનુમાન મઠી પાસે)	આઉદ અને રોહિલ ખંડ રેલવે (અયોધ્યા સ્ટેશન)	(જી. આઇ. પી.) રેલ્વે તથા બેંગાલએન્ડ નોર્થ વસ્ટર્ન રેલવે)
૨૭	શ્રીનૈમિષ્યારણ્ય	૦	સંડીલા સ્ટેશનથી જવાય છે.	બેઠક ગુપ્ત છે. સંડીલા આઉદ રોહિલ ખંડ રેલ્વે
૨૮	શ્રીકાશી	શેઠ પુરુષોત્તમદાસને ઘેર	•	કાશી (ઇસ્ટ ઇન્ડીયા રેલવે)
૨૯	શ્રીકાશી	હનુમાન ઘાટ ઉપર	•	,,
૩૦	શ્રીહરીહરક્ષેત્ર	શેઠ ભગવાનદાસના ઘરમાં	પટણાથી છાપરાંથી સોનપુર સ્ટેશનથી એક મૈલ ઉપર છે હાલનું હાજીપુર	હાજીપુર (બેંગાલ એન્ડ નોર્થ વેસ્ટર્ન રેલવે)
૩૧	શ્રીજનકપુર	માણેકતળાવ ઉપર	હાજીપુરથી ત્રણેક માઇલ દુર છે	,,
૩૨	શ્રીગંગાસાગર	કપીલદેવના આશ્રમમા	કલકત્તાથી ૯૦ માઇલદૂર વ-હાણમાં બેસીજવાય છે.	કલકત્તાથી ડાયમંડ બંદર રેલવે સ્ટેશનથ ઇનેપણ જવાય છે.

૩૩	શ્રીચંપારણ્ય		નાગપુરથઇ રાયપુર થઇ રાજીમ સ્ટેશન થઇ ત્રણ માઇલ દુર છે.	રાજીમ
૦	શ્રીચંપારણ્ય	પ્રાગટ્યનું સ્થળ	આઠેકાણેબીજી બેઠક હોય તમ કેટલાક માને છે તેથી લખ્યું છે. ઉપરની બેઠકથી ૦ાા માઇલદુરછે.	ટાપટીવેલી રેલવે માર-ફત બંગાલ નાગપુર રેલવમાં
૩૪	શ્રીજગદીશ	ગોવર્દ્ધન મઠની પાસે	જગન્નાથપુરી	પુરી. કલકત્તાથી બેંગાલ નાગપુર રેલવમાં જવાનુંછે.
૩૫	શ્રીભીમરથી	નદીના કાંઠા ઉપર	પંઢરપુર—પુનાથી બારસી થઇને (શ્રીવિઠ્ઠલનાથજી)	પંઢરપુર ગ્રેટઇન્ડીયન પેનસુરા રેલવ
૩૬	શ્રીનાશક	નદીના સામે આરે પંચવટીમા	(મુંબાઇના શ્રીગોકુલનાથજી મહારાજના માથે બિરાજે છે.)	નાશક (જી. આઇ. પી. રેલવે)
૩૭	શ્રીપનાનૃસીંહજી		બહારી જંકશનથી બેજવાડા થઇ મંગલગિરિ સ્ટેશન છે. સ્ટેશનથી ગામમાં ગયાપછી પર્વત ઉપર ચઢવાનું છે. પછી બેઠકે જવાય છે.	મંગલગિરિ (મદ્રાસ અને સધર્ન) મરાઠા રેલવે
૩૮	શ્રીલક્ષ્મણ બાલાજી	પુષ્કરકુંડ ઉપર બાલાજીના મંદીર જોડે	રેણીગુંટા જંકશનથી તીરૂપતિ સ્ટેશનથી ૧ાા મૈલ બાલાજીનો ડુંગર છે. ઉપર મંદીર છે.	તીરૂપતિ (મદ્રાસ એન્ડ સધર્ન) મરાઠા રેલવે

૩૯	શ્રીરંગજી	કાવેરી નદી ઉપર	મ્હૈસુરથી ત્રીજું સ્ટેશન શ્રી રંગમથી બે ગાઉ દૂર છે.	શ્રીરંગપટમ (બેંગલોર સેકસન રેલવે)
૪૦	શ્રીવિષ્ણુકાંચી	વેગવતી નદીના કીનારા ઉપર	હાલનું કાંજીવરમ, આર્કોનમ જંકશનથી ત્રીજું સ્ટેશન, મદ્રાસ રેલવમાં. ૧ માઇલ દુરછે	કાંજીવરમ (સાઉથઇન્ડીયનરેલવે)
૪૧	શ્રીરામેશ્વર	રામકુંડ ઉપર	મદુરા જંકશનથી માંડાપમથી આગબોટમાં બે કલાકે જવાય છે.	માંડાપમ (સાઉથ ઇન્ડીયન રેલવે)
૪૨	શ્રીમલયાચલ	કુંડ ઉપર	મ્હૈસુર થઇને બીજા સ્ટેશને ઉતરવાનું ત્યાંથી પગ રસ્તે દી. ૩ માં પહોંચાય છે.	
૪૩	શ્રીલોહગઢ	હાલનું ગોવા	(ગુપ્ત છે)	મુંબાઇથી આગબોટમાં જવાય છે.
૪૪	શ્રીતામ્રપરણી	નદી ઉપર	રામનાદથી,મદરાથી, મણીયાચીથી, ત્રીનાવલી સ્ટેશને ઉતરી નજીક છે	ત્રીનાવલી (સાઉથ ઇન્ડીયન રેલવે)
૪૫	શ્રીકૃશ્નાનદી	૦	સોલાપુરથી	કૃષ્ણા સ્ટેશન (જી. આઇ. પી રેલવે)
૪૬	શ્રીપંપાસરોવર	હાલનું કિષ્કિંધા	બલ્લારી જંકશનથી ગુત્તી થઇ કીષ્કિંધા સ્ટેશન ઉપર દી. ૩ માં જવાય છે,	કિષ્કિંધા મદ્રાસ સધર્નમરાઠા રેલવે

૪૭	શ્રીપદ્મનાભજી	વરાહકુંડ ઉપર	ત્રીનાવલી સ્ટેશન ઉતરી ૧૦ ગાઉ તોતાદ્રી ગામ છે ત્યાંથી ૫૦ ગાઉ ઉપર છે.	ત્રીનાવલી (સાઉથ ઇન્ડીયન રેલવે)
૪૮	શ્રીજનાર્દન	•	પદ્મનાભજીથી ૩૦ મૈલ થાયછે નહેરમાં હોડીમાં બેસી જવાયછે.	,,
૪૯	શ્રીવિદ્યાનગર	રાજાના મહેલમાં	બલ્લારી જંકશનથી હસપેટ સ્ટેશનથી ૭ મૈલ ઉપર હાલનું વિજયનગર છે તે.	(હસપેટ સાઉથ ઇન્ડીયન રેલવે)
૫૦	શ્રીત્રિલોકાભાનજી	•	•	(ખબર મળી નથી)
૫૧	તોતાદ્રીપર્વત	પર્વત ઉપર	ત્રીનાવલી સ્ટેશનથી ૪૦ મૈલ	(જુઓ નં. ૪૭ માં)
૫૨	શ્રીકર્દમસેન (દ્રવસનજી)	નવગ્રહના મંદીરજોડે	રામનાદ સ્ટેશનથી ૪ ગાઉ છે	(જુઓ નં.૪૪ માં)
૫૩	શ્રીસુરત	તાપી નદી ઉપર અશ્વનીકુમારનાઆરે	સુરત શહેરથી ૩ માઇલ છે.	સુરત (બી.બી.સી.આઇ.રેલવે)
૫૪	ભરૂચ	સ્ટેશનથી નજીક છે.	•	ભરૂચ (બી.બી.સી.આઇ.રેલવે)
૫૫	શ્રીમોરબી	મચ્છુ નદી ઉપર	०	મારબી (મોરબી રેલવે)
૫૬	શ્રીનવાનગર (જામનગર)	નાગમતી નદી ઉપર	•	જામનગર (જામનગર રેલવે)

૫૭	શ્રીખંભાળીયા	કુંડ ઉપર	પોરબંદરથી ૧૫ ગાઉ છે જામનગર થઇને પણ જવાય છે	જામનગર અથવા પોરબંદર
૫૮	શ્રીપીંડતારક	પીંડારાકુંડ ઉપર કાલનું(પીંડારા ગામ)	ખંભાળીયા થઇને પગ રસ્તે પીંડારાગામ જવાય છે.	,,
૫૯	શ્રીમુળગોમતી	કુંડ ઉપર	પીંડારા થઇને જવાય છે.	,,
૬૦	શ્રીદ્વારકાં	૦	સ્ટીમરમાં જવાય છે.	દ્વારકાં (સ્ટીમરનું સ્ટેશન છે)
૬૧	શ્રીગોપીતલૈયા	કુંડ ઉપર		,,
૬૨	શ્રીશંખોદ્ધાર	,,	બેટ દ્વારકાં	,,
૬૩	શ્રીનારાયણ સર	,,	દ્વારકાંથી સ્ટીમરમાં બેસી માંડવી ત્યાંથી પગ રસ્તે દી. ૪ માં જવાય છે	,
૬૪	શ્રીજુનાગઢ	દામોદર કુંડ ઉપર ગીરનારની તળેટીમાં		જુનાગઢ
૬૫	શ્રીપ્રભાસપાટણ	ત્રવેણી નદી ઉપર	વેરાવળ સ્ટેશનથી બે ગાઉ	વેરાવળ
૬૬	શ્રીમાધોપુર	૦	જુનાગઢથી કેશુદ સ્ટેશન ઉતરી ૧દીવસમાં પગરસ્તે પહોંચાયછે.	કેશુદ (બી.જી.જે.પી.રેલવે)
૬૭	શ્રીગુપ્તપ્રયાગ	૦	વેરાવળથી કોડીનારથી દી.૧ માં પગરસ્તે જવાય છે.	વેરાવળ

૬૮	શ્રીતગડી		રાણપુર સ્ટેશનથી પગરસ્તે ધંધુકા થઇ પાંચ ગાઉ	રાણપુર
૬૯	શ્રીનરોડા	ગામ બહાર ાા માઇલ	અમદાવાદથી ૪ માઇલ	નરોડા અમદાવાદ પ્રાંતીજ રેલવે
૭૦	શ્રીગોધરા	ગામમાં	(ગુમ છે)	ગોધરા (બી.બી.સી.આઇ રેલવે)
૭૧	શ્રીખેરાલુ	ગામમાં	જોશી કાળીદાસ ધનેશ્વરને ઘેર	ખેરાલુ (મહેસાણા જંકશનથી જવાય છે)
૭૨	શ્રીસિદ્ધપુર	બીંદુસરોવર ઉપર	સ્ટેશનથી ાા ગાઉ ગામબહારછે	સીદ્ધપુર (બી.બી. સી. આઇ. રેલવે)
૭૩	શ્રીઉજ્જન	ગોમતીકુંડ ઉપર પીપળાના ઝાડ નીચે	શહેર બહાર ૨ માઇલિ દુર છે.	ઉજ્જન (નાગડા મથુરા રેલવે)
૭૪	શ્રીપુષ્કરજી	•	અજમેર સ્ટેશનથી ૩ ગાઉ દુર	અજમેર (આર. એમ. રેલવે.)
૭૫	શ્રીકુરૂક્ષેત્ર		થાનેશ્વર સ્ટેશનથી જવાય છે. બેઠક ગુમ હોય તેમ લાગેછે.	થાનેશ્વર ૦
૭૬	શ્રીહરદ્વાર		સાહરાનપોરથી ૩૦ માઇલ રૂરકી થઇ લસકર જંકશને ડેહેરાદુન ધ્રાંચમાં બસવાથી હરદ્વાર સ્ટેશને ઉતરાશે.	હરદ્વાર (આઉધ એન્ડ રોહીલખંડ રેલવે

૭૭	શ્રીબદ્રિકાશ્રમ		કેદારનાથથી પાછા આવી ૨૫ ગાઉછે. વધુ વિગત માટે જુઓ (શ્રીવલ્લભાચાર્યજીનું જીવનચરીત્ર)	
૭૮	શ્રી કેદાનાથ		હરદ્વારથી હૃષિકેશ થઈ શ્રીનગર થઈ રૂદ્રપ્રયાગ થઇ કેદારનાથ જવાય છે.	હરદ્વારથી કેદારનાથ ૧૫૦ માઇલ થાય છે.
૭૯	શ્રીવ્યાસાશ્રમ		કેદારનાથથી જવાય છે.	હરદ્વારથી હીમાલય જવાના રસ્તામાં આ બેઠકો છે
૮૦	શ્રીહેમાચલ		કેદારનાથની ઉત્તરે.	
૮૧	શ્રીવ્યાસ ગંગા		”	”
૮૨	શ્રીમુદ્રાચલ		”	”
૮૩	શ્રીચરણાટ		ચુનાર સ્ટેશન છે કાશીથી છ આનાની ટીકીટ છે.	ચુનાર (ઇસ્ટ ઇંડિઅન રેલવે)
૮૪	શ્રીએડલ		પ્રયાગના સામે આરે બેઠક છે. અલ્હાબાદથી બીજું સ્ટેશન નનીનું છે.	નૈની (ઇસ્ટ ઇંડિઅન રેલવે)

વધુ વિગત માટે અમારો "હિંદુસ્તાનમાં આવેલાં વૈષ્ણુવ સંપ્રદાયનો **તીર્થક્ષેત્રનો નકશો** " જુઓ.

શ્રીગુસાંઈજી (શ્રીવિઠ્ઠલનાથજી)ની ૨૮ બેઠકોની યાદી.

૧	શ્રીગોકુલ	ઠકરાણી ઘાટ ઉપર	મથુરાંથી ત્રણ ગાઉ	મથુરાં (નાગડા—મથુરાં રેલવે)
૨	શ્રીગોકુલ	શ્રીદ્વારકાંનાથજીના મંદીરમાં	,,	,,
૩	શ્રીવૃંદાવન	બંસીબટમાં	મથુરાંથી વ્રજચોરાસી કોશની પરીક્રમા કરવા જતાં	,,
૪	શ્રીરાધાકૃષ્ણ કુંડ	કુંડ ઉપર	,,	,,
૫	શ્રીચંદ્રસરોવર	,,	,,	,,
૬	શ્રીચંદ્રસરોવર	,,	,,	,,
૭	શ્રીગોપાલપુર	ગિરિરાજનીતળેટીમાં	,,	,,
૮	શ્રીકામવન	સુરર્ભીકુંડ ઉપર	,,	,,
૯	શ્રીપ્રેમસરોવર	કુંડ ઉપર	,,	,,
૧૦	શ્રીસંકેતવન	૦	,,	,,
૧૧	શ્રીગહવાન	પીપળાના વૃક્ષ નીચે	,,	,,
૧૨	શ્રીકરહલા	૦	,,	,,
૧૩	શ્રીકોટવન	૦	,,	,,
૧૪	શ્રીચીરઘાટ	૦	,,	,,
૧૫	શ્રીવચ્છવન	૦	,,	,,
૧૬	શ્રીખલવન	૦	,,	,,
૧૭	શ્રીચરણાટ	૦	કાશીથી ૭ આના ટીકીટ.	ચુનાર ((ઇસ્ટ ઇંડીઆ રેલવે)

૧૮	શ્રીઅડેલ		પ્રયાગના સામે આરે બેઠક છે. (અલહાબાદથી બીજું સ્ટેશન નૈનીનું છે)	નૈની (ઇસ્ટ ઇંડીયા રેલવે)
૧૯	શ્રીગોડદેશ	•	૦	ખબર મળતી નથી
૨૦	શ્રીસામરજી	ગામની નજીકમાં	મથુરાંથી કાસગંજથી સોરો સ્ટેશન છે.	સોરો (બી. બી. એન્ડ સી. આઇ રેલવે)
૨૧	શ્રીગોધરા	ગામમાં	•	ગોધરા (બી. બી. એન્ડ સી. આઇ. રેલવે)
૨૨	શ્રીઅલીણા	,,	ડાકોરથી ૫ ગાઉ દૂર	ડાકોર (બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વ)
૨૩	શ્રીઅસારવા	•	અમદાવાદથી ૦॥ માઇલ	અમદાવાદ (બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વ)
૨૪	શ્રીખંભાત	ગામ બહાર	૦	ખંભાત (આણંદ ખંભાત રેલ્વે)
૨૫	શ્રીનવાનગર (જામનગર)	•	૦	જામનગર (જામનગર રેલવે)
૨૬	શ્રીગંગાગઢ	•	હાલનું ગુરગઢ જામનગરથી દ્વારકાં જતાં રસ્તામાં	,,

[illegible]	શ્રીદ્વારકાંમાં	•	સ્ટીમરઆગબોટમાં બેસીજવાયછે	દ્વારકાં(સ્ટીમરનુંસ્ટેશનછે)
[illegible]	બેટદ્વારકાં	•	,,	,,

બડે શ્રીગિરિધરજી મહારાજની ૩ બેઠકો છે.

૧	શ્રી ગોકુલ	•	વ્રજ ચોરાશી કોશની પરિક્રમા કરવા જતાં રસ્તામાં આવે છે	મથુરાં સ્ટેશનથી ત્રણ ગાઉ
૨	શ્રીગોપાલપુર	•	,,	મથુરાંથી જવાયછે
૩	શ્રીકામવન	o	,,	,,

શ્રીગોકુલનાથજીનાં ૧૩ બેઠકોની યાદી.

૧	શ્રીગોકુલ	શ્રીગોકુળનાથજીના મંદીરમાં	વ્રજ ચોરાસી કોશની પરીક્રમા કરવા જતાં રસ્તામાં આવે છે.	મથુરાંથી જવાય છે ,,
૨	શ્રીવૃંદાવન	બંસીબટમાં	,,	,,
૩	શ્રીરાધાકૃષ્ણ કુંડ	કુંડ ઉપર	,,	,,
૪	શ્રીચંદ્રસરોવર	,,	,,	,,
૫	શ્રીગોપાલપુર	શ્રીગોકુળનાથજીના મંદીરમાં	,,	,,
૬	શ્રીકામવન		,,	
૭	શ્રીકરહલા		,,	
૮	શ્રીચંદ્રાવલી		,,	,,
૯	શ્રીસોરમજી	ગામની નજીકમાં	જુઓ શ્રીમહાપ્રભુજીની બેઠકોની યાદીમાં	સોરાં (બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વે

૧૦	શ્રીએડલ	•	”	નૈની (ઇસ્ટ-ઇન્ડીયા રેલવે)
૧૧	શ્રીકાશ્મીર	•	શ્રીનગરમાં બેઠક છે એમ તપાસ કરતાં માલુમ પડે છે.	ખબર મળતી નથી
૧૨	શ્રી ગોધરા	ગામમાં	•	ગોધરા (બી. બી. એન્ડ સી. આઇ. રેલવે)
૧૩	શ્રી અસારવા	•	•	અમદાવાદ. (બી. બી. એન્ડ સી. આઇ. રેલવે.)

શ્રી રઘુનાથજી માહારાજની બેઠક ૧.

૧	શ્રીગોકુલમાં		•	

શ્રીહરિરાયજી (માહારાજની ૭ બેઠકોની યાદી.

૧ ૨	શ્રીગોકુલ શ્રીનાથદ્વાર	શ્રીવિઠ્ઠલનાથજીના મંદીરમાં	વ્રજચોરાસી કોશમાં જતાં રતલામ થઇ ચીતોડ થઇ માવલી ઉતરી ૧૦ ગાઉ પગ રસ્તે જવાય છે.	મથુરાંથી ૩ ગાઉ માવલી. (ઉદેપુર ચીતોડ રેલવે)
૩ ૪	શ્રીખીમનોર શ્રીજેસલમીર	• •	શ્રીજીદ્વારથી ૭ ગાઉ દુર છે. મારવાડ જંકશનથી કરાંચી રેલવેમાં બારમેરના સ્ટેશનથી પગરસ્તે જવાય છે.	” બારમેર સ્ટેશનથી (જોધપુર બીકાનેર રેલવે)

૫	શ્રીડાકોર	ગોમતી ઉપર		ડાકોર (બી. બી. એન્ડ સી. આઈ. રેલવે)
૬	શ્રીસાવલી	ગામની નજીકમાં	વાસદ સ્ટેશનથી ૪ ગાઉ સમળાયા ,, ૩ ,,	વાસદ (બી. બી. એન્ડ સી. આઇ. રેલવે)
૭	શ્રીજંબુસર	ગામમાં	મોભા સ્ટેશનથી ૭ ગાઉ	મોભા. (નામદાર ગાયકવાડની ડભોઇ પાદરા રેલવે)

પરમભગવદીય શ્રીદામોદરદાસજીની બેઠકો ૨ (ભાવીક ભક્તો માને છે) તેની યાદી.

૧	શ્રીગોકુલ	ઠકરાણીઘાટ ઉપર	વ્રજચોરાસી કોશમાં	મથુરાંથી જવાય છે.
૨	શ્રીવૃંદાવન	બંસીબટમાં	,,	,,

યાત્રાળુઓને સાચી સલાહ.

હિંદુસ્તાનમાં આવેલાં વૈષ્ણવ સંપ્રદાયનાં તીર્થક્ષેત્રનો નકશો.

તમારે જાત્રાએ જવાની ઇચ્છા હોય તો, આખા હિંદુસ્તાનમાં આવેલાં વૈષ્ણવ સંપ્રદાયનાં સઘળાં તીર્થયાત્રાનાં સ્થળો જોવાની, જાણવાની, કયું સ્થળ, ક્યાં છે, શાને માટે પ્રસિદ્ધ છે. ક્યાં થઇને જવાય છે, તે માટે રેલવે સ્ટેશન, પગરસ્તો. આગબોટનો રસ્તો વગેરે સંબંધી સંપૂર્ણ માહીતી મેળવવી હોય તો અમારો ૨૨×૧૭ ઇંચની સાઇઝનો નકશો મંગાવી જુઓ. જેથી તમારે પછી બીજા કોઇને કંઈ પણ પૂછવાનું રહેશે નહિ. **કીંમત ૦-૧-૦** પોસ્ટેજ **૦-૦-૬ મળી દોઢ આનાની ટીકીટો** મોકલી મંગાવો.

આ તથા બીજાં પુસ્તકો મળવાનાં ઠેકાણાં.

અમદાવાદ—લલ્લુભાઇ છગનલાલ દેસાઇ
ચંગપોળ, ખતરીપોળ.

,, **નારણદાસ કાશીદાસ મુગટવાળા**
ડોશીવાડાની પોળ—શ્રીનટવરલાલનું મંદિર.

,, **રણછોડલલ મોતીલાલ બુકસેલર**
રીચીરોડ.

નડીયાદ—શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય

મુંબઇ—વસનજી પરમાનંદ (ચાહવાલા)
બુકસેલર કાલબાદેવી રોડ.

,, **કીર્તનીયા. બળદેવદાસ કૃષ્ણદાસ**
ભુલેશ્વર, શ્રીદાઉદજીની ગલીમાં, શ્રીસાત સ્વરૂપની હવેલીમાં.

શ્રીગોકુલનાથજીકે વચનામૃત મજકે માસનું દેખને. તીજ
ચાવચનામૃતપે વિશ્વાસ રાખીકે પ્રમાણ

પો	મા.	ફા.	ચૈ.	વૈ.	જે.	અ.	શ્રા.	ભા.	આ.	કા.	મા.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧
૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨
૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩
૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪
૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫
૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬
૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭
૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

તેરસ, ઔર પાંચમ પુન્યો એક. ચૌદસ અમાવસ તજની કરે તો મનોરથ સિદ્ધ હોય.

બહોત સુખ હોય, ક્લેશ ન હોય, અર્થ પૂર્ણ હોય.

મહાભારત હોય, અશુભ, જીવનાશ હોય.

અર્થ પૂર્ણ હોય, મનોરથ સિદ્ધ હોય, કામના પૂર્ણ હોય.

ક્લેશ હોય, જીવનાશ હોય, કુશલસૂં ઘર નહિં આવે.

વસ્તુલાભ હોય, મિત્ર મિલે, વ્યાધિ મિટે, લાભ હોય.

મહાચિંતા હોય, વિયોગ હોય, કદાચિત્ ઘર આવે.

સૌભાગ્ય પાવે, રત્નસહિત ભલીભાંતિસૂં ઘર આવે.

મિલવો ન હોય, બહોત બુરો હોય, જીવનાશ હોય, દુઃખ પાવે.

આશા પૂર્ણ હોય, સૌભાગ્ય પાવે, કામના સિદ્ધ હોય.

સૌભાગ્ય પાવે, દિન બહોત લગે, કુશલસેં ઘર આવે.

ક્લેશ હોય, જીવનાશ નહિં, સૌભાગ્ય પાવે નહિં.

માર્ગમેં સિદ્ધિ હોય, મિત્રમિલે, વિઘ્ન મિટે, ધનકા શીઘ્ર લાભ હોય.